# ગુરુકહાન-દૃષ્ટિમહાન

## ભાગ-૪



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

પ્રસ્તુતકર્તા :

**શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા પરિવાર**

**દાદર-મુંબઈ**

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૪)

**આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(સંપાદક, ગુજરાતી આત્મધર્મ )

**પ્રશમ જિતુભાઈ મોદી**



-: પ્રકાશક :-

**શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા પરિવાર**

**દાદર-મુંબઈ**


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૩૦૦

વિ.સં. ૨૦૬૭ વીર સં. ૨૫૩૭ ઈ.સ. ૨૦૧૧

**–: પ્રકાશન તિથિ :–**

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની–જન્મશતાબ્દિના ઉપલક્ષ્યમાં

તા. ૧૩-૦૯-૨૦૧૧ : ભાદરવા વદ-૧, શ્રી ઉત્તમક્ષમાવણી પર્વ

## પ્રાપ્તિસ્થાન :


* **શ્રી સીમંધર કુંદકુંદકહાન આધ્યાત્મિક ટ્રસ્ટ**
યોગીનિકેતન પ્લોટ, ‘સ્વરુચિ’,
સવાણી હોલની શેરીમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ
**રાજકોટ-૩૬૦૦૦૫**
**ટે.નં. : ૦૨૮૧-૨૪૭૭૭૨૮**
**મો. નં. : ૦૯૩૭૪૧ ૦૦૫૦૮**

* **શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
૩૦૨, કૃષ્ણકુંજ, વી.એલ. મહેતા માર્ગ
વીલેપાર્લે (વેસ્ટ)
**મુંબઈ-૪૭૦૦૫૬**
**ટે.નં. ૦૨૨-૨૬૧૩૦૮૨૦ / ૬૧૦૪૯૧૨**

* **શ્રી જિતુભાઈ મોદી**
‘ક્રમબદ્ધ નિવાસ’
૪૫, કહાન નગર સોસાયટી
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
**મો. નં. : ૦૯૬૬૨૫ ૨૪૪૬૦, ૦૯૭૨૨૮ ૩૩૧૪૩**


## મૂલ્ય : સ્વાધ્યાય


**મુદ્રક :**
**સ્મૃતિ ઓફસેટ**
**સોનગઢ-૩૬૪૨૫૦**
**ફોન (૦૨૮૪૬) ૨૪૪૦૮૧**

**ટાઈપ સેટીંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
**ભાવનગર**
**મો. ૯૭૨૫૨ ૫૧૧૩૧**


please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

સહજ ચિદાનંદ.

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈન-જગતપ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે; જેઓની શીતળ છત્રછાયામાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના અમૂલ્ય ખજાનામાંથી ચૂંટેલા ૨૫ પ્રવચનોનાં સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન' ભાગ-૪ અર્પણ કરતાં અમે જીવનની ધન્યતા અનુભવીએ છીએ.

—પ્રકાશક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જો કોઈ થયા હોય તો તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી જ પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી— એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતા હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બોધથી જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુજગત ઉપર પરમ ઉપકાર કર્યો છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગૃત થતાં અમોએ ભાગ-૧, ભાગ-૨ અને ભાગ-૩ પ્રસિદ્ધ કર્યાં જેનું શ્રવણપાન કરતાં ગુરુભક્તોએ ધ્યાન દોર્યું કે સીડી-પ્રવચનનું શ્રવણ કરતી વખતે હાથમાં અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક હોય તો પ્રવચનોનો ભાવ વિશેષરૂપે સમજવો સરળ બને. તેથી અમોએ ગુરુભક્તોની ભાવના સાકાર કરવાનો નિર્ણય કર્યો અને તેને સફળ કરવા શ્રી જયસુખભાઈ ભાયાણીએ પ્રમોદ બતાવતાં ભાગ-૧, ભાગ-૨ તથા ભાગ-૩ પુસ્તક પ્રકાશિત થયા. મુમુક્ષુઓએ ભાગ-૧, ભાગ-૨ તથા ભાગ-૩નો સ્વાધ્યાય કરતાં એટલો બધો પ્રમોદ વ્યક્ત કર્યો કે શ્રી શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા પરિવાર, દાદર-મુંબઈને ભાગ-૪ પુસ્તક પ્રકાશિત કરવાની ભાવના થવાથી આજે આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્યજીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઉછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ.

—સંકલનકાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# * શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દ્રષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

# શ્રી સમયસારજી–સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ ભાવોને આત્મા સાથે પરિણમાવવા જેવા છે

# પરમાર્થે કોઈ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી

(પૂજ્ય ગુરુદેવશ્રીનું અપૂર્વ ભાવવાહી અદ્ભુત પ્રવચન, તા. ૪-૧૧-૧૯૪૫)

ભગવાન શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ-દિન નિમિત્તે અત્યંત સૂક્ષ્મ ન્યાયપૂર્ણ ભાવવાહી પ્રવચન આપતાં પૂજ્ય ગુરુદેવશ્રી તા. ૪-૧૧-૧૯૪૫ના રોજ ફરમાવે છે કે :–

'શ્રી મહાવીરસ્વામી આજે નિર્વાણ પધાર્યા અર્થાત્ સિદ્ધ થયા અને શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ્યું. આ પ્રમાણે જ્ઞાનમાં લઈને જીવો નિર્વાણ-કલ્યાણક-મહોત્સવ ઊજવે છે.

શ્રી મહાવીર પ્રભુજી તો વર્ષો પહેલાં નિર્વાણદશાને પામ્યા હતા છતાં 'આજે જ પ્રભુજી નિર્વાણ પામ્યા' એમ શા માટે કહે છે?

**ખરી રીતે કોઈ જીવ કેવળજ્ઞાનીને કે સિદ્ધ ભગવાનને જાણતા નથી પણ પોતાની પૂર્ણતાને જાણે છે, પોતાની પર્યાયનું સામર્થ્ય પણ તેવું જ છે તેને વર્તમાન કરીને જાણે છે. કેવળજ્ઞાન અને સિદ્ધદશાના સામર્થ્યને નક્કી કરનારું જ્ઞાન પોતે વર્તમાનરૂપ છે અને તે વર્તમાનથી જ જાણે છે, તેથી સામા જ્ઞેયને પણ વર્તમાનરૂપ કરીને જ જાણે છે.** 'સિદ્ધ ભગવંતો ગયા કાળે થઈ ગયા' એમ નહિ પણ 'વર્તમાન જ જાણે છે' એમ, વચલા કાળને કાઢી નાખીને, જ્ઞેયરૂપ સિદ્ધ ભગવાનને પણ વર્તમાન જ કર્યા.

દ્રવ્ય અને ગુણ તો દરેક પર્યાય સાથે જ વર્તમાન અખંડ છે. મારા દ્રવ્ય-ગુણ અને તેની જાણવારૂપ પર્યાય એ ત્રણે વર્તમાનમાં જ રહે અને સામા જ્ઞેયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ખંડ પડી જાય એમ બને જ નહિ. પરંતુ જેમ અહીં જ્ઞાન વર્તમાનરૂપ જ છે તેમ સામે જ્ઞેય પણ વર્તમાનરૂપે જ છે. **જ્ઞાન આખા જ્ઞેયદ્રવ્યને વર્તમાન કરીને જાણે છે એટલે કે પર્યાયના ભૂત-ભવિષ્ય એવા ભેદને છોડીને, બધી પર્યાયોથી અભેદરૂપ આખું જ દ્રવ્ય વર્તમાન છે–એમ જ્ઞાન જાણે છે. 'ભૂતકાળમાં મહાવીર ભગવાન સિદ્ધ થયા' એમ જ્ઞાન જાણતું નથી પણ 'વર્તમાન જ સિદ્ધ થયા એમ જાણે છે, તેમાં જ્ઞાન અને જ્ઞેય બન્ને દ્રવ્યની અખંડતાને લક્ષમાં લીધેલ છે.** ભૂત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે ભવિષ્યની અવસ્થાથી જ્ઞાન જાણતું નથી પરંતુ વર્તમાન અવસ્થાથી જ જાણવાનું કામ કરે છે અને દ્રવ્ય-ગુણ તો વર્તમાનરૂપ જ છે.—એ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અખંડ વસ્તુ વર્તમાનરૂપ છે અને જો સામી જ્ઞેયવસ્તુ આખી વર્તમાન ન હોય તો ઉપાદાન-નિમિત્ત (જ્ઞાન-જ્ઞેય)નો મેળ જ થતો નથી.

**ભૂત–ભવિષ્યકાળની પર્યાયો છે ખરી; તેની ના નથી, પરંતુ અહીં તો બીજો ન્યાય કહેવો છે. આ જે કોઈ શૈલીથી આવે છે તે ધ્યાન રાખજો ! ખ્યાલ કરનાર વર્તમાનથી ખ્યાલ કરે છે કે ભૂત-ભવિષ્યની પર્યાયથી ખ્યાલ કરે છે? સામા જ્ઞેયનો ખ્યાલ તો વર્તમાનમાં જ કરે છે ને! જેમ અહીં જ્ઞાન વર્તમાન જ છે તેમ સામા જ્ઞેયમાં પણ ભૂત-ભવિષ્યને ભૂલી જા!** (ભૂત-ભવિષ્ય પર્યાયના ભેદને છોડીને સર્વ પર્યાયોથી અખંડરૂપ વસ્તુને વર્તમાન જ્ઞેયરૂપ કરીને જાણ!) અહીં ઉપાદાનમાં એક સમયમાં અખંડ જ્ઞાન-સામર્થ્ય છે અને સામે નિમિત્તરૂપ લોકાલોક પણ એક સમયમાં પૂરા છે. અહીં જ્ઞાન વર્તમાનરૂપ પૂરું હોય અને સામે જ્ઞેય વર્તમાનરૂપ પૂરાં ન હોય–એમ બને જ નહિ. ''એક સમય તે સૌ સમય'' (–શ્રીમદ્જી) એટલે શું? કે–એક સમયમાં જ વસ્તુ પૂરી છે, બીજા સમયની પૂર્ણતા બીજા સમયે છે અને ત્રીજા સમયની ત્રીજા સમયે છે, એમ દરેક સમયે વસ્તુ પૂરી છે; પણ ઘણા સમય ભેગા થયા પછી વસ્તુની પૂર્ણતા થાય છે–એમ નથી.

વર્તમાન જ્ઞાન વર્તમાન જ્ઞેયને અખંડ કરીને જાણે છે એટલે ખરેખર તો પોતે એક સમયમાં આખો વર્તમાન છે તેની કબૂલાત છે. શું જ્ઞેયવસ્તુનો કોઈ ભાગ ભૂત-ભવિષ્યમાં વર્તે છે કે વર્તમાન જ આખું છે?–વર્તમાન જ આખું છે. તેથી જ્ઞાનમાં આખું જ્ઞેય આવી જાય છે. **કાળનું લંબાણ કરીને ભૂત-ભવિષ્ય પર્યાયના ભેદને લક્ષમાં લેવા તે વ્યવહાર છે. પરમાર્થથી ગુણ-પર્યાયો સહિત એક જ સમયમાં આખું દ્રવ્ય વર્તમાન છે.** સમયે સમયે થતી પર્યાય તે અખંડ ગુણ-દ્રવ્યને એકેક સમયમાં વર્તમાનરૂપે ટકાવી રાખે છે. જેમ કોઈ વસ્તુની પર્યાયને જોતાં જ જ્ઞાનમાં અખંડને પ્રતીતમાં લઈને કહે છે કે–આખી વસ્તુ દેખાય છે.–**એમ જેનું જેનું જ્ઞાન કરે છે તેને વર્તમાન આખું બનાવે છે, ભૂત-ભવિષ્ય બાકી રહી જતો નથી—આવો જ્ઞાનસ્વભાવ છે;** તેથી 'શ્રી મહાવીર પ્રભુજી પૂર્વે સિદ્ધદશા પામ્યા' એમ ભૂતથી ખ્યાલ નહિ કરતાં, 'પ્રભુજી આજે જ સિદ્ધદશા પામ્યા' એમ વર્તમાન ખ્યાલ કરે છે.

અહો! સિદ્ધદશામાં આત્મા પરિપૂર્ણ જ્ઞાન-આનંદદશારૂપે પરિણમી ગયો. સિદ્ધદશામાં પણ આત્માનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણું હોય છે. ત્યાં પરિપૂર્ણ જ્ઞાન-દર્શન-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સુખ-વીર્યાદિ અવસ્થાપણે દરેક સમયે ઊપજે છે, જૂની અવસ્થાનો વ્યય થાય છે અને સાદિ-અનંત સિદ્ધદશામાં આત્મા ધ્રુવપણે ટકી રહે છે. સિદ્ધ ભગવાન રાગાદિ વિકારરહિત અને શરીરાદિ સંયોગરહિત પૂર્ણ જ્ઞાન-સુખ વગેરે સ્વભાવરૂપે પરિણમે છે– એમ જે જીવે પોતાના જ્ઞાનમાં જાણ્યું તે જ્ઞાનમાં અનંત સામર્થ્ય છે. **'એક સમયમાં સિદ્ધ ભગવાન પૂર્ણ છે' એમ જે જ્ઞાન નક્કી કરે છે તે જ્ઞાન એમ પ્રતીત કરે છે કે 'હું પણ એક સમયમાં સિદ્ધ સમાન પૂર્ણ સ્વરૂપી છું.'**

પુણ્ય-પાપથી રહિત અને જ્ઞાનાદિ અનંત ગુણોના પિંડરૂપ એકલો આત્મસ્વભાવ, તેની એક શુદ્ધપર્યાયના પરિપૂર્ણ સામર્થ્યને જેણે પ્રતીતમાં લીધું, તેણે વર્તમાન પર્યાયમાં ભગવાન તરફના વિકલ્પનો રાગ હોવા છતાં પોતાના જ્ઞાનને તેનાથી અધિક રાખીને (–જ્ઞાનને રાગથી જુદું પાડીને) પોતાની પર્યાયના અનંત સામર્થ્યનું જ્ઞાન કર્યું. 'આજે પ્રભાતે પ્રભુશ્રીનો આત્મા પરમ પવિત્ર મુક્તદશાને પામ્યો'–આવો ભગવાન તરફના લક્ષનો જે વિકલ્પ છે તે તો રાગ છે, પરંતુ સિદ્ધસ્વભાવની એક સમયની પર્યાયનું સામર્થ્ય પોતાના અસંખ્ય સમયના ઉપયોગવાળા પર્યાયમાં સ્વીકારનારું જીવનું જ્ઞાન અને તે જ્ઞાનના સામર્થ્યની એક સમયમાં પ્રતીત તે વિકલ્પથી અધિક થયા છે; જ્ઞાન અને પ્રતીતિરૂપ તે પર્યાયે સ્વભાવ તરફ એકતા કરી છે અને વિભાવથી અધિકતા (-ભિન્નતા) કરી છે.

તે અધિક થયેલા જ્ઞાને શરીરાદિ સર્વે પરદ્રવ્યોનો તો પોતામાં અભાવ જ બનાવ્યો છે અર્થાત્ એ કોઈ પરવસ્તુને તો પોતાનું સ્વરૂપ માનતું જ નથી અને સ્વભાવના જોરે વિકારને તુચ્છ બનાવ્યા છે અર્થાત્ અસ્થિરતામાં વિકલ્પ થાય છતાં 'આ મને લાભદાયક છે જ નહિ' એવી પ્રતીતથી તે તરફનું જોર તોડી નાખ્યું છે.–આ રીતે પરથી છૂટું અને વિકારથી અધિક થયેલું જેનું જ્ઞાન છે એવો જીવ અલ્પકાળમાં વિકારનો સંબંધ સર્વથા તોડીને સિદ્ધ થાય છે; એમાં ફેર પડે જ નહીં. **પોતાના જ્ઞાન-સામર્થ્યના જોરે વિકલ્પથી અધિક થઈને જે જ્ઞાન આગળ વધ્યું તે વિકલ્પ તોડીને સિદ્ધ થઈ જ જાય.** વિકલ્પ અને રાગનો દૃષ્ટિમાં તો પહેલેથી અભાવ છે જ, પણ અસ્થિરતામાં ય વિકારને તુચ્છ કર્યો. વિકારનો વસ્તુમાં અભાવ અને અવસ્થામાં તુચ્છતા જેને પહેલેથી છે તે જ જીવ સ્થિરતા દ્વારા અવસ્થામાં પણ વિકારનો અભાવ કરીને સિદ્ધ થઈ જાય છે. જેના જ્ઞાનમાં સિદ્ધ ભગવાનના અનંત જ્ઞાન-સામર્થ્યની કબૂલાત આવી તેને આત્મસ્વભાવની કબૂલાત આવી છે અને જેને આત્મસ્વભાવની કબૂલાત આવી છે તેને પોતાના સિદ્ધદશાની પણ કબૂલાત આવી છે. કહ્યું છે કે "જીવ તે જિનવર ને જિનવર તે જીવ."

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**આત્માનો સ્વભાવ જાણવારૂપ છે. જેમ છે તેમ આત્મા જાણે. જાણનાર છે તે બધાને જાણે છે. ચૈતન્યચોપડામાં 'ન જાણવું' એવું ચિહ્ન જ નથી. 'એકલું જાણવું' તેમાં વિકલ્પ ક્યાં રહ્યો? જાણવામાં વિકલ્પ કરીને અટકવાનું ચૈતન્યનું સ્વરૂપ નથી. આમ વિકલ્પને તુચ્છ કરીને પોતાના જ્ઞાન-સામર્થ્યને જેણે અધિક કર્યું તેણે સિદ્ધદશાના પૂરા સામર્થ્યનો ખ્યાલ કર્યો.**

**સિદ્ધ ભગવાન ખરેખર પરને જાણતા નથી પણ પોતાના જ્ઞાનની અવસ્થામાં જાણવાની પૂર્ણ શક્તિ પ્રગટી ગઈ તે પોતાના જ્ઞાન-સામર્થ્યને જ જાણે છે. તેવી જ રીતે સિદ્ધ ભગવાનની પવિત્રતાના સામર્થ્યનો જેણે ખ્યાલ કર્યો છે તે જીવ ખરેખર તો 'સિદ્ધ ભગવાનના અનંત સામર્થ્યને નક્કી કરનાર' પોતાની નિર્મળ પર્યાયના સામર્થ્યને જ જાણે છે.** પોતાની નિર્મળદશાને વર્તમાનરૂપ કરીને જાણતાં સામે નિમિત્તરૂપ જ્ઞેય તરીકે અનંત સિદ્ધ ભગવંતો અને તીર્થંકર ભગવંતોને તેમજ સંતો–મુનિઓને વર્તમાનરૂપ હાજર કરીને જાણે છે. સામું જ્ઞેય વર્તમાન થયા વગર વર્તમાન જ્ઞાનપર્યાય તેને જાણે શી રીતે?

જુઓ તો ખરા! આ નિર્વાણ–કલ્યાણકનો મહિમા! 'ભગવાન મહાવીર વગેરે ભૂતકાળમાં સિદ્ધ થયા' એમ હું નથી જાણતો પણ 'વર્તમાન જ થયા' એમ જાણું છું એટલે કે 'જાણે અત્યારે જ સાક્ષાત્ પોતાની સન્મુખપણે જ તેઓશ્રી સિદ્ધ થતાં હોય' એવી શૈલીથી કથન કર્યું છે. 'પ્રભુશ્રી આજ મોક્ષ પધાર્યા' એવા વિકલ્પમાં જોકે પરસન્મુખ વલણ છે પરંતુ જો તે વલણને તોડીને જ્ઞાન-સામર્થ્ય આગળ વધતું જાય તો જ તે જ્ઞાને સિદ્ધપર્યાયને જોઈ છે અને પ્રતીતમાં લીધી છે. **સિદ્ધદશાને નક્કી કરનાર જીવ ખરી રીતે પોતાની પર્યાયના સામર્થ્યને જ જુએ છે.** 'સિદ્ધનો આત્મા પરિપૂર્ણ શુદ્ધ શક્તિપણે ઉત્પાદ અને વ્યયથી નિત્ય ટકી રહ્યો છે' તેનો નિર્ણય કરનાર કોણ છે? જો સૂક્ષ્મતાથી જોઈએ તો જેણે સિદ્ધનો નિર્ણય કર્યો છે તેણે પોતાની સિદ્ધદશાનો જ નિર્ણય કર્યો છે અને તે સિદ્ધ થવાનો જ....

આ 'પ્રવચનસાર' શાસ્ત્રની શરૂઆતમાં શ્રી કુંદકુંદ ભગવાન માંગલિકરૂપે નમસ્કાર કરતાં કહે છે કે–"તે સર્વને સાથે તથા પ્રત્યેકને પ્રત્યેકને; વંદુ વળી હું મનુષ્યક્ષેત્રે વર્તતા અર્હંતને." જેઓને પોતે નમસ્કાર કરે છે તેઓને વર્તમાનપણે હાજરી કરીને નમસ્કાર કરે છે. આચાર્ય પ્રભુ કહે છે કે–"આ મારી મોક્ષલક્ષ્મીના સ્વયંવર સમાન પરમ નિર્ગ્રન્થતાની દીક્ષાનો મહોત્સવ છે, તે સ્વયંવર–મંડપમાં અનંત સિદ્ધો–અરિહંતો–આચાર્યો આદિ પંચ પરમેષ્ઠીને વર્તમાનરૂપ કરું છું" એટલે કે અધૂરી અને પૂરીદશા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વચ્ચેનું અંતર કાઢી નાખીને હું તેમને પ્રણમું છું. અહા! કેટલું અપૂર્વ જોર છે. જાણે કે પંચ પરમેષ્ઠી ભગવંતો સામે સાક્ષાત્ બિરાજે છે અને પોતે તેમની હાજરીમાં મોક્ષદશાને પામે છે–એવા ભાવો ઉતાર્યા છે.

'પૂર્વે થઈ ગયા તે સર્વને વર્તમાન હાજર કરું છું.' એમાં ખરેખર તો પર્યાય અને દ્રવ્ય વચ્ચેનો આંતરો કાઢી નાખીને સામાન્ય-વિશેષને એક કર્યા છે.–એમાં સ્વભાવદૃષ્ટિનું જોર છે. 'ભૂતમાં થયા તે સિદ્ધોને વર્તમાન કરું છું' એમાં પણ ખરેખર પરના સામર્થ્યને જાણતા નથી પણ પોતાની પર્યાયના પૂર્ણ સામર્થ્યને વર્તમાનરૂપ કરીને પ્રતીતમાં લ્યે છે.

શ્રી મહાવીર ભગવંતને તદ્દન શુદ્ધદશા (મુક્તિ) ક્યાંય બહારમાં થઈ ન હતી. પરંતુ આત્મામાં જ થઈ હતી 'પાવાપુરીમાં ભગવાન નિર્વાણ પામ્યા અને ઊર્ધ્વશ્રેણિ કરી મોક્ષમાં ગયા' એ તો બહારનું વ્યવહારકથન છે; 'ઊંચા ક્ષેત્રે ગયા પછી આત્માની મુક્તિ થઈ' એમ નથી, પરંતુ આત્મા પોતે જ મુક્તદશાસ્વરૂપ થઈ ગયો છે.

અહીં આત્માની સિદ્ધદશાના સામર્થ્યનો મહિમા થાય છે; પરંતુ તે દશાના સામર્થ્યને કોણ કબૂલે છે? કોણ તેની પ્રતીત કરે છે? પુણ્ય-પાપરહિત, ક્રમરહિત, એકેક સમયમાં જે આત્માએ, પ્રતીતિ અને મહિમા કર્યો, તે આત્મા પોતાના નિર્મળ સ્વભાવ–જ્ઞાન સિવાય કોનો આદર કરશે? કોને માનશે? જો પોતાના સિદ્ધ સમાન સ્વભાવ–સામર્થ્યનો વિશ્વાસ કરે તો જ તેને સિદ્ધ ભગવાનને જોતા આવડ્યું છે. સિદ્ધ ભગવાનને જોનાર અને તેનો મહિમા કરનાર ખરેખર પોતાની—સિદ્ધ ભગવાનના સામર્થ્યને જાણવારૂપ—પર્યાયના સામર્થ્યને જ જુએ છે અને તેનો જ મહિમા કરે છે.

**પરમાર્થે કોઈ જીવ પરને જાણતો નથી કે પરનો મહિમા કરતો નથી.**

**ધ્યાન રાખજો! આજનું ઘૂંટણ જુદી જ જાતનું આવે છે. આ ભાવોને વિચારીને તેનું ખૂબ ઘોલન કરવા જેવું છે. આજે વિષય સારો આવી ગયો છે. અંદરનું ઘૂંટણ બહાર આવે છે.** આ દિવાળીના માંગલિક ગવાય છે.

સ્વકાળને (–પોતાની અવસ્થાને) સ્વભાવ તરફ વાળવો તે જ સાચી 'દિ-વાળી' છે. 'દિ'=દિવસ-કાળ; તેને પોતાના સ્વભાવ-સન્મુખ વાળે ત્યારે સાચી દિવાળી કહેવાય એટલે કે પોતાની અવસ્થાને સ્વભાવ-સન્મુખ વાળે ત્યારે સાચી દિવાળી કહેવાય એટલે કે પોતાની અવસ્થાને સ્વભાવ તરફ વાળીને કેવળજ્ઞાનરૂપી સુપ્રભાત પ્રગટ્યું તે જ મહા મહોત્સવ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાનશ્રી મોક્ષ પધાર્યા, તેમાં આ આત્માને શું? તેમજ દેવોએ રત્ન–દીપકો વગેરેથી મોટા મહોત્સવ કર્યા, તેમાં પણ આ આત્માને શું? પરના કારણે આ આત્માને લાભ નથી; પરંતુ સિદ્ધ ભગવાનના સામર્થ્યને પ્રતીતમાં લઈને જેણે તેનો જ અંતરથી મહિમા કર્યો તે 'સિદ્ધનો લઘુનંદન' થઈ ગયો, તે અલ્પકાળમાં સિદ્ધ થાય જ.

જેણે પોતાના જ્ઞાનમાં સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો તેને સિદ્ધદશાના નિર્ણય અને તે-રૂપ સ્થિરતા વચ્ચે (–શ્રદ્ધા અને ચારિત્ર વચ્ચે) ભલે આંતરો તો પડે છે; અને તે આંતરાને એકદમ સ્વભાવ-સન્મુખ થતું જ્ઞાન કબૂલ પણ કરે છે; પરંતુ પોતે જે નિર્ણય કર્યો છે તે નિર્ણય 'કબૂલાત' અને 'સ્થિરતા' એવા બે અવસ્થા-ભેદને ભૂલીને વર્તમાન પૂર્ણ દ્રવ્યને જ પ્રતીતમાં લે છે. દ્રવ્યસ્વભાવની કબૂલાતનો નિર્ણય તે બે દશા વચ્ચેના અંતરને–ઊણપને સ્વીકારતો નથી, 'ભવિષ્યમાં સિદ્ધપર્યાય પ્રગટ થશે' એમ ભૂત-ભવિષ્યને યાદ કરતો નથી પણ દ્રષ્ટિના જોરથી પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કરીને (ભૂત-ભવિષ્યની પર્યાયને દ્રવ્યમાં વર્તમાન સમાવીને) સિદ્ધદશાને વર્તમાનરૂપ જ કરે છે.

**'આ' અપૂર્વ ભાવો કહેવાય છે. 'આ' ભાવોને આત્મા સાથે પરિણમાવવા જેવા છે. આત્માના ભાવ સાથે 'આ' ભાવોને ગોઠવી દેવા.**

જેને સિદ્ધ ભગવાનની ભવિષ્યકાળની પર્યાયના સામર્થ્યની કબૂલાત આવી તેને સ્વપર્યાયના સ્વસન્મુખપણા વડે વિકલ્પ તૂટ્યા વગર રહે નહિ.

**મહોત્સવ કરતાં પ્રથમ સ્વભાવનો મહિમા આવવો જોઈએ. સ્વભાવને ભૂલીને એકલો બહારનો મહિમા કરે તે આત્માને લાભનું કારણ નથી પણ સ્વભાવના મહિમા સહિત બહારમાં પણ મહોત્સવ ઊજવે એમાં તો ઉપાદાન–નિમિત્તનો મેળ છે.** પોતાના સ્વભાવનો મહિમા કરે ત્યાં બહારમાં પણ ભગવાનના નિર્વાણ-કલ્યાણક-મહોત્સવ વગેરે નિમિત્તો હોય છે. એક પોતાના સિદ્ધસ્વભાવને કબૂલતાં અનંત સિદ્ધોની કબૂલાત તેમાં આવી ગઈ છે; આ સામર્થ્ય જ્ઞાનની કળાનું છે, બહારના ઠાઠ-માઠનું નથી.

લાખો કરોડો મનુષ્યો આજના દિવસનો મહિમા કરે છે અને 'અહો! આજ પ્રભુજી મુક્ત થયા' એમ ઘણાને પરનો મહિમા આવે છે; પરંતુ તે સર્વેને જાણનાર એવા પોતાના જ્ઞાન-સામર્થ્યનું માહાત્મ્ય આવતું નથી!! **(જોકે) પોતાનું જ્ઞાન-સામર્થ્ય પોતાના ખ્યાલમાં તો આવે છે પરંતુ અંતરમાં પોતે તેનો વિશ્વાસ કે રુચિ કરતો નથી. પરિણતિને સ્વસામર્થ્ય તરફ વાળતો નથી પણ પરનો મહિમા કરવામાં અટકે છે, તેથી જ કેવળજ્ઞાનદશા પ્રગટતી નથી.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**ખરી રીતે દરેક વખતે જ્ઞાનની જ ક્રિયા થાય છે.** જ્યાં જ્યાં મન, વચન, કાયની ક્રિયા થાય છે ત્યાં ત્યાં સર્વત્ર જ્ઞાનની ક્રિયા થાય છે. મન, વચન, કાયા તો જડ છે. ભગવાન પ્રત્યે મનથી વિકલ્પ, વચનથી સ્તુતિ કે શરીરથી વંદન થાય છે તેમાં ક્યા ટાણે જ્ઞાનનું કાર્ય નથી? ક્યા આત્મપ્રદેશે જ્ઞાનનું કાર્ય નથી? દરેક વખતે જ્ઞાન તો સર્વાત્મપ્રદેશે પોતાનું જ કાર્ય કરે છે. જ્ઞાન સર્વ વ્યાપક છે, વિકલ્પ વખતે પણ તેનાથી જુદું રહીને તે પોતાનું કાર્ય કરે છે. **ભગવાન તરફના લક્ષ વખતે જ્ઞાન ખરેખર તો ભગવાનને જાણતું નથી પણ ભગવાનનો નિર્ણય કરનાર જે જ્ઞાન-સામર્થ્ય છે તે જ્ઞાનસામર્થ્યને જ પોતે જાણે છે. જે જ્ઞાનના ખ્યાલમાં ભગવાનનું સામર્થ્ય આવ્યું તે જ્ઞાનના સામર્થ્યનું જેને માહાત્મ્ય ન આવે તે અંતર્સન્મુખતા કરીને ભગવાન શી રીતે થાય? સ્વરૂપસન્મુખ થઈને જુએ તો દરેક વખતે પોતાના જ્ઞાનનું જ પોતે માહાત્મ્ય કરે છે, ક્યારેય પરનું માહાત્મ્ય કરતો નથી.** પોતાના જ્ઞાનમાં સિદ્ધપર્યાયની પ્રતીત કરીને તેને જ જે ધન્ય માને તે બીજા કોઈને પણ ધન્ય કેમ માને? જેણે સિદ્ધદશા અને કેવળજ્ઞાનને ધન્ય માન્યતા તે ઈન્દ્રની સામગ્રીને, રત્નના દીપકોને, પુણ્યના વિકલ્પ વગેરે કોઈને પણ ધન્ય માને નહિ.

પૂર્ણાનંદી સ્વરૂપ પ્રસન્ન થઈને કેવળજ્ઞાન પ્રગટે તે ધન્ય છે! પુણ્યથી સ્વભાવની મોટપ નથી. શું ધર્મનું ફળ પુણ્ય હોય? જેમ છ ખંડનો ધણી ચક્રવર્તી રાજા રીઝે અને પ્રસન્ન થઈને કહે કે : મારા સરખું કોઈ કામ બતાવ. માગ, જેટલું જોઈએ તેટલું માગ. તું જે માગ તે હું આપવા સમર્થ છું. માટે, મારી પાસેથી માગવું હોય તે માગ! આમ ચક્રવર્તી રાજા પ્રસન્ન થાય અને માગવાનું કહે ત્યારે તેને કે : આ મારા આંગણાનું વાસીદું કાઢી નાખ!–એ તો કાંઈ માગ્યું કહેવાય? અરે ભાઈ! તેં શું માગ્યું? વાસીદા કાઢવાના કામ તે શું ચક્રવર્તી રાજા પાસેથી લેવાતા હશે? તેમ અહીં આખો આત્મસ્વભાવ પ્રસન્ન થાય છે; કોને પ્રસન્ન થાય છે? જે જીવે સિદ્ધ ભગવાનનો નિર્ણય કર્યો અને પોતાના તેવા પરિપૂર્ણ સ્વભાવનો નિર્ણય કર્યો તે જીવને સ્વભાવ પ્રસન્ન થાય છે. જ્યાં સ્વભાવને નિર્ણયમાં લીધો ત્યાં પૂર્ણ સ્વભાવ પ્રસન્ન થઈને કહે છે કે : માગ! માગ! જે દશા જોઈએ તે આપવા તૈયાર છું. તારાથી થવાય તેટલો થા. જેટલી હદે થવું હોય તેટલી હદે થા. પૂરું સિદ્ધપદ માગ. હું આ જ ક્ષણે તને દઉં!... આ રીતે, જે પર્યાયરૂપે પોતે થવા માગે તે પર્યાય સ્વભાવમાંથી પ્રગટી શકે છે. જ્યાં આખો સ્વભાવ રીઝ્યો છે ત્યાં કેવળજ્ઞાન અને સિદ્ધપદરૂપે થવાને બદલે એમ જે કહે છે કે : મારે તો પુણ્યરૂપે થવું છે! અરેરે! તને માગતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ નથી આવડ્યું. 'ચક્રવર્તીને વાસીદાનું કહે' તેમ પૂર્ણ સ્વભાવને જેણે નથી જાણ્યો તે પુણ્યની માગણી કરે છે. પૂર્ણ સ્વભાવમાં તો એક સમયમાં કેવળજ્ઞાન અને સિદ્ધપદપણે થવાની તાકાત છે; તારાથી થવાય તેટલો થા! 'પુણ્યપણે થવું છે' એમ ન માગ! સિદ્ધપણે થવાની તાકાત છે; તારાથી થવાય તેટલો થા! 'પુણ્યપણે થવું છે' એમ ન માગ! સિદ્ધપણે થવાની ભાવના કર! અને જેટલો થઈ શકે તેટલો થા! અસ્થિરતા રહી જાય તેને જાણ; પણ તે-રૂપે થવાની ભાવના ન કર!

પર્યાયનું સામર્થ્ય બેહદ છે તે અહીં બતાવવું છે. દ્રવ્ય-ગુણ તો પૂરા છે જ; પરંતુ તેની પૂર્ણતાને સ્વીકારનાર કોણ છે? દ્રવ્ય-ગુણ પૂરા અને વર્તમાન પર્યાય પણ પૂરી છે; તે પર્યાયનું જે અનંત સામર્થ્ય છે તે સામર્થ્યને તો જ્ઞાનની પર્યાય જ જાણે છે. જો કે જાણનાર જ્ઞાનનો ઉપયોગ તો અસંખ્ય સમયનો છે પરંતુ 'અસંખ્ય સમયમાં પૂરું સામર્થ્ય છે' એમ તે નથી જાણતું, પણ 'એકેક સમયની અવસ્થામાં પૂરેપૂરું સામર્થ્ય છે' એમ તે જાણે છે, અને તેની એક સમયમાં પ્રતીતિ કરે છે. પૂર્ણને જ્ઞાનમાં લેતાં અસંખ્ય સમય લાગે છે પરંતુ તેની પ્રતીત તો એક જ સમયમાં છે.

ભગવાનને પૂર્ણદશા પ્રગટ થઈ તે પૂર્ણદશામાં પૂરેપૂરું જ્ઞાન અને આનંદ-સામર્થ્ય એક સમયમાં છે-આમ જે પર્યાયે કબૂલ્યું તેનું પણ અનંત માહાત્મ્ય છે, તો પછી દ્રવ્ય-ગુણના તો શું માહાત્મ્ય કરવા!! **જે જીવે પોતાની પર્યાયમાં સિદ્ધની કબૂલાત કરી તેણે સૂક્ષ્મતાથી તો પોતાના આત્મા સાથે સિદ્ધદશાની એકતા કરી છે, તેનામાં અને શ્રી મહાવીરમાં ક્યાંય આંતરો રહે નહિ.**

કોણ આ વાતની હા પાડે છે? કોનું જ્ઞાન આ સ્વીકાર કરે છે? આ વાતને પ્રતીતમાં લેનાર કોણ છે? જેને પોતાના સત્‌માં આ વાત બેઠી તેને પરની ઓશિયાળી રહેતી નથી. અહો! ભવરહિત થઈ ગયેલા ભગવાનને જેણે પોતાના નિર્ણયમાં બેસાડ્યા તેને ભવરહિત ભાવનો કેટલો પોરહ અને કેટલો ઉત્સાહ! તેને હવે ભવ હોય? જો સિદ્ધ ભગવાનને ભવ હોય તો એને (-ભવરહિત ભગવાનને જેણે કબૂલ્યા તેને) ભવ હોય એટલે કે તેને ભવ હોય જ નહિ. સિદ્ધદશાને વાર લાગે એ પાલવે તેમ નથી. પોતાની પર્યાયમાં સિદ્ધને સમાડ્યા અને હવે પોતાની સિદ્ધદશાને વાર લાગે એ કેમ ચાલે? ભાણા તૈયાર કર્યા, ભાણે જમવા બેસાડ્યા અને હવે ખાલી ભાણા ખડખડ ખખડે અર્થાત્ પીરસતાં વાર લાગે તે પાલવે નહિ; તેમ પોતાની પર્યાયમાં સિદ્ધ ભગવાનને સ્વીકાર્યા, પોતાની પર્યાયરૂપી ભાણું તૈયાર કર્યું અને હવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સિદ્ધદશારૂપી પકવાન પીરસાતાં વાર લાગે તે પાલવતું નથી. **અહો! જુઓ તો ખરા! આમાં તો નિર્ણય અને કેવળજ્ઞાન વચ્ચેના આંતરાને તોડી નાખે એટલું જોર છે.**

જેના જ્ઞાનમાં કેવળજ્ઞાનનું પરિપૂર્ણ સામર્થ્ય જણાયું અને તેનો જ મહિમા થયો તેને નિર્ણયરૂપે કેવળજ્ઞાન પ્રગટી ગયું છે. કેવળજ્ઞાન ફરે તો તેનો નિર્ણય ફરે! ભલે હજી વર્તમાન ઉઘાડ કેવળજ્ઞાન જેટલો નથી છતાં પણ વર્તમાન નિર્ણયમાં તો આખુંય કેવળજ્ઞાન આવી ગયું છે. "વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઈચ્છા દશાએ કેવળજ્ઞાન થયું છે" (-શ્રીમદ્જી)–એમ જ્યાં કહ્યું છે ત્યાં આ જ આશય છે. કેવળજ્ઞાનનો નિર્ણય કર્યો તેનું કેવળજ્ઞાન પાછું ફરે જ નહિ—એવી અપ્રતિહતભાવની જ વાત છે. **'આ' તો પોતાના જ અંદરના ભાવો ઘોળાયા છે; પરનો કોઈ મહિમા કરતું નથી, સૌ પોતાના જ ભાવોને ઘોળી રહ્યા છે.**

'સુખી કેમ થવાય' તેની આ વાત ચાલે છે. જેઓ સિદ્ધ થઈ ગયા છે તેમને માટે આ વાત નથી પરંતુ, જેઓ સિદ્ધ થવાના છે તેમને સિદ્ધ થવા માટેની આ વાત છે. સિદ્ધદશામાં ભગવાનને અગુરુલઘુગુણના કારણે જ ઉત્પાદ-વ્યય થાય છે, તેમને તો દરેક સમયે પૂર્ણ આનંદ છે; છતાં પર્યાય તો બદલ્યા જ કરે છે એટલે કે પહેલી પર્યાયનો જે આનંદ છે તે જ આનંદ બીજી પર્યાયમાં નથી પરંતુ તેના જેવો જ બીજી પર્યાયનો બીજો આનંદ છે. આ રીતે, સિદ્ધદશામાં આનંદની જાત બદલાતી નથી પરંતુ કાળ બદલી જાય છે.

અહીં કોઈને એમ થાય કે સિદ્ધ ભગવાનનો આનંદ છે તેમાં આ આત્માને શું? તેને કહે છે કે ભાઈ! સિદ્ધને આનંદ છે એમ નક્કી કોણ કરે છે? નક્કી કરનાર પોતે છે કે બીજો? નક્કી કરનારે પોતાના જ્ઞાનનો જ મહિમા કર્યો છે અને તેમાં સિદ્ધ અને કેવળજ્ઞાની એ તો બધાય નિમિત્ત તરીકે આવ્યા છે.

કોના જ્ઞાનમાં આ વાત સમજાય છે? આ વાત કોનું જ્ઞાન કબૂલે છે? ભગવાનનું જ્ઞાન કબૂલે છે કે પોતાનું જ્ઞાન કબૂલે છે? પોતાનું જ જ્ઞાન કબૂલે છે. પુણ્ય-પાપના ભાવમાં અટકનારું જ્ઞાન આ કબૂલતું નથી, પરંતુ પુણ્ય-પાપરહિત સિદ્ધદશા તરફ વળેલું જ્ઞાન આ કબૂલે છે. અરૂપી ચૈતન્ય આત્મતેજના માહાત્મ્ય પાસે જગતમાં કોઈનું માહાત્મ્ય નથી. આત્માનું ચૈતન્ય-તેજ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે તો ચાર ક્ષાયોપશમિક જ્ઞાનોનું માહાત્મ્ય પણ રહેતું નથી; આવો ચૈતન્યસ્વરૂપી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા પોતે જ સ્વતંત્રપણે આત્માનું જ્ઞાન-સૌખ્યરૂપ પરિણમન તે જ મહિમાવંત માંગળિક છે.

જેણે એક આત્માની પરિપૂર્ણ દશા જ્ઞાનમાં કબૂલી તેણે પોતાના જ્ઞાનમાં અનંતા સિદ્ધાત્માઓનો સ્વીકાર કર્યો ને પોતાનું પણ તેવું જ સ્વરૂપ છે એમ કબૂલ્યું એટલે તેણે ભંગ-ભેદનો નકાર કર્યો. જેવી સિદ્ધદશા મારા જ્ઞાનમાં જણાણી છે તેવી જ સિદ્ધદશાસ્વરૂપે પરિણમવું તે જ મારો સ્વભાવ છે. ઊણીદશા કે ભંગ-ભેદરૂપે પરિણમવું તે મારું સ્વરૂપ નથી. **'સિદ્ધને હું જાણું છું' એમ બોલાય છે પણ ખરેખર તો 'હું મારી જ પર્યાયને જાણું છું' તેમાં તેઓ જણાઈ જાય છે–એવું મારું સામર્થ્ય છે!! આમ સ્વનું બહુમાન આવવું જોઈએ.**

**દરેક જીવ પોતાની જ પર્યાયના સામર્થ્યને જાણે છે પરંતુ તેને પોતાના જ્ઞાનનો ભરોસો આવતો નથી તેથી તે પરનું બહુમાન કરવામાં રોકાય છે અને સ્વને ભૂલી જાય છે, પરંતુ 'હું મારા જ્ઞાન-સામર્થ્યને જાણું છું, પરને હું ખરેખર જાણતો નથી, અને મારું જ્ઞાન-સામર્થ્ય તો પરિપૂર્ણ છે' એમ સ્વનો મહિમા આવે તો કોઈ પરનો મહિમા આવે નહિ.** આત્મા પોતે અસંખ્યપ્રદેશે અનંતગુણનો પિંડ છે, તેને સંભારતા તો આખો પિંડ પર્યાયમાં આવી જાય છે. એક સમયની અવસ્થામાં અનંતગુણનો પિંડ વર્તમાનરૂપ આવી જાય છે અને તેવો એક સમયમાં ખ્યાલ કરનાર મારી પર્યાય છે. આ રીતે, જ્ઞાનની પોતાની અવસ્થાના સામર્થ્યના ગાણાં ગવાણાં છે!

**અહો! આજે તો અપૂર્વ ભાવો આવ્યા છે. આત્મામાં આ ભાવોને ઓગાળવા જેવા છે. પોણો કલાક એકધારી અપૂર્વ વ્યાખ્યા આવી છે. આવી સરસ વાત કોઈ વખતે થઈ નથી. આજે તો કોઈ જુદી જ જાતથી ઘૂંટાણું છે....અલૌકિક અમૃત નીકળ્યું છે!!....આ રીતે અપૂર્વ માંગલિક થયું....**

❁

**પ્રમાણજ્ઞાન છે તે પર્યાય છે, સ્વને ને પરને જાણનારી પર્યાય છે. પ્રમાણ પોતે સદ્ભુત ઉપચારનયનો વિષય છે. કેમ? કે—જ્ઞાન તો પોતાનું છે માટે સદ્ભુત. પોતાની હયાતી છે તો પરને જાણે છે અને પોતાનું છે માટે સદ્ભુત થયું, પણ પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. ખરેખર એ પરને જાણતું નથી, પોતાની પર્યાયને જાણે છે. આહાહા! થોડું થોડું પણ સમજવાની વસ્તુ છે હો! સૂક્ષ્મ પડે પણ આ સમજાયા વિના એના કોઈ દી આરા નહીં આવે.** *(શ્રી સમયસાર, ગાથા-૬ના પ્રવચનમાંથી)*

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# મૈં સ્વયં હી વર્તમાનમેં ભગવાન હૂઁ

'અપરિણામી, નિત્ય, ત્રિકાલી, ધ્રુવ બિંબ મૈં હૂઁ', ક્ષણિક પરિણામ નહીં'—યહ શ્રદ્ધાકા વિષય હૈ. શ્રદ્ધા એક હી સમય મેં પૂર્ણ ત્રિકાલીકો પકડકર અભેદ હો જાતી હૈ. યહાઁ અસ્તિત્વકી સ્થાપના હોતે હી 'મૈં' પરિણામકે સાથ નહીં પરિણમતા. પરિણામકા કર્તા પરિણામ હી હૈ, 'મૈં તો અપરિણામી વર્તમાનમેં હી પરિપૂર્ણ હૂઁ. વર્તમાનસે હી મુઝે કુછ કરના–કરાના નહીં હૈ. રટન, પુરુષાર્થ, જ્ઞાન આદિ સબ પરિણામ હૈં. ઈનસે મુઝે લાભ–હાનિ નહીં. મેરી અપેક્ષાસે યહ સ્વયં હોતે હૈં. 'મૈં અવિચલ હૂઁ. ઈન પરિણામોંસે વિચલિત નહીં હોતા. ઈનસે પૃથક્ વ અધિક હૂઁ. અપેક્ષાસે મેરે ગર્ભમેં હોતે હૈં. પર 'મૈં' ઈનમેં એકમેક નહીં હોતા. દર્પણકા ત્રિકાલી દલ, એક સમયકી દર્પણાકાર પર્યાયસે ભિન્ન હી રહતા હૈ. દોનોં કાર્ય એક સમયમેં હૈ. યદિ દલ એક સમયકે આકાર–પર્યાયમેં આ જાયે તો ત્રિકાલીપનેકા નાશ હો જાતા હૈ. અતઃ ત્રિકાલી ધ્રુવ નિત્ય વસ્તુમેં–અપને અસ્તિત્વપનેમેં શ્રદ્ધાકી વ્યાપકતા કરતે હી સબ કાર્ય સહજ સ્વભાવરૂપ અનુભવ હોને લગતા હૈ. વર્તમાનસે હી મુઝે કુછ નહીં કરના હૈ, ઐસે 'મૈં–પને'કી યથાર્થ અભેદ પ્રતીતિ હોતે હી ચારિત્ર–પુરુષાર્થ આદિકે સબ પરિણામ સહજ હી 'મૈં ત્રિકાલી'કા અનુસરણ કરને લગતે હૈં વ શુદ્ધ હોને લગતે હૈં. પરિણામોંમેં ઉલટ–ફેર કરનેકી દૃષ્ટિ અસમ્યક્ હૈ. ઈસ ક્રિયાસે જબ હી હટ સકતે હૈં કિ ઈનસે ભિન્ન અપરિણામી વસ્તુમેં–નિશ્ચલરૂપ વસ્તુમેં નિશ્ચલ રહેં. નિશ્ચય સ્વ–સત્કા સંગ હોના હી પૂજ્ય સદ્ગુરુદેવકે સંગકા ફલ હોના ચાહિયે. વર્તમાનમેં હી પરિપૂર્ણ હૂઁ તો વર્તમાનસે હી કિસીસે ભી લાભ વ નુકશાન નહીં હૈ.

*

સ્વઅસ્તિત્વમયી ત્રિકાલી આત્મામેં પસર કર સુખાસ્વાદન કરો ! જિસ સ્વાદકે વશીભૂત દેવાદિક પ્રત્યે ભી ઉદાસીનતા હોને લગતી હૈ. ઈનમેં અર્થાત્ પરમેં એકાંત રસ વ જાગૃતિ હોના સ્વભાવકે અરસપનેકા સૂચક હૈ. વર્તમાનસે હી 'મૈં' પરિપૂર્ણ સુખકા સાગર હૂઁ. વર્તમાનમેં હી દેવાદિકસે અથવા ઈન આશ્રિત રાગસે કિંચિત્ લાભ નહીં, લાભ માનના હી સ્વકા અલાભ હૈ. યહ ન્યાય, તીરકી તૌર બાહ્ય વૃત્તિ લક્ષ્ય-પ્રતિ અસર કરે તો વર્તમાનમેં હી સ્વભાવોન્મુખ પ્રયત્ન હોવે ....

*

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઈચ્છા તોડૂઁ, સ્વરૂપકી વૃદ્ધિ કરુઁ આદિ વિકલ્પોંકા જિસ સહજ સ્વભાવમેં સહજ હી અભાવ હૈ. અરે ! સહજ શુદ્ધપર્યાયકા ભી જિસ ત્રિકાલી ધ્રુવવસ્તુમેં સહજ હી અભાવ હૈ, ઐસી નિત્ય વસ્તુ મૈં હૂઁ, ત્રિકાલી પરિપૂર્ણ હૂઁ—ઐસી દૃષ્ટિ એકબાર અવશ્ય–અવશ્ય હો જાઓ–બસ ! સુખસમુદ્રકા દરિયા એકદમ સહજ ઉમડ પડેગા. પરકે લિયે વિકલ્પ કરના બેકાર હૈ. અરે ! મૈં બિના કિસીકે હી અભી હી પરિપૂર્ણ હૂઁ, એકબાર ઐસી તીવ્ર ભાવના હોની ચાહિએ, તાકિ સામાન્ય વસ્તુકે બોધકા અવસર આયે. 'પરમેં સાવધાનીપણા નહીં, સ્વમેં સાવધાનીપણા હોના ચાહિએ.'

✻

ચેતનને તો ઈસ હી કે કહલાયે જાનેવાલે રાગ સે ભી કભી નિમિત્તરૂપ સંબંધ તક નહીં કિયા તો અન્ય ક્રિયાઓં વ વાયદોંમેં તો ઈસકા સંબંધ દેખના વૃથા હૈ. હે પ્રભો ! સર્વ જીવ સર્વ સંબંધોંસે રહિત માત્ર સામાન્ય ચેતનમેં હી અપને અસ્તિત્વકી દૃષ્ટિ કરેં વ લિખને, પઢને, આને, જાને, વાયદે કરને–કરાને આદિ સર્વ પાગલપનકી ક્રિયાઓંકો ઉપચારિક નિમિત્તપને ભી ક્ષય કર દેંવે, યહ હી ભાવના હૈ.

✻

"વર્તમાનમેં હી મૂલ, કાયમી, ત્રિકાલી, ધ્રુવ સ્વભાવ, પરિણામોંકા વિશ્રામધામ 'મૈં' હૂઁ. ઈસ સ્થાનમેં દૃષ્ટિ પસારકર, સ્વયં વ્યાપક હોકર, પરિણામોંકી પકડ છોડ દો, ઈન્હેં સહજ હી પરિણમને દો, ઈનમેં અટકો નહીં. પરિણમન સ્વભાવકે સમય હી અપરિણામી સ્વભાવ ભી સાથ હી સાથ હૈ. ઈસ અપરિણામી સ્વભાવકો નિત્ય પકડે રહો, યહાઁ જમે રહો; ઈસકે બિના નિસ્તાર નહીં હૈ. પત્રાદિકકા આધાર, શાસ્ત્રાધાર, અરે ! પ્રત્યક્ષ તીર્થંકર કી આધારબુદ્ધિ ભી સ્વયં વર્તમાન સામર્થ્યકા અનાદર કરનેવાલી હૈ."

✻

યોગ્યતા સ્વયં સત્ અહેતુક હૈ; જિસકો નિશ્ચયે ન સ્વ દ્રવ્ય કારણ હૈ ન પર.

✻

ઉત્તર ક્ષણમેં ક્યા પરિણામ હોગા, ઉસકા વર્તમાન ક્ષણમેં હમેં જ્ઞાન નહીં, તો ભવિષ્યકે લિયે ક્યોં વ્યર્થકી કલ્પના ? પરિણામકે અલાવા શરીરાદિકકી ક્રિયામેં તો હમારા કોઈ કર્તૃત્વ હૈ હી નહીં. તો ફિર ઈનકે આશ્રિત વિભાવપરિણામોંકા વ્યર્થ ક્યોં બોઝા લાદા જાયે ?

✻

please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અનુક્રમણિકા


| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | પ્રવચન | પાના નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી કળશટીકા | ૧૨૪ | ૧૩-૦૭-૬૫ | ૯૭ | |
| ૨. | શ્રી સમયસાર | ૧૭-૧૮ | ૧૬-૧૧-૬૮ | ૬૨ | |
| ૩. | શ્રી સમયસાર | ૬ | ૨૨-૦૮-૬૬ | ૨૪ | |
| ૪. | શ્રી સમયસાર | ૬ | ૨૩-૦૮-૬૬ | ૨૫ | |
| ૫. | શ્રી નાટક સમયસાર | સર્વવિશુદ્ધિ ૫૪-૫૮ | ૧૦-૦૮-૭૧ | ૧૩૧ | |
| ૬. | શ્રી કળશટીકા | ૨૭૧ | ૨૮-૦૮-૬૮ | ૨૫૫ | |
| ૭. | શ્રી કળશટીકા | ૨૭૧-૨૭૨ | ૩૦-૦૮-૬૮ | ૨૫૬ | |
| ૮. | શ્રી સમયસાર | ૨૦-૨૨ | ૨૩-૧૦-૬૬ | ૮૩ | |
| ૯. | શ્રી નિયમસાર | ૧૫ | ૧૨-૦૧-૭૨ | ૨૩ | |
| ૧૦. | શ્રી નિયમસાર | ૧૫ | ૧૩-૦૧-૭૨ | ૨૪ | |
| ૧૧. | શ્રી પ્રવચનસાર | ૧૬ | ૧૭-૦૧-૭૯ | ૧૧ | |
| ૧૨. | શ્રી કળશટીકા | ૧૮૦ | ૧૮-૦૯-૬૫ | ૧૬૩ | |
| ૧૩. | શ્રી સમયસાર | ૨૭૦ | ૦૮-૧૦-૭૯ | ૩૩૧ | |
| ૧૪. | શ્રી પરમાત્મપ્રકાશ અધિ-૨ | ૧૦૫-૧૦૬ | ૧૧-૦૬-૬૫ | ૧૪૫ | |
| ૧૫. | શ્રી પરમાત્મપ્રકાશ | ૧૨૧/૧૨૨ | ૧૫-૧૨-૬૫ | ૭૬ | |
| ૧૬. | શ્રી સમયસાર | ૪૯ (અવ્યક્ત) | ૦૨-૧૧-૭૮ | ૧૨૫ | |
| ૧૭. | શ્રી સમયસાર | ૧૭-૧૮ | ૧૫-૧૦-૬૬ | ૭૬ | |
| ૧૮. | શ્રી કળશટીકા | ૧૩૬ | ૨૫-૦૭-૬૫ | ૧૦૯ | |
| ૧૯. | શ્રી સમયસાર | પ્રકાશશક્તિ | ૧૭-૧૧-૭૦ | ૫૩૯ | |
| ૨૦. | શ્રી કળશટીકા | ૨૭૦ | ૨૭-૦૮-૬૮ | ૨૫૪ | |
| ૨૧ | શ્રી નિયમસાર | ૪૮ | ૨૦-૦૪-૬૬ | ૫૬ | |
| ૨૨ | શ્રી નિયમસાર | ૭૭-૮૧ | રાજકોટ | ૨૬૦ | |
| ૨૩ | બહેનશ્રીનાં વચનામૃત | બોલ નં. ૨૦૧ | ૧૫-૦૪-૮૦ | ૩૩૫-મલાડ | |
| ૨૪ | શ્રી કળશટીકા | ૧૭૩ | ૧૧-૦૯-૬૫ | ૧૫૬ | |
| ૨૫ | શ્રી યોગસાર | ૨૧-૨૨-૨૩ | ૧૫-૦૬-૬૬ | ૭૬ | |

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રવચન શરૂ કરતા પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

।। णमो लोए सौ अरिहंताणम् ।।

।। णमो लोए सौ सिद्धाणम् ।।

।। णमो लोए सौ आयरियाणम् ।।

।। णमो लोए सौ उवज्झायाणम् ।।

।। णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ।।

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः।।

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे।।

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्।।

त्रिकाळ दिव्यध्वनि दातार..........

❀

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates

ॐ

श्री परमात्मने नमः

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

( અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો )

(ભાગ–૪)

## શ્રી સમયસાર કળશટીકા, કળશ–૧૨૪, પ્રવચન નં. ૯૭

તા. ૧૩-૭-૧૯૬૫

[૧]

૧૦૮. 'સમયસાર કળશ' 'આસ્રવ અધિકાર' છે. છે ને ૧૦૮ પાનું ? શું કહે છે ? જુઓ ! નીચે.

આ આત્માનો **જ્ઞાનસ્વભાવ** એટલો છે, એનું માહાત્મ્ય વર્ણવે છે. એની શક્તિનું સત્ત્વ વર્ણવે છે. એ આત્મા, આ પુણ્ય-પાપના પરિણામ જે આસ્રવરૂપ છે એ મલિનભાવ છે એની રુચિ છોડી અને આત્મા મહાન જ્ઞાન અનંત.. અનંત.. **જ્ઞાનસ્વભાવ** છે એની રુચિ કરતા અંતરમાં એને સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિનું ચારિત્ર થાય છે. સમજાય છે કાંઈ ? શાંતિ... કીધું આમાં, 'રામજીભાઈ' ! બીજે શાંતિ ક્યાંય નથી.

**શ્રોતા :–** અહીંયાં શાંતિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાંય ધૂડમાં પણ શાંતિ નથી. થોડી થોડી શું હોય ?

**શ્રોતા :–** ધૂડમાં ક્યાં છે ? ઘડિયાળમાં છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઘડિયાળ ધૂડ નથી ? એ અહીં વર્ણવે છે. છેલ્લો આસ્રવ (અધિકાર) પૂર્ણ કરે છે ને ? કે જ્યાં આત્મામાં...

આત્મા વસ્તુ છે એ જ્ઞાનમૂર્તિની પ્રધાનતાએ વર્ણન છે. આમ તો એમાં અનંત ગુણો છે. આ દર્શન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર વગેરે પણ એ જ્ઞાનગુણ એક જ એવડો છે, ગુણ કે જેમાં એના પ્રગટ થતાં પર્યાય, પુણ્ય-પાપના મેલ પરિણામની રુચિ છોડીને એ ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાનનો પીંડ છે એવી અધિકપણે આસ્રવથી ભિન્ન પડીને ભગવાન આત્મા મહાન જ્ઞાનનો દરિયો છે. એ જ્ઞાનના દરિયામાં એટલી તાકાત છે કે આ લોક અને અલોક જે આકાશ આખું છે એ આકાશ જેના જ્ઞાનની એક સમયની પર્યાયમાં બિંદુવત્ જણાય એટલી એની તાકાત છે.

ભગવાન આત્મા–આ ચૈતન્ય વસ્તુ જેનો **સ્વભાવ** (છે). આ શરીર, વાણી, મન તો જડ છે, કર્મ-માટી જડ છે, એમાં પુણ્ય અને પાપના વિકારી શુભ-અશુભભાવ થાય એ મેલ છે. એ મેલની દૃષ્ટિ છોડી અને આત્માની દૃષ્ટિ કરવી. કેમ ? - કે મહાન જ્ઞાનનો એ સાગર છે. એમાં આસ્રવ ઉત્પન્ન થાય એવો કોઈ **સ્વભાવ** નથી પણ એમાં જ્ઞાનનો એટલો **સ્વભાવ** અંદર પડ્યો છે કે જેની એક સમયની પ્રગટ પર્યાય થતાં આખા આકાશને–નભને આખા આકાશને બિંદુવત્ જાણે. આખા જ્ઞાનમાં જાણે લોકાકાશ બિંદુ સમાન (જણાય) એટલી એની જ્ઞાનની તાકાત છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બિંદુ... આ અલોકાકાશની વાત કરી છે. શેની ચાલે છે આ ? આકાશ કીધું ને ? આખું આકાશ. આખું આકાશ બિંદુવત્ જણાય. એ તો છે એવડો છે પણ અહીં જ્ઞાનના માહાત્મ્યમાં એ જ્ઞાનનો **સ્વભાવ** એવો (છે). એને ચીજ આ આત્મા શું છે એની ખબર નથી. બે ખબરો અનાદિનો (ભટકી રહ્યો છે). બરાબર છે ને ? બેખબરો એટલે ? બે ખબર હશે ? ખબર વિનાનો. બેખબરની વ્યાખ્યા શું ? ખબર એટલે જ્ઞાન વિનાનો. ભાન ન મળે કે હું કોણ છું ? એ પુણ્ય અને પાપના ભાવ, રાગ કર્યા અને એમાં માન્યું કે આપણું ઓહો..હો...! હવે એ તો તુચ્છ વિકારભાવ, એ તો મેલભાવ, આત્માના વાસ્તવિક **સ્વભાવ**થી વિરુદ્ધ ઝેરભાવ છે. એનાથી આત્મા મનાય અને આત્માની શાંતિ મળે (એમ) ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી.

ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્મા જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આકાશ જે આ લોકાકાશ નહિ, અલોકાકાશ એ પણ જેના જ્ઞાનાર્ણવે... આમાં પાઠ છે, ભાઈ ! આમાં. એમાં તો જરી પૂછ્યું હતું. આ **'विसरैः'** આવશે ને ? **'विसरैः'** અને **'स्फारै'** **'स्फारस्फारैः'** **'स्फारस्फारैः'** એ આત્મામાં જ્ઞાનની પર્યાયની તાકાત લ્યો કે ધ્રુવની તાકાત (કહો), એક સમયની પર્યાય જે અવસ્થા છે એ અવસ્થામાં અનંત આકાશ બિંદુવત્ જણાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલી તો એની તાકાત છે. હવે આવા આત્માનું માહાત્મ્ય ન આવતા જેને... અહીં આસ્રવ અધિકાર છે. પુણ્ય અને પાપના વિકલ્પ અને રાગ, એનું માહાત્મ્ય આવે છે એ દૃષ્ટિ અસત્ય નામ મિથ્યા છે. સમજાણું કાંઈ ?

જે દૃષ્ટિમાં સમ્યક્તા થાય એ દૃષ્ટિમાં પુણ્ય-પાપના વિકલ્પોની મહત્તા-માહાત્મ્ય છૂટી જાય અને ભગવાન આત્મા એ ચૈતન્યમૂર્તિ છે એકલો જ્ઞાનનો સાગર છે. જ્ઞાનાર્ણવ-એ જ્ઞાનનો દરિયો છે. જેમાં આકાશ... બીજું બધું ઘણું લખ્યું હતું. પંડિતજી ! ધર્મ, અધર્મ, આકાશ હમણાં મૂકાવ્યું હતું ને ? ધર્મ, અધર્મ, આકાશ, કષાય, અધ્યવસાન એ બધા એને જણાયા, (એ) બિંદુની જેમ જણાય છે. એ તો હમણા બે શબ્દોનું પૂછ્યું હતું. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, ભગવાન ! તું કેવડો ક્યાં છો એની તને કીંમત ન થાય અને ત્યાં સુધી પરની કિંમત હૃદયમાંથી ખસે નહિ. પુણ્યના પરિણામ અને પાપના ભાવ ને અમે આમ કર્યું... એ કિંમતું એની ટાંકી. 'કાંતિભાઈ' !

**શ્રોતા :-** એ ઘણાના કામ સુધાર્યા હોયને...!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોના સુધાર્યા ? ધૂડના સુધારે ? કોણે સુધાર્યા ? કોણે સુધાર્યા ? કોણે સુધાર્યા છે ?

**શ્રોતા :-** કોણ હા પાડે ! અંતરમાં ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક દ્રવ્ય બીજાને સુધારે કોણ ? કોણ છે સુધારનાર ? લાવો એક દાખલો. જગતના પદાર્થ પોતાથી જ્યાં સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે એને બીજો સુધારે શું ? અને બીજો બગાડે શું ? 'શાંતિભાઈ' ! આહા..હા...! તેં તને બગાડ્યો. કેમ કે આવો જ્ઞાનમૂર્તિ પ્રભુ જેનામાં અલોકાકાશ પણ બિંદુવત્ જણાય એટલું એને દૃષ્ટિમાં માહાત્મ્ય ન આવતા, આ પુણ્ય-પાપના વિકલ્પો જરી થયા એનું માહાત્મ્ય આવ્યું એ એણે આત્માને પોતાને પર્યાયમાં બગાડ્યો. આમ તો દ્રવ્ય-ગુણ ક્યાં બગડે છે ? સમજાણું કાંઈ ?

પોતાનો આત્મ**સ્વભાવ** સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માને તો એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જણાણા. એ પણ ત્રણ કાળ, ત્રણ લોક એને જ્ઞાનમાં બિંદુ જેટલા લાગ્યા. અહીં કહેશે હમણાં. તેથી જે જગતના જ્ઞેયો છે... જુઓ ! કેટલા ? કે **'सर्वभावान्'**. છે ? નીચે પાંચમી લીટી છે. **'જેટલી જ્ઞેય વસ્તુ...'** જાણવા યોગ્ય જેટલી ચીજો જગતમાં છે એની **'અતીત...'** ગયા કાળની દશાઓ એટલે પર્યાયો, **'અનાગત...'**ની આમ ભવિષ્યની અનંતકાળની પર્યાયો. આહા..હા...! **'વર્તમાન પર્યાય સહિત...'** અને વર્તમાન અવસ્થા સહિત. **'તેમને પોતામાં પ્રતિબિંબિત કરતું થકું.'** એટલી તાકાત કે એમાં જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ એમાં બધું જણાય જાય છે. એવો એનો પર્યાયધર્મ (છે). ગુણધર્મની તો વાત શી કરવી ? સમજાણું કાંઈ ?

**'કોના વડે ?'** જુઓ ! હવે આવ્યું. **'स्वरसविसरैः'** એ સ્વરસ નામ **'ચિદ્રૂપ ગુણ...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જે આત્માનો છે. જ્ઞાનગુણ... જ્ઞાનગુણ... જ્ઞાન જાણક... જાણક.. **સ્વભાવ** એ ગુણ. **'તેની...' 'વસરૈઃ' 'અનંત શક્તિ, તેના વડે.'** એ જ્ઞાનગુણમાં અનંતી શક્તિ છે. એ દ્વારા એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક અલોક આદિ એક બિંદુ(ની) જેમ જણાઈ જાય છે. આ એક આત્માની એક પર્યાયની આટલી તાકાત !! આહા..હા...! સમજાણું કાંઈ ?

સ્વરસ દ્વારા એટલે ચિદ્રૂપ ગુણ, જ્ઞાનગુણ... જ્ઞાનગુણ–**સ્વભાવ**. રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ, મન નહિ, શરીર-કર્મ નહિ. અંદરમાં જે જ્ઞાનગુણ ભગવાન આત્માનો છે એ દ્વારા જગતના ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો થઈ, થાય અને થશે, જે સમયે જ્યાં જે થશે, થાય અને થઈ ગઈ. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં જાણવાની એની તાકાત છે. સમજાણું કાંઈ ? આ જ્ઞાનલક્ષ્મી એની એટલી છે. 'શાંતિભાઈ' ! જ્ઞાનલક્ષ્મી. એમાં આ પાંચ-પચાસ લાખ–ધૂળ બે-પાંચ કરોડ એ તો ધૂળ લક્ષ્મી છે. ન્યાં ક્યાં તારો હતો લક્ષ્મો ?

**શ્રોતા** :– એના વિના ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ધૂળ એના વિના અનંતવાર ચાલ્યુ છે. એક દ્રવ્યે બીજા દ્રવ્ય વિના અનંતકાળથી ચલાવ્યું છે. કહો, વાત સાચી હશે આ ? કેમ ?

**શ્રોતા** :– અહીં કોણ ના પાડે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પણ શી રીતે ? એનો ન્યાય આપવો જોઈએ ને ! એ.. 'વજુભાઈ' ! 'ન્યાલભાઈ' ! ન્યાય આપો લ્યો, ભાઈ ! આ ડોસા મોટા વૃદ્ધ છે જુના. એક તત્ત્વે બીજા અનંત તત્ત્વ વિના અનંતકાળથી ચલાવ્યું છે, રોડવ્યું છે, નભાવ્યું છે. કઈ રીતે ? કે એક તત્ત્વમાં પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતે છે અને પોતા સિવાયના અનંત તત્ત્વોથી નથી. એટલે નથીથી ચલાવ્યું છે. એનામાં નથીથી ચલાવ્યું છે. એને લઈને ચલાવ્યું છે એમ છે નહિ. 'ન્યાલભાઈ' ! વાત સમજાય છે કે નહિ આમાં ?

**શ્રોતા** :– અત્યાર સુધી અમારી માન્યતા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અરે...! મફતનો મૂર્ખ માને છે. મારે આના વિના ચાલે નહિ, આના વિના ચાલે નહિ. એણે પર વિના અનંતકાળ ચલાવ્યું છે. ફક્ત નથી ચલાવ્યું શી રીતે ? ભ્રમણા વિના ચાલે નહિ એમ એણે ચલાવ્યું છે. ભ્રમણા વિના ચાલે નહિ... ભ્રમણા વિના... કારણ કે ભ્રમણા એની પર્યાયમાં થાય છે. એના વિના એણે ચલાવ્યું નથી. શું કીધું સમજાણું આમાં કાંઈ ? એ... 'છોટાભાઈ' ! સમજાય છે આમાં કાંઈ ? થોડું થોડું ધ્યાન દેવું પડશે. ન સમજાય, ન સમજાય એમ ન કરવું પડે. 'બાબુભાઈ' !

જુઓ ! આ આંગળી છે. આ આંગળીને જુઓ ! છોંતેર વર્ષ થયા. આ આંગળીએ આ આંગળી વિના ચલાવ્યું છે. બરાબર છે ? આ આંગળીએ, આ આંગળી વિના ચલાવ્યું છે. કારણ કે આ આંગળીમાં આની નાસ્તિ છે. અને આ કદાચિત્ જાય તો પણ આ જાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું છે નહિ. એટલે આ ચીજે આ ચીજના અભાવથી ચલાવ્યું છે. પોતાના ભાવથી અને પરના અભાવથી (ચલાવ્યું છે). બરાબર છે ? એમ ભગવાન આત્માએ પોતાના અસ્તિત્વથી ચલાવ્યું છે, પરના નાસ્તિવથી ચલાવ્યું છે. પર એમાં ત્રણ કાળમાં છે નહિ. નથી પરનું એમાં એને એ રીતે નભી રહ્યું છે. નહિતર એ ટકી શકે નહિ. સમજાણું કે નહિ ? 'ન્યાલભાઈ' !

એક રજકણ કર્મનો શરીરાદિ અનંતા પરમાણુઓ અને અનંત આત્માઓ. એક આત્મા એ પોતાના દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પીંડ, ક્ષેત્ર એટલે પહોળું, કાળ એટલે અવસ્થા અને ભાવ એટલે શક્તિ. પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ચલાવ્યું છે અને બીજાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અનંતાથી એણે રહિતથી ચલાવ્યું છે. બરાબર ? 'પાટણીજી' !

**શ્રોતા :–** વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વસ્તુ પણ એવી છે જ એમ. ફક્ત એણે માન્યતા વિના ચલ્યાવ્યું નથી. આના વિના ચાલે નહિ... આના વિના ચાલે નહિ.. આના વિના (ચાલે નહિ) એમ માન્યતા વિના ચલાવ્યું નથી. એ માન્યતા વિના ચાલે ત્યારે સમ્યગ્દષ્ટિ થાય. સમજાણું કાંઈ ? આહા..હા...! ભ્રમણા. ભગવાન ! મારે ટકવું છે, હોં ! મારે ટકવું શી રીતે ? બીજા સાધન આ હોય ને તો ટકું. એ હોય તો ટકે ? એ હોય તો એ ટકે કે એ હોય તું ટકે ? ઇ હોય તો ઇ ટકે કે ઇ હોય તો તું ટકે ? આ ક્યાંથી લાવ્યો આવું ? સમજાણું કાંઈ ? ભાઈ ! વાત ભારે ઊંડી. ઊંડી નથી આ તો બે ને બે ચાર જેવી વાત છે.

દરેક વસ્તુ સ્વસત્તાથી ટકી રહી છે. પર અનંત સત્તાઓનો એમાં અભાવ છે. એથી પરના અભાવથી ટકી રહી છે. ફક્ત ભ્રમણા અંદર ગરી ગઈ છે. પર વિના ચાલે નહિ... પર વિના ચાલે નહિ... એટલે લક્ષ એનું પરમાં ચોટ્યું છે. સ્વની દૃષ્ટિ થતાં (હું) પર વિના તો છું પણ રાગ વિનાનો હું છું – એમ દૃષ્ટિ થતાં રાગ વિના પણ હું ચલવી શકું છું. સમજાણું કાંઈ ?

આ આસ્રવ અધિકાર છે ને ! હું તો આસ્રવ વિના ચલાવી શકું એવો આત્મા છું. પર વિના તો ચલાવ્યું છે જ અનંતકાળથી. માન્યતામાં અંદર એમ ઘાલ્યું. વિકાર વિના ચાલે નહિ, ભ્રમણા વિના ચાલે નહિ, આના વિના ટકું નહિ. એ એના વિના ટકે એવી જ્યારે તત્ત્વદૃષ્ટિ થાય, એ આસ્રવ વિના ટકી રહે એવું તત્ત્વ છે ત્યારે એને સમ્યગ્દર્શન થાય. સમજાઈ છે કે નહિ આમાં ? 'ન્યાલભાઈ' ! ઝીણું પડે છે ? આ તો બહુ સાદી વાત છે, બહુ સાદી. આહા..હા...!

આસ્રવ કહે છે અહીંયાં. પોતાની અનંતશક્તિ વિના કોઈ દી ચલાવ્યા વિના રહી નથી. અનંત શક્તિથી ચલાવ્યું છે. અનંત... અનંત... શક્તિ. મહાન ! કેવી છે ? – કે **'स्वरसविसरैः'** ચૈતન્યગુણ જેનો છે એનો **'विसरैः'** અનંત શક્તિ છે... અનંત શક્તિ છે... એક શબ્દ. **'તેના વડે. કેવી છે તે ?'** **'स्फारस्फारैः'** અનંત શક્તિ તેનાથી પણ અનંતાઅનંત ગુણી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! અહીં તો આસ્રવની તુચ્છતા છે. એમાં રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા અને દાનમાં અટકવું એ તો ઘણી તુચ્છતા છે, કહે છે. એમાં કોઈ મહિમા નથી, એ ચીજમાં કોઈ મહિમા અને માહાત્મ્ય કરવા જેવી ચીજ છે નહિ.

ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના આસ્રવતત્ત્વથી આત્મતત્ત્વ કે જે અનંત-અનંત શક્તિવાળું જ્ઞાન એ આસ્રવને તો જાણે, પોતાપણે માનીને નહિ, પૃથક્ રાખીને (જાણે) પણ ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થને સર્વજ્ઞ તો પૃથક્ જાણે અને શ્રુતજ્ઞાની પણ પોતાની પર્યાયમાં પરથી રહિત છું, આસ્રવથી રહિત છું. અનંતગુણથી સહિત છું (એમ જાણે છે). સમજાણું કાંઈ ? આ વાત... એણે આત્મા એટલે શું ? અને આત્મજ્ઞાન એટલે શું ? એની એને કિંમત ન મળે. આમ માહાત્મ્ય (કરે) આહા..હા...!

અહીં તો કહે છે, કેવી છે શક્તિ ? એ અનંત શક્તિ. **'અનંત શક્તિ, તેનાથી પણ અનંતાનંતગણી છે.'** લ્યો ! અનંતાનંતગુણી શક્તિ અહીંયાં તારી પાસે પડી છે. લોકાલોકને તો બિંદુ સમાન જાણે એટલી તો તારી તાકાત ધ્રુવમાં છે. એની પ્રગટ એક સમયની પર્યાયમાં એટલી તાકાત (છે), એવી એવી અનંતી પર્યાયની તાકાતનો ચિદ્રૂપગુણ છે. સમજાણું કાંઈ ? તે વિના આવી માહાત્મ્યદૃષ્ટિ થયા વિના વિકારથી ખસે નહિ અને **સ્વભાવ**ની માહાત્મ્યમાં એકાગ્રતા થાય નહિ. ત્રણ કાળ, ત્રણ લોકમાં પરમસત્ય આ છે. એ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. કાંઈ ભગવાને કરી છે ? ભગવાન એ તો જાણી એવી કહી છે. સમજાણું કાંઈ ? એ વાણીએ કહી છે.

અહીં કહે છે, **'અનંતાનંતગણી છે. ભાવાર્થ આમ છે કે દ્રવ્યો અનંત છે,...'** જુઓ ! દ્રવ્ય જગતમાં અનંત છે. દ્રવ્ય એટલે અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ. ભલે વ્યાપક આખું પણ છે દ્રવ્ય એક આકાશ. એ અનંત દ્રવ્ય. **'તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે.'** જેટલા દ્રવ્ય છે એનાથી અનંતગુણી એની પર્યાયો એટલે અવસ્થાઓ છે. અવસ્થા–હાલત. **'તેમનાથી પર્યાયભેદ અનંતગણા છે. તે સમસ્ત જ્ઞેયોથી...'** જુઓ ! એ **'જ્ઞાનની અનંતગણી શક્તિ છે.'** આહા..હા...! હજી તો જ્ઞેયોથી પણ જાણવા એનાથી અનંતગુણી બીજી શક્તિ બાકી રહી ગઈ છે અંદર. સમજાણું કાંઈ ? અહીં તો હજી એને સર્વજ્ઞ બેસતું નથી. સર્વજ્ઞ બધું જાણે ? આમ બધું નિશ્ચિત જાણે ? નિશ્ચિત જાણે ? જે સમયે જ્યાં થવાનું, જે ત્યાં થયું એ પહેલેથી જાણે ? પહેલેથી ન જાણે તો શું પછીથી જાણે ?

સર્વજ્ઞની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક સમયે સમયે જે પર્યાય સહિત છે, ગુણ અને દ્રવ્ય એ બધું એક સમયમાં બ...ધું આમ જ્ઞાનમાં આવી ગયું છે. એ બધું જ્ઞાનમાં આવતા છતાં જ્ઞાનની શક્તિ એથી અનંતગુણી બાકી રહી ગઈ છે. એટલી તાકાત છે !! સમજાણું કાંઈ ? અત્યારે માણસને એમ થઈ ગયું. ભગવાને બધું જાણ્યું ? બધું જાણ્યું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો હવે જાણ્યું એ પ્રમાણમાં અમે તો પરાધીન થઈ ગયા. પરાધીનની ક્યાં વાત છે ?

**શ્રોતા :–** ભગવાનના જ્ઞાનને આધીન થઈ ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોના જ્ઞાનને આધીન છે ? કોણ કહે છે ? એણે તો જાણ્યું. જાણ્યું એટલે આ પરાધીન થઈ ગયું ? સમજાણું કાંઈ ? સ્વતંત્ર છે પોતે. આ જાણવામાં આવ્યું... પ્રશ્ન નહોતો ઊઠ્યો ? ભાઈએ કર્યો હતો ને ? ભાઈ ! આ જાણ્યું કે આ 'નેમિચંદ પાટણી' છે. જ્ઞાનને જાણ્યું. હવે જ્ઞાને જાણ્યું માટે એમાં પરાધીન છે ? એટલે જ્ઞાનને આધીન એને રહેવું પડે છે ત્યાં ? એ તો સ્વતંત્ર છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય... એમ લોકાલોક જ્ઞાનમાં જણાણા, ભગવાનના જ્ઞાનમાં, એક સમયની પર્યાયમાં, એથી લોકાલોક કંઈ જ્ઞાનને આધીન થઈ ગયા છે ? પરાધીન છે ? સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** જ્ઞાને જાણ્યું એમ એણે પરિણમવું પડે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને લઈને પરિણમવું પડે છે કે પોતાને લઈને પરિણમે છે ? એ તો જાણે છે ફક્ત એટલું. બહુ કોયડો આકરો છે ઇ. સમજાણું કાંઈ ?

સર્વજ્ઞની વાત જ જગતને હજી બેસવી કઠણ પડે. એક સમયમાં આમ ત્રણ કાળ, ત્રણ લોક બિંદુ સમાન. છે ને આપણે ક્યાંક ? છે કે નહિ ? આમ છે ક્યાંક, નહિ ? અહીં છે. જેમના જ્ઞાનસરોવરમાં સર્વ વિશ્વમાત્ર કમળ તુલ્ય ભાસે છે. ચાકળો છે. એવા ભગવાન શ્રી સીમંધારાદિ જિનેન્દ્રદેવને પરમભક્તિથી વંદન હો. વારંવાર વંદન હો. ચાકળો છે, જુઓ ! અહીં તો પહેલેથી બધા ચાકળા રીઝર્વ્ડ મૂકી દીધા છે. સમજાય છે કાંઈ ?

સીમંધર ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકરપણે બિરાજે છે. એનો એક જ્ઞાનગુણનો એક પર્યાય, હોં ! એક જ પર્યાય. કહે છે કે એમાં લોકાલોક અને એના જેટલા લોકાલોકના બધા ભેદો. ધર્મ, અધર્મ, આકાશ, કાળ, અધ્યવસાય, એના અનુભાગ, કષાયના રસ, એના અવિભાગ પ્રતિચ્છેદ, એક એક પર્યાય અને એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ–અંશો, એ બધા ભગવાન એક સમયમાં જાણતા એક તુલ્ય, બિંદુ તુલ્ય લાગે છે. અરે...! એના ચૈતન્યના ધનની અને ચૈતન્યલક્ષ્મીનું માહાત્મ્ય નથી.

**શ્રોતા :–** થોડું જાણે ત્યાં માથુ દુઃખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આ તો માથું હળવું થઈ જાય કે દુઃખે. ? એ.. 'રાજમલજી' ! અરે..! ભગવાન ! આ માથુ તો જડ, માટી, ધૂળ છે. આમાં ક્યાં જાણવું હતું ? અને વિકલ્પ ઊઠે એ આસ્રવ છે. એનામાં જ્ઞાન છે ? આસ્રવમાં જ્ઞાન છે ? જ્ઞાન તો આત્મામાં છે. એ જ્ઞાનની તાકાત એની એક સમયની પર્યાય સારા જ્ઞેયને જાણવાની શક્તિથી પણ અનંતગુણી શક્તિ છે. આ જે કંઈ વાત છે !! ત્રણ કાળ, ત્રણ લોક, આખો અલોક એ પણ જાણે, એથી પણ જ્ઞાનનો એક સમયનો પર્યાય એનાથી અનંતગુણી શક્તિને જાણવાની તાકાત છે. એવી પર્યાયની અનંતી શક્તિઓ, અનંતી પર્યાયો આત્માના એક જ્ઞાનગુણમાં પડી છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક જ્ઞાનગુણમાં ! એવા ગુણનો ધરનાર ભગવાન ! એને દૃષ્ટિમાં લેતા એ આસ્રવની રુચિ છૂટી જાય છે. એ વિના કોઈ રીતે આસ્રવની રુચિ છૂટે નહિ. જ્ઞાનગુણની મહત્તા ભાસ્યા વિના આસ્રવની મહત્તા દૃષ્ટિમાંથી તૂટે નહિ. સમજાય છે કાંઈ ? અમે આવા પરિણામ કર્યા ને અમે આવા પરિણામ કર્યા. જ્યાં-ત્યાં અભિમાન ફૂંકે ! ધૂળમાં પણ નથી સાંભળને હવે ! શુભાશુભ પરિણામ તો તુચ્છ બંધનું સાધારણ કારણ છે. ભગવાન ! અબંધ સ્વભાવી (છે), જેનો એક જ્ઞાનગુણ અબંધસ્વરૂપી, એનો એ જ્ઞાનગુણ અબંધસ્વરૂપી (છે). એક ગુણની એક સમયની પર્યાયમાં સર્વ જ્ઞેયો થયા, થાય અને થશે. ભગવાનના જ્ઞાનમાં બધી નોંધ આવી ગઈ છે. એના સમજમાં કોઈ બાકી છે નહિ. બરાબર હશે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રોકડા રાખ્યા છે અનંતા. તો પછી એમ કે સૂચી કરીને મૂકવી હતી ને બીજા પાસે. સાંભળને હવે. આવા જ્ઞાનનું જેને માહાત્મ્ય થાય એને અંતરમાં દૃષ્ટિ જતાં સમ્યક્ થાય, એણે ભગવાનને માન્યા અને અનંત સંસાર એને હોય નહિ. ભગવાનને માનતો નથી, કેવળીને માનતો નથી અને કહે કે અમને આમ થાય, અમારે આમ થઈ ગયું અને અમારા ભગવાને અમારું બધું દીઠું છે. અરે...! ત્રણ કાળ, ત્રણ.. સાંભળને. એક એક સમયે તારો પર્યાય શુદ્ધ કે અશુદ્ધ જે સમયે જે રીતે થવાનો છે તે રીતે ભગવાને જ્ઞાનમાં એક સમયે કેવળ થયું ત્યારથી દીઠું છે.

**શ્રોતા :–** ભગવાન ક્યારથી હશે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદિથી છે કે નવા હશે કેવળી ? અનાદિથી કેવળી છે ? વળી એક જણાએ એવો તર્ક કર્યો કે ના સિદ્ધ અનાદિથી ન હોય ! આપણે ઈશ્વર અનાદિ ન હોય ! એ અન્ય ઈશ્વર. અરે..! ઈશ્વર સિદ્ધ અનાદિના અનંત છે. સાંભળને હવે ! અનાદિના અનંત સિદ્ધો–કેવળી પરમાત્મા અનાદિના છે. પહેલો સંસાર અને પછી સિદ્ધ એવું હતું કે દી ? એ તો એક વ્યક્તિ આદિ આગળ પૂછવું પડે કે વ્યક્તિની વાત થાય. સમજાણું કાંઈ ? એ **સ્વભાવ**ની વાતું એને ન બેસે ત્યાં સુધી એને વિકારનો પ્રેમ અને રુચિ છુટે નહિ. પરના પ્રેમ છુટે નહિ અને સ્વના પ્રેમ આવે નહિ. આમ કરી દેશે કાં તો કોઈ તારી દેશે, દેવ તારી દેશે, ગુરુ તારી દેશે. ઓશિયાળો ભિખારી છે ને અનાદિનો ? એટલે (એમ મોન છે કે) આ તારી દેશે. 'સમેદશિખર' તારી દેશે.

**શ્રોતા :–** પણ શાસ્ત્રમાં આવે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વ્યવહારની ભાષા આવે, આવે નહિ ? ગુરુ વિના જ્ઞાન નહિ અને ગુરુથી જ્ઞાન નહિ ! સાંભળવા વખતે, સમજવા વખતે એવું એક હોય પણ તેના લક્ષે આત્માનું જ્ઞાન ન થાય. સમજાણું કાંઈ ? અહીં તો કહે છે કે એ જ્ઞેયમાં જાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુ... લોકાલોક ષટ્ દ્રવ્યમાંથી કોણ બાકી રહી ગયું ? એ બધાં જ્ઞેયોને જાણવાની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તાકાત શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં છે. એથી અનંતગુણી પર્યાયની તાકાત સર્વજ્ઞમાં છે. એનાથી અનંતગુણી જાણવાની તાકાત પર્યાયમાં હજી બાકી રહી ગઈ છે. આહા..હા...! હવે જ્ઞેય બાકી નથી છતાં ? દાખલો આપ્યો છે ને 'પરમાત્મ પ્રકાશ' માં ? મંડપ છે મંડપ. વેલડી, ઉપર વેલડી નાખે છે ને ? આ વાંસડાનો મંડપ કરે છે ને ? એ વેલડી જ્યાં સુધી વાંસડાના ઠીંગા હોય ત્યાં સુધી વેલડી જાય પછી આમ પાછી ફરે. પણ એનામાં કાંઈ આઘે જવાની શક્તિ નથી એમ નથી. પાછી આમ ફરે અને ઉપરા ઉપર માંડવામાં પડે છે ને આ વેલડીયું ? એમ લોકાલોકનો માંડવો અને ત્રણ કાળનો માંડવો જ્ઞાને જાણ્યો પણ છતાં એનામાં એટલી જ તાકાત છે એમ નહિ. શું વાંધા છે ?

**શ્રોતા** :- અટકી ગયું ને ?

**પુજ્ય ગુરુદેવશ્રી** :- અટકી કે દી ગયું હતું ?

જ્ઞાન બધાને જાણે. અનાદિને અનાદિ, આદિને આદિ, અનંતને અનંત, ક્ષેત્રના અનંતને અનંત, કાળને અનંતમાં અનંત. અનંતને જાણ્યું એટલે ત્યાં અંત આવી ગયો ? ક્ષેત્ર અનંત છે (એમ) અહીં જ્ઞાન આવ્યું એટલે ત્યાં અંત આવી ગયો ? જેમ અનંત છે, દ્રવ્ય અનંત છે, ક્ષેત્ર અનંત છે, કાળ અનંત છે, એનાથી અનંતગુણા ભાવ અનંત છે. સમજાણું ? અનંતગુણા ગુણો-ભાવ છે. પોતાના ગુણોની સંખ્યા અનંતગુણી છે.

અહીંયાં વળી એમ આવ્યું કે એક આકાશાદિ બધા અને પછી આ જે દ્રવ્યાદિ (છે) અને એક-એક દ્રવ્યમાં પાછા અનંતગુણા ગુણો (છે), એ અનંતગુણા ગુણો આકાશથી અનંતગુણા (છે). એવા બધા ગુણોને જ્ઞેય કહેવાય છે. એને જ્ઞેય કહેવાય છે કે નહિ ? એ જ્ઞેયને જ્ઞાનનો પર્યાય જાણે છતાં અનંતગુણી શક્તિ રહી જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો પેલા બે શબ્દ આવ્યા ને ? '**विसरैः**', '**स्फारस्फारैः**' આહા..હા...! ભગવાન ! તારો પાર શું ? બાપા ! ક્ષેત્રથી તું ન જો. સમજાણું ? ક્ષેત્રથી ન જો. ડુંગળી કે લસણ હોય. ડુંગળી કહે છે ને ? શું કહે છે ? પ્યાઝ. ડુંગળીમાં કેટલા જીવ છે ? એટલા જીવ છે કે અત્યાર સુધી સિદ્ધ થયા એનાથી અનંતગુણા. પણ આમ ક્ષેત્રમાં આ દાખલો મુખ્યમાં આવી જાય છે.

પ્યાઝ. પ્યાઝની કટકી, પ્યાઝની કટકી કે લસણની કટકી, કટકી સમજ્યા ? ટૂકડો. પણ એ તો ક્ષેત્રમાં તને એમ લાગે છે. પણ એનું એક-એક શરીર જે નિગોદનું છે એના એટલા અનંત જીવ છે કે સિદ્ધ કરતા અનંતગુણા. આમ ક્ષેત્રમાં તે માપ લીધું માટે ભાવનું માપ એમાં આવી જાય છે એમ નથી. આહા..હા...! વાત સમજાય છે કાંઈ ? પણ કેટલા છે એ ખબર છે સંખ્યાએ ? આમ તો એને આવી ગયું, એ તો ક્ષેત્ર નાનું થયું. પણ એનો ભાવ ? કે જે અહીં આકાશના આ ક્ષેત્રના જે અસંખ્ય પ્રદેશ છે, આ અસંખ્યપ્રદેશ છે એટલામાં તો ? આમાં. એ અસંખ્ય પ્રદેશમાં જે અનંતા જીવ રહ્યા છે એ અનંતા જીવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જે છે એમાં એક-એક જીવના જે ગુણો છે એ આકાશ તો અસંખ્યપ્રદેશમાં આમ રહ્યા. પણ અનંત આકાશના પ્રદેશથી એક-એક જીવમાં અનંતગુણા ગુણ છે. એ તારા આ હાથમાં ન આવે, એ જ્ઞાનમાં આવે. આહા..હા...! સમજાણું કાંઈ ? જ્ઞાન એને પકડે. હાથ એને શું પકડે ? ધૂળ.

આત્માનો **સ્વભાવ** એ ચૈતન્યરત્ન કોણ છે અને કેટલી તાકાતવાળું છે એ બેઠા વિના એને આત્મજ્ઞાન અને આત્મદૃષ્ટિ થાય નહિ. જ્યાં-ત્યાં રોકાઈ પડ્યો આમ છે અને માહાત્મ્ય ને આ ધૂળ અને ધાણી. ભગવાન આત્મા..! સવારે દ્રવ્યનું આવ્યું હતું, આ વળી અત્યારે આ આવ્યું. આહા..હા...!

**શ્રોતા :–** જુદી જાતની નિશાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિશાળ એ આત્માની જાતની નિશાળ છે. જુદી જાતની નહિ. દુનિયાથી જુદી પણ આ આત્માની નિશાળ છે. ભગવાનના જ્ઞાનથી જુદી જાતની નહિ, દુનિયાના અજ્ઞાનથી જુદી જાતની છે. આહા..હા...! એક સમયનો અને એને એ ઇ હજી આમ એક કેવળજ્ઞાન, એક ગુણ જે ધ્રુવ છે આત્મામાં, એક જ જ્ઞાનગુણ, હોં ! એવા તો અંનતા-અનંતા ગુણો કે જે આકાશના પ્રદેશથી પણ, લોકાકાશના પ્રદેશથી પણ અનંતગુણા ગુણો એનો એક ગુણ, એની એક પર્યાયમાં જ્ઞેયોને જાણવાની શક્તિથી અનંતગુણી શક્તિ છે. એવી પર્યાયનો સાગર, સમુદ્ર... એ શબ્દ એમાં છે, ભાઈ ! હોં ! આમાં જરીક જોયું હતું ને ! એ શું કીધું આ ? જ્ઞાન શબ્દ છે, જુઓ ! ભાઈ આજે આવ્યા નથી. જુઓ ! અહીંયાં છે.

**'विसरैः'** નો અર્થ ... વાપર્યો છે. **'स्फारस्फारैः' 'स्फारस्फारैः ... आकाशात्'** આકાશથી પણ જેના જ્ઞાનગુણનો વિસ્તાર અનંતગુણો છે. ... જ્ઞાનની શક્તિરૂપી દરિયો આ ભગવાન છે. જ્ઞાનની શક્તિરૂપી અર્ણવ–દરિયો છે. ... બિંદુવત્ **'अल्पत्वात्'** એક શૂન્ય પડ્યું હોય, આખા લોકોમાં એક રાય પડી હોય એ હજી મોટી કહેવાય. આ તો આખો અલોક. અલોકમાં લોક એક રાય જેટલો. અલોક આકાશમાં ચૌદ બ્રહ્માંડ એક રાય જેટલો. રાય સમજ્યા ? નાની–છોટી... છોટી... આહા..હા...! ખાલી ભાગમાં અનંતગુણામાં એક રાય જેટલો ચૌદ બ્રહ્માંડ. એ ચૌદ બ્રહ્માંડ ને આકાશ આ જ્ઞાનમાં એક રાય જેટલો. 'શાંતિભાઈ' ! આહા..હા...!

અરે...! ભગવાન ! જેનો સ્વભાવ એને હદ શી ! જેનું સ્વરૂપ જ્ઞાન એને મર્યાદા શી ? .... મર્યાદા વિનાની ચીજને પણ રાગ વિના જાણે. ... અમર્યાદિત ચીજને પણ રાગ વિના જાણે એવી એની તાકાત છે. એક સમયની તાકાત એની અહીં વાત કરી. સમજાણું ? એ સિવાય, જુઓ ! ... એક બાજુ ... એટલે એક બાજુ .... આ બધાના અવિભાગ પ્રતિચ્છેદો એક-એક પર્યાય એના ત્રણ કાળ, ત્રણ લોકની. એક-એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ કષાયના, જ્ઞાનના એ જ્ઞાનની પર્યાયના, કેવળજ્ઞાનના એ બધા પર્યાયો એક કેવળજ્ઞાનની પર્યાયમાં અનંતમેં ભાગે આવી જાય છે. અરે.. ભાઈ ! સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ વસ્તુ જે **સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ...** એને શું હદ ? આકાશનો એક પ્રદેશ એટલી તાકાત રાખે છે કે આ આખો લોક જો સૂક્ષ્મ પરિણમનમાં આવી જાય તો એક પ્રદેશમાં સમાય જાય. એક આકાશનો પ્રદેશ અવગાહનનો સ્વભાવ એવો રાખે છે, અજીવ અવગાહન — **સ્વભાવ**. ચૌદબ્રહ્માંડ છે એ જો સૂક્ષ્મ પરિણમન કરી જાય તો એક પ્રદેશમાં સમાઈ જાય એટલી તાકાત છે. આ મેરુ પર્વત જેવા અનંતા મેરુ હોય પણ જો સૂક્ષ્મ પરિણમન કરી જાય તો આકાશમાં એક પ્રદેશમાં સમાય જાય એટલી તાકાત પ્રદેશમાં છે. એટલી તાકાત એ અધર્માસ્તિના એક પ્રદેશમાં છે કે જેટલા સૂક્ષ્મ અનંત એની પાસે હોય તો અનંતાને નિમિત્તરૂપે થાય એવી તાકાત એક પ્રદેશમાં છે. એવા એક અધર્માસ્તિના પ્રદેશમાં સ્થિર થવાનું નિમિત્ત છે. આખા લોકાલોકના પ્રદેશ સૂક્ષ્મ થાય તો.

એમ એક આકાશ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ... કાળ. એક કાળમાં પરિણમનની એટલી તાકાત એક દ્રવ્યમાં છે કે અનંતા દ્રવ્યો સૂક્ષ્મ થઈને એક આકાશના પ્રદેશમાં આવી જાય તો બધાને પરિણમનમાં નિમિત્ત થાય એટલી એનામાં તાકાત છે. આ **સ્વભાવ**નું વર્ણન ચાલે છે. એક એક પ્રદેશનો આવો **સ્વભાવ**. એમ ભગવાન આત્માના જ્ઞાનમાં એક સમયના પર્યાયનો **સ્વભાવ** (છે).

વસ્તુ જ આવી છે. પરમાણુમાં એવી તાકાત એક સમયમાં. અનંત ગુણો બીજાની મદદ વિના એટલે પ્રેરક વિના એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. સાતમી નરકે હોય એ પરમાણુ પોતાના એક સમયના ગતિના **સ્વભાવ**પણે પહેલા સમયે ભલે સ્થિર હતો, બીજે સમયે ગતિ કરી, કારણ કોણ ? કારણ શું ? એ કાળકરણ એટલે નિમિત્તકાળ. પણ પોતાનો **સ્વભાવ** એવો છે કે ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. પ્રદેશો-અસંખ્ય ચોવીશીના જેટલા આકાશના પ્રદેશો (છે તેને) ઓળંગીને એક સમયમાં ચાલ્યો જાય. જડનો એવો **સ્વભાવ** (છે). સમજાણું આમાં ? વાત **સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ...** શું **સ્વભાવ** છે એની ખબર નથી. અને એ **સ્વભાવ**ના માહાત્મ્ય આવ્યા વિના એ વિભાવના માહાત્મ્ય ટળતા નથી. આ આસ્રવ છે ને માટે આચાર્યએ છેલ્લી ગાથામાં આ અધિકાર લીધો છે. ઓહો..હો...! ભગવાન ! તારી પર્યાયનું કેટલુ માહાત્મ્ય ? ભાઈ ! એને તું અધિકપણે માન ? કે વિકારને અધિકપણે માન ? સમજાણું કાંઈ ?

કહે છે, પુદ્ગલ લઈ લીધો. પુરાવું-ગળાવું, બીજી રીતે લ્યો તો એક પરમાણુમાં એક સમયમાં એક સ્પર્શ નામનો ગુણ, ચીકણો એક ગુણ હોય એ બીજે સમયે અનંતગુણો થઈ જાય.

આ તો એકની વાત લીધી ને ! ચીકણું હોય એનું અનંતગુણું થઈ જાય. કારણ શું ? કારણ શું ? એમ અનંત ગુણ માહ્યલા જે ગુણો છે, એક ગુણ આમ કાળો હોય, એક પરમાણુ એક ગુણ એક અંશ પર્યાયમાં કાળો હોય, હોં ! એ બીજે સમયે અનંતગુણો થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાય. કારણ શું ? કારણ શું **સ્વભાવ** છે કારણ. સમજાણું કાંઈ ? છતાં એમ કહો કે બધા પરમાણુ એક સાથે રહેલા (હોય) છતાં એકને વર્તમાન ચીકાશનો એક ગુણથી અનંતગુણો થયો. બીજા પરમાણુનો એક લુખા ગુણનો અનંતગુણો થયો. સાથે રહેલા કાળ સુધી આવ્યા. દ્રવ્ય-ગુણ જો કારણ કહો તો દ્રવ્ય-ગુણ તો બધાના સરખા છે. દ્રવ્ય-ગુણ કારણ કહો તો દ્રવ્ય-ગુણ તો બધાના સરખા છે. કાળ કહો તો નિમિત્ત તો બધાને કાળ છે. શું કહેશું આમાં ? વાત સમજાય છે કાંઈ ? એક રજકણ, અનંતા રજકણો વર્તમાન... વર્તમાન છે. બધું વર્તમાન-વર્તમાન છે ને પરિણમન તો બધાનું ? એમાં અનંત પરમાણુનો આ એક વર્તમાન પરમાણુ અત્યારે લીલા રંગપણે એક ગુણપણે પરિણમેલો (છે) અને બીજો પરમાણુ અત્યારે કાળાપણે પરિણમેલો છે. એનું કારણ શું ? કે દ્રવ્ય. તો દ્રવ્ય તો બધાના સરખા છે. ગુણ, તો ગુણ પણ સરખા છે. કાળ, તો કાળ નિમિત્ત સરખું છે. બાપુ ! એ પર્યાયનો એવો ધર્મ છે કે એક ગુણનો કાળો અનંત ગુણો બીજા સમયની પર્યાય થઈ જાય એવો એનો પર્યાયનો **સ્વભાવ** છે. સમજાણું કાંઈ ? આ પણ જાણ્યું કોણે આ બધું ? એ ભગવાન જ્ઞાનમાં એ બધું પર્યાયમાં આત્માએ બધા જીવની આવી તાકાત, આવો **સ્વભાવ** જેનું માપ જડને નથી આવડતું. એનું માપ એને નથી ખબર. છે ખબર એને ? પરમાણુમાં આમ થાય અને આમ થાય ને એક ગુણનો અનંત ગુણો થઈ જાય. વળી અનંત ગુણો કાળો હોય એ બીજે સમયે અનંત ગુણો ધોળો થઈ જાય. આ શું ?

અમારી ચર્ચા બહુ ચાલતી હતી. એક જણ (કહે), એ તો પરમાણુ પલ્ટી ગયો. દ્રવ્ય બીજું થઈ ગયું. કીધું, (એમ) ન હોય, સાંભળો તો ખરા. એ તો એમ માનતા કે જે સમયે જે પરમાણુનો કાળો એક ગુણો તે એક ગુણ જ રહે. અનંત ગુણો હોય તો અનંત ગુણ રહે. નહિતર પરમાણુ પલટી જાય. અરે.. ભાઈ ! તને પર્યાયધર્મની ખબર નથી. 'મૂળચંદજી' સાથે મોટી ચર્ચા ચાલતી. આ તો ૪૦ વર્ષ પહેલાંની વાત છે, હોં !

એમ કહે આ અનંત પરમાણુઓ છે એ પરમાણુ જે કાળા રંગવાળો છે એ લીલો જો થઈ જાય તો દ્રવ્ય પલટી જાય. અરે ભાઈ ! એ પર્યાયનો ધર્મ છે. કાળો એક સમયમાં બીજે સમયે અનંતગુણો લીલો થઈ જાય. રંગ ગુણ છે એ ગુણ છે. રંગની પર્યાય ગુલાંટ ખાય છે. ગુલાંટ એટલે પરિણમે છે. એક સમયમાં કાળો પલટીને લીલો (થઈ જાય. એનું) કારણ કોણ ? એક બીજો પરમાણુ છે એક ગુણો લીલો (છે) અને બીજે સમયે બે ગુણ થાય. આ અનંતગુણો થાય. કારણ કોણ ? એનો પર્યાયધર્મ છે. એ તો પરમાણુના પર્યાયની તાકાત એટલી છે. તો ભગવાન ! એની તાકાતનું માપ કરનારું તો તારું જ્ઞાન છે. એને તો ખબર પણ નથી. સમજાણું કાંઈ ? આ તો એક વર્ણનો દાખલો આપ્યો (એમ) ગંધનો, રસનો, સ્પર્શનો બધામાં લઈ લેવું.

એ વસ્તુ જ એવી કોઈ (છે). દ્રવ્ય **સ્વભાવ**, ગુણ **સ્વભાવ**, પર્યાય **સ્વભાવ**. **સ્વભાવ...**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ...** નિર્વિકલ્પપણે નિર્ણય થાય એવો એનો **સ્વભાવ** છે. પોતાને જ્ઞાન થાય કે બધા આ રીતે છે. એવું આ રાગના અવલંબન વિના જ્ઞાનની તાકાતથી નક્કી કરે એવો જ્ઞાનનો **સ્વભાવ** છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એના ઘરની ખબર (હોય). એ ઘરની ચૌદ દિશા બાંધી હોય એની ખબર હોય. ઉગમણો આ રહેશે, આથમણો આ રહેશે. ચાર દિશા બાંધે છે ને ? 'ન્યાલભાઈ' ! આ મકાન વેચે ત્યારે.

ચતુર્સીમા. એમ કહે આ ઘર અસ્તિવાળુ છે એમ કહે. લખિતંગ 'મફતલાલ' ને અધ્ધરનું મકાન એમ નહિ. આ મકાન અહીં છે. એની ચાર બાજુ દિશા છે. એ અસ્તિ છે અને દેનારો 'મફતલાલ' નથી પણ એનો ધણી છે. એનો ધણી કે ભાઈ ! ફલાણાએ આને આપ્યું. એમ આ જગતના તત્ત્વો મફત નથી, અધ્ધરના નથી, બધા સત્સ્વરૂપે છે. અને એનો જાણનાર ભગવાન સર્વજ્ઞ એક સમયની પર્યાયવાળો ધણી જાણનાર છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, છેલ્લું આ મૂક્યું છે ને ! કે આસ્રવ રહિત થાય અથવા આસ્રવ દૃષ્ટિરહિત થાય તો એનું જ્ઞાન આટલું પ્રગટ થાય છે. આસ્રવના વિકલ્પમાં અટકેલું જ્ઞાન હિણું થઈ ગયું છે. અને જ્યાં પુણ્ય-પાપના પ્રેમ અને રુચિ છુટી, ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ પ્રભુ ! એની ધ્રુવની શક્તિ થતાં, ધ્રુવની શક્તિની પ્રતીત થતાં એને પુણ્ય-પાપનો પ્રેમ અંદરથી ઊડી જાય છે. ભલે હો ભલે પણ રુચિ ઊડી જાય છે. અને જ્ઞાયક **સ્વભાવ**ની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ આચરણ અને અંશ એ આનંદની સાથે તે જ્ઞાન પ્રગટ થાય છે. તે જ્ઞાનની પર્યાયમાં આટલી તાકાત ! એવી એક શ્રદ્ધાની પર્યાયમાં એટલી તાકાત ! એવી શાંતિ એટલે ચારિત્રની પર્યાયની એટલી તાકાત ! એટલા આનંદની પર્યાયની એટલી તાકાત ! એટલી સ્વચ્છતા, વિભુતા, પ્રભુતા એક-એક પર્યાયમાં એટલી અનંતગુણી તાકાત છે !! સમજાય છે કાંઈ ?

વસ્તુ તો સામી આવે ત્યારે (વાત આવે). સવારમાં દ્રવ્ય આવ્યું, પર્યાય ઉપર દ્રવ્ય એમ આવ્યું. અહીં કહે છે, બાપા ! તારો એક સમયનો પર્યાય પ્રભુ ! શું કહીએ ? શું કહીએ ? કહે છે. કેટલી ભાષામાં આવે ! પછી ... **'विसराः' 'स्फर' 'स्फार'** અનંત... અનંત... અનંતને બતાવવા આ શબ્દો આટલા કહ્યા. કહે છે, ભગવાન ! અરે..! તારા તત્ત્વની તને રુચિ ન થઈ. એ ગોઠ્યું નહિ અને આવું ગોઠતું નથી. એને હીણું થવું ગોઠે છે. પુણ્યવાળો, પાપવાળો, આસ્રવવાળો, આસ્રવવાળો તો સારો. એલા.. ગાળ છે આ. આસ્રવવાળો આત્મા એ તો ગાળ્યું છે. અનંત ગુણવાળો આત્મા, આસ્રવવાળો નહિ. એ ગુણ છે એમાં, પેલામાં ગાળ છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પુણ્યશાળી કહે ત્યાં રાજી થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, રાજી થઈ જાય. પુણ્યશાળી કહે ત્યાં રાજી થઈ જાય. ગાળ આપી છે. અર..ર..! વિકારવાળો આત્મા. વિકારનો ધણી આત્મા. અરે..! પ્રભુ ! શરમ નથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તને આવતી ! આવા પવિત્ર ધર્મનો ધણી ભગવાન ! એને વિકારવાળો કહેવો. આહા..હા...! કલંક છે દષ્ટિનું. સમજાણું કાંઈ ? શું હશે ? આ તે કાંઈ ભગવાનનો માર્ગ કાંઈ જુદો કાંઈ અધ્ધરથી આવતો હશે ? આહા..હા...! અન્યાય... અન્યાય.. ગોઠતું નથી. સમજાણું ? આહા..હા...!

આમાં એક કથા આવી છે, કથા. શું કહેવાય આ ? ઇંગ્લિશમાં. કોઈ રાજાએ. રાજાના દીકરાએ ગુનો કર્યો. સાહુકાર માલ લઈને આવેલો. એમાં પોતે રાજના કુંવરે લૂટ્યું. રાજાની પાસે ફરિયાદ આવી. મોટું રાજ, મોટો યોગી, યોગરાજ નામનો કોઈ રાજા હશે. ફરિયાદ આવી. અન્નદાતા ! આપના કુંવરે આ કર્યું છે. ઓ..હો..! રાજા કહે છે, અ..હો...! રાજના કુંવર જ્યારે પ્રજાને લૂટશે, રાજપણાને કલંક લાગશે. રાજને એ શોભશે નહિ. તો શું કરવું ? મંત્રીજી ! મંત્રીજી કહે, શું કરવું આમાં ? મારો વિચાર તો એમ છે કે એ કુંવરને દંડ દેવો. સાહેબ..! એ રાજનો ધણી છે. રાજનો ધણી, ભાવીનો ધણી છે એને દંડ ? બીજો અન્યાય અમારા રાજમાં હોઈ શકે નહિ. દંડ જ દેવો પડશે. શો દંડ ? દંડ તો મૃત્યુનો જ હશે. આવું ! અમે રાજા, અમે સૌના પિતા, અમારી પ્રજા પુત્ર. અમારા પુત્રનો આ પુત્ર ? આ લૂટે એ તો પુત્રેપુત્ર બધા લુટારા થયા છે. નહિ, અન્યાય નહિ સહન થાય. રાજા હુકમ કરે છે. મૃત્યદંડ ! પ્રજાનો પોકાર આવે છે. પોકાર... પોકાર... અરે..! મહાજન લોકો ! આ રાજની શોભા નહિ રહે, હોં ! રાજની શોભા તો એ પુત્ર હોય કે પ્રજા હોય જે જેને ગુનો એના પ્રમાણમાં દંડ ભોગવવો પડશે.

મને તો એમ લાગે છે કે એ પુત્રનો દંડ એને મૃત્યુનો એ પણ હવે નહિ. હવે તો મારા દેહનું જ મૃત્યુ કરવું પડશે. બીજું ... આહા..હા...! અરે...! રાજની નીતિને આ હોય ? અરે...! રાજના શોભામાં આ હોય ? આ પ્રજાનો, આ મારો પુત્ર એ પ્રજા પણ પુત્ર છે અને આ પણ પુત્ર છે. મારું હૃદય અન્યાય નહિ સહન કરી શકે. ત્યારે એ ભાવીનો ભલે (રાજા) હોય તો એને ખાતર હું દઉં છું. એ ચંદનની ચીતા ભેગી કરી. આ શું કહે છે ? ચીતા. સવારમાં જ્યાં બેસે છે ને આમ પ્રજા દેખે છે, પ્રજા રોવે છે. કરોડો પ્રજા રોવે છે. અન્નદાતા ! આ અમારાથી સહન થાતું નથી. રાજને અન્યાય મારાથી સહન થાતો નથી. રાજને અન્યાય ! આ સ્થિતિ ? આહા..હા...!

એમ અહીં સર્વજ્ઞ ભગવાનને અન્યાય મળે ? એક સમયની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને નિશ્ચિતપણે જાણે. એવા સર્વજ્ઞની પર્યાયને એમ કહે કે ભવિષ્યમાં થશે ત્યારે જાણે અથવા અનિશ્ચિત જાણે એ અન્યાય જ્ઞાનમાં સહન નહિ થાય. સમજાણું કાંઈ ? વાંચતા ... આહા..! સર્વજ્ઞના રાજ જ્યાં પડ્યા છે, એક સમયનો ત્રણ કાળ, ત્રણ લોકનો બાદશાહ કેવળી પ્રભુ ! જેના જ્ઞાનની પર્યાયમાં આ અનંતુ ઓછું પડે છે. જેની જ્ઞાનની પર્યાયમાં અનંતુ ઓછું પડે છે, આહા..હા...! એવા કેવળજ્ઞાનના સામ્રાજ્ય, એને માટે એમ કહે કે આમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ, થશે ત્યારે જાણે. ભવિષ્યનું અનિશ્ચિત અને નિશ્ચિતને જાણે. ભગવાન ! અનિશ્ચિત કહેવું કોને ? આહા..હા...!

અરે...! જ્ઞાને ત્રણ કાળ, ત્રણ લોક સમય-સમયની સ્થિતિ, જ્યાં જેમ છે તેમ તેને જ્ઞાને જાણી છે. એથી અનંત ગુણી તાકાત રહી ગઈ છે. એવા જ્ઞાનને આવો અન્યાય આપે એ દૃષ્ટિમાં સહન થાય નહિ. રાજ લૂટાશે જૈનધર્મમાં ધર્મ નહિ રહે આ રીતે તો. 'રાજમલજી' ! આહા..હા...!

**શ્રોતા :–** પ્રભુ ! જય પોકારે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોકાર.. પોકાર.. છે. આ આત્મા આવો છે એને તમે આટલો કરો છો ? પ્રભુ ! આ નહિ શોભે. વીતરાગમાર્ગની અંદર બીજું ન હોઈ શકે. સમજાણું કાંઈ ? એક સમયનો ભગવાન આત્મા કેવળની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જ્યાં, જે રીતે તેમ, તેને તે રીતે જાણે છે. એમાં જાણ્યું માટે પરાધીન નથી અને જાણ્યું માટે ત્યાં થાય એમ (નથી), એને કારણે એ થાય છે. એવો અનાદિ વસ્તુનો ભગવાને **સ્વભાવ** જોયો, એથી પણ અનંતગુણો બાકી રહ્યો. એવા પર્યાયની તાકાત રાખનારો ધ્રુવ, એવા અનંતા ધ્રુવને તાકાત રાખનારું દ્રવ્ય એને અન્યાય ન હોઈ શકે. રાગ નહિ ચાલે, વીતરાગમાર્ગ બીજી રીતે નહિ ચાલે. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, ભાઈ ! પ્રભુ ! તારી પર્યાયની પ્રભુતાને ઓછી ન કહે, ઓછી ન કર. એ ઓછી ન કર. ઓછી ન કહે, ઓછી ન માન. આહા..હા...! અને તારી ઓછી માને એ પૂર્ણ ભગવાનને તું નહિ માની શકે. પૂર્ણ પરમાત્મા સર્વજ્ઞો અનંતા સિદ્ધરૂપે પડ્યા છે. લાખો કેવળીઓ, અનેક તીર્થંકરો સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજમાન જેના સર્વજ્ઞના શાસન છે. સમજાય છે કાંઈ ? એવો એક સમયનો પર્યાય બધું જાણવાની તાકાત રાખતો છતાં એથી અનંતગુણી શક્તિ છે. આ એ ઉપર ચાલે છે અત્યારે તો. આહા..હા...! સમસ્ત જ્ઞેયો છે. જ્ઞાનની અનંતગુણી શક્તિ છે. સમજાણું કાંઈ ? 'શાંતિભાઈ' ! આહા..હા...!

આવો આત્મા ! **'એવો દ્રવ્યનો સ્વભાવ છે,...'** જુઓ ! છેલ્લું લઈ લીધું, ભાઈ ! આહા..હા...! **'એવો દ્રવ્યનો સ્વભાવ છે.'** એ **સ્વભાવ**ની વાત અહીંયાં કરે છે. વસ્તુનો એવો **સ્વભાવ** છે, ભાઈ ! એમાં તારું જ્ઞાતાપણું-દૃષ્ટાપણું પ્રગટે છે, એ પંથે તને કેવળજ્ઞાન થશે, બીજી રીતે થશે નહિ. સમજાણું કાંઈ ? જુઓ ! ત્રણ બોલમાં છેલ્લો સરવાળો આ લીધો પાછો. આહા..હા...! એનું જ્ઞાન સ્વરૂપ જ છે, પ્રભુ ! એકલો. જેનો જ્ઞ–**સ્વભાવ**, એની પર્યાયની તાકાત કે ત્રણ કાળ, ત્રણ લોકની પર્યાયની વ્યવસ્થા જે રીતે છે તેને જાણે એવી એની અવસ્થા છે. એથી અનંતગુણી તાકાત પર્યાયમાં રહી જાય છે તો એનાથી અનંતગુણી એક એક અનંતી પર્યાયો એ ગુણમાં પડી છે. એવા અનંતા ગુણનું રૂપ તે ભગવાન દ્રવ્ય છે. એવા દ્રવ્યના **સ્વભાવ**નું ભાન કરતા એને આસ્રવની રુચિ રહેતી નથી. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ વ્યવહારત્નત્રય પણ વિકલ્પ અને બંધનું કારણ છે. અબંધ **સ્વભાવી** દ્રવ્ય-ગુણ એની દૃષ્ટિ થતાં અબંધ પરિણામ પ્રગટ્યા. અબંધ પરિણામ ! મોક્ષમાર્ગ કહો કે અબંધ પરિણામ કહો. સમ્યગ્દર્શન એ અબંધ પરિણામ છે. દ્રવ્ય ત્રિકાળ, એના અનંત ગુણો ત્રિકાળ, એની પ્રતીત કરતા પરિણામ અબંધ પરિણામ પ્રગટ્યા. એ બંધના પરિણામનો નાશ કરવા પ્રગટ્યા છે. સમજાણું કાંઈ ? એને આસ્રવરહિત સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે.

**'આવો દ્રવ્યનો સ્વભાવ છે.'** ઓહો..હો...! **'એવો દ્રવ્યનો સ્વભાવ છે.'** પંડિતજી એનો અર્થ કરતા હતા ને...! એમને એમ અનંત... અનંત... વાત સાચી. અનંત... અનંત... અનંત... અનંત... એનો વિસ્તારનો...

**શ્રોતા :–** અરીસામાં જેમ મહાવીર ભગવાન દેખાય છે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભગવાન અરિસામાં દેખાય એમાં પાર નથી. અરિસામાં દેખાય ને ? ત્યાં પાર હશે છેલ્લે ? એ તો આનું લક્ષ્ય પહોંચી શકતું નથી. એ તો અપાર... અપાર.. અપાર.. છે. છતાં જ્ઞાનમાં આવે કે આમાં અપાર છે. સમજાણું કાંઈ ? એમ આકાશનો પાર નથી એ જ્ઞાનમાં આવી શકે છે કે અપાર છે. એમ એક-એક જીવના, એક-એક પરમાણુના અનંતા ગુણો ખ્યાલમાં આવે એવો એ તાકતવાળો ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ ? **'આવો દ્રવ્યનો સ્વભાવ છે.'** આહા..હા...! અરે..! એણે આત્મા કોઈ દી સાંભળ્યો નહિ હોં ! આત્મા વાંચ્યો નહિ, આત્મા સાંભળ્યો નહિ. આવે છે ને ? ભાઈ ! પેલામાં ઘણા બોલ 'યોગસાર'માં આવે છે. અગિયાર કે તેર બોલ આવે છે. આત્મા સાંભળવો, આત્મા પરિચય કરવો, આત્માને પૂછવું, આ કરવું. એવા બોલ આવે છે. 'યોગસાર' 'અમિતગતિ આચાર્ય' છે ને ? બહુ સરસ 'યોગસાર' છે. અસલમાં 'સમયસાર'ની શૈલી છે.

દ્રવ્યનો **સ્વભાવ**. ભગવાન ! આ ધર્મકથા ચાલે છે. સમજાણું કાંઈ ? ધર્મ નામ **સ્વભાવ. સ્વભાવ... સ્વભાવ... સ્વભાવ...** ભગવાન આત્મા. આઠ વર્ષની બાળકી દીકરી હોય એ પણ આમ સ્વભાવની દૃષ્ટિ કરે છે, સમ્યગ્દર્શન અને આત્માનો સાક્ષાત્કાર કરે છે. આહા..હા...! એની તાકાત છે કે નહિ ! શરીર ભલે સ્ત્રીનું હોય કે દેહ હોય એ તો જડમાં રહ્યું, એમાં આત્માને શું છે ! સમજાણું કાંઈ ? આત્મા છે ને ! એને હીણો ન જો, હોં ! એ તું હીણો તને જોઈશ તો બધા તને હીણા ભાળશે, બધા પૂરા છે ભગવાન. એ ભગવાન એના એ બધા પૂરા છે. તું પણ પૂરો અને એ પણ પૂરા એવી દૃષ્ટિ કર્યા વિના આસ્રવની રુચિ છૂટશે નથી.

**'વળી કેવું છે શુદ્ધજ્ઞાન ?' 'आलोकान्तात् अचलम्'. 'आलोकान्तात् अचलम्' 'સકળ કર્મનો ક્ષય થતાં જેવું નીપજ્યું તેવું જ અનંતકાળ પર્યંત રહેશે,...'** એ પર્યાય એવી ને એવી રહેશે. આહા..હા...! એ તો એવો ભગવાન ! ચળકતું રત્ન જેમ હોય એવો ને એવો ચૈતન્યરત્ન પર્યાય પૂર્ણ પ્રગટી એવી ને અવી સાદિ–અનંત (રહેશે). સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'કેવું છે શુદ્ધજ્ઞાન ?' 'आलोकान्तात् अचलम्'** એટલે ? **'સકળ કર્મોનો ક્ષય થતાં જેવું નીપજ્યું તેવું જ અનંતકાળ પર્યંત રહેશે, ક્યારેય અન્યથા થશે નહિ.'** વસ્તુનો **સ્વભાવ** જ જ્યાં પુણ્ય-પાપના આસ્રવ રહિત થઈને દૃષ્ટિ કરી અને એમાં ઠર્યો અને જે પર્યાયમાં અંદરમાંથી પ્રગટી એ એમને એમ સા–અનંત રહેવાની. જ્યારથી મુક્તિ થઈ, ભલે પર્યાય એ ન રહે પણ એવી ને એવી પર્યાય અનંતકાળ રહેશે. એ ન રહે કારણ કે પરિણમન સમય સમયનું છે ને ! જે પહેલે સમયે મુક્તદશા પ્રગટી એ દશા પર્યાય છે, એ પર્યાય બીજે સમયે ન રહે પણ એવી ને એવી બીજે (સમયે), એવી ને એવી ત્રીજે (સમયે), એમ અનંતકાળ રહ્યા કરશે. એમાં કાંઈ ઓછા-વત્તા ફેરફાર થાય નહિ. કહો, સમજાણું કાંઈ ?

**'અન્યથા થશે નહિ.'** આહા..હા...! અનંતકાળ પહેલા કોઈ કેવળી થયા હશે એની જ્ઞાનની પર્યાય તો મોટી હશે ને ? અને અનંતકાળ પછી કેવળી થશે એની જ્ઞાનની પર્યાય કાંઈ હિણી નહિ હોય ? ઘણો કાળ અશુદ્ધમાં રહ્યો, અનંત ગુણા કાળમાં અશુદ્ધમાં રહ્યો તો પણ શુદ્ધતાની પર્યાય એવડી ને એવડી ? બાપા ! એવડી ને એવડી. સમજાણું કાંઈ ? સોનું તો એવું ને એવું છે. લોઢાને શું લોઢું ? લોઢું સડતું હશે ? ભગવાન આત્મા તો કહે છે કે જેવો પર્યાય જ્યારથી પ્રગટ્યો... **'અનંતકાળ પર્યંત રહેશે, ક્યારેય અન્યથા થશે નહિ. કેવું છે શુદ્ધ જ્ઞાન ?' 'अतुलं' 'ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી.'** દેખો ! અહીં નાખ્યું. હવે આનંદ નાખ્યો ભેગો. જ્ઞાન અને આનંદ બેની વાત પ્રધાનથી કરી.

**'ત્રણ લોકમાં જેના સુખરૂપ પરિણમનનું દૃષ્ટાંત નથી–'** એ જ્ઞાન સાથે જે અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો એના સુખની જગતમાં કોઈ ઉપમા છે નહિ. **'આવો શુદ્ધ જ્ઞાન–પ્રકાશ પ્રગટ થયો.'** એમ આસ્રવની છેલ્લી ગાથામાં મહા માંગલિક કર્યું છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

*

**જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી. દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવી છે, એ સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ એ 'જ્ઞ' સ્વભાવમાં વિશેષ ઠરતાં ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે. બીજું કાંઈ કરવાનું રહ્યું જ નહિ.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૨૮)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧૭ - ૧૮, પ્રવચન નં.૬૨
## તા.૧૬-૧૧-૬૮
## [૨]

'સમયસાર' જીવ-અધિકાર છે. આત્માનું હિત એટલે સાધ્ય. આત્માની પૂર્ણ નિષ્કર્મ દશા–મોક્ષની પર્યાય કેમ પ્રાપ્ત થાય ? અને એ કેમ પ્રાપ્ત થઈ નથી ? એની વ્યાખ્યા છે. પહેલા પેરેગ્રાફમાં એ આવી ગયું–ઉપપત્તિ. પહેલાંમાં હતું ને ? પહેલાં પેરેગ્રાફમાં એવું હતું કે **'એ રીતે ઉપપત્તિ છે, અન્યથા અનુપપત્તિ છે...'** પહેલાંમાં એ હતું. એની ઉપપત્તિની વ્યાખ્યા આવી ગઈ. એટલે શું ?

આ આત્મા જે છે એ અનાદિ પોતાની પર્યાયમાં રાગ-દ્વેષ અને વિકાર, પુણ્ય-પાપના વિકલ્પથી મિશ્રિત છે. જેને હિત કરવું છે એ મિશ્રિતપણું છોડી દઈને, આત્મા એકલો જ્ઞાયકસ્વભાવ છે એમ અંતર દૃષ્ટિમાં લઈને એના હોવાપણાનો અનુભવ કરવો. એ અનુભૂતિ છે તે જ આત્મા છે એમ શ્રદ્ધા કરવી અને પછી સમસ્ત અન્યભાવથી જુદો પાડી, પુણ્ય-પાપના વિકલ્પથી જુદો પાડીને અનુભવ કર્યો પણ તદ્દન પુણ્ય-પાપના અસ્થિરભાવથી છૂટો પડીને સ્થિરતા થઈ નહોતી. સમજાણું કાંઈ ? એ અન્યભાવ નામ પુણ્ય-પાપના વિકલ્પો, વિકારો શુભાશુભભાવ એનાથી ભિન્ન નિઃશંકપણે સ્વરૂપમાં ઠરવાની ચારિત્રદશા પ્રગટી અને એનાથી આત્માના સાધ્યની સિદ્ધિ (થઈ). સાધ્ય નામ મોક્ષની પૂર્ણ આનંદદશાની પ્રાપ્તિ છે. એ પહેલાંમાં આવી ગયું.

હવે અનાદિથી સંસારમાં રખડતા એ અનુભવમાં આવતો નથી. **'પરંતુ જ્યારે આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** શું કહે છે ? આત્મા તો જ્ઞાનસ્વરૂપ જ છે. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જેની હયાતીમાં, જેની સત્તામાં, જેના હોવાપણામાં આ બધું છે એમ જાણે છે. એ હું છું એમ અને આ છે એમ જાણવાની પર્યાય થાય છે. પણ એ **'અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** શું કહે છે ? આવો જ્ઞાનસ્વરૂપ ભગવાન મહિવાળો પ્રભુ ! આબાળગોપાળ, આબાળગોપાળ નામ બાળકથી માંડીને વૃદ્ધ, આબાળ–ગોપાળ, બાળકથી માંડીને વૃદ્ધને **'સૌને સદાકાળ...'** સૌને સદાકાળ **'પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં...'** શું કહે છે ? ***એની જ્ઞાનની દશા જ એને અનુભવમાં આવે છે. શરીર, વાણી, મન તો એને જાણવામાં આત્માની***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પર્યાય એ ખ્યાલમાં આવે છે, આ ચીજ નહિ. સમજાણું કાંઈ ?***

***આબાળ-ગોપાળને જ્ઞાનનો અનુભવ જ આવે છે, કહે છે. જ્ઞાન, આ જ્ઞાન. આ શરીર સંબંધી જ્ઞાન, ફલાણું જ્ઞાન, એ સંબંધીનું જ્ઞાન, પોતાનું જ્ઞાન, રાગનું જ્ઞાન, પુણ્યનું જ્ઞાન એ જ્ઞાન જ આબાળ-ગોપાળને અનુભવમાં, ખ્યાલમાં આવે છે. છતાં તેની દૃષ્ટિ એને નથી*** એમ કહે છે. સમજાણું કાંઈ ? જેની હયાતી મુખ્ય ન હોય તો આ છે એમ જાણે કોણ ? સમજાય છે આમાં ? જેની વિદ્યમાનતા પહેલી ન હોય તો આ શરીર અને આ વાણી અને રાગ અને દ્વેષ એનું જાણવું થાય શેમાં ? ***એ દરેક ચીજના જાણવા કાળે આત્મા જ જ્ઞાનમાં આવે છે એમ કહે છે.*** સમજાણું ?

જુઓ ! આ. આ લાકડી છે. ***જ્ઞાનમાં, લાકડી સંબંધીનું જ્ઞાન એ જ્ઞાન એના ખ્યાલમાં આવે છે. કેમ કે જ્ઞાન પોતાની દશા છે તે એને અનુભવમાં આવે છે.*** આ પુસ્તક છે. એ સંબંધીનું આ જ્ઞાન (થયું). જાણવું થયું ને જાણવું ? જાણવાનો ભાવ તેના અનુભવમાં આવે છે. છતાં તે હું છું એવી એને શ્રદ્ધા થતી નથી. શ્રદ્ધામાં રાગ છું, પુણ્ય છું, શરીર છું, આ છું (એમ આવે છે). શું કહે છે ? સમજાય છે કાંઈ ?

**'આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** જ્ઞાનસ્વરૂપે ચૈતન્યપ્રકાશ જેના ક્ષણે અને પળે સૌને સદાકાળ જ્ઞાન છે એ જ એના ખ્યાલમાં, એની પ્રસિદ્ધિમાં, એના અનુભવમાં આવે છે. **'છતાં અનાદિ બંધના વશે...'** પણ અનાદિની પરવસ્તુની દૃષ્ટિ છે. **'એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની...'** પણ એ રાગ અને પુણ્ય એ જાણવામાં આવે છે એ જ્ઞાન છે. પણ એ જ્ઞાનને આ જ્ઞાન હું (એમ) ન જાણતા એ રાગને પુણ્ય જે જણાય છે એની સાથે એકત્વ છું એમ માનીને મૂઢ મિથ્યાત્વભાવને સેવે છે. ભારે ઝીણું, ભાઈ ! કઈ રીતે સિદ્ધ કર્યું છે ? જુઓ !

જ્યાં જ્યાં આત્મા જ્ઞાનસ્વરૂપ ન હોય ત્યાં ત્યાં આ... આ... આ... આ... આ... એ સંબંધીનું જ્ઞાન કરનાર ન હોય તો જ્ઞાન વિના આ છે એમ જાણ્યું કોણે ? શું કીધું સમજાણું ? આ શરીર આમ ચાલે છે, ભાષા નીકળે છે, જ્ઞાન જાણે છે. ખરેખર તો જ્ઞાન એ સબંધીનું જાણવાનું કામ કરે છે. જાણવું એ એનું કામ છે અને જાણવું તે પ્રસિદ્ધિમાં બધા કરતાં મુખ્યમાં જાણવું એ એના અનુભવમાં આવે છે. છતાં એ ***જાણવું એ હું (એમ) જુદો ન પાડતાં જણાય છે તે ચીજ મારી છે અને એને જાણું છું એવી એકત્વબુદ્ધિ પરાણે કરીને મિથ્યાત્વભાવને સ્વભાવના અનાદરભાવને સેવે છે.*** શું કીધું સમજાણું કાંઈ ? જાણનાર ચૈતન્ય... 'શ્રીમદ્' માં કહ્યું ને ? 'ઘટપટ આદિ જાણ તું, ઘટપટ આદિ જાણ તું, જેથી તેને માન' એને માન. આ છે... આ છે... આ છે... આ છે... 'જાણનારને માન નહિ આ તે કેવું કહીએ અજ્ઞાન ?'

**શ્રોતા :–** કેવું કહીએ એ જ્ઞાન !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, કેવું કહીએ જ્ઞાન ! એ અજ્ઞાન થયું. આ તારું જ્ઞાન કેવું ? સમજાણું કાંઈ ? સમજાય છે ?

જુઓ ! આ શરીર છે એમ જાણ્યું કોણે ? શરીર જાણે છે ? આ કાયા તો જડ છે. જેની હયાતીમાં જણાય એ જ્ઞાન છે કે આત્મા છે કે જડ છે ? જેની હયાતીમાં જણાય એ આત્મા છે. જેની હયાતીમાં એટલે જ્ઞાનની હયાતીમાં આ શરીર છે, આ વાણી છે, આ ફલાણું છે, આ છે, આ છે... એના અસ્તિત્વનું જ્ઞાન જાણે છે. એ જ્ઞાનનું અસ્તિત્વ મુખ્ય છે. તો જ્ઞાનનું અસ્તિત્વ છે એમ ન જાણતા, એ જ્ઞાનની અનાદિની દૃષ્ટિ પર્યાય પર ઉપર છે એટલે શરીરને જાણું છું, રાગને જાણું છું, આને જાણું છું એમ ત્યાં એકત્વબુદ્ધિ થઈ રહી છે. સમજાણું કાંઈ ?

**'આવો અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા...'** જુઓને ! ભાષા આચાર્યએ કેવી કરી છે ! ભગવાન આત્મા – ભગ નામ જ્ઞાનરૂપી લક્ષ્મી, વાન નામ લક્ષ્મીવાળો. ભગ એટલે લક્ષ્મી અને વાન એટલે વાળો. લક્ષ્મીવાળો. કેની લક્ષ્મી ? જ્ઞાનરૂપી લક્ષ્મી. જાણવું... જાણવું... જાણવું... જેની હયાતીમાં, જેની સત્તામાં, જેના હોવાપણામાં જ્ઞાન છે. એ જ્ઞાનથી આ ચીજને જાણે છે. એ ચીજને જાણે છે એ જ્ઞાન જાણે છે. ખરેખર ત્યાં જ્ઞાન જણાય છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી પોતે જાણે છે. જ્ઞાન ખરેખર એને નથી જાણતું. સમજાણું કાંઈ ?

જેમ તીખું ખ્યાલમાં આવ્યું, તીખું મરચું, તીખું તો તીખાશ તો જડ છે, એ અજીવ છે, એ માટી છે, રૂપી જડની અવસ્થા છે. ધ્યાન રાખજો ! એ તીખાશ આમ જાણવામાં આવી. એ જાણવામાં આવી કે આ તીખું છે. તીખું તો જડ છે. જડ સંબંધીનુ જ્ઞાન એના ખ્યાલમાં આવ્યું છે. સમજાય છે ? અને એ જ્ઞાન તીખું થયું નથી. કારણ કે તીખું તો જડ છે અને જડમાં જ્ઞાન નથી. તીખું જડ છે, રૂપી છે, મૂર્ત છે, પર્યાય અજીવની છે. જ્ઞાનમાં ખ્યાલ આવ્યો કે આ તીખું છે. ***એ જ્ઞાન જ્ઞાન જ્ઞાનને જાણે છે ખરેખર, તીખાને નહિ. તીખા સંબંધીનું પોતાનું જ્ઞાન એને જાણે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? તીખાને જાણે એમ કહેવું એ તો વ્યવહાર છે. કારણ કે તીખા સંબંધીનું જ્ઞાન અહીં થાય છે એને જાણે છે.*** જ્ઞાન તીખું થયું નથી. જ્ઞાન તીખાને તીખારૂપે જાણે ખરું પણ જ્ઞાન તીખામાં પેસીને તીખારું થયું નથી. તીખારું થાય તો એ તો જડ છે અને આ તો ચૈતન્ય છે. આ તો જ્ઞાન છે, એ તો અજીવ છે. એ જ્ઞાન તીખારૂપે થઈને જાણે તો જ્ઞાન તીખું જડ થઈ જાય. જ્ઞાન તો કોઈ દી જડ થયું નથી. સમજાય છે કાંઈ ? જુઓ ! એ ન્યાય આપ્યો છે !

ભગવાન આત્મા જ્યાં જ્યાં જોઈએ ત્યાં તેનું જ્ઞાન પરને જાણવામાં પહેલે એ જાણનારો એના ખ્યાલમાં આવે છે, કહે છે. ઇ જાણનારો ખ્યાલમાં આવે છે એમ ન લેતાં જણાય છે તે ખ્યાલમાં આવે છે અને એની સાથે એકત્વબુદ્ધિ કરે છે. સમજાણું કાંઈ ?

જુઓ ! જીવ-અજીવનો અધિકાર ! ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ, જેના જાણવામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનાદિનો છું એવો ખ્યાલ આવે છે નહિ ? આ વસ્તુ છે.. છે.. છે. છે એમાં કોઈ દી નહોતી એમ ન હોય. છે... છે... છે... અને છે... છે... એ કોઈ દી નહોતી એમ ન હોય. છે એ નહોતી ? નહોતી તો થઈ આવી ક્યાંથી ? સત્ છે એ ઉત્પન્ન થાય નહિ તો સત્ છે એ અનાદિનું છે. જ્ઞાન એમ જાણે છે કે હું આ અનાદિનો છું. આમ અનાદિના કાળને જ્ઞાન પોતે જ્ઞાનમાં જાણે છે. સમજાય છે કાંઈ ? અને ભવિષ્યકાળ આ જ્ઞાન રહેશે. કારણ કે સત્ છે, સત્ છે તેનો નાશ થાય નહિ. તો આ જ્ઞાન અનંતકાળ એમ રહેશે. એમ અનંત ભવિષ્યકાળ એવો પણ એને વર્તમાન જ્ઞાનની હયાતીની સત્તામાં ભવિષ્યકાળ આટલો રહેશે (એમ) ખ્યાલ આવે છે. લોજીક જરી ઝીણું છે. ન્યાયથી સમજવું પડશે. આ તો વસ્તુ એવી મૂકી છે.

જ્ઞાન પોતે ભૂતના–ભવિષ્યના કાળને વર્તમાનમાં આમ જાણે છે. ખરેખર એ જાણે છે એ જાણવાનો સ્વભાવ એનો છે. એ કાળ અને ભૂતકાળ એ સંબંધીનું જ્ઞાન અહીં જાણે છે. ભૂતકાળ અને ભવિષ્યકાળ ભાવમાં રહી ગયો. સમજાણું કાંઈ ? હળવે હળવે પોચું કરીએ છીએ. ઇ આ ઇ શબ્દ કહે છે, જુઓ !

**'આવો અનુભૂતિસ્વરૂપ...'** એટલે જ્ઞાનસ્વરૂપ ભગવાન ! મહાસિદ્ધાંત છે આમાં. અનુભૂતિ એટલે જ્ઞાન. જ્ઞાનસ્વભાવ આત્મા આબાળ-ગોપાળ. ***બાળકથી વૃદ્ધને બધાને જ્ઞાન જ અનુભવમાં આવે છે, કહે છે. જાણવું.... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... કાળને, ક્ષેત્રને, ભવને, રાગને, શરીરને, વાણીને, ગોળને, સાકરને એ બધી ચીજોમાં પહેલા જ્ઞાન જ એને જાણે છે. તો ખરેખર એ જ્ઞાનનો અનુભવ છે. પેલી ચીજનો નહિ.*** અજ્ઞાનીને આ જ્ઞાન એ હું છું એમ ન આવતા આ હું છું એમ થઈ જાય છે એટલે પોતાના અસ્તિત્વની પ્રતીતિ ન આવતા, પોતાનું અસ્તિત્વ પરને લઈને છે એમ એને શ્રદ્ધા થાય એ મિથ્યાશ્રદ્ધા અને અજ્ઞાન છે. મોટી ભૂલ તે મણના આઠ પાંચશેરીની. મણમાં આઠ પાંચશેરીની એટલે મણની મણની આખી. કહેવાય છે કે નહિ આપણે ? '...ભાઈ' ! મણમાં આઠ પાંચશેરીની તારી ભૂલ છે, ભાઈ ! આખે આખી ભૂલ છે.

આમ, ભગવાન આત્મા જ્ઞાનમાં જેની શક્તિ જ્ઞાનસ્વરૂપ છે, જેની શક્તિ એટલે ગુણ, ગુણ એટલે સ્વ... સ્વ... સ્વ.. ભાવ એવો જ્ઞાન છે એ તો જ્ઞાનનો ધરનારો આત્મા છે. હવે એ જ્ઞાનમાં દરેક ક્ષણે, દરેક ક્ષેત્રે, દરેક પ્રસંગમાં તેનું તે તે સંબંધીનું આ જ્ઞાન થાય છે તે જ્ઞાનની અસ્તિને પોતે અનુભવે છે કે જે અસ્તિમાં એ છે, જ્ઞાનના અસ્તિત્વમાં એ છે પણ એ જ્ઞાનના અસ્તિત્વમાં ન માનતા જે ચીજ જણાય છે એની દૃષ્ટિ છે તેથી આના અસ્તિત્વને લઈને આ છે અને આના હોવાને લઈને હું છું, એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. મૂળ તો માર્ગ એણે કોઈ દી જાણ્યો નથી. એણે પોતાની શું ચીજ છે એની નજર કરી જ નથી. એથી એને આ નજરની વાત બેસવી કઠણ પડે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ ચૈતન્ય ભગવાન શરીર પ્રમાણે જ્ઞાન ચૈતન્ય-સૂર્ય, જ્ઞાન-દીપક, પ્રકાશ (છે). હવે કહે છે કે ***આબાળ-ગોપાળને તે જ્ઞાન જ અનુભવમાં આવે છે, ચીજ નહિ. જેમ રાગ આવ્યો. એ રાગનું જ્ઞાન અહીં અનુભવમાં આવે છે, રાગ નહિ.*** કારણ કે રાગ અહીં આવતો નથી. રાગ સંબંધીનું જ્ઞાન આમાં હોય છે, રાગ આમાં આવતો નથી. સમજાણું કાંઈ ? ખરેખર તો બાળકથી માંડીને વૃદ્ધને રાગ-દ્વેષનું, દયાના ભાવ આવ્યા તેનું જ્ઞાન, હિંસાનો (ભાવ) આવ્યો તેનું જ્ઞાન, ક્રોધ થયો એનું જ્ઞાન, આ ક્રોધ એવું જ્ઞાન એ જ્ઞાન એના સંબંધીનું જ્ઞાનનું અસ્તિત્વ આમાં છે. એ ચીજ આમાં નથી. છતાં આ જ્ઞાન મારી ચીજ છે એવો અનુભવ ન કરતાં એ જ્ઞાનનું હોવાપણું આને લઈને એ સંબંધીનું થયું એટલે જાણે આને લઈને થયું એમ એની દૃષ્ટિ અનાદિની પરમાં પોતાનું અસ્તિત્વ માને છે. સમજાણું કાંઈ ?

'શ્રીમદ્'માં છે ને ? એ આપણે રાખ્યું હતું. નહિ ? ઊર્ધ્વતા સ્વભાવ. 'શ્રીમદ્' કહ્યું છે ને ? બહુ ટૂંકામાં લખ્યું છે. કેટલામું પાનું છે ? એ જ આવ્યું, લ્યો ! ક્યાં હશે ? જુઓ ! **'કોઈપણ જાણનાર...'** ઊર્ધ્વતાની વ્યાખ્યા કરે છે. **'સમતા, રમતા, ઉર્ધ્વતા જ્ઞાયકતા સુખ ભાસ.'** એ પાનું ૨૫૦ છે. પત્ર તો અહીં નાખ્યો છે, હોં ! જુઓ અહીં ઊર્ધ્વ. **'કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈપણ પદાર્થને...'** આટલા સિદ્ધાંત મૂકે છે. કોઈપણ જાણનાર એટલે આત્મા, ક્યારે પણ કોઈ કાળે, કોઈપણ પદાર્થને જ્ઞેય–સામી ચીજ, **'પોતાના અવિદ્યમાનપણે જાણે...'** પોતાની અહયાતીએ આને જાણે એમ બને ? હું ત્યાં નહોતો અને મને ત્યાં જ્ઞાન– એનું જાણવું થયું એમ બને ?

**'કોઈપણ જાણનાર...'** બહુ ટૂકા શબ્દમાં ઊર્ધ્વતાની વ્યાખ્યા કરી છે. આ શ્લોકમાં ઊર્ધ્વ શબ્દ આવે છે ને ? ભાઈએ ઊર્ધ્વ સ્વભાવ કર્યો છે, ભાઈએ. 'શુભચંદ્રાચાર્ય'એ. ઊર્ધ્વ સ્વભાવ કર્યો છે. **'अच्छम् उद्रच्छत्'** નિર્મળ **'उद्रच्छत्'** નિર્મળ નિર્મળ થયા કરે છે. એમ 'જયચંદ્રજી' પંડિતે (અર્થ) કર્યો છે. પેલામાં ઊર્ધ્વતત્ (કર્યો છે). 'પરમ અધ્યાત્મ તરંગિણી'માં ઊર્ધ્વ સ્વભાવ કર્યો છે. ઊર્ધ્વ સ્વભાવ (એટલે) અગ્ર જવાનું કર્યો છે.

**'કોઈપણ જાણનાર ક્યારે પણ કોઈપણ પદાર્થને...'** કોઈપણ એટલે શરીર, વાણી, ગોળ, ખાંડ, સાકર, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, વિકલ્પો બધાને. **'પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય નથી.'** કહ્યું ? **'પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે.'** પ્રથમ પોતાની હયાતી ઘટે છે. પોતાની હયાતી ઘટે છે, પ્રથમ પોતાનું હોવાપણું સંભવે છે, ત્યારે તે ચીજ જણાય છે. એટલે પોતાનું હોવાપણું ત્યાં જણાય છે. **'અને કોઈપણ પદાર્થનું ગ્રહણ, ત્યાગ આદિ...'** ગ્રહણ– આ લેવું, પછી છૂટ્યું એનું અહીં જ્ઞાન થાય છે. આ ગયું અને આવ્યું એનું અહીં જ્ઞાન થાય છે, હોં. એ જ્ઞાન ગ્રહણ–ત્યાગનું કર્તા નથી. આ ગયું અને આ આવ્યું એનું અહીં જ્ઞાન થાય છે.

**'ગ્રહણ-ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં પોતે જ કારણ છે.'** સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ આહાર આવ્યો એ પણ એક જાણ્યું, ગયો એ જાણ્યું, ન આવ્યો એ જાણ્યું. એ જાણવાનો જ કર્તા, વિદ્યમાન જાણપણામાં જ એ છે. પેલી ચીજમાં એ નથી. એ ચીજને ગ્રહણ-ત્યાગ કરી નથી. છતાં એમ માને છે કે મેં આને છોડ્યું, મેં આને ગ્રહ્યું. એનું જ્ઞાન વિદ્યમાન છે કે આ ગયું અને આવ્યું એનું જ્ઞાન કરે છે અહીંયાં. એ જ્ઞાનની હયાતીને અનુભવે છે. એમ ન માનતા મેં આને છોડ્યું અને આને ગ્રહ્યું (તો એ) મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? ભારે આમાં.. વેપારીને આમાં મગજ કામ કરતું હશે ? વકીલોનું કરે.

**શ્રોતા :–** આત્માનું જ્ઞાન કરવાનું છે ને એમાં વેપારીને શું... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વકીલો મગજવાળા હોય એનું કામ કરે, અમે તો વેપાર કરીએ. જાઓ ! શેરબજારમાં ગયો, લેતી-દેતી, દેતી-લેતી (કરીએ). હમણાં એક છોકરો કહેતો હતો, સમજ્યા ને ? મહારાજ ! અમે દેતી-લેતી (કરીએ). કો'ક આવ્યા હતા, 'જોરાવરનગર'. 'સિહોર' ગયા હતા. તમે કહો છો કે આત્માને જાણવું એ વસ્તુ. અમે તો દેતી-લેતીને સમજીએ. જુવાન છોકરા આ દીધું અને લીધું. હવે દીધા-લીધાની વાત અહીં ક્યાં છે ? દીધા-લીધાની જે ક્રિયા થાય છે તેનું અહીં જ્ઞાન થાય છે. એ ત્યાગ-ગ્રહણનું અહીં જ્ઞાન છે. એ જ્ઞાનની હયાતીમાં આ જણાય છે. એ ત્યાગ ગ્રહણમાં તું નથી. ત્યાગ-ગ્રહણ તારે લઈને નથી. ત્યાગ-ગ્રહણ સંબંધીનું જ્ઞાનમાં તારું જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

**'પ્રથમ પોતાનું વિદ્યમાનપણું ઘટે છે, અને કોઈ પણ પદાર્થનું ગ્રહણ, ત્યાગાદિ કે ઉદાસીન જ્ઞાન થવામાં...'** ઉદાસીન એટલે હો કે જાઓ-આવો, ગમે તે એનો જાણનાર છું, એનો જાણનાર છું. **'થવામાં પોતે જ કારણ છે. બીજા પદાર્થના અંગીકારમાં તેના અલ્પમાત્ર પણ જ્ઞાનમાં...'** બીજી ચીજ અહીં આવી. પણ એમાં આ જ્ઞાન જાણે છે કે આવ્યું એટલું. આવ્યું એટલું, હોં ! એને લાવ્યો એમ નહિ. આ આવી ચીજ એ જાણી અહીં તો. જાણવાનું એ કામ (કરે છે), જાણવાનો અનુભવ કરે છે. એ ચીજ મેં લાવી એવી માન્યતા તે મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો છે. સમજાણું કાંઈ ? જુઓ !

**'બીજા પદાર્થના અંગીકારમાં, તેના અલ્પમાત્ર પણ જ્ઞાનમાં...'** અલ્પમાત્ર પણ જ્ઞાનમાં **'પ્રથમ જે હોય, તો જ થઈ શકે...'** જ્ઞાન પ્રથમ હોય તો જ તે સંબધીનું અહીં જ્ઞાન થઈ શકે. **'તેવો સર્વથી પ્રથમ રહેનારો જે પદાર્થ તે જીવ છે. તેને ગૌણ કરીને એટલે તેના વિના કોઈ કંઈ પણ જાણવા ઇચ્છે તો તે બનવા યોગ્ય નથી. માત્ર તે મુખ્ય હોય તો જ બીજું કંઈ જાણી શકાય.'** તે જ મુખ્ય હોય તો બીજું કંઈ જાણી શકાય. એ જ મુખ્ય હોય, વિદ્યમાન હોય તો બીજું કાંઈ જાણી શકાય. **'એવો એ પ્રગટ 'ઊર્ધ્વતાધર્મ' તે જેને વિષે છે, તે પદાર્થને શ્રી તીર્થંકર જીવ કહે છે.'** સમજાણું કાંઈ ?

એ અહીં કહે છે. ભાઈ ! કોઈપણ પદાર્થના ગ્રહણ-ત્યાગમાં કે ઉદાસીનમાં કે અલ્પ પણ તેનું લેવું કે એનું જ્ઞાન થવું એ બધામાં જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાન જ જાણે છે. એ જ્ઞાનનો જ એને અનુભવ છે ખરેખર. પણ અનાદિથી આ જ્ઞાન, આ જ્ઞાન તે હું છું એવા અસ્તિત્વની પ્રતીતિની ખબર નથી. તેથી એ પરની સાથે... કહે છે, જુઓ !

આવો **'અનુભવમાં આવવો હોવા છતાં પણ અનાદિ બંધના વશે...'** પણ અનાદિ પર ઉપર એની દૃષ્ટિ છે. આ રાગને હું જાણું, રાગ મારું. શરીરને હું જાણું, શરીર મારું. સમજાણું ? જે જણાય છે, જે સંબંધીનું જ્ઞાન (થાય છે) એ પોતાનો અનુભવ છે, છતાં આ હું છું એમ ન માનતા આ હું છું, આ હું છું, આને જાણું છું, આ મારું છે એવા અજ્ઞાનને લઈને **'અનાદિ બંધના વિષે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી...'** ***જ્ઞેય સંબંધીનું જ્ઞાન તે જ્ઞાનને હું જાણનાર (છું), એને (પરને) નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?***

જીવની હયાતી સિદ્ધ કરે છે. જીવનું હોવાપણું જ્ઞાનસ્વરૂપે છે, જ્ઞાનભાવે છે, જ્ઞાનસ્વભાવે એની હયાતી છે. તો કહે છે, જ્યાં-ત્યાં જ્ઞાન જ જાણવામાં આવે છે. ગોળ સંબંધીનું ગળ્યા સંબંધીનું અહીં જ્ઞાન (થયું), હોં ! ગળ્યું નહિ, જ્ઞાન ગળ્યું ન થાય. ગળ્યું જ્ઞાન થાય તો જ્ઞાન અરૂપી ચેતન છે એ ગળ્યું જડ થઈ જાય. સમજાણું કાંઈ ? પણ એને એમ થઈ જાય છે કે હું ગળ્યો થઈ ગયો, હું ખાટો થઈ ગયો, હું તીખો થઈ ગયો. હું શરીર થઈ ગયો, હું વાણી થઈ ગયો, હું રાગ થઈ ગયો. એમ જ્ઞાનમાં ઊંધી માન્યતા ભાસે છે તે મિથ્યાત્વને લઈને છે. તેથી આત્મા ભિન્ન છે તેવું એને પ્રતીતમાં આવતું નથી. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! આવી મોટી ભૂલ રહી ગઈ હશે ? છે ને પણ જુઓને, કાંઈ ભાન જ ક્યાં છે એને ? કોણ છું ? અને કેવડો છું ? આહા..હા...! ચોર્યાશીના અવતાર... આહા..હા...! અરે...! કીડા, કાગડા, કૂતરા... કેટલા ભવ ? અનંત... અનંત... અનંત... એક-એક યોનીના અનંત. ખાલી છે ? ખાલી નથી તો રહ્યો ક્યાં ? સ્વરૂપમાં તો આવ્યો નથી. સ્વરૂપમાં હોય તો સુખી થઈને મુક્તિ હોય. આ રખડ્યો શરીરમાં અનેક શરીર (ધારણ કર્યાં)... રખડતા, રખડતા અનંત-અનંત અવતાર (કર્યાં) ! અનંત–આદિ નહિ એટલા અવતાર ! એક-એક યોનીના ! એ આત્માના સ્વરૂપના ભાન અને અનુભવ વિના (થયા). સમજાણું કાંઈ ?

(અહીંયા) કહે છે, ***આબાળ-ગોપાળને તો આ જ અનુભવમાં આવે છે–જ્ઞાન જ અનુભવમાં આવે છે, એ ચીજ નહિ. શેરડીનો રસ જ્યારે જ્ઞાનમાં આવે છે એ શેરડીનો રસ નથી આવતો, રસ સંબંધીની પોતાની જ્ઞાનની હયાતી એનું જ્ઞાન કરે છે. એ જ્ઞાન ખ્યાલમાં આવે છે. સમજાણું કાંઈ ?*** આ વેપારની લેવા-દેવાની ક્રિયા થાય, આ દીધું-લીધું, આ ચોપડી બનાવવાનું લ્યોને આપણે ભાઈનું લઈએ. એ..ઇ...! ભાઈનો દાખલો લઈએ ને તો સહેલો પડે. ચોપડી, આ ચોપડી આમ થઈ, અક્ષર આમ થયા એ સંબંધીનું જ્ઞાન અહીં છે. એ જ્ઞાન એમ જાણે છે કે આ તે છે અને હું તે અજ્ઞાન છું. પણ એ જ્ઞાન એમ જાણતા એમ નથી જાણતો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનાદિનો કે ના, એ આ છું. આ છું. આને મેં બનાવ્યું. એટલે આ છું (એમ) એનો અર્થ થયો. એ તો છે, એ તો છે, એણે બનાવ્યું એમ માને છે એટલે એની બુદ્ધિ પર ઉપર જાય છે. સમજાણું કાંઈ ? અસ્તિ દેખાય છે કે નહિ અક્ષરોની ? પુસ્તકની અસ્તિ દેખાય છે કે નહિ ? કે નથી એમ દેખાય છે ? છે. તો છે એ વર્તમાન હાલત જે છે આમ પર્યાય–અવસ્થા દેખાય છે એ કોઈ તત્ત્વની છે કે નહિ ? કે આત્માની એ અવસ્થા છે ?

**શ્રોતા :–** પરતત્ત્વની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પરતત્ત્વની અવસ્થા છે. પરમાણુઓ છે. રજકણ ઝીણા સૂક્ષ્મ છે એની એ અક્ષર અવસ્થા છે. અક્ષર અવસ્થા એની છે, આત્માની નહિ. આત્મા એ સંબંધીનું જ્ઞાન પોતે કરે કે આ છે. આ છે, હોં ! પણ આ છે એ મારામાં નહિ અને એ છે એ મારે લઈને નહિ. આ છે એ મારામાં નહિ, એ છે તે હું નહિ અને એ છે તે મારે લઈને નહિ.

**શ્રોતા :–** મારામાં નહિ એ જાણે છે પણ મારે લઈને નહિ એમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના એ વાત સાચી છે. મારે લઈને છે એ માને છે. બસ ! વાત ઈ છે, લ્યો ! એની હયાતી જડરૂપે છે, આની હયાતી જ્ઞાનરૂપે છે. જ્ઞાનરૂપે હયાતી ન માનતા અને જડની જડપણે હયાતી ન માનતા, મારે લઈને એની હયાતી (છે) એ ભ્રમ અજ્ઞાનીને પડ્યો છે. કેમ ? ભાઈ ! ન્યાયથી છે કે નહિ ? લોજિક છે ? ન્યાય તો 'ની' ધાતુ છે. ની ધાતુ એટલે જેવું સ્વરૂપ છે તેમાં ની–દોરી જવું, લઈ જવું, વાસ્તવિકતા... એનું નામ ન્યાય કહેવાય. '...ભાઈ' ! આહા..હા...! ઇ અહીં કહે છે, જુઓ ! એ..ઇ..! તમારે શું શેરબજારમાં ધમાલ ચાલે ને ! આ દીધી, આ લીધી. એ તો કહે છે, જડની ભાષા થાય. એની હયાતી જડમાં છે. આ તો જાણનારો પહેલો છે કે આમ થયું એમ જાણે. ખરેખર તો એના જ્ઞાનમાં જાણવાનો જ અનુભવ છે. છતાં એ નહિ. આને જાણ્યું અથવા આ મારે લઈને છે અથવા એને લઈને હું છું, એને લઈને મારું જ્ઞાન છે. ખોટી વાત. જ્ઞાન તારે લઈને તારું છે. એને લઈને નહિ. ઇ એને લઈને છે, તારા જ્ઞાનને લઈને નહિ. આ જીવ-અજીવ અધિકાર છે ને ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મેં શબ્દ કહ્યા હતા એમાંથી. મારે લઈને હોય, એ જડની અવસ્થા ચૈતન્યને લઈને હોય તો ચૈતન્ય તો જાણે છે કે આ છે. એને જાણ્યું કે આ છે. આ નહોતું ને એમ જાણ્યું ? છે એમ જાણ્યું. છે તો એનાથી છે કે આનાથી છે ? છે એમ આણે જાણ્યું. અને જ્ઞાન છે એ જ્ઞાને પોતાને છે એમ જાણ્યું.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લખે કોણ પણ ? એ ભ્રમ છે ને, કહે છે. લખવાના પર્યાયને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પહેલું જ્ઞાન વિદ્યમાન ન હોય તો જાણે કોણ ? કે આ લખાય છે, આ થાય છે. એ તો જ્ઞાનમાં એની વિદ્યમાનતામાં એ જણાય છે. આની વિદ્યમાનતામાં એ જણાય છે. એનું વિદ્યમાનપણું અહીંયાં જણાય છે એમ નહિ. એની વિદ્યમાનપણાનું જ્ઞાન એ જ્ઞાનની વિદ્યમાનતામાં જણાય છે. 'ભગવાનજીભાઈ' ! ઝીણી વાત છે, બાપુ !

આ જીવ-અજીવ અધિકાર છે ને ! ભગવાન આત્મા તો જાણવાનું જ કાર્ય કરે છે. ચૈતન્ય એનો ગુણ છે. વસ્તુ ગુણી–શક્તિવાન છે અને જ્ઞાન એનો મુખ્ય ગુણ (છે). હવે એ જ્ઞાન પ્રસંગે-પ્રસંગે ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ સંયોગમાં એ સંબંધીનું જ્ઞાન, એ જ્ઞાનનું જ્ઞાન પોતાને અનુભવમાં આવે છે. પણ આ જ્ઞાનનું અસ્તિત્વ તે હું છું એમ ન માનતા આને લઈને હું છું અને મારે લઈને એ છે એમ અનાદિની એકત્વબુદ્ધિ–મિથ્યાત્વને કારણે એને સમ્યગ્દર્શન થતું નથી, સમ્યગ્જ્ઞાન થતું નથી પહેલા એમ કહેવું છે. પહેલું જ્ઞાન સાચું થતું નથી. જ્ઞાન સાચું થતું નથી (એટલે) શ્રદ્ધા સાચી થતી નથી, શ્રદ્ધા સાચી થતી નથી એટલે આચરણ સાચું થતું નથી, આચરણ સાચું થતું નથી એટલે આત્માની પ્રાપ્તિ થતી નથી, આત્માની પ્રાપ્તિ થતી નથી એટલે અનાદિકાળથી રખડી રહ્યો છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે ને પણ આમાં ન્યાય, લોજિક, ન્યાયથી (વાત કરી છે). 'ની' ધાતુ છે, ન્યાયથી સમજવું પડશે ને ! ન્યાયમાં 'ની' ધાતુ છે. 'ની' એટલે દોરી જવું. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેમાં જ્ઞાનને લઈ જવું કે આમ હોય, આમ ન હોય. એનું નામ ન્યાય કહેવાય છે. લૌકિકના ન્યાયની વાત નથી, આ તો લોકોત્તર ન્યાય–ભગવાન પરમેશ્વરના કહેલા ન્યાય છે. 'ભગવાનજીભાઈ' !

**શ્રોતા :–** લૌકિક વાત નથી આ !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો લોકોત્તર વાત છે, ભાઈ ! જગતથી જુદી છે. જગતથી જુદી અને જગતથી જુદી પડવાની (વાત છે), એકરૂપ થવાની નહિ. આહા..હા...! શું હશે આમાં ? 'મલુપચંદભાઈ'! આ મંદિર બને અને આ બધું બને, કહે છે, ભગવાન ! સાંભળને ! તે કાળે તારું જ્ઞાન તે સંબંધી અહીં થાય છે એવી જ્ઞાનની હયાતી–જ્ઞાનનું હોવાપણું જણાય છે. એને ઠેકાણે એનું હોવાપણું તારે લઈને અને એના હોવાપણાને લઈને તારા હોવાપણું (છે એમ) મિશ્ર કરી નાખ્યું આખું.

**શ્રોતા :–** એના હોવાપણાને લઈને અહી જ્ઞાન થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એના હોવાપણાને લઈને હું–જ્ઞાન છું અને મારા જ્ઞાનપણાને લઈને એનું હોવાપણું (એ) અજ્ઞાનીનો મિથ્યાભ્રમ છે. કહો, સમજાય છે કાંઈ આમાં ? અને આ તો ન્યાયથી ટુંકા સૂક્ષ્મ ભાવમાં પણ એને સમજાય એવી વાત છે. આ એમ નથી કે મોટા પલાખા શીખવા પડે, બહુ સંસ્કૃત વ્યાકરણ (શીખવા પડે). સંસ્કૃત વ્યાકરણ શીખ્યો હોય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને મોટો પંડિત થયો હોય તો સમજાય. એવી કાંઈ (વાત નથી). એ તો વસ્તુની સ્થિતિ એવી છે કે થોડામાં, થોડા કાળમાં, થોડા જ્ઞાનમાં એને સમજાય જાય. મોક્ષ કરવા માટે અનંતકાળ જોઈતો હોય તો કોઈનો મોક્ષ થાય જ નહિ. રખડવા માટે અનંતકાળ ગયો ભ્રમમાં પણ ભ્રમ ભાંગવા માટે ભગવાન થવામાં અનંતકાળ જોઈએ જ નહિ.

**શ્રોતા** :– એ તો બહુ મર્યાદિત કાળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અસંખ્ય સમય જ હોય એના. ઘણીવાર કહીએ છીએ ને ! સમજાણું ? સાધકને અસંખ્ય સમય જ હોય. અસંખ્ય સમયમાં પૂર્ણદશા થઈ જ જાય. બીજ ઊગી એ પૂનમ થઈ જાય, એમ સમ્યગ્જ્ઞાન થયું એને પૂર્ણ જ્ઞાન–કેવળજ્ઞાન થાય જ ! પણ પહેલા વાંધા જ શરૂઆતમાં સમ્યગ્જ્ઞાનમાં છે.

એ ચીજ છે તો હું જાણવાનું કામ કરું છું. એ શું કીધું ? કે આ ચીજ છે. રાગ થયો તો એ રાગનું જ્ઞાન, રાગને લઈને જ્ઞાન થયું. પહેલું કેમ જ્ઞાન નહોતું એનું ? પણ પહેલું જ્ઞાન એનું નહોતું તો જ્ઞાન પહેલું બીજાનું હતું. પણ એ બીજા સમયનું જ્ઞાન તો પોતાની હયાતીનું હતું. રાગની હયાતીને લઈ (નહોતું). પહેલો દ્વેષ હતો એનું જ્ઞાન કંઈ દ્વેષની હયાતીને લઈને જ્ઞાન હતું ? જ્ઞાન તો જ્ઞાનનું હતું. દ્વેષને જાણ્યું. જ્ઞાન જ્ઞાનની હયાતીનું હતું. રાગને જાણ્યું. રાગ સંબંધીનું જ્ઞાન, જ્ઞાનનું હતું. એ જ્ઞાન કાંઈ રાગનું નહોતું. અને એ જ્ઞાનનો રાગ નહોતો અને એ જ્ઞાનનો દ્વેષ નહોતો. ન્યાય સમજાય છે કાંઈ ? 'ભગવાનજીભાઈ'! આ તો વેપારીને સમજાય એવું છે, હોં ! એમ ન સમજવું કે અમે વેપાર કરનારાને આવું ઝીણું (નહિ સમજાય).

**શ્રોતા** :– આ અહીંયાં વેપારની જ વાત છે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ અંદરનો ઉપયોગનો વેપાર છે.

**શ્રોતા** :– એમાં પણ લેતી છે જ્ઞાનની અને દેતી છે અજ્ઞાનની !

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અજ્ઞાન જાવ. એ મારું નહિ અને આ તે હું. કહો, સમજાણું આમાં ? કહે છે કે કેમ એને સમ્યગ્જ્ઞાન થયું ? આત્મજ્ઞાન કેમ ન થયું ? આત્મજ્ઞાન થાય... એ તો પહેલી વાત કરી હતી. મિશ્રપણું જે રાગ, પુણ્ય-પાપ મારા છે એમ જણાય છે એને જાણનારો જુદો પાડીને, ભેદજ્ઞાન કરીને આત્મજ્ઞાન થાય, તો આત્મજ્ઞાન થાય તો એને સમ્યગ્દર્શન થાય જ. સમ્યગ્દર્શન હોય એને આચરણ કેમ કરવું એ પણ પ્રતીતમાં આવી જાય. પ્રતીતમાં આવ્યા પછી આચરણ કેમ કરવું એ આચરણ પણ કરે અને આચરણ કરે એટલે સીધી મુક્તિની નિષ્કર્મ અવસ્થા, પરમાનંદની દશા તેને પ્રાપ્ત થાય, થાય ને થાય !

**શ્રોતા** :– કેમ ન થઈ ઇ વાત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– હવે કેમ ન થઈ એની આ તો વ્યાખ્યા ચાલે છે. અનુપપત્તિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બીજો બોલ છે ને ? અન્યથા અનુપત્તિ (છે), બીજી રીતે નહિ. સમજાણું કાંઈ ? આ તો અધ્યાત્મશાસ્ત્ર છે, ભાઈ ! આ તો ગંભીર સૂત્ર છે.

કહે છે, આવું આત્મજ્ઞાન રાગથી, પરથી ભિન્ન એવું ભેદજ્ઞાન કરતો નથી અને જેણે ભેદજ્ઞાન કર્યું એને આત્મજ્ઞાન વસ્તુ છે પોતે તેનું જ્ઞાન થયું. એના જ્ઞાનમાં જગતની ચીજો છે એ પણ અહીં જાણવા સંબંધીનું પોતાનું જ્ઞાન થયું. આત્મજ્ઞાનમાં આત્માનું જ્ઞાન થયું અને પર ચીજ આમાં નથી એવું પણ એમાં જ્ઞાન થયું. એ બધું આત્મજ્ઞાન છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. રાગાદિ, પુણ્યાદિ, શરીરાદિ નહિ એમ જે આત્મજ્ઞાન થયું એ આત્માનું જ્ઞાન થયું. એમાં રાગાદિનું અહીંયાં જ્ઞાન છે. રાગ નહિ. તો રાગ સંબંધીનો જેમ અભાવ છે, શરીર સંબંધીનો અભાવ છે. આ અસ્તિનું જ્ઞાન અને નાસ્તિનું એ બન્ને થઈને આત્મજ્ઞાન કરવામાં આવે છે. 'સ્વ–પરપ્રકાશક'. સમજાણું કાંઈ ?

કહે છે, એ રીતે જ્ઞાન થાય તો તો તેને આત્મજ્ઞાન પ્રગટ થયું અને આત્મજ્ઞાન પ્રગટ થતાં શ્રદ્ધા થઈ કે ઓહો...હો...! આ આત્મા ! આ જાણનાર, દેખનાર એ જ આત્મા ! અને એ આત્મામાં ઠરવાથી મારું ચારિત્ર થશે. એટલે કર્મથી છુટીશ. એટલે અસ્થિરતાથી છુટીશ. અને એમાં ઠરવાથી અસ્થિરતાથી છુટે. સ્થિરતા પૂર્ણ થઈ જાય. પૂર્ણ આનંદની પ્રાપ્તિ થાય એનું નામ સિદ્ધિ, એનું નામ મુક્તિ, એનું નામ પોતાના સાધ્યની પ્રાપ્તિ. સમજાણું કાંઈ ? આ તો સર્વજ્ઞ પરમેશ્વરના ઘરની ન્યાયની વાત છે. એણે જરી જ્ઞાનને કેળવવું પડે. અનાદિથી એ વાત એણે લક્ષમાં લીધી જ નથી. કાં તો આ દયા પાળવી, વ્રત પાળવા, ભક્તિ કરવી, આ કરવું અને દેરાસર બનાવવું અને એનાથી મને ધર્મ થઈ જશે એમ માનીને પરમાં રોકાઈ ગયો છે. 'વજુભાઈ'! ***આહા..હા...! પણ એ બધી ચીજના કાળમાં મારો કાળ તે સંબંધીના જ્ઞાનનો મારો કાળ હતો, એ જ્ઞાનને હું જાણું છું. ખરેખર તો જ્ઞાનને જાણું છું. એનો અર્થ થયો કે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેને જાણું છું.*** એમ ન આવતા એ જ્ઞાન આને જાણે છે માટે આ સંબંધીનું જ્ઞાન મને છે. એટલે એ છે તો મને છે. અને હું છું તો એ છે. એમ બેની એકત્વબુદ્ધિ કરીને... જુઓ !

**'અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે...'** એટલે રાગાદિ બધું પરદ્રવ્ય. **'એકપણાના નિશ્ચયથી...'** એકપણાનો એને નિર્ણય છે. શું કહ્યું ? જુઓ ! આ શરીર છે એમ ખ્યાલ આવ્યો અને એ પહેલા એક બીજો ખ્યાલ આવ્યો કે આ વાણી નીકળે છે એનો ખ્યાલ આવ્યો. ત્યારે એને એમ થઈ જાય છે કે આ વાણી નીકળી એનો ખ્યાલ આવ્યો તો એ વાણી નીકળી તે કાળે ખ્યાલ આવ્યો માટે વાણીને લઈને ખ્યાલ આવ્યો. શરીરને જાણવા કાળે શરીરની હયાતી ખ્યાલમાં આવી તો શરીરની હયાતી છે અને ખ્યાલમાં આવી માટે શરીરની હયાતીને લઈને આ જ્ઞાન થયું. એમ મૂઢને થઈ જાય છે. સમજાણું કાંઈ ?

પોતાના હોવાપણાનું જે જ્ઞાન પોતાનું છે, પર પણ છે એ સંબંધીનું જ્ઞાન પોતાના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વિદ્યમાનપણે છે એવું જ્ઞાન તે હું છું એમ દૃષ્ટિ ન કરતા, એ જ્ઞાનમાં જે જણાણું તે કાળે અને તે સંબંધીનું જ્ઞાન અહીં હોય એટલે એ જાણે કે આ છે તો આનું જ્ઞાન થયું અને મારું જ્ઞાન એ સંબંધીનું થયું તો મારા જ્ઞાનમાં પણ એ ચીજ આવી એટલે જ્ઞાન પણ છે એ જાતનું (થયું કે) આ ચીજ થઈ. વાણી થઈ, શરીર થયું, રાગ થયો, ધૂડ થઈ. ધૂડ એટલે આ રોટલી થઈ અને દાળ થઈ. બધું ધુડ છે એમ એને ખ્યાલમાં આવે છે. ફક્ત ખ્યાલમાં આવે છે કે આ થાય છે. એ વખતે જ્ઞાન જાણે છે. ***એ જ્ઞાનને આત્મા જાણે છે. એને ઠેકાણે (માને) કે આને જાણું છું અને આ તે હું છું, આના લઈને આ છે (એ) અજ્ઞાનીનો ભ્રમ છે.*** બેના હોવાપણાની ભિન્નતાનું ભાન એને નથી. બેની હોવાપણાની એક્તાનું એને ભાન થઈ ગયું છે. કહો, 'પ્રાણભાઈ'! સમજાય એવું છે કે નહિ ? આપણે હળવે હળવે કરીએ આપણે ક્યાં પ્રોફેસરની જેમ એકદમ... પેલા પ્રોફેસર હોય ને ? એક કલાક કરી જાય, લ્યો ! સમજાણું કાંઈ આમાં ? આ બે લીટીમાં આટલું ભર્યું છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, ઓ..હો..! **'આબાળ-ગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં...'** પોતે જ જ્ઞાનનો અનુભવ છે. પોતે જ જ્ઞાન છે એમ અનુભવે છે. એમ ન માનતા **'અનાદિ બંધના વશે...'** પોતે અનુભવમાં આવે છે છતાં રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, વાણી નહિ, દ્વેષ નહિ. કહો, સમજાણું ? આ કાર્યકરો છે ને બધા ? દેશના કાર્યકરો ફલાણું, ઢીકણું... કહે છે કે એ કાળે તો તે સંબંધીના કાર્યનું જ્ઞાન અહીંયાં છે એ પોતાનું જ્ઞાન પોતાથી થયું તેને અનુભવમાં આવે છે. પણ એમ અનુભવ ન માનતા આ બધા કાર્યો છે માટે આ જ્ઞાન થાય છે. આ જ્ઞાનની હયાતી પરના કાર્ય લઈને આની હયાતી (હશે) ? પરના કાર્ય અને આની હયાતી ? કે આની હયાતી પોતાને લઈને હયાતી (છે) ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ કીધું ને ! એ સમયે તો એ જાતની હયાતીનું જ્ઞાન છે. એ સંબંધી એ જાતની જ્ઞાન પર્યાય છે ને ! પર્યાય એકરૂપ રહી શકે નહિ. ગુણ ત્રિકાળ રહે. હયાતી જ્ઞાનની અવસ્થા એકરૂપ ન હોય. અને એકરૂપ ન હોય ત્યારે ભિન્ન-ભિન્ન ચીજો જુદી પડતા, ભિન્ન-ભિન્ન જ્ઞાન થયું એટલે અજ્ઞાનીને એમ ભાસે છે કે આને લઈને હું અને આ જ્ઞાને લઈને એ ! પણ જ્ઞાનનો ભિન્ન-ભિન્ન કાળ જ જુદી જાતનો છે. પોતાની અવસ્થાની પોતાને કારણે એની હયાતી ભિન્ન-ભિન્ન છે. પરને કારણે ભિન્ન-ભિન્ન હયાતી નહિ. અને સામા પદાર્થની પણ અવસ્થા ભિન્ન-ભિન્ન છે એ એના પદાર્થને કારણે ભિન્ન-ભિન્ન અવસ્થા છે. જ્ઞાનને કારણે ભિન્ન-ભિન્ન અવસ્થા નહિ. સમજાણું કાંઈ ? ભારે વાત, ભાઈ ! કહો, સમજાય છે કે નહિ આમાં ? એ..ઇ..! 'અમુલખભાઈ'! આહા..હા...! ભારે ઝીણું. એનો મતલબ બહુ સાદું અને સહેલું છે પણ એણે કોઈ દી એની નજર નાખી નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** નજર નથી નાખી ... તો નહિ નાખી હોય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી નાખી... થયો ને ! ઊંધી કરી ઊંધી. આહા..હા...! શરીરનું હાલવું, ચાલવું, બોલવું, પડવું, તૂટવું, રોગ થવો, નીરોગ થવું એ બધી હયાતી જડની જડમાં થાય છે. એ સંબંધીનું જ્ઞાન, જ્ઞાનના કાળે પોતાને કારણે સ્વ અને પરને જાણવાના સ્વભાવવાળું જ્ઞાન પોતાથી થયેલું જ્ઞાન છે. એ જ્ઞાનનો અનુભવ એને છે. એમ ન માનતા આને લઈને આમ છે અને મારે લઈને આ છે (એ) ભ્રમમાં અનાદિથી મિથ્યાત્વમાં પડ્યો છે. એને આત્માનું જ્ઞાન નથી. સ્વ–પરપ્રકાશક છે તેવું તેને જ્ઞાન થતું નથી.

**શ્રોતા :–** ખાવામાં ભૂલ્યો એટલે માંદો પડ્યો ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂડ પણ માંદો પડ્યો નથી. એ અવસ્થા થવાની હતી. ખાવામાં ભૂલે કોણ ? એની સાવચેતી રાખે છતાં રોગ થાય છે. સમજાણું કાંઈ ? અને માંસ ખાય એને નિરોગતા રહે છે, લ્યો ! માંસ ખાય અને નીરોગતા રહે અને મોસંબીના પાણી પચે નહિ. એ તો એની પર્યાય થવાને કાળે એની થાય, સમજ તો ખરો. આહા..હા...! કાચા બોકડા... કાચા બોકડા ખાય અને પચી જાય. એ તો પરમાણુની એ અવસ્થા પુણ્યને લઈને થવાની હોય તો થાય. અને મોસંબીનાં પાણી હોય, મોસંબી પાણી આમ નાખે એ ભેગું નીકળી જાય. મોસંબી પચે નહિ, મોસંબી પચે નહિ. અમારે 'જીવરાજજી' ને થયું હતું ને. 'જીવરાજજી' ! નાના હતા ને. .. ગુજરી ગયા. મોઢામાં મોસંબી નાખી. એના કાકાના દિકરા હતા, (સંવત) ૧૯૯૪ માં ગુજરી ગયા. ... નાખી મોસંબી એવી હેઠે નીકળી ગઈ. થઈ રહ્યું,... મોસંબી સંઘરી નહિ. આ તો પ્રસાદ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, નીકળી જાય. છે ને ? '...' 'પ્રેમચંદભાઈ' નો દીકરો. ખાવ એવું નીકળી જાય, ઊલ્ટી થઈ જાય. એ કાંઈ રાખી રહે ? અને લોકમાં પણ નથી કહેવાતું કે ભાઈ ! ખાનારનું દાણે દાણે નામ છે. એમ કહેવાય છે. એનો અર્થ શું છે ? કે જે દાણો ત્યાં આવવાનો એ આવવાનો અને ન આવવાનો ન આવવાનો. અહીં સુધી આવ્યો છતાં અંદર ન જવાનો હોય એ નહિ જાય. એ તારે લઈને નહિ, તારી સાવધાનીને લઈને નહિ, તારા જ્ઞાનને લઈને નહિ. આહા..હા...!

**શ્રોતા :–** બહુ ફેર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોટો ઉગમણો-આથમણો ફેર છે અજ્ઞાનીને. બહારથી ધર્મ કરું છું એમ માનતો હોયય દયા પાળી, વ્રત કરી, ભક્તિ કરી આ શ્રદ્ધા ખોટી મૂઢ છે, કહે છે. વસ્તુની સ્થિતિની હયાતી શું છે એની તો તને ખબર નથી અને ધર્મ કરીએ છીએ. સામાયિક કરીએ, પોષા કરીએ, પડિકમણા કરીએ ને અપવાસ કરીએ. મરી જા ને સુકાઈને. ન્યાં ક્યાંય ધર્મ નથી એમાં. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવી આત્મવસ્તુ તદ્દન રાગ અને પરથી ભિન્ન. પરને, રાગને પોતાનું જ્ઞાન કરનારું તત્ત્વ છે એ તો. આત્મા તો પોતાનું અને પરનું જ્ઞાન કરવાની હયાતીવાળું તત્ત્વ છે. એવી હયાતીવાળું તત્ત્વ તો અનુભવમાં તો જ્ઞાન જ આવે છે, કહે છે. છતાં એ જ્ઞાન હું છું એમ ન અનુભવવામાં આવતા આ હું... આ હું... આ હું... એને લઈને હું... એને લઈને હું... એટલે ત્યાંથી એકપણાની... **'અનાદિ બંધના વશે પરદ્રવ્યો સાથે એકપણાના નિશ્ચયથી...'** પરની સાથે એકપણાનો નિર્ણય છે તેથી **'મૂઢ જે અજ્ઞાની તેને આ અનુભૂતિ છે તે જ હું છું...'** આ જ્ઞાન તે હું છું, જાણનાર તે હું છું એમ ન માનતા. છે ? **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** એટલા શબ્દમાં એટલા અર્થ ભર્યા છે. ઓ..હો..હો...! વ્યાખ્યા... સ્પષ્ટ ઘણું આવ્યું. આ તો સમજાય એવું છે. ન્યાય લોજિકથી એને ન્યાયથી એનું સ્વ-પરનું હોવાપણું શું છે ? બે સિદ્ધ થાય છે. બે સિદ્ધ થતાં સ્વથી પોતે છે અને પરથી પર છે. એ બે સિદ્ધ થતાં એ સ્વથી પર છે અને પરથી સ્વ છે એમ છે નહિ. નહિતર બેપણું રહેતું નથી. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એ ક્યાં ? પહેલું હજી બુદ્ધિથી પકડે તો ખરો. રહે જ નહિ. ***યથાર્થપણે બુદ્ધિથી ખ્યાલ આવે તો અંદર પરિણમન થયા વિના રહે જ નહિ. પણ એને બેસતું નથી. ઉપર ઉપર રહે છે, ઉપરછલ્લું (રહે છે).***

**શ્રોતા :–** ન્યાયથી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હં..! ઊંડો જતો નથી. ન્યાયથી ના તો પાડી શકે નહિ. સમજ્યા ? પણ એને કઈ રીતે એનું ભાવનું એને ભાસન થતું નથી. ભાવભાસન વિના અસ્તિત્વની યથાર્થ પ્રતીતિ થાય નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! લોજિકથી ન્યાય આવે એટલે ના ન પાડે પણ અંદરથી હા ન આવે. હા.. ક્યારે આવે કહેવાય કે એને પોતાને અંદરથી ન્યાયથી બેસે (કે) ઓ..હો..! આત્મા જ્ઞાનસ્વભાવ (છે), જ્ઞાન કરનાર તે હું. રાગ, શરીરાદિનો કરનાર અને એની હયાતી બનાવનાર હું નહિ. હું મારા જ્ઞાનની હયાતી રચનાર, એ સંબંધીનું જ્ઞાન અને મારા સંબંધીનું જ્ઞાન એ જ્ઞાનની રચના કરનાર હું (છું). પરની રચના અને પરને લઈને મારા જ્ઞાનની સ્વ–પરપ્રકાશની રચના બિલકુલ નથી. ન્યાય સમજાય છે કાંઈ ? કહો, 'ભગવાનજીભાઈ' !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભિન્ન પણ આ રીતે જોઈએ. આમ ભિન્ન તો ભાષામાં આવે છે પણ એના ભાવમાં આ રીતે ભિન્ન ભાસે ત્યારે... સમાજણું કાંઈ ?

આવું હોવા છતાં, કહે છે, જ્યાં-ત્યાં જ્ઞાન જ... જ્ઞાન જ એટલે આત્માનું જ્ઞાન જ હયાતીમાં, વિદ્યમાનપણે, હોવાપણે ભાસે છે. કેમ કે પર સંબંધીનું જ્ઞાન એ તો સ્વ–પરપ્રકાશક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાનનો સ્વતઃ સ્વભાવ છે. એટલે સ્વ–પરપ્રકાશની જ્ઞાનની હયાતી જ્યાં-ત્યાં ભાસે છે ઈ પણ તેને ભાન ન થતાં આ સ્વ–પરપ્રકાશક જ્ઞાન તે હું છું એમ ન માનતા એની દૃષ્ટિ આત્મા ઉપર ન જતાં, એની દૃષ્ટિ રાગ અને તે તે કાળે તે પ્રકારનો શરીર સંયોગ હોય ને એ સંબંધીનું જ્ઞાન ભાસે છે, માટે આ સંયોગને લઈને આ જ્ઞાન થયું અને મારા જ્ઞાનમાં આ જ ભાવ હતો કે આમ થાય અને એ વખતે તેમ થયું એટલે જાણે મારે જ્ઞાનની અવસ્થાને લઈને થયું એમ બેની એક્તાની મૂંઢતા તેને અજ્ઞાનથી થઈ જાય છે. સમજાણું કાંઈ ? ઓહો..હો...! કેટલું ગોઠવ્યું છે ! બે લીટીની અંદર તો... ઓ..હો..હો...! આખા જગતની પોલ ખોલી નાખી છે. જગતની પોલ, મોટી ભુલ ખોલી નાખી છે. આહા..હા...! પછી અપવાસ કરે ને પોષા કરે ને અમે કર્યું... શું કર્યું પણ તેં ?

જ્ઞાનસ્વરૂપનો કરનાર જ્ઞાનમાં સ્વ–પરપ્રકાશ જ્ઞાન તે તારી રચના અને તે રચનાનો કર્તા તું દ્રવ્ય. એને ઠેકાણે તેં આ કર્યું અને એને લઈને મારું જ્ઞાન થયું (એમ માને છે તો) મિથ્યાત્વનું સેવન કરે અને માને કે મેં પોષા અને સામાયિક અને ધર્મ કર્યો. આઠ અપવાસ કર્યા હતા ને એક ફેરી ? ભાઈએ કર્યા હતા, ખબર છે કે નહિ ? તમે હતા (સંવત) ૧૯૮૭ માં ? તમને ૧૯૮૭ માં થોડું કહ્યું હતું. 'દેવીદાસભાઈ'ને ઠેકાણે. કીધું, પા કલાક વાંચવાનું રાખો. એમ કહ્યું હતું, યાદ છે ? પા કલાક વાંચવાનું રાખો, એમ ભાઈને તે દિ' (સંવત) ૧૯૮૭ માં કહેલું, હોં ! કારણ કે આને ઝટ બેસે એવું નથી. જુવાન માણસ (છે). અને કલાક કહેવું બેસે એવું નથી. એક કલાક નહોતું કહ્યું, અડધો કલાક પણ નહોતું કહ્યું, પા કલાક કહ્યું હતું, યાદ છે ? પા કલાક ભાઈ ! તમે થોડું વાંચન રાખો. સમજાણું કાંઈ ? ૧૯૮૭ની વાત છે. ૩૮ વર્ષ થયા.

જુઓ ! **'અનાદિ બંધના વશે..'** એટલે પેલા સંયોગને તાબે થઈ ગયો છે. એને લઈને **'પર (દ્રવ્યો) સાથે...'** એટલે રાગ સાથે, પુણ્યના વિકલ્પ સાથે, દેહની ક્રિયા સાથે, **'એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને 'આ અનુભૂતિ છે તે જ હું છું.'** સમજાણું ? આ જ્ઞાન તે હું છું, આ જ્ઞાન તે હું છું. **'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** તેમ તેને આત્માનું જ્ઞાન પ્રગટ થતું નથી. કહો, સમજાણું કાંઈ ? સમજાય એવી વાત છે, હોં ! પહેલી સમજણમાં તો લે, પછી એની રુચિનો પ્રયોગ કરે. પણ જે વસ્તુ કેમ છે અને કઈ રીતે છે એ ખ્યાલમાં જ એનું અસ્તિત્વ ન આવે તો અસ્તિત્વ ખ્યાલમાં આવ્યા વિનાનો પ્રયોગ ક્યાં કરે ? જેવી રુચિ હોય એવો પ્રયોગ કરે. રુચિ અનુયાયી વીર્ય. રુચિમાં આ વસ્તુ આ છે.. આ છે... ભિન્ન છે એમ જો રુચિ થાય તો રુચિ અનુયાયી વીર્ય. રુચિ પ્રમાણે એનું વીર્ય નામ પુરુષાર્થ કામ કરે. પણ રુચિ જ જ્યાં ખોટી હોય તો ખોટું કામ કરે. સમજાણું કાંઈ ?

**'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** જુઓ ! ઉદય થતું નથી. ભાષા શું છે ? પ્રગટ થતું નથી. એમાં દર્શનમોહના ઉદયનું કારણ છે કે કર્મ છે એ વાત ક્યાંય લીધી છે આમાં ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શેનું પણ લે ! એનું કામ શું છે તારે પરદ્રવ્યની સાથે ? તું આ પ્રમાણે માને છો માટે આત્મજ્ઞાન થતું નથી. કર્મને લઈને નથી થતું અને ફલાણાને લઈને થતું નથી એવું ક્યાં તારામાં છે ? એ તો પરવસ્તુ છે. સમજાણું કાંઈ ? પેલા વળી એમ માંડે, જૈનમાં માંડી અમને કર્મનો ઉદય છે માટે થતું નથી. પણ કોણે કીધું તને ? કર્મ તો પરવસ્તુ છે. અહીં તો શું કહે છે ? સમજાણું કાંઈ ?

**'એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી...'** એટલે કે જ્ઞાન જાણનાર તે હું છું એનું અને સ્વનું જાણનાર તે વિદ્યમાનપણે હું છું એવું જ્ઞાન પરના એકપણાની બુદ્ધિને લઈને (ઉદય થતું નથી). જીવ-અજીવ અધિકાર છે ને ? એટલે જીવપણાનું ભાન ન થતાં જીવને અજીવ સાથે એટલે રાગ અને પર સાથે એકપણાને કારણે પરથી ભિન્ન છે એવું સ્વનું આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. **'અને તેના અભાવને લીધે,...'** એટલે જેનું જ્ઞાન નથી એની શ્રદ્ધા શી રીતે હોય ? એમ કહે છે. જેના ખ્યાલમાં જ વાત ન આવી એની શ્રદ્ધા કરો. સસલાના શીંગડાની. પણ ચીજ નથી, ખ્યાલમાં આવી નથી અને પ્રતીતિ શેની કરવી ? એમ કહે છે કે આત્મા આવો છે એવું જ્ઞાન જ જ્યાં થયું નથી...

**'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાના શ્રદ્ધાન સમાન હોવાથી,...'** અમને વિશ્વાસ છે, અમને વિશ્વાસ, શેનો વિશ્વાસ ? પણ વસ્તુ જાણી છે ? જાણીને ખ્યાલમાં આવી હોય તો શ્રદ્ધા હોય. જાણી નથી અને શ્રદ્ધા કરવી એ વાત જ ખોટી છે. વસ્તુનું જ્ઞાન થયું નથી. આ ચીજ આમ છે અને શ્રદ્ધા કરો. શી રીતે શ્રદ્ધા પણ કરે ? સમજાણું કાંઈ ? વિશ્વાસ રાખો. પણ શેનો વિશ્વાસ રાખે ? એ ચીજ આવી છે અને આ ભિન્ન છે એવું ભાનનું ભાન થયા વિના વિશ્વાસ કોનો ? ભાવમાં ખ્યાલ આવ્યા વિના શ્રદ્ધા રાખો. શેની પણ શ્રદ્ધા ? આહા..હા...! સમજાણું કાંઈ ? ભાન વિના આકોલિયાને કેરી માની લેશે. શ્રદ્ધા રાખો.. શ્રદ્ધા રાખો. આકોલિયા.. જુઓ ! આકોલિયા હોય છે ને આકડાના લીલા એ કેરી જેવા હોય છે એમ દેખાય. આકડા ઉપર હોય છે ને ? આકડા ઉપર. વિશ્વાસ રાખો એ કેરી છે. શેનો પણ વિશ્વાસ રાખે ? સમજાય છે ? અરે..! વિશ્વાસ રાખે તો પથરો બૂડશે. શું પણ બૂડશે ? શું રાખે વિશ્વાસ ? વસ્તુનો ખ્યાલ કાંઈક આવવો જોઈએ કે નહિ ? એ તો પત્થર છે, જડ છે. કહો સમજાણું કાંઈ ? ભગવાનની મૂર્તિ ખરેખર તો પરવસ્તુ છે. એનો ભગવાનનો આક્ષેપ છે. ભગવાન છે ન્યાં ? એમ નિક્ષેપ કર્યો છે કે આવા હતા એવો ખ્યાલ કરવા. સમજાય છે ? એ શુભભાવ જેને હોય છે એને ખ્યાલ આવે છે. એ પણ ખરેખર નયનું જ્ઞાન હોય એને નિક્ષેપનું જ્ઞાન ખ્યાલમાં આવે છે, એમ કહે છે. પણ જ્ઞાનનો જ ખ્યાલ નથી કે આ ભગવાન છે એ નિક્ષેપનો ખ્યાલ આવ્યો ક્યાંથી ? સમજાણું કાંઈ ?

**'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાંના શ્રદ્ધાન સમાન..'** છે. ગધેડાનાં શિંગડાંની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધા કરો. પણ ભાઈ ! અમે જોયા નથી અને જાણ્યા નથી, શી રીતે શ્રદ્ધાન કરવું ? એટલે **'નહિ જાણેલાનું શ્રદ્ધાન ગધેડાનાં શિંગડાં...'** જેવી શ્રદ્ધા. એ તો ખોટી શ્રદ્ધા છે એમ કહે છે. વાસ્તવિક એના જ્ઞાનમાં એનો બોધ. તત્ત્વ આ છે અને અતત્ત્વ આ છે. પર આ છે અને સ્વ આ છે, એવું જેને જ્ઞાન જ થયું નથી એથી એને શ્રદ્ધા પણ સાચી હોતી નથી. ઊંધી શ્રદ્ધા પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ ? આહા..હા...! કેટલું આચાર્યે થોડા શબ્દમાં સ્વ અને પરની વહેંચણી કરીને સ્વનું અને પોતાનું આવડું મોટું સ્વ અને પરનું મોટું જ્ઞાન ... એટલો હું એમ એને અનુભવમાં આવવા છતાં માનતો નથી.

તેથી, નહિ જાણેલાનું શ્રદ્ધાન હોવાથી, **'શ્રદ્ધાન પણ ઉદય થતું નથી...'** એ શ્રદ્ધા–સમકિત થતું નથી. **'ત્યારે સમસ્ત અન્યભાવોના ભેદ વડે આત્મામાં નિઃશંક ઠરવાના અસમર્થપણાને લીધે...'** કારણ કે જ્યારે રાગ તે હું, પુણ્ય તે હું, આ તે હું... આ તે હું... એનો જાણનાર એમ ન જાણ્યું એટલે પરથી ભિન્નપણાનું ભાન ન થયું. પરપણાથી ભિન્ન ન થયું એટલે પરથી જુદું પડવાનું ઠરવાનું એને રહ્યું નહિ. પરથી ભિન્નપણાનું જ્ઞાન અને શ્રદ્ધાન એટલે પરથી ભિન્નમાં ઠરવાની શ્રદ્ધા રહિ નહિ. એને પરમાં ઠરવું રહ્યું. આ રાગ, વિકલ્પ, દયા, દાન ને વિકલ્પ છે એ હું છું. એમાં ઠરે એ તો મિથ્યાચારિત્ર છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'આત્માનું આચરણ ઉદય નહિ થવાથી...'** લ્યો ! આત્માનું આચરણ. સ્વરૂપ સ્વનું જ્ઞાન ન થયું અને એની શ્રદ્ધા ને તેમાં ઠરવાનું ચારિત્ર પ્રગટ થતું નથી. જુઓ ! તો એને ચારિત્ર થતું નથી. અજ્ઞાનીને ચારિત્ર હોય નહિ. એમ કહે છે. મિથ્યાશ્રદ્ધામાં ચારિત્ર હોય નહિ. હજી આ કહે છે, અમે વ્રત પાળીએ ને ... પાળીએ. ધૂળ પણ પાળતો નથી, સાંભળને ! અચારિત્ર છે બધું. આરે...! આકરું કામ. **'આત્માને સાધતું નથી.'** તેથી તે **'આત્માને સાધતું નથી.'** એટલે આત્માની સિદ્ધિ થતી નથી.

**'આમ સાધ્ય આત્માની સિદ્ધિની અન્યથા અનુપપત્તિ છે.'** આત્માનું સાધ્ય નિષ્કર્મ શુદ્ધ પૂર્ણ આનંદ દશા (પ્રાપ્ત થતી નથી). આ રીતે તેને અન્યથા બીજી રીતે પ્રાપ્ત થતું નથી. જે પહેલી રીત છે એ રીતે પ્રાપ્ત થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૬, પ્રવચન નં. ૨૪
### તા. ૨૨-૦૮-૧૯૬૬
### [૩]

છઠ્ઠી ગાથા ચાલે છે. જુઓ ! આ 'સમયસાર' ની શરૂઆત જ અહીંથી થાય છે. 'કુંદકુંદાચાર્ય' મહારાજે એમ કહ્યું કે અમને આત્માનો ઉપદેશ સર્વજ્ઞ પરંપરાથી અમારા ગુરુ પર્યંત સુધી જે ઉપદેશ મળ્યો તેનાથી અમારી અંતર આત્મઋદ્ધિ આત્મવૈભવ આનંદસહિતની જે દશા પ્રગટ થઈ છે તે વૈભવથી હું સમયસાર કહીશ. સમજાય છે કાંઈ? ઉપદેશ મળ્યો અને અન્ય મતના એકાંતનો અતૂટ યુક્તિથી ખંડન કરીને આત્મસન્મુખમાં અમારી શાંતિ અને આનંદનો વૈભવ અમારી અવસ્થામાં પ્રગટ થયો છે અને તર્કથી, આગમથી, અન્ય મતિના ખંડનથી અને સ્વયંના અનુભવથી – એમ વાત કરી.

અમારો આત્મા શુદ્ધ આનંદકંદ જે દ્રવ્ય હતું, દ્રવ્ય હતું, અંતરમાં તે જ્ઞાયકભાવનો આશ્રય લઈને અમારી વર્તમાન દશામાં પ્રચુર સ્વસંવેદનરૂપ સ્વસંવેદન પ્રગટ થયું છે. પ્રચુર–ઘણું.. મુનિ છે ને ! પ્રચુર–ઘણું સ્વસંવેદનરૂપ સ્વસંવેદન પ્રગટ થયું છે. આહા..! આવો અમારા ચૈતન્યના વર્તમાન આનંદ અને સ્વવેદનની ભૂમિકામાં રહીને હું સમયસાર સંભળાવું છું – એમ કહે છે. 'શેઠી' !

શિષ્યનો પ્રશ્ન થયો કે પ્રભુ ! મૂળ શુદ્ધ જે (આત્મસ્વરૂપ) કહો છો અને આપને પણ સર્વજ્ઞથી માંડીને આપના ગુરુ પર્યંત જે શુદ્ધાત્મ તત્ત્વનો ઉપદેશ મળ્યો તો એ શુદ્ધ (આત્મતત્ત્વ) કોણ છે ? જુઓ ! અહીંયા મૂળ પ્રયોજનભૂત વાતની રકમ છે. સમજાય છે કાંઈ ? એ શુદ્ધ કોણ છે કે જેને જાણવાથી જાણ્યો એમ કહેવામાં આવે છે ? બીજું બધું જાણે પણ શુદ્ધને ન જાણે તો કંઈ જાણ્યું નહિ. સમજાય છે કાંઈ ? તો ભગવાન ! એ શુદ્ધ કોણ છે કે જેને જાણવાથી જ્ઞાન થયું અને જેને જાણવાથી આત્મા સફળ થયો ? આહા..! 'શેઠી' ! સમજાય છે કાંઈ ? મૂળ પ્રયોજનભૂત રકમની વાત પૂછે છે. આહા..! આ વાત અનંતકાળમાં તેને મિથ્યાદૃષ્ટિનું મોટું પાપ અને સમ્યગ્દૃષ્ટિમાં મોટો ધર્મ છે એવો મહિમા અને મિથ્યાત્વમાં મોટું પાપ છે તેનો તેને ખ્યાલ અનંતકાળમાં આવ્યો નથી. કહે છે, ભગવાન ! એ શુદ્ધ કોને કહે છે ? સરળવાળો લીધો.

ભગવાન આત્મા જે જ્ઞાયક સ્વરૂપ છે, શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, દ્રવ્ય સ્વભાવ છે, ચૈતન્યના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નુર ને પુર સ્વભાવ છે, એ સ્વભાવ વર્તમાન શુભાશુભભાવ પર્યાયમાં દેખાય છે, પર્યાયમાં–અવસ્થામાં–હાલતમાં (દેખાય છે), તો ભગવાન જ્ઞાયક સ્વભાવ જે છે એ શુભાશુભ પરિણામરૂપ થયો જ નથી. સમજાય છે કાંઈ ? એ શુભાશુભભાવરૂપ થયો જ નથી એવો જ્ઞાયકભાવ, ત્રિકાળ શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપને પરદ્રવ્યથી ભિન્ન, કર્મ આદિનું લક્ષ છોડીને, પરદ્રવ્યથી ભિન્ન... શું કહ્યું ? જુઓ !

**'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો...'** આ શબ્દ પેલામાં સેવિત હુઆ, એવો શબ્દ છે. એમાં પણ એમ લીધું છે, સેવિત હુઆ. આ તો ઉપાસવામાં આવતો (કહ્યું છે). પંડિતજી ! પંડિતજીને પૂછ્યું હતું. હોતા હુઆ, ઠીક છે. 'જયચંદ્રજી' પંડિતે સામાન્ય અર્થ કર્યો છે પણ આ અર્થ સારો છે. શું કહ્યું ?

ભગવાન આત્મા શુદ્ધ છે. જ્ઞાયક જે ચૈતન્યભાવ ધ્રુવ છે તે શુભ-અશુભભાવરૂપે થયો નથી તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત કહેવામાં આવતો નથી. બીજી દૃષ્ટિએ કહીએ તો એકલો જ્ઞાયકભાવ જ પર્યાયદૃષ્ટિ વિના, અવસ્થાના લક્ષ વિના જ્ઞાયકભાવ છે તે જ દ્રવ્ય સ્વભાવ છે. સમજાય છે કાંઈ ? તેમાં પુણ્ય-પાપનો કોઈ ઉદયભાવ કે ઉપશમભાવ કે ક્ષયોપશમભાવ કે ક્ષાયિકભાવની પર્યાય, જ્ઞાયકભાવ જે દૃષ્ટિનો વિષય છે તેમાં તે આવતી નથી. સમજાય છે કાંઈ ?

અહીંયા તો પહેલા એટલું સિદ્ધ કર્યું કે અશુદ્ધતા નથી એમ પહેલા સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ ? અશુદ્ધતાનો અર્થ જ એ થયો કે પ્રમત્ત-અપ્રમત્ત નથી તો ચૌદે ગુણસ્થાનનો ભેદ અંદરમાં નથી. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ પૂર્ણાનંદ પ્રભુ, શુભાશુભ રૂપે થયો નથી, ભેદરૂપે થયો નથી, ચૌદ ગુણસ્થાનરૂપે થયો નથી. સમજાય છે કાંઈ ? એવા જ્ઞાયકભાવને પરદ્રવ્યથી પોતામાં ઉપાસવામાં આવતો. અહીંયા વજન છે. પંડિતજીને કહ્યું તો પંડિતજીએ કહ્યું, સ્વાશ્રય ઠીક છે. સ્વઆશ્રિત .... ઉત્પન્ન થાય છે કે નહિ ?

**'ઉપાસવામાં આવતો...'** પોતાથી પુરુષાર્થ કરીને ઉપાસવામાં આવતો. એ..ઇ...! સમજાય છે કાંઈ ? કોઈ કર્મનું મંદપણું થયું કે આમ થયું તો અમારો આત્મા ઉપાસવામાં આવ્યો એમ નથી. સમજાય છે કાંઈ ? શું કહે છે ? **'સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી...'** અન્યદ્રવ્યના ભાવ, હોં ! અહીંયા વિકારની વાત નથી. જડકર્મ, તેની શક્તિઓ, તેની વર્તમાન ઉદયભાવની દશા એ બધા જડ ભાવ છે. તેનાથી ભિન્નપણે અર્થાત્ જે કર્મનો ઉદય છે તે જડભાવ છે, જડની પર્યાય છે, તેનું લક્ષ ત્યાં હતું, એ જડભાવથી ભિન્ન, પરથી ભિન્ન છે. તેનાથી લક્ષ છોડાવીને પોતાનું જ્ઞાયક સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ છે તેને પરભાવોથી ભિન્નપણે ઉપાસિત થતો. પોતાની સેવા પોતાથી કરતો થકો. આહા..હા...! પંડિતજીએ બરાબર કહ્યું, 'હોતા હુઆ'માં સ્વઆશ્રિત આવે છે ને ? એમાં સ્વ આશ્રિત છે, પંડિતજી ! અમારે અંદરથી એ જ કાઢવું હતું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા.. કોઈ વિકલ્પ હતો કે નિમિત્ત હતું કે કર્મમાં કોઈ મંદપણું થઈ ગયું એ કારણે આત્મા ભિન્ન લક્ષ કરીને ઉપાસવામાં આવ્યો, એમ નથી. સમજાય છે કાંઈ ? જ્ઞાયક પ્રભુ ધ્રુવ સ્વરૂપ, એ પરના લક્ષમાં પર્યાયબુદ્ધિમાં હતો, પર્યાયની અંશબુદ્ધિમાં હતો તો પરનું લક્ષ હતું. સમજાય છે કાંઈ ? જ્યારે પરનું લક્ષ છૂટ્યું તો પર્યાયબુદ્ધિ છૂટી ગઈ. પોતાનો જ્ઞાયકભાવ જે શુદ્ધ છે, જ્ઞાયકભાવ છે તેને ઉપાસવામાં આવતો, પોતાના સ્વભાવની સેવા કરતાં તે દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? દ્રવ્યને, હોં ! કહેવો છે તો જ્ઞાયકને શુદ્ધ પણ એને શુદ્ધ ક્યારે કહેવાય છે ? - કે એ તરફ લક્ષ કરીને પોતાની પર્યાયમાં દ્રવ્યનું સેવન કરવામાં, ઉપાસવામાં આવતા જે વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, શાંતિની અને આનંદની પર્યાયથી આત્માને સેવવામાં આવતા, ઉપાસવામાં આવતા દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

**શ્રોતા** :– પર્યાયની શુદ્ધિ પણ સાથે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– અહીંયા પર્યાયની શુદ્ધિ લેવી નથી. પર્યાયની શુદ્ધિ તો પૂર્ણ થાય ત્યારે થાય. અહીંયા દ્રવ્યના લક્ષે પર્યાયની જે શુદ્ધિ થાય છે તે અલ્પ થાય છે. સમજાય છે કાંઈ ? પર્યાયની શુદ્ધિ દ્રવ્યના લક્ષે થઈ, હજી પૂર્ણ શુદ્ધિ નથી થઈ.

**શ્રોતા** :– દ્રવ્ય પૂરું શુદ્ધ થઈ જાય...!

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– તો દ્રવ્ય પર્યાયમાં પૂર્ણ શુદ્ધ થઈ જાય, પરંતુ એમ નથી. સમજાય છે કાંઈ ? અહીં તો દ્રવ્યને શુદ્ધ કેમ કહે છે (તેની વાત ચાલે છે). પર્યાયમાં શુદ્ધ છે એ તો પૂર્ણ થાય ત્યારે શુદ્ધ થઈ જાય છે. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા એક સમયમાં ચૈતન્યબિંબ પ્રભુ, જેમાં અનંત અનંત સિદ્ધ પરમાત્માની પર્યાય સાદિ અનંત જેટલી પર્યાય છે, એ બધી આત્મામાં પડી છે પણ એનો ભેદ નથી. એક ભગવાન જ્ઞાયકભાવ એકરૂપનું લક્ષ કરીને પોતાની પર્યાયમાં દ્રવ્યને સેવવામાં આવતા, ઉપાસવામાં આવતા પોતાના પુરુષાર્થથી પોતાના આત્માની સેવા કરવામાં આવતા દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ઝીણું છે, 'ચંદુભાઈ' ! તમારે બહુ અભ્યાસ કરવો પડે. 'શશીભાઈ' ! આ અમારે મોઢ છે, મોટા અભ્યાસી હતા, હોં ! મોઢ 'રાણપુર' ના. ગુલાંટ ખાઈ ગયા. બહુ હોંશિયાર છે. વૈષ્ણવ. બધું પલટી ગયું. આ માર્ગ છે. બહુ વિચારક છે. સમજાય છે કાંઈ ? આ તો એ વૈષ્ણવ છે એટલે વૈષ્ણવનો દૃષ્ટાંત આપ્યો. સમજાય છે કાંઈ ? આત્મા કોઈ વૈષ્ણવ નથી અને કોઈ પર્યાયમાં જૈનનું નામ નથી લખ્યું. વૈષ્ણવ તો જ્ઞાન સ્વ–પરનો પ્રકાશક થાય છે તે અપેક્ષાએ આત્માને વૈષ્ણવ કહે છે. આખા લોકાલોકને જાણવાની શક્તિ રાખે છે અને પ્રગટ થતાં આખા લોકાલોકને જાણે છે એ અપેક્ષાએ આત્માને વૈષ્ણવ કહેવામાં આવ્યો છે. શાસ્ત્રમાં એવો પાઠ છે, હોં ! અમારા ઘરની વાત નથી કરતા. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન આત્મા...! એવી એક સમયની વ્યાપકતા થાય એવી અનંતી વ્યાપકતાની પર્યાય અંદર ગુણમાં પડી છે. આહા..હા..! એક સમયની વ્યાપકતા નામ લોકાલોકને જાણે એ તો એક સમયની જ્ઞાનની અવસ્થાનું સામર્થ્ય છે. એવી અનંતી અવસ્થાનું સામર્થ્ય અંદર જ્ઞાનગુણમાં પડ્યું છે. એવો એક ગુણ નથી પણ એવા અનંત ગુણનો એકરૂપ જ્ઞાયક ચિદાનંદ ભગવાન તરફ લક્ષ કરીને, એ શુભાશુભાભાવ રૂપે થયો નથી તેને શું છે હવે ? એમ કહે છે, ભાઈ ! એ શુભાશુભભાવ રૂપે તો થયો જ નથી તો શા માટે તારે શુભભાવ ઉપર લક્ષ કરવું છે ? એ વસ્તુ તો શુભભાવરૂપે થઈ નથી. થઈ નથી તેને તારે દૃષ્ટિમાં લેવા છે ? આહા..! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા ભેદરૂપ થયો નથી. બીજી ભાષાએ કહીએ તો દ્રવ્ય છે તે પર્યાયમાં આવ્યું જ નથી. આહા..હા...! એ..ઇ...! એમ વાત છે. ***દ્રવ્ય જે વસ્તુ છે, એક સમયમાં સ્વભાવનો પિંડ એક સમયની પર્યાયમાં આવ્યો નથી. પર્યાયમાં આવી જાય તો દ્રવ્યનો નાશ થઈ જાય અને એક સમયની પર્યાય દ્રવ્યમાં ઘુસી જાય તો પણ પર્યાયનો નાશ થઈ જાય. સમજાય છે કાંઈ ? ભગવાન એક સમયનો પ્રભુ ઉત્પાદ-વ્યયની પર્યાયથી રહિત (છે). સમજાય છે કાંઈ ? આશ્રય કરનારી પર્યાય છે પણ દ્રવ્યમાં એ પર્યાયનો ભેદ નથી. સમજાય છે કાંઈ ? આશ્રય કરનારી, ઉપાસના કરનારી તો પર્યાય છે, સેવા કરનારી પર્યાય છે પણ જેની સેવા કરે છે તેમાં એ પર્યાય નથી.*** પ્રગટ પર્યાયરૂપ નથી. બધી પર્યાયની શક્તિરૂપ એ દ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે. આ પહેલી વાત છે. સમ્યગ્દર્શન કોને થાય છે ? કઈ રીતે થાય છે ? એ વાત એણે લક્ષમાં જ કદી લીધી નથી. મહાન ધર્મની પહેલી શરૂઆત ત્યાંથી થાય છે. એ વિના કોઈ ત્યાગ, વૈરાગ્ય... સમજાય છે ? (એ બધું) રણમાં રૂદન કરવા બરાબર છે.

ભગવાન આત્મા એક સમયમાં કહે છે, જ્ઞાયકપણે પૂર્ણ પ્રભુ પડ્યો છે ને ! તારો વિશ્વાસ તારા સ્વભાવ ઉપર જવાથી, સ્વભાવ ઉપર તારી સ્થિરતા થવાથી અને તારા જ્ઞાને જ્ઞેયને પકડવાથી જે દ્રવ્યનું સેવન થયું, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયથી સેવન થયું ત્યારે દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવ્યું. શુદ્ધની અંશ – પર્યાય, પૂર્ણ શુદ્ધ (પર્યાય) નહિ. સમજાય છે કાંઈ ?

શુદ્ધ જ્ઞાયકભાવને પકડવાથી પર્યાયમાં અલ્પ શુદ્ધતા પ્રગટે છે. જો અલ્પ શુદ્ધતા ન આવે તો દ્રવ્યને સેવ્યું છે અને દ્રવ્યને દૃષ્ટિમાં લીધું છે એમ થયું જ નથી. 'તારાચંદજી' ! સમજાય છે કાંઈ ? આ તો સાદી ભાષામાં વાત છે. સંસ્કૃત કે વ્યાકરણ એવું કાંઈ નથી. આહા..! ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ છે પણ એ પૂર્ણાનંદ એકરૂપ શુદ્ધ કેમ કહ્યું ? પહેલા જ્ઞાયક કહ્યું. તો જ્ઞાયક તો **'एवं भणंति सुद्धं' 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो।'** જ્ઞાયકભાવ પછી ટીકામાં એક લીધું. જ્ઞાયકભાવ શબ્દમાંથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



'અમૃતચંદ્રાચાર્યે' જ્ઞાયકભાવ એક છે, એક છે, એ શુભાશુભ પરિણમનરૂપે થતો નથી તો અપ્રમત્ત-પ્રમત્તપણાનું અનેકપણું તેમાં ન આવ્યું. એકમાં અનેક ન આવ્યું, એમ સિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ ? અને તે એકરૂપ સ્વરૂપ છે તેની જ્યારે સેવા કરી, પર્યાયે તે તરફ ઝુકાવ કરીને દ્રવ્ય સ્વભાવની સેવા કરી, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થઈ, અભેદ રત્નત્રયની પર્યાયને ઉપાસના થઈ એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? ત્યારે એ આત્માને શુદ્ધ કહેવામાં આવ્યો, ત્યારે આ શુદ્ધ છે એમ એના ખ્યાલમાં આવ્યું. અશુદ્ધની એકતા હોય અને શુદ્ધ દ્રવ્ય લક્ષમાં આવે એમ કોઈ દી બને નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ ? રાગ અને નિમિત્તમાં એકતા હોય અને આ જ્ઞાયક શુદ્ધ છે, એમ શુદ્ધ માને છે તો એમ કદી થઈ શકે નહિ. 'ગોદિકાજી' ! સૂક્ષ્મ વાત છે. ધર્મ—સમ્યગ્દરર્શનની વાત પહેલી છે. તે વિના તેનું જ્ઞાન સમ્યક્ નથી અને તે વિના તેના વ્રત ને પડિમા, ફડિમા એકડા વિનાના મીંડા છે. ચારિત્ર ક્યાંથી આવ્યું ? ક્યાં થંભવું છે, ક્યાં રોકાવું છે, એ ચીજ ક્યાં છે, કેવી છે એ તો ખ્યાલમાં આવ્યું નથી. સમજાય છે કાંઈ ? 'દેવીલાલજી' !

કહે છે, **'ઉપાસવામાં આવતો...'** સ્વતંત્ર આત્મા નિમિત્ત અને રાગની અપેક્ષા છોડીને, છોડીને પોતાના જ્ઞાયકભાવની અપેક્ષા કરીને પોતાની પર્યાયમાં દ્રવ્યને ઉપાસવામાં આવતા શુદ્ધ કહેવાય છે. ત્યારે તેને શુદ્ધ ભાનમાં આવે છે. કહેવાય છે એ તો શબ્દ છે. સમજાય છે કાંઈ ? ત્યારે આ શુદ્ધ છે એમ એને ભાન થાય છે. લ્યો, અહીં સુધી તો કાલે આવ્યું હતું. એ ત્રણ પદનો અર્થ થયો, ચોથું પદ બાકી છે.

જુઓ ! **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं'** આ ત્રણ પદ આવ્યા. ત્રણ પદમાં બે નયનો નિષેધ કર્યો. કઈ ? જે શુભાશુભભાવનો નિષેધ થયો, ભાઈ ! શુભાશુભભાવ એ વિકાર છે તો એ અસદ્ભુત વ્યવહારનયનો એ વિષય છે. અસદ્ભુત વ્યવહાર બે પ્રકારની છે. એક ઉપચરિત, એક અનુપચરિત. જે રાગ ખ્યાલમાં આવે છે તે અસદ્ભુત ઉપચાર છે અને ખ્યાલમાં નહિ આવવા છતાં હોવો જોઈએ, કેમ કે જ્યારે બુદ્ધિપૂર્વક રાગ ખ્યાલમાં આવે છે તો ત્યાં સ્થૂળ ઉપયોગ છે, ત્યાં બીજો અબુદ્ધિપૂર્વકનો ખ્યાલમાં નહિ આવનારો કષાય છે. એમ જાણવું એ અસદ્ભુત અનુપચારનો વિષય છે. જણાયું કે છે, એટલું. એ અસદ્ભુત ઉપચારનો વિષય છે. જાણવામાં ન આવ્યો એ અસદ્ભુત અનુપચારનો વિષય છે. બન્નેનો અહીંયા નિષેધ કર્યો. સમજાય છે કાંઈ ?

અધ્યાત્મમાં વ્યવહારની ચાર નય છે. સદ્ભુત–અસદ્ભુત. સદ્ભુતના બે ભેદ–ઉપચાર અને અનુપચાર અને અસદ્ભુતના બે ભેદ–ઉપચાર અને અનુપચાર. છે તો ચારેય વ્યવહાર. ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ છે, જ્ઞાયક છે એમ પરનું લક્ષ છોડીને, પોતાનું લક્ષ કરીને દ્રવ્યની ઉપાસના કરી. અનાદિથી રાગની ઉપાસના કરતો હતો. પુણ્ય-પાપ ને વિકલ્પની ઉપાસના કરતો હતો ત્યાં સુધી તો અશુદ્ધ લક્ષનો અનુભવ મિથ્યાદષ્ટિને હતો. સમજાય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કાંઈ ? જ્યારે એ પુણ્ય-પાપનું લક્ષ પર ઉપર છે તેનું પણ લક્ષ છોડી દીધું. લક્ષ છોડી દીધું તો શુભાશુભભાવનું લક્ષ છુટી ગયું. એ છૂટી ગયું તો દ્રવ્ય ઉપર લક્ષ આવ્યું. જ્ઞાયક ચૈતન્યપ્રભુ પોતાના સ્વભાવ ઉપર લક્ષ કરવાથી પર્યાયમાં તેની સેવા થઈ, તેનું સેવન કરવામાં આવતાં તે દ્રવ્યને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? બે નયનો નિષેધ થયો. સદ્ભુત ઉપચાર, અનુપચાર. આવ્યું ને ? રાગ વિકાર છે તે ખ્યાલમાં આવે છે તે અપેક્ષાએ અસદ્ભુત ઉપચાર કહે છે. ખ્યાલમાં આવે અને જાણે કે આ અહીંયા છે તે ઉપચાર. ખ્યાલમાં નહિ આવનાર છે અસદ્ભુત, વસ્તુમાં નથી પણ છતાં ખ્યાલમાં આવ્યો તેથી તેને ઉપચાર કહ્યો. ખ્યાલમાં નથી આવતો તેને અનુપચાર કહે છે. બન્નેનો અહીંયા નિષેધ થઈ ગયો.

હવે, ત્રીજા બોલમાં સદ્ભુત ઉપચારનયનો નિષેધ કરે છે. એ હવે આવશે. ચોથા પદમાં સદ્ભુત ઉપચારનયનો નિષેધ કરે છે. સાતમી ગાથામાં સદ્ભુત અનુપચારનયનો નિષેધ કરશે. સમજાય છે કાંઈ ? આ બાર ગાથામાં આખા સમયસારનું બીજ પડ્યું છે. પંચાધ્યાયીકારે જે ચાર નય કાઢી છે તે આ બાર ગાથામાંથી કાઢી છે. ખરેખર તો છઠ્ઠી અને સાતમી ગાથામાંથી કાઢી છે. 'તારાચંદજી' ! પંચાધ્યાયીમાં છે ને ? એ અહીંયાથી કાઢી છે. નવા માણસને શબ્દો થોડા કઠણ પડે પણ ખ્યાલમાં રાખવું કે કંઈક છે, કંઈક કહે છે, એમ તો સમજવું ને ! સદ્ભુત-અસદ્ભુત. શું કહે છે ? જુઓ !

અપ્રમત્ત નથી એવો શુદ્ધ કહેવાય છે. એવી દૃષ્ટિ જ્યાં થઈ તો અસદ્ભુત બે પ્રકારનો વિકાર આત્મામાં નથી, એવો સદ્ભુત પર્યાયમાં છે એનો નિષેધ થઈ ગયો. હવે ચોથા પદનો અર્થ આજે ચાલશે. **'णादो जो सो दु सो चेव'** જ્ઞાત થયો તે જ્ઞાયક જ છે, જ્ઞાત થયો તે જ્ઞાયક જ છે, બીજો નથી – એટલા શબ્દનો અર્થ હવે કરશે. સમજાય છે કાંઈ ? શું કહે છે ? જુઓ ! ચોથા પદનો અર્થ ચાલે છે.

**'વળી દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના)...'** બળવાયોગ્ય પદાર્થના **'આકારે થવાથી અગ્નિને દહન...'** અગ્નિને દહન કહેવાય છે. બાળે છે તે અપેક્ષાએ દહન કહેવાય છે. બાળનારી અગ્નિ બળવાયોગ્ય પદાર્થના આકારે થાય છે છતાં બળવાયોગ્ય પદાર્થરૂપ થઈ નથી. અગ્નિ તો દહન છે, બાળે છે એમ કહે છે. અને દહન છે તે બળવાયોગ્ય પદાર્થના આકારે થતી અગ્નિ થઈ છે. બળવાયોગ્ય પદાર્થરૂપ અગ્નિ થઈ નથી. સમજાય છે કાંઈ ? આ દૃષ્ટાંત છે. આચાર્યે 'અમૃતચંદ્રાચાર્યે' દૃષ્ટાંત દીધું ને ? પાઠની વાત દૃષ્ટાંત દેવાથી સહેલી થાય છે. સહેલી સુગમતાથી સમજાય જાય. પાઠ સૂક્ષ્મ છે તો 'અમૃતચંદ્રાચાર્ય' દૃષ્ટાંત દઈને કહે છે, પ્રભુ ! 'કુંદકુંદાચાર્ય' અહીંયા એમ કહે છે, **'णादो जो सो दु सो चेव'** જે જ્ઞાયકભાવ પ્રસિદ્ધ છે, જ્ઞાયક.. જ્ઞાયક.. એનો અર્થ એ થયો કે જ્ઞાયક પરને જાણે છે, એમ થયું. એ જ્ઞાયકમાં પરને જાણે છે એમ આવ્યું તો શું એ એટલો પરાધીન છે ? પરને જાણ્યું એટલો જ્ઞેયને આધીન થયો ? એટલી અશુદ્ધતા એને લાગુ પડી કે નહિ ? લાગુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે ને ? લાગુ પડી ? – કે નહિ. આ સિદ્ધ કરવું છે.

અગ્નિનું દૃષ્ટાંત આપ્યું કે અગ્નિ જે છે બળવાયોગ્ય લાકડીને બાળે છે. તો શું બાળવાયોગ્ય અગ્નિ બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ છે ? – હા, પણ એ આકાર અગ્નિનો આકાર છે, પરનો આકાર નથી. સમજાય છે કાંઈ ? બળવાયોગ્ય પદાર્થનો આકાર એમાં આવ્યો જ નથી. અગ્નિ થઈ છે એવી પણ એ તો પોતાના આકારમાં અગ્નિના પર્યાયમાં અગ્નિ એવી થઈ છે. અગ્નિની અવસ્થા બળવાયોગ્ય પદાર્થની અવસ્થા રૂપે થઈ નથી. સમજાય છે કાંઈ ? આ તો દૃષ્ટાંત છે, સિદ્ધાંત પછી આત્મામાં ઉતારવો છે.

**'णादो जो'** જ્ઞાયક જણાયો તે છે. એ પરને જાણે છે એમ અંદર આવ્યું ને ? જાણનાર, જાણનાર એમ આવ્યું ને ? સાંભળ તો ખરો. અગ્નિ બળવાયોગ્ય પદાર્થને બાળે છે એમ કહ્યું, એ બળવાયોગ્ય પદાર્થને આકારે થાય છે. જુઓ ! છાણા હોય છે ને ? છાણાને શું કહે છે ? જંગલમાં સુકાઈ જાય ને એને અમારે અહીંયા અડાયા કહે છે, અડાયા. ત્યાં ને ત્યાં સુકાઈ જાય અને અહીં થાપે એને છાણા કહે છે. છાણ લાવે ને ? પછી એને થાપે તેને છાણા કહે છે. અને જે જંગલમાં સુકાઈ જાય તેને અડાયા કહે છે. અડાયા એટલે ન્યાં ને ન્યાં સુકાઈ જાય. તેને જો અગ્નિમાં નાખે તો અગ્નિ બળીને એના આકારે થઈ જાય છે. અડાયા હોય છે ને ? છાણ, છાણ. ... લો. અહીં તો છાણાનો આકાર બહુ સરસ લાગે છે. એ સુકાઈ ગયેલું જુએ તો ખબર પડે. અગ્નિ હોય તે તેના આકારે જ અગ્નિ થઈ જાય છે. બળવાયોગ્ય પદાર્થને આકારે થાય છે પણ બળવાયોગ્ય પદાર્થને આકારે પોતાની પર્યાય થઈ છે, પરરૂપે થઈ નથી. બળવાયોગ્ય પદાર્થના આકાર રૂપ થઈ નથી. આકાર નામ એ પદાર્થ રૂપે થઈ નથી. તે તરફનો અગ્નિનો પોતાનો જે સ્વભાવ છે તે પોતાના આકારમાં એ આકાર રૂપ થઈ છે, પોતાની પર્યાયમાં એ આકારરૂપ થઈ છે. પરની પર્યાયમાં એ આકારરૂપ થઈ છે એમ નથી. જુઓ ! સૂક્ષ્મ છે, 'શશીભાઈ' !

**'વળી દાહ્યના (–બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી...'** જુઓ ! આકારે થવાથી એમ તો કહ્યું પણ કોણ આકાર રૂપ થવાથી ? – કે અગ્નિ. અગ્નિ આકારરૂપ થઈ છે. અગ્નિને દહન કહે છે, દહન કહે છે, બાળે છે એમ કહે છે. બાળે છે એમ અહીંયા જ્ઞાયક કહેવો છે ને ? જ્ઞાયક–જાણનારો. એમ અહીંયા દહન કહે છે. **'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...'** બળવાયોગ્ય પદાર્થની આકૃતિ અહીંયા નથી આવી, અહીંયા તો અગ્નિની પોતાની પર્યાય છે. જ્ઞેયકૃત પરપદાર્થની અશુદ્ધતા અગ્નિને લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ ? ગુજરાતીમાં તો અમારે બે-ચાર-પાંચ ભાષા આવે. આનું બહુ આવે નહિ, એકાદ ખાસ ભાષા આવે. એ આકારે થઈ નથી, સમજ્યા ને ? પરનો આકાર પરમાં રહ્યો, સ્વનો આકાર સ્વમાં આવ્યો. તે પોતાના આકાર રૂપ થઈ છે. પરને આકારે થવા છતાં પોતાના આકાર રૂપ થઈ છે, પરના આકાર રૂપ થઈ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી;...'** એટલું સિદ્ધ કર્યું, બસ ! કેમ કે અગ્નિ પરને બાળે છે છતાં અગ્નિ પોતાની પર્યાયમાં પરના આકારરૂપ પોતાની પર્યાયરૂપ થઈને રહી છે, પરની પર્યાયરૂપ થઈને આકારરૂપ થઈ છે, એમ નથી. કહો, આ દૃષ્ટાંત (કહ્યો) એ સિદ્ધાંતને સરળ કરવામાં કારણ (છે).

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી...'** જુઓ ! જ્ઞાનમાં રાગાદિનું જ્ઞાન થાય છે. સમજાય છે ? રાગ એ પણ જ્ઞેય છે, હોં ! સાંભળો ! ભગવાન આત્મા પોતાના જ્ઞાયકનું ભાન થયું તો સ્વ–પરપ્રકાશક જ્ઞાન થયું તો તેમાં જે રાગ છે એ પહેલા તો અસદ્ભુતના બે ભેદ કહ્યા હતા, હવે રાગના જ્ઞાનની વાત કરે છે કે જેવો રાગ આવે છે... એ બારમી ગાથામાં કહેશે, **'तदात्वे'** જાણેલો પ્રયોજનવાન છે. એ જ્ઞાન જે છે તે સ્વને જાણે છે અને રાગ આવ્યો તેને જાણ્યો. રાગ સંબંધીનું જે જ્ઞાન છે તે જ્ઞાન પરિણમ્યું, એ રાગ–જ્ઞેયના આકારે થયું પણ જ્ઞાન રાગરૂપ થઈને જ્ઞેયાકારે થયું નથી.

ફરીને, **'જ્ઞેયાકાર થવાથી...'** જ્ઞેયાકાર શબ્દે પર તો ઠીક પણ અહીંયા અમારે તો રાગ લેવો છે. જ્ઞાનમાં જેવો રાગ આવે છે એવું જ્ઞાન, એ સંબંધીનું જ્ઞાન, એ પ્રકારનું જ્ઞાન અહીંયા પરિણમે છે પણ એ જ્ઞેયાકાર નામ રાગરૂપ થઈને રાગના જ્ઞાનરૂપ થયું છે, એમ નથી. રાગનું જ્ઞાન જ્ઞાનરૂપ રહીને રાગનું જ્ઞાન (થયું છે), જ્ઞાનાકારરૂપ થઈને જ્ઞેયાકારરૂપ થયું છે.

ફરીને, જેમ અગ્નિ પરને આકારે થઈ છે છતાં પરની પર્યાયરૂપ થઈને થઈ નથી, પોતાની પર્યાયરૂપ આકારરૂપ થઈ છે. એમ ભગવાન આત્મા જ્ઞાયક જે છે... તો એવો પ્રશ્ન થયો.. જુઓ ! **'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** શું કહે છે ? જાણે છે એ પ્રસિદ્ધ છે. રાગને જ્ઞાન જાણે છે એવી વાત પ્રસિદ્ધ છે. વ્યવહારે રાગને જાણે છે એ વાત પ્રસિદ્ધ છે. છતાં તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી, રાગકૃત અશુદ્ધતા નથી. રાગ છે તો જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ થઈ છે, એમ નથી. સમજાય છે કાંઈ ?

પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાને જણાયો તો એમાં જ્ઞાયકતા છે તો પરને, રાગાદિને પણ જાણે છે, તો જાણો, એમાં શું થયું ? શું રાગરૂપ થઈને જ્ઞાનરૂપ જ્ઞેયાકાર થયા છે ? રાગરૂપ થઈને જ્ઞાન જ્ઞેયાકારે થયું છે ? જ્ઞાન જ્ઞેયાકારે રહીને રાગને જાણે છે. ભાઈ ! આ સૂક્ષ્મ મૂળ ગાથા છે ને એટલે સૂક્ષ્મ છે. સમજાય છે કાંઈ ? ફરીને ? શું કહેવાય ઇ ? વન્સ મોર ! ઇ વન્સ મોર છે. સમજાય છે કાંઈ ? એ તો અમે પણ બે-ચાર-પાંચ વાર લીધા વિના છોડી નથી દેતા, હોં !

વસ્તુ ચૈતન્ય જ્ઞાયકની ઉપાસનાથી શુદ્ધ કહેવામાં આવ્યું તો જ્ઞાનમાં જ્ઞાયક પ્રસિદ્ધ થયો. જાણનાર છે, જાણનાર છે તો જાણનારો રાગને જાણે છે, વિકારને જાણે છે એમ પ્રસિદ્ધ થયું તો થાઓ, પણ આત્મા, જેમ અગ્નિ બળવાયોગ્ય પદાર્થને આકારે થવા છતાં અગ્નિને આકારે થઈ છે, એમ ભગવાન આત્મા રાગને જાણવા છતાં, જ્ઞેયના આકારને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણવા છતાં જ્ઞાનના આકારે થઈને રાગને જાણે છે, એ જ્ઞાનના આકારે થઈને જાણે છે, રાગરૂપ થઈને જાણે છે, એમ નથી. સમજાય છે કાંઈ ?

પ્રમાણ કહ્યું છે ને ! પ્રમાણજ્ઞાનને સદ્ભુત ઉપચારનયનો વિષય કહ્યું છે. પંડિતજી ! પંચાધ્યાયીમાં ચાર નય ઉતારી છે ને ? બે તો પહેલા કહી ગયા. પછી ત્રીજી એમ ઉતારી છે કે પ્રમાણજ્ઞાન એ સદ્ભુત ઉપચારનયનો વિષય છે. છે પ્રમાણ, પણ વિષય છે સદ્ભુત વ્યવહારનયનો. પર્યાય છે ને ! શું કહ્યું ? ભગવાન આત્મા..! પોતાનું જ્ઞાન થયું અને રાગનો ભાવ થયો તો પ્રમાણજ્ઞાન થયું, પ્રમાણજ્ઞાન. સમજાય છે કાંઈ ? નિશ્ચય અને વ્યવહાર બન્નેનું જ્ઞાન તે પ્રમાણજ્ઞાન. ત્યાં (પંચાધ્યાયીમાં) આ ચોથા પદમાંથી લીધું છે કે પ્રમાણજ્ઞાનને સદ્ભુત ઉપચારનય કહે છે. કેમ ? – કે જ્ઞાન પોતાનું છે એટલું સદ્ભુત પણ એ (રાગને) જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. થોડું સૂક્ષ્મ પડશે પણ લક્ષમાં તો લેવું પડશે કે નહિ ?

**પ્રમાણજ્ઞાન છે તે પર્યાય છે, સ્વને અને પરને જાણનારી પર્યાય છે. પ્રમાણ પોતે સદ્ભુત ઉપચારનયનો વિષય છે. કેમ ? – કે સદ્ભુત નામ જ્ઞાન તો પોતાનું છે, પોતાની હયાતી છે તો પરને જાણે છે અને પોતાનું છે તો સદ્ભુત થયું પણ પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. ખરેખર એ પરને જાણતું નથી, પોતાની પર્યાયને જાણે છે. આહા..હા...! થોડું થોડું પણ સમજવાની વસ્તુ છે, હોં ! સૂક્ષ્મ પડે પણ આ સમજ્યા વિના એના કોઈ દિ' આરા નહિ આવે.** મરી જાય, તુટી જાય, હજાર હજાર વર્ષ તપ કરે... સમજાય છે ? મહાવ્રત પાળે ને વ્રત પાળે, એ મહાવ્રત છે ક્યાં ? અનુભવની દૃષ્ટિ વિના, સમ્યગ્દર્શન વિના આવ્યા ક્યાંથી ? સમજાય છે કાંઈ ?

કહે છે કે સમ્યગ્દષ્ટિને પોતાના દ્રવ્યની ઉપાસના થઈ તો શુદ્ધ છે એમ દૃષ્ટિમાં આવ્યું. જ્ઞાનમાં સ્વ–પરપ્રકાશક રહ્યો છે. જ્ઞાનમાં સ્વ–પરપ્રકાશક રહ્યો તો રાગ બાકી છે તેને જાણે છે. જેવો રાગ આવ્યો, દયાભાવનો જેવો વિકલ્પ આવ્યો તે પ્રકારનું અહીંયા જ્ઞાન થાય છે પણ તે પ્રકારનું જ્ઞાન થવા છતાં તે જ્ઞેયરૂપ થઈને એ જ્ઞાન નથી થયું. તે પોતાના જ્ઞાયકપણે થઈને તે જ્ઞાન થયું છે. જેમ અગ્નિને દાહ્યકૃત પદાર્થની અશુદ્ધતા લાગુ પડતી નથી એમ ભગવાન આત્મા પોતાને જાણે છે, સાથે રાગને જાણે છે તો રાગ છે તો જાણ્યું એવી અશુદ્ધતા સ્વ–પરપ્રકાશકમાં ધર્મીને લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ ?

ફરીને, આમાં પુનરુક્તિ લાગતી નથી. કંઈક કંઈક થોડી થોડી વાત ફરીને આવે છે. જુઓ ! તેવી રીતે અગ્નિના દૃષ્ટાંતે જ્ઞેયાકાર થવાથી... જેવો રાગ આવ્યો, વિકલ્પ આવ્યો, દયાનો આવ્યો.. સમજ્યા ? જ્ઞાનીને તો કોઈ રૌદ્રધ્યાનના પણ પરિણામ થાય છે. સમજાય છે ? પાંચમા ગુણસ્થાને થાય છે કે નહિ ! છઠ્ઠે આર્તધ્યાન થાય છે ! તો કહે છે કે જે પ્રકારનો અશુભ રાગાદિ છે, અશુભ રાગાદિ છે, તે સમયે જ્ઞાન પોતાની જ્ઞાયકતાથી પોતાને જાણે છે અને પરને જાણવાની પર્યાયરૂપ પરિણમવું તેનો સ્વભાવ છે. પણ એ રાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યો અને જ્ઞેય છે, તેની અસ્તિ છે તો અહીંયા જ્ઞાનનું એ રૂપ પરિણમન થયું એમ નથી. રાગ છે કે પરવસ્તુ છે તો અહીંયા જ્ઞાનનું પરપ્રકાશકરૂપ પરિણમન થયું એમ નથી. પોતાના સ્વભાવમાં જ્ઞાયકપણે જ્ઞાન પ્રસિદ્ધ થયું એ પોતાની પર્યાયથી પ્રસિદ્ધ થયું છે, પરને કારણે પ્રસિદ્ધ થયું છે એવી અશુદ્ધતા તેને સ્વ-પરપ્રકાશકમાં પણ લાગુ પડતી નથી. 'ચંદુભાઈ' ! થોડું પણ જેમ છે તેમ સમજવું પડશે. આ સમજ્યા વિના, સત્ય જ્ઞાન થયા વિના એ સત્યનો જવાબ નહિ મળે. એ વસ્તુ એવી સત્ છે. સમજાય છે કાંઈ ? તો જેવું સ્વરૂપ છે તેવી રુચિ અને જ્ઞાન ન થાય ત્યાં સુધી જવાબ નહિ મળે કે હું આવો શુદ્ધ છું, એવો અનુભવ નહિ થાય. સમજાય છે કાંઈ ?

કહે છે, ભગવાન જ્ઞેયાકાર થવાથી... આ તો પહેલા વ્યવહાર લીધો, હોં ! રાગ છે તેવો આકાર અહીંયા થયો. તે ભાવને **'જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...'** રાગને જાણવું, પરને જાણવું, સ્વને જાણવું અને પરને જાણવું એવું જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે **'તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** રાગ છે તો જાણવું થયું એવી પરાધીનતાથી અશુદ્ધતા જ્ઞાનને નથી. 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી' 'બનારસીદાસ' નો શ્લોક છે. 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેય શક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી' 'બનારસીદાસે' બહુ કામ કર્યું છે, ઘણું કામ કર્યું છે !! અનુભવી પુરુષ હતા. સમજ્યા ? ભલે ગૃહસ્થાશ્રમમાં હો, એમાં શું થયું ? એ ગૃહસ્થાશ્રમમાં છે જ નહિ. સમકિતી તો પોતાની પર્યાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. સમજાય છે કાંઈ ?

કહે છે, 'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી' એ મારી શક્તિ છે. 'તાતૈં વચનભેદ ભ્રમ ભારી' કહે છે, આને જાણ્યું, પેલાને જાણ્યું, કોઈ કહે આને જાણ્યું, તેને જાણ્યું એવા વચનના ઘણા ભેદ પડે છે. 'જ્ઞેય શક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા...' શક્તિ દ્વિરૂપા પ્રકાશી 'સ્વરૂપા પરરૂપા ભાસી' પણ ભાસ્યું પોતામાં. સમજાય છે કાંઈ ? આહા..હા...! જેની દૃષ્ટિ પોતાના જ્ઞાયક ઉપરથી, પોતાની ઉપાસનાથી જે શુદ્ધતા પ્રગટ થઈ તેના દ્વારા શુદ્ધ આત્મા છે, એવો ભાસ થયો, તેના જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક પરિણમે છે. જેવો રાગ છે, જેવો દયાભાવ છે, જેવો વિકલ્પ ઊઠે છે તે પ્રકારનું જ્ઞાન જ્ઞેયાકારરૂપ થાય છે પણ તે જ્ઞેય નામ રાગરૂપ થાય છે, એમ નથી. પોતાના જ્ઞાનની પર્યાયરૂપ થઈને પરિણમે છે. આહા..હા...! એ જ્ઞેયને ભિન્ન પાડીને, જ્ઞેયને ભિન્ન રાખીને (જાણે છે). બીજી ભાષાએ કહીએ તો સમ્યગ્દૃષ્ટિ વ્યવહાર રત્નત્રયને-પરજ્ઞેયને ભિન્ન રાખીને, પર સંબંધીનું જે પોતાનું જ્ઞાન તે રૂપ જ્ઞાન પરિણમે છે, પર છે તો પરિણમ્યું છે એવી અશુદ્ધતા જ્ઞાયકને લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ ? આરે..! ભારે વાત, ભાઈ ! આવો માર્ગ હશે ? આ તો બહુ ઝીણું, ભાઈ ! એક માણસ કહેતો હતો, ઝીણું બહુ કાંતો છો. એમ કહેતો હતો. ઝીણું સમજ્યા ? દોરો હોય ને ? બારીક. સુતર નથી હોતું ? સુતર. બહુ બારીક, ૧૨૦ નંબરનું બહુ બારીક હોય. પણ ભગવાન !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તારો સ્વભાવ જ બારીક છે. સાંભળ તો ખરો. તારું દ્રવ્ય ઝીણું, તારા ગુણ ઝીણું, તારી પર્યાય ઝીણી. આહા..હા...! અને તારો સ્વ–પરપ્રકાશકનો સ્વભાવ ઝીણો છે. સાંભળ તો ખરો, તારા અસ્તિત્વને તારે નક્કી કરવું છે કે નહિ ? 'સેઠી' ! આહા..હા...!

જે મુખ્ય પહેલા કરવાનું છે તેની તો દરકાર નથી અને એ સિવાયનું બીજું સહેલું લાગે છે તો એમ કરો, રાગ મંદ કરો, આવી ક્રિયા કરો, આમ કરો. હવે એ તો અનંત વાર કર્યું, તારા સ્વરૂપના ભાન વિના. એમાં કંઈ જન્મ-મરણના અંત આવ્યા નહિ. સમજાય છે કાંઈ ? લોકો તો બહારથી જુએ. આને સ્ત્રી છે, એને છોકરો થાય. ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી છે, એને પુત્ર થાય છે. ચક્રવર્તીને છન્નુ હજાર સ્ત્રી છે, એને દીકરા થાય છે. હંમેશાં ભોગ લે છે. હવે, સાંભળ તો ખરો ! એ ભોગ લે છે આત્માનો ! અને તું ત્યાગી થઈને રાગમાં એકત્વબુદ્ધિ કરે છે તો તું વિકારનો ભોગ લે છે. એટલો ફેર છે.

એ આવે છે, પંડિતજી ! આવે છે. નારકીનું નહિ ? 'નારકીકૃત બાહ્ય દુઃખ ભોગત, અંતર સુખ કી ગટાગટી' શેઠ પહેલા આવ્યા હતા ને ? તો કહ્યું હતું. શેઠને તો કંઈ ખબર નહોતી. આપણે તો જેમ છે તેમ (કહીએ). જિજ્ઞાસામાં હતા. પહેલા કહ્યું હતું. પહેલા (સંવત) ૨૦૦૧ ની સાલમાં આવ્યા હતા. એકવીસ વર્ષ થયા. ગટાગટી કહ્યું, તો એને થયું શું કહે છે આ ? એમણે શ્લોક નહિ સાંભળ્યો હોય. 'નારકી બાહ્યકૃત દુઃખ ભોગત, અંતર સુખ કી ગટાગટી' નારકી, સપ્તમ નરકનો નારકી, અપરિઠાણા રૌવરૌવ નરકનો નારકી સમ્યગ્દષ્ટિ છે. ત્યાં સમ્યગ્દર્શન લઈને નથી જાતા અને સમ્યગ્દર્શન લઈને નીકળતા નથી, પણ વચ્ચેના કાળમાં સમ્યગ્દર્શન પામે છે. રૌવરૌવ નરકમાં અપરિઠાણા નરકમાં પડ્યા છે, અત્યારે છે. સમજાય છે કાંઈ ? એ કહે છે, બાહ્યકૃત દુઃખ દેખાય છે પણ અંદરમાં એ દુઃખની અસહનશીલતાની પર્યાય છે તેનું પણ અહીં જ્ઞાન કરે છે તો એ દુઃખની પર્યાય છે તો તેને કારણે જ્ઞાન થાય છે, એમ નથી. શું કહ્યું સમજાણું ?

જ્ઞાન, પોતાની જ્ઞાયકતાથી પ્રસિદ્ધ પ્રભુ પોતાનું પણ જ્ઞાન કરે છે અને પરનું પણ જ્ઞાન કરે છે. પણ પરનું જ્ઞાન કરવા છતાં પર છે તો પરનું જ્ઞાન થાય છે, એમ નથી. પોતાના અસ્તિત્વની ભૂમિકામાં, પોતાના અસ્તિત્વમાં પોતાનું જેવું જ્ઞાન કરે છે એમ પરનું પણ પોતાના અસ્તિત્વમાં પરરૂપ થયા વિના, પોતારૂપ રહીને સ્વ–પરપ્રકાશક જ્ઞાન જ્ઞેયને આકારે પોતાનો જ્ઞાનાકાર પોતાથી પોતાને કારણે થયો છે. આ..હા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે, પહેલી બાર ગાથામાં તો આખું સમયસાર ભરી દીધું છે. 'જયચંદ્રજી' પંડિતે પિઠીકા લખી છે, પિઠીકા. આ બાર ગાથા પિઠીકા છે. પિઠીકા સમજો છો ? ઝાડને ફરતે ઓટલો બાંધે છે ને ? ઓટલો. પછી ફળ, ફૂલ થશે. કહે છે,... આહા..હા...! 'અમૃતચંદ્રાચાર્ય', 'કુંદકુંદાચાર્ય' પરમેશ્વરના પુત્ર !! પેલા કહે છે ને કે ઈશ્વરનો પુત્ર, નહિ ? કોણ ? ઈસુ.. ઈસુ.. આ પરમેશ્વરના પુત્ર છે. શાસ્ત્રમાં લખ્યું છે, હોં ! સર્વજ્ઞના પુત્ર લખ્યું છે. 'ધવલ'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માં, 'ધવલ' માં પાઠ છે. બધું શાસ્ત્રમાં લખ્યું છે, બધું શાસ્ત્રમાં પડ્યું છે. કોઈ પણ શબ્દ નીકળે છે એ શાસ્ત્રમાં છે એમ ખ્યાલમાંથી નીકળે છે. સર્વજ્ઞના પુત્ર કહ્યા છે અને સમ્યગ્દૃષ્ટિને પણ કહ્યું નહિ ? 'તે જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન' એ પણ પુત્ર થઈ ગયા, લઘુપુત્ર છે, ગૌતમ મોટા પુત્ર છે. સમજાય છે કાંઈ ? સંતો કેવળજ્ઞાનીના પુત્ર છે, સર્વજ્ઞના પુત્ર છે. સર્વજ્ઞની પર્યાય અલ્પકાળમાં થશે, સર્વજ્ઞ થશે, એકાદ ભવ છે, સ્વર્ગમાં ગયા છે. 'કુંદકુંદાચાર્ય' સ્વર્ગમાં ગયા છે. પંચમકાળ હતો, વિકલ્પનો નિષેધ કરીને ગયા છે.

જે ભાવનો રાગ આવે છે તે પ્રકારનું જ્ઞાન પોતાની સત્તાથી, પોતાના અવલંબનથી કરતા થકા જ્ઞાનમાં રાગનું જાણવું થયું તો રાગ છે તો એટલી સ્વ–પરપ્રકાશક જ્ઞાનના પરિણમનમાં પરાધીનતા છે, એમ છે નહિ. સમજાય છે કાંઈ ? ભાઈ ! બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. એક શબ્દ ફરે તો એમાં આખું (ફરી જાય એવું છે). આ કાંઈ કોઈ વાત નથી. એક શબ્દ પણ આઘોપાછો થઈ જાય તો તત્ત્વ ફરી જાય.

કહે છે, **'જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;....'** કેમ ? કારણ આપે છે. **'જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાણો...'** જુઓ ! જ્ઞેયાકાર અવસ્થામાં એ જ્ઞાયકરૂપે જણાણો, ભાઈ ! આહા..હા..! રાગાદિ છે તેને જાણવા તો જ્ઞેયાકાર અવસ્થામાં પણ રાગનું જાણવું થયું તે પોતાની પર્યાયમાં થયું. એ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાણો, એ જ્ઞાયકપણે જણાણો છે, રાગરૂપે જણાણો નથી. આહા..હા...! જ્ઞાયકપણે (જણાણો), અહીં તો અભેદ લેવું છે ને ? સમજાય છે કાંઈ ? આ તો ભગવાનની ભાગવત્ કથા છે. 'નિયમસાર' માં લીધું છે. 'નિયમસાર' માં છેલ્લી ગાથામાં 'પદ્મપ્રભમલધારીદેવે' લીધું છે કે આ નિયમસાર ભાગવત્ શાસ્ત્ર છે. 'નિયમસાર' માં ટીકામાં છે, હોં ! નિયમસાર ભાગવત્ છે તો આ ભાગવત્નું ભાગવત્ છે !! આહા..હા...!

કહે છે કે **'જ્ઞેયાકાર અવસ્થામાં...'** ભાષા શું છે ? – કે અગ્નિ દાહ્યના આકાર અવસ્થામાં પણ અગ્નિ છે. પોતાના આકારે જુઓ તો પણ અગ્નિ છે. એમ જ્ઞેયાકાર રાગાદિ વિકલ્પ છે તેનું અહીંયા જ્ઞાન થયું એ જ્ઞેયાકાર અવસ્થામાં પણ જ્ઞાયકપણે જણાણો, જ્ઞાયકપણે જણાણો, રાગરૂપે જણાણો એમ નથી. **'તે સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** જુઓ ! એ તો સ્વના પ્રકાશનમાં પણ જ્ઞાયકપણે ભાસે છે. એને માટે ફરીને દૃષ્ટાંત આપશે, હોં !

ભગવાન ! જ્ઞેયાકાર અવસ્થામાં, જેમ અગ્નિ બળવાયોગ્ય વસ્તુને આકારે થવા છતાં અગ્નિરૂપે જ ભાસે છે અને અગ્નિથી જુઓ તો પણ અગ્નિ અગ્નિરૂપે ભાસે છે. એમ ***ભગવાન આત્મા રાગાદિનું જ્ઞાન કરવાને કાળે પણ જ્ઞાયકપણે જ ભાસે છે અને પોતાને પ્રકાશવાના કાળે પણ તે જ્ઞાયકરૂપે ભાસે છે. પરના પ્રકાશન કાળે રાગરૂપ ભાસે છે એમ આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ?***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખુબી તો એ છે કે જેવી સમયે સમયે ઉપાદાનમાં પર્યાય છે... સમજાણું ? એ પોતાથી થાય છે. નિમિત્ત છે તો થાય છે, એમ નથી. નિમિત્ત છે તો થાય છે એમ નથી. એમ અહીંયા અંદરમાં વ્યવહાર પણ નિમિત્ત છે. વ્યવહાર પણ નિમિત્ત છે. શુદ્ધ ઉપાદાનની પર્યાય સ્વભાવને આશ્રયે પ્રગટ થઈ. તો કહે છે, વ્યવહાર નિમિત્ત છે વ્યવહાર છે તો તેનું જ્ઞાન થયું એમ પણ નહિ. ભાઈ ! આહા..હા...! એ વ્યવહાર છે તો નિશ્ચય થયો, શુદ્ધિ થઈ એમ તો નથી પણ વ્યવહાર છે એનું જ્ઞાન કર્યું તો વ્યવહાર છે તો તેનું જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા...! 'ચંદુભાઈ' !

ફરીને, અહીં તો એવી ચીજ છે કે ભગવાન આત્મા જ્ઞાયક શુદ્ધ કેમ કહ્યો ? – કે પોતાની સન્મુખ થઈને ઉપાસવામાં આવતાં. પર્યાયને અંતરમાં વાળીને સેવા કરી, શુદ્ધતા પ્રગટ થઈ. તો કહે છે, જ્ઞાયકને જાણપણું પ્રસિદ્ધ છે ને ? પરને જાણવાનું પ્રસિદ્ધ થયું કે નહિ ? એ રાગાદિને જાણે છે એવી પ્રસિદ્ધતા રાગને કારણે થઈ કે નહિ ? – કે નહિ. એ રાગના કાળે પણ જ્ઞાન જાણતું થકું, રાગનું સ્વરૂપ છે એમ પોતાના જ્ઞેયાકારપણે પરિણમવા છતાં જ્ઞાયકપણે જ પ્રસિદ્ધ થયો, રાગપણે પ્રસિદ્ધ થયો જ નથી. આહા..હા...! બહુ પણ ઝીણું, ભાઈ ! 'બાબુલાલજી' ! આ તો મહાસિદ્ધાંત છે, આ કોઈ વાર્તા-કથા નથી. સર્વજ્ઞના પેટ ખોલીને તત્ત્વની વાત કરી છે.

ભગવાન આત્માને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે ને ! એ જ્ઞેયાકાર ભાવ થવાથી પ્રસિદ્ધ છે ? ના. તેને જ્ઞેયકૃત અશુદ્ધતા નથી. એ રાગ છે તો પરનું જ્ઞાન અહીંયા થયું એમ નથી. એ તો રાગનું જ્ઞાન તે સમયે પોતાની જ્ઞાનની પર્યાયરૂપ પરિણમનને કાળે પરિણમન થયું છે. પોતાના જ્ઞાયકની પ્રસિદ્ધિથી પ્રસિદ્ધ થયું છે, એ રાગને કારણે પરપ્રકાશક જ્ઞાન પ્રસિદ્ધ થયું છે એમ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

ત્રીજી વાત કહે છે કે પોતાનું જ્ઞાન પોતાને આશ્રયે સ્વ–પરપ્રકાશક થયું એ પોતાની પર્યાયમાં પ્રસિદ્ધિ થઈ છે. એ પર્યાયમાં રાગ હતો તેનું જ્ઞાન રાગને કાળે તે સંબંધીનું જ્ઞાન જાણતા સ્વ–પરપ્રકાશકની પર્યાય સ્વતઃ પ્રગટ થાય છે. એ સ્વ–પરપ્રકાશક પર્યાય પોતાથી જ્ઞાયકની પ્રસિદ્ધિ કરે છે. એ રાગ છે તો જ્ઞાન થયું, એમ નહિ. વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એમ નથી. આહા..હા...! અને વ્યવહાર છે તો એને નિમિત્ત કહેવામાં આવ્યું, પણ નિમિત્ત છે તો અહીંયા નિમિત્તનું જ્ઞાન થયું એમ પણ નથી.

**શ્રોતા :–** નિમિત્તથી કાર્ય થયું એ તો નથી પણ (નિમિત્તનું) જ્ઞાન પણ નહીં !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞાન નહિ. ભાઈ ! જ્ઞાનનો એ સમયે સ્વતઃ સ્વ–પરપ્રકાશક સામર્થ્યનું કાર્ય છે. 'જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપા ભાસી'. પરરૂપા ભાસી પણ પરરૂપ થઈને ભાસી નથી અને પર છે તો તેને કારણે પરપ્રકાશક પર્યાય અહીંયા થઈ છે એમ નથી. ભારે ઝીણું, ભાઈ ! ભગવાન ! તારી ચીજ જ એવી છે. તારે એ સમજ્યે છુટકો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, એ વિના કલ્યાણનો અંશ પ્રગટ થશે નહિ. સમજાય છે કાંઈ ?

**'જ્ઞાયકપણે જે જણાયો તે સ્વરૂપપ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** હવે દૃષ્ટાંત આપશે. દીપક કર્તા અને પ્રકાશ એનું કર્મ છે. એમ ભગવાન આત્મા જ્ઞાયક કર્તા અને પરપ્રકાશકની પોતાની પર્યાય પોતાથી થઈ એ પોતાનું કર્મ છે. રાગ તેનું કાર્ય નથી. એ વાત વિશેષ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

❀

**પરમાત્મપ્રકાશની ૬૮મી ગાથા તો માખણ છે, અમૃત ભર્યાં છે, આનંદના વાજા વગાડ્યા છે. જીવની વ્યાખ્યા ગજબ કરી છે. જિનવરદેવે જીવની વ્યાખ્યા કરી કે ઉત્પાદ-વ્યય વિનાનો, બંધ-મોક્ષની પર્યાય અને બંધ-મોભના કારણ વિનાનો તે જીવ છે, શુદ્ધ નિશ્ચયનયથી નિત્યાનંદ ધ્રુવ ભગવાન આત્મા છે. તે જન્મતો નથી અર્થાત્ ઉત્પાદની પર્યાયમાં આવતો નથી, મરતો નથી અર્થાત્ વ્યયમાં આવતો નથીં. એકેન્દ્રિયની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો ધ્રુવ ભગવાન તો સદાય ત્રિકાળી જ્ઞાનાનંદની મૂર્તિ સ્વરૂપ જ રહ્યો છે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૩૯)**

❀

**અહા ! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિસ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતિ, ભગવાન આત્માનું હોવાપણું, ક્યે પ્રસંગે નથી ? જે જે પ્રસંગો આવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે, તો એને અંદરથી શાન્તિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તોપણ, તેનાથી ભિન્ન રહીને 'હું તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ. તો જ એને શાન્તિ રહે. પરનું કાંઈક કરી દઉં તો મને શાન્તિ મળે, પરની કંઈક સગવડતા મળે તો મને ઠીક પડે – એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાન્તિ ને દુઃખ જ રહે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૪૦)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૬, પ્રવચન નં. ૨૫
## તા. ૨૩-૭-૧૯૬૫
## [૪]

આ 'સમયસાર' ની છઠ્ઠી ગાથા ચાલે છે. છઠ્ઠી કહે છે ને ? શું કહે છે ? શિષ્યે એવો પ્રશ્ન કર્યો હતો, પ્રભુ ! આપે, પરમાત્મા આદિ સંતોએ જે શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો હતો તેનાથી તમે શુદ્ધાત્માનો અનુભવ કર્યો તો એ શુદ્ધાત્મા આપ કોને કહે છે કે જેને જાણવાથી આત્માનું કલ્યાણ થાય છે ? અને એ જાણ્યા વિના કદી કલ્યાણ થતું નથી. એવો શિષ્યનો પ્રશ્ન હતો. એ જ પ્રશ્ન કર્યો, બીજો કોઈ પ્રશ્ન નથી કર્યો. આપ શુદ્ધ કોને કહો છો કે જેને જાણવાથી આત્માનો મોક્ષમાર્ગ પ્રગટ થાય અને મોક્ષ થાય ?

તેના ઉત્તરમાં ત્રણ પદમાં એમ કહ્યું કે ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત એકસ્વરૂપે પ્રભુ ધ્રુવ બિરાજમાન છે. તે આત્મ સ્વભાવ શુભ-અશુભભાવ રૂપે થતો નથી. શુભ-અશુભભાવ કર્મ રૂપે થતા નથી, શરીર રૂપે થાય એ તો પ્રશ્ન જ નથી પણ એની એક સમયની તાદાત્મ્ય શુભાશુભ વિકારી પર્યાય છે એ રૂપે ભગવાન આત્મા કદી થયો નથી. સમજાય છે કાંઈ ? શરીરરૂપે, કર્મરૂપે, પરરૂપે કે એક સમયની અવસ્થારૂપે પરરૂપે તો કદી થયો નથી પણ ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકજ્યોત જે સમ્યગ્દર્શનનો વિષય છે એ આત્મા ધ્રુવ ચૈતન્ય જ્ઞાયક શુભાશુભ રાગરૂપે નથી તો આત્મા એ પ્રમત્ત-અપ્રમત્તપણે નથી. પ્રમત્ત-અપ્રમત્તપણે નથી તો એ જ આત્માને પરદ્રવ્યનું સર્વ લક્ષ છોડીને પોતાના સ્વભાવનું લક્ષ કરીને પોતાની પર્યાયમાં આત્માના દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયથી સેવન થયું તે આત્માને શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? એ તો ત્રણ પદનો અર્થ આપણે થઈ ગયો. હવે આજે ચોથા પદની વ્યાખ્યા છે. જ્ઞાતઃ સો જ્ઞાતઃ એ ચોથું પદ છે ને ? **'णादो जो सो दु सो चेव'**.

ફરીને, **'શુદ્ધ કહેવાય છે.'** ત્યાં સુધી આવી ગયું. દૃષ્ટાંત આપ્યું હતું તે ફરીને. **'વળી...'** સૂક્ષ્મ વિષય છે પણ લોકોને એ જાણવો તો પડશે ને ? **'વળી દાહ્ય...'** નામ જે બળવાયોગ્ય પદાર્થ છે તે **'આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે...'** અગ્નિ બળવાયોગ્ય પદાર્થને બાળે છે. તે આકારે અગ્નિ થવાથી અગ્નિને દહન કહેવાય છે. **'તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી,...'** બળવાયોગ્ય પદાર્થને આકારે થવા છતાં પરના આકારે અગ્નિ થઈ નથી. સમજાય છે કાંઈ ? એ તો અગ્નિ પોતાના આકારરૂપે જ થઈ છે. અગ્નિ અગ્નિરૂપે રહી છે. અગ્નિ બળવાયોગ્ય પદાર્થને આકારે થવા છતાં અગ્નિ અગ્નિરૂપે રહી છે, અગ્નિ ઇંધનરૂપ થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી. બળવાયોગ્ય પદાર્થરૂપ અગ્નિ કદી થઈ નથી. એ દૃષ્ટાંત થયું. સમજાય છે કાંઈ ?

**'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી...'** ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેયાકાર જેવા રાગ-દ્વેષાદિ છે તેમ જ્ઞાનની પર્યાયમાં તે સંબંધી પોતાના જ્ઞાનાકાર રૂપે જ્ઞાન પરિણમે છે. સમજાય છે કાંઈ ? આ તો અંતરનો વિષય છે, ભાઈ ! એ સૂક્ષ્મ છે. એમ બાહ્ય ક્રિયાકાંડ કરી લેવાથી કે આ કરી લેવાથી કે તે કરી લેવાથી કોઈ તત્ત્વની ઉપલબ્ધિ થતી નથી.

ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપમાં જ્ઞેયાકાર થવાથી જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે, પ્રસિદ્ધ છે. એ **'જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...'** તોપણ જ્ઞાયકભાવ એ જ્ઞેયની પર્યાયરૂપ કદી થયો નથી. સમજાય છે કાંઈ ? અગ્નિ બળવાયોગ્ય પદાર્થને આકારે થવા છતાં એ અગ્નિ ઇંધન કે બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ નથી. એ તો અગ્નિ પોતાને આકારે પરિણમે છે તો પરને કારણે તેને અશુદ્ધતા લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ સમ્યગ્દર્શન એવી ચીજ છે કે એ તો આત્મા જાણ્યો તો (મુક્ત થઈ ગયો). મિથ્યાત્વ તે સંસાર અને સમ્યગ્દર્શન તે મોક્ષ, એમ આવે છે. મિથ્યાત્વ એ જ સંસાર છે. અપરિમિત સંસાર. પછી થોડા રાગ-દ્વેષ રહે છે એ તો પરિમિત સંસાર છે. થોડો સંસાર છે. અને સમ્યગ્દર્શન છે તે દ્રવ્ય મુક્તસ્વરૂપ છે તો મુક્તનો અનુભવ ભાન થયો તો એ આત્મા મુક્ત જ છે. થોડા રાગ-દ્વેષ રહે છે એ તો અલ્પ છે. તેને અહીંયા ગણતરીમાં ન લ્યો તો એ રાગ-દ્વેષ જ્ઞાનનું જ્ઞેય રહી જાય છે. સમજાય છે કાંઈ ?

અહીં કહે છે કે એ રાગ-દ્વેષ જે છે તે જ્ઞાનમાં જણાયા તો જ્ઞાન જ્ઞેયાકારરૂપ થયું. જ્ઞેયાકારરૂપ થયું તો જ્ઞેય છે તેને કારણે થયું કે પોતાને કારણે જ્ઞાનાકાર જ્ઞેયાકારરૂપની પ્રસિદ્ધિમાં જ્ઞાનાકાર પોતાને કારણે થયું છે ? 'અમરચંદજી' ! આહા..હા...! સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્યજ્યોત, તેને વર્તમાનમાં જ્ઞેયને જાણવાથી જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. પરંતુ પ્રસિદ્ધિ હોવા છતાં... અમારી હિન્દીમાં થોડો શબ્દ ફેર આવે છે. હોને પર ભી, હોતે છતાં એ સમજી લેવું. કારણ કે અભ્યાસ નથી. જે થોડા શબ્દ આવડે છે એ આવે છે. સાધારણ હિન્દી છે. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા ! ચૈતન્ય-અંગાર. જેમ અગ્નિ અંગાર છે એ અગ્નિ પર આકારે થવા છતાં અગ્નિ બળવાયોગ્ય પદાર્થની પર્યાયને આકારે થઈ નથી, પોતાના આકારે થઈ છે. એમ ચૈતન્ય-અંગારો, ***ભગવાન ચૈતન્યજ્યોત રાગાદિને જાણવા છતાં રાગરૂપે જ્ઞાન પરિણમ્યું નથી. રાગ સંબંધી પોતાનું જે જ્ઞાન એ જ્ઞાન જ્ઞેયાકારપણે, જ્ઞેય જેવા રાગાદિ છે તેવું પોતાના જ્ઞાનાકારે જ્ઞાન પરિણમ્યું છે. સમજાય છે કાંઈ ? આહા..!*** રાગથી પાર, શરીરથી પાર, કર્મથી પાર એ વસ્તુની દૃષ્ટિ કર્યા વિના એનું કલ્યાણ કદી થાય નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?

કહે છે કે **'તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે ભાવને...'** ભાવ કોણ ? જ્ઞાયકપણાને **'જ્ઞાયકપણું**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પ્રસિદ્ધ છે...**' જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે '**તોપણ જ્ઞેયકૃત...**' નામ જણાવાલાયક જે પદાર્થ છે તો અહીંયા જ્ઞાનરૂપ પરિણમન થયું છે એવી અશુદ્ધતા તેને લાગુ પડતી નથી. પૈસા–બૈસા તો પુણ્યને લઈને મળી જાય પણ આ પુરુષાર્થ વિના મળતું નથી, એમ કહે છે. આહા..હા...! શું કહે છે ? જુઓ ! '**જ્ઞેયાકાર થવાથી તે ભાવને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે...**' તે ભાવને એટલે જ્ઞાયકપણાને. '**તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી;...**' ***એ રાગરૂપ જ્ઞાનનું પરિણમન થયું જ નથી. જ્ઞાનનું પરિણમન જ્ઞાનાકારની સ્વપર્યાયપણે પરિણમન થયું છે. સમજાય છે કાંઈ ?***

'**કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં...**' રાગાદિના વિકલ્પ આદિ જે જ્ઞેય છે તેની અવસ્થા જાણવાલાયક પોતાનું જ્ઞાન થયું તો '**જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાણો...**' તે અવસ્થામાં જાણનારો જ્ઞાયકપણે જણાણો. એ જાણનારો જ્ઞાયકપણે જણાણો. જાણનારો જ્ઞેયરૂપ જણાણો એમ નથી. સમજાય છે કાંઈ ? જેમ અગ્નિ બાળવાયોગ્ય પદાર્થને કાળે પણ અગ્નિપણે પ્રસિદ્ધ થઈ છે. અગ્નિપણાના ભાવપણે અગ્નિ પ્રસિદ્ધ થઈ છે. એમ જ્ઞાયક ભગવાન આત્મા રાગાદિ, પુણ્ય આદિ, વ્યવહાર વિકલ્પ આદિ એ જ્ઞેય જે છે તે આકારે પોતાની જ્ઞાનપર્યાયમાં પરિણમવા છતાં એ જ્ઞાયકપણું એ જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાણો, જ્ઞાયકપણે જણાણો. ભાઈ ! આહા..હા...! એ રાગરૂપે અને વ્યવહારરૂપે નથી જણાણો. વ્યવહારરૂપે જણાણો નથી, જ્ઞાયક જ્ઞાયકપણે જણાણો. આહા..હા..! સમજાય છે કાંઈ ? જ્ઞાન જ્ઞેયનું જ્ઞાન કરવા છતાં જ્ઞેયરૂપ થયું નથી.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પછી, એ બીજી વાત છે. હજી અહીંયા તો આટલું લેવું છે. પછી બીજી વાત આવશે. બીજા બોલમાં આવશે. આ તો એક એક શબ્દ મહા સિદ્ધાંત છે.

કહે છે જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જણાણો. એટલી વાત છે. એ સમયે પણ જ્ઞાયકપણે જ્ઞાયક પ્રસિદ્ધ થયો, જ્ઞેયપણે પ્રસિદ્ધ થયો નથી. સમજાય છે કાંઈ ?

'**સ્વરૂપ–પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ,...**' હવે આવ્યું. સમજાય છે કાંઈ ? એકલું સ્વરૂપ લીધું છે, ભાઈ ! સ્વરૂપ શુદ્ધ જ્ઞાયક, એકલું સ્વરૂપ ચૈતન્યપ્રભુ અભેદ જ્ઞાયકમૂર્તિ એ સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં પણ, '**સ્વરૂપ–પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં પણ,...**' ધીમે ધીમે પણ સમજવાની વસ્તુ તો આ છે. બાકી બધી વાતું અગિયાર અંગ ને નવ પૂર્વ ભણી લીધા, એમાં શું થયું ? સમજાય છે કાંઈ ? ભગવાન આત્માય...! સવારે ભગવાન આત્મા બહુ આવતું હતું, નહિ ? ૫૦ મી ગાથામાં. ક્ષાયિકભાવનો નિષેધ કરવો હતો ને ! બહુ ઝીણું આવ્યું. આહા..હા..!

અહીં કહે છે, ભાઈ ! આ ચૈતન્યજ્યોત પ્રભુ આત્મા બિરાજમાન છે ને ! તેના અસ્તિત્વની–મોજૂદગીની પ્રતીતિ ક્યારે થાય છે ? તેના અસ્તિત્વની પ્રતીતિ ક્યારે થાય છે ? – કે પોતાના જ્ઞાનમાં એ રાગાદિના જ્ઞેયાકારરૂપે જ્ઞાન થવા છતાં જ્ઞાન તો પોતાને કારણે જ્ઞાનરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થયું છે. જ્ઞેયકારે પરિણમન થવા છતાં જ્ઞાયકપણે જણાણો, જ્ઞાયકપણે જણાય છે. જ્ઞાયક રાગપણે જણાય છે એમ નથી. સમજાય છે કાંઈ ? તે જ **'સ્વરૂપ–પ્રકાશનની (સ્વરૂપને જાણવાની) અવસ્થામાં...'** હવે થોડું સૂક્ષ્મ છે. ભગવાન આત્મા સ્વરૂપ–પ્રકાશનની અવસ્થા. અવસ્થા તો લીધી. ભગવાન આત્મા સ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્યારે સમ્યગ્જ્ઞાન, મતિ-શ્રુતજ્ઞાન અને સમ્યગ્દર્શનના કાળે મતિ-શ્રુતજ્ઞાનથી જ્યારે જ્ઞેય થયું, સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં પોતાના મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયમાં પ્રત્યક્ષ જ્ઞેય થયું તો સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં.. સમજાય છે કાંઈ ? **'સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં પણ,...'** 'પણ' કેમ કહ્યું ? એ જ્ઞેયાકાર જ્ઞાનાકાર થવા છતાં જ્ઞાયક તો જણાણો, જ્ઞાયકપણે જણાણો છે. રાગપણે જ્ઞાયક પ્રસિદ્ધ થયો એમ નથી. હવે **'સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં પણ, દીવાની જેમ,...'** દીવાની જેમ **'કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે...'** કર્તા-કર્મનું એકપણું હોવાથી જ્ઞાયક જ છે. ધ્યાન રાખજો ! ભગવાન આત્મા દીવાની જેમ... દીવાનો દૃષ્ટાંત આપશે, સમજ્યા ?

**'દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને–પોતાની જ્યોતિરૂપ શિખાને–પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે,...'** એમ ભગવાન આત્મા ચૈતન્યજ્યોત જ્ઞેયનું જ્ઞાન કરવાના કાળે પણ જ્ઞાયક જ્ઞાયકપણે, જ્ઞાનપણે પ્રસિદ્ધ થયો, રાગપણે નહિ. પછી સ્વરૂપ પ્રકાશનની અવસ્થામાં પણ **'પોતે જાણનારો માટે પોતે કર્તા...'** આહા..હા...! **'પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.'** જુઓ ! શું કહે છે ? ***ભગવાન આત્મા પોતાને જાણનારો આત્મા એ કર્તા અને જાણનારો જ્ઞાયક કર્તાએ પોતાને જાણ્યો, જ્ઞાયકને જાણ્યો. જ્ઞાયક કર્તા અને જ્ઞાયકને જાણ્યો, એ જ્ઞાયક જાણ્યો એ તેનું કર્મ છે. કર્મ નામ કાર્ય. આહા..હા...!*** ગાથામાં બહુ સમાવી દીધું છે ! આ જડનું કાર્ય આત્માનું, પરના કાર્ય આત્માના.. હજી તો આવી ચર્ચા (ચાલે છે કે) આત્મા બીજાને સમજાવી શકે કે નહિ ? અરે..! ધૂળમાં સમજાવી શકે ? ભાષા જડની છે, કોણ સમજાવી શકે ? સમજાય છે કાંઈ ?

અહીં તો અંદર વિકલ્પ ઊઠે તેનો જ્ઞાતા, વિકલ્પના જ્ઞેયાકારપણે જ્ઞાન થયું તો ત્યાં જ્ઞાનની પ્રસિદ્ધિ થઈ છે, વિકલ્પની નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ પ્રભુ, અનંત ચૈતન્યજ્યોતથી ભરેલો ભરપુર પ્રભુ, એની જ્ઞાનની દશામાં એ જ્ઞેય નામ રાગ, હોં ! ***રાગ એનું કર્મ નહિ, રાગ એનું કાર્ય નહિ પણ રાગને જાણનારી પર્યાય થઈ છે એ પણ અહીંયા કર્તાનું ખરું કર્મ નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ?***

ભગવાન ચૈતન્યપ્રભુ પોતાના શુદ્ધ સ્વરૂપના પ્રકાશન કાળે, સ્વરૂપ–પ્રકાશન કાળે અર્થાત્ નિર્વિકલ્પ અનુભવના કાળે, વિકલ્પના કાળે પણ જ્ઞેયાકારનું જ્ઞાન પોતાથી થયું તો એ વખતે પણ જ્ઞાયકપણે જ પ્રસિદ્ધ થાય છે, રાગપણે પ્રસિદ્ધ નથી થતો. હવે સ્વરૂપ–પ્રકાશન કાળે પણ.. સમજાય છે કાંઈ ? જ્યારે નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગથી સ્વરૂપ–પ્રકાશન કરે છે ત્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ... આહા..હા..! સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં... રાગની પ્રકાશન અવસ્થા, પરની પ્રકાશનની અવસ્થા–પર્યાયની વાત અત્યારે નહિ. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત અભેદના પ્રકાશનની અવસ્થામાં પણ દીપકની જેમ કર્તા-કર્મનું એકપણું (છે). અનન્યપણું–અનેરાપણું નહિ. અનન્યત્વ, અનન્યપણું અનેરાપણું નહિ. **'અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે...'** કેમ ? - **'પોતે જાણનારો માટે...'** સ્વરૂપ પ્રકાશનના કાળે ભગવાન આત્મા જ જાણનારો. સમજાય છે કાંઈ ? 'શશીભાઈ' ! ઝીણું બહુ પણ. આહા..! અરે..! ભગવાન ! તું એટલો ઝીણો છો એવો અનુભવ કર્યા વિના કદી સમ્યગ્દર્થન થતું નથી અને સમ્યગ્દર્શન વિના જે કંઈ કરે એ બધું ચાર ગતિમાં રખડવાનું કારણ છે. 'ડાલચંદજી' !

કહે છે, પ્રભુ ! તારું સામર્થ્ય સાંભળ તો ખરો. તારું સામર્થ્ય ! ભગવાન આત્મા જ્યારે પોતાને જાણે છે તો પોતે સ્વયં જાણનાર કર્તા, સ્વયં જાણનારો છે માટે પોતે કર્તા છે અને પોતાને જાણ્યો. જુઓ ! રાગને નહિ, પરને નહિ, એકલી પર્યાયને જાણી એમ પણ નહિ, ભાઈ ! સ્વરૂપ–પ્રકાશનને કાળે.. ઓહો..હો..! વાત સૂક્ષ્મ પડે એટલે એમ કહે, આ બધી પંડિતાઈની વાત છે. એ તો બધું જાણપણું છે. મૂળ અમારે કરવું શું એ કહો ને ! આ રાગ કરો, દયા કરો, ભક્તિ કરો... હવે ધૂળેય નથી, સાંભળને હવે. પહેલા કરવાનું કર્તવ્ય આ છે. સમજાય છે કાંઈ ? એને ખ્યાલમાં આવે ને ! ખ્યાલમાં આવે એ ઠીક પડે. એ તો અનાદિથી ખ્યાલમાં આવે છે. એ તો પર ખ્યાલમાં આવે છે. તમારો આત્મા એ સમયે ક્યાં ખ્યાલમાં આવ્યો ? સમજાય છે કાંઈ ? પોતાના આત્માની પ્રસિદ્ધિ થયા વિના તારા કલ્યાણના બીજના અંકુરા ક્યાંથી આવશે ? આ..હા..!

કહે છે કે ભગવાન આત્મા ચૈતન્યજ્યોત સ્વરૂપ–પ્રકાશનના કાળે જાણનારો આત્મા કર્તા અને જાણ્યો પણ પોતાને. સમજાય છે કાંઈ ? સ્વરૂપ–પ્રકાશનની અપેક્ષાએ પોતાને જાણ્યો તેથી પોતે કર્મ. આત્મા જ કાર્ય થયું, કર્મ એ થયું. આ..હા..! સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર' માં ૯૬ ગાથામાં પણ આવે છે ને ? દ્રવ્યની સિદ્ધિ કરવા. ત્યાં દ્રવ્યની સિદ્ધિ–સાબિત કરવા માટે (કહ્યું છે). દ્રવ્યની સિદ્ધિ કરવા માટે ઉત્પાદ-વ્યય અને જે ગુણ-પર્યાય છે તે કર્તા છે અને દ્રવ્ય કર્મ છે. 'પ્રવચનસાર' માં જ્ઞેય અધિકારની ૯૬ ગાથામાં છે. ખબર છે કે નહિ ? 'ચંદુભાઈ' ! થોડું થોડું યાદ છે. એ ઠીક કહ્યું. પૂછે તો વળી... ? અરસપરસ સિદ્ધ કરે છે. દ્રવ્યને આધારે ગુણ-પર્યાય છે અને દ્રવ્યનું કાર્ય ગુણ-પર્યાય છે અને બીજી રીતે કહીએ તો ગુણ-પર્યાય કર્તા અને દ્રવ્ય કર્મ છે. ગુણ-પર્યાય આધાર અને દ્રવ્ય આધેય છે. ગુણ-પર્યાય સાધન અને સાધ્ય આ દ્રવ્ય. આમ લઈએ તો દ્રવ્ય સાધન અને ગુણ-પર્યાય સાધ્ય. આમ લઈએ તો ગુણ-પર્યાય સાધન અને આ (દ્રવ્ય) સાધ્ય. એમ ૯૬ ગાથામાં જ્ઞેયને સિદ્ધ કરવા માટે 'અમૃતચંદ્રાચાર્યે' એવી ટીકા લીધી છે. સમજાય છે કાંઈ ? સ્વતંત્ર પદાર્થ સિદ્ધ કરવો છે ને ! પરની સાથે કાંઈ સંબંધ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો એમ કહ્યું કે ભગવાન આત્મા સ્વરૂપ.. સ્વરૂપ... સ્વરૂપ.. સ્વરૂપ–પ્રકાશનની દશામાં અર્થાત્ અનુભવના કાળે આત્માના સ્વરૂપ અનુભવ નિર્વિકલ્પ દશાના કાળે પોતાના શુદ્ધ ઉપયોગથી આત્માનો અનુભવ થયો તે જ કાળે જ્ઞાયકભાવ તે કર્તા અને જ્ઞાયકભાવને જ્ઞાને જાણ્યો તે જ્ઞાયકભાવ તેનું કર્મ છે. ભારે ઝીણું, ભાઈ ! આ તો કર્તા-કર્મનું અંદર નાખ્યું. 'ચંદુભાઈ' ! આહા..હા...! પહેલા થોડો એવો અર્થ લેતા કે રાગને જાણે એવી જ્ઞાનની પર્યાય.. પણ એ કર્તા-કર્મમાં આવશે. અહીં તો એકલું અભેદ (લેવું છે). નહિતર જ્ઞાનપર્યાય જે જણાણી, રાગ નહિ, વ્યવહાર નહિ, જાણવામાં આવી તે કાર્ય અને આત્મા કર્તા છે પણ એ પણ ભેદ થયો. સમજાય છે કાંઈ ? પહેલા એવો અર્થ (કરતા). પણ આ..

અહીં તો આત્મા જાણનારો સ્વરૂપ–પ્રકાશનના કાળે કર્તા પણ ભગવાન આત્મા અને પોતાને જાણ્યો, પોતાને જાણ્યો માટે સ્વયં તે કાર્ય થયું. કર્મ તે આત્મા. કર્તા પણ આત્મા અને કર્મ પણ આત્મા, બન્ને અભેદ થઈ ગયા. સમજાય છે કાંઈ ? સમજાય એવું છે, હોં ! ન સમજાય એવું નથી. ન સમજાય એવું નથી. એ તો એની અંદર માની લીધું કે આ અમને ન સમજાય, એવું શલ્ય, દૃષ્ટિ સમજવા નથી દેતી અને એટલી પાત્રતા ન હોય કે સમજાય નહિ, એટલું. પછી રુચિ કરવી અને પરિણમન કરવું એ બીજી વાત છે. પણ રીત શું છે ? કઈ વિધિ છે ? શું પ્રકાર છે ? સ્વરૂપની દૃષ્ટિ કરવામાં કઈ રીત છે એ રીત પણ ખ્યાલમાં ન લે તો રીતનો પ્રયોગ કઈ રીતે કરશે ? સમજાય છે કાંઈ ? અને અંદર પ્રયોગ કર્યા વિના તેને અનુભવ નહિ થાય અને સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા...!

કહે છે, ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપ પ્રભુ, એ સ્વ–સ્વરૂપની દશામાં, સ્વ–સ્વરૂપના પ્રકાશન કાળે.. અવસ્થામાં લીધું છે ને ? ભાઈ ! જુઓ ! અવસ્થામાં લીધું છે. **'સ્વરૂપ–પ્રકાશનની અવસ્થામાં...'** સમજાણું કાંઈ ? સ્વસ્વરૂપ–પ્રકાશન દશા છે, એમ કહે છે. સંસ્કૃતમાં છે. પહેલા એ લીધું હતું, **'यतो हि तस्यामवस्थायां'** એટલે રાગને જાણવા આદિ **'अवस्थायां' 'ज्ञायकत्वेन यो ज्ञातः स स्वरूपप्रकाशनदशायां'** સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ નિર્વિકલ્પ અભેદ છે, એવા અભેદના પ્રકાશન કાળે આત્મા જ્ઞાયક તે કર્તા અને પોતાને જાણ્યો એ જ્ઞાયક જ તેનું કર્મ–કાર્ય થયું. આહા..હા..! સમજાય છે કાંઈ ? અહીં તો ક્યાં હજી પરદ્રવ્યના કામ કરવા, પરદ્રવ્યનું કરી શકીએ છીએ (એમ માને). એ..ઇ...! 'ગોદીકાજી' ! આ મકાન-બકાન બને છે એ કોણે બનાવ્યા ? 'ગોદીકાજી' એ બનાવ્યા એમ લોકો કહે છે. એ..ઇ..! 'પોપટભાઈ' ! લોકો કહે છે કે મોટું પાંચ લાખનું મકાન 'જયપુર' માં બનાવ્યું એ 'ગોદીકાજી' એ બનાવ્યું, એમ કહે છે. બોલણી છે ? એ..ઇ..! 'સેઠી' ! શું થયું ? પર્યાયથી એને કારણે બન્યું છે, તારા કારણે બિલકુલ નહિ. આત્માનું એ વ્યવહાર કર્મ પણ નથી. વ્યવહાર કર્મ તો જ્ઞાયકભાવ દ્રવ્ય અને નિર્મળ પર્યાય એ વ્યવહાર કર્મ થયું. એટલો ભેદ પડ્યો ને ? ભગવાન આત્મા જ્ઞાયકપણું એ સ્વભાવ કર્તા અને વીતરાગી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શ્રદ્ધા-જ્ઞાન, રાગરહિત પર્યાય એ તેનું કર્મ છે. એકમાં ઉપચારથી વ્યવહારથી કહેવું ત્યારે કર્તા-કર્મ એમ હોય છે. આહા..હા...!

અહીં તો કહે છે, ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપના પ્રકાશન કાળે, અનુભવના કાળે શુદ્ધ જ્ઞેય-જ્ઞાયક-જ્ઞાતાનો ભેદ છોડીને એકલા સ્વરૂપ–પ્રકાશનના શુદ્ધ ઉપયોગની અવસ્થાના કાળે સ્વયં કર્તા, સ્વયં જાણનારો ભગવાન છે તો આત્મા જ કર્તા છે અને પોતે પોતાને જાણ્યો તો આત્મા કર્તા અને પોતાને જાણ્યો, એની એ વસ્તુ છે. **'માટે પોતે જ કર્મ.'** આહા..હા..! અભેદ બતાવવું છે ને ! સમજાય છે કાંઈ ?

પહેલામાં વિકલ્પ હતો તેનું જ્ઞાન થયું તોપણ જ્ઞાનાકાર જ્ઞાન થયું છે, વિકલ્પાકાર નહિ. એમ પહેલા કહ્યું. હવે સ્વરૂપ–પ્રકાશનના કાળે જ્ઞાતઃ **'जो सो दु सो चेव'** એમાંથી કાઢ્યું છે. સમજાય છે કાંઈ ? ટીકા તે ટીકા છે ને ! 'અમૃતચંદ્રાચાર્ય' ! આ..હા...! અમૃત અમૃત ટીકા ! આવી ટીકા કરનારા, આવી સર્વોત્કૃષ્ટ ટીકા બીજે ક્યાંય નથી. વસ્તુના મૂળ મર્મને વાચ્યને વાચકપણે પ્રગટ કરવું, અનુભવ હો, મોક્ષમાર્ગની દશા હો છતાં એની ક્ષયોપશમ દશામાં એમ પ્રગટ કરવું એ બહુ વિશેષ ક્ષયોપશમ છે. સમજાય છે કાંઈ ? આ..હા..! છે તો દિગંબર મુનિ, જંગલમાં વસનારા ! આહા..હા..! વનવાસી, આત્મવાસી...!

ભગવાન આત્મા... કહે છે, જ્યારે રાગાદિ છે, પુણ્ય-પાપનો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે તે સમયે પણ જ્ઞાન સ્વ–પરપ્રકાશક હોવાથી જ્ઞાયકપણે જ્ઞાન રહ્યું છે, જ્ઞાયકપણે જણાય છે, જ્ઞાયકપણે જ્ઞાન જણાય છે, રાગપણે નહિ. અને સ્વરૂપ–પ્રકાશનની અપેક્ષામાં પોતાના સ્વરૂપના અનુભવમાં આવ્યો તો આત્મા સ્વયં કર્તા અને પોતાને જાણ્યો તે તેનું કર્મ. આહા..હા...! સમજાય છે કાંઈ ? કહો, 'રાજમલજી' ! બુદ્ધિવાળાને આ વાત પકડવા જેવી છે. આહા..હા...!

**'પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ. (જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે...'** ઘટપટ પ્રકાશવાના કાળે દીપક ઘટપટ રૂપે થયો છે ? દીપક તો દીપક જ રહ્યો છે. **'અને પોતાને–પોતાની જ્યોતિરૂપ શિખાને–પ્રકાશવાની અવસ્થામાં...'** જુઓ ! સમજાય છે ? એ ખુલાસો કર્યો છે. **'प्रदीपस्येव'** છે ને ? પછી એમાં ખુલાસો આવવો જોઈએ ને ? કર્તા-કર્મનું અભેદનું આવવું જોઈએ ને ? આ તો દૃષ્ટાંત છે. **'स्वरूपप्रकाशनदशायां प्रदीपस्येव'** એનું અંદર કાઢવું જોઈએ ને કે પ્રદીપ એટલે શું ? દીવો ઘટપટના પ્રકાશન કાળે દીવો દીવારૂપે રહીને દીવાને પ્રકાશે છે, દીવો કોઈ ઘટપટ રૂપ થતો નથી. અને પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશે છે. **'પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે,...'** એની પર્યાયની વાત છે. **'શિખાને પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે,...'** આખી જ્યોતિ લીધી, ભાઈ ! એ આખી જ્યોતિ જ છે, પર્યાય નહિ. **'પોતાની જ્યોતિરૂપ શિખાને પ્રકાશવાની...'** આખો દીપક. એની **'અવસ્થામાં પણ દીપક જ છે, અન્ય કાંઈ નથી;**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**તેમ જ્ઞાયકનું સમજવું).**' લ્યો ! સમજાય છે કાંઈ ? '**कर्तृकर्मणोरनन्यत्वात् ज्ञायक एव**'

ભાઈ ! એ વસ્તુ એવી છે અને એ રીતે એની રીત છે, બીજી રીત ક્યાંથી આવે ? કોઈને લાગે કે આ તો બહુ સૂક્ષ્મ છે, અમારે શું કરવું ? પણ આ કરવું. સમજાય છે કાંઈ ? આ કર્યા વિના એનો કદી નિવેડો આવશે નહિ. લાખ વાતું કરે. 'છ ઢાળા' માં એ આવ્યું ને ? 'લાખની વાતની વાત નિશ્ચય ઉર આણો' 'અમરચંદજી' ! 'છ ઢાળા' માં આવે છે કે નહિ ? ભાઈ ! તને વસ્તુની ખબર નથી. શું ચીજમાં વસ્તુ છે ? કર્તા કોણ છે ? કામ કેવું છે ? એની ખબર નથી અને તને ધર્મ થઈ જશે, ક્યાંથી ધૂળમાં ધર્મ થશે ? ધૂળમાં એટલે પુણ્ય પણ સારું નહિ બંધાય. સમ્યગ્દર્શનના કાળે જે શુભભાવ આવે છે અને એ જે પુણ્ય બંધાય છે એ બીજી જાતના છે, અનંત કાળમાં નથી બંધાણા એવી એ જાત છે. સમજાય છે કાંઈ ? આ તો મૂળ વસ્તુની ખબર નહિ, મૂળ વસ્તુ કઈ રીતે પ્રાપ્ત થાય એની ખબર નહિ, મૂળ વસ્તુ પ્રાપ્ત થાય તો શું થાય એની ખબર નથી. સમજાય છે કાંઈ ? મૂળ ચીજની પ્રાપ્તિ કાળે દશા કેવી હોય છે ? એ દશામાં દશાવાન કેવો પ્રતીતમાં આવે છે ? એ તો મૂળ ચીજ આ છે. કહો, 'પોપટભાઈ' !

**શ્રોતા :–** પોતે જાણનારો ને પોતાને જાણે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ***પોતે પોતાને જાણનારો અને પોતે પોતાને જણાયો.*** પોતે પોતાને જણાય. પોતે સમજાય છે ? અમારી ગુજરાતી ભાષા આવી. પોતે પોતાને જાણ્યો. ***જાણનારો પણ આત્મા અને જાણ્યું એ પણ આત્મા.*** ભાવાર્થ. થોડો ભાવાર્થ લેવો છે કે નહિ ? પૂરેપૂરો ? લ્યો ! 'રોજકોટ' માં આ બધું મુકી દીધું હતું. હવે શું કહે છે ? જુઓ !

'જયચંદ્રજી' પંડિત ટીકાનો ભાવાર્થ ગૂઢ છે તેને ચાલતી ભાષામાં લખે છે. 'જયચંદ્રજી' પંડિત ચાલતી ભાષામાં લખે છે, હોં ! તેમાં પણ ઘણો મર્મ છે. કેટલાક તો મૂળ વાંચે, અર્થ સમજે નહિ અને ભાવાર્થ (વાંચે નહિ કેમકે) એ તો પંડિતે કર્યો છે, આપણે શું ? એ પણ પંડિત અને આપણે પણ પંડિત. ટીકામાંથી કાઢી શકે નહિ અને ભાવાર્થમાં મર્મ છે તેને વાંચે નહિ (એટલે) પત્તો લાગે નહિ. સમજાય છે કાંઈ ?

એક પંડિત હતો. એને કહ્યું, 'भूयत्थेण अभिगथाः' અરે..! ભગવાન ! શું કરે છે તું ? 'રામસ્વરૂપ' નહિ ? શું નામ ? એ તો બિચારા ગુજરી ગયા, હવે ક્યાં છે ? 'રામપ્રસાદજી' એ તો બિચારા ગુજરી ગયા. હયાતી હોત તો નામ ન લેત. સૌ ભુલી ગયા બિચારા, હોં ! પછી તો કહેતા હતા કે અમારી ને તમારી બધી વાત એક સરખી છે. મેં કીધું, બાપુ ! બહુ ફેર છે. કારણ કે એક થવા (માટેની વાત આવે). બાપુ ! એક નહિ થવાય, ભાઈ ! વાતમાં બહુ ફેર છે. કહે છે કે 'भूयत्थेण अभिगथाः' ભૂતાર્થથી નહિ જાણેલું તત્ત્વ. બાપુ ! નહિ જાણેલાની વાત નથી. ટીકા તો જુઓ ! તો કહે, અમે તો બધી ટીકા ભણી ગયા છીએ, અમે પણ પંડિત છીએ. પણ ટીકામાંથી સમજે નહિ અને ભાવાર્થમાં તેનો મર્મ ખોલ્યો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે તેને વાંચે નહિ. જુઓ !

**'અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગે આવે છે...'** આ શબ્દ છે. ભગવાન આત્મામાં અશુદ્ધતા સ્વદ્રવ્યના આશ્રયે આવતી નથી. સ્વદ્રવ્ય અને ગુણમાં અશુદ્ધતા, મલિનતા, રાગ-દ્વેષ, દયા, દાનના વિકલ્પ જે થાય છે, ભ્રાંતિ, મિથ્યાત્વ, અવ્રત, રાગાદિ એ અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગે આવે છે. એમ કહેવામાં શું કહેવું છે ? – કે પરદ્રવ્યનું નિમિત્ત છે તેના આશ્રયે થાય છે, સ્વદ્રવ્યના આશ્રયે અશુદ્ધતા થતી નથી. સમજાય છે કાંઈ ? સંયોગે એમ કહ્યું છે, જુઓ ! પરદ્રવ્યના સંયોગના લક્ષે પર્યાયમાં અશુદ્ધતા, મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે.

**'ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી,...'** પણ જ્ઞાયકભાવ જે દ્રવ્ય છે તે સંયોગના લક્ષે જે શુભાશુભ પરિણમન કહ્યું હતું તે સંયોગના લક્ષે થાય છે ખરું, પરંતુ દ્રવ્ય એ રૂપ થતું નથી. સમજાય છે કાંઈ ? **'માત્ર પરદ્રવ્યના નિમિત્તથી...'** સંયોગનો અર્થ નિમિત્ત કર્યો. **'માત્ર પરદ્રવ્યના નિમિત્તથી...'** જ્ઞાયકભાવ તો જ્ઞાયકભાવ–દ્રવ્ય તો દ્રવ્ય જ છે પણ માત્ર પરદ્રવ્યના સંયોગે કહ્યું હતું, હવે કહ્યું નિમિત્તથી. **'અવસ્થા મલિન થઈ જાય છે.'** આત્માની પર્યાય–અવસ્થા–હાલત–દશા મલિન થાય છે. વસ્તુ તો વસ્તુ રહે છે, વસ્તુ મલિન થતી નથી. આહા..હા...! કહો, આ તો સમજાય છે કે નહિ ? આ તો ચાલતી ભાષા છે. ટીકામાં 'અમૃતચંદ્રાચાર્ય' ની બહુ ગૂઢ વાત છે તો તેને ચાલતી ભાષામાં (ભાવાર્થ) લખ્યો છે.

**'દ્રવ્યદૃષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે...'** વસ્તુ જે વસ્તુ જ્ઞાયકભાવ ત્રિકાળ છે તે દ્રવ્યની દૃષ્ટિથી જુઓ, દ્રવ્ય શુદ્ધ છે તેની દૃષ્ટિથી જુઓ તો દ્રવ્ય તો જે છે તે જ છે. સમજાણું કાંઈ ? **'અને પર્યાય (અવસ્થા) દૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.'** અવસ્થામાં–હાલતમાં–દશામાં જોવામાં આવે તો મલિન દેખાય છે. વસ્તુદૃષ્ટિથી જુઓ તો દ્રવ્ય જે છે તે છે, તે મલિન થયું નથી. **'પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.'** 'મલિન જ' શબ્દ છે, હોં ! ઉપરમાં છે, **'દ્રવ્ય જે છે તે જ છે...'** વસ્તુ તો દ્રવ્યદૃષ્ટિથી જ્ઞાયક ચૈતન્યજ્યોત છે તે જ છે. પર્યાયદૃષ્ટિથી–અવસ્થાદૃષ્ટિથી, હાલતથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે. મલિન પર્યાય સંસારની વાત છે ને અહીંયા ? સમજાય છે કાંઈ ? રાગ, દ્વેષ, શુભાશુભ પરિણામ, દયા, દાન, વ્રત એ બધી અશુદ્ધ પર્યાય છે. એ મલિન પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો મલિન છે.

**'એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે,...'** ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું–જાણપણું, જાણનાર એટલો માત્ર સ્વભાવ છે. **'તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે...'** તેની દશા.. જ્ઞાયક દ્રવ્ય તો જે છે તે જ છે પણ તેની દશા અનાદિકાળથી કર્મના સંગે રાગ, દયા, દાન, પુણ્ય-પાપ, કામ, ક્રોધથી મલિન છે **'તે પર્યાય છે.'** એ અવસ્થા છે, વસ્તુ તો વસ્તુ છે. આ પર્યાયમાં અંશમાં એક સમયની દશામાં એક સમયની દશા,...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** સંગની અસર..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંગની અસર નહિ, સંગનું લક્ષ કરે છે. અસર-ફસર નહિ. એ સંગ કરે છે. 'કર્મ બિચારે કૌન ભુલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ' એ સ્તુતિમાં આવે છે, સ્તુતિમાં. 'કર્મ બિચારે કૌન, ભુલ મેરી અધિકાઈ, અગ્નિ સહે ઘનઘાત લોહ કી સંગતિ પાઈ' અગ્નિ એકલી હોય તો ઘણ નથી મારતા પણ અગ્નિ લોઢાનો સંગ કરીને તેમાં ઘુસી જાય છે, ઘણ પડે છે. એમ એકલો આત્મા પોતાનો સંગ કરે તો તેમાં રાગ-દ્વેષ થતા નથી, દુઃખ થતું નથી–ઘણ પડતા નથી પરંતુ તે પોતાના સ્વભાવનું લક્ષ છોડીને પરના સંગનું લક્ષ કરે છે, તો ચાર ગતિના દુઃખ—ઘણ સહન કરવા પડે છે. સમજાય છે કાંઈ ? એમાં છે, અર્થમાં ઘણું આવે છે પણ અર્થ કરે કોણ ? એમ ને એમ હાંકે જાય. જાઓ ! 'કર્મ બિચારે કૌન ભુલ મેરી અધિકાઈ' વાંચી જાય.

**શ્રોતા :–** એ તો જયમાલામાં આવે ત્યારે બોલી જવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બોલી જવાય. સમજાય છે કાંઈ ?

**'પર્યાય (અવસ્થા) દષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે.'** વર્તમાન અવસ્થાના લક્ષે જુઓ તો રાગ, દ્વેષ મલિન જ છે. કર્મ નહિ, કર્મને કારણે નહિ, તારી દશા જ મલિન છે. આહા..હા...! મલિન છે. કેટલાક કહે છે, સોનગઢવાળા શુદ્ધ શુદ્ધ સિદ્ધ સમાન કહે છે. હવે સાંભળ તો ખરો ! સિદ્ધ સમાન કઈ રીતે કહીએ છીએ. એ તો દ્રવ્ય અપેક્ષાએ વાત છે. પર્યાયમાં મલિન છે. આહા..હા...! એ તો એમ કહે છે, શુદ્ધ શુદ્ધ સિદ્ધ સમાન છે, જાઓ ! થઈ ગયો સિદ્ધ ! ક્યાંથી થયો ? સાંભળ તો ખરો.

દ્રવ્ય 'સિદ્ધ સમાન સદા પદ મેરો' 'મોહ મહાતમ આતમ અંગ કિયો પરસંગ મહાતમ ઘેરો' સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક દ્રવ્યથી તો શુદ્ધ જ છે, એ તો ભાવરૂપ મલિનરૂપ થયું જ નથી. દ્રવ્ય ક્યાંથી (મલિન) થાય ? એક સમયની દશા, હાલત કર્મના સંયોગને, નિમિત્તના લક્ષે મલિનતા એનામાં પોતાથી આવી છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પોતાથી આવી છે. વિકાર પર્યાય પોતાથી આવી છે, એની પર્યાયમાં છે. પરનું શું કામ છે ? પર ચીજ પરમાં રહી.

**શ્રોતા :–** દોષ કોનો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દોષ કર્મનો છે ને ? તારે તો મહંત રહેવું છે. 'ટોડરમલજી' એ કહ્યું છે, તારે તો મહંત રહેવું છે અને દોષ તું કર્મ ઉપર નાખી દે છે. જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ, એમ એમાં લખ્યું છે. જ્યાં ત્યાંથી આવું કાઢે. પણ વસ્તુ એવી છે. તું તો મહંત રહેવા ઇચ્છે છે અને દોષ થાય ત્યારે કહે છે, કર્મનો એવો ઉદય આવ્યો તો અમારે વિકાર કરવો પડ્યો.

એક બહુ મોટો પંડિત હતો, એ બાળકોને વિદ્યાર્થીને મારતો હતો. અરે..! પણ શું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે છે ? (એ કહે), તમને ખબર નથી, તમે 'ગોમટસાર' જોયું નથી. ચારિત્રમોહનો ઉદય આવે તો ક્રોધ આવ્યા વિના રહેતો નથી. બહુ સારું શીખ્યો ! સમજાય છે કાંઈ ? વિદ્યાર્થીને મારે. આ શું છે ? બિચારા નાના બાળકો છે. એ કહે, તમને ખબર નથી. તમે 'ગોમટસાર' જોયું છે ? 'ગોમટસાર' જોયું છે ? (એમાં આવે છે), ચારિત્રમોહથી વિકાર થાય છે. 'તારાચંદજી' ! અરે..! ભગવાન ! એમ નથી. તું વિકાર કરે છે તો થાય છે. ચારિત્રમોહથી વિકાર થાય છે એમ બચાવ કરે છો ? મૂઢ ! તને (વિકાર) કદી નહિ છૂટે. આ તો સાંભળ્યું છે, હોં ! એક માણસ કહેતો હતો. બનેલો બનાવ છે. અણબનેલી નથી, બનેલી વાત છે. નામ-ઠામ નથી આપતા. મારતો હતો. (એ કહે), તમે 'ગોમટસાર' જોયું છે ? જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે, દર્શનાવરણીયથી દર્શન રોકાય છે, અંતરાયથી વીર્યનો વિકાસ થતો નથી, મોહથી વિકાર થાય છે. તમને ખબર નથી ? આ 'ગોમટસાર' શીખ્યા ! મીંડા શીખ્યો છે. સમજાય છે કાંઈ ?

કહે છે, **'પર્યાયદષ્ટિથી જોવામાં આવે તો...'** પર્યાય, એની પોતાની પર્યાયમાં **'મલિન જ દેખાય છે અને દ્રવ્યદષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે,...'** લ્યો! વસ્તુની દ્રષ્ટિથી જોવામાં આવે તો વસ્તુ તો જ્ઞાયકપણું, ભાવ સ્વભાવપણું જ છે. સ્વભાવવાન સ્વભાવપણાથી જ છે. જ્ઞાયક ચૈતન્યભાવપણાથી અનાદિથી ભરેલો છે. **'કાંઈ જડપણું થયું નથી.'** જુઓ ! શબ્દ લીધો. ટીકામાં છે ને ! જડ નથી થયો એનો અર્થ શુભાશુભ રાગરૂપે જ્ઞાયક નથી થયો. જ્ઞાયકપણું ચૈતન્યજ્યોત ચૈતન્યની દલ્લી – ગાંગડી છે તે શુભાશુભ પરિણામરૂપે થઈ નથી, જડ થઈ નથી.

**'અહીં દ્રવ્યદષ્ટિને પ્રધાન કરી કહ્યું છે.'** જુઓ ! પહેલા બે વાત કરી. અહીંયા આ ગાથામાં વસ્તુની દ્રષ્ટિને મુખ્ય કરીને કહ્યું છે. જુઓ ! મુખ્ય કરીને કહ્યું છે. પ્રધાન નામ મુખ્ય. પર્યાયને ગૌણ કરીને કહ્યું છે, પર્યાયનો અભાવ કરીને નહિ. આહા..હા..! **'જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.'** દ્રવ્યની દ્રષ્ટિ, દ્રવ્ય–વસ્તુ જ્ઞાયકની દ્રષ્ટિ કરાવવા, વસ્તુની દ્રષ્ટિ કરો એ પ્રધાન દ્રષ્ટિ છે. એને પ્રધાન કરીને કહ્યું છે કે **'પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.'** જુઓ ! **'એ અશુદ્ધતા દ્રવ્યદષ્ટિમાં ગૌણ છે,...'** જુઓ ! ગૌણ આવ્યું, અભાવ નહિ. ખુબી છે.

વસ્તુ શુદ્ધ અખંડ છે તેને મુખ્ય કરીને નિશ્ચય કહ્યું. મલિન પર્યાય આદિને.. અહીં મલિનની વાત છે, નહિતર બધી પર્યાયને. ગૌણ કરીને તેને વ્યવહાર કહી છે. સમજાય છે કાંઈ ? **'અશુદ્ધતા દ્રવ્યદષ્ટિમાં ગૌણ છે,...'** પર્યાયમાં મલિનતા છે, પુણ્ય-પાપના વિકાર છે પણ એ વસ્તુદષ્ટિમાં પર્યાયને ગૌણ કર્યા વિના મુખ્યનું લક્ષ નામ દ્રષ્ટિ થતી નથી. પર્યાયમાં મલિનતા છે તેને ગૌણ કર્યા વિના, હોવા છતાં, ગૌણ નામ લક્ષ છોડ્યા વિના દ્રવ્યની દ્રષ્ટિ થતી નથી. સમજાય છે કાંઈ ? 'જયચંદ્રજી પંડિતે' બહુ સારું લખ્યું છે. 'સમયસાર' ના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અર્થ કરનારા આવા મળ્યા. અત્યારે તો ગડબડ કરી નાખે એવી આ વસ્તુ છે.

**શ્રોતા :–** મોટું સમયસાર તૈયાર થાય ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ મોટો સમયસાર થાય છે. અંદર ઘરના ગોટા નાખશે. અહીં તો એક ન્યાય ફરે તો આખું તત્ત્વ પલટી જાય એવી વસ્તુ છે. સમજાય છે કાંઈ ?

અશુદ્ધતા–મલિનતા છે ખરી, પર્યાયમાં–અવસ્થામાં મિથ્યાત્વનો ઉદયભાવ છે, રાગનો ઉદય છે, અસિદ્ધભાવ, જીવની પર્યાયમાં છે, એ અશુદ્ધતા છે પણ દ્રવ્યદૃષ્ટિમાં તેને ગૌણ કરી નાખી. ગૌણ વ્યવહાર છે, ગૌણ છે તે વ્યવહાર છે. એમ નથી કહ્યું, અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ વ્યવહાર છે એમ નથી કહ્યું. અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે. સમજાય છે કાંઈ ? ડુંગર ઉપર જાવું હોય તો તળેટીને ગૌણ કરવી પડે છે, લક્ષ છોડવું પડે છે. તમે હમણા ગયા હતા કે નહિ ? ગૌણ કરવી, છે તો ખરી. એમ ભગવાન આત્મામાં મલિનતાની પર્યાય તળેટીમાં છે. ગૌણ છે. દ્રવ્યદૃષ્ટિમાં ગૌણ છે, ત્યાં નથી રહેવાનું, અંદર દ્રવ્યમાં જવાનું છે. આહા..હા...!

વ્યવહાર છે, અશુદ્ધતા ગૌણ છે. અશુદ્ધતા વ્યવહાર છે એટલા શબ્દો લેવા. અશુદ્ધતા અભૂતાર્થ છે. આઘા આઘા જઈએ. અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. કઈ અપેક્ષાએ ? દ્રવ્યદૃષ્ટિમાં, ગૌણ છે, વ્યવહાર છે, અભૂતાર્થ છે. વજન અહીં છે–અભૂતાર્થ છે. છે જ નહિ. દ્રવ્યદૃષ્ટિમાં અશુદ્ધતા છે જ નહિ. સમજાય છે કાંઈ ? **'અસત્યાર્થ છે,...'** જુઓ ! અસત્યાર્થનો અર્થ 'છે જ નહિ' એમ નહિ. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ અશુદ્ધતાને, ત્રિકાળની દૃષ્ટિ કરાવવા, ત્રિકાળ ભૂતાર્થની દૃષ્ટિમાં વ્યવહાર હોવા છતાં, મલિનતા હોવા છતાં અસત્ય છે. એ ત્રિકાળ સત્ય છે તો આ અસત્ય છે, એમ. નથી એમ નહિ. આહા..હા...! ઘણું સ્પષ્ટ કરી નાખ્યું છે. સમજાય છે કાંઈ ?

અ–ભૂતાર્થ. અ નામ નહિ, છતો અર્થ. એમ શબ્દાર્થ છે. દ્રવ્યદૃષ્ટિમાં વસ્તુ અભેદ એકાકાર છે. એ દૃષ્ટિમાં વ્યવહાર અશુદ્ધતા અભૂત અર્થ છે. એ પદાર્થ છે જ નહિ. છે નહિ ત્યાં સુધી તો ઠીક પણ અસત્યાર્થ છે. બે શબ્દ છુટા પાડી નાખ્યા. છતો નહિ. છતો એટલે છે જ નહિ. અસત્ય છે. છે જ નહિ, અસત્ય છે. સમજાય છે કાંઈ ? વસ્તુદૃષ્ટિમાં દ્રવ્યદૃષ્ટિમાં મલિનતા પર્યાયમાં છે તેને ગૌણ, વ્યવહાર, અભૂતાર્થ, છે જ નહિ, અસત્યાર્થ છે, ઉપચાર છે (એમ કહ્યું). અસત્યાર્થનો અર્થ લેશે. શુદ્ધાશુદ્ધ ધર્મ આત્માની પર્યાય છે. પર્યાય એની છે, એમાં છે. નથી એમ નથી. અશુદ્ધતા ન હોય તો સ્વભાવના આશ્રયે અશુદ્ધતાનો નાશ કરવાનું રહેતું નથી. 'બાબુલાલજી' ! અહીંના નામે બહુ ઉડાવે છે, બહુ ઉડાવે છે. આહા...! અરે...! ભગવાન ! તેં સત્ય વાત સાંભળી નથી. સાંભળવા જ નથી માંગતા. આહા..હા...!

ભાઈ ! વસ્તુના સ્વરૂપની દૃષ્ટિની અપેક્ષાએ તેને અસત્યાર્થ કહ્યું છે. પર્યાયની દૃષ્ટિથી..

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ તો પહેલા કહ્યું, પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે, મલિન છે. સમજાય છે કાંઈ ? આ આત્મકથા છે. જરી સૂક્ષ્મ પડે પણ એ તો એના પ્રભુની કથા છે ને ! મલિનતા બિલકુલ નથી એમ કહેનાર મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. દ્રવ્યમાં નથી પણ પર્યાયમાં પણ વિકાર નથી, અશુદ્ધતા નથી, જેવું દ્રવ્ય શુદ્ધ છે એવી પર્યાય શુદ્ધ છે (એમ માને તો) મૂઢ છે. સમજાય છે કાંઈ ? મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. અસત્યાર્થ કહો, છે તેને નહિ માનનાર અસત્યાર્થ દૃષ્ટિ છે. કહો, 'તારાચંદજી' ! આમ છે કે નહિ ? કે નથી ? પણ દ્રવ્યદૃષ્ટિમાં અસત્યાર્થ છે.

**'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે,...'** હવે સામેસામું લીધું. અશુદ્ધતા આવ્યું ને ? વસ્તુદૃષ્ટિ છે તે શુદ્ધ છે. અખંડ જ્ઞાયક અભેદ સ્વરૂપ એ **'શુદ્ધ છે, અભેદ છે,...'** એકરૂપ છે. સમજાય છે કાંઈ ? **'નિશ્ચય છે,...'** તે જ નિશ્ચય છે, દ્રવ્યદૃષ્ટિ જ નિશ્ચય છે. વસ્તુ એકરૂપ અખંડ એ જ નિશ્ચય છે. **'ભૂતાર્થ છે,...'** નામ છે, છતો પદાર્થ છે. છતાને શું કહે છે ? વિદ્યમાન પદાર્થ છે. એ જ વિદ્યમાન પદાર્થ છે અને **'સત્યાર્થ છે,...'** દ્રવ્યદૃષ્ટિ સત્યાર્થ છે. અશુદ્ધતા દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ અસત્યાર્થ છે અને દ્રવ્ય સત્યાર્થ છે. સમજાય છે કાંઈ ? **'પરમાર્થ છે,...'** લ્યો !

**શ્રોતા :–** અભેદ એટલે અશુદ્ધતા આવી ગઈ...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના. અશુદ્ધતા ક્યાં છે ? અભેદ દ્રવ્ય એકલું. વળી ક્યાંથી આવ્યો ગોટો ? ભેદની ક્યાં વાત છે ? એકલું દ્રવ્ય અભેદ શુદ્ધ અભેદ છે. વળી અશુદ્ધતા ક્યાં આવી ? અહીં અશુદ્ધતા પર્યાયમાં છે.

**શ્રોતા :–** વર્તમાન પર્યાયને એમાં દાખલ કરીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, નહિ, નહિ. ખોટું છે. કોણે કહ્યું ? ના, ના. કોણે કહ્યું ? બધું ખોટું છે, એ તો પાખંડ છે. એક દ્રવ્ય સ્વભાવ. દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધ છે કહ્યું ને ? દ્રવ્ય એટલે વસ્તુ. એક સમયમાં ત્રિકાળ વસ્તુ તે શુદ્ધ છે. સમજાય છે કાંઈ ? તે અભેદ છે, નિશ્ચય છે, ભૂતાર્થ, સત્યાર્થ ને પરમાર્થ છે. ***આહા..હા..! દ્રવ્યદૃષ્ટિમાં પર્યાય આવી ગઈ એમ નહિ. મલિન પર્યાય પણ નહિ અને નિર્મળ પર્યાય પણ નહિ. દ્રવ્ય વસ્તુ ત્રિકાળ જ્ઞાયક છે તે શુભાશુભ રૂપે થઈ નથી. એવી ચીજ છે તે જ સત્યાર્થ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?*** કઈ રીતે છે ? 'સુરેન્દ્રનાથજી' ! આ સમજવું પડશે.

અહીં તો **'દ્રવ્યદૃષ્ટિ શુદ્ધ છે, અભેદ છે,...'** અભેદ એટલે વિકારસહિત નહિ. દ્રવ્યદૃષ્ટિ વસ્તુ તે અભેદ અને શુદ્ધ છે. આહા..હા...! એમાં ભેદ કેવો ? **'નિશ્ચય છે, ભૂતાર્થ છે, સત્યાર્થ છે, પરમાર્થ છે. માટે આત્મા જ્ઞાયક જ છે.'** આ કારણે આત્મા જ્ઞાયક જ છે **'તેમાં ભેદ નથી...'** લ્યો ! વસ્તુ જ્ઞાયક સ્વરૂપ ભગવાન પ્રમત્ત-અપ્રમત્ત નથી તેનો ખુલાસો કર્યો. **'તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.'** હવે ચોથા પદનો ખુલાસો જે ટીકામાં આવ્યો હતો એ પોતે કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નાટક સમયસાર, પદ-૫૪ થી ૫૮, પ્રવચન નં.૧૩૧, તા. ૧૦-૦૮-૧૯૭૧ [૫]

'સર્વવિશુદ્ધ અધિકાર' ૫૪ મું પદ છે. **'જ્ઞેય ઔર જ્ઞાન કે સમ્બન્ધ મેં અજ્ઞાનિયોં કા હેતુ :'**

**નિરાકાર જો બ્રહ્મ કહાવૈ**
**સો સાકાર નામ ક્યૌં પાવૈ.**
**જ્ઞેયાકાર ગ્યાન જબ તાંઈ**
**પૂરન બ્રહ્મ નાંહિ તબ તાંઈ. ૫૪**

કહે છે કે આત્મા તો નિરાકાર છે એમાં આ જાણવું-સાકાર ક્યાંથી આવ્યું ? આ સર્વજ્ઞમાં બધા વાંધા છે ને ? જૈનમાં પણ સર્વજ્ઞના વાંધા ઊઠ્યા છે. .... ન્યાં પણ એ કહે છે કે આત્મા છે તે જ્ઞાનસ્વભાવ છે અને તે જ્ઞેયને જાણે તો તો સાકાર થઈ ગયું. સાકાર નામ પર સંબંધી અંદર આકાર આવ્યો તો મેલ આવ્યો. સમજાય છે કાંઈ ? નિરાકાર બ્રહ્મ છે તે સાકાર કઈ રીતે થઈ શકે ? એમ અજ્ઞાનીનો પ્રશ્ન છે ? કેમ ?

**'જ્ઞેયાકાર ગ્યાન જબ તાંઈ'** જ્ઞાનમાં જ્યાં સુધી જ્ઞેય જણાય છે ત્યાં સુધી મલિન છે. **'પૂરન બ્રહ્મ નાંહિ...'** આપણે આ જૈનમાં પણ એમ કહે છે કે કેવળી વર્તમાન એક સમયને જાણનાર છે. ભૂત-ભવિષ્યની શક્તિ છે એમ જાણે પણ વર્તમાન છે તેમ ન જાણે, કારણ કે વર્તમાનમાં નથી. શું કહ્યું ? સમજાણું ? વર્તમાનમાં તો એ પર્યાય નથી, છે નહિ એને જાણે ? તો તો જ્ઞાન વિરૂદ્ધ થઈ ગયું. કારણ કે ત્રણ કાળની પર્યાયને જાણે છે. પંડિતજી !

**શ્રોતા :–** કાલે ૧૧મી તારીખ છે એ તમે જાણો છો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાલે બુધવાર આવશે એમ અત્યારે ખબર નથી ? ગઈકાલે સોમવાર ગયો, આજે મંગળવાર છે એમ ખબર નથી ? છદ્મસ્થને ખબર પડે અને કેવળજ્ઞાનીને ખબર ન પડે ? પણ ત્રણ કાળ ત્રણ લોક જણાય છે તો આ કહે છે કે મેલ છે. આ જૈનમાં એમ કહે છે કે ત્રણ કાળને જાણતા નથી, વર્તમાનને જાણે છે. કારણ કે ભૂતની પર્યાય બરાબર જાણે તો ક્રમબદ્ધ થઈ ગયું. એ ખટકે છે. ભગવાને ભૂતની-ગતકાળની પર્યાય જોઈ તો એ શુદ્ધ-અશુદ્ધ પર્યાય જે છે તે જોઈ, એ જ સમયે થવાની હતી તેમ જોયું તો ક્રમબદ્ધ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થઈ ગયું. માટે એમ નથી. અને ભવિષ્યની પર્યાય પણ જ્યારે થશે ત્યારે જાણશે, વર્તમાનમાં જાણે છે એમ નહિ. અરે...! તો કેવળજ્ઞાન ક્યાં રહ્યું ? આહા..હા...! ક્રમબદ્ધ સિદ્ધ થાય છે એમ પોસાતું નથી. ...

અશુદ્ધતાની ઉપાધિ એ ક્રમ નથી. નિમિત્ત આવે એમ થાય. એમાં લખ્યું નથી પણ .... પણ અશુદ્ધતા પણ ક્રમબદ્ધ જ છે. જે સમયે થવાનું છે તે કેવળજ્ઞાનમાં જોયું છે કે નહિ ? ગજબ કરે છે ને ! આ ક્રમબદ્ધનો પ્રશ્ન આવ્યો ત્યારથી આ .... ઘુસ્યું છે. ભાઈ 'ફૂલચંદજી' એ 'તત્ત્વજ્ઞાન મિંમાંસા' માં લખ્યું છે, જ્યારથી ક્રમબદ્ધની વાત આવી ત્યારે કેવળજ્ઞાનને નહિ માનનારા તો નહોતા માનતા પણ કેવળજ્ઞાન માનનારામાં પણ ભ્રમ થઈ ગયો. ભગવાન દરેક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોવે ? વર્તમાનમાં પૂર્ણ જુએ તો બીજે સમયે જાણવાનું રહ્યું શું ? એક સમયમાં કેવળજ્ઞાન ત્રણ કાળ ત્રણ લોકને વર્તમાનમાં જોઈ લે તો પછી ભવિષ્યમાં બીજે સમયે જાણવાનું રહ્યું શું ? અરે..! ભગવાન ! એટલો ફેર છે કે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા તો બીજે સમયે જે વર્તમાન પર્યાય હતી એ ભૂતકાળમાં ગઈ એમ જાણ્યું અને ભવિષ્યની પર્યાય હતી તે વર્તમાનમાં આવી ગઈ, એમ જાણ્યું. એટલો ફેર છે. જ્ઞાન તો સંપૂર્ણ થઈ ગયું છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! સર્વજ્ઞ એટલે શું...!!

એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક ન જાણે તો એને દિવ્યજ્ઞાન કહે કોને ? આહા..હા...! ભાઈ ! આ વાત નથી. આ આત્માનો ત્રિકાળી સર્વજ્ઞ સ્વભાવ છે. સર્વજ્ઞ શક્તિ છે ને ? સર્વજ્ઞ શક્તિ ત્રિકાળ ત્રણ લોક જાણે એ તો સ્વભાવ છે. એનો જ્યારે અનુભવ કરીને, દૃષ્ટિ કરીને પ્રગટ કર્યો તો પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણવાનું પ્રગટ થઈ ગયું. આ તે કંઈ વાત છે !!

એક સેકંડના અસંખ્ય ભાગમાં કેવળજ્ઞાનની એક પર્યાય અનંત કેવળીને જાણે, અનંત સિદ્ધોને જાણે અને ભૂત-ભવિષ્ય-વર્તમાન જેમ જ્યાં હતું તે રીતે જાણે. વર્તમાન વર્તમાન જાણે, ભવિષ્યમાં જે થશે તેને પણ વર્તમાનમાં જાણે છે. સમજાય છે કાંઈ ? ફેર એટલો કે વર્તમાનમાં જુએ છે કે આ પર્યાય વર્તમાન છે અને ભૂતકાળની ભૂતકાળમાં છે અને ભવિષ્યની ભવિષ્યમાં છે. એટલો ફેર થયો. વર્તમાનની પર્યાય ભૂતકાળમાં ગઈ અને ભવિષ્યની પર્યાય બીજા સમયે હતી તે વર્તમાનમાં આવી ગઈ. બસ ! એટલું પરિણમન થશે. સમજાય છે કાંઈ ? પૂર્ણમાં કોઈ ફેર નથી. આવી જ્ઞાનની પર્યાયમાં... કહે છે નિરાકાર બ્રહ્મ કહ્યું છે. આટલું બધું જાણવું એ તો દોષ છે. આ કહે કે આટલું બધું એક સમયમાં જાણી શકે નહિ. આહા..હા..હા...! અરે..રે...! નામ નથી આપતા, અહીં (રેકોર્ડિંગ) ઊતરે છે. કોઈ ન જાણે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકની પર્યાય સહિત જાણે એમ નક્કી થાય તો ક્રમબદ્ધ થઈ જાય છે, તો સોનગઢની વાત સાચી ઠરે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** શાસ્ત્રની વાત છે ને આ તો !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શાસ્ત્રની વાત નથી, આ તો સોનગઢની વાત છે એમ કહે છે. શાસ્ત્રમાં આવું ક્યાંય નથી. ભાઈ ! ભગવાન ! તારે માનવું પડશે. ભાઈ ! જેને સર્વજ્ઞની શ્રદ્ધા થાય તે એક સમયની પર્યાયમાં ત્રણ કાળ ત્રણ લોક વર્તમાન વિદ્યામાનવત્ જાણે છે. એવો જ્ઞાન અધિકારમાં પાઠ છે. સમજાય છે કાંઈ ? છદ્મસ્થ પણ નથી જાણતા ?

લોટ, રોટલી બનાવે છે ને ? ગોયણું કહે છે. સ્ત્રીને ખબર નથી કે પહેલા આ લોટ હતો, અત્યારે આમ થાય છે અને પછી રોટલી થશે. એવો ખ્યાલ છે કે નહિ ? લોટ હોય છે ને ? લોટ, કેળવીને રાખે છે ને રોટલી બનાવવા માટે ? લોયું કાઢ્યું, એમાં ખ્યાલ નથી આવ્યો કે આ પહેલા ઘઉંનો લોટ હતો, હવે લોયું બન્યું, બન્યું, હોં ! બનાવ્યું નથી. આહા..હા..! હવે રોટલી થશે. આમ કરીને નહિ પણ રોટલી થશે. લોટમાંથી રોટલી થશે એમ જાણે છે છતાં કર્તા થાય છે. હું આમ કરું છું તો રોટલી થઈ. પણ પહેલા જ તને ખ્યાલ હતો કે આ રોટલી થશે. પહેલા લોટ હતો. 'મૂળચંદભાઈ' ! સૂક્ષ્મ વાત છે. જૈનદર્શનનું એક એક તત્ત્વ એટલું ગંભીર અને સૂક્ષ્મ છે કે એક ભાવ જો યથાર્થ જાણે તો સર્વ ભાવ જણાય જાય છે. વસ્તુસ્થિતિ એવી છે. ના પાડે તો પણ ચાલે નહિ, એવી આ વસ્તુ છે. આહા..!

છદ્મસ્થ જાણે એમ શ્રુતજ્ઞાન પણ જાણે છે. અવધિજ્ઞાન ભૂત-ભવિષ્ય, અસંખ્ય ચોવશી જાણે. અવધિ, પરમ અવધિ અસંખ્ય ચોવીશી (જાણે). ભૂતકાળની અસંખ્ય ચોવીશી. એક ચોવીશીમાં દસ ક્રોડા ક્રોડી સાગરોપમ જાય. ભરતક્ષેત્રમાં ચોવીશ તીર્થંકર થાય તો દસ ક્રોડા ક્રોડી સાગરોપમ જાય. દસ ક્રોડાક્રોડી સાગરોપમ ! એવી એક ચોવીશી, એવું અસંખ્ય ચોવીશીનું જ્ઞાન અવધિજ્ઞાનમાં છે. આહા..હા...! ભૂતકાળની અસંખ્ય ચોવીશી અને ભવિષ્યની અસંખ્ય ચોવીશી. જ્ઞાન કોને કહીએ ! રાગ-ફાગ મૂક ને ! છોડ ને ! રાગ એમાં છે જ નહિ. એ તો કેવળજ્ઞાન થવાની તાકાતવાળો આત્મા છે. એમ અંતરથી કબુલાત આવવી એ અપૂર્વ પુરુષાર્થ છે !! સમજાય છે કાંઈ ?

અમે કહીએ છીએ, અમારે (સંવત) ૧૯૭૨ ની સાલમાં એ જ ચર્ચા થઈ હતી. ૧૯૭૨, ૫૫ વર્ષ થયા. સંપ્રદાયમાં અમારા ગુરુભાઈ હતા એ ઘણીવાર એમ કહેતા, સર્વજ્ઞે જેમ જોયું છે તેમ થશે, આપણે કંઈ પુરુષાર્થ કરી શકતા નથી. કીધું એ વાણી ક્યાંથી આવી ? એવી વાણી શાસ્ત્રમાં છે ? એવી વાણી શાસ્ત્રમાં છે ? સમજાય છે કાંઈ ? એ વખતે તો આ 'પ્રવચનસાર' ક્યાં જોયું હતું ? પણ 'પ્રવચનસાર' ની ૮૨ મી ગાથા છે એ જ ભાવ અંદરથી આવ્યો હતો.

ભગવાન સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ જુએ છે તેની જેન પ્રતીતિ થઈ તે જ પુરુષાર્થ છે. સમજાય છે કાંઈ ? ભગવાને પણ એમ જોયું છે. ઘણી ચર્ચા થઈ હતી. ૧૯૭૨. ૫૫ વર્ષ થયા. સમજાય છે કાંઈ ? ઘણી ચર્ચા હતી. અમારે તો અંદરમાં સંસ્કાર હતા, પૂર્વની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાત અંદરથી ચાલી આવતી હતી ને ! એ કહે, નહિ, એમ નથી. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જુએ છે એમ જ થશે પણ એની માન્યતાવાળાને એક સમયમાં કેવળજ્ઞાન આમ જુએ છે એવી પ્રતીતિ જેને થાય, એવી પ્રતીતિ દ્રવ્ય સન્મુખ થયા વિના થતી નથી. જેની દ્રવ્ય સન્મુખ પ્રતીતિ થઈ તેને અનંત ભવ છે એમ ભગવાનના જ્ઞાનમાં દેખાયું નથી. 'પદમચંદજી' !

**શ્રોતા :–** દ્રવ્ય સ્વભાવમાં ઘણું ભર્યું છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ભગવાને જોયું છે. કેવળજ્ઞાન જેને બેઠું... 'પ્રવચનસાર' ની ૮૦ મી ગાથામાં આવ્યું ને ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं'** તે દિ' આ ક્યાં વાંચ્યું હતું ? સમજાય છે કાંઈ ? એ જ ભાવ આવ્યો હતો. ભગવાન એક સમયમાં જે જુએ છે તેમ જ થશે પણ એની પ્રતીતિ જેને થાય તેના ભગવાને અનંત ભવ દીઠા છે એમ બની શકે નહિ. એવી વાણી ન હોય, વીતરાગની વાણી એવી ન હોય. વીતરાગની વાણીએ એમ કહ્યું છે, અરિહંતનું કેવળજ્ઞાન એક સમયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે પોતાના આત્માને જાણીને મોહનો નાશ કરી નાખે છે. ૮૦ મી ગાથામાં આવ્યું છે, **'मोहो खलु जादि तस्स लयं'** અને ૮૧ માં ગાથામાં એમ આવ્યું કે આ રીતે મોહનો નાશ કર્યા પછી સ્વરૂપની સ્થિરતા કરીને રાગ-દ્વેષનો નાશ કરે છે. ત્યારપછી ભગવાનનો ઉપદેશ એમ આવે છે કે જેવું મેં કર્યું તેવું કરશે તેનો મોક્ષ થશે. એવો ઉપદેશ આવ્યો. **'तधोवदेसं'** ૮૨ મી ગાથામાં પાઠ છે ને ?

**શ્રોતા :–** સંભળાવી દો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંભળાવીએ ? આ 'પ્રવચનસાર' છે ને ? ૮૨ ગાથા, હોં !

એક સમયમાં કેવળજ્ઞાન સર્વજ્ઞપદની જેણે પ્રતીતિ કરી તે પોતાના દ્રવ્ય સન્મુખ થઈને પ્રતીતિ થાય છે. આમ દ્રવ્ય સન્મુખ થયો તેનો મોહ–મિથ્યાત્વ નાશ થયા વિના રહે નહિ. દર્શનમોહનો નાશ થઈને પોતાનું સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. પછી કહ્યું કે **'सव्वे वि य अरहंता'** આ ગાથા, જુઓ ! **'सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा' 'सव्वे वि य अरहंता'** અનંત કાળના અરિહંતોએ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાય જાણી પોતાના દ્રવ્ય સ્વભાવમાં આવ્યા પછી રાગ-દ્વેષનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા. **'सव्वे वि य'** આહા..હા...! આ જ ભાવ આવ્યા હતા, ભાઈ ! હોં ! ત્રણ કાળ ત્રણ લોકના તીર્થંકરદેવની વાણી એવી હોય છે કે જેણે કેવળજ્ઞાન જાણ્યું અને રાગ-દ્વેષનો નાશ કર્યો તેને કેવળજ્ઞાન થયા વિના રહેતું નથી. સમજાય છે કાંઈ ?

**'सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा किच्चा तधोवदेसं'** આ શબ્દ પડ્યા છે. એવો ઉપદેશ આપ્યો. એવો ઉપદેશ નથી આપ્યો કે અમે ત્રણ કાળ ત્રણ લોકને જાણીએ છીએ તો તમારો પુરુષાર્થ કામ નહિ કરે. સમજાય છે કાંઈ ? એમના ઉપદેશમાં આવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વાણી આવી છે કે જેવું અમે કર્યું તેવું તમે કરો તો તમને કેવળજ્ઞાન થયા વિના રહેશે નહિ. ભવ-ફવ ક્યાં રહ્યા ? ભવ ક્યાં આવ્યા ? સમજાય છે કાંઈ ? એ તો જરી નાની ઉંમરમાં વાત આવી હતી એટલે ચર્ચા વખતે કહ્યું, તમારા અનંત ભવ દીઠા લાગે છે માટે તમારી આવી બુદ્ધિ છે. ભાઈ ! ... ખળભળાટ થઈ ગયો હતો. અનંત ભવ.. અનંત ભવ... ભગવાને દીઠું એમ થશે એવી જેને શ્રદ્ધા થાય તેને અનંત ભવ હોય ? સમજાણું કાંઈ ? ભવ કેવા ? કીધું. ભગવાનને ભવ હોય તો એને ભવ હોય. સમજાય છે કાંઈ ?

**'किच्चा तधोवदेसं'** અનંત અરિહંતોએ એવો ઉપદેશ આપ્યો કે એક સમયની કેવળજ્ઞાન પર્યાયમાં જણાયું તેમ થશે. પણ જેને આવી શ્રદ્ધા થઈ એને ભવ નથી. અને ભગવાને આવો ઉપદેશ આપ્યો છે. આગમની વાણીમાં આમ આવ્યું છે, **'णिव्वादा ते णमो तेसिं'** આચાર્ય કહે છે. આહા..હા...! પ્રભુ ! આવા કેવળજ્ઞાનની પર્યાયની જેને શ્રદ્ધા થઈ તે દર્શનમોહનો નાશ કરે છે અને ક્રમે રાગ-દ્વેષનો નાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. **'णिव्वादा'** નિર્વાણને પામે છે. **'णमो तेसिं'** આચાર્ય કહે છે કે હું નમસ્કાર કરું છું. આહા..હા...! 'પ્રવચનસાર' જ્ઞાન અધિકાર, ૮૨ ગાથા. **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** એ ૮૦ ગાથા. ૮૧ માં રાગ-દ્વેષનો નાશ કર્યો અને ૮૨ માં ઉપદેશ આપ્યો. આહા..હા..! સમજાય છે કાંઈ ? પાઠમાં એમ છે, હોં !

**'અતીત કાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકરભગવંતો,...'** ક્રમશઃ થઈ ગયેલા અનંત તીર્થંકરો **'પ્રકારાંતનો અસંભવ હોવાને લીધે..'** બીજી કોઈ રીત નથી. **'દ્વૈત સંભવતું નથી એવા આ એક જ પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવીને, (તથા) પરમાપ્તપણાને લીધે ભવિષ્યકાળે કે આ (વર્તમાન) કાળે અન્ય મુમુક્ષુઓને પણ એ જ પ્રકારે તેનો (–કર્મક્ષયનો) ઉપદેશ કરીને,...'** એક જ મોક્ષમાર્ગ છે એમ સિદ્ધ કર્યું. આહા..હા...! ગજબ વાત છે ! અનંત તીર્થંકરો ભૂતકાળમાં થયા એનો અર્થ કે ભવિષ્યમાં થશે અને વર્તમાનમાં છે તે બધા એક જ પ્રકારનો ઉપદેશ આપે છે. જૈનમાં વસ્તુ આવી છે. સમજાય છે કાંઈ ?

જેને જૈન પરમેશ્વરની પ્રતીતિ થઈ, ભગવાને જોયું એમ જ થશે, પણ દીઠું છે એમ થશે એમ કેવળજ્ઞાનનો કોને વિશ્વાસ આવે છે ? સમજાય છે કાંઈ ? આ પ્રશ્ન થયો હતો. 'જયપુર'. એક ભાઈ ઊભા થઈ ગયા. મહારાજ ! ક્રમબદ્ધની વાત કરો, થોડા દિવસ રહ્યા છે. બરાબર છે, કીધું, ભાઈ ! તમારી વાત બરાબર છે. બે દિવસ ચલાવ્યું હતું. છે કે નહિ ? પાઠ છે ? એણે સમજવા માટે પૂછ્યું હતું, હોં ! પહેલાં મને એમ લાગ્યું કે આ વિરોધ કરે છે ? એણે સમજવા માટે પૂછ્યું હતું. વિરોધ કરે છે તેનો નિષેધ કરવાની વાત છે.

ભાઈ ! સર્વજ્ઞ અરિહંત !! આહા..હા...! ત્રણ કાળ ત્રણ લોકની વાત હથેળીમાં જેમ આમળો દેખાય તેમ જુએ છે. આમળો હથેળીમાં લે પણ છદ્મસ્થને એટલી સ્પષ્ટતા હોતી નથી. આ તો અનંતગુણી સ્પષ્ટ ! આહા..હા...! એવી કેવળજ્ઞાનની એક સમયની પર્યાય દ્રવ્યના આશ્રયે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રગટ થઈ છે. સમજાય છે કાંઈ ? એવી જેને અંતરમાં પ્રતીતિ થાય છે... આમાં પણ લખ્યું છે ને ? 'રત્નકરંડ શ્રાવકાચાર'. આપ્ત, આગમ ને તત્ત્વની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. એ આપ્ત એટલે આ અરિહંત, આ શ્રદ્ધા. આ આત્મા, એમ નહિ. 'રત્નકરંડ શ્રાવકાચાર' માં આવે છે ને ? આપ્તનો આત્મા શું છે ? ગુરુનો આત્મા શું છે ? અને શાસ્ત્રનો ભાવ અનેકાંત શું છે ? એ જેને સમજાય તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ ? આ વ્યવહારની વાત નથી, અંદર ભાવની વાત છે. સમ્યગ્દર્શન. આહા..હા...!

(અહીંયા પ્રવચનસાર ૮૨ ગાથામાં કહે છે), **'(–કર્મક્ષયનો) ઉપદેશ કરીને, નિઃશ્રેયસને પ્રાપ્ત થયા છે; માટે નિર્વાણનો અન્ય (કોઈ) માર્ગ નથી...'** આહા..! નિજ દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉત્પન્ન થાય છે તેનાથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. **'અન્ય (કોઈ) માર્ગ નથી એમ નક્કી થાય છે. અથવા, પ્રલાપથી બસ થાઓ; મારી મતિ વ્યવસ્થિત થઈ છે.'** ટીકાકાર કહે છે. મતિ વ્યવસ્થિત થઈ છે. આહા..હા...! નિઃસંશય મારી મતિ વ્યવસ્થિત થઈ છે. મારો આત્મા સ્વભાવ સન્મુખ થઈને પોતાના સર્વજ્ઞ સ્વભાવની પ્રતીતિ થઈ એમાં સર્વજ્ઞ પર્યાયની પ્રતીતિ થઈ જાય. એમ મારી મતિ વ્યવસ્થિત થઈ ગઈ છે. આહા..હા...! જુઓ ! 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. **'ભગવંતોને નમસ્કાર હો.'** **'व्यवस्थिता मतिर्मम। नमो भगवद्भयः।'** **'भगवद्भयः'** **'भगवद्भयः'** ભગવાનને. આહા..હા...! નમસ્કાર પણ બીજી રીતના છે !

ભગવાન આત્મા મારું જ્ઞાન સ્વરૂપ, સર્વજ્ઞ સ્વભાવી હું છું. સર્વજ્ઞ પર્યાય જેને પ્રગટ થઈ એ મેલ નથી, એ તો સાકાર એનો સ્વભાવ છે. અહીં કહે છે કે મેલ છે. સમજાય છે કાંઈ ? આટલું બધું જાણે ! આ..હા..! એ તો મેલ છે, કહે છે. **'જ્ઞેયાકાર જ્ઞાન જબ તાંઈ'** અરે...! તને ખબર નથી, ભગવાન ! આહા..હા...! ***જ્ઞેયાકાર એ જ્ઞેયાકાર નથી, એ જ્ઞાનાકાર છે. સમજાય છે કાંઈ ? એ તો જ્ઞેયથી સમજાવ્યું છે કે લોકાલોક છે એવું અહીંયા જ્ઞેયાકારનું જ્ઞાન છે પણ એ જ્ઞેયાકારનું જ્ઞાન એ જ્ઞાનાકાર છે.*** એ જ્ઞેયાકાર કંઈ પર જ્ઞેયાકારે નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'પૂરન બ્રહ્મ નાંહિ તબ તાંઈ'** એ (અજ્ઞાની) કહે છે કે ત્યાં સુધી પૂર્ણ બ્રહ્મ નથી. જ્ઞેયાકાર એટલા બધા જાણવા... આ..હા...! એ છૂટી જાય ત્યારે જ્ઞાન થાય છે. અહીં તો કહે છે કે એટલું જાણવું થાય ત્યારે જ્ઞાન છૂટી જાય છે અને સર્વજ્ઞ થાય છે. સમજાય છે કાંઈ ? **'ઇસ વિષયમેં અજ્ઞાનિયોં કો સંબોધન :–'** હવે અજ્ઞાનીને સમજાવે છે.

**જ્ઞેયાકાર બ્રહ્મ મલ માનૈ**
**નાસ કરનકૌ ઉદ્મ ઠાનૈ,**
**વસ્તુ સુભાવ મિટૈ નહિ ક્યૌંહી**
**તાતૈં ખેદ કરૈં સઠ યૌંહી. ૫૫.**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'વૈશેષિક આદિ બ્રહ્મ કી જ્ઞેયાકાર પરિણતિ કો...'** 'જયધવલ' માં અર્થ છે ને ? અર્થને ન જાણે, એમ લખ્યું છે. આણે અર્થ કર્યો છે. ... અર્થ શું ? ભૂત-ભવિષ્ય-વર્તમાન નથી માટે ન જાણે એમ નહિ લેવું. ... અસત્ એટલે વસ્તુમાં, પર્યાયમાં, ગુણમાં નથી તેને ન જાણે. એવો અર્થ કર્યો છે, ભાઈ ! ... નથી તેને શું જાણે ? પણ એનો અર્થ એવો નથી કે વર્તમાન પર્યાય નથી એ અસત્ છે માટે ન જાણે, એમ નહિ. આહા..હા...! ગડબડ ભારે ! સમજાય છે કાંઈ ? વર્તમાન પર્યાયમાં ભૂત-ભવિષ્ય પ્રગટ નથી માટે તેને અસત્ કહેવું અને અસત્‌ને ન જાણે માટે તેનો આ અર્થ કરવો, એમ વાત નથી. ***ભૂત-ભવિષ્ય ને વર્તમાન બધી (પર્યાયો) સત્, સત્ ને સત્ જ છે. વર્તમાન સત્ છે. કારણ કે કેવળજ્ઞાનમાં જ્યારે પૂર્ણ જોયું તો સામે એક સમયમાં નિમિત્તમાં પૂર્ણતા ન હોય તો નિમિત્ત-નૈમિત્તિકનો સિદ્ધાંત સિદ્ધ નથી થતો.*** એ શું કહ્યું ?

આત્મામાં કેવળજ્ઞાન પર્યાય થઈ એ નૈમિત્તિક પૂર્ણ (પર્યાય છે) અને સામે નિમિત્ત, ભવિષ્યમાં થશે એમ નહિ, વર્તમાનમાં જ નિમિત્તમાં પૂર્ણતા ન હોય તો અહીંયા નિમિત્તનું નૈમિત્તિક થઈ શકે નહિ. આહા..હા...! જરી સૂક્ષ્મ વાત છે. શું કહ્યું સમજાણું ? અહીં સર્વજ્ઞપદ પ્રગટ્યું અને સામે નિમિત્તમાં વર્તમાન સમયમાં પૂર્ણતા ન હોય તો એ નિમિત્ત જ નથી કહેવાતું. વર્તમાનમાં ભૂત-ભવિષ્ય અને વર્તમાન જે પર્યાય છે તે બધી તેનામાં વર્તમાનમાં છે. આહા..હા...! ગજબ વાત છે. શું કહ્યું સમજાણું ?

અહીં પૂર્ણ થયું તો ભવિષ્યનું નિમિત્ત અહીંયા ક્યાં લેવું છે ? એક સમયની વર્તમાન પર્યાય, વર્તમાન પૂર્ણતા નિમિત્તમાં હોય તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે. ભવિષ્યમાં થાય એમ હોય તો અહીંયા પૂર્ણ ક્યાં આવ્યું ? પંડિતજી ! સમજાયું ? ફરીને,...

બધી વર્તમાન જ છે. ભૂત-ભવિષ્યની પણ વર્તમાનવત્ છે. એ જરી સૂક્ષ્મ છે. 'પ્રવચનસાર' ચાલતું હતું ત્યારે આ વાત કહી હતી. સર્વ વિદ્યમાન છે. એક સમયમાં બધી છે. આહા..હા..! એમાં ગાથા છે ને ! આહા..હા...! વર્તમાન ... જ્ઞાનમાં પ્રગટ જ છે ને ! સાંભળ તો ખરો. એમાં પ્રગટપણે છે એમ નિમિત્તપણામાં પ્રગટ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એક સમયમાં પૂર્ણ જાણ્યું એ એક સમયમાં થયું. સામે વર્તમાનમાં પૂર્ણ નિમિત્તપણું ન હોય તો નિમિત્ત કહેવાતું જ નથી. આહા..હા...! 'અમરચંદજી' !

પૂર્ણ છે. .... નિમત્તમાં પણ પૂર્ણતા ન હો તો નિમિત્ત કહેવાતું જ નથી. આહા..હા...! થોડી સૂક્ષ્મ વાત છે. 'પ્રવચનસાર' ચાલ્યું હતું ત્યારે કહ્યું હતું. સ્થંભનું દૃષ્ટાંત આપ્યું છે ને ? સ્થંભ.. સ્થંભ.. ત્રણ કાળના તીર્થંકરનું ચિત્ર. સ્થંભ હોય ને ? સ્થંભ. એમાં ભૂત-ભવિષ્ય-વર્તમાનના તીર્થંકર (ચીતર્યા હોય). જોનારને બધું દેખાય છે ને ? ત્રણ કાળના તીર્થંકરનું ચિતરામણ વર્તમાનમાં વર્તમાનવત્ દેખાય છે. ભવિષ્યના તીર્થંકરનું ચિતરામણ વર્તમાનમાં ન દેખાય અને પછી દેખાય ? 'અમૃતચંદ્રાચાર્યે' સ્થંભનું દૃષ્ટાંત આપ્યું છે. ... ઓ..હો..હો...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** બધી પર્યાય વર્તમાનમાં વર્તમાનવત્ જાણે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધી વર્તમાનવત્ જાણે છે. આ શું ચાલે છે ? ઇ વાત તો ચાલે છે. 'પ્રવચનસાર' છે ને ? ૩૮ ગાથા.

જુઓ, **'जे णेव हि संजाया'** જે પર્યાય ઉત્પન્ન નથી થઈ **'जे खलु णट्ठा भवीय पज्जाया'** જે ભૂતકાળની પર્યાય નાશ પામી ગઈ **'ते होंति असब्भूदा पज्जाया णाणपच्चक्खा'** સમજાય છે કાંઈ ? ૩૮ ગાથા છે. **'णाणपच्चक्खा'** **'तक्कालिगेव सव्वे सदसब्भूदा'** લ્યો ! એ ૩૭ ગાથામાં છે.

**तक्कालिगेव सव्वे सदसब्भूदा हि पज्जया तासिं।**
**वट्टंते ते णाणे विसेसदो दव्वजादीणं।।३७।।**

ભગવાનના જ્ઞાનમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાન બધું વર્તમાનવત્ જણાય છે. આહા..હા..! અરે..! હજી દ્રવ્ય શું વસ્તુ છે ? આત્માના ગુણ શું છે અને તેની પર્યાય શું છે એની ખબર નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી અને થઈ ગયો ધર્મ ! ક્યાંથી ધર્મ થશે ? **'वट्टंते ते णाणे विसेसदो दव्वजादीण'** એક સમયમાં ભૂત-ભવિષ્ય-વર્તમાન બધું અંદર દેખાય છે. પછી ૩૮ ગાથા કહ્યું, **'पच्चक्खा'** જ્ઞાનમાં બધું પ્રત્યક્ષ છે. સમજાય છે કાંઈ ? ભૂત-ભવિષ્ય-વર્તમાન જ્ઞાનમાં વર્તમાન પ્રત્યક્ષ છે. આહા..હા...! આવું જ્ઞાન છે. એમાં અજ્ઞાની કહે છે કે જ્ઞેયનો આકાર પડે છે માટે મલિન છે. આ કહે છે કે આવા જ્ઞાનમાં ત્રણ કાળ જણાય તો પણ આવું થતું નથી.

કહે છે, **'જ્ઞેયાકાર બ્રહ્મ મલ માનૈ, નાસ કરનકૌ ઉદ્દમ ઠાનૈ,'** અરે..રે..! અરીસામાં અગ્નિ દેખાય છે. અરીસો હોય ને ? એમાં અગ્નિ દેખાય છે તો અગ્નિનો નાશ કરી દો તો અરીસો ચોખ્ખો થઈ જાય. શું નાશ કરીશ ? એ તો અરીસાની અવસ્થા છે, એ કંઈ અગ્નિની અવસ્થા નથી, એમાં અગ્નિ આવી નથી. એમ જ્ઞાનની અવસ્થામાં ત્રણ કાળ ત્રણ લોક જણાય છે એ જ્ઞેયની અવસ્થા નથી, એ તો જ્ઞાનની અવસ્થા છે. એને ભૂંસાડી દો. શું ભૂંસાડી દે ? અરીસાનો નાશ થઈ જશે. તારું જ્ઞાન નાશ થઈ જશે. આહા..હા...! આટલું સામર્થ્યવાળું ભાઈ ! આહા..હા...!

એક સમયમાં, સમય એક ને ત્રણ કાળ જણાય. ઓ..હો..હો...! 'સમંતભદ્રાચાર્યે' ત્યાં તો એમ લીધું, હે નાથ ! આત્માનો સ્વભાવ એક સમય અને જગતની વસ્તુ એક સમયમાં ત્રણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ. અહીં તો કહે છે કે ત્રણ કાળ ત્રણ લોક જણાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાઈ ! અંતર જ્ઞાનની વાસ્તવિકતા, યથાર્થતાનો નિર્ણય થવો એ અપૂર્વ પુરુષાર્થ છે. એ જ સમકિત છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'જ્ઞેયાકાર બ્રહ્મ મલ માનૈ, નાસ કરનકૌ ઉદ્દમ ઠાનૈ,'** જુઓ ! **'નાસ કરનકૌ'** અરીસામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અગ્નિ દેખાય છે માટે નાશ કરો. શેનો નાશ કરીશ ? અરીસાનો નાશ થઈ જશે. એમ જ્ઞાનમાં જ્ઞેય જણાય છે એ તો પોતાની પર્યાય છે. પર્યાયનો નાશ કરવો છે ? દ્રવ્ય ક્યાં રહેશે ? **'વસ્તુ સુભાવ મિટૈ નહિ ક્યૌંહી'** એ તો પોતાનો જ્ઞાનસ્વભાવમાં જ્ઞેયની જે સ્થિતિ છે એમ પોતાને કારણે, જ્ઞેયના અવલંબન વિના અને જ્ઞેય જ્ઞાનમાં આવ્યા વિના, જ્ઞાન જ્ઞેયમાં ગયા વિના જણાય છે. આહા..હા..! જુઓ તો ખરા ! આહા..હા...!

**'તાતૈં ખેદ કરૈં સઠ યૌંહી.'** સઠ મફતનો ખેદ કરે છે કે અરે..રે..! જ્ઞાનમાં આ વસ્તુ જણાય છે એ તો મેલ છે. અરે..! પ્રભુ ! મેલ નથી, એ તો તારી દશા છે. સમજાય છે કાંઈ ? રાગરહિત, શરીરરહિત, કર્મરહિત પોતાની નિર્મળ પર્યાયમાં જ્ઞેય, રાગાદિ જણાયા એ તો જ્ઞાનની દશા છે. રાગ જણાયો એમાં જ્ઞાન મલિન ક્યાં થઈ ગયું ? આહા..હા..! એ તો જ્ઞાનનું સ્વરૂપ છે. સૂક્ષ્મ વાત છે. એક પણ વાસ્તવિક તત્ત્વ યથાર્થપણે બેસે તો બધી વસ્તુ સિદ્ધ થઈ જાય. સમજાય છે કાંઈ ?

.... સર્વજ્ઞને એક સમયમાં દર્શન ઉપયોગ અને બીજે સમયે જ્ઞાન ઉપયોગ હોય, એમ લખ્યું છે. એમાં પણ ભૂલ છે. આહા..હા...! એક સમયમાં લબ્ધ અને ઉપયોગ છદ્મસ્થને હોય એમ થઈ ગયું. એવો ૩૨ સૂત્રમાં પાઠ છે. 'જં સમયે પસ્સઇ તં સમયે ન જાણહિ, જં સમયે જાણહિ તં સમયે ન પસ્સઇ.' આહા..! છદ્મસ્થ માટે. આ તો કેવળજ્ઞાનીમાં ખતાવ્યું છે. 'સિદ્ધસેન દિવાકર' છે ને ? .... એ જૈનની વાત નથી. પણ જૈન પરમેશ્વર કહે છે એમ તો એમાં લખ્યું છે. કેવળી જે સમયે જાણે તે સમયે દેખે નહિ. અડધા કાળમાં કેવળજ્ઞાન અને અડધા કાળમાં કેવળદર્શન, એમ થઈ ગયું. એક સમયમાં બે ઉપયોગ છે એમ તો રહ્યું નહિ. વસ્તુની સ્થિતિ એવી છે. ૫૬.

**મૂઢ મરમ જાનૈ નહીં, ગહૈ એકંત કુપક્ષ**
**સ્યાદવાદ સરવંગ નૈ, માનૈ દક્ષ પ્રતક્ષ. ૫૬.**

**'અજ્ઞાની લોગ પદાર્થ કી અસલિયત...'** અસલપણું. **'નહીં જાનતે.'** જ્ઞેય બધાને જાણે એ તો જ્ઞાનનું અસલપણું છે, અસલી ભાવ છે, અસલીપણાનો સ્વભાવ છે. જ્ઞાન સર્વને જાણે એ તો એમાં છે નહિ. કારણ કે એક જ આત્મા છે, (એમ માને છે). અહીં તો જ્ઞાનની પર્યાય બધાને જાણે એ અસલપણું છે. એની પર્યાયનો અસલી ભાવ છે. આહા..! અસલી શબ્દ વાપર્યો છે ને ?

અજ્ઞાની **'એકાન્ત કુટેવ પકડતે હૈં,...'** અસલીને માનતા નથી અને એકાંત કુટેવ પકડે છે. આહા..! અમારા જ્ઞાનમાં વેશ્યા આદિ ખ્યાલમાં આવી ગયું ! માંસ ખ્યાલમાં આવ્યું ! ખ્યાલમાં આવ્યું તો શું છે ? શું ખ્યાલ આવ્યો ? માંસ અંદર આવી ગયું ? સમજાય છે કાંઈ ? સ્ત્રીનું શરીર દેખાયું. આહા..હા..! શું છે ? એ તો જ્ઞેય છે. ***તારી જ્ઞાનની પરિણતિમાં જ્ઞેયના જ્ઞાનરૂપ તારી જ્ઞાનની પરિણતિ તારાથી ખ્યાલમાં આવી છે, જ્ઞેય નહિ. આહા..!***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જૈનમાં પણ એમ માને તો બધા એવા જ છે. સમજાય છે કાંઈ ?

**'સ્યાદ્વાદી પદાર્થ કે સબ અંગોં કે જ્ઞાતા હૈં...'** જ્ઞાની બધા પ્રકારના જ્ઞાતા છે. જ્ઞેયને જાણે છે એ પણ પોતાની પરિણતિ છે. પોતાની પરિણતિમાં જ્ઞેયને લાવ્યા નથી અને જ્ઞેયમાં જ્ઞાનની પરિણતિએ પ્રવેશ કર્યો નથી. એવો પોતાનો સ્વભાવ છે. સમ્યગ્દૃષ્ટિ આમ માને છે. **'પદાર્થ કે સબ ધર્મોં કો સાક્ષાત્ માનતે હૈં.'** દક્ષ એમ છે ને ? **'માનૈ દક્ષ પ્રતક્ષ.'** જ્ઞાની બધાને પ્રત્યક્ષ માને છે. એમાં એની દૃષ્ટિ ક્યાં રહે છે ? દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ થયા વિના આવી સમજણ પ્રત્યક્ષ થતી નથી.

ભાવાર્થ :– **'સ્યાદ્વાદ, જ્ઞાન કી નિરાકાર સાકાર દોનોં પરિણતિ માનતા હૈ.'** ઓ..હો..હો...! જ્ઞાનને અદ્‌ભુત કહ્યું છે પેલામાં... 'અધ્યાત્મ પંચસંગ્રહ' નહિ ? 'દીપચંદજી' એ લીધું છે, ઓ..હો...! એક સમયમાં પૂર્ણ મહાસત્તા નિરાકાર ... કોઈ ભેદ નહિ કે આ સત્તા છે ને આ મહાસત્તા છે એમ નહિ. એક સમયમાં એવું નિરાકારનું ભાન, એ જ સમયે અનંતા સાકાર ભેદ જાણવા.. આ..હા...! આ અદ્‌ભુતરસ છે !! સમજાય છે કાંઈ ? દર્શનની પર્યાયમાં નિરાકાર–કોઈ ભેદ નહિ. હું છું અને આ છે, એવો ભેદ પણ નહિ. આહા..હા...! એવી મહાસત્તા છે એમ નિરાકાર ઉપયોગ પરિણમે છે. અને સાકાર એટલે એક એક દ્રવ્ય અને એક એક ગુણ ને એક એક પર્યાય ને એક એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. એક એક પર્યાયમાં અનંતી સપ્તભંગી ! આહા..હા...! ભિન્ન ભિન્ન કરીને વિકલ્પના આશ્રય વિના પોતાની જ્ઞાનની પર્યાયના સામર્થ્યથી જાણે છે એવો જ્ઞાનનો સ્વભાવ છે. આહા..હા...!

દર્શન અને જ્ઞાન એક સમયમાં છે છતાં એકનો સ્વભાવ નિરાકાર અને એકનો સ્વભાવ સાકાર. એક સમયમાં બે ઉપયોગ, એક સમયમાં એક ઉપયોગ નહિ. સમજાય છે કાંઈ ? કોઈ કહે છે કે, એક સમયમાં બે ઉપયોગ નથી. 'સિદ્ધસેન' વળી એમ કહે છે કે, એક સમયમાં બેનો એક જ ઉપયોગ છે. સમજાય છે કાંઈ ? અહીંયા દિગંબર આચાર્ય એમ કહે છે કે એક સમયમાં બે ઉપયોગ છે. સમજાય છે કાંઈ ? શ્વેતાંબર શાસ્ત્ર કહે છે કે એક સમયમાં એક ઉપયોગ, બીજે સમયે બીજો ઉપયોગ. 'સિદ્ધસેન દિવાકર' કહે છે કે એક સમયમાં બે ઉપયોગ નથી, એક જ ઉપયોગ છે. કોને એટલા વિચાર કરવાની પડી છે ? હો..હા.. બહારના સંપ્રદાય ચલાવ્યા. ઘણા લોકો માને, બસ ! ધર્મ થઈ ગયો.

**'સ્યાદ્વાદ, જ્ઞાનકી નિરાકાર સાકાર દોનોં પરિણતિ માનતા હૈ.'** જુઓ ! એનો દર્શનનો નિરાકાર સ્વભાવ. જ્ઞાનનું સાકાર થવું એ સ્વભાવ છે. **'સાકાર તો ઇસલિયે કિ જ્ઞાનકી જ્ઞેયાકાર પરિણતિ હોતી હૈ,...'** જ્ઞેયાકાર પરિણતિનો અર્થ જેવું જ્ઞેય છે તેમ જ્ઞાનની પરિણતિ જાણે **'અને નિરાકાર ઇસલિયે કિ જ્ઞાનમેં જ્ઞેયજનિત કુછ વિકાર નહીં હોતા.'** અહીં તો ભેદ થતો નથી. સમજાય છે કાંઈ ? પરમાત્માએ કહેલાં તત્ત્વો અલૌકિક વાત છે !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સ્યાદ્વાદી સમ્યગ્દષ્ટિ કી પ્રશંસા :–'**

**સુદ્ધ દરવ અનુભૌ કરે, સુદ્ધદ્રિષ્ટિ ઘટમાંહિ**
**તાતૈં સમકિતવંત નર, સહજ ઉછેદક નાંહિ. ૫૭.**

શું કહે છે ? જુઓ ! **'સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ દ્રવ્ય કા અનુભવ કરતે હૈં,...'** આહા..! આત્મા પવિત્ર જ્ઞાનનો પુંજ, દર્શનનો પુંજ છે. સમજાય છે કાંઈ ? તેનો અનુભવ કરવો એ સમ્યગ્દર્શન છે. આહા..હા...! **'ઔર શુદ્ધ વસ્તુ જાનને સે હૃદય મેં શુદ્ધદષ્ટિ રખતે હૈં,...'** જાણવામાં શુદ્ધ દૃષ્ટિ છે. જાણવામાં ઘણું આવ્યું માટે અશુદ્ધ દૃષ્ટિ છે એમ નથી. **'ઇસસે વે સાહજિક સ્વભાવ કા લોપ નહીં કરતે;...'** જ્ઞાનમાં અનંત જ્ઞેય જણાય છે એવો જ્ઞાનનો સ્વભાવ છે તેવા સહજ સ્વભાવનો ઉચ્છેદ કરતા નથી.

**'અભિપ્રાય યહ હૈ કિ જ્ઞેયાકાર હોના જ્ઞાન કા સાહજિક સ્વભાવ છે,...'** લ્યો ! લોકાલોકને જાણવું એ વિષય છે તો જાણે છે એમ નહિ. આહા..હા..! જ્ઞાનનો સ્વભાવ જ એવો છે. સહજ સ્વભાવ. ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જ્ઞાનની પરિણતિમાં.. પરિણતિને જાણતા જણાય ગયા. સમજાય છે કાંઈ ? જળની સ્વચ્છતામાં રાત્રે ચંદ્ર આદિ દેખાય, નદીનો સ્વભાવ હોય છે ને ? એમાં જળ પણ દેખાય છે અને જળમાં પ્રતિબિંબ દેખાય છે એ પ્રતિબિંબ નથી, ખરેખર તો એ જળની જ અવસ્થા છે. સમજાય છે કાંઈ ? એક ચંદ્ર, એક સૂર્ય, અઠ્યાવીસ નક્ષત્ર, અઠ્યાશી ગ્રહ, છાંસઠ હજાર નવસો પંચોત્તેર ક્રોડા ક્રોડી તારા. એક એક ચંદ્રની સાથે છાંસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા ક્રોડી તારા. એક ચંદ્ર અને સૂર્ય એની સાથે ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર, ગ્રહ આવી ગયા, તારા–છાંસઠ હજાર નવસો પંચોતેર ક્રોડા ક્રોડી. જળને જોવામાં આવતાં એ બધું દેખાય છે. આમ જોવું પડતું નથી. પાણીનો પ્રવાહ ચાલે છે એ જળની પર્યાય છે એમ દેખાય છે. એમ કેવળજ્ઞાનની પર્યાય લોકાલોકને આમ જોવે તો દેખાય એમ નથી, એ તો પોતાની સ્વચ્છતા જોવે છે એમાં બધું દેખાય જાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...! આવો તારો સ્વભાવ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવ **'સાહજિક સ્વભાવ કા લોપ નહીં કરતે;...'** ત્રણ કાળ ત્રણ લોકને જાણવા... શ્રુતજ્ઞાનમાં પણ જણાય છે. એ જ્ઞાનની પરિણતિ એવી છે. અહીંયા સમ્યગ્દૃષ્ટિ કહ્યું ને ? હવે ૨૩ કળશ છે ને ?

**શ્રોતા :–** સ્યાદ્વાદ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્યાદ્વાદી સમ્યગ્દૃષ્ટિ ને ? પર્યાય પોતાની છે છતાં જ્ઞેયને જાણે છે તે મેલ નથી, એ સ્યાદ્વાદ છે. પરને જાણવું એ મેલ છે એમ નથી. એ તો અજ્ઞાની એક પક્ષને માનનારાની દૃષ્ટિ છે. જ્ઞાનની પર્યાય જાણવામાં જ્ઞેયાકાર પરિણતિ થઈ તે જ્ઞેયાકાર નથી, જ્ઞાન પરિણતિ છે. અજ્ઞાની માને છે કે જ્ઞેયને કારણે આ પરિણતિ છે. સમજાય છે કાંઈ ? ભારે વાત, ભાઈ ! ૨૩ કળશ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष-
मन्यद्रव्यं भवति यदि वा सत्य किं स्यात्स्वभावः।
ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि-
ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव।।२३।।

ચંદ્રનો દાખલો આપશે. **'જ્ઞાન જ્ઞેય સે અવ્યાપક હૈ...'** જુઓ ! જ્ઞાન લોકાલોકને જાણે તો પણ જ્ઞાન જ્ઞેયમાં વ્યાપક નથી, પ્રસરતું નથી. સમજાય છે કાંઈ ? 'રાણપુર' માં એક વેદાંત હતા એનો પ્રશ્ન હતો. 'ખત્રી.. ખત્રી..' 'રાણપુર' (સંવત) ૧૯૬૪ ની સાલ. 'નારણભાઈ' નહિ ? આ બાજુ 'ખત્રી' ની દુકાન હતી. મહારાજ ! તમે કહો છો કે ત્રણ કાળને જાણે તો પરમાણુમાં પેસ્યા વિના પરમાણુને શી રીતે જાણે ? આવો પ્રશ્ન હતો. આ પરમાણુ છે અને આ બીજો જીવ ભિન્ન છે તો એમાં પ્રવેશ કર્યા વિના કઈ રીતે જાણે ? અરે..! પ્રવેશ શું કરે ? આ બાજુ દુકાન હતી. આ તો સંવત ૧૯૮૪ ની વાત છે. ૪૩ વર્ષ પહેલાની વાત છે. અરે..! આ શું કહે છે ?

જ્ઞાનની પર્યાય–અવસ્થા પર જીવમાં અને પરમાણુમાં પ્રવેશ કરે તો જાણે, એ ક્યાંથી આવ્યું ? સમજાય છે કાંઈ ? નથી દેખાતું ! સાકરની ગળપણ આ તો રૂપી છે એમાં જ્ઞાન પ્રવેશ કરે છે ? જ્ઞાનમાં ખ્યાલ નથી આવતો કે આ મીઠાશ છે હું મીઠાશ છું એમ માને છે ? સમજાય છે કાંઈ ? જ્ઞાનમાં મીઠાશનો ખ્યાલ આવે છે કે નહિ ? મીઠાશ કહે છે ને ? શું કહે છે ? મીઠાઈ. તમારે ઘારી-પુરી અને હતું ને પરમ દિ'? શું કહેવાય ? – મોહનથાળને ઈ...!

જ્ઞાન જાણે છે પણ આ માની લે છે કે મને સ્વાદ આવ્યો. સ્વાદ તો જડ છે. જડમાં પ્રવેશ કર્યા વિના જ્ઞાન જાણે છે ? જ્ઞાન જડને અડતું નથી. જડને અડે તો આત્મા જડ થઈ જાય. આહા..હા...! એવી વાત છે, ભાઈ ! કહે છે,...

**જૈસૈં ચંદ કિરનિ પ્રગટિ ભૂમિ સેત કરૈં,**
**ભૂમિસી ન દીસૈ સદા જોતિસી રહતિ હૈ.**

જેમ ચંદ્રકિરન ભૂમિ શ્વેત કરે છે એમ કહેવામાં આવે છે પણ **'ભૂમિસી ન દીસૈ'** એ ચંદ્રની જ્યોતિ ભૂમિ જેવી થઈ નથી. ભૂમિ જેવી થઈ ? ખડીનો દૃષ્ટાંત આવે છે ને ? ખડિયો ભીંત ઉપર ઢોળે તો એણે ભીંત ધોળી કરી છે ? ભીંતમાં પ્રવેશ કર્યો છે ? ભીંત ધોળામાં આવી ગઈ છે ? ધોળી ધોળીમાં છે અને ભીંત ભીંતમાં છે. એમ ચંદ્રનો દૃષ્ટાંત આપ્યો છે. **'જૈસૈં ચંદ કિરનિ પ્રગટિ ભૂમિ સેત કરૈં,...'** ભાષા આમ લીધી. ચંદ્રની જ્યોતિ ભૂમિને શ્વેત કરે છે એમ જોવામાં આવે છે. રાત્રે ચંદ્રના પ્રકાશમાં સફેદ દેખાય છે, આખી જમીન સફેદ દેખાય. **'ભૂમિસી ન દીસૈ...'** પણ એ ચંદ્રની જ્યોતિ ભૂમિ જેવી થઈ નથી. આહા..હા...! **'સદા જોતિસી રહતિ હૈ'** એ તો જ્યોતિ જ્યોતિ છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'તૈસૈં ગ્યાન સકતિ પ્રકાસૈ હેય ઉપાદેય...'** જુઓ ! ભગવાન આત્માનો જ્ઞાનસ્વભાવ રાગાદિ હેય છે અને સ્વરૂપ ઉપાદેય છે એમ જાણે. **'પ્રકાસૈં હેય ઉપાદેય.'** **'જ્ઞેયાકાર દીસૈં પૈ ન જ્ઞેયકૌં ગહતિ હૈ.'** જેવું હેય-ઉપાદેય જ્ઞાન છે, એમ જાણે. જાણે છતાં જ્ઞેયરૂપ થતું નથી. જેમ ચંદ્રની જ્યોતિ ભૂમિરૂપ થતી નથી એમ જ્ઞેયને આ હેય છે, આ ઉપાદેય છે એમ જાણે છતાં એ જ્ઞેયરૂપ જ્ઞાન થતું નથી. અજ્ઞાનીનું પણ થતું નથી, એમ અહીં તો કહે છે. (જ્ઞેયરૂપ) થઈ ગયું એમ માને છે.

ભગવાન આત્મા જ્ઞાનની પરિણતિએ પરિણમે છે એમાં એ પર્યાયમાં જેટલું સામે યથાસંભવ જ્ઞેય છે, સર્વજ્ઞને પૂર્ણ છે અહીંયા ... , એ સમયે જ્ઞેયનું જ્ઞાન પોતાથી થાય છે પણ એ જ્ઞાન કંઈ જ્ઞેયરૂપ થઈને જાણે છે ? આહા..હા...! જુઓ ! ભેદજ્ઞાન. પોતામાં રહીને જ્ઞેયને જાણવું એ તો જ્ઞાનનો સ્વતઃ સ્વભાવ છે. ભૂમિને કારણે છે એમ છે નહિ. તત્ત્વની વિપરીત દૃષ્ટિ કેવી છે એ બતાવે છે અને વિપરીત છોડવું, એમ કહે છે. એ..ઇ..! મારા જ્ઞાનમાં આ શું આવ્યું ? સમજાય છે કાંઈ ? સ્ત્રીનું રૂપ દેખાય, સ્ત્રીના અવયવ દેખાય, અરે..! જ્ઞાનમાં મેલ આવી ગયો. અરે..! ભગવાન ! મેલ ક્યાં આવ્યો ? એ તો જ્ઞેય છે. તને તો જ્ઞેય સંબંધી જ્ઞાન તારું સ્વતઃ તારે કારણે જ્ઞાનની પરિણતિ થઈ છે. સમજાય છે કાંઈ ? આંખ મીંચી જાવ, નથી જોવું. શું મીંચે ? જ્ઞાનને તારે ઢાંકી દેવું છે ? જ્ઞાનનો સ્વભાવ છે કે જેવું છે તેવું જાણે. ભારે આકરું કામ. **'જ્ઞેયાકાર દિસૈં પૈ ન જ્ઞેયકૌં ગહતિ હૈ.'** જ્ઞાનની દશા જ્ઞેય જેવી દેખાય, પણ જ્ઞેયરૂપ થતી નથી.

**'સુદ્ધ વસ્તુ સુદ્ધ પરજાઇરૂપ પરિનવૈ..'** આહા..હા...! અહીં તો કહે છે રાગ અને જ્ઞેય, પરને જાણવા છતાં વસ્તુ તો શુદ્ધરૂપે જ પરિણમે છે. અશુદ્ધતા નથી રહેતી. દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ એમ જ્યાં દૃષ્ટિ થઈ તો ત્યાં જ્ઞાન પણ શુદ્ધ જ છે. વ્યવહાર રત્નત્રયના રાગને જાણે એથી જ્ઞાન રાગરૂપ થઈ ગયું ? વ્યવહાર રત્નત્રય મેલ વ્યવહાર રત્નત્રયમાં રહ્યા. આહા..હા..! **'સુદ્ધ વસ્તુ સુદ્ધ પરજાઇરૂપ પરિનવૈ..'** જુઓ ! એ તો જ્ઞાનનો સ્વભાવ છે કે શુદ્ધરૂપે જાણે. શરીરને જાણે, કસાઈખાનાને જાણે, લ્યો ! '...' નું ઘર કસાઈની પાસે, કરેગા સો ભરેગા, બંદા તું ક્યોં હુઆ ઉદાસ ? એમ કબીરમાં આવે છે. તારું ઘર કસાઈની પાસે છે. કસાઈ હોય ને ? કબીર કી ઝુંપડી ગલકટોં કે પાસ, કરેગા સો ભરેગા, ભૈયા ! તું ક્યોં હુઆ ઉદાસ ? અરે..રે...! આવું મળ્યું તો એ કારણે મને મેલ થશે, એમ નથી, ભગવાન ! સમજાય છે કાંઈ ? અહીં તો કહે છે, **'સુદ્ધ વસ્તુ સુદ્ધ પરજાઇરૂપ પરિનવૈ..'** જ્ઞાન તો જ્ઞાનરૂપે શુદ્ધરૂપે પરિણમે છે, એનો સ્વભાવ છે. જાણે–રાગ આવ્યો, દ્વેષ આવ્યો, વિષયની વાસના આવી, આહા..હા...! વાસનાને વાસનારૂપ થઈને જાણે ? વાસનાથી પૃથક્ જ્ઞાનરૂપ થઈને જાણે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**'સત્તા પરવાંન માહેં ઢાહેં ન ઢહતિ હૈ.'** એ વસ્તુ પોતાની સત્તા પ્રમાણે છે. જ્ઞાનનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણમન પોતાની સત્તા પ્રમાણે પોતાથી સત્ છે. એ જ્ઞેયના સત્થી નથી. જ્ઞેય જ્ઞેયના સત્માં છે. જ્ઞેયની હયાતી જ્ઞેયને કારણે છે અને અહીં જ્ઞાનનું પરિણમન જ્ઞાનની સત્તાને કારણે છે, જ્ઞેયને કારણે નથી. આહા..હા..! આવી વાત વીતરાગ સિવાય ક્યાંય હશે ? કોની સાથે મેળવવી ? આ પણ બરાબર છે અને આ પણ બરાબર છે. એ કંઈ સ્યાદ્વાદ નથી, ફુદડીવાદ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પોતાની જ્ઞાનની પરિણતિમાં પરવસ્તુ જણાય છે, પર નહિ, એ તો પોતાની સ્વ–પરપ્રકાશક જ્ઞાનની પરિણતિ પોતામાં જણાય છે. આહા..હા..! **'સત્તા પરવાંન માહૈં ઢાહૈં ન ઢહતિ હૈ.'** પોતાની જ્ઞાનની સત્તા છોડીને રાગમાં જ્ઞાન જતું નથી અને રાગ પોતાની સત્તા છોડીને જ્ઞાનની પરિણતિમાં આવતો નથી. આહા..હા...! કેટલું ભેદજ્ઞાન !

સમકિતી લડાઈમાં ઊભા હોય, ક્રિયા થતી હોય, હાથી, ઘોડા, બાણ અંદર દ્વેષનો અંશ પણ આવ્યો, તો કહે છે કે તે કાળે જ્ઞાન જ્ઞાનરૂપ પરિણમે છે. એ જ્ઞેયથી અને પરની ક્રિયારૂપ જ્ઞાન થતું નથી. એ દ્વેષ અને પરની ક્રિયા જ્ઞાનમાં આવતી નથી. પોતાની સત્તા છોડીને જ્ઞાનની સત્તામાં પ્રવેશ કરતા નથી. આહા..હા...!

**'સો તૌ ઔરરૂપ કબહૂં ન હોઇ સરવથા,...'** સર્વથા. ભાઈ ! કથંચિત્ પરરૂપ થાય અને કથંચિત્ પોતારૂપ થાય છે એમ સ્યાદ્વાદ કહો. એ સ્યાદ્વાદ નથી. કથંચિત્ જ્ઞેયરૂપ થયું છે અને કથંચિત્ જ્ઞાનરૂપ છે, એમ બિલકુલ નથી. પોતાના જ્ઞાનરૂપે જ જ્ઞાન સદા ત્રિકાળ રહે છે. **'ઔરરૂપ કબહૂં ન હોઈ સરવથા'** ભાષા છે ને ? કોઈ કહે કે જૈનમાં સર્વથા ન હોય. અરે..! ન હોય એમ હોય ? જૈન સિવાય બીજામાં છે ક્યાં ? દ્રવ્ય દ્રવ્યરૂપે સર્વથા નિત્ય છે, પર્યાય પર્યાયરૂપે સર્વથા અનિત્ય છે. એમાં કથંચિત્ નાખવું ? દ્રવ્ય દ્રવ્યરૂપે કથંચિત્ સત્ છે અને કથંચિત્ દ્રવ્ય દ્રવ્યરૂપે અસત્ છે, અનિત્ય છે. એમ છે ? દ્રવ્ય દ્રવ્યરૂપે નિત્ય છે, સર્વથા નિત્ય છે. પર્યાય પર્યાયરૂપે સર્વથા અનિત્ય છે. સમજાય છે કાંઈ ? આખા અખંડ દ્રવ્યની વ્યાખ્યા કરે તો તો કથંચિત્ નિત્ય છે અને કથંચિત્ અનિત્ય છે. બે ભાગ પાડીને એકને કહે, ત્રિકાળ દ્રવ્ય નિત્ય જ છે. ત્રિકાળ દ્રવ્ય કથંચિત્ અનિત્ય પણ છે એમ નથી. સમજાય છે કાંઈ ? દ્રવ્યાનુયોગ સૂક્ષ્મ છે, ભાઈ !

**'નિહચૈ અનાદિ જિનવાની યૌં કહતિ હૈ.'** જુઓ ! જિનવાણી વીતરાગની વાણી એમ કહે છે કે જ્ઞાનમાં પર જાણે છતાં એમાં પર આવતું નથી. પરની સત્તા છોડીને અભાવ થતો નથી અને પોતાની સત્તાનો અભાવ થઈને પરરૂપ થતું નથી. જ્ઞાન જ્ઞાનરૂપ પરિણમન કરે છે, રાગ રાગરૂપ પરિણમે છે. એવા ભેદને યથાર્થરૂપે જાણવા એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર કળશટીકા, શ્લોક–૨૭૧, પ્રવચન નં. ૨૫૫, તા. ૨૮-૦૮-૧૯૬૮ [૬]

માર્દવ... માર્દવ. કોમળતા, નિર્માનતા... ચારિત્રનો એક ભાગ છે. ધર્મીજીવોએ નિર્માનતા માર્દવપણું સેવવું. કોઈ વસ્તુનો ગર્વ કરવો નહિ. એ બીજી ગાથા (છે). **'उत्तम नाम पहाणो उत्तम तव चरणं करणं ...'** **'જો ઉત્તમ માર્દવ ધર્મ ઉત્કૃષ્ટ જ્ઞાની હો...'** ઉત્તમ નામ શાસ્ત્રનું જ્ઞાન ઘણું ઊંચું હોય તો પણ એનો મદ જ્ઞાની કરે નહિ. કારણ કે શાસ્ત્રના જ્ઞાનમાં બાર અંગ ચૌદપૂર્વના જાણનારા (હોય) એની આગળ પોતાના જ્ઞાનનો ગર્વ શી રીતે શોભે ? અને એવા જ્ઞાનનું ગર્વ કરે તો એને પૂર્ણ કેવળજ્ઞાનનો પીંડ છે આત્મા એની અંદર અધિકપણું–જ્ઞાનની પર્યાયથી પૂર્ણ છે એવી પ્રતીતિ રહેતી નથી. સમજાય છે કાંઈ ?

શાસ્ત્રજ્ઞાન ઘણું હોય, **'उत्तम णाण पहाणो...'** તો એમાં પોતાના આત્માને ગર્વ ન કરતા ... એમ શબ્દ છે. પોતાનો અનાદર કરે કે અરે..! તું ક્યાં ? તારા કરતાં કેટલા જ્ઞાનના ધરનારા ધર્મીજીવો છે. શ્રુતજ્ઞાન કરતાં પૂર્ણ શ્રુતજ્ઞાન અને એના કરતાં અવધિજ્ઞાની, મનઃપર્યયજ્ઞાની, કેવળજ્ઞાની એની પાસે તો તું કાંઈ ગણતરીમાં નથી. કહો, 'સેઠી' ! એમ શ્રુતજ્ઞાનનો ઉઘાડ વિકાસ ઘણું પ્રધાન થયું હોય. દેખો ! પ્રધાન શબ્દ છે. શાસ્ત્રનું જ્ઞાન ઘણું ઊંચું હોય છે, ઘણું હોય છતાં ધર્મી એનું અભિમાન (કરે નહિ). કેવળજ્ઞાનની પર્યાય હજી નથી અને એવો આત્મા તો અનંત કેવળજ્ઞાનનો પીંડ છે એની જ્યાં જેને પ્રતીત અને અનુભવ છે એને આ અલ્પ શ્રુતજ્ઞાનનો ગર્વ અને અભિમાન હોઈ શકે નહિ.

**'उत्तम ज्ञानी उत्कृष्ट तपसी, उत्तम तव चरणमं...'** મહા ઘોર તપસ્યા કરનારા હોય, જેનું ચારિત્ર પણ વીતરાગી ઘણું ઊંચું હોય એવું જેનું .... એવી તપસ્યા અને ચારિત્રના કરવાનો જેનો સહજ સ્વભાવ થયો છે. એવો હોવો છતાં પોતાના આત્માને ... છે, અનાદર કરે છે. અરે..! તને કેવળ નહિ, વીતરાગતા પૂર્ણ નહિ. આ શું તારી દશા ? સમજાય છે કાંઈ ? એનું નામ નિર્માનતા, એનું નામ કોમળતા અને માર્દવ. ... બીજો ધર્મ. ક્રોધની સામે ક્ષમા, માનની સામે માર્દવ. સમ્યક્ ભાનસહિત એવી કોમળતા (હોય કે) પોતાને ગમે તેટલો વિકાસ જ્ઞાન આદિ કે તપસ્યા, અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ આદિ ચડી ગયો હોય અને ચારિત્ર પણ ઘણું ઉત્કૃષ્ટ હોય એવો જેનો સ્વભાવ થયો હોય તો પણ ... જાતિનો મદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ન કરે, તપનો મદ ન કરે, રૂપનો મદ ન કરે. એ બધી ક્ષણિક ચીજોનો મદ શો ? સમજાય છે કાંઈ ? અંદર લખાણમાં છે.

જાતિ મદ–ઉત્તમ જાતિ, ઉત્તમ કૂળ. મારી માતા ઉત્તમ. કોને માતા ? કોનો આત્મા ? એવી ઉત્તમ માતાનો પક્ષ લઈને ગર્વ કરે નહિ. ઉત્તમ કૂળ. એમ કહે કે મારા પિતા મોટા છે, મહાન છે. ઉત્તમ રૂપ, શરીરની સુંદરતા એ તો ક્ષણિકભંગુર છે. જેને આત્મા અખંડાનંદનો અનુભવ અને દૃષ્ટિ થઈ એને આવા શરીરના રૂપના નાશવાનનું અભિમાન, ગર્વ શેનો હોય ? બીજાને દેખાડે કે જુઓ ! હું કેટલો સુંદર છું, રૂપાળો છું, આ છું. એ તો જડની દશા (છે). જડનું અભિમાન ધર્મીને નિર્માનદશામાં હોઈ શકે નહિ.

ઉત્તમ જ્ઞાન, ઉત્તમ ઐશ્વર્ય. મોટપ મળી હોય સંઘમાં. બીજા આદિમાં અનેક પ્રકારની, આચાર્ય પદ આદિ. એવા **'शक्ति से युक्त हुए भी मद न करना।'** એનું અભિમાન કરે નહિ. કહો, સમજાય છે કાંઈ ? માન દૂર હોને કા નામ માર્દવ હૈ. ઘણી લાંબી વાત લખી છે. શિષ્ય જ્ઞાન કા પાત્ર હોતા હૈ. જો વિનયવંત હોય, નિર્માની હોય તે જ્ઞાનને પાત્ર થાય છે. પરમ મોક્ષની પ્રાપ્તિ કરે છે અને તેનું ચિત્ત મલિન થાય – માનમાં ગર્વમાં ચડી એનું મલિન થાય છે, એનું જ્ઞાન બગડી જાય છે અને એને સ્વર્ગ-નર્ક (મોક્ષ)ની દશા પણ પ્રાપ્ત થતી નથી, સ્વર્ગ અને મોક્ષની. એવું માન, ધર્મીએ ન કરવું અને નિર્માનપણું, કોમળપણું, માર્દવપણું સેવવું. એ આ બીજા પ્રકારનો ધર્મ વીતરાગી–પર્યાય તરીકે આરાધવો, એમ કહવામાં આવે છે.

આપણે ચાલતો વિષય ૨૭૧ (કળશ). ૨૭૦ માં તો એ કાઢી નાખ્યું કે જુઓ ! અહીંયાં અભેદને સિદ્ધ કરે છે. ભગવાન આત્મા એકરૂપ વસ્તુ છે તે સમ્યગ્દર્શનનો વિષય છે, ધ્યેય છે અર્થાત્ અભેદ વસ્તુ છે તેને આશ્રયે શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ-આનંદ આદિ પ્રાપ્ત થાય છે. તેથી અભેદની વાસ્તવિક્તા શું છે એનું વર્ણન, જે (સમયસારની) અગિયારમી ગાથામાં છે **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એનો આ વિશેષ વિસ્તાર કરીને ભિન્ન-ભિન્ન પ્રકારે અભેદપણાનો આશ્રય લેવો અને અભેદપણાનું જ્ઞાન કરવું, અભેદ વસ્તુમાં સ્થિર થવું એ વાતનું વર્ણન કરે છે. જે મુદ્દાની મૂળ રકમ (છે).

ચારનો નિષેધ કર્યો, હવે ત્રણનો નિષેધ કરે છે. હું દ્રવ્યરૂપ છું, જુઓને ! ઓહો..હો...! રાગ તો નહીં, શરીર તો નહિ, વાણી નહિ. એક દ્રવ્ય છું એવો જુદો ભેદ, ક્ષેત્ર છું, કાળભેદ, ભાવભેદ એવું છે નહિ. વસ્તુ તો પણ હું, ક્ષેત્ર તો પણ હું, કાળ તો પણ હું અને ભાવ તો ત્રિકાળ હું. એવા આત્માના અખંડ-અભેદનો આશ્રય કરવો તે ધર્મનું કારણ છે. કહો ! સમજાય છે કાંઈ ? હવે તો અહીંયાં ત્રણ બોલ. હું જાણનાર, જ્ઞાન દ્વારા અને જાણનારો હું અને જણાય પરદ્રવ્ય–છ દ્રવ્ય, મારી જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્ય જણાય એકલી પર્યાયવાળો હું નહિ, એટલો જ્ઞેય હું નહિ. ઝીણી વાત છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



*જ્ઞાનની અવસ્થામાં છ દ્રવ્ય જણાય એવું જે એક સમયની પર્યાયનું જ્ઞેયપણું, એ ખરું જ્ઞેય નહિ. છ દ્રવ્ય તો જ્ઞેય નહિ પણ એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એવી એક સમયની પર્યાય તેટલો પણ હું જ્ઞેય અને તેટલો જ્ઞાન હું નહિ. સમજાય છે કાંઈ ? પોતાનું જ્ઞેય પોતે, પોતે જાણનાર, પોતે જણાવા યોગ્ય, પોતે જ્ઞાતા. એવા ત્રણ ભેદ પણ જેમાં નહિ. પરનો જ્ઞાતા, પરજ્ઞેય હું, મારી પર્યાયમાં પરજ્ઞેય જણાય તેટલો હું, એટલો તો (હું) નહિ પણ હું સ્વજ્ઞેય, આખી ચીજ તે સ્વજ્ઞેય એનો જાણનાર અને જ્ઞાતા એવા ત્રણ ભેદ પણ મારામાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? એ વાત કરે છે, લ્યો !*

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।८-२७१।।**

છેલ્લામાં છેલ્લું અભેદની સ્થિતિનું વર્ણન છે. **'ભાવાર્થ આમ છે...'** પહેલેથી ભાવાર્થ આમ છે કહે છે, હજી કીધા પહેલા. એટલે કે હવે કહેવું છે એનું સ્વરૂપ આમ છે, એમ. એનો ભાવ આ છે કે જે કહેવું છે એનો ભાવ આ છે કે **'જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે,...'** 'સ્વ–પરપ્રકાશક શક્તિ હમારી, તાતે વચનભેદ ભ્રમ ભારી, જ્ઞેયશક્તિ દુવિધા પ્રકાશી, નિજરૂપા, પરરૂપા ભાસી.' જ્ઞેયના બે પ્રકાર. એક નિજરૂપ જ્ઞેય–જણાવા લાયક અને પરરૂપ જ્ઞેય–જણાવા લાયક. એમાં પરરૂપ જણાવાલાયક જ્ઞેય એટલો હું નહિ, એમ અહીં સિદ્ધ કરવું છે. ઓહો..હો...!

જ્ઞાનની પર્યાયમાં... છ દ્રવ્યમાં તો અનંતા સિદ્ધો આવી ગયા, અનંતા કેવળી આવી ગયા. એક જ્ઞાનની પર્યાયમાં અનંતા કેવળી, સિદ્ધો અને છ દ્રવ્ય, એના ગુણપર્યાયો, એક સમયમાં જાણવાની પર્યાય આટલા જ્ઞેયને જાણે, તેટલો જ્ઞાનમાત્ર અને તેટલો જ્ઞેયમાત્ર હું નહિ. સમજાણું કાંઈ ?

આ **'જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે, તેથી કોઈ એમ સમજશે કે જીવવસ્તુ જ્ઞાયક, પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે;...'** હું એક જાણનાર છું અને મારાથી ભિન્ન બધા અનંતા છ દ્રવ્યો તે મને જ્ઞેય છે એમ પણ નથી, એમ કહે છે. આહા..હા...! 'સેઠી' ! ઓ..હો..હો...! પુદ્ગલથી માંડીને ભિન્નરૂપ છ દ્રવ્ય. જુઓ ! આ શરીર, રાગ, પરમાત્મા, અનંત નિગોદ, પંચ પરમેષ્ઠી અને અનંતા પરમાણુના સ્કંધો, અનંતા નિગોદાદિ, એ બધા મને જાણવા લાયક છે અને હું એનો જાણનાર છું ? – ના; એટલો હું છું જ નહિ. આ આત્મા કેવડો છે, કેટલો છે એની વાર્તા કરે છે. સમાજણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છ દ્રવ્ય જે જ્ઞેય છે અને હું જાણનાર છું. **'પરંતુ એમ તો નથી.'** હોં ! એમ કહે છે. એટલો હું નહિ, એમ નહિ, હોં ! આહા..હા...! 'અમરચંદભાઈ'! ભારે વાત ! છેલ્લો કળશ .. પછી તો બીજી ભિન્નતાની વાતો લેશે. અહીં તો ભૂતાર્થ વસ્તુ, એકરૂપ વસ્તુ (છે) એમાં કહે છે કે આવા પરનો જાણનાર હું અને હું જ્ઞાયક અને પર મને જણાય, બસ, એ ચીજ ? – ના. એવો તો હું નથી. સમજાય છે કાંઈ ? આ શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે. લોકના સ્વભાવો જ્ઞાનની પર્યાયમાં જણાય છે. કહે છે કે એટલો જ જ્ઞેય છું ? અને એ જ્ઞેયને જે છ દ્રવ્યને જાણવાનો જે મારો વર્તમાન પર્યાય એટલું જ જ્ઞાન છે અને એટલું જ જ્ઞેય છે ? આહા..હા...! સમજાય છે કાંઈ ? ના.

**'જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે –' 'अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि' 'હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું.'** એકલો જ્ઞાતા-દ્રષ્ટા ચૈતન્યસ્વભાવ પૂર્ણસ્વરૂપ, સર્વસ્વ ચૈતન્યસ્વરૂપ એ હું છું. સમજાય છે ? **'એવી વસ્તુસ્વરૂપ છું' 'सःज्ञेयः' 'તે હું જ્ઞેયરૂપ છું.'** દેખો ! હું એક વસ્તુ ચૈતન્ય અનાદિ-અનંત જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ તે હું જ્ઞેય છું. છ દ્રવ્ય જ્ઞેય એકલો નહિ અને છ દ્રવ્ય જ્ઞેય એ જ્ઞેય નહિ. છ દ્રવ્યના જ્ઞેયનું જ્ઞાન એકલું જ્ઞાન નહિ અને છ દ્રવ્ય જ્ઞેય તે જ્ઞેય નહિ. 'સેઠી' ! અજર પ્યાલા છે આ ! આહા..હા...! આહા..હા...! શું કહે છે ?

કહે છે કે મારા સિવાય જેટલા છ દ્રવ્ય છે એના દ્રવ્ય-ગુણ-પર્યાયને હું રચું તો નહિ, કરું તો નહિ પણ તે જ્ઞેય જે છે છ દ્રવ્યો મારા જ્ઞાનની પર્યાયમાં જણાવા લાયક એટલો જ્ઞેય જ છું અને એ જ્ઞાનની પર્યાય એટલી જ જ્ઞાન છું એમ નહિ. સમજાણું કાંઈ ? ધીમેથી સમજવા જેવી વાત છે. આ તો તદ્દન એકદમ ભગવાન આત્મા ચૈતન્ય સર્વસ્વનો પીંડ આખો એ પોતે પોતાનું જ્ઞેય છે. એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય. છ દ્રવ્ય જણાય એટલો જ જ્ઞેય ? અને એટલું જ જ્ઞાન ? કહે છે, ના, એટલું નહિ. એ તો પર્યાય એક અંશ થઈ ગયો. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું.' 'सःज्ञेयः' 'તે હું જ્ઞેયરૂપ છું.'** કહો, સમજાય છે કે નહિ આમાં ? 'રતિભાઈ'! પુસ્તક-બુસ્તક લીધું નથી ? આમાં સમજાય નહિ એમાં શું કરે અંદરથી ? પુસ્તકનો આ શબ્દનો અર્થ થાય છે ખબર પડે ને કે આ શબ્દનો આ અર્થ છે આમાં. એમાં ઘરે મોં-હાથ આવે એવું નથી, ... સૂઝે એવું નથી ત્યાં. આહા..હા...!

કહે છે કે તું કેવડો અને ક્યાં છો ? શું તું જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય તેટલો જ્ઞેય તું છો ? અને તેટલું જ્ઞાન તું છો ? આહા..હા...! રાગ આદિ તો નહિ, પુણ્ય-પાપ તો નહિ, કર્મ, શરીર નહિ, આ છ દ્રવ્યનું કરવું, રચવું તો નહિ પણ છ દ્રવ્યનું જ્ઞાનમાં-જ્ઞાનમાં જ્ઞેયરૂપે થાય એટલો પણ પર્યાય જ્ઞેયરૂપે, એટલો પણ જ્ઞેય નહિ. એટલું જ્ઞાન ? એટલું જ્ઞાન પણ હું નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? સમજાય છે કે નહિ, શેઠ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સૂક્ષ્મ છે. આહા..હા...!

ભગવાન આત્મા ચૈતન્યસર્વસ્વ જેનું સ્વરૂપ, ચૈતન્યસર્વસ્વ જ્ઞાયક જેનું સ્વસ્વરૂપ એમાં એક સમયની પર્યાયમાં છ દ્રવ્ય જણાય એટલો પર્યાયમાત્ર જ્ઞેય કેમ હોય ? અને એટલો પર્યાયમાત્ર જ્ઞાન કેમ હું હોઉં ? હું તો સર્વસ્વ ચૈતન્યમૂર્તિ આત્મા છું. સમજાણું કાંઈ ? આહા..હા...! અભેદનો આશ્રય કરવો એ અભેદ કેવો ? એનું અહીં વર્ણન છે. એક સમયમાં પર્યાયમાં છ દ્રવ્ય જણાય, અનંતા કેવળી જણાય. આહા..હા...! શ્રુતજ્ઞાનની પર્યાયમાં, હોં ! શ્રુતજ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતા કેવળી જણાય. એ..ઇ..! છતાં એક સમયની પર્યાય જેટલું મારું જ્ઞાન નહિ. એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો જણાય. ષટ્દ્રવ્ય છે કે નહિ ? શું કીધું આ ? આહા..હા...!

મારો જ્ઞાનનો પર્યાય, શ્રુતજ્ઞાનનો વર્તમાનમાં એક અંશ જે છે એ અનંતા સિદ્ધોના કેવળીનું સ્વરૂપ અનંતા છે એને જ્ઞેય તરીકે મારો પર્યાય જાણે છે. પણ કહે છે એટલા બધા અનંતા કેવળી, અનંતા કેવળીથી અનંતગુણા નિગોદાદિ એની સર્વજ્ઞશક્તિ આદિ અનંતી બધાની... આહા..હા...! સમજાણું કાંઈ ? સર્વજ્ઞો અનંત પ્રગટ અને સર્વજ્ઞશક્તિવંત અવ્યક્ત અનંત આત્માઓ અને એક-એક પરમાણુ સર્વસ્વ અનંત ગુણનો પીંડ જડ-અચેતન અને એની પર્યાયમાં પૂર્ણતા અનંતગુણી લીલી આદિ ધોળી પર્યાય એ બધાને મારા જ્ઞાનની એક સમયની પર્યાય જ્ઞેય તરીકે જાણે, એટલો એક સમયનો પર્યાય જેટલો પણ (હું નહિ), એવડું જાણે એટલો પણ પર્યાયમાત્ર હું નહિ. 'શોભાલાલજી'! આહા..હા...! ભારે, ભાઈ !

એક સમયની પર્યાયને અનંતા કેવળી જાણે ને અનંતા સર્વજ્ઞ શક્તિવાન જાણે ને ? આહા..હા...! અને તે અંશ જે છે તેટલું જ્ઞેય પણ નહિ અને તેટલું જ્ઞાન પણ નહિ એમ કહે છે. 'રાજમલજી'! આ તો લોજીકથી વાત ચાલે છે. એક સમયના અંશની જ્ઞાનદશા એટલું જ જ્ઞેય ? બાકી બધી વસ્તુ અનંત ગુણનો પીંડ પ્રભુ ચૈતન્યપીંડ આખો ચૈતન્યસર્વસ્વ રહી જાય છે ને ! જ્ઞેયમાં આખો રહી જાય છે ને ! અને જ્ઞાનમાં પણ આખો રહી જાય છે. આખું સ્વરૂપ જ્ઞાનમાત્ર ચૈતન્ય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

રાગને કરવું અને રાગને રચવું એ તો મારામાં નથી પણ રાગને જાણવું એવી જે જ્ઞાનની પર્યાય એટલો પણ હું નથી. સમજાણું કાંઈ ? વ્યવહારનો વિકલ્પ ઊઠે, દયા-દાન આદિ વિકલ્પો એ પરજ્ઞેય છે. એ પરજ્ઞેયનું જ્ઞાન મારી પર્યાયમાં થાય એટલો પર્યાય પણ જ્ઞેય-સ્વજ્ઞેય એટલું નહિ. સ્વજ્ઞેય એટલું નહિ અને સ્વજ્ઞાન એટલું નહિ. સમજાણું કાંઈ ? હું એ વ્યવહારવાળો અને છ દ્રવ્યવાળો તો નહિ હું એ વ્યવહારવાળો, છ દ્રવ્યવાળો, બાયડી-છોકરાવાળો, આસ્રવવાળો એવો તો હું નહિ પણ એ સંબંધીનું મારી જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞાન થાય એવડો હું જ્ઞાન નહિ અને એવડું એ જ્ઞેય નહિ. આહા..હા...! 'સેઠી' ! આહા..હા...! શેના અભિમાન થાય ? કહે છે. આહા..હા...! છ દ્રવ્ય જાણ્યા, બાપૂ ! છ દ્રવ્ય જાણ્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હોય તો જ્ઞાનની પર્યાય એક અંશ છે, એમાં થયું શું ? આહા..હા...! અને તેટલું જ જ્ઞાનમાત્ર ? ભગવાન તો એવા અનંતા અંશનો પીંડ એક ગુણ છે અને એવા એવા તો અનંતા ગુણનો પીંડ તે દ્રવ્ય છે. એવું જે ચૈતન્યનું સર્વસ્વ આખું, આખું દ્રવ્ય-ગુણ-પર્યાય ચૈતન્યનું સર્વસ્વ એ જ્ઞેય છે. ચૈતન્યનું દ્રવ્યનું, ગુણનું અને પર્યાયનું સર્વસ્વ તે જ્ઞેય છે. એક સમયનો પર્યાય તે જ્ઞેય અને એક સમયનો પર્યાય તે જ્ઞાન એટલો હું નહિ. 'સોમચંદભાઈ'! બહુ વાતું... આહા..હા...! તાકડે જુઓને ! નિર્માનનો દિવસ છે ને ? કહે છે કે આટલું જ્ઞેય હું નહિ. શેનું અભિમાન કરવું ? એટલો જ્ઞાન હું નહિ. એટલા અંશનું જ્ઞાન અને અંશનો જ્ઞેય માને તો મિથ્યાદૃષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ ?

***એક સમયની જ્ઞાનની અવસ્થા છ દ્રવ્યને જાણે એટલી તાકાવાળી, એટલું જ જીવનું જ્ઞેય માને અને એટલો જ પર્યાય જ્ઞાનસ્વરૂપ એટલો છે એમ માને (તો) પર્યાયબુદ્ધિ છે, મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...!*** 'પ્રસન્નભાઈ' ! ભારે વાતું ભાઈ આવી ! વસ્તુ... વસ્તુ... વસ્તુ... એવી છે, ભાઈ ! એવા-એવા અનંતા અંશો તો જ્ઞાનગુણ પી ગયો છે. એક સમયમાં અનંતા કેવળજ્ઞાન જણાય, અનંતા સર્વજ્ઞ જીવો સર્વજ્ઞ શક્તિવાળા, સર્વજ્ઞ શક્તિવાળા એક સમયની પર્યાયમાં જણાય એવું તો એક સમયની પર્યાય પી ગઈ છે એને, એવી એક સમયની પર્યાયનો અંશ તો જ્ઞાન અનંતમાં પી ગયું છે અંદર. હવે એટલો અંશ ક્યાં તું જ્ઞેય અને જ્ઞાન છો ? આહા..હા...! સમજાણું કાંઈ ?

આ કહ્યું ને, જુઓ ! કે **'ज्ञानमात्रः भावः अस्मि अहम् अयं चः ज्ञानमात्रः भावः अस्मि' 'ચેતના સર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું.'** છે ને ? **'सःज्ञेयः' 'તે હું જ્ઞેયરૂપ છું.'** હું જ્ઞેય આટલો ચૈતન્યમાત્ર આખું સ્વરૂપ પૂર્ણાનંદ વસ્તુ તે જ્ઞેય છું. તે મારું જ્ઞેય અને તે હું જ્ઞાન અને તેનો હું જ્ઞાતા. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...! આવી વાત સર્વજ્ઞ સિવાય, ત્રિકાળમાં ક્યાંય હોઈ શકે નહિ. કારણ કે વસ્તુ જ આવી ભગવાન આત્મા... એક સમયના પર્યાયમાં બધું જણાય જેટલો નહિ. આહા..હા...! ***હું તો આખું ચૈતન્ય સર્વસ્વ. દ્રવ્યમાં ભરેલું જ્ઞાન, ગુણમાં ભરેલું જ્ઞાન, અનંતા ગુણમાં વ્યાપેલું જ્ઞાન એ બધો આખો આત્મા થઈને હું સ્વજ્ઞેય છું. એક સમયના પર્યાયનું જ્ઞેયમાત્ર નહિ પણ સર્વસ્વ જ્ઞાનમાત્ર આખો આત્મા તે હું સ્વજ્ઞેય છું.*** આહા..હા...!

જ્ઞાનમાત્ર **'सः ज्ञेयः न एव' 'પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી ?'** એમ કહે છે. એક પદના બે ટૂકડા કર્યા. **'ज्ञानमात्रः भावः अस्मि' 'सःज्ञेयः'** સમજાય છે ? **'न एव'** શું કહે છે ? **'પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી ?' 'ज्ञेयज्ञानमात्रः' 'પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** જ્ઞેય. તેટલો હું નથી. સમજાય છે કાંઈ ? **'ज्ञेयज्ञानमात्रः'** જ્ઞેયના જ્ઞાનપણામાત્ર તેટલો હું નથી. આહા..હા...!

જ્ઞાનની એક સમયની અવસ્થા એ છ દ્રવ્યને જ્ઞેય તરીકે જાણે તેટલો હું જ્ઞેયરૂપ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'न एव'** તે જ્ઞેયરૂપ નથી, તેટલા જ્ઞેયરૂપ નથી. સર્વસ્વ જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળ છે તેટલો તે હું જ્ઞેયરૂપ છું. અસ્તિ-નાસ્તિ કરી. આહા..હા...! ભારે કઠણ પડે માણસને. પણ સહેલું છે આ. એની ચીજ આ રીતે છે. જે રીતે હોય એમ પ્રાપ્ત થાય કે જે રીતે ન હોય એમ પ્રાપ્ત થાય ? સમજાણું કાંઈ ? આહા..હા...! **'ज्ञेयज्ञानमात्रः' 'न एव' 'પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** તે જ્ઞેય, તેટલો હું નહિ. આહા..હા...! અહીં તો હજી થોડાઘણાં શાસ્ત્રોનું ભણતર થાય ત્યાં જાણે... ઘણું જાણ્યું મેં તો ઓહો..હો...! પેટ ફાટી જાય એને તો. બીજાને કહે કે મને આમ આવડે છે, જુઓ ! અધિક માનજો મને બીજા કરતા, હોં ! આટલું મને આવડે છે, શું થયું ? અહીં કહે છે. તને તારા જ્ઞેયની પર્યાય, જ્ઞાનની પર્યાયમાં અનંતા કેવળી જણાય એટલું તારું જ્ઞાન હોય, તેટલા જ્ઞાનને પણ તું તારું જ્ઞેય માન, તો પણ તું મૂઢ મિથ્યાદૃષ્ટિ છો. આહા..હા...હા...હા...! સમજાણું કાંઈ ? ન્યાય સમજાય છે કે નહિ આમાં કાંઈ ? આમાં કાંઈ એવી વાત નથી ન પકડાય એવી. લ્યો ભાઈ ! સમજાણું કાંઈ ?

જ્ઞાનનો એક સમયનો પર્યાય કેવડો મોટો ? – કે જેમાં છ દ્રવ્ય જણાય જાય. એવડો મોટો તો હું ખરો કે નહિ ? છ દ્રવ્યમાં ક્યુ શાસ્ત્રનું બાકી રહી ગયું ? કેવળજ્ઞાનીઓ પણ જેના બાર અંગના ભણનારાઓ પણ જેની જ્ઞાનની પર્યાયમાં આવી ગયા છે. આહા..હા...! મનઃપર્યયજ્ઞાનીઓ કેવળજ્ઞાનીઓ, ચૌદ પૂર્વના ધરનાર, બાર અંગના ધરનાર, અલ્પજ્ઞના ધરનાર, ગુણના શક્તિરૂપે પૂર્ણ ધરનાર અને એવા દ્રવ્યો બધા જ્ઞાનની પર્યાયમાં.. આહા..હા...! એક સમયની પર્યાયમાં આટલું આવ્યું છતાં એટલા જ્ઞેયમાત્ર હું નહિ, હોં ! આહા..હા...!

**શ્રોતા :–** ... છતાં ભિન્ન કેમ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભિન્ન નહિ. પરથી તો ભિન્ન છે પણ એટલો પર્યાય જેટલો હું નહિ એમ અહીંયાં તો સિદ્ધ કરવું છે. અહીં તો હજી એક સમયની પર્યાય આટલું પણ જ્ઞેય નહિ અને એટલું જ્ઞાન નહિ. આખું દ્રવ્યનું જ્ઞાન અને દ્રવ્યનું જ્ઞેય આખું રહી જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ ?

આખો ભગવાન પૂર્ણ અખંડાનંદ પ્રભુ જે જ્ઞેયરૂપ છે અને જે જ્ઞાનરૂપ છે એ આખો જ્ઞેય અને જ્ઞાન પર્યાયમાં ન આવે અને એક જ પર્યાયનો અંશ જ જ્ઞેય તરીકે જણાય અને મનાય અને એટલો જ જ્ઞાનમાત્ર આત્મા માને, એણે આત્મા જાણ્યો જ નથી. એની પર્યાયબુદ્ધિ, મૂઢ મિથ્યાદૃષ્ટિ બુદ્ધિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ઓ..હો..! સંતોની કથની ! ઘણું સહેલું કરીને મૂક્યું છે. એની આત્માની મોટપની શક્તિનું માપ કાઢવા, માપ કાઢવા ઘણી સહેલી રીતથી વાત મૂકી છે. પકડાતું નથી પ્રભુ તને ? ભાઈ ! તારી જ્ઞાનની એક સમયની અવસ્થા. એ બધી આ રાગ-વિકલ્પો હો, શરીર-વાણી-મન હો, એ બધા છ દ્રવ્ય હો, અનંતા કેવળી-પર્યાય જાણે, કેટલો પર્યાય જાણે તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલો પર્યાયને જ્ઞેયને જાણે, તેટલો જ તારો પર્યાય જ્ઞેયમાત્ર તારો છે ? એટલો જ જ્ઞેયમાત્ર તું છો ? ભાઈ ! અને એ પર્યાયમાત્ર તારા જ્ઞાનનો અંશ માત્ર તારું જ્ઞાન આટલું જ્ઞાન છે ? સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ આમ છે કે – હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારાં જ્ઞેય-એમ તો નથી.'** આહા..હા...! બીજા છ દ્રવ્યોને હું રચું. એ તો એની સત્તાથી રહેલા છે. છ દ્રવ્ય તેના ગુણ અને તેની પર્યાય એટલે કાર્ય, તે બધા તેના કાર્ય-કારણથી રહેલા છે. મારે કારણે કાર્ય નહિ અને મારે કારણે એ કારણ નહિ અથવા એનું કારણ અને એ મારા કાર્ય અથવા એ કારણ ને મારું કાર્ય, જ્ઞાનની પર્યાય છ દ્રવ્યને જાણે. માટે છ દ્રવ્ય કારણ અને જ્ઞાનની પર્યાય કાર્ય એમ પણ નથી અને મારી જ્ઞાનની પર્યાય કારણે છ દ્રવ્યને રાખે એવું પણ છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

આ તો પરમાત્માના તળિયા તપાસે છે. પરમાત્માના તળિયામાં કેટલું પડ્યું છે અંદરમાં ? તળિયા સમજો છો ? કૂવામાં નથી જાતા ? કૂવામાં પાણીમાં પડે છે કે નહિ ? .... સમજ્યા ? અંદરમાં. કોશ હોય ને ? કોશની જેમ અંદર પાણીમાં પડે. પછી અંદર સુધી ઠેઠ જાય અને હાથમાં લઈ આવે રેતી-રેતી. એમ અહીંયાં પરમાત્માના તાગ લે છે. પરમાત્માના શક્તિનો મોટો કૂવો એનો તાગ લે છે. આહા..હા...!

જ્ઞાનની પર્યાય પૂર્ણાનંદ, કેવળજ્ઞાન આખો એકલો જ્ઞાયકસ્વભાવનો પીંડ. એવું કેવળજ્ઞાન અનંતા સિદ્ધોને જાણે અને અનંતા સર્વજ્ઞ (જાણે),... અનંતા આત્માને જાણે તો આત્મામાં સર્વજ્ઞશક્તિ દરેકમાં છે એવું પણ જ્ઞાનપર્યાય જાણે કે નહિ ? પ્રગટપણે છે એ સર્વજ્ઞોને જાણે અને અપ્રગટપણે એવા દ્રવ્યને જાણે. આહા..હા...! એવા એવા અનંતગુણા આત્માઓ એથી અનંતગુણા પરમાણુઓ. અનંતગુણા આત્મા .. સિદ્ધ કરતા અનંતગુણા, જુઓ ! તેથી અનંતગુણા પરમાણુઓ. એથી અનંતગુણો ત્રિકાળ, તેથી અનંતગુણા ક્ષેત્રના–આકાશના પ્રદેશ. આહા..હા...! એને જ્ઞાનની એક સમયની પર્યાય જ્ઞેય તરીકે જાણે. છતાં તે એક સમયનો પર્યાય તે જ્ઞેય પૂરતું નહિ, એટલું જ્ઞેય હું નહિ. આહા..હા...! મારે જાણવાનું તેથી અનંતગણું જ્ઞેય રહી જાય છે. સમજાણું કાંઈ ? અને એટલા જ્ઞાનના અંશમાત્ર હું જ્ઞાન નહિ. એથી તો અનંત-અનંત ગુણા અંશને ધરનાર જ્ઞાન, એવા અનંત ગુણને ધરનાર દ્રવ્ય રહી જાય છે. સમજાણું કાંઈ ? બાપૂ ! આ તો ધર્મના માર્ગ છે. એ વીતરાગના માર્ગ-રસ્તા, એ વીતરાગના મારગડા ઓળખવા કઠણ, પ્રભુ ! ઓહો..હો...! અને જેણે એ જાણ્યા એ વીતરાગ થયા વિના રહે નહિ. આહા..હા...! એવી વસ્તુ ભગવાન સિવાય પરિપૂર્ણ દ્રવ્યને કેવી રીતે સિદ્ધ કરવા માગે છે ! આહા..હા...!

એ પર્યાયથી તો અનંતગુણું તો એ જ્ઞાન છે. એ ગુણ છે. એવા અંશનું, એક અંશમાં છ દ્રવ્યો આદિના ગુણ-પર્યાયને જાણે એટલો એક અંશથી અનંતગુણો તો જ્ઞાન એક ગુણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. એથી અનંતગુણા બીજા ગુણો છે. એ અનંતગુણાનું રૂપ એક આખું દ્રવ્ય તે આખું જ્ઞેય છે. આહા..હા...! પહેલા ગુણભેદ તો કાઢી નાખ્યા હતા. અનંત શક્તિમાંથી કાઢી નાખ્યા હતા ને ? એકલો.

હવે અહીંયાં તો એ કહે છે કે એવડો એક ગુણ અને એવડો એક અંશ એવો જે ગુણ એક એવા અનંતગુણ એટલો એ એકરૂપ ત્રિકાળ એકલું ચૈતન્યસર્વસ્વ આત્મા તે મારા જ્ઞાનની પર્યાયનું જ્ઞેય અને તેટલો આખો તે હું જ્ઞાન. સમજાણું કાંઈ ? આહા..હા...! ત્યાં દૃષ્ટિ અંતરમાં જાય છે. આ એક સમયનો પર્યાય આવડો ? અને એટલું જ્ઞાન ? કહે ના.. ના... એ તો પર્યાયબુદ્ધિ થઈ. એ તો અનાદિની બુદ્ધિ છે. અનાદિની માન્યતા છે. એવું તું અનાદિથી તું નવ પૂર્ણ ભણ્યો હતો તેમાં પણ આ માન્યું હતું. ભગવાન આત્મા એક સર્વસ્વ ચૈતન્ય આખું ચૈતન્ય વળી એક અંશ શું ? સમજાણું કાંઈ ? એમાં લખ્યું છે, હોં ! આ સ્વ–પરપ્રકાશક શક્તિ કીધી ને ?

'કો જ્ઞાનવાન કહે જ્ઞાન તો હમારો રૂપ, જ્ઞેય ષટ્દ્રવ્ય તો હમારો રૂપ નાહીં હૈ' ષટ્દ્રવ્ય અમારું રૂપ નથી. ના-ના, ષટ્દ્રવ્યને જાણવાનો એક સમયનો પર્યાય પણ પર્યાયરૂપ છે. 'એક નય પ્રમાણ ઐસે દૂજી ...જૈસે, સરસ્વતી અક.... એક ઠાઈ હૈ' શબ્દો છે ને શબ્દો ? એમાં અક્ષર પણ એ, સરસ્વતી પણ એ અને અર્થ પણ એ. એમ ***જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય પોતે પોતામાં છે. જ્ઞેય બીજું અને જ્ઞાન બીજાનું અને જ્ઞાતા બીજો એમ છે નહિ.*** 'તૈસે જ્ઞાતા મેરો નામ, જ્ઞાનચેતના વિરામ. જ્ઞેયરૂપ શક્તિ અનંત મુજ માહિ હૈ. તા કારણ વચન કે ભેદ-ભેદ કરે ... જ્ઞાતા જ્ઞાન જ્ઞેય કો વિલાસ સત્તા માહિ હૈ.' મારી મહાસત્તા ભગવાન એમાં જ્ઞાતા-જ્ઞેયનો વિલાસ એમાં છે. એક સમયની પર્યાયમાં પણ જ્ઞાતા-જ્ઞેય આવતું નથી. પછી આ કહ્યું.

'સ્વ-પરપ્રકાશક શક્તિ હમારી, તાતૈં વચન-ભેદ ભ્રમ ભારી, જ્ઞેયદશા દુવિધા પરકાશી, નિજરૂપા પરરૂપા રે ભાસી, નિજરૂપા આત્મ શક્તિ સ્વજ્ઞેય નિજરૂપ એ આત્મશક્તિ નિજજ્ઞેય. **'પરરૂપા પરવશ જિન લખી લીનો તીન લખી લીનો સમસ્ત'** સમજાણું કાંઈ ? સ્વજ્ઞેય આત્મા અને પરજ્ઞેય આત્મા સિવાય જગત કે સબ પદાર્થ, જિસને યહ સ્વજ્ઞેય-પરજ્ઞેય કી ઉલજન... ઉલજન... ઉલજન... ઉલજન સમજ લી, ઉલજન ક્યા ? ઉલજન ક્યા ? એ '...ભાઈ'! ઉલજન કા અર્થ હોતા હૈ હિન્દી. આ તો હિન્દી શબ્દ હૈ. આ ઉલજનનું એનું રહસ્ય સમજી લીધું, એમ. તમારી ભાષા ન આવડે. ઉસને સબકુછ જાન લિયા સમજો. સ્વજ્ઞેય-પરજ્ઞેય કી ઉલજન સમજ લી. ઉલજન નહિ આતી તમારે ? ગૂંચવાડો. એ ગુંચવાડાની ગૂંચ જેણે સમજી લીધી એ બધું સમજી ગયો. સમજાય છે કાંઈ ? આહા..હા...!

કહે છે, **'જાણપણામાત્ર...'** સમસ્ત છ દ્રવ્યનો જ્ઞાયક હું અને છ દ્રવ્ય જ્ઞેય એમ તો નથી, હોં. **'તો કેમ છે ? આમ છે –' 'ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः' 'જ્ઞાન અર્થાત્**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**જાણપણારૂપ શક્તિ, જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ,...**' પોતાની, હોં ! પ્રમેય. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય તેમાં પ્રમેયપણું વ્યાપેલું છે, જ્ઞેયશક્તિ છે. આખું દ્રવ્ય, આખો ગુણ અને પર્યાય–એ ત્રણ થઈને એક જ્ઞેય છે. એક સમયનો જ પર્યાય છ દ્રવ્યને જાણે તે સ્વજ્ઞેય એટલું નથી. સમજાણું કાંઈ ?

બહુ ઊંચો અધિકાર છે. ***મૂળ સમ્યગ્દર્શનનો વિષય અભેદ છે એ સિદ્ધ કરવું છે. વસ્તુ પોતે અભેદ, જ્ઞાન પણ તે, જ્ઞાતા તો તે અને જ્ઞેય પણ તે. પરજ્ઞેય-ફરજ્ઞેયનું અહીંયાં છે જ નહિ. અને પોતે જ્ઞાન, પોતે જ્ઞાતા, પોતે જ્ઞેય એ પણ વચનના ભેદે ભેદ પડે છે. વસ્તુ તો અખંડ અભેદ તે જ્ઞાન, તે જ્ઞાતા અને તે જ્ઞેય.*** જેમ પેલામાં કહ્યું હતું કે દ્રવ્ય કહો તો તે, ક્ષેત્ર કહો તો તે, કાળ કહો તો તે અને ભાવ કહો તો તે. જ્ઞાતા કહો તો તે, જ્ઞાન કહો તો તે અને જ્ઞેય કહો તો પણ તે. એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ, જ્ઞેય અર્થાત્ જણાવારૂપ શક્તિ, જ્ઞાતા અર્થાત અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર, – એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે.**' પણ એ ત્રણ થઈને વસ્તુ હું એકરૂપ છું. '**એવા જ્ઞેયરૂપ છું.**' લ્યો ! '**એવા જ્ઞેયરૂપ છું.**' શું કીધું ? એકલી જ્ઞાનપણારૂપ શક્તિ, જાણાવાયોગ્ય શક્તિ અને જ્ઞાતાશક્તિ એવા ત્રણરૂપ થઈને જ્ઞેયરૂપ છું. આહા..હા...! ભાઈ ! આવી વાતો ક્યાંથી ? એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, તેઇનદ્રિયામાં ચાલતું હોય.. એ... 'ચંદ્રકાંતભાઈ' ! જીવયો વહોરોવિયા... તસ્સ મિચ્છામિદુક્ડમ, જાઓ ! થઈ ગયું મિચ્છામિદુક્કડમ, થઈ ગયો ધર્મ, જાવ. ...

**શ્રોતા :–** એટલા હળવા થઈ ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હળવો થઈ ગયો અહીંથી નીકળીને જાશે હવે હેઠે. વસ્તુના ભાન ન મળે. ચૈતન્યબિંબ પ્રભુ કોણ છે ? એનું સામર્થ્ય કેટલું છે ? કેટલામાં શક્તિમાં રહેલો છે ? એવા સ્વની સામર્થ્યની જેને ખબર નથી અને બીજી ક્રિયાકાંડમાં રોકાય એ બધા પરિભ્રમણને રસ્તે પડ્યા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આકરું પડે. શું થાય પણ બીજું ? વસ્તુ જ એવી છે ત્યાં શું થાય ? કાંઈ ભગવાને કરેલી છે ? ભગવાને સર્વજ્ઞે આવી કરેલી છે ? એ વસ્તુ એવી છે, કહે છે. સ્વતઃ એવી ચીજ છે.

આખો જ્ઞાતા એ પોતે જ્ઞેય અને પોતે જ્ઞાન. જ્ઞાન કહો તો પણ સર્વસ્વ, જ્ઞેય કહો તો પણ સર્વસ્વ, જ્ઞાતા કહો તો પણ સર્વસ્વ. સમજાણું કાંઈ ? ગજબ વાત ! દિગંબર સંતોની કથનની પદ્ધતિ અલૌકિક વસ્તુને સ્પર્શ કરાવવા યોગ્ય વસ્તુ છે. એના ખ્યાલમાં આવી જાય... આહા..હા...! અહીં ક્યાં અટક્યો ? એમ કહે છે. એક સમયના જ્ઞાનના અંશમાં ક્યાં અટક્યો ? એટલું ક્યાં સ્વરૂપ છે ? એમ કહે છે. સમજાણું કાંઈ ? અને એક સમયનું જ્ઞાન એટલું જ તારું જ્ઞાન ક્યાં છે ? આખો ભગવાન જ્ઞાયકસ્વરૂપ છે ને ? આખો જ્ઞાનસ્વરૂપ છે ને ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને આખો જ્ઞેયસ્વરૂપ છે. એ ત્રણે વચનના ભેદે ભેદ (છે), વસ્તુમાં ભેદ નથી. પરની સાથે તો કાંઈ સંબંધ નથી પણ પોતે જ્ઞેય કહો તો પણ આખો, જ્ઞાન કહો તો પણ આખો, જ્ઞાતા કહો તો પણ આખો. આહા..હા...!

**શ્રોતા :–** અનંતા પાવરફુલ !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું અનંતુ એ પોતે ને પોતે. શું કીધું ? એ શક્તિ, અનંતી શક્તિનું નહિ. એ તો અનંત શક્તિનું માહાત્મ્ય કહ્યું. એમ નહિ. આ તો અનંતસ્વરૂપ જે છે જ્ઞાન એક અંશમાત્ર નહિ પણ પૂર્ણ જ્ઞાયક તે હું અને એક અંશ જેટલું જ્ઞાન નહિ. આખું જ્ઞાન, આખું બધું પૂર્ણ વસ્તુ તે હું અને પૂર્ણ વસ્તુ તે જ્ઞેય. સમજાણું કાંઈ ? જુઓ ! આ સર્વજ્ઞ પરમાત્માના કહેલા તત્ત્વોનું રહસ્ય ! 'શ્રીમદ્' માં આવે છે ને ? હે ભગવાન ! તમારા તત્ત્વો મેં લક્ષમાં લીધા નહિ, એમ આવે છે. લક્ષમાં લીધા નહિ, હોં ! તમારા કહેલા દયા-દાનને મેં જાણ્યા નહિ, ઓળખ્યા નહિ, હોં ! એમ કહે છે. સમજાણું કાંઈ ?

એ બિરાજમાન એવા ત્રણ ભેદ મારું સ્વરૂપ માત્ર... **'એવા જ્ઞેયરૂપ છું.'** એમ કહી. ત્રણ સ્વરૂપ એકરૂપ એવો જ્ઞેય છું. **'ભાવાર્થ આમ છે કે – હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું.'** જુઓ ! ખુલાસો કરે છે હવે. ***વેદાવા યોગ્ય પણ હું, જણાવા યોગ્ય પણ હું અને જાણનારો પણ હું. જણાવા યોગ્ય પણ હું અને જાણનારો પણ હું. જણાવા યોગ્ય બીજી ચીજ અને જાણનારો હું, એમ નહિ. સમજાણું કાંઈ ? વેદ્ય એટલે જણાવા યોગ્ય. વેદક એટલે જાણનાર. હું પોતે વેદ્ય-વેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન. પરને જાણું માટે મારું નામ જ્ઞાન એમ નહિ. હું જણાવાયોગ્ય અને હું જાણનાર, માટે મારું નામ જ્ઞાન.*** શું કીધું સમજાય છે કાંઈ ?

વેદ્ય જણાવાયોગ્ય પણ હું અને જાણનાર હું. એવા જણાવાયોગ્ય અને જાણવા એવા જ્ઞાનમાત્ર હું. જણાવાયોગ્ય અને જાણનાર એવો જ્ઞાનમાત્ર હું. **'તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું. તેથી મારું નામ જ્ઞેય,...'** હું મારા પોતા વડે જણાવાયોગ્ય છું. વિકલ્પ દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ, પર દ્વારા નહિ, ગુરુ દ્વારા પણ નહિ એમ કહે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આમાં શું આવ્યું ? જુઓ ! છે ? લખ્યું છે ? **'હું પોતા વડે જણાવાયોગ્ય છું.'**

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આ સત્ય તો એને પોતાને લાગે ત્યારે થાય ને ? એને પોતાથી એમ કહે છે અહીંયાં તો. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જ્યારે પોતે પોતાને બતાવે એટલે પોતે પોતાનો ગુરુ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પહેલા-પછી કાંઈ છે જ નહિ આમાં. એવી વાત કરે છે. ગુરુની વ્યાખ્યા નહોતી આવી 'સમાધિશતક' માં ? કે જે કંઈ તત્ત્વને સમજાવે તે ગુરુ. તો પોતે પોતાને સમજાવે તત્ત્વને કે ઓ..હો..! આવો છું ને ભાઈ ! આવો છું ને માટે તું તારો ગુરુ. 'સેઠી' ! આહા..હા...!

**મુમુક્ષુ :–** સમજાવે ત્યારે સમજમાં આવે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પોતે સમજે મેળ આવે ત્યારે સમજમાં આવે. બીજાથી સમજવામાં કાંઈ આવતું નથી. બીજો તો જ્ઞેય છે એમ કહે છે અહીં તો. શું કીધું ? એ ગુરુ અને ગુરુની વાણી તો જ્ઞેય પણ એટલી જ્ઞાનની પર્યાય એટલું જ્ઞેય પણ એટલો હું નહિ એમ કહે છે. આહા..હા...! અને તે જ્ઞાનની પર્યાય વાણી અને ગુરુથી થઈ છે એમ પણ નહિ. શું કીધું ? વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાય છે એમાં ગુરુ-દેવ અને શાસ્ત્રો એ તો જ્ઞેય છે. હવે એ જ્ઞેય એ જ્ઞેય છે એ જાણ્યું એ જ્ઞેયને લઈને નહિ. પોતાની પર્યાયને લઈને જાણ્યું કે આ છે. પણ એ પર્યાયને મેં જાણ્યું એટલું પણ હું નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! વીતરાગ માર્ગના રહસ્યો અલૌકિક માખણ છે ! માખણ છે !! આહા..હા...! ઠરીને ઢીમ થઈ જાય એવું છે. એવી વસ્તુ, ભગવાન !

કહે છે કે એ છ દ્રવ્યને જાણવામાં એમાં ગુરુ અને વાણી આવી ગયા કે નહિ ? જિનશાસ્ત્રો આ બધા શાસ્ત્રો આવી ગયા કે નહિ જ્ઞેય ? એ શાસ્ત્રોને મારી જ્ઞાનની પર્યાયમાં મારાથી જાણું એટલો પણ હું જ્ઞેય નહિ. એ શાસ્ત્રોથી મેં જાણ્યું એમ નહિ. મારા જ્ઞાનની પર્યાય તેને જ્ઞેય કરીને તે વર્તમાન મારો જ્ઞાનનો પર્યાય સ્વતંત્ર તે જ્ઞેયના આલંબન વિના એટલે કે એના આધાર વિના એનું જેટલું જેવું સ્વરૂપ છે એવું મારી જ્ઞાનપર્યાયમાં મારાથી જણાયું. પણ એટલો જ્ઞેય અને એટલું જ્ઞાન હું નહિ. તો પછી સામી વાણી અને ગુરુ એટલું અહીંયાં આવ્યું અને એનાથી થાય એ તો એમાં છે નહિ, એમ કહે છે. શેઠ ! તમારે બહુ આવે છે ત્યાં પેલા પુસ્તક ને વાણીમાંથી. મૂર્તિને ઉથાપી ને ? એટલે મૂર્તિમાં કાંઈ ન મળે. હવે આ વાણીમાં બધુ ગરી ગયું. એવું લખે છે. એના પંડિત બધા બોલે છે. શાસ્ત્રના લખાણ આવ્યા છે. ખોટે ખોટા લખાણ બધા. મૂર્તિમાં ક્યાં કાંઈ ગુણ પડ્યા છે ? એ તો જડ છે. એમ કહે. હવે એ તો જડ, વાણી પણ જડ છે સાંભળને ! બન્ને જડ છે.

***અહીં તો કહે છે, એ વાણીનો ખ્યાલ કર્યો એવો વિકલ્પ એ જડ છે. આ એ તરફના જ્ઞાનનો અંશ પ્રગટ્યો એ પણ ખરેખર ચૈતન્યનો અંશ નહિ, લે કહે છે.*** ચૈતન્યનો અંશ નહિ અને ખરેખરું એટલું જ્ઞેય નહિ અને ખરેખરું એટલું જ્ઞાન નહિ. આહા..હા...! આવી વાતું છે, બાપૂ ! સમજાણું કાંઈ ? એમ કહે છે, વાણીમાં ભગવાનના ભાવ ભરેલા છે એમ લખ્યું છે. તમારા પુસ્તકમાં એવું લખ્યું છે બધાએ, આ બધા હમણા છાપ્યા છે એમાં. વાણીમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બધા ભગવાનના ભાવ ભર્યા છે. વાણીમાં ભાવ ભર્યા હશે ભગવાનના ? ભગવાનનો આત્મા ત્યાં ગરતો હશે જડમાં ? પણ આ શેઠિયાને કાંઈ ખબર ન મળે, ભાન ન મળે. રૂપિયા આપે એટલે હો..હા.. થઈ જાય. એ.. 'શોભાલાલજી'! પણ શેઠિયાને કહે કોણ ? દસ હજાર, વીસ હજાર આપે એટલે.. આહા..હા...! 'સેઠી' ! આહા..હા...!

અહીં તો કહે છે... ગજબ વાત છે, હોં ! આ શ્લોકની તો. છેલ્લો (શ્લોક છે). હવે પછી તો બીજી ઢબ લેશે. સ્યાદવાદની ઢબ બીજી લેશે એ તો બીજી ઢબ લે છે. આમાં છેલ્લો બોલ મૂકી દીધો ચર્ચા કરતા.. કરતા.. કાઢી નાખતા.. અનંતી શક્તિઓ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, પછી આ ત્રણને કાઢી નાખ્યા. ભાઈ ! એમાં તો ગજબની વાત છે. કહે છે, ભાઈ ! તારા જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞની વાણી જણાણી. આ સર્વજ્ઞ છે અને સમવસરણમાં સર્વજ્ઞ વાણી, તારી જ્ઞાનના પર્યાયમાં એ જણાણું એ તો તારી પર્યાયની તાકાતથી જણાણું, એને લઈને નહિ, એ જ્ઞેયને લઈને નહિ. આ જ્ઞાનનો પર્યાય એમાં વાણીમાં નહોતો. આહા..હા...! અને વાણીમાં કાંઈ ભગવાનના ભાવ નથી આવ્યા. ભગવાનનો ભાવ તો એની પાસે રહ્યો છે. વાણીમાં તો વાણીનો ભાવ છે. સ્વ–પર કહેવાની શક્તિની વાણીની તાકાત, વાણીનો વાણીમાં ભાવ છે. ભગવાનનો ભાવ જરા પણ અડ્યો નથી એમાં. જેમ મૂર્તિમાં ભગવાનનો ભાવ જરી પણ નથી, એમ વાણીમાં ભગવાનનો ભાવ જરા પણ નથી. ગજબ વાત !

આ તો અજર પ્યાલાની વાતું છે, શેઠ ! એમાં ક્યાંય કોઈની સફારશ કામ આવે એવું નથી. સફારશ નથી ચાલતું તમારે. શું કહે છે સફારશને ? આ શેઠને સાથે લઈ જાવ મદદમાં થોડું... એમ. શું કહેવાય ? લાગવગ, લ્યો ને ભાઈ ! લાગવગ-લાગવગ. ભાઈ ! આ શેઠ મોટા છે, એમની લાગવગ લઈ જાવ, આપણે ત્યાં દબાઈ જશે અને કન્યા પરણાવી દેશે. એમ અહીં કાંઈ લાગવગ કોઈની ચાલે એવી નથી. આહા..હા...! ગજબ વાત ! ક્યાં લાવીને મુક્યું ? પરજ્ઞેયથી ઊઠાવી દીધો. પોતાના જ્ઞાનની પર્યાયમાં એટલું જણાય એટલું જ્ઞેય ત્યાંથી ઊઠાવી દીધો. ઊઠી જા ત્યાંથી. અને એકલા જ્ઞાનની પર્યાયે આટલું બધું જાણ્યું, તારાથી હોં ! તેં પર્યાયથી. એટલા જ્ઞાનમાત્ર તું ? ઊઠી જા ત્યાંથી. આહા..હા...!

કહે છે, **'પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન, હું પોતા વડે જણાવાયોગ્ય છું તેથી મારું નામ જ્ઞેય, એવી શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું તેથી મારું નામ જ્ઞાતા;...'** એ બધી શક્તિનો પીંડ હું જ્ઞાતા. આહા..હા...! **'એવા નામભેદ છે,...'** હવે ત્રણમાં પણ નામભેદ છે. **'વસ્તુભેદ નથી.'** આહા..હા...! **'કેવો છું ?' 'ज्ञानज्ञेयकल्लोलवल्गन्' 'જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે, એવો જે વચનભેદ તેનાથી ભેદને પામું છું.'** સમજાય છે ? વસ્તુમાં ભેદ નથી. આ પોતામાં જ્ઞાયક અને પોતે જ્ઞાન એવો પણ ભેદ નથી એમ કહે છે. પરજ્ઞેય અને જ્ઞાન એની તો વાત નથી. સમજાણું કાંઈ ? હું એ જ્ઞાયક અને હું જ્ઞેય. કથનમાત્રની વ્યવહારની પદ્ધતિ છે. બાકી તો જ્ઞાન પણ હું, જ્ઞાતા પણ હું, જ્ઞેય પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હું, તેનો તે એક હું છું. એવા સ્વભાવમાત્રની દૃષ્ટિ કરવી એને સમ્યગ્દર્શન અને ધર્મની ઉત્પત્તિ કહે છે. આહા..હા...! ભેદ કાઢી નાખ્યા. સમજાણું ? **'જીવ જ્ઞાયક છે. જીવ જ્ઞેયરૂપ છે.'** જુઓ ! જીવ પરજ્ઞેયરૂપ છે એમ નહિ. પોતે જ્ઞેયરૂપ છે અને પોતે જ્ઞાયકરૂપ છે. વચનથી ભેદ પડો. વસ્તુમાં ભેદ છે નહિ. **'વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.'** લ્યો ! આ શ્લોકનો સાર...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**આચાર્યદેવ કહે છે કે અમારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ અને જિજ્ઞાસુને કહે છે પ્રભુ ! તું શ્રોતા તરીકે અમારી પાસે સાંભળવા આવ્યો છો એથી તારી એટલી લાયકાત જોઈને અમે તારી પર્યાયમાં પણ અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ. અનંતા સિદ્ધોને સ્થાપી શકે એવી તારી પર્યાયની યોગ્યતા જોઈએ છીએ. અમે જેમ સિદ્ધપણાને પામીશું તેમ તે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે. તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે એટલે તારું લક્ષ અલ્પજ્ઞ પર્યાય ઉપર નહિ રહી શકે. સર્વજ્ઞને સ્વભાવમાં સ્થાપ્યા છે તેથી અવશ્ય તું સર્વજ્ઞ થઈશ.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૩૬)**

**કાળે વર્ષા પડે, કાળે વૃક્ષો ખીલે, કાળે ચંદ્ર ખીલે, કાળે ઢોર ઘરે આવે, સ્વાતિનક્ષત્રના કાળે છીપમાં પાણી પડતાં મોતી પાકે, તેમ ઉત્તમ દેવ-ગુરુના મહાન યોગકાળે તું આવ્યો ને પૂજ્ય પદાર્થ અનુભવમાં ન આવે એ અજબ તમાસા છે !**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૪૩)**

**વિકારીપણું તો આત્મામાં નથી પણ અલ્પજ્ઞપણું પણ ખરેખર આત્મામાં નથી. પહેલી ચોટે સિદ્ધપણાનું સ્થાપન કરશે તેને જ સમ્યગ્દર્શન થાય છે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૨૩)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસાર કળશટીકા, શ્લોક–૨૭૧-૨૭૨, પ્રવચન નં. ૨૫૬, તા. ૩૦-૮-૧૯૬૮ [૭]

સંતોષ કહો, લોભના અભાવરૂપ ભાવ કહો. પહેલો દિવસ ક્ષમાનો હતો, ક્રોધના અભાવનો. બીજું નિર્માન–માર્દવ માનના અભાવવાળો. ત્રીજું સરળતા, કપટનો અભાવ. આજ લોભના અભાવરૂપ સંતોષ. એ કહે છે. જુઓ ! શૌચધર્મ કો કહતે હૈં. **'सम, संतोष जलय जो .. पूजम ....'** આપણે કળશ ચાલવાનો છે એ પછી ચાલવાનો છે. આ તો ચોથા દિવસનું ચાલે છે ને ? સમભાવ અને સંતોષરૂપી જળ સે તૃષ્ણા ને લોભ મલકો ધોતા હૈ. લ્યો ! સમભાવ અને સંતોષરૂપી જળથી તૃષ્ણા ને લોભરૂપી મેલ, ગંદકી (એને) અંતરમાં સંતોષ દ્વારા ધોવે છે. અને ભોજનની ગૃદ્ધિ નહિ કરે એને નિર્મળ શૌચધર્મ હોય છે. મુનિની પ્રધાનતાની વાત છે ને ?

તૃણ, રતન, સોના, શત્રુ-મિત્ર આદિ ઇષ્ટ-અનિષ્ટ વસ્તુમેં રાગ-દ્વેષ ન કરને કા નામ સમભાવ (હૈ). સંતોષ પ્રસિદ્ધ છે. પદાર્થોની અભિલાષારૂપ તૃષ્ણા. નવા પદાર્થોને મેળવવાની તૃષ્ણા અને પ્રાપ્ત પદાર્થોની ગૃદ્ધિ લિપ્સા એ માનસિક મેલ છે, એ માનસિક ગંદકી છે. એને આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે, આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે એવી દૃષ્ટિ કરીને, એકાગ્ર થઈને, એવા મળ, ગંદકીને નાશ કરવા એનું નામ ચોથો સંતોષ અને શૌચધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? વિશેષ પછી વાત છે.

ભોજનની તીવ્ર લાલસા પણ ન હોવી જોઈએ. એમ કે મુનિને બીજો તો ત્યાગ છે. લોભના ચાર પ્રકાર. એક જીવનનો લોભ, જીવનનું આયુષ્ય. એક નિરોગતાનો લોભ, શરીરમાં નિરોગતા અંદર રહે એનો લોભ. એક ઇન્દ્રિયનો લોભ, એક ઉપભોગનો લોભ એ ચારના પણ બે-બે પ્રકાર. પોતાના જીવન સંબંધી, પુત્રાદિના જીવન સંબંધીનો લોભ. એ બધો દોષ છે તેને ટાળવો એમ કહે છે. સમજાય છે કાંઈ ? નિરોગતાનો લોભ. પોતાના શરીર સંબંધી નિરોગતા અને પુત્ર આદિના, સ્ત્રી આદિના નિરોગતાનો લોભ એ બધો દોષ અને પાપ છે. મારી પાંચ ઇન્દ્રિયો સરખી રહે અને કુટુંબ આદિ સ્ત્રી આદિની પણ ઈન્દ્રિયો સરખી રહે. કોઈની આંખ ન ફૂટે, કાને બહેરો ન થાય, આ ન થાય, હું પણ આંખે ફૂટું નહિ અને કાને બહેરો ન થાઉં, એવી ઇન્દ્રિય સંબંધીનો લોભ એ દોષ છે.

**શ્રોતા :–** ઇન્દ્રિયના રોગને આપણે રોગ કહીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આ તો પરવસ્તુ આ ઇન્દ્રિય જડ છે. એને કેમ રહેવું એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ આત્માને આધીન નથી. કહો ! જીવનનો લોભ–આયુષ્ય આટલું હોય તો ઠીક, થોડું વધે તો ઠીક, લાંબું હોય તો ઠીક.

**શ્રોતા :–** થોડો લાભ મળે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લાભ ધૂળમાં પણ નથી. લાભ તો પોતાના સ્વરૂપથી મળે છે કે આયુષ્યના લંબાણથી મળે છે ? કહો, શેઠ ! લોભના ચાર પ્રકાર. જીવનનો–પોતા અને પર સંબંધી, પોતાનું જીવન અને દીકરા-દીકરી, સ્ત્રી આદિનું જીવન. એનો લોભ. આ હોય તો ઠીક, લાંબુ આયુષ્ય હોય તો ઠીક. એ તો રહેવાનું હોય તો રહે પણ મફતનો પાપ વચમાં બાંધે છે, એમ કહે છે.

એમ નિરોગતાનો (લોભ). શરીરની નિરોગતા રહેવી હોય એમ રહે. એ કાંઈ આત્માને આધીન નથી. અને પરની નિરોગતા. હું ભલે દુઃખી રહું પણ દીકરા-દીકરી, બાયડી સુખી હોય ને નિરોગતા (રહે તો ઠીક).

આરોગ્ય રહી શકે છે પોતાની ઇચ્છાથી ? એ તો જડની અવસ્થા છે. શરીરની અવસ્થા જે પ્રમાણે બનવાની હોય એ બને જ જાય છે. એનો લોભ કરે કે આમ થાય તેથી કરીને પરમાં ફેરફાર થઈ જાય એમ છે નહિ. એનો વિકલ્પ નિરર્થક જાય. આત્માને લાભ માટે નહિ અને પરની ક્રિયામાં પણ કાંઈ લાભ થાય એવું પણ નહિ. માટે એ લોભનો ત્યાગ કરીને નિર્લોભતા પ્રગટ કરવી. એમ કહેવું છે ને ?

એમ ઇન્દ્રિયનો ઉપભોગ. આ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનો ઉપભોગનો લોભ. આટલા શબ્દો મળે, આટલું રૂપ મળે, આટલી ગંધ મળે, આવું ખાવું મળે. મારે અને પુત્ર આદિ દીકરાઓને કે બાયડીને (મળે). કુટુંબમાં અને બધા ગામમાં. એને ન્યાં ક્યાં પડી છે ? આખા દેશમાં, ગામમાં દેશને આમ મળે, ફલાણાને આમ મળે. એ... 'હિંમતભાઈ'! આ બધા કાર્યકર્તાઓ બોલે ને ! ફૂંકે ને અંદર ! કે આપણને આમ મળે. બધાને આમ મળે તો સારું. તમે બધા સુખી થાવ તો સારું. એ કહે છે કે લોભ છે. એ કંઈ પરને મળવું, ન મળવું કાંઈ તારી ઇચ્છાને આધીન નથી. કેમ 'નંદલાલભાઈ' ! આ તો દાખલો, હોં ! ઘણા બધા એ કરે છે ને ! એ છે ને ? ભાઈ 'છગનભાઈ'! નહોતા ? ક્યાં ગયા ? જુઓને ! એ 'વાકાનેર'માં કાર્યકર્તા હતા. કહો, સમજાણું કાંઈ ?

કહે છે કે ચાર પ્રકારના લોભને પોતાસંબંધી અને પરસંબંધી નુકસાનકારક છે તેને છોડવો. એવા લોભ રાખે કાંઈ ઇન્દ્રિયોને સરખું રહી જાય, નિરોગતા રહી જાય એવું છે નહિ. પણ એનું નામ સંતોષ કહે છે. અને બીજી રીતે કહીએ તો લોભરહિત એટલે રાગરહિત આત્માનો સ્વભાવ જ છે. વીતરાગ વિજ્ઞાનઘન આત્માનો સ્વભાવ છે. એની રુચિ કરીને એમાં એકાગ્ર થવું એનું નામ શૌચધર્મ અને સંતોષધર્મ કહેવામાં આવે છે. આ પૈસા જુઓને ! પૈસાવાળાને સંતોષ છે કાંઈ ? બે લાખ થાય તો પાંચ લાખ, પાંચ લાખ થાય તો પચ્ચીસ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



લાખ, પચ્ચીસ લાખ (થાય) તો કરોડ. છે ? સંતોષ કરવો જોઈએ કહે છે. અંદરથી, હોં ! રાગ ઘટાડીને આત્મામાં શાંતિ મેળવવી એનું નામ સંતોષધર્મ છે, લ્યો ! એ ચોથો (ધર્મ થયો).

હવે આ કળશ, અમારે 'પ્રસન્નકુમાર શેઠી'એ માગ્યું છે કે એ શ્લોક ફરીને લેવો. કહો, સમજ્યા ? જુઓ ! જુવાન માણસને પણ આ શ્લોક બહુ સારો લાગ્યો. પરમ દિ' કહેતા ને. કાલે તો બંધ હતું. એ સાંભળીને કહે ઓહો..હો...! ભારે ! બહુ સરસ ! એ... 'સેઠી' ! તમારા ચિરંજીવી હતા તો બીજી વાર લેવાય છે, લ્યો !

**શ્રોતા :–** આજે વધારે પ્રસન્ન થાય એવું આવશે ને !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નીકળે એવું ખરું. આ તો ભાઈએ કહ્યું કે શ્લોક ફરીને વંચાય તો સારું. બીજા નવા પણ કેટલાક છે, અમારે આવ્યા છે ને, જુઓ ! કહો સમજાણું ? એ ૨૭૧ શ્લોક છે. ૨૭૧.

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव।**
**ज्ञेयो ज्ञेयज्ञानकल्लोलवल्गन्**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः।।८-२७१।।**

અલૌકિક શ્લોક છે ! **'ભાવાર્થ આમ છે કે જ્ઞેય-જ્ઞાયકસંબંધ વિષે ઘણી ભ્રાંતિ ચાલે છે,...'** આત્મા જાણનાર જ્ઞાન અને પરવસ્તુ જ્ઞેય એ જ જ્ઞેય છે અને બીજું જ્ઞેય હું પોતે પોતાનો જ્ઞેય છું એમ ભ્રાંતિ ચાલે છે. એની ખબર પડતી નથી. હું જાણનાર અને આ વસ્તુ તે જણાવવાયોગ્ય જ્ઞેય. જુઓ ! ***આ વસ્તુ એમ કહે છે કે એવી ભ્રાંતિ જગતમાં છે કે હું એક જાણનાર છું અને આ છ દ્રવ્ય–મારા સિવાયની ચીજો અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, રાગાદિ, દ્વેષાદિ બધા પરવસ્તુ છે. એ બધા જ્ઞેય અને હું જ્ઞાન, એ ભ્રાંતિ છે. એમ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?***

જ્ઞેય-જ્ઞાયક સંબંધ ભ્રાંતિ **'તેથી કોઈ એમ સમજશે કે જે વસ્તુ તો જ્ઞાયક, પુદ્ગલથી માંડી ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે;...'** આત્મા જાણનાર છે અને મારાથી અન્ય પદાર્થો તે જાણવાયોગ્ય જ્ઞેય છે. એમ જ માને છે તે તત્ત્વથી વિરૂદ્ધ દૃષ્ટિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જુઓ ! **'જેમ હમણાં કહેવામાં આવે છે તેમ છે.'** **'अहम् अयं यः ज्ञानमात्रः भावः अस्मि'** **'હું જે કોઈ ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું.'** હું તો ચેતના જાણવામાત્ર વસ્તુસ્વરૂપ હું છું. શું કહે છે ? – કે મારા સિવાય જે વસ્તુ પરજ્ઞેય છે–અનંત છ દ્રવ્યો, એ બધા જ્ઞેયો છે તે જ જ્ઞેય છે અને હું એનો જ્ઞાયક છું, એમ નહિ.

બીજી રીતે (કહીએ), મારા સિવાય જે અનંતા શરીરો, આત્માઓ, સિદ્ધો, પરમેશ્વરો, નિગોદના જીવો જે અનંત છે એ જ મારામાં જ્ઞેય છે, મને જણાવવા લાયક એ ચીજ છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને હું જાણનાર છું એટલું એમ સ્વરૂપ નથી. પર્યાયની વાત તો હજી પછી નાખશે. સમજાણું કાંઈ ?

એ મારા સિવાય છ દ્રવ્યો છે, આ શરીર, કર્મ, પરમેશ્વર, અનંત નિગોદના (જીવો), પરમાણુ, સ્કંધ વગેરે એ મારાથી છે એમ તો નહિ અને એનાથી હું છું એમ તો નહિ. સમજાય છે કાંઈ ? હું જ્ઞાનાનંદ સ્વરૂપ એક આત્મા છું માટે મારાથી આ જ્ઞેયો છે એમ તો નહિ અને એ જ્ઞેયો છે, પરમેશ્વર છે, નિગોદના જીવ છે, લોકાલોક છે, છ દ્રવ્ય છે માટે મારો જ્ઞાનનો પર્યાય છે, માટે મારો જ્ઞાનનો પર્યાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ ?

હવે, એટલું તો નહિ પણ **`ज्ञानमात्रः भावः अस्मि' 'चेतनासर्वस्व' 'सः ज्ञेयः'** એ છ દ્રવ્યને જાણવાની વર્તમાન પર્યાયની એક સમયની લાયકાત, આત્માના જ્ઞાનના એક સમયનો જે વર્તમાન અંશ તે છ દ્રવ્યને જાણવાને લાયક પર્યાય, પર્યાય, છ દ્રવ્યને જાણવાને લાયક એક સમયની મારી પર્યાય એ જ્ઞેય છે એ નહિ. એટલો જ્ઞેય છે એ પણ નહિ. સમજાય છે કાંઈ ? ઓ..હો..! અહીં તો પરનું કરવું અને પરથી થાય એ તો ક્યાંય વાત ચાલી ગઈ. 'અમરચંદભાઈ'! આ બધા હોશિયાર માણસો બધું કરતા હશે કે નહિ ? આ શેઠે તો બહુ કર્યું છે તમાકુનું ને બધું. પેલામાં જઈને,... શું કહેવાય ? સાયકલમાં. 'અમરચંદભાઈ'!

કહે છે, ભગવાન ! સાંભળ તો ખરો એકવાર. સર્વજ્ઞે જોયેલું, કહેલું અને એમ છે. પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રિકાળી જ્ઞાન છે, એ જ્ઞાનમાં ભગવાને એમ જોયું અને છે કે તારા સિવાયના જેટલા પરપદાર્થો અનંત છે... અરે..! સર્વજ્ઞો કેવળી અનંત, એ બધા અને નિગોદના જીવ અનંત, અનંત પરમાણું, અનંતા શરીરના રજકણોના બધા સ્કંધો કે કર્મના સ્કંધ-પીંડ આદિ કે આ વાણી અને મન, એ બધા જાણવાયોગ્ય જ્ઞેયો, એ જાણવાયોગ્ય જ્ઞેય એ જ જ્ઞેય છે તારે માટે એમ નથી. 'પ્રસન્નભાઈ'! કહો ! સમજાણું કાંઈ ?

તેમ આ ભગવાન આત્માના જ્ઞાનનો એક સમયનો પર્યાય, પર્યાય એટલે ભાવ, એમાં એ છ દ્રવ્યો જણાય. કેટલી તાકાત ! અનંતા કેવળીઓને એક સમયની પર્યાયમાં જાણવાની જીવમાં તાકાત છે. અનંતા નિગોદને, ત્રણ કાળ, ત્રણ લોક ને ક્ષેત્રના અમાપપણું છે... છે... છે... છે... એવું જે ક્ષેત્ર આકાશ એને પણ જ્ઞાનની એક સમયની પર્યાયમાં જાણવાની તાકાત છે. સમજાય છે કાંઈ ? પણ છતાં મારા જ્ઞાનની અવસ્થામાં જે આ જ્ઞેયો જણાય એ તો હું નહિ એ જ્ઞેય તો હું નહિ પણ એ જ્ઞેયો મારી જ્ઞાનપર્યાયમાં એક સમયમાં મારાથી જણાય, એક સમયનું જ્ઞેય એટલો પણ હું નહિ. સમજાય છે કાંઈ ?

છ દ્રવ્યો છે એટલો એમાં એ તો હું નહિ. તેમ એ છ દ્રવ્યો જ્ઞેય છે તે મારા જ્ઞાનના નથી અને મારા જ્ઞાનનો પર્યાય એ જ્ઞેયનો નથી. મારો જ્ઞાનનો પર્યાય અત્યારે વર્તમાન હોં ! એક સમયનો જ્ઞાનનો અંશ જે વર્તમાન પ્રગટ અંશ છે એ અંશ જ્ઞેયનો નથી. અનંત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કેવળીઓનો, સિદ્ધોનો એનો નથી, નિગોદનો એનો નથી. તેમ તે જ્ઞેયો મારી પર્યાયના નથી. સમજાણું કાંઈ ? તત્ત્વ બહુ સૂક્ષ્મ છે. સર્વજ્ઞે કહેલો સ્વભાવ આ જ વસ્તુસ્થિતિ છે. પણ એણે કોઈ દિ' એવો અંતરમાં જાગૃત થઈને પ્રયત્ન કર્યો નથી.

કહે છે, ભગવાન ! તું કેવડો ? આહા..હા...! મારા સિવાય અનંત જીવો, અનંત પદાર્થો કેવળીઓ અનંત ! ઓહો..હો...! અનંત સિદ્ધો. અરે..! એક-એક આત્મામાં સર્વજ્ઞ શક્તિ આદિથી ભરેલો એક આત્મા અનંત ગુણવાળો એવા અનંતા, સિદ્ધ કરતા અનંતા આત્માઓ, એથી અનંતગુણા પુદ્‌ગલો, એથી અનંતગુણા ત્રિકાળ સમયો, એથી અનંતગુણા આકાશના પ્રદેશો. સમજાય છે કાંઈ ? એનાથી એક-એક દ્રવ્યના અનંતગુણા ગુણો. એ બધા ગુણોને મારી જ્ઞાનની એક સમયની પર્યાય જાણવાની તાકાતવાળી છે. એટલું છે એને, કહે છે, જુઓને ! ભાષા સમજાય છે કે નહિ ? બરાબર છે. કહો ! સમજાણું કાંઈ ?

વસ્તુ જ્ઞાનનો દરિયો છે અને જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે ને ? આત્મા એટલે જ્ઞાનના સ્વભાવસ્વરૂપ. જ્ઞ સ્વરૂપ. હવે એ આખી ચીજ અત્યારે એક કોર રાખો. અત્યારે વર્તમાન પ્રગટ અંશ છે, જે જ્ઞાનનો પ્રગટ અંશ, ક્ષયોપશમ છે ને વર્તમાન પ્રગટ અંશ વિકાસ, એમાં જણાય છે કે આ છે... આ છે... આ છે... આ છે... એમ જણાય છે ને ? એ જાણનારો જે પર્યાયનો અંશ છે, કહે છે કે એ અંશ છ દ્રવ્યો જ્ઞેયોનો નહિ. તેમ એ છ દ્રવ્યો છે માટે મારો જ્ઞાનનો પર્યાય છે એમ નહિ. તેમ એ જ્ઞાનના પર્યાયમાં અનંતા અનંતા આત્માઓ અને અનંતા પુદ્‌ગલો જણાય માટે જ્ઞાનનો પર્યાય આવડો ન હોય એમ નહિ. એવડો મોટો જ છે. છતાં એ જ્ઞાનનો જે વર્તમાન પર્યાય છે, એમાં જે જ્ઞેય જણાય એ જ્ઞેય તો હું નહિ, પણ એ અનંતા જ્ઞેય મારી જ્ઞાનની પર્યાયમાં જણાય એટલો પણ હું જ્ઞેય નહિ. એ જ્ઞેય તો નહિ, છ દ્રવ્ય તો જ્ઞેય નહિ પણ છ દ્રવ્યો મારી પર્યાયમાં અનંતા કેવળી, અનંતા પરમાણુ, અનંતા આત્માઓ સર્વજ્ઞ શક્તિવાળા, અનંત શક્તિવાળા પર્યાયમાં જણાય તેથી તે પર્યાય મોટી છે અને જબરી છે માટે જ્ઞેય ત્યાં પૂરું થઈ ગયું, માટે જણાવાયોગ્ય જ્ઞેય ત્યાં પૂરું થઈ ગયું ? – કે ના. એટલો પણ હું જ્ઞેય નહિ. 'સ્વરૂપચંદભાઈ'!

કારણ કે એવો જે જ્ઞાનનો જે અંશ છે એવા અનંતા અંશનો પીંડ તો એક જ્ઞાનગુણ છે. સમજાણું કાંઈ ? એક અંશ જે પ્રગટ છે એટલા એવા સાદિ અનંતા આદિ અનંતા અનંત અંશો એનો પીંડ તો એક આત્માનો જ્ઞાનગુણ છે. માટે જ્ઞાનનો અંશ જે છે એટલો હું જ્ઞેય છું નહિ. સમજાણું કાંઈ ? આ તો અલૌકિક વાત છે, ભાઈ ! એણે આત્મા શું ચીજ છે ? એની મહત્તા અને એનું માહાત્મ્ય અંદરથી કોઇ દિ' કર્યું નહિ. આ કરું અને આ કરું... આ કરું... કરે શું ? સાંભળને, અહીં તો કહે છે.

જગતની બધી ચીજો... અરે..! દયા, દાન, વ્રત આદિના વિકલ્પો જ્ઞેય છે માટે અહીં જ્ઞાનનો પર્યાય છે એમ નહિ. જ્ઞાનની પર્યાય છે માટે રાગ-દ્વેષ છે એમ નહિ. હવે એ બધાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણે છે જ્ઞાનનો પર્યાય, માટે બધા છે માટે એની તાકાતથી અહીં જાણે છે એમ નહિ. પોતાની પર્યાયથી જાણે છે. પણ એ પોતાની પર્યાયનો અંશ જે છે એટલું જ મારું જ્ઞેય છે એમ નહિ. મને જણાવાલાયક એટલો જ અંશ જ્ઞેય છે એમ નહિ. કેમ કે એ સમયનો અંશ છે એવા અનંતા અંશનો પીંડ તો એક ગુણ છે અને એવા એવા અનંત ગુણનો પીંડ તે દ્રવ્ય છે. એ દ્રવ્ય તે મારું જ્ઞેય છે. એ પકડવાનું છે. 'સ્વરૂપચંદભાઈ'! આ તો માર્ગ આ છે, વસ્તુસ્થિતિ આ છે. આ કાંઈ કોઈની કરેલી છે કે અમારી તારી એમ છે નહિ. વીતરાગ ભગવાને જેવું જોયું એવું કહ્યું અને કહ્યું એવું છે. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...!

કહે છે, **'સઃ જ્ઞેયઃ' 'તે હું જ્ઞેયરૂપ છું,...'** શું કીધું ? પર અનંતા જ્ઞેયો તે રૂપ હું નહિ. અનંતા જ્ઞેયોને જાણવાનો એક સમયનો પર્યાય તેટલો હું નહિ. જ્યારે **'ચેતનાસર્વસ્વ એવી વસ્તુસ્વરૂપ છું.'** આખું ચેતનાનું આખું રૂપ જે છે ત્રિકાળ, તે હું છું, તે હું જ્ઞેય છું. 'હિંમતભાઈ' ! કોઈ દિ' સાંભળ્યું નહિ હોય ત્યાં. ક્યાં હતું ત્યાં ! આહા..હા...! **'તે હું જ્ઞેયરૂપ છું.'** આહા..હા...! જણાવા લાયક એવડો હું ચેતના સર્વસ્વવસ્તુ, ચતેના સર્વસ્વવસ્તુ. એમાં બધા ગુણો આખું સ્વરૂપ આવી ગયું. ચેતના સર્વસ્વવસ્તુ. વસ્તુ.. વસ્તુ... તે હું જ્ઞેય છું, તે હું જ્ઞેય છું, એવડો હું જ્ઞેય છું. 'રતિભાઈ'! બફમ જેવું છે. ત્યાં દુકાનમાં વેપાર કરે તો કેવું ધમાધમ ચલાવે, હોં ! જુઠાણ. એ..ઇ..! 'મનસુખભાઈ'! ન્યાં હોશિયાર લાગે ને ! હુશિયારી દેખાય. અહીં બફમ થઈ જાય. આહા..હા...! ન્યાં પણ હુશિયારી કામ કરતી નથી. મફતનું અભિમાન કરે છે. ધૂળમાં પણ કામ કરતી નથી. એને અભિમાનમાં કામ આવે.

અહીં તો કહે છે કે મારા જ્ઞાનનો... આત્મા વસ્તુ છે, એનો એક જ્ઞાનગુણ છે-વસ્તુ. જેમ સાકર છે એનો ગળપણ ગુણ છે. એની ગળપણની અવસ્થા વર્તમાન. એમ હું આત્મા છું, એનો જ્ઞાન ગુણ છે. એની વર્તમાન અવસ્થા એક અંશ. એ અંશ છે એટલો જ્ઞેય છું એમ નહિ. આખી સાકર રહી જાય છે કહે છે. આત્મા ચેતના સર્વસ્વ. પૂર્ણ ચેતના સર્વસ્વ. પેલામાં આવ્યું નથી ? પંચાસ્તિ નહિ ? ઉતરેલું છે એવું આવે છે, ભાઈ ! 'પ્રવચનસાર' ચેતના ઉતરેલી એવો પાઠ આવે છે. આત્મામાં ચેતના ઉતરેલી છે, આખો ઉપયોગ ઉતરેલો છે. ઉતર્યો એટલે એ ચૈતન્યસ્વરૂપ જ છે. આહા..હા...! શાસ્ત્રની ભાષા પણ ભિન્ન ભિન્ન કરીને ભારે... કેવળજ્ઞાન ઉતાર્યું છે.

આમ આત્મા, એમાં ચેતના ઉતરેલી છે. ઉતરેલી એટલે કોતરાયેલી છે એટલે ચેતનાસ્વરૂપ જ આત્મા છે. એ ચેતનાસ્વરૂપ જે આત્મા છે તે હું જ્ઞેય. મારે જણાવાલાયક હોય તો એ ચીજ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીંયા તો દુનિયાના થોડા એલ.એલ.બી. ને એમ.એ. ના પૂછડા વળગાડે થોડાઘણા, ત્યાં થઈ જાય. શું કહેવાય ? એ માસ્તર-બાસ્તર કહેવાય છે ને ? ગ્રેજ્યુએટ નહિ... ભણેલો મોટો. ડોક્ટર ! મોટો કહેવાય છે ને ? તારો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ જ્ઞાનનો પર્યાય–અજ્ઞાન તો ક્યાંય ગયો. એ અજ્ઞાનનો પર્યાય, હોં ! પણ એ પર્યાયમાં આટલું બધું છ દ્રવ્ય જણાય. એ પર્યાય ક્યાંય અંશ છે. એ અંશ છે એ જ્ઞેય નહિ. એ મારા જણાવાયોગ્યનું પૂરું જ્ઞેય નહિ. એ તો અપૂર્ણ જ્ઞેય છે. આહા..હા...! આ વિદ્યા તો ક્યાં પણ છ દ્રવ્ય ને અનંતા કેવળીઓ જે જ્ઞાનની પર્યાયમાં જણાય એ પર્યાય પણ મારું પૂરું જ્ઞેય નહિ, એ તો પર્યાયનો અંશ જ્ઞેય છે. મારું પૂરું જ્ઞેય–ચેતનસર્વસ્વ. પૂર્ણ જ્ઞાયક માત્ર ચેતનસ્વભાવ તે મારું જ્ઞેય છે. મારે જાણવાયોગ્ય હોય તો એ ચીજ છે. અંશેથી જાણવાયોગ્ય ચીજ છે નહિ. કહો, સમજાય છે કાંઈ ?

ત્યારે કહે છે, **'તે હું જ્ઞેયરૂપ છું.'** 'स ज्ञेयः' છે ને ? 'न एव' **'પરંતુ એવા જ્ઞેયરૂપ નથી; કેવા જ્ઞેયરૂપ નથી ?'** 'ज्ञेयज्ञानमात्रः' **'પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** તે જ્ઞેય નથી. પહેલું જ્ઞેય છ દ્રવ્યને કાઢી નાખ્યા. ભાવાર્થમાં પહેલા સમુચ્ચયમાં (કાઢી નાખ્યા). છે ને ? **'ભિન્નરૂપ છ દ્રવ્યો જ્ઞેય છે...'** એમ નહિ. છ દ્રવ્યો જ્ઞેય છે એમ તો નહિ, પહેલું કાઢી નાખ્યું. હવે છ દ્રવ્ય જે અનંતા છે એને જાણનારો જ્ઞાનનો પર્યાય, એ જ્ઞેય નહિ. એટલા જાણવામાત્રનો અંશ તે જ્ઞેય એટલું નહિ. આહા..હા...! આ જુદી જાતની વાત છે, હોં ! 'નંદલાલભાઈ'! કોઈ દિ' ન્યાં ગજનો આંટો સૂઝે એવું નથી, ત્યાં વાંચે તો. છે પુસ્તક તો હશે ઘરે ! લીધું છે કે નહિ ? શું કહેવાય આ ? કળશટીકા ! લીધી છે કે નહિ ? એ નથી જોવા મળતી. ન લીધું હોય, ખબર પણ ન હોય. આ ઊંચા પુસ્તકો બહુ અત્યારે ઘણું પ્રચલિત થઈ ગયું છે. 'કળશટીકા' ! સમજાણું કાંઈ ?

કહે છે, **'ज्ञेयज्ञानमात्रः' 'પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.'** ભાવ તેટલો પણ હું જ્ઞેય નહિ. ઓ..હો..હો..હો...! કહો, 'ભીખાભાઈ' ! આ શું કહે છે ? આહા..હા...! હું તો કેવળજ્ઞાનનો ભિખારી છું કહે છે. કેવળજ્ઞાનને માગવાવાળો છું. અને કેવળજ્ઞાનની માગણી પણ પૂર્ણ દ્રવ્યને આશ્રયે મળે એવી છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? કેવળજ્ઞાનની ઉત્પત્તિ છે ને ઉત્પત્તિ. એ અપેક્ષાએ એની ભાવના. પણ એ ઉત્પત્તિ થાય ક્યાંથી ? એ જ્ઞેયમાત્ર ચૈતન્યસ્વરૂપ પૂર્ણ છું એને અવલંબીને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ ? પોતાના પૂર્ણ રૂપને જ્ઞેય બનાવતા એક સમયનું કેવળજ્ઞાન ત્રણ કાળને જાણે તેવું જ્ઞેય એક સમયની પર્યાય એમાંથી પ્રગટ થાય છે. આહા..હા...!

એ જ્ઞેય વસ્તુ સ્વરૂપ અખંડ તે કેવળજ્ઞાનના અંશમાત્ર પણ તે જ્ઞેય નથી. શું કીધું ? શ્રુતના જ્ઞાનના પર્યયાના અંશમાત્ર પણ એ જ્ઞેય નથી, એવડો જ્ઞેય નથી પણ કેવળજ્ઞાનનો પર્યાય જે છે એવડું પણ મારું જ્ઞેય નથી. લે ! 'અમરચંદભાઈ' ! 'પોપટભાઈ' ! આહા..હા...! એ કેવળજ્ઞાન પણ એક સમયનો ત્રણ કાળ, ત્રણ લોકને પ્રત્યક્ષ જાણે, અહીં શ્રુતજ્ઞાન પરોક્ષ જાણે પણ એટલો પણ હું જ્ઞેય નહિ. એકલું ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકમાત્ર જેમાં એવા અંશો અનંતા પડ્યા છે. કેવળજ્ઞાનના અનંતા... અનંતા... અનંતા... અનંતા... અનંતગુણા...

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંતગુણા... અનંતગુણા અંશ પડ્યા છે એવું આખું જ્ઞાનમાત્ર અને જ્ઞાનમાત્ર શબ્દે આખું દ્રવ્ય, આખું દ્રવ્ય. સમજાણું કાંઈ ? આહા..હા...!

એવા '**પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.**' પણ હું જ્ઞેય નહિ. એવો પણ હું જણાવાયોગ્ય એટલો જ્ઞેય નહિ. ભાઈ ! હળવે હળવે તો આવે છે. એક ભાઈ કહેતા હતા, ભાઈ ! ક્યાં ગયા આપણા ? ભાઈ ! હું વિચારું છું પણ અંદર બેસતું નથી. 'પાલનપુર'વાળા. 'મણિભાઈ' ! 'મણિભાઈ' ! છે કે નહિ ? ગયા ? એ કહે, ભાઈ ! હું મહેનત તો કરું છું પણ પકડાતું નથી. આ ફરીવાર ચાલ્યું, ભાઈ ! ફરીવાર બે-બેવાર આવે તો કાંઈ પકડાય કે નહિ ? પણ વાત એ કે જીવે દરકાર જ કરી નથી. બહાર આ કરવું અને આ મૂકવું, અને આ દયા, વ્રત, ભક્તિ અને પૂજા અને ધૂડ-ધાણી. પણ વાસ્તવિક જ્ઞાનાનંદમૂર્તિ શું ? એ તો જાણનાર છે. કરવું, ફરવું એમાં હતું કે દિ' ? સમજાણું કાંઈ ? કહો, 'કાન્તિભાઈ' ! આવો સર્વજ્ઞસ્વભાવ આત્મા, એમ કહે છે.

સર્વજ્ઞસ્વભાવ એટલે ? એક સમયની પર્યાય સર્વજ્ઞ એમ નહિ. એવા બધા અંશો ત્રિકાળ અને એવા બધા ગુણોનો પીંડ એવો હું આખો આત્મા તે મારું જ્ઞેય છે. તે હું જ્ઞેય છું. એવડો હું જ્ઞેય છું. આહા..હા...! શેઠ ! આમાં કાંઈ ભાષા બહુ આકરી નથી, હોં ! ન સમજાય એમ મગજમાં ન કરવું. ન સમજાય એમ કરવા જાય તો એ એને સમજવા નહિ દે. આ ન્યાયથી તો કહેવાય છે પણ હવે એને પકડવું તો એને છે કે કોઈ પકડાવી દે એવું છે ? આહો..હો...!

કહે છે, હું '**તે હું જ્ઞેયરૂપ છું,...**' કેટલો ? ચેતનાસર્વસ્વ જેટલો આખો. '**પરંતુ એવા જ્ઞેયરૂપ નથી;...**' કે '**પોતાના જીવથી ભિન્ન છ દ્રવ્યોના સમૂહના જાણપણામાત્ર.**' એવા જ્ઞેયરૂપ હું છું નહિ. આહા..હા...! તને જણાવાયોગ્ય પ્રમેય તો આખું દ્રવ્ય છે કહે છે. એમ કહે છે, જુઓ ! સમજાણું કાંઈ ? અને દ્રવ્યને જાણ ત્યારે તને સમ્યગ્દર્શન થાય. આહા..હા...! આ એવડું જ્ઞેય છે તેવડું પ્રતીતમાં આવે ત્યારે સાચી પ્રતીત થઈ કહેવાય. સમજાણું કાંઈ ?

'**ભાવાર્થ આમ છે કે – હું જ્ઞાયક અને સમસ્ત છ દ્રવ્યો મારા જ્ઞેય–એમ તો નથી. તો કેમ છે ? આમ છે કે**' '**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रः ज्ञेयः**' '**જ્ઞાન અર્થાત્ જાણપણારૂપ શક્તિ.**' ત્રિકાળ. જ્ઞાન, જાણપણારૂપ શક્તિ ત્રિકાળ. '**જ્ઞેય અર્થાત્ જણાવાયોગ્ય શક્તિ,...**' એ ત્રિકાળ. જણાવાયોગ્ય શક્તિ ત્રિકાળ. જણાવાયોગ્ય દ્રવ્ય ત્રિકાળ. અહીં બે શક્તિ લીધી. જ્ઞાન અને જ્ઞેય. એમ લીધું છે. એક-એક શક્તિ. જ્ઞાતૃ, જ્ઞાતા અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર એમ લીધું. જ્ઞાન જાણવાયોગ્ય એક શક્તિ પૂર્ણ. સમજાય છે ? જ્ઞેય જણાવાયોગ્ય શક્તિ પૂર્ણ. એક-એક શક્તિ લીધી. પણ જ્ઞાતા બધો આખો પીંડ તે જ્ઞાતા.

કહે છે, '**જ્ઞાતા અનેક શક્તિએ બિરાજમાન વસ્તુમાત્ર – એવા ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે.**' એ ત્રણ ભેદ કહેવામાત્ર છે, બાકી મારું સ્વરૂપ એકરૂપ એવા જ્ઞેયરૂપ છે. જ્ઞાન તે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હું, જ્ઞેય તે હું અને જ્ઞાતા તે હું ! હું બધો એકને એક છું એમ કહે છે. આહા..હા...! 'અમરચંદભાઈ'! આહા..હા...! ***આ પરને જાણવાનું જ્ઞેય તો નહિ, પર જણાય એવા જ્ઞાનનો એટલો તો જ્ઞેય નહિ, પણ હું .. જ્ઞેય અને એ અખંડ જ્ઞાતા અને અખંડ જ્ઞાન એવા ત્રણ ભેદ પણ મારામાં નથી. હું તો એનો એ છું. જણાવાયોગ્ય હું, જાણનારો તે હું, જ્ઞાતા પણ હું. આહા..હા...!*** કહો, 'પોપટભાઈ'! ત્રણ ભેદ મારું સ્વરૂપમાત્ર છે. એ ત્રણ ભેદ થઈને આખું સ્વરૂપ છે, એમ કહે છે.

**'ભાવાર્થ આમ છે કે – હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન,...'** કેમ ? – કે જણાવાયોગ્ય અને જાણનારો હું એમ જાણું માટે જ્ઞાન. જણાવાયોગ્ય પણ હું અને જાણનારો પણ હું માટે જ્ઞાન. સમજાણું કાંઈ ? કહે છે, જૂના સાંભળનારને પણ એમ લાગે કે આ શું નવું છે ? નવું નથી પણ એની ચીજ છે ઇ. પણ એ ચીજને કેવડી અને કેમ છે એવી સાંભળી નથી એટલે એમ લાગે છે કે આ શું છે કહે છે આ ? પણ આ અમારે ધર્મ કરવો એમાં આવી વાત મૂકીને શું કામ છે તમારે ? તારે ધર્મ કરવો હોય તો ધર્મી એવો ધર્મ કરનાર કેવડો છે એ દૃષ્ટિમાં ન લે તો ધર્મ થશે નહિ ! એમ કહે છે. ધર્મ કરનારો ધર્મી કેવડો કેવો છે ? એ જ્ઞેય કેવડું છે ? જ્ઞાન કેવડું છે ? અને જ્ઞાતા કેવડો છે ? એના ભાન વિના ધર્મ ત્રણ કાળમાં થતો નથી. એ..ઇ..! 'ન્યાલભાઈ'! આમાં ક્યાં 'વડાળા'માં અપાસરામાં (મળે એવું નથી).

આહા..હા...! શું કહે છે પણ ? અરે...! આખો દરિયો પ્રભુ તારી પાસે છે. એ જ્ઞાનમાત્ર પણ તું. એકલો અખંડ, હોં ! જ્ઞાનમાત્ર પણ તું અને જ્ઞાતા પણ તું. ત્રણ વચનના ભેદ છે, વસ્તુમાં ભેદ નથી. એટલે કીધું ને ''કર્તા પરિણામી'' દ્રવ્ય કર્મરૂપ પરિણામ, પર્યાય ક્રિયા, પર્યાયની ફેરણી, વસ્તુ એક ત્રય નામ. કર્તા આત્મા, એનું પરિણામ તે કાર્ય, પર્યાય બદલે તે તેની ક્રિયા પણ વસ્તુ તો એકની એક છે. એમ અહીંયાં જણાવાયોગ્ય તે હું, જાણનારો તે હું, જ્ઞાતા તે હું. સમજાણું કાંઈ ? આહા..હા...!

દૃષ્ટિ પર્યાય ઉપરથી છોડાવી અને દ્રવ્ય ઉપર મૂકવા માગે છે. પર્યાય જેટલો આત્મા નથી, પર્યાય જેટલું જ્ઞેય નથી, પર્યાય જેટલું જ્ઞાન નથી અને પર્યાય જેટલો જ્ઞાતા નથી. ભાઈ ! શું કીધું ? પર જેટલો તો નથી પણ એની એક સમયની પર્યાય જેટલું જ્ઞેય નથી, પર્યાય જેટલું જ્ઞાન નથી અને પર્યાય જેટલો જ્ઞાતા નથી. સમજાણું કાંઈ ? પર્યાય જેટલું જ્ઞેય નહિ, પર્યાય જેટલું જ્ઞાન નહિ, પર્યાય જેટલો જ્ઞાતા નહિ. એ.. 'દેવાનુપ્રિયા' ! અમારે વકીલ છે ને એ હોશિયાર છે. કહો, સમજાણું આમાં ? આહા..હા...! લોજીક ન્યાયથી તો વાત ચાલે છે આમાં. 'હિંમતભાઈ'! કોઈ દિ' આંગણે આવ્યો નથી ને ! આંગણે ... દીધું નથી. બહારને બહાર ભમ્યા કર્યો છે, આમને આમ, આમને આમ આવો ભગવાન આત્મા પ્રભુ ! તારી પાસે, પ્રભુ નથી વેગળા. તારાથી જુદા આઘા નથી. આહા..હા...! જણાવાયોગ્ય તો પણ હું,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણનારો તો પણ હું. એમ કીધું ને ? જુઓને !

**'હું પોતાના સ્વરૂપને વેદ્યવેદકરૂપે જાણું છું તેથી મારું નામ જ્ઞાન,...'** મારું નામ જ્ઞાન. નામ ભેદે એમ. **'હું પોતા વડે જણાવાયોગ્ય છું...'** હું મારા વડે જણાવાયોગ્ય છું. **'તેથી મારું નામ જ્ઞેય,...'** એવા ત્રણ નામ પડ્યા, કહે છે એમ કહે છે. વસ્તુમાં ભેદ નથી. **'એવી બે શક્તિઓથી માંડીને અનંત શક્તિરૂપ છું...'** અનંત શક્તિરૂપ છું... અનંત શક્તિરૂપ છું... અનંત શક્તિ સ્વરૂપ છું... **'તેથી મારું નામ જ્ઞાતા; – એવા નામભેદ છે, વસ્તુભેદ નથી.'** આહા..હા...! તું ત્યાં જે છો એ તું છો. ***જ્ઞેય પણ આખું તારું, જ્ઞાન પણ આખું તારું, જ્ઞાતા પણ આખું તારું. ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે. પર્યાયદૃષ્ટિ છોડી, નિમિત્તદૃષ્ટિ છોડી, ભેદદૃષ્ટિ છોડી, જ્ઞેયના પણ નિમિત્તદૃષ્ટિ છોડી, પર્યાયદૃષ્ટિ છોડીને જ્ઞેય પૂર્ણ છે ત્યાં દૃષ્ટિ કરવા જેવી છે. જ્ઞાનમાં પણ પરથી જ્ઞાન થશે એમ છોડી, એક અંશમાત્ર જ્ઞાન તે આખું છે એમ છોડી, પૂર્ણ ત્રિકાળ જ્ઞાન છું એમ દૃષ્ટિ કરવા જેવી છે. જ્ઞાતા પણ પરને લઈને છે એમ છોડી, અંશમાત્ર છે એમ છોડી, ત્રિકાળ જ્ઞાતા છે એમ દૃષ્ટિ કરવા લાયક છે.*** કહો 'પ્રસન્નભાઈ'! ભાઈ ! આ તો 'પ્રસન્નભાઈ'! ફરીને વંચાવ્યું. કહો, સમજાણું આમાં ? આહા..હા...! આમાં દયા, દાન, વ્રતના વિકલ્પોનો કર્તા એ તો ક્યાંય રહી ગયો, એ છે જ નહિ. પણ એ દયા, દાનના વિકલ્પનો જ્ઞાતા, જ્ઞાનની પર્યાયમાં એ જણાય એટલું જ્ઞાન છે એ રાગ છે માટે જ્ઞાનનો પર્યાય છે એમ પણ નહિ અને એ જાણે છે જ્ઞાનનો પર્યાય એને પોતાને અને પરને એક સમયની પર્યાય (જાણે છે) એટલો પણ જ્ઞેય નહિ, એટલો પણ જ્ઞેય નહિ, એટલું જ્ઞાન પણ નહિ, એટલો જ્ઞાતા પણ નહિ. આહા..હા...! ત્રણેની પર્યાયદૃષ્ટિ ઊઠાવી અંતરદૃષ્ટિ કરવાનો આ વિષય છે. આહા..હા...! ઘણી ગજબ વાત કરી છે ! આવી વાત ક્યાંય બીજે હોઈ શકે નહિ.

દિગંબર સંતો, મુનિઓએ વાત કરી તત્ત્વને પ્રસિદ્ધ કરીને જગત પાસે પ્રસિદ્ધ મૂકે છે. આહા..હા...! વાડાવાળાને સંપ્રદાયમાં પડ્યા એને પણ ખબર ન મળે. 'કાંતિભાઈ'! આ તો સંતોએ આપેલી પ્રસાદી છે. આહા..હા...! મહામુનિઓ, દિગંબર સંતો, વનવાસી, વનના વાઘ સ્વરૂપમાં લઈને રાગને થાપ મારીને તોડી નાખનારા. વીતરાગ વિજ્ઞાનને પ્રગટ કરીને કેવી શૈલીમાં, કઈ રીતે પદ્ધતિએ આત્માને જ્ઞેય, જ્ઞાન અને જ્ઞાતા તરીકે લાવીને મૂક્યો છે !! આહા..હા...! સમજાણું કાંઈ ? કહે છે, તારે કરવાનું હોય તો આ કરવાનું છે. કહો, શેઠ !

**'કેવો છું ?' 'ज्ञानज्ञेयकल्लोलवल्गन्' 'જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે,...'** એકનો એક બે ભાગ. એમ પણ નહિ, કહે છે. એ તો વચનમાત્ર, કહેવામાત્ર છે. ભાષા તો જુઓ ! કહે છે, પરજ્ઞેય છે એ તો ગયું. આ પરજ્ઞેય અને એક સમયની પર્યાયનું જ્ઞેય એ તો ગયું. હવે જીવ જ્ઞેય અને જીવ જ્ઞાયક. જીવ જ્ઞેય અને જીવ જ્ઞાયક. કરો ભેદ, પાડો વિકલ્પ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અંદર ભેદ છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! દુનિયા પાસે સત્યને પ્રસિદ્ધ કરવાની, મૂકવાની કળા એ સંતોની આ વાત. એ સંતો નગ્ન મુનિ, નાગા બાદશાહથી આઘા. એણે આ વાત જગત પાસે પ્રસિદ્ધ કરીને મૂકી છે. સમજાણું કાંઈ ? ગજબની શૈલી !!

**'જીવ જ્ઞાયક છે, જીવ જ્ઞેયરૂપ છે,...'** 'સેઠી' ! એ ભેદ પણ નહિ, કહે છે. લે ! ઠીક. પરજ્ઞેય છે એ નહિ. એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણે એટલો પણ જ્ઞેય નહિ, જીવ આખો જ્ઞેય અને આખો જ્ઞાયક, ભેદ નહિ. આહા..હા...! એવી જ્ઞાયકશક્તિનું તત્ત્વ આખું ભગવાન જ્ઞેયરૂપે, જ્ઞાનરૂપે અને જ્ઞાયક. બસ ! એ દૃષ્ટિ કરવાયોગ્ય અભેદવસ્તુ છે. એ અભેદમાં ભેદ નહિ. આ જીવ છે એ જ્ઞેય અને એ જીવ વળી જ્ઞાયક એવો પણ જ્યાં દૃષ્ટિના વિષયમાં વસ્તુનો ભેદ પડતો નથી. કહો, સમજાણું કાંઈ ?

**'એવો જે વચનભેદ તેનાથી ભેદને પામું છું.'** શું કહે છે ? આ જીવ જ્ઞેય છે અને જીવ જ્ઞાયક છે એવા વ્યવહારના વચનોથી ભેદ ભલે હો, વસ્તુમાં ભેદ છે નહિ. ઓહો..હો...! ભગવાન કેવળજ્ઞાની મારા જ્ઞેય જણાવાયોગ્ય પરમેશ્વર... આવે છે ને ? **'जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं'** જે 'પ્રવચનસાર'માં એમ આવે કે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, જ્ઞેય તરીકે આ છે એમ જાણે તો એને આત્મા જણાય, એને મોહનો નાશ થાય. અહીં તો કહે છે કે અરિહંતનું જ્ઞેય જેટલું જ્ઞેય હું નહિ અને એને જાણવાનો મારો પર્યાય એટલો પણ હું નહિ. લાવે છે અંદરમાં. ન્યાં પણ એમ કીધું, અંદરમાં વળી જા. ન્યાં એમ કીધું છે. સમજાણું કાંઈ ?

આવડા અરિહંત સર્વજ્ઞ છે, એ તો એકમાં બધા આવી ગયા, એવું પર્યાય નક્કી કરે એ પર્યાય પછી અંતરમાં વળે કે આ દ્રવ્ય પણ જ્ઞેય પૂર્ણ છે, જ્ઞાન પણ પૂર્ણ સ્વભાવપણું છે એમ ગુણ-ગુણીનો ભેદ અને પર્યાય-પર્યાયવાનનો ભેદ કાઢી નાખી અને અભેદ ઉપર દૃષ્ટિ કરે એટલે એને મોહનો ક્ષય થઈને ક્ષાયિક સમકિત થાય. કેવળજ્ઞાનને લેવાનું પાકું બીજડું પાકે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ આમ છે કે–વચનનો ભેદ છે, વસ્તુનો ભેદ નથી.'** 'રાજમલ્લજી'એ પણ ટીકા કરી છે ને ! 'પાંડે રાજમલ્લ જૈન ધર્મી, સમયસાર નાટક કે મર્મી.' લ્યો ! એ એક શ્લોક થયો. ફરીને લીધો હતો. વળી આ લોકોનો સાંભળવા મળ્યું, લ્યો ને 'બોટાદ'વાળાને. આ શું છે આ ? નવું નવું લાગે જ્યારે આવે ત્યારે, નવું કંઈક આ તે બધું નવું શું છે ? 'નંદલાલભાઈ'! નવું નથી બાપુ ! તારી જાતની વાત છે. ભગવાને કહેલી છે. પણ એને સાંભળવા મળી નહિ એટલે એને એમ લાગે કે આ શું ? આ વળી કઈ જાતનું છે ? આહા..હા...!

***મારા સિવાયના અનંતા જ્ઞેયો તે મારા કાર્ય છે, મારે લઈને છે એ તો નહિ, પણ એને લઈને હું છું એ પણ નહિ, પણ મારું જ્ઞાન એને જાણે માટે એટલો પર્યાય જેટલો હું છું એ પણ નહિ અને એ પર્યાય જાણે એ જ્ઞેય છે માટે જાણે છે એમ પણ નહિ અને***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***એ પર્યાય પોતાથી સ્વતંત્ર અંશે જાણે છે એટલો પણ જ્ઞેય નહિ. હું તો ત્રિકાળ જ્ઞાયકમાત્ર જીવ છું તે જ્ઞેય છું. આહા..હા...! સમજાણું કાંઈ ?*** આમાં પુનરુક્તિ લાગે નહિ, હોં ! એ ૨૭૧ શ્લોક થયો. લ્યો, દસ મિનિટ રહી. ૨૭૨.

અહીં સુધી જ્ઞેય અને જ્ઞાન અભેદ કરીને બતાવ્યું. હવે, સ્યાદ્વાદની શૈલીને વિશેષ પ્રસિદ્ધ કરે છે.

**कचिल्लसति मेचकं कचिन्मेचकामेचकं**
**कचित्पुनरमेचकं सहजमेव तत्त्वं मम।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः**
**परस्परसुसंहतप्रककटशक्तिचक्रं स्फुरत्।।९-२७२।।**

લગ્નની પાછળ હરખજમણ હોય ને ! એમ આ પાછળના કળશો હરખજમણ જેવા છે. હરખજમણ સમજો છો ? આ લગ્ન થયા પછી હરખનું કરે છે ને ? હરખનું. પળોઠી આપે ને એવું બધું કરે ને ? હરખજમણ. વેવાઈ હરખજમણ કરે, પેલો પળોઠી આપે તો પેલો હરખજમણ કરે. સારામાં સારું ! દૂધપાક અને બદામના મૈસુબ ને બદામના પાપડ ને પિસ્તાના પાપડ... એ હરખજમણ કહેવાય અમારે કાઠિયાવાડમાં કહે છે. તમારે એ ગુજરાતમાં હશે. લગ્ન થયા પછી કરે છે ને ? 'શોભાલાલભાઈ'! તમારે કાંઈક બીજી ભાષા હશે. લગ્ન થઈ ગયા પછી બે ટંક જમાડે. પહેલા તો સાત ટંક જમાડતા. સાત ટંક. લગ્ન સમજ્યા ને ? લગ્ન આવે તો સાત ટંક (જમાડે). ઓછામાં ઓછા સાત. પછી વળાવે ત્યારે આઠમું ટંક કરીને વળાવે. બીજાને ... ત્રણ દિ' બીજા ... એમાં જો વરના બાપે વણોઠી કરી હોય, વણોઠી એટલે આખા એ બાજુનું જમણ, આ બાજુ ગામને જમણ, માંડવા ... જમણ આપે. ચોથે દિવસે હરખજમણ કરવું પડે આને–માંડવાવાળાને. મોટી શોભા (કરે). એ..ઇ...! એમ આ પાછળના કળશો હરખજમણ જેવા છે. સમજાય છે ? આહા..હા...!

**'ભાવાર્થ આમ છે કે આ શાસ્ત્રનું નામ નાટક સમયસાર છે,...'** જુઓ ! આ શાસ્ત્રનું નામ જ નાટક સમયસાર છે. **'તેથી જેમ નાટકમાં એક ભાવ અનેકરૂપે દેખાડવામાં આવે છે તેમ એક જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે.'** વસ્તુ એક, અનેક પ્રકારથી તેને સાધવામાં આવે છે, સિદ્ધ કરવામાં આવે છે. અનેક ભાવો દ્વારા વસ્તુ સિદ્ધ કરવામાં, હોં ! સાધવામાં એટલે પર્યાય દ્વારા સિદ્ધ થઈ એમ નથી. વસ્તુને સાબિત કરવાના–સિદ્ધ કરવાના અનેક પ્રકાર, એમ. **'જીવદ્રવ્ય અનેક ભાવો દ્વારા સાધવામાં આવે છે.'** પાછો એનો અર્થ એવો નથી કે જીવદ્રવ્યને અનેક પ્રકારના લક્ષે આત્માનો મોક્ષમાર્ગ થાય છે, એમ અહીં નથી. આહા..હા...! અહીં તો કહે છે કે જીવની ચીજ જે છે એમાં પર્યાય છે, દ્રવ્ય છે, ગુણ છે, વિકાર છે, અવિકારી એવી વસ્તુ છે તેને તે રીતે સાબિત કરવામાં આવે છે. એમ. અનેકાંત વસ્તુસ્વરૂપ છે એવું સ્વરૂપ ભગવાન વીતરાગ સિવાય અન્યમાં હોતું નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ રીતે વસ્તુને સિદ્ધ કરવા માગે છે.

**'એક જીવદ્રવ્ય અનેકભાવો દ્વારા સાધવામાં આવે છે.'** પાછો એનો ઊંધો અર્થ ન લઈ જાય. તમે કહેતા કે સમ્યગ્દર્શન તો દ્રવ્યને આશ્રયે જ થાય. કેવળજ્ઞાન, સમ્યગ્જ્ઞાન પણ દ્રવ્યને આશ્રયે થાય, ચારિત્ર પણ એક અભેદ દ્રવ્યને આશ્રયે થાય છે, કેવળજ્ઞાન એકને આશ્રયે થાય, શુક્લધ્યાન પણ એકને આશ્રયે થાય, ત્યારે વળી અનેક દ્વારા કઈ રીતે સિદ્ધ થયું ? એ... 'મૂળચંદભાઈ'! ત્યારે અનેક દ્વારા શું કીધું આ ?

**શ્રોતા :–** વિવરણ કરવું હો ત્યારે તો ભેદ પાડીને જ કરવું પડે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભેદ પાડીને સિદ્ધ થતું હશે ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ન બોલી શકે તમે .દાંત ભલે કાઢો, એ તો વાણિયા છે, વેપારી છે. એ જાણે શું બોલશે 'મલુપચંદભાઈ' ? એ કાંઈ એના જેવો જવાબ આવડે ? ભાંગ્યો તૂટ્યો આવડે.

અહીંયાં તો એમ કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો જે અભેદને આશ્રયે થાય એક જ વાત છે. એમાં તો કોઈ બીજો ભેદ નથી. પણ એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે દ્રવ્યપણું, ગુણપણું, પર્યાયપણું, પર્યાયમાં વિકારપણું, પર્યાયમાં અવિકારપણું, વસ્તુમાં અવિકારપણું એ કઈ રીતે છે ? એ રીતે અહીં સિદ્ધ કરવા માગે છે. સમજાણું કાંઈ ? નહિતર ગમે તે રીતે વસ્તુને બીજી રીતે સિદ્ધ કરે તો વસ્તુ સિદ્ધ થતી નથી. વસ્તુનું દ્રવ્ય-ગુણ-પર્યાયપણું જેવું છે તેવું સાબિત થતું નથી. આ રીતે સાબિત થાય છે માટે તે રીતે અનેક દ્વારા એને સાબિત કરવામાં આવે છે.

**'मम तत्त्वं' 'મારો જ્ઞાનમાત્ર જીવપદાર્થ આવો છે.'** દેખો ! **'मम तत्त्वं'** ની વ્યાખ્યા. મારું તત્ત્વ એટલે **'જ્ઞાનમાત્ર જીવપદાર્થ...'** જ્ઞાનમાત્ર ભગવાન આત્મા પ્રકાશનો ચૈતન્યસૂર્ય ચૈતન્યસૂર્ય એ આત્મા. ચૈતન્યસૂર્ય એ મારું તત્ત્વ, એ મારો પદાર્થ. આહા..હા...! **'કેવો છે ?'** **'क्वचित् मेचकं लसति' 'કર્મસંયોગ વડે રાગદિ વિભાવરૂપ પરિણતિથી જોતાં અશુદ્ધ છે એવો આસ્વાદ આવે છે.'** જુઓ ! કહે છે, સમ્યગ્જ્ઞાનની વાત છે, હોં ! સમ્યગ્દર્શન સહિતની વાત છે. આમ જોતા જરી કર્મના સંગે રાગના મલિન પરિણામ એવું વેદન દેખાય છે. એ પણ એવો પર્યાયમાં જ્યાં સુધી સિદ્ધ ન હોય ત્યાં સુધી આવી સ્થિતિ જીવદ્રવ્યની હોય છે. સમજાણું કાંઈ ? કર્મના સંયોગના લક્ષે, પોતાના સ્વભાવનો આશ્રય પૂરો ન હોય, પૂરો ન હોય, ત્યાં જરી પરના લક્ષે શુભ-અશુભભાવ, વિકારીભાવ, રાગાદિ વિભાવની પરિણતિથી જોતા અશુદ્ધ છે. તેવું અશુદ્ધપણાનું જ્ઞાન પણ થાય છે. અશુદ્ધનો આસ્વાદ છે એનો અર્થ એ કે એટલો દુઃખરૂપ આસ્વાદ છે ને ? એનું જ્ઞાન પણ થાય છે કે અશુદ્ધ છે. પર્યાયમાં એટલી અશુદ્ધતા છે. એ જ સાધક સ્વભાવની સ્થિતિ છે. કાંઈ સિદ્ધ થઈ ગયો નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'પુનઃ' 'એકાન્તથી આવો જ છે એમ નથી; આવો પણ છે–' 'क्वचित अमेचकं' 'એક વસ્તુમાત્રરૂપ જોતાં શુદ્ધ છે.'** ભગવાન આત્મા અંતર વસ્તુથી જુઓ તો શુદ્ધ છે. પર્યાયમાં જુઓ તો રાગાદિ ભાવ દેખાય છે. એ પણ છે. વસ્તુથી જુઓ તો ત્રિકાળ શુદ્ધ છે. સમજાણું કાંઈ ? પાછું પર્યાયનું જ્ઞાન ન કરવું એમ નહિ, એમ અહીં કહે છે. પર્યાય અશુદ્ધ છે એનું જ્ઞાન જ્ઞાની કરે છે એમ કહે છે. શું કહે છે આ ?

**શ્રોતા :–** ... ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વીના ખબર શી રીતે પડી ? જ્ઞાન કરવા માટે, પેલો દૃષ્ટિનો વિષય કરીને અભેદ સિદ્ધ કર્યું, હવે એમાંથી પ્રગટેલું જ્ઞાન એ જ્ઞાન બંનેને જાણે છે, એમ કહે છે. સમજાણું કાંઈ ? અભેદ વસ્તુની દૃષ્ટિથી સમ્યક્ થયું અને જ્ઞાન થયું તો દૃષ્ટિનો વિષય તો એકરૂપ અભેદ છે. હવે જ્ઞાન છે એ સ્વ-પરને વિશેષને બધાને જાણે છે. કહે છે, એ જ્ઞાન આમ પર્યાયમાં જુએ તો રાગ દેખાય છે. રાગની મલિનતા અશુદ્ધતાની જણાય છે. એ છે એ જાણવાયોગ્ય છે. અશુદ્ધતા બિલકુલ નથી એમ નહિ.

જુઓ ! પહેલાં એમ કહી ગયા હતા, જ્ઞાનીને અશુદ્ધતા નથી. જ્ઞાનીને તો શુદ્ધ પર્યાય જ છે. સમજાય છે ભાઈ ? આ વાત કેવી વાતો છે ? જુઓ ! જ્ઞાન કરાવવું છે ને ? ***આમ જ્યાં કહ્યું હતું કે આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ ! અંતરની દૃષ્ટિ થતાં તો શુદ્ધ જ પરિણમન એનું છે, અશુદ્ધ પરિણમન એનું નહિ. એ દૃષ્ટિ પ્રધાનના કથનમાં એ વાત છે. હવે જ્યારે જ્ઞાન કરાવે છે ત્યારે તો અશુદ્ધતાનો અંશ પણ એનામાં છે એમ જણાવે છે.*** આહા..હા...! ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ? એ એકાંતથી એવો નથી કે અશુદ્ધ જ છે. તેમ એકાંતથી એવો નથી કે દ્રવ્ય ત્રિકાળ શુદ્ધ છે તે અવસ્થાથી પણ શુદ્ધ જ છે. અવસ્થાથી શુદ્ધ હોય તો સર્વજ્ઞ થઈ જાય, સાધક રહે નહિ. એમ જ્ઞાની વર્તમાન પર્યાયમાં અશુદ્ધતા છે તેને પણ જાણે, ત્રિકાળ શુદ્ધ છે એને પણ જાણે. હવે **'એકાન્તથી આવો પણ નથી.'** બંને ભેગા છે. કહો, સમજાણું ? વિશેષ કહેવાશે, લ્યો !

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**આ દ્રવ્ય–સ્વભાવના ઊંડા સંસ્કાર નાખે તેને કાર્ય થવાનું જ છે. જેમ અપ્રતિહતપણે સમ્યગ્દર્શન થાય છે તેને ક્ષાયિક સમ્યક્ થવાનું જ છે, તેમ અંતરની સાક્ષીમાં હું જ્ઞાયક... જ્ઞાયક... છું, રાગાદિ તે હું નહીં– એમ સંસ્કાર નાખે તેને કાર્ય (સમ્યગ્દર્શન) થવાનું જ છે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૧૦૨)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૨૦-૨૨, પ્રવચન નં. ૮૩
## તા. ૨૩-૧૦-૧૯૬૬
## [૮]

આ અધિકાર જીવ અને અજીવનો છે. જીવપણું કોને કહીએ અને અજીવપણું કોને કહીએ ? બેની ભિન્નતાની વાત આમાં છે. ભિન્નતા એટલે જુદાઈ. એનું દૃષ્ટાંત આપે છે. **'જેમ કોઈ પુરુષ...'** લાકડા, ઈંધન એટલે લાકડા. લાકડા કહે છે ને ? **'અને અગ્નિને મળેલા દેખી.'** અગ્નિ અને લાકડા-ઈંધનને આમ મળેલા જોગ દેખી **'એવો જૂઠો વિકલ્પ કરે કે અગ્નિ છે તે ઈંધન છે.'** અગ્નિ છે તે લાકડા... લાકડા... લાકડા સમજો છે ને ? લકડી. અને લાકડી છે તે અગ્નિ છે. એ સામાન્ય વાત.

**'અગ્નિનું ઈંધન છે, ઈંધનનો અગ્નિ છે;...'** એ વર્તમાન વાત. વર્તમાન એમ માને કે અગ્નિના લાકડા છે અને લાકડાનો અગ્નિ છે. **'અગ્નિનું ઈંધન પહેલા હતું...'** અગ્નિના લાકડા પહેલા પણ હતા. **'ઈંધનનો અગ્નિ પહેલા હતો...'** અરસપરસ (લે છે). પહેલા અગ્નિ લાકડાનો હતો, લાકડા અગ્નિના હતા. દૃષ્ટાંત આમાં, આત્મામાં આપીશું. **'અગ્નિનું ઈંધન ભવિષ્યમાં થશે.'** અગ્નિના લાકડા ભવિષ્યમાં થશે. **'અને ઈંધનનો અગ્નિ ભવિષ્યમાં થશે.'** **'આવો ઈંધનમાં જ અગ્નિનો વિકલ્પ કરે...'** જે કોઈ એવા લાકડાના અગ્નિનો વિકલ્પ નામ માન્યતા કરે છે **'તે જૂઠો છે.'** કારણ કે અગ્નિનું સ્વરૂપ એમ નથી. લાકડારૂપે અગ્નિ થાય એમ કોઈ દિ' બનતું નથી. **'તેનાથી અપ્રતિબુદ્ધ કોઈ ઓળખાય છે,...'** એનાથી લૌકિક મૂરખ છે એમ ઓળખાય છે. સમજાણું કાંઈ ? લૌકિક આ મૂરખ છે એમ ઓળખાય છે.

**'તેવી રીતે કોઈ આત્મા પરદ્રવ્યમાં અસત્યાર્થ આત્મવિકલ્પ કરે,...'** ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ હોવા છતાં પરદ્રવ્યમાં અસત્યાર્થ (અર્થાત્) પુણ્ય-પાપના રાગ, શરીર-વાણી-ક્રિયા એ બધા જડ લાકડા છે. આત્મા ચૈતન્ય અગ્નિ છે. સમજાય છે કાંઈ ? જેમ અગ્નિમાં લાકડા જોડે દેખીને માને (કે) અગ્નિનું લાકડું અને લાકડાની અગ્નિ (છે). એમ લોકોત્તર મૂઢ અજ્ઞાની (માને છે). આ લૌકિક મૂઢ કહ્યો. હવે ધર્મમાં મૂઢ જીવ, **'આત્મા પરદ્રવ્યમાં અસત્યાર્થ આત્મવિકલ્પ કરે...'** કે હું આ પરદ્રવ્ય છું. (એ) સામાન્ય વાત (કરી). હું પુણ્ય-પાપના ભાવ, દેહાદિની ક્રિયા, એ હું આ પરદ્રવ્ય છું. પુણ્ય-પાપના ભાવ એ પર છે એ હું છું. હું આ પરદ્રવ્ય છું એમ માને છે. સમજાણું કાંઈ ?

મૂઢ અધર્મદૃષ્ટિ જેની છે, જેને આત્મા શું ચીજ છે એની ખબર નથી, એ હું આ શુભ પુણ્યનો ભાવ, આ શરીર એ બધું હું છું. **'આ પરદ્રવ્ય મુજ સ્વરૂપ છે...'** એ પુણ્યભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવ (થાય છે) એ મારા સ્વરૂપે છે, એમ માનનાર અપ્રતિબુદ્ધ અજ્ઞાની મૂઢ છે. સમજાય છે કાંઈ ? મિથ્યાદૃષ્ટિ છે. એને આત્મા શું ચીજ છે એની ખબર નથી.

**'હું આ પરદ્રવ્ય છું...'** રાગાદિ, પુણ્ય આદિ, પાપ આદિ, શરીર આદિ મારા છે, અને એ પુણ્ય-પાપ શરીરાદિ મારા સ્વરૂપે છે, મારા સ્વરૂપે છે. આ અસ્તિ સિદ્ધ કરવું છે ને ? ખરેખર પુણ્ય-પાપના ભાવ શરીર, કર્મ આદિ અજીવતત્ત્વ છે, અજીવભાવ છે. જીવભાવ તો ચૈતન્ય જ્ઞાનજ્યોતિ એ જીવભાવ છે. એ જીવભાવની સાથે જે પુણ્ય-પાપ અને શરીરમાં પોતાને જોડે છે કે આ હું છું અને એ મારા સ્વરૂપે છે – એમ જે માને છે તે મિથ્યાદૃષ્ટિ (છે), તેને તત્ત્વદૃષ્ટિની ખબર નથી. સમજાય છે કાંઈ ? સામાન્ય વાત કરી.

હવે વર્તમાન–**'મારું આ પરદ્રવ્ય છે...'** વર્તમાન. આ પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ, દેહ, વાણી મારા છે. આ બધા બાયડી, છોકરા-કુટુંબ, પુણ્ય-પાપભાવ એ મારા છે – એમ જે માને છે વર્તમાન તે મૂંઢ જીવ છે. 'સોભાગભાઈ'! શું કરવું ? આ છે એને નાખી દેવા ? સમજાણું કાંઈ ? અહીંયાં કહે છે કે પણ તારા છે જ નહિ. વર્તમાનમાં એ પુણ્ય અને પાપ, શરીર, વાણી, કર્મ અને એના બહારના ફળો એ બધા આ પરદ્રવ્ય, આ મારું પરદ્રવ્ય છે એમ માનનાર એને સ્વચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે એની એને દૃષ્ટિ અને ભાન નથી, એને આત્મજ્ઞાન નથી. એને જડ એ હું અને હું એ જડ. જડ એ હું અને જડ મારામાં એમ માનનારા અપ્રતિબુદ્ધ મૂરખ લોકોત્તર મૂરખ છે. સમજાણું કાંઈ ?

**'મારું આ પરદ્રવ્ય છે...'** આ, આ રાગ, દયા, દાન, વ્રત, તપ, પુણ્ય-પાપ, શરીર-વાણી, મન અને કર્મ એ બધા પર છે, એ આ પરદ્રવ્ય મારું છે. મારું આ પરદ્રવ્ય છે એમ માનનાર અગ્નિના લાકડા છે, એમ માનનારા આ મારા છે એમ માને છે એ લોકોત્તર મૂરખ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? ચાહે તો અગિયાર અંગ ભણેલો હોય, નવ પૂર્વ ભણ્યો હોય અને કષાયની મંદતાના પંચ મહાવ્રતના પરિણામની ક્રિયામાં હોય પણ તે પંચ મહાવ્રતના પરિણામ તે મારું આ પરદ્રવ્ય છે. એ રાગભાવ એ મારું આ પરદ્રવ્ય છે, એ મારું છે, એમાં મારું હોવાપણું છે, એમાં મારું હોવાપણું છે અને આ પરદ્રવ્યનો હું છું અને એ રાગાદિ, પુણ્યાદિ મારામાં છે. સમજાણું ?

અહીં અસ્તિત્વની વાત છે. જીવ-અજીવનું હોવાપણું. જીવના હોવાપણામાં–અસ્તિત્વમાં–મોજુદગીમાં તો જ્ઞાન, આનંદ અને શાંતિ સ્વરૂપ તે આત્મા છે. તે જ્ઞાયક સ્વભાવ ચૈતન્ય જ્યોત, અંગારો, ચૈતન્ય અંગારો એ આત્મા છે. એમ ન માનતા પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવથી માંડીને કર્મનું બંધન અને એના ફળો, એ બધા આ મારા પરદ્રવ્ય છે અને આ પરદ્રવ્યનો હું છું (એમ માને છે). 'કપૂરચંદભાઈ'! એ.. 'છોટાભાઈ'! શું છે આ ? શું કહે છે આ ? અત્યાર સુધી પૈસામાં એવા ખૂંચાઈ ગયા છે કે ક્યાંય સળ પડતી નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સળ અંદર (પડતી નથી). જુદો છું, એ કંઈ અંદર ખબર પડતી નથી, એમ કહે છે, લ્યો ! '**હું...**' છે શબ્દ અંદર ? એ... 'હિંમતભાઈ'! જરી બતાવો તો ખરા, એને ચોપડામાં હાથ નહિ આવે.

'**મારું આ પરદ્રવ્ય છે.**' છે શબ્દ ? 'મારું આ' એનો અર્થ થાય છે. મારા આ પુણ્ય અને પાપના ભાવ એનાથી પડ્યું બંધન, એનાથી મળ્યો સંયોગીભાવ, સંયોગી ચીજ એ '**મારું આ પરદ્રવ્ય છે...**' એમ માનનાર મૂંઢ મિથ્યાદૃષ્ટિ, અધર્મદૃષ્ટિ છે. અધર્મદૃષ્ટિનો અર્થ વળી શું થયો ? અસત્યને સત્ય માન્યું એ અધર્મદૃષ્ટિ થઈ કે શું થયું ? પાપ થયું. શું થયું ? આહા..હા...!

'**મારું આ...**' શુભ-અશુભભાવ, વર્તમાન શુભ-અશુભભાવ, હોં 'કપૂરભાઈ'! એ... 'છોટાભાઈ' ! શું ? આ વર્તમાન શુભ-અશુભભાવ આ રળવાના, ફળવાના, દયા-દાનના આદિ જે ભાવ શુભાશુભ (થાય) એ આ પરદ્રવ્ય મારું એમ માનનારો મૂંઢ છે, અધર્મી છે, પાપદૃષ્ટિ છે, દુઃખદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**આ પરદ્રવ્યનો હું છું,...**' આ જે પુણ્ય-પાપ, એનું બંધન અને એનું ફળ એનો હું છું. એમ માનનાર વર્તમાનમાં, વર્તમાનને, પરને પોતાનું માને અને પોતાને પરરૂપ માને તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. ચાહે તો મુનિ હો, બાહ્યથી ક્રિયાકાંડી જૈનનો દિગંબર સાધુ હો પણ જે વર્તમાન એના પુણ્યના પરિણામને આ મારા છે, એની મારામાં હયાતી છે અને એની હયાતી મારામાં છે, એમ માનનાર લોકોત્તર મિથ્યાદૃષ્ટિ મૂરખ છે. સમજાણું કાંઈ ? ભાઈ ! કઠણ શી રીતે ..

આ બે વસ્તુ છે. જુઓ ! એક આ અને એક આ. સમજાય છે ? હવે આ કહે કે આ મારું, અને આ કહે કે આ મારું. આ કહે આ મારામાં છે. સાંભળ્યું ન હોય તો લાગે કઠણ. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત, ચૈતન્યબિંબ પ્રભુ આત્મા છે. એનામાં એક પુણ્યના વિકલ્પની અસ્તિ એનામાં નથી. એની હયાતીમાં, એના હોવાપણામાં એ નથી. છતાં અનાદિથી અજ્ઞાની આ મારું, '**મારું આ પરદ્રવ્ય છે,...**' વર્તમાન શુભ અને અશુભભાવ અને વર્તમાન તેના બંધન અને તેનું આ ફળ–પૈસા, ધૂળ આદિ આ બાયડી, છોકરા, કુટુંબ એ બધા '**મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું;...**' હું એ પુણ્ય-પાપના ભાવનો છું, હું બંધનનો છું, એ બાયડીનો છું, એ પૈસાનો છું, એ મકાનનો છું, એ કપડાનો છું, એ આબરૂનો હું છું. ભારે વાત ! સમજાય છે કાંઈ ? સમજાણું કે નહિ આમાં ? આ ગાથામાં છે. આ ગાથાની વાત છે, શેની માંડી છે આ ? ગાથાની વાત છે એ ટીકાની છે અને ટીકાની છે એ આ છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ હજી આવે છે. હજી ક્યાં આવ્યું છે પણ ? હજી વાત આવવા તો દ્યો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો હું છું;...'** હવે એમાં સચેત-અચેત અને મિશ્ર એમનો પ્રશ્ન આવ્યો. એ કીધું એમાં આવી ગયું. સચેતમાં સ્ત્રી આદિ, અચેતમાં દાગીના આદિ, શરીર આદિ, કર્મ આદિ એ અચેત અને સચેતમાં રાગ આદિ. પુણ્ય-પાપના ભાવ એ સચેત અજ્ઞાન છે. અને રાગ અને શરીરાદિ બે હું એ મિશ્ર છે. મૂળ પાઠમાં સચેત, અચેત અને મિશ્ર છે. સમજાય છે કાંઈ ?

વર્તમાનમાં પુણ્ય અને પાપના ભાવ જે સચેત કહેવાય છે તે પણ મારા એમ માને તે મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. વર્તમાનમાં આ અચેતન કર્મ અને શરીર જે અચેતન છે એ મારા માને તે મૂંઢ છે. ગૃહસ્થની અપેક્ષાએ લઈએ તો એને સચેત એના પુત્ર-પુત્રીઆદિ જે આત્મા એ મારા છે એ માને એ મૂંઢ છે. અચેતન એના દાગીના લુંગડા, કપડાં એ મારા એ માને એ અચેતને આત્મા માનનારો મૂંઢ છે. મિશ્રમાં એ આત્મા એના પુત્ર આદિ અને દાગીના શરીરાદિ એ મિશ્ર થઈને આ મારા છે તે મૂંઢ જીવ છે. હવે બરાબર થયું. પાઠમાં સચેત, અચેત અને મિશ્ર છે. હળવે-હળવે ચાલ્યું આવે છે. ભારે વાત, ભાઈ !

'અમદાવાદ'માં નીકળ્યો હોય અને ઝવેરીની દુકાન દીઠી. બજારમાં ચોકમાં આવે છે ને ? માણેકચોક. જ્યાં (જોવે ત્યાં કહે), મારું આ ઘર છે, આ મારી દુકાન છે અને આનો હું છું. એનો માલિક હું છું. એ મૂંઢ કહેવાય કે નહિ ? માણેકચોકમાં ઝવેરીની દુકાન છે. કોઈ ફરવા નીકળ્યો (અને) આમ નજર પડી. મારું આ છે, મારી દુકાન છે આ અને આ પરદ્રવ્યનો હું છું, એનો હું માલિક છું. એનો હું છું. એમ જીવ ચાર ગતિમાં સ્વતંત્ર ફરતો ત્યાં-ત્યાં જ્યાં-જ્યાં વર્તમાન... અહીં હમણા વર્તમાનની વાત છે, પુણ્ય અને પાપના ભાવ થાય એ પરવસ્તુ છે, આત્માની ચીજ નથી, એ પરની દુકાન છે, એ અજીવની દુકાન છે. આહા..હા...! પુણ્ય અને પાપ અજીવની દુકાન છે. એનાથી બંધાયેલું કર્મ એ અજીવ છે. એ અજીવની દુકાન છે. એના ફળ મળ્યા બહારમાં સચેત-અચેત-મિશ્ર એ બધા... સમજાય છે ? પરદ્રવ્ય છે. એ અજીવની દુકાન છે. એ અજીવને **'મારું આ પરદ્રવ્ય છે,...'** મારું આ અજીવ છે. પુણ્ય-પાપ, કર્મ-બંધન આ મારું છે અને આ પરદ્રવ્યનો હું છું. એનો હું છું. હું પુણ્ય-પાપનો છું કે હું કર્મનો છું, હું બાયડીનો છું, હું છોકરાનો છું, શરીરનો છું, એમ માનનાર મૂંઢ લોકોત્તર અપ્રતિબુદ્ધ અજ્ઞાની કહેવામાં આવે છે. 'બાલચંદજી'! આહા..હા...!

સચેત રાગાદિ, મિશ્ર ગુણસ્થાન આદિ. ગુણસ્થાનનો મિશ્રભાવ છે ને ? થોડો અંશે. એ પણ મારા છે અને એનો હું છું. એ પણ મિથ્યાદૃષ્ટિ મૂંઢ છે. સમજાય છે કાંઈ ? ગુણસ્થાનનો અંશ જે ચેતનનો છે અને એમાં રાગાદિ ભેદ છે એ બધા ભેદો તે હું છું. **'મારું આ પરદ્રવ્ય છે,...'** ગુણસ્થાન મારા છે એ મિશ્ર છે અને આ પરદ્રવ્યનો ગુણસ્થાનનો હું છું. ઝીણી વાત છે. એમ અજ્ઞાની અનાદિથી વર્તમાનપણે મિથ્યાદૃષ્ટિપણે માની રહ્યો છે. આહા..હા...! એ..! 'બાલચંદજી'! એ વખતે આવ્યા નહોતા, નહિ ? ફાગણ સુદમાં બે ભાઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યા હતા. સમજાય છે કાંઈ ? આહા..હા...!

ભાઈ ! જેવું તારું હોવાપણું જેમ છે તેમાં એમ ન માનતા એનાથી બીજી રીતે હોવાપણામાં તારો સ્વીકાર અને એના હોવાપણામાં અંદર તારામાં સ્વીકાર એ જ મોટી મિથ્યાદૃષ્ટિપણું છે. કહો, સમજાય છે કાંઈ ? એનું નામ જ અધર્મદૃષ્ટિ છે, એનું નામ અધર્મ છે.

**શ્રોતા :–** કથંચિત્ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કથંચિત્ શેનું લેવું ? એકલો અધર્મ છે. આહા..હા...! એ પાપદૃષ્ટિ છે, દુઃખદૃષ્ટિ છે, એ દુઃખની ખાડમાં પડવાની એ દૃષ્ટિ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'મારું આ પરદ્રવ્ય છે, આ પરદ્રવ્યનો...'** આ પરનો, પુણ્ય-પાપનો આ ભાવ એનો હું છું, હું છું તો એ પુણ્ય-પાપ થયા, પુણ્ય-પાપ છે એમાં હું છું, હું છું તો પુણ્યભાવ થયા, પુણ્યભાવ થયો તો એ મારામાં છે, એનો હું છું, મિથ્યાદૃષ્ટિ છે. એને ધર્મની ખબર નથી. સમજાણું કાંઈ ? 'કપૂરભાઈ'! બહુ ઝીણું છે આ. આડુઅવળું ઝાડું-ઝાડું કરીને જ્યાં હોય ત્યાં માન્યું હોય એમાં, પહેલી વ્યાખ્યા એ વર્તમાનની થઈ. વર્તમાનની વ્યાખ્યા.

હવે મારું આ પહેલા હતું. હવે ભૂતકાળ. જે કોઈ એમ માને કે પૂર્વે શુભભાવ હતા તો મને મનુષ્યપણું મળ્યું તો વર્તમાન ઠીક છે. તો પૂર્વના પુણ્યભાવને પોતાનો માન્યો, ભૂતકાળના પુણ્યભાવને લાભમાં પોતાનો માન્યો, તો એમ કહે છે કે **'મારું આ પહેલા હતું...'** એ પુણ્યભાવ પૂર્વે મારા હતા, મેં કર્યા હતાં એથી મનુષ્યદેહ મળ્યો, એથી મને વાણી મળી. મૂઢ છો.

**શ્રોતા :–** ... વિનાનો હતો

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ક્યાં આત્મા હતો ? મનુષ્ય થયો તો જડ થયો. આત્મા ક્યાં થયો એમાં ? સમજાણું કાંઈ ? આહા..હા...! 'સોભાગભાઈ'! આ ઝીણો અર્થ થાય છે. જાડો અર્થ હોય તો ખ્યાલમાં આવે. આહા..હા...!

ભાઈ ! તું ચૈતન્ય પ્રભુ છો ને ! અકૃત્રિમ અનાદિઅનંત ચૈતન્યરસકંદ છો. અનાદિ અનંત વીતરાગ રસકંદ આત્મા છે. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનું એનું રૂપ છે. એમાં પુણ્ય-પાપના ભાવ ગયા કાળના પુણ્યભાવ હતા તો મને પુણ્યબંધન થયું. એમ ભૂતકાળના ભાવને પ્રશંસે છે, અનુમોદે છે કે આ ભાવ હતો તો અમને મનુષ્યપણું મળ્યું, મનુષ્યપણું મળ્યું તો સાંભળવાનું મળ્યું, સાંભળવાનું મળ્યું તો ધર્મનો લાભ થયો. વાત તદ્દન જૂઠી છે. આહા..હા...! ભાઈ ! અહીંયાં સાંભળો તો ખરા. એ રખડ્યો છે આમને આમ ઉંધે રસ્તે. આહા..હા...!

ભાઈ ! તારા હોવાપણામાં, પ્રભુ ! તારા હોવાપણાનો લાભ તારાથી થાય કે તારા હોવાપણાના લાભના પૂર્વના પુણ્યભાવ કર્યા હતા ને તો ભાઈ ! પુણ્ય કર્તા હતા તો આ મળ્યું. માટે એ મારા હતા. મારું આ પહેલા હતું. એ પુણ્ય મારું પહેલા હતું. મૂંઢ છો,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાઈ ! તને પુણ્યનો ભાવ એ અગ્નિ લાકડાનો પૂર્વે નહોતો. અગ્નિ લાકડાનો પૂર્વે નહોતો. એમ ભગાવન ચૈતન્ય પૂર્વે પણ પુણ્યભાવનો નહોતો. આહા..હા...! '...ભાઈ'!

અગ્નિને અને લાકડાને સંબંધ છે ? ભિન્ન લાકડું, અગ્નિ ભિન્ન છે. બન્ને જુદા છે. એમ ભગવાન ચૈતન્યજ્યોત સ્વરૂપ અને પુણ્ય-પાપના ભાવ આદિ પૂર્વે હતા એ પણ આત્માના નહોતા, આત્માને લાભદાયી નહોતા, આત્મામાં નહોતા. એ તો રાગભાવ હતો. એને એમ કહે કે મારું આ પહેલા હતું અને પૂર્વે મનુષ્યભવ પામ્યા હતા એમાં પુણ્ય કર્યા હતા એ પુણ્યને લઈને આવું અમને મળ્યું. તો એ પૂર્વના પુણ્ય પેલા મારા પહેલા હતા એમ માનનાર મૂંઢ, અગ્નિને જેમ લાકડું માને છે, એમ ચૈતન્યને રાગ ને પુણ્યવાળો ભૂતકાળની અપેક્ષાએ માને છે. આહા..હા...! 'છોટાભાઈ'! ત્યાં 'કલકત્તા'માં સાંભળ્યું ન હોય ત્યાં અંદરથી. નવરાશ પણ ક્યાંથી હોય ! પણ આ હવે જાય તો બીજું સાંભળે. દયા કરો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, લ્યો !

ભગવાન ! એક વાર સાંભળ તો ખરો, પ્રભુ ! ભાઈ ! અહીં તો ચૈતન્યમૂર્તિ સદા રહ્યો છો ને ! તારા અખંડ ચૈતન્યરત્ન, રત્નાકર–ચૈતન્ય રત્નાકરમાં કોઈ દિ' ભૂતકાળમાં પણ પુણ્ય એ આત્માનું થયું નહોતું. તેં માન્યું હતું કે આ પુણ્ય મારા. માને તો ગમે તે માને. આહા..હા...! સમજાણું કાંઈ ? ગયા કાળમાં આ પહેલા હતું, મારું આ પહેલા હતું. એ રાગ મારો હતો. ગુણસ્થાન કોઈ મિથ્યાત્વ આદિનું ગુણસ્થાન એ મારા હતા. એમ પૂર્વે મારા દીકરા હતા, આ મારી સ્ત્રી હતી, અમારે દીકરા હતા, અમારે આ હતા, અમારે આ હતા, પૂર્વે આ હતા. એમ પૂર્વની અવસ્થાઓને વર્તમાનમાં એમ માને કે એ ઠીક હતું, તો ગયા કાળમાં એ પરનો જ હતો એમ એણે માન્યું છે. આહા..હા...! કહો, સમજાણું આમાં ?

**'મારું આ પહેલા હતું.'** સચેત રાગ, અચેત કર્મ, મિશ્ર ગુણસ્થાન અને આમ સચેત ગૃહસ્થની અપેક્ષાએ આ મારા છોકરા હતા, આ મારી બાયડી હતી. એ અમારું ગુણસ્થાન હતું, મિથ્યાત્વ ગુણસ્થાન એ અમારું હતું. સમજાણું કાંઈ ? એમાં અમે શુભભાવ કરેલા. એનાથી કરતા ઊંચા આવ્યા છીએ. મૂંઢ છો. એ શુભભાવથી ઊંચો ત્રણ કાળમાં ઊંચો નથી. સમજાણું કાંઈ ? તારું ઊંચાપણું તો અંતર આનંદકંદના આશ્રયથી ઊંચાપણું આવે છે. એમાં પુણ્યભાવના કારણે ઊંચો તું આવ્યો ? તું આવ્યો કહે તો જડ આવ્યું ઊંચું. શું કરવું ? 'માલચંદજી'! ભારે ભાઈ !

**શ્રોતા** :– માલિક થઈને...

પૂજ્ય ગુરુદેવશ્રી :– મારું આ પહેલા... ધૂડનો પણ માલિક નથી એમ કહે છે. સાંભળ ને ! ચૈતન્યપ્રભુ આત્મા જ્ઞાનજ્યોતિ, ઝળહળ જ્યોતિ, જ્ઞસ્વભાવી પ્રભુ ! જ્ઞ સ્વભાવી, જ્ઞાનસ્વભાવી, ચૈતન્યસ્વભાવ જેનો ત્રિકાળ એકરૂપ સ્વભાવ. **'सव्वण्हुणाणदिट्ठो'** હવે આવશે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હવે આવશે, હોં ! આગળ જુઓ ! ૨૪ મી ગાથા.

ભગવાને તો '**सव्वण्हुणआणदिट्ठो**'. સર્વજ્ઞ જ્ઞાને ભગવાને તો તને ઉપયોગરૂપી દીઠો. આ રાગરૂપે તું ક્યાંથી થઈ ગયો પૂર્વે કે આ રાગ હતો તો મને ઠીક થયું. ક્યાંથી તને ઠીક થાય ? આહા..હા...! કેમ છે ? 'જ્ઞાનચંદજી' ! આ નોકરી મળી હજાર, બારસોનો પગાર અનુકુળ હોય તો નિવૃત્તિ મળે, લ્યો ! તો લાભ થાય. અહીં બચારાના સો રૂપિયાનો પગાર મળતો હોય, બસોનો પગાર આવે, ઘરમાં ચાર-છ છોકરા, એનો નભાવ કરવો કે એનાથી નિવૃત્તિ લઈને ધર્મ કરવો ? મોટા પગારદાર હોય, હજાર અગિયારસોનો પગાર. હવે ભાઈ ! એમાં શું ? ચારસો, પાંચસો, મહિને ખર્ચ થાય, વળી પાંચસો વધે. તો નિવૃત્તિથી કામ લઈ શકે. આમ છે, તેમ છે. એટલો તો લાભ થાય કે નહિ ? 'મલૂપચંદભાઈ'! મૂઢ છો ? કહે છે, તારા પરપદાર્થની અનુકૂળતાએ તને લાભ થાય એટલે પરપદાર્થને અને આત્માને એક માન્યા. આહા..હા...! કેમ હશે આમાં ? એ..ઇ..! 'શાંતિભાઈ'! આ બધા પૈસાવાળા છે. ભાઈ ! પૈસાવાળા હોય તો અહીં નિવૃત્તિ મળી, લ્યો ! ધૂળમાં પણ નથી કહે છે. નિવૃત્તિ એને કહેવાય જ નહિ. નિવૃત્તિ તો રાગથી રહિત સ્વરૂપ ચૈતન્યમૂર્તિ છે એનો દૃષ્ટિભાવ કરે ત્યારે તેને નિવૃત્તિ મળી એમ કહેવામાં આવે. આહા..હા...! એ કાંઈ બાહ્યના સંયોગો મળ્યા માટે નિવૃત્તિ મળી એમ છે નહિ. કહો, 'સોભાગભાઈ'!

આ 'સમયસાર' ઘણા થોડા શબ્દોમાં ગાગરમાં સાગર ભરી દીધો છે. બહુ થોડામાં સ્વ અને પરની એક્તા શું અને ભિન્નતા શું એ બધું આમાં સમાવી દીધું છે. બહું ટૂંકા શબ્દોમાં સમાડવું છે. સમજાય છે કાંઈ ? સો વર્ષનું 'ભર્તૃહરી'નું કોઈ નાટક હોય તો પણ દસથી બેમાં સમાડી દેવું હોય. રાત્રે દસથી નાટક શરૂ થાય (અને) બે વાગે પૂરું થઈ જાય. ભલે બાણું વર્ષના આયુષ્યવાળો હો કે સો વર્ષનો હોય, એ કાંઈ એને બતાવવા બાણું વર્ષ જોઈએ સામે ? એમ આ 'સમયસાર' નાટક છે. આત્માની અનાદિ અનંતની સ્થિતિ થોડા શબ્દોમાં, થોડા કાળમાં બતાવવી છે. આહા..હા...! 'સેઠી' ! તેથી આચાર્યે નાટક નામ આપ્યું છે, કારણ–હેતુ છે. કોઈપણ ભર્તૃહરી માળવાનો મહારાજા (હોય) એનું નાટક પાડે તો દસ થી બેમાં પૂરું થઈ જાય. બાળક થયો, પરણ્યો, આ થયું, ફલાણું થયું, ઢીકણું થયું.... એમાં બધું સમજી ગયા. બે (વાગે) પૂરું. એમ અહીંયાં ૪૧૫ શ્લોકમાં થોડા શબ્દોમાં, થોડા કાળમાં અનાદિ અનંત આત્માની ભૂલ અને અભૂલ કેમ છે તેને બતાવવું છે. તેથી 'અમૃતચંદ્રાચાર્યે' નાટક નામ પાડ્યું છે. અલૌકિક સંતોની કથની પણ અલૌકિક ! બાપૂ ! આ તો થોડામાં ઘણું અમારે કહેવું છે. ચાર કલાકમાં આખા જીવનનો આદર્શ બતાવવો છે. એમ આ ૪૧૫ શ્લોકમાં ... છે. આખા આત્માનું વિપરિત કેમ માનતો હતો અને અવિપરિત કેમ જાણે એનું આખું સમાપ્ત કરી દેવો છે. સમજાણું કાંઈ ?

'**મારું આ પહેલા હતું,...**' તારા ચૈતન્યસ્વભાવમાં આ મારું હતું એ કે દિ' આવ્યું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે દિ' આવ્યું ? મારું પહેલા હતું, એ કર્મ મેં બાંધ્યું ને.. ભાઈ ! આપણે સારું કર્મ બાંધશું ને. પૂર્વે બાંધ્યું હતું ને તો આ મળ્યું, લ્યો ! એમ ઘણા કહે અત્યારે વાતું કરે છે. પૂર્વે પુણ્યકર્મ બાધ્યું તો (આ મળ્યું તેથી) તમે પુણ્યનો નિષેધ ન કરો. આ પૂર્વે પુણ્ય બાંધ્યું હતું તો આ બધું મળ્યું, સાંભળવાનું મળ્યું. એ મૂઢ જીવ પૂર્વના પુણ્યને મારું માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

વર્તમાન પણ સંયોગ મળ્યા એનાથી મને લાભ માનનારો સંયોગને જ આત્મા માને છે. એ વાણી આદિ મળી કે સંયોગો મળ્યા એનાથી મને લાભ થાય એમ સંયોગને અજીવને એટલે જીવ સ્વભાવ જેમાં નથી એને જીવ માને છે. સમજાણું કાંઈ ? સેઠિયા ! વર્તમાનમાં પણ એમ કોઈ માને કે આ વાણી અને સંયોગ મળ્યો, સમવસરણ મળ્યું તો મને લાભ (થાય છે) તો વર્તમાનમાં એ અજીવને જીવ માને છે. તારો જીવસ્વભાવ ત્યાં નથી અને એને લઈને જીવસ્વભાવ પ્રાપ્ત થતો નથી. 'જ્ઞાનચંદજી'! શું કરવું ?

તારી તને ખબર નથી ? સ્વતંત્ર ચૈતન્યજ્યોત બિરાજમાન ભગવાન આત્મા છે એને તું પરના કંઈપણ આશ્રયથી લાભ માનવા જા ત્યાં તારું ખૂન થઈ જાય છે. તારી પ્રભુતા લુંટાઈ જાય છે. એમ કહે છે. આહા..હા...! પ્રભુ ! તું ચૈતન્યમૂર્તિ પ્રભુ છો ! અંતર પરમેશ્વર જ તું સાક્ષાત્ ચિદાનંદ પરમેશ્વર છો. એવા પરમેશ્વરને ગયા કાળના કોઈ પુણ્યને લઈને આ સામગ્રી મળી માટે પુણ્ય ઠીક હતા, (એમ માનવામાં) લુંટાઈ જાય છે તારી પ્રભુતા. આહા..હા...! 'શશીભાઈ'!

સચેત-અચેત અને મિશ્ર બધું લેવું, હોં ! ભૂતકાળનું. સમજાણું ? રાગાદિ... ગયા કાળમાં આ પરદ્રવ્યનો સિદ્ધનો ધ્યાનનો વિકલ્પ કર્યો હોય ને ? સિદ્ધ આવા હતા એમ વિકલ્પ કર્યો. એનાથી લાભ થાય એમ માન્યું છે, એ પરદ્રવ્યને જ આત્મા માને છે. આહા..હા...! 'પોપટભાઈ'! બહું ઝીણું છે, હોં ! પેંથીએ... પેંથીએ... પાડે આ તો વાળે-વાળે મોતી પરોવે છે.

ભાઈ ! તારા હોવાપણાની તને ખબર નથી. તારા હોવાપણામાં શું છે ? અને તારા હોવાપણામાં શું નથી ? એના ભાન વિના એ ચૈતન્યને ધર્મ ન થાય. સમજાણું કાંઈ ? પહેલા તો સાંભળવાને જ મળે નહિ આવું. એય.. જાવ પૈસાવાળાને પૈસા ખર્ચો... પેલાને કહે મંદિર બે-પાંચ બનાવી દો, પેલાને કહે કે પૂજા કરી નાખો, દસ લાખ ખર્ચીને જાત્રા કરી નાખો, ના ના, ભાઈ ! એ પુણ્યભાવ અને એના સંયોગની ક્રિયા એ આત્માની નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? કેટલું સમાવ્યું છે ! સચેત-અચેત-મિશ્ર એ ગાથામાં રહી ગયું છે. એ આમાં ટીકામાં ન નાખ્યું પણ એનો વિસ્તાર લઈ લેવો. પાઠમાં છે ને ? પહેલા ગાથા જુઓને !

**अहमेदं एदमहं अहमेदस्स म्हि अत्थि मम एदं।**
**अण्णं जं परदव्वं सच्चित्ताचित्तमिस्सं वा।।२०।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ શ્લોક છે એવો જ 'પરમાત્મપ્રકાશ'માં છે. સમજાય છે ? ત્યાં વધારે વિસ્તાર (છે), ટીકામાં બહુ વિસ્તાર કર્યો છે. વધારે કર્યો છે, આનાથી વધારે ત્યાં કર્યો છે. સચેત-મિશ્ર. ત્યાં વધારે કર્યો છે. કહો, સમજાણું આમાં ?

**'મારું આ પહેલા હતું,...'** રાગદિ, કર્માદિ, સંઘયણ આદિ. અત્યારે કહે છે ને ? મજબૂત સંઘયણ હોય ને તો દયા પાળી શકાય. હિંસાધર્મી સામે ઊભા રહી શકાય. સાવ નમાલા, બાયલા હોય એ ઊભા રહી શકશે ? સામે પેલા હિંસક જીવ જોર કરીને આવ્યા હોય ! શરીર મજબુત જોઈએ, આવું જોઈએ તો આપણે અહિંસા પાળી શકીશું, નહિતર નહિ પાળી શકીએ. મૂંઢ છો ? આ ક્યાંથી લાવ્યો આ ? શરીર આવું હોય તો અમે અહિંસામાં ઊભા રહી શકીશું એ વાત છે ? શરીરની સ્થિતિએ અહિંસામાં રહી શકશે એમ છે ? ભગવાન આત્મા રાગરહિત સ્વરૂપની દૃષ્ટિની સ્થિરતામાં અહિંસામાં રહી શકશે. એને પરની બિલકુલ અપેક્ષા છે નહિ. ઘણા એવા મારે ગપ્પા. પેલો કહે, આહા..હા...! બહુ સારી વાત કરે છે.

ભાઈ ! શરીર મજબૂત જોઈએ. અરે..! બોરડીએ.. બોરડી હોય ને ? બોરડી સમજો છો ? બોર-બોર. નાના નાના બોર થાય છે. બોરડીએ તો બોર પાકે, ત્યાં કેરી પાકે ? એમ આ નમાલી બાયડી અને એવી સ્ત્રીઓને તમે રાખો એનામાં રાજકુમાર કોઈ સારા પાકે ? સારા તૈયાર કરો. સ્ત્રીઓને કેળવીને તૈયાર કરો કે જેથી એના.. શું કહેવાય ? છોકરા, ફરજન. ભૂલી જવાય છે, ભાઈ ! એના ફરજન સારા પાકે. બોરડીએ આંબા પાકતા હશે ? બોરડી-બોરડી નાના બોર હોય ને ? ત્યાં આમ પાકે ? કેરી લટકતી હશે ? એમ જેના શરીર નબળા, બાયડીના ઠેકાણા વિનાના ત્યાં કોઈ ઉત્તમ પુરુષો પાકતા હશે ? બનાવો શરીરને સારા. મૂઢ છો. શરીરને સારા બનાવવામાં આત્મા ક્યાંથી સારો આવતો હતો ? કોણ બનાવી શકે ? આવાને આવા ગપ હલાવે. એ 'કપૂરભાઈ'! વ્યાયામ કરીને આમ મજબુત બનાવો. આમ કરો, તેમ કરો, ફલાણું કરો. તમારે આવતું હશે કે નહિ એમાં પણ ક્યાંય ? ક્યાં ગયા ? અત્યારે નહિ આવ્યા હોય. કામમાં હશે, છોકરાઓ આવ્યા હતા ને ? ... કાંઈક કસરત થવાની છે ને ! આહા..હા...! શું કહે છે સમજાણું ?

શરીર આવું કરવું જોઈએ. અહીં પુણ્ય સારા બાંધશો તો શરીર મજબુત મળશે. મજબુત મળશે તો અહિંસા સામે ટકી શકીશું. પોતાને નભવું હોય તો બધા સાધનો પણ મજબુત જોઈએ. તો શું થાય ? ધર્મ ટકી શકે. અરે..! મૂઢ છે ? ધર્મ તો આત્માના સ્વભાવને આશ્રયે ટકી શકે. સંયોગને આશરે ટકી શકે છે ? સમજાણું કાંઈ ? એવા શલ્ય હોય છે કે એના શલ્યની એને ખબર ન હોય. સમજાણું ?

**'મારું આ પહેલા હતું,...'** બાપા ! શરીર સારા મળ્યા હતા, લક્ષ્મી-બક્ષ્મી સારી મળી હતી તો નિવૃત્તિએ અમે ધર્મ કર્યા, પુણ્ય કર્યા છે, લ્યો ! સમજ્યા ? એથી અમને આ બધું ફળ્યું. એ એમ પરને પોતાનું માને છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'હું આનો પહેલા હતો...'** મેં પુણ્ય કર્યા હતા, મેં બાંધ્યા હતા રજકણો, કર્મ અમે બાંધ્યા હતા. અમે બાંધ્યા એવા જુઓ ! અમને આ મળ્યા છે. ત્યારે અમે નિવૃત્તિથી કામ લઈએ છીએ. મૂંઢ છો ? નિવૃત્તો કેવો તારે ? નિવૃત્તિ તો રાગરહિતની અનુભવદૃષ્ટિ કર ત્યારે નિવૃત્તિ કહેવાય છે. એ નિવૃત્તિમાં બાહ્ય સાધનની બિલકુલ અપેક્ષા છે જ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! ભારે વાત ભાઈ આ ! આવી વાતો ભગવાન જગત પાસે ખુલ્લી મુકતા હશે ? જુઓ ! નાગા બાદશાહ છે. ખુલ્લી મૂકે, ખુલ્લેઆમ છે. નહિતર અપ્રતિબુદ્ધ મૂર્ખ છો. ભણ્યો-ગણ્યો અને ક્રિયાકાંડ કર તો પણ મોટો મૂર્ખ છો, લે !

ચૈતન્ય ભગવાન જ્ઞાનજ્યોતિ પ્રભુ પરમાત્મા ! એને કંઈપણ પૂર્વના અને વર્તમાનમાં કંઈ અંદર ખોસીશ કે આનાથી લાભ થયો અને આનાથી લાભ થશે. મૂંઢ છો. મરી જઈશ, ચાર ગતિમાં રખડીશ. ચૈતન્યને જુદો પાડી શકીશ નહિ. આહા..હા...! એ.. 'કપૂરભાઈ'! આવું તો બધું સાંભળવાનું મળે નહિ. ત્યાં તમારે 'કલકત્તા'માં ક્યાં મળતું હતું ? નવરો માંડ એક કલાક જાય કો'ક દિ'. આપે પેલો માથે દીધું હોય... આમ કરો... આમ કરો... આમ કરો... .. કરો... આમ કરો... કોલસા સુધારો. વ્યવહાર સુધારો એમ. કોલસા ધોળા કરો. કોલસા ધોળા નહિ થાય. (અગ્નિમાં) બાળ તો ધોળા થશે. સાંભળ ને હવે. આહા..હા...! કોલસા હોય છે ને ? ધોળા કરો. નહિ થાય ધોળા. વ્યવહાર સુધારો, આ કરો, ફલાણું કરો, દયાના કામ કરવા, આમ કરો. ધૂળ પણ નથી કરી શકતો, સાંભળને હવે. આહા..હા...! અગ્નિ મૂકીને કોલસાને બાળી નાખ તો ધોળો થશે.

કોઈપણ બહારના સાધન ભૂતના, વર્તમાનમાં મારા આત્માને મદદગાર નથી અને હું એમાં નથી, એમ બાળ, મૂક અગ્નિ અંદરથી. સમજાય છે કાંઈ ? પૈસાવાળાને ઘણાને એવું હોય, અમે પૈસાવાળા છીએ, જુઓ ! અમારે લઈને ધર્મની શોભા છે. સો-પચાસ ગરીબ માણસ બેઠા હોય, તારા લાખ માણસ બેઠા હોય પણ અમે બે-પાંચ-દસ કરોડવાળા મોઢા આગળ બેઠો હોય તો કેટલી શોભા ! એક લાખ રૂપિયા, બે લાખ, પાંચ લાખ... કરો ચંદા. પાંચ લાખ ને એક રૂપિયા. પેલો કહે દસ લાખ, પેલો કહે પંદર લાખ, લ્યો !

એ કહે છે કે આવો દાખલો પણ મળવો મુશ્કેલ છે. પણ હોય તો તપણ અહીં છે કાંઈ નથી, એમ કહેવું છે અહીં તો. કિંમત શું એની ? અમારે લઈને ધર્મની શોભા. બાપા ! તમે પૈસા વિનાના નિર્ધન માણસ શું કરો ? સાંભળને હવે. નિર્ધન કોણ છે ? આનંદકંદનું સ્વધન ભગવાન છે. સમજાણું કાંઈ ? ભગવાન સ્વધન છે. એ નિર્ધન કોઈ દિ' નથી. નિર્ધન હતો માટે ગરીબ છે ? એમ માનવો આત્માને ? સ્વધન માટે અધિક છે એમ માનવું ? મૂંઢ પરને પોતાનું માને છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'મારું આ પહેલા હતું,...'** આમાં બધું એમાં છે, હોં ! ઘરનું કાંઈ નથી. આમાંથી કાઢીએ છીએ, આ તો આ શબ્દમાં આ બધું છે. આ તો એકલા સૂત્ર પડ્યા છે, સિદ્ધાંતો એટલા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. સિદ્ધાંતના તો દાખલા આપવામાં આવે છે, જેથી એને સિદ્ધાંતનો ભાવ સમજવામાં આવે. **'હું આનો પહેલા હતો;...'** એ મેં પુણ્ય કર્યા હતા, મેં પુણ્ય કર્યા. પણ તું પુણ્ય કર ? પુણ્ય તો વિકાર અજીવ છે. તારા સ્વભાવમાં કે દિ' પુણ્ય હતા ? સમજ્યા ? અમે પુણ્ય કર્યા હતા, અમારા એ પુણ્ય હતા. અમે શરીર આવું ઉતાર્યું હતું. સમજ્યા ? આનો પહેલા હતો.

**'મારું આ ભવિષ્યમાં થશે,...'** બાપુ ! આ પુણ્ય કરીશું તો ભવિષ્યમાં બધા સારા સાધન મળશે. તેથી લાભ મળશે. કેટલાક એમ કહે છે, ભાઈ ! પુણ્ય કરો તો સ્વર્ગમાં જશો. ભગવાન પાસે જવાશે અને ત્યાં સમકિત પમાશે. મૂંઢ ! નહિ પમાય, સાંભળ ! 'સેઠી' ! ભારે વાત આકરી ! **'મારું આ ભવિષ્યમાં થશે.'** બાપા ! પુણ્ય કર્યા એ નકામા નહિ જાય. એ આપણને સ્વર્ગ આપશે. સ્વર્ગમાંથી પછી ભગવાન પાસે જવાય. મૂઢ છો. સંયોગથી આત્માને લાભ ભવિષ્યમાં થશે એમ માને છો ? જડને આત્મા તું માને છો, આત્માને આત્મા માનતો નથી. 'લાલચંદજી'! શું છે ? તમે વાંચ્યું છે કે નહિ ? આહા..હા...! સમજાય છે ને ? ભાઈ ! થોડું થોડું. 'સોભાગભાઈ'ને તો ગુજરાતી બરાબર સમજાય છે. એ તો ઘણીવાર આવે છે. આહા..હા...!

અરે..! ભગવાન ! 'કુંદકુંદાચાર્ય' જંગલમાં રહ્યા. ત્યારે તને બીજાને લાભ આપવા લખવાનો વિકલ્પ શું કરવા કર્યો ? અરે..! સાંભળને હવે. એ વિકલ્પ અમારો છે જ કે દિ' ? અને વિકલ્પમાં અમે લાભ માન્યો છે કે દિ' ? સાંભળને ! આ વિકલ્પ થયો તેમાં પુણ્ય બંધાશે. તેમાંથી ભવિષ્યમાં તિર્થંકર થશું, ઇન્દ્ર થશું, ભગવાન પાસે જવાય છે. માન્યું છે કે દિ' અમે ? માળા, આરોપ લે છે મફતનો ! અમે તો કહીએ છીએ કે અમારા વિકલ્પનું ફળ ભવિષ્યમાં આવશે એમ માનનાર તો જડ માનનારો છે. જડ માનાનારા છે, એને અમે ચૈતન્ય માનતા નથી. આહા..હા...! એ... 'વજુભાઈ'! હવે આમાં કાંઈ નમતું મૂકાય એવું છે કે નહિ થોડું ? બે ભાગ પાડો, એક જણો કહે. 'સોનગઢ'વાળા કહે છે, 'કાનજીસ્વામી' કહે છે અને અમે કહીએ એમાં એ થોડાક આમ ચાલે અને અમે થોડાક આમ ચાલીએ, પછી ભેગા થઈ જશું. પંડીતજીને કીધું, નાખો આમાં આપણે. કો'ક એમ કહેતું હતું, નહિ ? 'પુનમચંદ' તમારા. 'પુનમચંદ ઘાંસીલાલ' નહિ ? ઘણા વર્ષથી કાળા પત્થરનું મંદિર કરાવે છે. એ એક ફેરી કહેતો હતો, એવું સાંભળ્યું છે, હોં ! કાનજીસ્વામી થોડું નમતું મુકે અને આ લોકો થોડું નમતું મુકે તો બન્ને ભેગા થઈ જાય. આમાં નમતું શી રીતે મૂકવું ?

અહીં તો ચોખ્ખી વાત છે કે કોઈ ભવિષ્યમાં આ હું પુણ્ય બાંધું છું, પુણ્ય છે એ મારા વર્તમાન માને એ મૂંઢ છે અને એનાથી ભવિષ્યમાં મને કાંઈ લાભ થશે એ માનનારો એ મૂંઢ છે એમ માને છે, કહે છે. હવે એમાં નમતું શી રીતે મૂકવું ? 'વાડીભાઈ' ! દાંત કાઢે છે અમારા 'શેઠી' જુઓ ! આ મીઠાલાલનો (દાખલો) આપો, ભાઈ ! બહુ મીઠા માણસ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે. હળવે હળવે ... હળવે હળવે આમ આમ કર્યા કરે. 'મીઠાલાલજી' કોને કહે ?

ભગવાન ! બાપુ ! તું કોણ છો ? ભાઈ ! તારા ચૈતન્યની સ્વતંત્રતાના અંતર સાધનમાં પરની બિલકુલ જરૂર નથી. અને જો પરના સાધનથી માન્યું તો તેં જડને જ આત્મા માન્યો છે. એમ અહીંયાં કહે છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય'નો પોકાર (છે), જીવ-અજીવની સત્તા ભિન્ન છે. જીવની સત્તા ચૈતન્ય જ્ઞાયક પ્રભુ (છે). તેથી કહે છે, **'सव्वण्हुणआणदिट्ठो'** ભગવાન આત્મા તો ઉપયોગ લક્ષણ–જ્ઞાનદર્શન સ્વરૂપવાળો આત્મા છે. એને તું ભૂતકાળમાં રાગવાળો, વર્તમાનમાં અને ભવિષ્યમાં રાગથી અને સંયોગથી લાભ માન (તો) ભગવાન ! તેં આત્માને માન્યો નથી. આહા..હા...! પેલાને એવું સારું લાગે, આહા..! આમ કરશો તો આમ થશે. પછી આમ કરીશું. પછી દાખલો આપે 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો. જુઓ ! કંઈ પુણ્ય કરશે તો નિમિત્ત મળશે તો સમતા રહેશે તો વળી પામી જશે. પણ પામશે તો આત્માથી કે એનાથી ? સાંભળને ! સમજાણું કાંઈ ? એ 'મોક્ષમાર્ગપ્રકાશક' નો દાખલો આપે છે.

**'મારું આ ભવિષ્યમાં થશે,...'** આપણા ભાવ કર્યા હશે એ અલેખે નહિ જાય. સમજ્યા ને ? અલેખે નહિ જાય. ભવિષ્યમાં આપણને સગવડતા મળશે. પૈસા-બૈસા મળે, શરીર નિરોગી મળે. લ્યો ! શરીર નિરોગી મળશે તો ધર્મ થાય. સરોગી મળે તો થાય ? માટે આપણે કાંઈક કરીએ તો શરીર નિરોગી મળશે. એ માનનારો હું આ ભવિષ્યમાં મારું થશે એમ અચેતનને પોતાનું માને છે. 'સેઠી' ! હવે રોગ કે અરોગ એ તો જડની અવસ્થા છે. એ તને ક્યાં લાભ-અલાભમાં નુકસાન કરે છે ?

સાતમી નરકનો નારકી, મહાપીડા જેની રવ-રવ નરકમાં. સંયોગની પ્રતિકુળતાનો પાર ન મળે. પ્રતિકૂળતા કોણે ગણી છે ? એમાં જ અંદર ઉતરે છે, ફડાક દઈને. પરની ઉપેક્ષા કરી, સ્વની અપેક્ષામાં ઉતરી જાય છે. રવ-રવ નરકે સમ્યગ્દર્શન પામે છે. આત્માના પુરુષાર્થથી પામે છે. એને બહારના પ્રતિકૂળ સાધન તો આટલા હતા. શું છે એ ? સાધન શું તને કરે છે ? રોકે છે ? એમ કોઈ માને કે પાપની પ્રતિકુળતાના સાધનોમાં આત્મા નિવૃત્તિ નહિ લઈ શકે તો એ અચેતનને જ જીવ માને છે. સમજાણું કાંઈ ? સમજાણું કાંઈ ? 'શાંતિભાઈ' આવે તો વળી કાંઈક હશે. કહો, સમજાણું આમાં ? આહા..હા...! આમાં આટલું ભર્યું હશે !? આ તો થોડુંક કેટલું કહેવાય ? સચેત-અચેત અને મિશ્ર ભૂતકાળના, વર્તમાન કે ભવિષ્યના રાગથી માંડીને બધું આવે. પછી એને જેટલો ઉકેલ કરવો હોય એટલો કરે.

**'મારું આ ભવિષ્યમાં થશે,...'** ભાઈ ! કર્યા નહિ જાય. એમ વળી કેટલાક કહે છે. આ કર્યા, પુણ્ય કર્યા હોય ને. કર્યા ન જાય. એ દાડીયાની દાડી ન જાય. 'પોપટભાઈ'! દાડીયા સમજો છો ? મજુર. આ દિવસની દાડી નથી કરતા ? મજુર. તમારે શું કહે છે ? આ દીડાયા એક દિવસનો. એક દિવસનો દાડીયો કરેલો હોય એના દોઢ રૂપિયો કે રૂપિયો કર્યો હોય, પહેલા ચાર આના હતા, હવે આ બે રૂપિયા થયા. ત્રણ આના, ત્રણ આના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હતા. અહીં પથરાનું કામ કરતા હતા. એક દિવસના ત્રણ આના. હવે દોઢ-દોઢ થઈ ગયા. એમ કહે કે દાડીયાની દાડી ન જાય. એક દિવસની મજુરી કરે તો એને દોઢ રૂપિયો, રૂપિયો મળશે. દાડીયાની દાડી ન જાય. એમ આપણે કાંઈક કરીશું એનું ફળ આવશે. અરે..! સાંભળ તો ખરો પણ હવે. એમ બોલે. એવા બોલે, પુણ્ય આમ ગળે વળગ્યું છે. એટલા બધા લખાણ આવે. બાપા ! મેળ નહિ ખાય ક્યાંય. શું કહે ? અહીં તો કહે છે, ભવિષ્યમાં આ મારા પુણ્યથી મને લાભ થશે. આ સારી સામગ્રી હશે ને તો લાભ થશે. એ સામગ્રીને જ આત્મા માને છે. 'રાજારામજી'! શું કરવું હવે ? બીજા સાથે મેળ નથી ખાતો શું કરવું ?

અપૂર્વ વાત છે. ઝઘડા થાય છે. એવી વાત છે. વીતરાગનું ઘર, સર્વજ્ઞના પરમાત્માના પેટની વાત છે. ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રિકાળ જ્ઞાન છે. ભગવાનની વાણીમાં આ વાત આવી છે તે જ વાત સંતો કહે છે, આ છે... આ છે... આ છે.. ભાઈ ! આહા..હા...! સમજાણું ?

**'મારું આ ભવિષ્યમાં થશે,...'** કાંઈક.. કાંઈક.. કાંઈક તો મદદ કરશે. આ સંઘયણ મજબુત જો હશે ને, વજનારાચ (સંહનન હશે) તો કેવળ થશે. આ માણસપણું મળશે તો કેવળ થશે. આર્યપણું મળશે તો કાંઈક ધર્મ સંભળાશે. પણ આર્યપણામાં જન્મ ન થાય અને એમ ને એમ થઈ જશે ? હવે સાંભળને. આર્યપણામાં લાખ અનંતવાર ઉપજ્યો, એનાથી ધર્મનો લાભ નથી. આ સમવસરણમાં અનંતવાર ગયો એનાથી લાભ નથી એમ અહીં કહે છે. દિવ્યધ્વનિ પર છે. પરથી મને લાભ માનનારો પરને, જડને જ આત્મા માને છે. એમ કહે છે. આહા..હા...! 'પોપટભાઈ'! વાતું બહુ એવી છે, હોં ! આહા..હા...!

ભાઈ ! ચૈતન્યના નૂરનું પૂર છો ને તું ! ચૈતન્યના નૂરના પૂરમાં એ વિકલ્પ શેનો ? પરમાત્મા તો ચૈતન્યના નૂરનું પૂરનો ભરપુર ભરેલો છે, એને આત્મા કહીએ. એ સિવાય આ રાગ ને રાગનું બંધન અને એના ફળ ભવિષ્યમાં અમને ઠીક પડશે, કાંઈક ઠીક પડશે. આ બાંધી દીધું હોય... હવે એમાં કહે કે તમે ધર્મ કરો. એમ થતો હશે ? પણ કાંઈક ... લેવાનો હોય, તો ધર્મ થાય. મૂંઢ છો ? એની સાથે સંબંધ નથી. એવા આમ ખુલ્લા સાધન હોય તો ત્યાં ધર્મ પામવાને લાયક થાય અને આમ હોય તો ન થાય. કહે છે કે તું જડને જ આત્મા માને છો. 'સેઠિયા' !

**શ્રોતા :–** પુણ્યથી લાભ માને એ બધા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધા જડ છે. પરની વસ્તુથી લાભ થાતા હશે તને ? એથી તો નિમિત્તની મૈત્રી છોડતો નથી. 'પ્રવચનસાર'માં કહ્યું છે ને ? પોતાના જ્ઞાનમાં એ જ્ઞેય નિમિત્ત પડે છે એટલે એને એમ લાગે છે કે આને લઈને અહીં થાય છે. માટે એને મૈત્રી છોડતો નથી. સમજાણું ? એ.. 'ન્યાલભાઈ'! આ બધા જૂના માણસ છે. હવે શું આનું કરવું ? આનો નિવેડો શી રીતે કરવો ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા** :– જ્ઞાનથી નિવેડો થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– પણ હવે અત્યાર સુધી આ ત્રીસ વર્ષ સુધી રસ ખાધો નહિ. એનું ક્રિયાનું કાંઈક ફળ હશે કે નહિ ? આ તો 'કાનજીસ્વામી' કહે બિલકુલ નહિ... બિલકુલ નહિ, એ નિશ્ચયાભાસ છે, જાઓ ! બીજા હોય તો એમ કહે કે રાગની મંદતા હોય તો એના વિના થાય નહિ અને એનાથી થાય. વ્યવહાર પણ એનો સાચો અને નિશ્ચય પણ સાચો. એય..! ભગવાન ! આ તો ભગવાન કહે છે, બાપા ! સમજાય છે ? ભગવાનના ઘરની વાત છે. આ કાંઈ કોઈના ઘરની નથી. છે તો ઘરની પણ કોઈની કલ્પનાની વાત નથી. આહા..હા...! 'સેઠી' ! શું કરવું ? મારું આ ભવિષ્યમાં થશે. પણ જુઓ ! આ 'મહેન્દ્રભાઈ'! આવા અનુકુળ છે તો મકાન કરાવી દીધું, લ્યો ! મકાન કરાવ્યું તો નિવૃત્તિથી ધર્મ થઈ શકે છે, લ્યો ! પણ છોકરો એવો પાક્યો હોય તો ? નહિ, બાપુજી આવવું પડશે, પિતાજી અહીં આવવું પજશે, દુકાને બેસો. પચાસ હજારનું મકાન કરાવ્યું, લ્યો ! જાવ પિતાજી જાવ તમે. અહીં રહો અને અહીં મરો. મરો એટલે એમ પછી.... 'સેઠી' ! એક દિ' મરવું છે ને ? દેહ છોડીને સમાધિ.

ભગવાન આત્મા બિલકુલ ભૂત-ભવિષ્ય અને વર્તમાન, રાગ અને રાગના ફળથી તદ્દન નિરાળો છે, તદ્દન નિરાળો છે. એના ભાનથી મરે તેને સમાધિમરણ કહે છે. બાકી બધા ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં, નિર્વિકલ્પો અહં એવો વિકલ્પ. એ મારો છે અને એનાથી મને લાભ થાય એ બાળમરણે મરે છે. જડને પોતાનું માનીને મરે છે. હાય... હાય ! રાડ નાખી જાય. નાત બહાર કરે એવા છે. અહીં તો હવે 'સોનગઢ'માં કોઈ નાત રહી નહિ. અહીં કાંઈ કોઈનો વાડો રહ્યો નહિ. જેને ઠીક પડે એ માનો, ન ઠીક પડે તો કાંઈ નહિ. નહિતર પેલા વાડામાં રહેવા દે નહિ. નહિ, અમારા સંપ્રદાયમાં નહિ ચાલે. પણ પહેલેથી અમે નિકળી ગયા, સાંભળને ! વાત તો સાંભળ ! હજી ચૈતન્યની, તત્ત્વના સત્ત્વની કે એના સત્વમાં શું છે ? ચૈતન્ય સત્ છે. એના સત્વમાં શું રાગ સત્ત્વ પડ્યું છે ? અને એના સત્ત્વના, એના ભાવને શું બહારના સાધનથી લાભ થાય એવું પડ્યું છે સત્ત્વ ? સમજાણું કાંઈ ? બહારના સત્ત્વના સાધનથી અહીંયાં ભૂત-વર્તમાન અને ભવિષ્યમાં આત્માને લાભ થાય એવી ચીજ છે નહિ. એ ચીજ એવી નથી.

'**હું આનો ભવિષ્યમાં થઈશ,..**' હવે એ બધા મારા થશે. મારા થશે, મારા થશે, અમારાથી જુદા નહિ પડે. આહા..હા...! કહે છે ને ? લાકડીએ માર્યા પાણી જુદા નહિ પડે. અમારા ભાવ કરેલા ત્યાં આવીને ફળશે. મોઢા આગળ. આમ હજાર હજુર (થશે). લ્યો, લક્ષ્મી, લ્યો, લાડવા, લ્યો, બાયડી, લ્યો, છોકરા, આ મકાન શું જોઈએ તમારે ? સામ-દામ ને ઠામ. એ બધા મળશે. પણ મળે એમાં તને શું મળ્યું ? મૂઢ ! એ તો પર જડ મળ્યું. સમજાણું કાંઈ ? એ.. 'ભીખાભાઈ'! શું કરવું આમાં હવે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભગવાન ! તારી બલિહારી છે, બાપા ! ભાઈ ! તું તો એવો સ્વતંત્ર પ્રભુ છો ને ! તારે કોઈપણ વિકલ્પને, વિકલ્પના ફળમાં સંયોગનું સાધન તને જરૂર નથી. એવી તારી ચીજ છે. આહા..હા...! એ માટે આ ચાર ... સ્પષ્ટ કરે છે.

**'આવા જૂઠા વિકલ્પથી અપ્રતિબુદ્ધ ઓળખાય છે.'** આવા જૂઠા વિકલ્પથી એ મૂર્ખ છે, મિથ્યાદૃષ્ટિ છે, મૂંઢ છે. ભલે દિગંબર સાધુ હો, અગિયાર અંગ ભણેલો હો, પણ આવી જેની માન્યતા છે એ અપ્રતિબુદ્ધ નામ ચૈતન્યના સ્વસંવેદનને જાણતો નથી. સમજાણું કાંઈ ? હવે સવળું શું છે એ લેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**સાધ્ય એવો જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને સિદ્ધ ભગવંતો છે. દ્રવ્યસ્તુતિ દ્વારા 'હે સિદ્ધ પરમાત્મા !' એમ કહે છે ત્યાં ભાવસ્તુતિ દ્વારા પોતાના આત્મામાં પડઘો પડે છે કે 'હે સિદ્ધ પરમાત્મા !' આ રીતે સાધ્ય તો માત્ર પોતાનો આત્મા જ છે પણ સિદ્ધભગવંતો સાધ્યના પ્રતિચ્છંદના સ્થાને છે. એવા તે સિદ્ધ પરમાત્માના સ્વરૂપનું ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાઈને, સિદ્ધ સમાન મારું દ્રવ્ય છે, સિદ્ધરૂપે જ મારું સ્વરૂપ છે, એવા સિદ્ધસ્વરૂપ નિજ આત્માને ધ્યાઈને, સંસારી જીવો તેમના જેવા થઈ જાય છે.**

('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૮૪)

**ભાઈ ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે ! મા-બાપ, ભાઈ-બહેન સગા સંબંધી આદિ અને કુટુંબીઓ મરીને ક્યાં ગયા હશે ? એની કાંઈ ખબર છે ? અરે ! મારે મારા આત્માનું હિત કરી લેવું છે–એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા ! સગા સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર ? માટે જે જાગતો રહેશે તે બચશે ?**

('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૯૪)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, શ્લોક-૨૬, ગાથા–૧૫,
## પ્રવચન નં. ૨૩, તા. ૧૨-૧-૧૯૭૨
## [૯]

૧૫ મી ગાથાનો ૨૬ મો કળશ છે.

**क्वचिल्लसति सद्‌गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः**
**क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्य्यायकैः।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं।**
**नमामि परिभावयामि सकलार्थसिद्धयैसदा।।२६।।**

આ જીવની વ્યાખ્યા છે ને ! જીવતત્ત્વ. જીવ અધિકાર. કહે છે, જીવ છે એ ક્વચિત્ સદ્‌ગુણો સહિત દેખાય છે. એટલે કે કોઈ વખતે તે કેવળજ્ઞાન આદિ ગુણોસહિત જણાય છે. સમજાણું કાંઈ ? **'ક્વચિત્ સદગુણો...'** ત્રિકાળ ગુણની અહીંયા વાત નથી. એટલે કોઈ વખતે પ્રગટે એની વાત છે. **'ક્વચિત્ સદ્‌ગુણો સહિત વિલસે છે...'** (વિલસવું એટલે) દેખાવ દેવો, દેખાવું, ઝળકવું, આવિર્ભૂત થવું, પ્રગટ થવું. **'ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે,...'** કોઈ વખતે મતિ-શ્રુતજ્ઞાન આદિ અશુદ્ધ ગુણ કહેવાય છે એ રીતે દેખાય છે. સમજાણું કાંઈ ?

**'ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે...'** હવે અહીં કેવળજ્ઞાન આદિ સદ્‌ગુણોમાં તો નાખ્યા પણ કેવળજ્ઞાનને પર્યાય પણ આમાં નાખે છે, પંદરમામાં ? એટલે લગભગ એ લાગે છે. કારણ કે શુદ્ધ વ્યંજનપર્યાય તો આમાં નાખી જ નથી. નહિતર એમ લેવાય કે સહજ પર્યાય, પણ છે બહુવચન. **'ક્વચિત્ સહજ પર્યાયો...'** એટલે કેવળજ્ઞાન આદિ **'પર્યાયો સહિત વિલસે છે.'** **'ક્વચિત અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે.'** એ વ્યંજન પર્યાય છે. નારકી, મનુષ્ય દેવાદિના પ્રદેશના આકાર. કહો, સમજાણું ? ચાર બોલ થયા.

ભગવાન આત્મા...! અહીં તો પછી કહેશે કે બધી પર્યાયરહિત ભિન્ન તત્ત્વ છે, એમ કહેવું છે. આહા..હા...! ક્વચિત્ નામ કોઈ વખતે કેવળજ્ઞાનાદિ ગુણોથી પણ દેખાય અને કોઈ વખતે મતિ-શ્રુતાદિથી પણ દેખાય, અને સહજ પર્યાય સહિત પણ વિલસે છે. કેવળજ્ઞાનાદિ પર્યાય સહિત પણ કોઈવાર દેખાય. એને પર્યાયસહિત લેવાય તો જ મેળ ખાય, નહિતર મેળ ખાતો નથી. વ્યંજન પર્યાયને પણ લે પણ અહીં લીધી નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને અશુદ્ધ પર્યાયસહિત એ વ્યંજન(પર્યાય). નારકી, મનુષ્ય, દેવ અને પશુ એના જે પ્રદેશનો આકાર (છે) એને અશુદ્ધ વ્યંજનપર્યાય કહે છે. સમજાણું કાંઈ ? અહીં વિકારની વાત આમાં નથી લીધી. કારણ કે ઉપયોગની વ્યાખ્યા છે ને આ બધી ? વિકાર આ પુણ્ય-પાપ એની વ્યાખ્યા એમાં છે. આ તો ઉપયોગની અંદરની આ ગાથાઓ છે એટલે એમાં આ નાખ્યું છે.

**'આ બધાથી સહિત હોવા છતાં...'** છે ને **'सनाथमपि'** ? સનાથ છે. એવી પર્યાયો સહિત હોવા છતાં એ બધાથી રહિત છે. પર્યાયમાં એના ભેદોમાં સહિત હોવા છતાં વસ્તુ જે ત્રિકાળ છે એ બધાથી રહિત છે. સમજાણું કાંઈ ? ઉપયોગનો અધિકાર છે ને આ બધો ? આત્મા ! ઉપયોગની વ્યાખ્યા છે ને ? એટલે ક્વચિત્ જ્ઞાનાદિ–કેવળજ્ઞાનાદિથી દેખાય ક્વચિત્ અશુદ્ધ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ, મનઃપર્યયથી જણાય, ક્વચિત્ એને પર્યાય ગણીને સહજ પર્યાય સહિત જણાય અને ક્વચિત્ વ્યંજનપર્યાય અશુદ્ધ, સંસારમાં નારકી આદિ છતાં એ પર્યાય હોવા છતાં વસ્તુ એનાથી રહિત છે. આહા..હા...!

**શ્રોતા :–** કોને દેખાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જણાય છે, પર્યાયમાં આવે છે એમ. દેખાય એટલે દેખનારને દેખાય. પણ ***અહીં તો પર્યાયપણે, પર્યાયમાં આવા ભંગો દેખાય છે, એમ છે, છે. સમજાણું કાંઈ ? છતાં, એ છે છતાં વસ્તુ એ પર્યાયથી રહિત છે. આહા..હા...! એવી વાત ઝીણી છે. સમજાણું કાંઈ ?*** ક્વચિત્ ક્વચિત્ શબ્દ પડ્યો છે ને ? કાયમની અહીં વાત નથી. કાયમનો અર્થ એકરૂપ જે વસ્તુ દ્રવ્ય છે એમાં ગુણો એકરૂપ ત્રિકાળ અભેદ ભેગા છે.

**'એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું...'** મુનિ પોતે કહે છે કે **'હું...'** જુઓ ! આદરણીય આ ચીજ છે એમ કહે છે. પરવસ્તુ તો એમાં છે નહિ, પુણ્ય-પાપની અહીં વાત નથી, અહીં તો ઉપયોગની વાત છે. સમજાણું કાંઈ ? ઉપયોગમાં પણ વ્યજંનપર્યાય ભેગી એને ગણવામાં આવી છે. એ હું નહિ. આ શરીરની વાત નથી. અંદર મનુષ્ય–આ શરીરને આકારે આત્માના પ્રદેશો જે આકાર થાય એને ત્યાં અશુદ્ધ વ્યજંન પ્રગટ પર્યાય કહેવામાં આવે છે અને કેવળજ્ઞાનાદિને શુદ્ધ ગુણ ગણીને, મતિ-જ્ઞાનાદિને અશુદ્ધ ગુણ ગણીને અને એ કેવળજ્ઞાનને શુદ્ધ પર્યાય ગણીને અને વ્યંજનપર્યાય અશુદ્ધ ગણીને, ક્વચિત્ ક્વચિત્ એમાં હોય. સદાય કેવળજ્ઞાનપર્યાય ન હોય, સદાય કેવળજ્ઞાનાદિ ગુણો પણ ન હોય, સદા મતિજ્ઞાનાદિ ગુણ પણ ન હોય, સદા અશુદ્ધ વ્યંજનપર્યાય પણ ન હોય. સમજાણું કાંઈ ?

એવાથી હોવા છતાં, એમ છે ને ? **'આ બધાથી સહિત..'** સનાથ છે, એમ. સનાથ છે એની પર્યાયમાં એ. છતાં **'जीवतत्त्वमनाथं'** છે ને ? એનાથી રહિત છે, એમ કહે છે. **'એવા જીવતત્ત્વને...'** આવો જે જીવ ભગવાન આત્મા–પર્યાયના ભેદ વિનાનો, ત્રિકાળી **'જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે...'** મારા મુક્તિને માટે એમાં **'નમું છું,...'** એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મોક્ષમાર્ગ થયો. સકળ અર્થની સિદ્ધિ એ મોક્ષ થયો. એને માટે આ માર્ગ થયો.

'નિયમસાર' છે ને ! એવો જે ભગવાન આત્મા વર્તમાન આવી પર્યાયો જ્યારે જે વખતે મતિજ્ઞાનાદિ હોય ત્યારે કેવળજ્ઞાન ન હોય, કેવળજ્ઞાન હોય ત્યારે મતિજ્ઞાન ન હોય. ક્વચિત્ છે ને એ ! કેવળજ્ઞાનની પર્યાય હોય ત્યારે અશુદ્ધ વ્યંજનપર્યાય હોય ખરી એને. સમજાણું કાંઈ ? મનુષ્યપણું છે ને એ આકારે ! પણ છતાં એ ક્વચિત્ વ્યંજનપર્યાયાદિ એ બધી અવસ્થાઓના ભેદ છે, વસ્તુમાં એ નથી, એમ કહે છે. જે વસ્તુ ઉપર દૃષ્ટિ કરવી છે એ વસ્તુમાં ભેદો નથી. તેથી એ ચીજને હું નમું છું એમ કહે છે.

**'એવા આ જીવતત્ત્વને...'** આ જીવતત્ત્વને. પ્રત્યક્ષ મારું તત્ત્વ જે જીવ. આહા..હા...! ***પર વિનાનું તો છે પણ આવા ભેદની પર્યાય અને ગુણના ભેદ વિનાની એ ચીજ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ જીવતત્ત્વ એ જ ઉપાદેય છે.*** એ.. 'મનસુખ' ! છે ને એમાં ? ત્યાં તો કાંઈ સમજાય એવું નથી.

**'એવા આ જીવતત્ત્વને...'** આ મારું જીવતત્ત્વ. ત્રિકાળી ધ્રુવ, પર્યાય વિનાનું આહા..હા...! સમજાણું કાંઈ ? માર્ગ બહુ જીણો છે, અને એના ફળ પણ અલૌકિક ને ! કહે છે કે મારી સર્વ અર્થની સિદ્ધિને માટે. સકળ અર્થની સિદ્ધિ, મુક્તિ એને **'માટે સદા નમું છું,...'** એવા દ્રવ્યમાં જ મારું વલણ છે. આહા..હા...! 'પોપટભાઈ'! વાંચ્યું છે કે નહિ ત્યાં ઘરે કોઈ દી ? પોતાની મેળે વાંચ્યું હોય.

આમ વસ્તુના બે પ્રકાર. આત્મા દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ અને વર્તમાન દશાઓ. એનું આ વર્ણન છે. જીવતત્તવ અધિકાર છે ને ? ***એટલે દશાઓના જે ભેદો છે એનાથી ભગવાન ધ્રુવ છે એ રહિત છે. આનાથી સહિત હોવા છતાં એનાથી દ્રવ્ય રહિત છે. વ્યવહારથી સહિત છે, નિશ્ચયથી સહિત નથી.*** સમજાણું કાંઈ ? એ ભેદો જ બધા કેવળજ્ઞાનાદિ ભલે હો પણ એ છે વ્યવહારનો વિષય. પર્યાય છે ને ? આહા..હા...! એવા વ્યવહારના વિષય સહિત હોવા છતાં મારું ત્રિકાળી નિશ્ચય તત્ત્વ તેનાથી રહિત છે. આનાથી સહિત છે, આનાથી રહિત છે. આહા..હા...! જુઓ ! નિશ્ચય-વ્યવહારની શૈલી ! સમજાણું કાંઈ ? પાછું તેમાં નિશ્ચયથી આ જીવ સદાય આનાથી રહિત છે. નિશ્ચયથી પણ પાછો સદા એનાથી સહિત છે એમ ન હોય. વ્યવહારથી સહિત છે અને એ રીતે વ્યવહારથી રહિત દ્રવ્ય છે એ બરાબર છે. વ્યવહારથી સહિત છે એ રીતે નિશ્ચયથી પણ આ વ્યવહાર છે તે સહિત છે એમ નથી. એમ નિશ્ચયથી રહિત છે તો વ્યવહારથી પણ સહિત છે અંદર, નિશ્ચયથી રહિત છે અને નિશ્ચયથી પણ સહિત છે એમ ન હોય. સમજાણું કાંઈ ? આ બધી અટપટી વાત છે. આહા..હા...!

**શ્રોતા :–** અટપટી છે પણ છે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... પણ અટપટી, ગંભીર એમ. ગંભીર. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ધર્મી જીવને શરણ હોય તો એ જીવના બે ભાગ–પર્યાય અને દ્રવ્ય ધ્રુવ – એમ હોવા છતાં પર્યાય જાણવા લાયક છે, છે એમ જાણવાલાયક છે, શરણ કરવા લાયક તો ત્રિકાળી દ્રવ્ય છે. કહો, સમજાણું આમાં ? આવી વ્યાખ્યા માણસને સમજવામાં કઠણ પડે. હજી તો વસ્તુ શું છે ? કેમ છે ? એની આ વાત છે. જીવ અધિકાર છે ને ? **'એવા આ જીવતત્ત્વને...'** ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એકલો શુદ્ધ ગુણનો પીંડ, એકલો શુદ્ધ સ્વભાવનો સાગર એવો હું આ, એમાં મારું વલણ છે, એમાં એકાગ્ર થાઉં છું. એટલે એને હું નમું એટલે એકાગ્ર થાઉં છું. હું પર્યાયને નમતો નથી એટલે પર્યાયમાં એકાગ્ર થાતો નથી, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ ? એ ચૌદમી ગાથાનો છેલ્લો (શ્લોક) થયો. હવે આ પંદરમી (ગાથા). આ કારણશુદ્ધપર્યાય આવે છે. તાકડે 'મનસુખ' ને એ બધા આવી ગયા છે આમાં. આ કોઈ દિ' સાંભળી ન હોય કારણશુદ્ધપર્યાય એ વખતે. કારણશુદ્ધપર્યાય શું હશે ?

હવે પંદરમી.

**णरणारयतिरियसुरा पज्जाया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा।।१५।।**

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**

બધો માલ-માલ આવ્યો છે, 'દિલીપ' ! આ દોઢ મહિનામાં તો.

**શ્રોતા :–** બધો માલ બાંધીને જ જવાનું છે ! ભાતુ છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'નિયમસાર' ની ૩૮મી ગાથા પણ આવી ગઈ. તે દિ' આપણે લીધી હતી ને ? રવિવારે. આ ગાથાઓ બહાર બધી છઠ્ઠે-સાતમે-આઠમે ... ? છઠ્ઠે-સાતમી માલ માલે આવ્યો છે, હોં !

**ટીકા :– 'આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે. ત્યાં સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે:...'** અગુરુલઘુની સ્વભાવપર્યાય પહેલી આવી ગઈ છે પણ એ ક્વચિત્ નથી, સદાય છે. ભાઈ ! એટલે એમાં ક્વચિત્માં એ ન નાખી. આમાં અર્થપર્યાયમાં એ નાખી. સ્વભાવપર્યાય છે એવું છેલ્લે કહેશે. પહેલા-બીજા ભાગ પાડી અને પછી કહેશે એને પણ સ્વભાવપર્યાય કહેવાય.

**'સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય...'** આ અધિકાર આ ઠેકાણે ... છે. બીજે ક્યાંય અન્યમાં તો નથી પણ દિગંબર ગ્રંથમાં પણ આ ગાથા સિવાય બીજે આવું સ્પષ્ટીકરણ ક્યાંય નથી. સમજાય છે કાંઈ ? આ કારણશુદ્ધપર્યાયનો અધિકાર આ પંદર ગાથા સિવાય બીજા દિગંબરના શાસ્ત્રોમાં પણ નથી આવું બધું. સમજાણું કાંઈ ?

કારણશુદ્ધપર્યાય કોને કહેવી એ હવે કહેશે. **'કાર્યશુદ્ધપર્યાય.'** એ સ્વભાવપર્યાયના બે ભાગ. એક કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય. હવે પહેલી કારણશુદ્ધપર્યાય લે છે. બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શાંતિથી, ધીમેથી સમજવા જેવી વાત છે. અપૂર્વ વાત છે. આ હિન્દુસ્તાનમાં એ વાત હતી નહિ. હમણા નહોતી, હોં ! પહેલા તો હતી. આ પંદરમી ગાથામાં હમણા પહેલા-વહેલા હોઈશ, નહિ આમાં ? પહેલા હતો કોઈ દિ' ?

**'અહીં સહજ શુદ્ધ નિશ્ચયથી,...'** સ્વાભાવિક શુદ્ધનિશ્ચયથી. સ્વભાવિક શુદ્ધ અને ખરેખર. **'અનાદિ-અનંત,...'** આત્મામાં **'અનાદિ-અનંત, અમૂર્ત,...'** રૂપ, ગંધ, રસ વિનાનું. **'અતીંદ્રિયસ્વભાવવાળાં...'** ત્રિકાળી અનાદિ-અનંત અતીંદ્રિયસ્વભાવવાળા, અતીંદ્રિય સ્વભાવ જેનો છે. શું ? **'અને શુદ્ધ...'** અતીંદ્રિયસ્વભાવવાળાં ઘણાં ગુણોની આ વ્યાખ્યા છે. **'અને શુદ્ધ એવાં સહજજ્ઞાન...'** ત્રિકાળી સહજજ્ઞાન. આત્મા જેમ ત્રિકાળી ધ્રુવ છે એમ એનું જ્ઞાન સહજ ત્રિકાળી છે. સમજાણું કાંઈ ?

**'સહજદર્શન...'** સ્વભાવિક દર્શન ત્રિકાળી. **'સહજચારિત્ર...'** સ્વભાવિક વીતરાગતા ત્રિકાળી. વસ્તુમાં. અસ્તિ વસ્તુ જે આત્મા સત્ છે એમ જે અવિનાશી છે એમ એનામાં આ ગુણો પણ અવિનાશી સહજ ત્રિકાળ છે. સમજાણું કાંઈ ? **'સહજપરમવીતરાગસુખાત્મક..'** અને સ્વભાવિક પરમ વીતરાગ સુખ અમૃતસ્વરૂપ આત્મા ત્રિકાળ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? સહજ સ્વભાવિક પરમવીતરાગ સુખસ્વરૂપ. **'શુદ્ધ-અંતઃતત્ત્વસ્વરૂપ...'** આત્માનો, જીવનો શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ ધ્રુવ. સમજાણું કાંઈ ? **'જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** ત્રિકાળી સ્વભાવ અનંતચતુષ્ટય. ચાર આવ્યા ને ? સહજજ્ઞાન, સહજદર્શ, વીતરાગતા અને વીતરાગ સુખસ્વરૂપ. એવા અનંતચતુષ્ટયનું સ્વરૂપ. એ તો ઠીક હવે. ત્યાં સુધી ત્રિકાળ આવ્યું.

**'તેની સાથેની...'** એ ચારની સાથે રહેલી **'જે પૂજિત પંચમભાવપરિણતિ...'** જે પૂજવાયોગ્ય, આદરવાયોગ્ય, મહિમા કરવા યોગ્ય એવી અનંતચતુષ્ટય વસ્તુ જે શાશ્વત છે એમ એની સાથે સહજજ્ઞાન, દર્શન, આનંદ અને ચારિત્ર એવું ત્રિકાળી, એની સાથે વર્તમાનમાં સાથે રહેલી પૂજવાયોગ્ય પંચમભાવપરિણતિ – પંચમભાવની અવસ્થા, ત્રિકાળી પંચમભાવ પરિણામિક સહજભાવ. આ બધા પરિણામિકભાવે છે. સહજજ્ઞાન કીધા ને ? એ પરિણામિકભાવે એટલે સહજભાવે, ત્રિકાળભાવે, ધ્રુવભાવે છે. પર્યાયભાવે નથી, ધ્રુવભાવ છે. એની સાથે રહેલી ***પચંમભાવપરિણતિ – એ પંચમભાવની વર્તમાન અવસ્થા. છતાં એ ઉત્પાદ-વ્યય વિનાની.*** સમજાણું કાંઈ ?

**'(તેની સાથે તન્મયપણે રહેલી...)'** ચાર સ્વભાવિક ત્રિકાળી ગુણો – અનંતચતુષ્ટય સ્વભાવ એની સાથે તન્મય-એકપણે રહેલી **'જે પૂજ્ય એવી...'** એ તો આવી ગયું છે. એવી **'પરિણામિકભાવની પરિણતિ...'** ત્રિકાળ સ્વભાવભાવ વસ્તુ શાશ્વત આત્મા સત્ છે સત્. સત્ એ અણઉત્પન્ન અને અવિનાશી છે. એવી જે સત્ ચીજ આત્મા, એના સત્ ગુણો–સહજ જ્ઞાન-દર્શન-આનંદ અને ચારિત્ર–વીતરાગતા. એવા ગુણની સાથે પંચમભાવ જે ત્રિકાળી એની સાથે રહેલી પંચમભાવની પરિણતિ **'તે જ કારણશુદ્ધ પર્યાય છે...'** એટલે કે ધર્માસ્તિ-અધર્માસ્તિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આકાશ અને કાળ ચાર – જે દ્રવ્યો છે એનો ત્રિકાળી ધ્રુવભાવ અને એનો ચારેનો ઉત્પાદ-વ્યય ભાવ, પરિણતિ. એ ઉત્પાદ-વ્યયની પરિણતિ એકધારા ચારેમાં છે. સમજાણું કાંઈ ? શું 'વસંતીલાલજી' !

ધર્માસ્તિતત્ત્વ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ ચારની પરિણતિ એટલે પર્યાય અનાદિ-અનંત ઉત્પાદ-વ્યયપણે એકસરખી છે. સમજાણું કાંઈ ? એવી ***એક આત્મામાં ઉત્પાદ-વ્યય વિનાની એકસરખી ધ્રુવપર્યાય છે એમ કહેવું છે. સમજાણું કાંઈ ?*** કેમ કે જ્યારે ચાર અજીવ દ્રવ્યોમાં પણ એક સરખી ઉત્પાદ-વ્યયની પરિણતિ એકધારાવાહી અનાદિ-અનંત છે તો આત્મામાં સંસારપર્યાય, મોક્ષમાર્ગપર્યાય અને મોક્ષ એ તો બધી એકરૂપ ન રહી. એ છે બધી ઉત્પાદ-વ્યયવાળી. સમજાણું કાંઈ ? સંસારપર્યાય વિકારી, મોક્ષમાર્ગ પર્યાય કંઈક અવિકારી, વિકારી અને મોક્ષપર્યાય તદ્દન અવિકારી. એ તો ભેદ પડી ગયા એકધારા ન રહી. ત્યારે આ ચાર દ્રવ્યમાં એકધારા ઉત્પાદ-વ્યયની પરિણતિ છે તો આ પણ એક દ્રવ્ય છે તેમાં એકધારા હોવી જોઈએ ને પરિણતિ ? ઉત્પાદ-વ્યય તો આવા પ્રકારના છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... પર્યાય. એની એક ધારારૂપ છે એવી ઉત્પાદ-વ્યયમાં એકધારારૂપ આમાં આવી નહિ. સમજાણું કાંઈ ? ઝીણું છે બહુ, આજે તો ઝીણું છે, ભાઈ ! આહા..હા...! પુદ્‌ગલનું કાંઈ નહિ એ જુદી ચીજ છે. વિભાવીક પર્યાય...

આ સ્વભાવી પદાર્થો ચાર–ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ. એનું ધ્રુવપણું અવિનાશીપણું ત્રિકાળી અને ઉત્પાદ-વ્યયપણું એકધારા ત્રિકાળી. ઓછું, અધિક, વિપરિત એવું કાંઈ નહિ. એકધારા. એવી એકધારા આત્મામાં પરિણતિ ઉત્પાદ-વ્યયવાળી તો છે નહિ. સમજાણું કાંઈ ? એથી એ ***ઉત્પાદ-વ્યયમાં આટલી વિષમતા છે તો એક એની કારણપર્યાય એકરૂપ ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવધારા કરીને અનાદિ-અનંત એક કારણપર્યાય છે. સમજાય એટલું સમજો, આ તો બધું...*** સમજાણું કાંઈ ? કારણ કે આ વિષય હિન્દુસ્તાનમાં છે નહિ. અને બીજાઓને પૂછ્યું હતું પણ એનો ઉત્તર કાંઈ આવ્યો નહિ.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ અહીંથી .. ને. હતી ક્યાં બહાર ? ***ગંભીર ચીજ છે, હોં ! એને ધ્રુવ કહેવું અને પર્યાય કહેવી ! સમજાણું કાંઈ ?*** મૂળ તો એનો અર્થ આમ છે, એ ચારને જ્યારે ધ્રુવ, ત્રિકાળી અને ઉત્પાદ-વ્યયની પરિણતિ એકધારારૂપ સરખી (વર્તે છે) ત્યારે એક દ્રવ્યની પૂર્ણતા કહેવાય છે. એમ અહીંયાં પણ એ ત્રિકાળી દ્રવ્ય અને એના ગુણો ત્રિકાળી અને એમાં એક પરિણતિ પણ ત્રિકાળી ઉત્પાદ વિનાની એકધારા. ઉત્પાદ-વ્યયમાં સરખી નથી, તો અંદર એક સરખી હોવી જોઈએ. સમજાણું કાંઈ ? આ વિષય તદ્દન અજાણ્યો છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** ઉત્પાદ-વ્યયમાં તો ... છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છે પણ એ તો બીજી વાત છે. આ તો કારણપર્યાય સિદ્ધ કેમ થાય છે એટલી વાત છે. સમજાણું કાંઈ ? એ કારણપર્યાય છે એમ કહે છે એનો હેતુ શું ? એમ એ વાત (ચાલે છે). પછી વળી એના ઉપર દૃષ્ટિ કરવી અને ઉત્પાદ-વ્યયની (દૃષ્ટિ) છોડવી એ પ્રશ્ન પછી. આ તો કારણપર્યાયની સિદ્ધિ કેમ આચાર્યે કરી છે ? મુનિ કહે છે. સમજાણું કાંઈ ? અને મુનિ પાછા કહે છે કે આ ટીકાના અમે તે કોણ કરનાર ? એમ કહી ગયા છે પહેલા, ભાઈ ! ગણધરો અને આચાર્યો આ બધી ટીકા કરી ગયા છે. અમે મંદબુદ્ધિ તે કોણ ? સમજાણું કાંઈ ? એ પૂર્વાચાર્યો અને ગણધરોથી ચાલી આવેલી વાત છે. સમજાણું કાંઈ ? ઝીણું છે, 'પ્રાણભાઈ'! પકડાય એટલું પકડવું થોડું-થોડું. શેરબજારમાં ઝપાટા મારતા હશે કે મોળા પડી જાતા હશે અંદર ? હવે છોકરાઓ ધંધો કરે. હવે શું છે ? 'વજુભાઈ' કહેતા. આ 'પાનાચંદભાઈ' ના ભાઈ. નથી 'પાનાચંદ' ? તમારા 'વજુભાઈ'! કહેતા. બે છોકરા છે ને 'વજુભાઈ'ના ? એકનું હમણાં સગપણ કર્યું ને ? ક્યાં કર્યું ? એક નાનો છે. એ બે છોકરા મને એમ કહે છે, બાપા ! તમારી ફરજ થઈ ગઈ હવે પૂરી. હવે તમારે કાંઈ કરવાનું નહિ, હવે ત્યાં બેસી જાવ. તમારે જેટલું કરવું હોય એટલું કરી લ્યો. નાનો છોકરો બહુ હોંશીયાર છે. નાના છોકરો કે નો, બાપા ! તમારે અમને મોટા કરવા... બાપા ! હવે તમારી ફરજ બધી પૂરી થઈ ગઈ. હવે કાંઈ તમારે કરવાનું નથી. હવે અમારે હોય તો અમારે માટે, તમે બેસી જાવ. એમ કહેતા હતા. 'વજુભાઈ' કહેતા હતા, છોકરાઓ મને આમ કહે છે.

વાત સાચી. મકાન કરાવ્યા હતા. એમ કે છોકરાઓ આવી રીતે મને કહે છે. ખુશી થઈ, આનંદમાં આવી (કહે છે), બાપા ! હવે તમારે કાંઈ (કરવાનું નથી). અમારે માટે જે ફરજ તમારી હતી એટલી તમે કરી લીધી. હવે અમારે માટે કાંઈ તમારે કરવાનું બાકી રહ્યું નહિ. હવે અમે અમારું કરીશું. તમે તમારું કરો. 'ભગવાનજીભાઈ'! લ્યો ! આ કહેનારા એવા છોકરા પણ ઓછા હોય. એ કહેતા હતા, નાનો છોકરો બહુ કહે છે. બાપા ! હવે તમારી ફરજ થઈ ગઈ છે, હોં ! હા. બધી રીતે હવે. તમારી ફરજ પૂરી થઈ. હવે એકદમ... 'શેઠ'! તમારા છોકરા-બોકરા નહિ કહેતા હોય. એ માટે કીધું છે, હોં !

અહીં કહે છે,.. આહા..હા...! આત્મામાં, જેમ ચાર દ્રવ્યમાં ઉત્પાદ-વ્યયની પરિણતિ... પરિણતિ સમજાય છે ? પર્યાય છે ને ઉત્પાદ-વ્યયમાં ? એકધારી. એવી એકધારી આત્મામાં હોવી જોઈએ. એની ચીજમાં હોવી જોઈએ. પરિણામિકભાવનું આખું દ્રવ્ય ત્યારે પૂરું થાય છે. આ ઉત્પાદ-વ્યયવાળું તો ઉપશમ, ઉદયભાવ, ક્ષયોપશમભાવ, ક્ષાયિકભાવ એવા ભાવવાળું છે, ચાર ભાવવાળું છે. સમજાણું કાંઈ ? ધર્માસ્તિ-અધર્માસ્તિ... આ ઝીણો વિષય છે એકદમ. ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળની જેમ ઉત્પાદ-વ્યયની પરિણતિ એકસરખી પારિણામિક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવે છે, એ પારિણામિક ભાવે છે, પારિણામિક ભાવે છે. એના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે પારિણામિકભાવે છે.

**શ્રોતા :–** એક જ ભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક જ ભાવ છે. આત્મામાં દ્રવ્ય-ગુણ અને પર્યાય પારિણામિકભાવે એસરખી, એમાં છે એવી અહીંયા, હોવી જોઈએને ? સમજાણું કાંઈ ? ૧૯ માં નાખ્યું, ૧૯ ગાથામાં નહિ ? આ 'નિયમસાર'ની ૧૯મી ગાથામાં છે. પહેલો ભાગ છપાણો છે. એ.. 'મનસુખ' ૧૯ ગાથા વાંચી છે કે નહિ ? ખબર નહિ.

**શ્રોતા :–** ૧૯ ગાથા ઉપરના પ્રવચનો આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રવચનો આવ્યા છે 'નિયમસાર'ના. વાંચ્યા છે ? ઠીક. ભલે વાંચ્યા છે ખરી. સમજાણું ન હોય એ જુદું પણ વાંચ્યા છે. આહા..હા...! સર્વજ્ઞની વાણી અને સર્વજ્ઞની દ્રવ્ય સિદ્ધ કરવાની સંતોની પદ્ધતિ, ગજબ વાત છે !! આ વાત દિગંબર સંતો સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ ? એવી વસ્તુની સિદ્ધિ છે એમ સાબિત કરે છે.

કહે છે કે જેમ ચાર દ્રવ્યમાં એની પર્યાય–અવસ્થા પારિણામિકભાવે એકરૂપ છે એવી આત્મામાં પારિણામિકભાવે એકરૂપ (હોવી જોઈએ). બહારની સંસારપર્યાય, મોક્ષમાર્ગ અને મોક્ષ એ તો બધી ચાર ભાવવાળી છે. પેલામાં જેમ પારિણામિક એકવાળી (છે) એવી આમાં (છે) ? આ તો ચૈતન્ય બાદશાહ છે, એમાં તો હોવી જ જોઈએ. પેલા તો એ છે કે નહિ એની ખબર તો આને પડી છે. ચાર દ્રવ્ય છે, એના ગુણ (છે) એની તો એને ખબર નથી. પોતાની અને પરની ખબર આણે કરી છે કે આ વસ્તુ છે. કહે છે કે ચારમાં પણ જ્યારે એકધારા આવું છે તો ***આત્મામાં પણ એકધારા દ્રવ્ય પારિણામિકભાવે, ગુણ ત્રિકાળી પારિણામિકભાવે એમાં એક કારણપર્યાય ત્રિકાળી પારિણામિકભાવે એમાં એ રહેલી છે.*** એનું ઉતાર્યું છે આખું. નક્શો કર્યો હતો, નક્શો હતો. એ રહ્યો નક્શો, જુઓ ! પેલી કોર બારી પાસે નકશો છે. પણ પછી હવે અહીં બેને પૂછ્યું અને બરાબર ન આવ્યું. ...ને પૂછ્યું 'બંસીધરજી' ને પૂછ્યું, આનું શું ? એ તો અનાદિ-અનંત ગુણની વાત છે. ***ભાઈ ! ગુણની નથી અહીં તો અનાદિઅનંત પર્યાયની વાત કીધી છે. આ તો મોટા મોટાને ખબર નથી. એટલે પછી આ નકશો બહાર ન પાડ્યો.*** નહિતર 'નિયમસાર'માં ૧૯મી ગાથામાં નક્શો બહાર પાડવો હતો. પેલા ખૂણામાં રહ્યો. બારી પાસે. ચારે કોર ધોળું, વચમાં પીળું. છે ? એમાં બધું શક્તિનું વર્ણન છે. દરેક શક્તિને પણ પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... પર્યાય... ધ્રુવ, એક કારણ પર્યાયની આગળ બધા છે. હવે આ બધું સામાન્યપણું ન બહાર આવે એમાં પછી ક્યાં નાખવું બધું ? એટલે પછી બંધ રાખ્યું. ૧૯ મી ગાથામાં એ નક્શો નાખવાનો હતો. ભાઈએ બનાવ્યો હતો. 'હરિભાઈ'એ. દરિયાનો દાખલો આપ્યો હતો. સમજાણું ?

દરિયો છે ને ? દરિયો આખો ભરેલો. ઉપર આમ એની સપાટી એકસરખી હોય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એના ઉપર પાછા આમ તરંગોના ભાગ હોય. એમાં નાખ્યું છે. એમ આત્માના દ્રવ્ય-ગુણ જે ધ્રુવ (છે), એનું દળ છે આખું. એની પર્યાયની, આ કારણપર્યાયની સપાટી છે. એકસરખી અંદર, હોં ! અને બહારમાં પુણ્ય અને પાપના ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક–એ ઉપરના મોજાઓના ભેદ છે. જુઓ ! નક્શામાં નાખ્યું છે. ઝીણી વાત તો છે. સમજાણું કાંઈ ?

દરિયો હોય ને આમ આખો મોટો ? એની સપાટી હોય ને પાછી ? એમ એકસરખી અંદર સપાટી. એમ આ કારણપર્યાય આખા ચૈતન્યદરિયાના ગુણની ઉપર એક સપાટીરૂપ કારણપર્યાયરૂપ ત્રિકાળ છે અને એના ઉપર આ બધા પુણ્ય-પાપના ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ એ બધી પ્રગટ પર્યાયો છે. કહો, 'હીરાભાઈ'! આવ્યું છે ને ? ૧૯ ગાથા 'નિયમસાર'. વાંચ્યું છે કે નહિ ? વાંચ્યું નથી ? ૧૯મી ગાથામાં આવે છે. પુસ્તક આવે છે. ૧૯ ગાથાનું જુદું પુસ્તક છે, એમાં આ વિસ્તારથી કીધું. (સંવત) ૨૦૦૦ ની સાલ. બે હજાર ને ? ૨૦૦૦.

એટલે કહે છે કે વસ્તુ પોતે ભગવાન આત્મા...! જીવ અધિકાર છે ને એટલે એમાં આ નાખ્યું છે. જીવઅધિકાર છે ને આ ? ત્રિકાળ એકરૂપ ગુણ ત્રિકાળ ધ્રુવ. એવી જે તેની વિશેષ કહો પણ છે એ બધો સામાન્યનો જ અંશ. સમજાણું કાંઈ ? ***ત્રિકાળી એકરૂપ એનો પર્યાયનો સપાટી ભાગ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એ કારણશુદ્ધપર્યાય છે. જેનો અનુભવ પર્યાયમાં ન આવે. અનુભવ આવે પર્યાયનો, આ (કારણશુદ્ધ) પર્યાયનો અનુભવ ન આવે કારણ કે એ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ ? આવી વાત ભારે ઝીણી, ભાઈ ! એ કારણપર્યાય અને ત્રિકાળીનો આશ્રય લઈને જે નિર્મળ પર્યાય થાય એનો અનુભવ આવે. વેદનમાં પ્રગટ પર્યાય આવે. વેદનમાં દ્રવ્ય-ગુણ અને આ કારણપર્યાય ન આવે. જ્ઞાનમાં એ જણાય.*** ભારે વાત, ભાઈ !

**શ્રોતા :–** આવું ક્યાંય નથી....

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી, ખબર છે ને. અમને ખબર છે, વર્ણીજી જેવાને પૂછ્યું તો ના પાડી. ભાઈ ! જીણી વાત છે, બહુ ઝીણી, હતી જ નહીં એ વાત. આ તો એ વખતે આવી ને અંદરથી આવી. સમજાણું ? એ વખતે 'નારણભાઈ' નો જોગ હતો. 'નારણભાઈ' બેસતા અહીંયાં.

કહે છે તારી પૂંજીમાં, દ્રવ્ય જે વસ્તુ છે તારી પૂંજી, એમ ત્રિકાળી ધ્રુવ, જ્ઞાન, દર્શન, ચતુષ્ટય સ્વભાવ એ ત્રિકાળ ધ્રુવ તારી પૂંજી છે અંદર. એની સાથે રહેલી એકરૂપ ઉપજવું-બદલવાના પરિણમ વિના અનાદિ-અનંત પર્યાયની ધ્રુવધારા. સૂક્ષ્મ એટલું છે કે એનો એ પર્યાય એમને એમ... એમ... એમ... એમ... રહે કે નહિ એ વાત બહુ ગંભીર છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** એનો એ રહે તો ધ્રુવ કહેવાય ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો એ પણ એનો એ પર્યાય આમ રહે. એનો એ પર્યાય આમ રહે... આમ રહે... આમ રહે... છતાં એ પરિણમન નથી એમ કહેવું છે. ગંભીર છે. જે પર્યાય અહીં રહે, પહેલે સમયે રહે, બીજે સમયે રહે, ત્રીજે સમયે રહે, આ સમયે અહીં આવ્યો... છતાં પરિણમન નથી. બહુ ગંભીર છે. સમજાણું કાંઈ ? એકસરખી છે. આહા..હા...!

સર્વજ્ઞ પરમેશ્વરે જે તત્ત્વ કહ્યું તે અલૌકિક છે, એને સિદ્ધ કર્યું છે. છે એવું જાણ્યું અને જાણ્યું એવું કહ્યું. આવું તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય (બીજે ક્યાંય ન મળે) અને તે સર્વજ્ઞનું કહેલું તત્ત્વ એ દિગંબરમાં જ (સચવાયુ) છે. સમજાણું કાંઈ ? એ પક્ષની વાત નથી, વસ્તુનું સ્વરૂપ એવું છે. 'બાબુભાઈ'! શું થાય પણ હવે ? માણસને એમ થાય કે લ્યો ! આ જેના પક્ષમાં ગયા એનું તમે માનો છો, પણ પક્ષની ક્યાં વાત છે આ ? આ તો વસ્તુસ્થિતિ આવી છે. આહા..હા...! દિગંબર સંતોએ સનાતન સર્વજ્ઞનો ધર્મ જેમ છે તેમ કળાએ ટકાવી રાખ્યો છે. એવો માર્ગ ક્યાંય બીજે નથી. ક્યાંય નથી. આહા..હા...! શું થાય ? એવી વાત છે. અલૌકિક વાત છે, ભાઈ ! દિગંબર મુનિઓએ તો કેવળીના કાળજા ખોલીને બહાર મૂક્યા છે. વસ્તુની સ્થિતિ, એનું દ્રવ્ય, એનો ગુણ, એની પર્યાય, એનો ઉત્પાદ-વ્યય, એનો વ્યવહાર, એના વ્યવહારમાં નિમિત્તનો સંબંધ કેવો ? કેવો નિમિત્તનો અભાવ ? અલૌકિક વાતો બધી, હોં ! સમજાણું કાંઈ ? એ વાત બીજે ક્યાંય નથી, ભાઈ ! બીજાની સાથે મેળવવા જઈશ તો સમન્વય નહિ બને. સમજાણું કાંઈ ? આહા..હા...!

માણસ ઊંડું વિચારે નહિ. તત્ત્વ શું છે એની ખોજ નહિ અને ઉપરટપકે માને કે આ જૈનધર્મ છે. એમ જૈનધર્મ હાથ આવે એવો નથી. સમજાણું કાંઈ ? અને એ જૈનધર્મ એટલે દિગંબર ધર્મ. દિગંબર ધર્મ એટલે જૈનધર્મ. જૈનધર્મ એટલે વિશ્વધર્મ. વિશ્વધર્મ એટલે આત્માનો આ ધર્મ. સમજાણું કાંઈ ? ઠીક ! આમાં કેટલાક હાજર છે અહીંયાં. અમારે 'મનસુખ' પણ આવ્યો તાકડે, આ 'બાબુભાઈ'! છે, આ બધા છે ને ? 'ભગવાનજીભાઈ'! આગળ, 'હીરાભાઈ'! આગળ. આ અમારા 'ભીખાભાઈ' તો હોય જ તે. શનિવાર, રવિવારે વળી જાય કોઈક વાર. 'અજીતભાઈ' 'નાઈરોબી' થી આવ્યા છે. આહા..હા...! કાંઈક આવી ચીજ છે અંદર. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા વસ્તુ છે, સત્, તો સત્ એ ધ્રુવ છે અને એના જ્ઞાન-દર્શન-આનંદ આદિ જે ગુણો છે એ પણ ધ્રુવ છે. એને પારિણામિકભાવ કહીએ. સહજભાવે પોતાનું સ્વરૂપઅસ્તિ છે એટલે પારિણામિકભાવે કહીએ. એમ એની આ કારણપર્યાય પણ પારિણામિકભાવે કહીએ. સમજાણું કાંઈ ? એમ કહ્યું ને ત્યાં ? જુઓને ! '**પંચમભાવની પરિણતિ**' એમ તો ચોખ્ખો શબ્દ છે આમાં. પાઠ છે, ટીકા છે. આહા..હા...! '**स्वरूपेण सहांचितपंचमभावपरिणतिरेव कारणशुद्धपर्याय इत्यर्थः ।**' સંસ્કૃત છે. હળવે હળવે આ લઈએ છીએ, હોં ! બહુ એકદમ ઉતાવળે નથી લેતા. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા** :– પરમાણુમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એની અહીં વાત નથી. અહીં તો એક આત્મામાં જ છે. સમજાણું કાંઈ ? પરમાણુની બધી પર્યાયો પણ પારિણામિકભાવે છે. એ તો પછી વિકારીની અપેક્ષાએ ઉદયભાવ કહે. પારિણામિકભાવે જ છે. વિભાવ પારિણામિકભાવે છે. ઉત્પાદ-વ્યયનો ભાવ એ તો બધો પારિણામિકભાવે છે.

***આ વસ્તુ ભગવાન આત્મા ત્રિકાળ મહા સત્ ! એવા ગુણો પણ ત્રિકાળ મહા સત્ ! એની સાથે એક સમયની પર્યાયની સપાટી સત્.. સત્... સત્... સત્... છતાં પલટવું નહિ. છતાં એકધારા એ અંશ એમને એમ રહે. ગંભીર વસ્તુ છે. સમજાણું કાંઈ ? એને અહીંયા કારણશુદ્ધપર્યાય કહે છે. એના તરફનું મનન કરતા જે ધર્મ થાય એ મોક્ષનો માર્ગ છે.*** સમજાણું કાંઈ ? ૧૯મી ગાથા વાંચી છે કે નહિ ? 'વસંતલાલજી'! નથી વાંચી ? આ 'નિયમસાર'ની... વિસ્તારથી નાખ્યું છે થોડું. થોડુંઘણું.

**શ્રોતા** :– ૨૦૦૦ મા બહાર પડેલું તો ૨૭ વર્ષ થઈ ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– ૨૮ વર્ષ થયા તો શું છે ?

અહીં કહે છે, આખી ભાષા કેવી લીધી ? પૂજીત પરિણતિભાવ. એ પૂજવા યોગ્ય છે. ત્રિકાળ દ્રવ્ય-ગુણની સાથે રહેલી પર્યાય પૂજવા યોગ્ય છે, આદરવા યોગ્ય છે, ઉપાદેય કરવા લાયક છે, એમાં નજર કરીને એકાગ્ર થવા લાયક છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એવી પર્યાયમાં એકાગ્ર થવું એનું નામ મોક્ષનો માર્ગ છે. ***સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ જેમ સામાન્યમાંથી (આવે છે) એમ કહેવાય, એમ એનું વિશેષ વર્તમાન છે એમાંથી આવે છે એમ પણ કહેવાય છે.*** સમજાણું કાંઈ ? આહા..હા...!

ત્રિકાળી ભગવાન આત્મા વસ્તુ છે એ તો ત્રિકાળ છે ને ? સત્ હોય એ કાંઈ અનુત્પન્ન હોય ? અને અનુત્પન્ન હોય એ કંઈ નાશ થાય ? ઉત્પન્ન હોય એ નાશ થાય. ઉત્પન્ન ન હોય એ નાશ થાય ? છે. અનાદિ છે... છે... છે... છે... છે... છે... એમ એના ગુણો પણ છે... છે... છે... એટલે સત્. એમ એની આ કારણપર્યાય પણ છે સત્. છે... છે.. અને છે. સમજાણું કાંઈ ?

બીજી રીતે કહીએ તો સંસારપર્યાય, મોક્ષમાર્ગપર્યાય, સિદ્ધપર્યાય એ બધો વ્યવહાર છે. સમજાણું આમાં ? એ બધો વ્યવહાર છે. એક નિશ્ચયપર્યાય એક છે કે જે નિશ્ચયમાં જાય છે. સમજાણું કાંઈ ? એ કારણપર્યાય વ્યવહાર નહિ, નિશ્ચય છે. જ્યારે આ બધું વ્યવહારમાં જાય છે. સંસાર છે એવા ભેદ છે એ બધો વ્યવહારનય છે. પર્યાયના ભેદ છે ને ? એ વ્યવહાર છે. સિદ્ધપદ એ પણ એક વ્યવહાર છે. કેવળજ્ઞાનપર્યાય એ સદ્ભુત વ્યવહારનો વિષય છે, સિદ્ધપદ પણ સદ્ભુત વ્યવહારનયનો વિષય છે. નીચલાવાળાને છે ને. પ્રગટ થયો એને ક્યાં છે ? સમજાણું કાંઈ ? એવો જે વ્યવહાર તો... ***દ્રવ્ય-ગુણ જેમ નિશ્ચય છે એમ***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***એની એકરૂપ ધારા પણ ત્યાં નિશ્ચય છે. એ ત્રણને નિશ્ચય કહેવામાં આવે છે. એ પર્યાય છે માટે વ્યવહાર છે એમ નહિ. સમજાણું કાંઈ ?*** આવી વાતું ભારે, ભાઈ ! વીતરાગમાર્ગમાં તો બાપા ! આવું છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે વીતરાગભાવના જ્ઞાનમાં જોયું છે બધું એ આવું છે. સમજાણું કાંઈ ? એવી તત્ત્વની વ્યવસ્થા સર્વજ્ઞ સિવાય ક્યાંય ન હોય ! ભાઈ !

વ્યવહાર-નિશ્ચયના ભેદ પાડતા જીવમાં સંસાર-મોક્ષમાર્ગ એ બધો વ્યવહાર છે. એક પર્યાયનો નિશ્ચય હોય ને ? જેમ પેલાના પર્યાય નિશ્ચય છે એકરૂપ ત્રિકાળી. સમજાણું ? ભલે એને એ વ્યવહાર કહેવાય ત્યાં. ત્રિકાળી ધ્રુવ તે નિશ્ચય છે, ઉત્પાદ-વ્યય તે વ્યવહાર છે પણ એ વ્યવહાર એકધારો છે, ચાર દ્રવ્યમાં. આનો નિશ્ચય એકધારો છે. વ્યવહાર એકધારો નથી. તેથી વેદાંતે પર્યાયોનો.. શુદ્ધ કરી નાખી ને ? ઉત્પાદ-વ્યયવાળીને. સમજાણું ? અસ્તિ છે, તેમ પર્યાય ધ્રુવ છે. એવું પણ એનામાં હોય નહિ. સમજાણું કાંઈ ?

જ્યારે ઉત્પાદ-વ્યયવાળી પર્યાય છે તો એને ધ્રુવ છે એ વાત એનામાં ન હોય અને આ ધ્રુવ હોય એને આમ હોય. કારણ કે એકરૂપ એને માનવું છે. પણ એકરૂપ તો પર્યાયમાં તો નથી. પણ એકરૂપ અંદર પર્યાય ધ્રુવમાં એકરૂપતા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! ત્યારે દ્રવ્ય-ગુણ અને આ ધ્રુવ પર્યાય ત્રણ થઈને નિશ્ચયમાં જાય છે અને આ સંસાર રાગ-દ્વેષનો માર્ગ અને મોક્ષનો માર્ગ નિશ્ચય, સાચો, હોં ! અંદરથી પ્રગટે પણ એ પ્રગટે છે. ક્વચિત્ આમ બહાર આવે છે, થાય છે એથી એ બધો વ્યવહાર છે. સમ્યગ્દર્શ-જ્ઞાન-ચારિત્ર–નિશ્ચય વીતરાગી આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ એ પણ પર્યાય છે અને એ વ્યવહાર છે. કારણ કે ક્વચિત્ થાય છે. અને આ દ્રવ્ય-ગુણ-પર્યાય ક્વચિત નથી. સમજાણું કાંઈ ? પકડાય એટલું પકડો. બીજું તો શું થાય ?

એટલે કહે છે, ભગવાન સર્વજ્ઞે કહેલું, ગણધરોએ રચેલું એ સંત કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કહે છે કે સ્વભાવ જે અનંત ચતુષ્ટયનું સ્વરૂપ. ચારનું જોર આપ્યું, બાકી એની સાથે તો અનંતા ગુણ ભેગા છે. **'તેની સાથેની જે પૂજિત પંચમભાવપરિણતિ...'** આહા..હા...! ***એ એને કારણપર્યાય પણ પૂજવા લાયક છે, કહે છે. સમજાણું કાંઈ ? એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આનંદની ધારા, પર્યાયની આનંદની ધારા, એ કારણપર્યાયનું અવલંબન લેતા એ ધ્રુવ પણ સાથે આવી ગયું. એમાંથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, આનંદની ધારા ત્રણે છે એ ત્યાંથી વહે છે. સમજાણું કાંઈ ?***

એવી **'પૂજિત પંચમભાવપરિણતિ તે જ કારણશુદ્ધપર્યાય છે,...'** તેને કારણશુદ્ધપર્યાય કહેવામાં આવે છે. **'એવો અર્થ છે.'** લ્યો ! (વિશેષ આવશે)

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી નિયમસાર, ગાથા–૧૫, પ્રવચન નં. ૨૪
## તા. ૧૩-૧-૧૯૭૨
## [૧૦]

ફરીને એ કહે છે. અમારે 'સુજાનમલજી' એ કહ્યું, ફરીને કહેવું. 'જયંતીભાઈ'! ક્યાં ગયા ? ક્યાં ગયા ? આવ્યા નથી ? ...ફરીને જુઓ ! ટીકા. ૧૫મી ગાથા.

**'આ સ્વભાવપર્યાયો અને વિભાવ પર્યાયોનું સંક્ષેપકથન છે.'** છે ને ? પાઠમાં કહે **'संक्षेपोक्तिरियम्।'** આ ગાથામાં સ્વભાવપર્યાય, એ પર્યાય એટલે સ્વભાવ અવસ્થા છે, હોં ! અને વિભાવપર્યાય–વિકારી અવસ્થા, એનું આમાં ટૂંકું કથન છે. વિશેષ ન્યાય અંદરમાંથી કાઢે એ જાણે.

**'ત્યાં, સ્વભાવપર્યાયો...'** આ સૂક્ષ્મ વિષય છે એટલે ફરીને લીધો. સ્વભાવપર્યાયવંત છે ને પાઠમાં ? **'कम्मोपाधिविवज्जियपज्जाया'** કર્મોપાધિ રહિત પર્યાયો **'ते स्वभावाः'** એટલે બે બોલ થઈ ગયા છે. ચેતનજીએ કહ્યું હતું ને ? માગધીમાં દ્વિવચન ન હોય, આપણે ન હોય, બરાબર છે. દ્વિવચન અને બહુવચન બધું એક થયું.

**'સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયો મધ્યે પ્રથમ સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે.'** સ્વભાવિક અવસ્થા છે, હોં ! એ ભેદની વાત (નથી). પાઠ છે ભેદ એટલે માણસને પ્રશ્ન ઊઠે કે પર્યાયની વ્યાખ્યા (છે) તો પરિભેદમ્ કીધું. પેલામાં આવ્યુંને પહેલા ? પણ પર્યાય નહિ પણ એકલી ભેદની વ્યાખ્યા છે, એમ કહે છે. પર્યાય છે... એનો સરવાળો કરતા પણ પર્યાયના ભેદો કહ્યા એમ કહ્યું છે. ભેદના ભેદ કહ્યા એમ નથી કહ્યું. આપણે તો વધારે સ્પષ્ટ ...

**'સ્વભાવપર્યાય બે પ્રકારે કહેવામાં આવે છે : કારણશુદ્ધપર્યાય..'** આમાં વાત તદ્દન નવી છે. કારણશુદ્ધપર્યાયની (વાત) અત્યારે ચાલતી નથી. આ એક ૧૫મી ગાથામાં જ આવું સ્પષ્ટ છે, સ્પષ્ટ. બીજામાં હશે પણ આપણે કદાચ કાઢી શકીએ નહિ. પણ સ્પષ્ટ આમાં છે. સમજાણું કાંઈ ? **'કારણશુદ્ધપર્યાય અને કાર્યશુદ્ધપર્યાય.'** આ તો સ્વભાવના બેના ભેદ પાડ્યા. અહીં હવે કારણશુદ્ધપર્યાયની વ્યાખ્યા પહેલી કરી.

**'અહીં સહજ...'** સ્વભાવિક **'શુદ્ધ...'** પવિત્ર **'નિશ્ચયથી, અનાદિ-અનંત...'** છે આ. સ્વચતુષ્ટય. અનંત જ્ઞાનાદિ કહેશે એ આત્મામાં અનાદિ-અનંત છે. જેમ આત્મા અનાદિ-અનંત છે એમ આ ગુણો જે છે એ પણ અનાદિ-અનંત છે. એની સાથે પર્યાય રહેલી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ અનાદિ-અનંત છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? આહા..હા...! **'શુદ્ધનિશ્ચયથી અનાદિ-અનંત,...'** વસ્તુ જેમ આદિ અને અંત વિનાની ચીજ છે એમ એમાં જ્ઞાન-દર્શન ચતુષ્ટય મુખ્ય લીધા છે. ચતુષ્ટય મુખ્ય લીધા છે, એથી મુખ્ય છે એમાં બીજા બધા ગુણ નથી એમ નહિ. મુખ્યપણું ચતુષ્ટય લઈ અને કાર્યમાં પણ મુખ્યપણે ચતુષ્ટય પરિણમ્યા. એમ લઈ જવું છે. નહિતર કાર્યમાં ચાર જ પરિણમ્યા છે એવું કાંઈ નથી. અનંત પરિણમ્યા છે. છતાં કાર્યમાં પણ ચતુષ્ટય લીધા છે અને કારણમાં પણ ચતુષ્ટય લીધા એ મુખ્ય વાત લીધી છે એમ. કોઈ કહે આ ચારની જ વાત છે, તો કાર્યશુદ્ધપર્યાયમાં ફેર પડી જશે. કારણ કે કાર્યશુદ્ધપર્યાયમાં ચાર જ બોલનું પરિણમ છે એમ નથી. કેવળજ્ઞાનમાં તો અનંત ગુણની પર્યાયનું પરિણમન સાથે છે. સમજાણું કાંઈ આમાં ?

સહજ સ્વભાવિક **'શુદ્ધનિશ્ચયથી અનાદિ-અનંત, અમૂર્ત...'** છે, એ મૂર્ત નથી. ગુણો જે છે, ચતુષ્ટય જ્ઞાન-દર્શન-આનંદ એ અમૂર્ત છે, તો એની સાથે રહેલી આ પર્યાય પણ અમૂર્ત છે. **'અતીંદ્રિયસ્વભાવવાળા...'** અતીંદ્રિયસ્વભાવવાળા. ઇન્દ્રિયગ્રાહ્ય નથી, એ તો અતિન્દ્રિય સ્વભાવ છે. ભગવાન આત્માનો અતીન્દ્રિય સ્વભાવ, એવા સ્વભાવવાળા. ઘણા બોલ છે ને એટલે. **'અને શુદ્ધ એવાં સહજજ્ઞાન-...'** સ્વભાવિક જ્ઞાન ત્રિકાળ, સ્વભાવિક દર્શન ત્રિકાળ. દર્શન પછી અહીંયા મૂળ તો ઉપયોગની વ્યાખ્યા છે. પણ એમાં બધુ પછી મુખ્ય લઈને બધુ આવી ગયું છે. આપણે તે દિ' એમાં ઉતાર્યું છે કે જેમ આ ચાર ગુણમાં જેમ કારણપર્યાય કીધી એમ બધા ગુણમાં લઈ લેવી. એ નકશામાં ઉતાર્યું છે. 'હીરાભાઈ'! વાંચ્યો છે ને નક્શો ? જુઓ !

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા. પ્રવચન ૧૯ ગાથાનું પ્રવચનનું પુસ્તક જુદું છે. તેની બુક છાપેલી છે. ૧૯ ગાથાની બુક જ પહેલા અધ્યાયની આખી જુદી છાપેલી છે. વાંચી નથી ? એ બીજો ભાગ. પહેલો ભાગ આ છે. લાવ્યા છો ભાઈ ? 'ભગવાનજીભાઈ'! પહેલો ભાગ. ભાઈને ખબર છે. એ બધું ત્યાં મંગાવે ને. પહેલો ભાગ છે ને એનું આખુ પુસ્તક છે.

એટલે અહીંયાં કહે છે કે આત્મામાં... આત્મા તો વસ્તુ થઈ, સ્વભાવવાન થઈ, સ્વભાવવાન. ત્યારે હવે એનો સ્વભાવ (શું) ? – કે ત્રિકાળી **'સહજજ્ઞાન-સહજદર્શન-સહજચારિત્ર...'** સ્વભાવિક ત્રિકાળી ચારિત્ર, હોં ! ત્રિકાળી ચારિત્ર. ત્રિકાળભાવ, વીતરાગભાવ ત્રિકાળ. સમજાણું કાંઈ? અને **'સહજપરમવીતરાગસુખાત્મક'** સ્વભાવિક પરમવીતરાગ સુખસ્વરૂપાત્મક. ત્રિકાળી સુખ એનો ગુણ છે. **'સહજપરમવીતરાગસુખાત્મક'** એટલે સુખસ્વરૂપ. અંદર સ્વભાવિક પરમવીતરાગ આનંદસ્વરૂપ આત્મામાં, એ ગુણ લીધો. એ ચાર ગુણ લીધા. મુખ્યપણે એ ચાર લીધા. એવું જે **'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ...'** આવું જે શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ. ક્યાં ગયા હતા ? મોડા કેમ આવ્યા ? અહીંયાં હમણા સંભાર્યા હતા વાંચનમાં મોડા કેમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યા ? 'જયંતિભાઈ' ! હમણા બે મિનિટ પહેલા કીધું. કહો, સમજાણું કાંઈ ? જેણે કીધું એને હાજરી પહેલી આપવી જોઈએ. 'સુજાનમલજી'!

સહજ સ્વભાવિક પરમવીતરાગસુખસ્વરૂપ. જગતમાં આ જે વિષયોના કલ્પનાના સુખ છે એ તો કલ્પનાનું માનેલું છે, એ દુઃખ છે, એ સુખ નથી. પરમવીતરાગ. પેલું રાગવાળું કલ્પનાનું સુખ છે એનાથી વિરુદ્ધ કહેવા ત્રિકાળી આત્મામાં રાગ વિનાનું પરમવીતરાગ એવું સુખ–અમૃત, સુખસ્વરૂપ, સુખ–અમૃતસ્વરૂપ, આનંદ—અમૃતસ્વરૂપ એવા **'શુદ્ધઅંતઃતત્ત્વસ્વરૂપ...'** આત્માનું અંતઃતત્ત્વસ્વરૂપ. અંતઃતત્ત્વ આ ચાર જ છે એને મુખ્યપણે કહ્યું છે. બાકી અંતઃતત્ત્વસ્વરૂપ અનંત ગુણનો જે પીંડ છે એ એનું અંતઃતત્ત્વસ્વરૂપ છે. સમજાણું કાંઈ ?

**'શુદ્ધ અંતઃતત્ત્વસ્વરૂપ જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ...'** ***આ તો રાત્રે 'રામજીભાઈ' એ પૂછ્યું હતું ને ? પંડિતજીએ જવાબ નહોતો આપ્યો, ખબર છે ને ? આ ... કહ્યું છે ને 'कम्मोपाधिविवज्जियपज्जाया' કહ્યું છે. એમ કહ્યું હતું પણ જવાબ નહોતો આવ્યો. કહો, સમજાણું કાંઈ ? પૂછ્યું હતું ને ? ભાઈ ! ખબર છે ને એ. જવાબ નહોતો આવ્યો, ખ્યાલ છે.*** કહો સમજાણું આમાં ? ઝીણો વિષય છે, હોં ! આ વિષય તો એકદમ અપૂર્વ વિષય મુનિરાજે પાઠમાં છે એમાંથી કાઢ્યો છે, હોં !

**શ્રોતા :–** ... હોય નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હોય એ કાઢે ને ?

સ્વભાવ પર્યાય **'पज्जाया'** સ્વભાવ પર્યાય, સ્વભાવ અવસ્થા બે પ્રકારની છે. એક કારણ સ્વભાવપર્યાય, એક કાર્યસ્વભાવપર્યાય. આ કારણ સ્વભાવપર્યાય કેવી છે ? ક્યાં છે ? કેમ છે ? એમ વર્ણવે છે.

**'શુદ્ધ-અંતઃતત્ત્વ સ્વરૂપ...'** જે સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ. ત્રિકાળી સ્વભાવ અનંત ચતુષ્ટય (સ્વરૂપ છે) એટલે આ ચાર કીધા ઇ. સ્વભાવિક જ્ઞાન, સ્વભાવિક દર્શન, સ્વભાવિક ચારિત્ર, સ્વભાવિક આનંદ. એવું જે **'સ્વભાવ-અનંતચતુષ્ટયનું સ્વરૂપ તેની સાથેની જે...'** પાઠમાં **'सहांचित'** શબ્દ છે. **'सहांचित'** – સાથે રહેલું. પેલામાં જરી **'सार्ध'** નાખ્યું છે પણ અર્થ તો એક જ થાય એટલે પછી એમાં કાંઈ બીજો વિચાર નહિ. નહિતર તો મગજમાં એવું આવ્યું હતું. પેલામાં **'सार्ध'** છે તો અનાદિ-અનંત છે અને આમાં સાદિ અનંત... એ સંસ્કૃત પ્રમાણે અર્થ થતો હોય તે બરાબર હોય. આ તો ભાષાની વાત છે. કહો, સમજાણું કાંઈ ? સહેજ અંદર મગજમાં આવી ગયું તે અહીં સહજ શબ્દ છે અને અહીં **'सार्ध' 'सार्ध'** ભલે અર્ધું એવો અહીંયાં અર્થ ન થાય. પણ એ સાથે એટલે આવું સાથે છે. પેલાને ત્રિકાળી અનાદિ અનંત સાથે છે અને આને સાદિ અનંત સાથે છે. આટલો જરી ... સમજાણું કાંઈ ? કાલ કરતા તો આજે થોડું વધારે સ્પષ્ટ થાય ને ? એક વૃદ્ધ માણસ અને એક જુવાન માણસ બંનેએ માંગ્યું હતું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે, એવું જે અનંતચતુષ્ટયસ્વરૂપ ત્રિકાળ એની સાથેની જે પૂજિત... આટલો તો એમને–મુનિને ભાવ આવ્યો છે. ઓ..હો..! પૂજવાયોગ્ય એ પર્યાય છે. આહા..હા...! એ પર્યાયનું મનન અને એની એકાગ્રતાથી સમ્યગ્દર્શન આદિ પ્રગટ થાય છે. પૂજિત પર્યાય છે, પૂજવાયોગ્ય છે, આદરવાયોગ છે એમ કહે છે. સમજાણું કાંઈ ? 'પ્રાણભાઈ'! બહુ ઝીણું છે આ. તમે બરાબર આવ્યા, સાંભળવામાં સારા સરખાઈએ, આ ગાથા બરાબર... બધા શેઠિયાઓ મુખ્ય મુખ્ય (આવ્યા છે). અમારે 'શોભાલાલજી', આ શેઠ... ક્યાં ગયા ? અમારા 'મનસુખભાઈ' તો ચાલ્યા ગયો. એ હતા કાલે નહિ ? કાલે હતો, નહિ ? કાલે હતા 'બાબુભાઈ', અમારે 'જેઠાભાઈ', એ બધા નવા-નવા.. 'ભગવાનજીભાઈ'! લ્યો ! આહા..હા...!

કહે છે, ભગવાન ! તારી ઋદ્ધિ તો સાંભળ. તારો ભગવાન આત્મા અને એમાં અનંત ચતુષ્ટય મુખ્ય એવા જ્ઞાન-દર્શન-ચારિત્ર એટલે વીતરાગતા ત્રિકાળ, હોં ! અને વીતરાગ સુખસ્વરૂપ આનંદ. એને વીતરાગી જ્ઞાન છે ત્રિકાળી, વીતરાગી દર્શન છે ત્રિકાળી, વીતરાગી ચારિત્ર ત્રિકાળી, વીતરાગી આનંદ ત્રિકાળી (છે). સમજાણું કાંઈ ? એવું સ્વરૂપ છે તો એમાંથી વીતરાગતાનું કાર્ય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ?

'**પૂજિત પંચમભાવપરિણતિ...**' પંચમભાવ એવો જે પારિણામિક ત્રિકાળભાવ. પંચમભાવ એટલે ત્રિકાળી પારિણામિકભાવ એટલે કે આત્માના સ્વરૂપની હયાતીવાળો ભાવ ત્રિકાળ. પારિણામિકભાવની વ્યાખ્યા કરી છે ને ? 'પંચાસ્તિકાય', 'પંચાસ્તિકાય'. આત્મદ્રવ્ય, સ્વરૂપ લાભ. દ્રવ્યના સ્વરૂપનો લાભ. દ્રવ્યના સ્વરૂપનો લાભ એટલે દ્રવ્યના સ્વરૂપની હયાતી. હયાતીવાળું તત્ત્વ. જે ભગવાન આત્મા દ્રવ્યરૂપ (છે) તે હયાતીવાળું તત્ત્વ (છે) એ ભાવને પંચમ પારિણામિકભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? 'નવલચંદભાઈ'! એ... 'વસંતીલાલજી'! આવી વાત છે, ભાઈ ! '**(તેની સાથે તન્મયપણે રહેલી જે પૂજ્ય...)**' એ તો અર્થ કર્યોને ? '**(એવી પારિણામિકભાવની પરિણતિ) તે જ કારણશુદ્ધપર્યાય છે,...**' તે જ કારણશુદ્ધપર્યાય (છે એમ કહીને) ત્યાં જોર આપ્યું છે. '**તે જ કારણશુદ્ધપર્યાય છે, એવો અર્થ છે.**' એ શબ્દાર્થ કર્યા. હવે એને સિદ્ધ કરીએ કે કારણપર્યાય કેમ હોવી જોઈએ ? કાલે બધું કહ્યું હતું. સમજાણું ?

જે આત્મા–પરમપારિણામિકભાવે જે વસ્તુ છે એમાં આ પર્યાય પારિણામિકભાવે થઈને બેનું આખું નિશ્ચયપણું થાય છે. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ (દ્રવ્ય છે), એનો પારિણામિકભાવ, એના દ્રવ્ય-ગુણ અને ઉત્પાદ-વ્યયની અનાદિ પર્યાય, અનાદિઅનંત, એ બે થઈને એ પારિણામિકભાવની પૂરતા થાય છે. પરથી જુદું પાડવાની અપેક્ષાએ નિશ્ચય, પોતાનું દ્રવ્ય અને પર્યાય ભેદ પાડે તો આ નિશ્ચય અને પર્યાય એ વ્યવહાર છે, એ જુદી વાત છે. સમજાણું કાંઈ ?

એટલે કે ચાર દ્રવ્યમાં જ્યારે પારિણામિકભાવની એકસરખી ધારાવાહી ઉત્પાદ-વ્યયની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય છે એવી એકસરખી ધારાવાહી આત્મામાં ઉત્પાદ-વ્યયની એકધારાવાહી સરખી નથી. ... થઈ ગયું. પછી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થતાં કંઈક શુદ્ધતા પણ થઈ અને કંઈક અશુદ્ધતા પણ થોડી રહી. હવે એ પણ મોક્ષમાર્ગની પર્યાય સાદી–શરૂ થઈ, પણ અંત આવી જશે. કારણ કે મોક્ષની પર્યાય થશે એટલે માર્ગનો અંત આવી જશે. સમજાણું કાંઈ ? તેથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થઈ એ પ્રગટ થઈ એની પૂર્ણતા થતાં એ પર્યાયનો નાશ થઈ જશે. એટલે એકસરખી ન રહી અને મોક્ષની પર્યાય પ્રગટ થતાં સાદિ-અનંત એમ રહેશે. એટલે એકસરખી અનાદી-અનંત એવી પર્યાય એની ન રહી. અને ચાર દ્રવ્યમાં એકસરખી અનાદિ–અનંત પર્યાય છે. શું કીધું ?

**શ્રોતા :–** ચાર દ્રવ્યમાં એકસરખી અનાદિ અનંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, તો પર્યાય છે એમાં ન આવ્યું. અનાદિ અનંત. એવી એક આત્મામાં ઉત્પાદ-વ્યયની પર્યાય એકસરખી નથી તો એનામાં એકસરખી પર્યાય હોવી જોઈએ. સમજાણું કાંઈ ? એકસરખી પર્યાય એ ધ્રુવ પર્યાય, કારણપર્યાય અનાદિ-અનંત છે. ભલે એનું વિશેષ-વિશેષ મગજમાં આવે છે જરીક. પેલું સામાન્ય છે એની સાથે વિશેષ... પણ વિશેષ... વિશેષ... વિશેષ... વિશેષ... અનાદી-અનંત છે. સમજાણું કાંઈ ? તે દિ' (સંવત) ૨૦૦૨ ની સાલમાં એમ કહ્યું હતું કે આ કારણપર્યાય છે એ વિશેષભાવ છે. પારિણામિકભાવ નથી. ગુણ છે એ સામાન્યભાવ ત્રિકાળી છે. આ એનો અંશ છે ને એ વિશેષ છે. આમ વિશેષનો અર્થ ઉત્પાદ-વ્યય નહિ, ધ્રુવનો ભાગ છે એ. સમજાણું કાંઈ ?

જેમ દરિયામાં ત્રણ બોલ કહ્યા હતાને ? દરિયાનું આખું દળ છે, એમાં નાખ્યું છે, એ દળ છે એ જીવ કહેવાય અને એનો પાણીનો ઠંડો સ્વભાવ એ ગુણ કહેવાય અને એની ઉપર... શું કીધું ઇ ? સપાટી. એની સપાટી એની પર્યાય કહેવાય. પણ ત્રણે છે અભેદ. દરિયાનું પાણીનું દળ અને પાણીની શીતળતા અને પાણીની માથે સપાટી. આછી ચીજ છે એ દ્રવ્ય થયું, શીતળતા આદિ એનો ગુણ થયો અને એની સપાટી એની પર્યાય થઈ. તો એ ત્રણ અભેદ છે. સમજાણું કાંઈ ?

એમ આત્મામાં દ્રવ્ય એટલે ત્રિકાળી દળ આખું વસ્તુ, વસ્તુ પોતે. હવે એનો ગુણ આ ચતુષ્ટયની મુખ્યતા (કહી), બાકી બધા ગુણો (આવી જાય છે). સમજાણું કાંઈ ? અને એની સાથેની સપાટી આ કારણપર્યાયની એકરૂપ અનાદિ-અનંત. એ ત્રણે અભેદ છે. સમજાણું કાંઈ ? વીતરાગે કહેલું તત્ત્વ ઝીણું છે, ભાઈ ! એવી એકરૂપ જે કારણપર્યાય એ ત્રિકાળી ગુણની સાથે એકરૂપ છે. ચતુષ્ટયની મુખ્યતા લીધી છે. જો ચતુષ્ટય લઈએ તો કાર્યપર્યાયમાં વાંધા આવે છે કે એકલા કાર્યચતુષ્ટયની ચાર જ કાર્યપર્યાય લીધી છે. ભાઈ ! એથી કેવળજ્ઞાન આદિ પર્યાય કાર્ય ચાર લીધી છે, પણ છે અનંત. એને મુખ્યપણે ચાર લીધી છે.

***એમ આત્મામાં અનાદિ દ્રવ્ય, અનાદિ–અનંત ગુણ અને આ ચતુષ્ટયની પર્યાય સાથે***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***લીધી. પેલા ત્રિકાળ ચતુષ્ટય છે એની સાથે લીધી. એમ અનંત ગુણની સાથે એ પર્યાય છે. જ્ઞાનનો કારણપર્યાય, દર્શનનો કારણપર્યાય, ચારિત્રનો કારણપર્યાય, આનંદનો કારણપર્યાય, અનંત ગુણનો કારણપર્યાય રૂપ ભાવ એની સાથે અનાદિ-અનંત છે. શેઠ !*** ઝીણું બહું છે. સમજાય છે કાંઈ ?

***એવો જે ભગવાન આત્મા એનું પૂરું રૂપ એ આવા ગુણ, દ્રવ્ય અને આ (કારણશુદ્ધ) પર્યાય, ત્યારે એનું પૂર્ણ રૂપ એક નિશ્ચય સિદ્ધ થાય છે.*** અને પેલો સંસારનો પર્યાયનો ભેદ આદિ છે એ વ્યવહાર છે, એ બધો વ્યવહાર છે. સમજાણું કાંઈ ? તેથી કહે છે, ***એની પર્યાય જે છે–કારણપર્યાય, જ્ઞાનગુણ ત્રિકાળ એની સાથે વર્તમાન... વર્તમાન... વર્તમાન... ધ્રુવ પર્યાય એ કારણપર્યાય. એનું પરિણમન ન હોય, એનું વેદન ન હોય, એ ઉત્પાદ-વ્યયમાં ન આવે. સમજાણું કાંઈ ? અંદર ઉત્પાદ-વ્યય વિનાની ધ્રુવ એક સમયની એમ ને એમ... એમ ને એમ... એમ ને એમ... કાયમ રહે એને અહીંયાં કારણશુદ્ધપર્યાય (કહે છે). પારિણામિકભાવનું આખું તત્ત્વ પૂર્ણ સિદ્ધ થવા માટે આની જરૂર છે એમ કહે છે.*** 'કાંતિભાઈ'? આહા..હા...!

તેથી એને એક ન્યાયે એમ કહ્યું હતું, તે દિ' (સંવત) ૨૦૦૨ ની સાલ. ૨૬ વર્ષ થયા. પણ એ એનું વિશેષ છે. ***એ ત્રિકાળી છે અને આ પર્યાય ભાગ છે, અંશ છે એ વિશેષ છે. પણ એ વિશેષનો અર્થ ત્યાં ઉપજવું, બદલવું એમ નહિ, ધ્રુવરૂપ છે. એ ત્રણ થઈને પારિણામિકભાવ આખો સિદ્ધ થાય છે.*** અને આ ત્રણ બોલ જે સંસાર એનો પારિણામિકભાવ નથી. કારણ કે સંસારભાવ છે એ ઉદયભાવ છે. અનાદિ રાગાદિનો ઉદયભાવ છે ને ? અને ભલે એનો ક્ષયોપશમ થોડો ભેગો હોય, પણ એ બધું પરલક્ષી ક્ષયોપશમ છે. અને જ્યારે મોક્ષમાર્ગ થાય છે ત્યારે આત્માના સ્વભાવને આશ્રયે તે કારણ-પર્યાય અને ધ્રુવ બધાને આશ્રયે એકાગ્ર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે ત્યારે એની શરૂઆત થઈ. એ કંઈ પર્યાય અનાદિની નથી, પ્રગટ થાય છે અને પ્રગટ થયેલીની સાથે થોડો વિભાવભાવ પણ છે. સમજાણું ? તેથી એની મોક્ષમાર્ગની શરૂઆત થઈ. એ મોક્ષમાર્ગની શરૂઆત અસંખ્ય સમય જ રહે છે. પેલો જે સંસાર છે એ અનંત સમય રહ્યો. મોક્ષમાર્ગનો પર્યાય છે એ અસંખ્ય સમય જ રહે છે. ભલે પંદર ભવ કરે તો પણ અસંખ્ય સમય છે. સમજાણું કાંઈ ? ઝીણી વાતો બહુ આ. અમારા 'સુજાનમલજી' કહે, ફરીને લેવું. અંદરની વાત છે.

કહે છે, આહા..હા...! એવો જે ભાવ એ દરેકનો ગુણનો, અનંત ગુણો છે તેની વર્તમાન કારણપર્યાય ધ્રુવ અંશ એનામાં છે. એ નક્શામાં ઉતાર્યું છે. નક્શો છે ને ? પણ પછી છપાવ્યું નહિ કારણ કે એ આટલું ઝીણું પડે. પંડિતો, બે મોટાને પૂછ્યું અને એનો ખુલાસો ન મળે. અમુક બીજું કહેવા માંડ્યા. કીધું, આ બહાર પાડવામાં લોકોને વાંધો આવશે. એ નક્શો એમ ને એમ રહી ગયો. નહિતર નક્શો ૧૯ ગાથામાં નાખવાનો હતો. ૧૯ ગાથાનું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જે પુસ્તક છે ને ? એમાં નાખવો હતો ને ? છપાણું ક્યારે ? બે માસ સુધી રાખ્યું પછી છપાણું.

એટલે કહે છે, ***ભગવાન આત્મા દ્રવ્યરૂપ અનાદિ-અનંત, એના અનંત ગુણોનું સદશ્યપણું અનાદિ-અનંત અને આ પર્યાય પણ એક ન્યાયે સદશ્યરૂપે છે. ધ્રુવ.... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... સમજાણું કાંઈ ? એ ત્રણ થઈને આત્માનો પારિણામિકભાવ નિશ્ચય પૂરો ત્યારે થાય છે. જુઓ ! આ કારણપર્યાય ન હોય તો એના પારિણામિકની ત્રિકાળીતા અવસ્થાની પૂરી થતી નથી.*** સમજાણું કાંઈ ? આવો માર્ગ ભારે, ભાઈ ઝીણો. પેલા કહે, દયા પાળવી, આ કહે વ્રત પાળો અને અપવાસ કરો અને ભગવાનની જાત્રા કરવી. એ..ઇ..! શેઠ ! જાવ થઈ ગયો ધર્મ. એ ધર્મ નથી, એ ધર્મ જ નથી, એ તો બધો વિકલ્પ છે. આહા..હા...! આ પર્યાયના ભેદો છે. એ બધા રાગના ભેદ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** વેદનમાં ન આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ***વેદન એનું હોય નહિ. ધ્રુવ છે ને ! ધ્રુવનું વેદન હોય નહિ. ધ્રુવનો આશ્રય કરીને પર્યાય પ્રગટ થાય એનું વેદન હોય. ઉત્પાદ-વ્યયનું વેદન હોય અને ધ્રુવનું વેદન હોય નહિ.*** સમજાણું કાંઈ ? એ તો સદશ્ય. ધ્રુવ અને કારણપર્યાય સદશ્યરૂપ એકરૂપ ધારાવાહી (છે) એનું વેદન ન હોય. વેદન તો અનુભવપર્યાયનું હોય, પ્રગટ પર્યાયનું વેદન હોય. સમજાણું કાંઈ ? પણ એ વેદનનો પર્યાય એને આધારે પ્રગટે છે. એના તરફના લક્ષે અને આશ્રયથી પ્રગટે છે. સમજાણું કાંઈ ?

કહે છે, એવો જે કારણશુદ્ધપર્યાય.. આહા..હા...! વિશેષ કહ્યું, ત્રિકાળી ગુણની પર્યાયમાં પણ કારણપર્યાય કહી અને એ સિવાયના ત્રણ પ્રકાર જે સંસારનો ઉદયભાવ, મોક્ષમાર્ગનો પ્રગટ ભાવ પણ એ ભાવની પર્યાયનો કાળ અસંખ્ય જ છે, અસંખ્ય સમય જ રહે. મોક્ષમાર્ગની પર્યાયનું સાધકપણું પ્રગટપણાનો કાળ એને અસંખ્ય સમય જ રહે. સંસાર અનંત સમય રહે, આ અસંખ્ય સમય રહે. કારણ કે પોતાની ચીજ સાધવી છે એમાં અનંત કાળ જોઈએ નહિ. સમજાણું કાંઈ ? એને અસંખ્ય સમયમાં મોક્ષમાર્ગ પૂરો થઈને કેવળજ્ઞાન થાય. અને કેવળજ્ઞાનનો પર્યાય જે પ્રગટે એ સાદિ-અનંત (રહે). શરૂઆત થઈ પણ અંત છે નહિ. એ રીતે ત્રણ ભંગ પડી ગયા એટલે ત્રણે વ્યવહાર થઈ ગયો એ તો. એ વ્યવહાર થયો. નિશ્ચય– આ ત્રણ થઈને નિશ્ચય થયો. સમજાણું કાંઈ ? અને બેનું પ્રમાણજ્ઞાન કરવું એને પ્રમાણજ્ઞાન કહેવાય. આવી ઝીણી વસ્તુ છે. સમજાણું ?

આ મુનિરાજે એમાંથી વાત કાઢી છે અને મુનિ તો પોતે કહે છે કે આ ટીકા કરનારા અમે તે કોણ ? એ પહેલા આવી ગયું છે. આ ટીકાના ભાવો તો ગણધરોએ કહેલા છે અને પરંપરા આચાર્યોએ વર્ણવેલા છે. છે ને એમાં પહેલા ? પહેલામાં શરૂઆતમાં છે, જુઓ !

**'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...'** પાનું ૩ છે. ૩. ઓ..હો...! આવું તત્ત્વ !

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વીતરાગ સિવાય ક્યાંય છે નહિ અને તે પણ દિગંબર સંતોએ કહેલું તત્ત્વ તે તત્ત્વ છે. સમજાણું કાંઈ ? પૂર્ણ આ અને વ્યવહાર આ, આવું સ્વરૂપ ક્યાંય બીજે (નથી). આહા..હા...! સમજાણું કાંઈ ? હજી તો પેલા રાગનો વ્યવહાર અને એનાથી નિશ્ચય થાય, ત્યાં અટક્યા છે. અહીં તો કહે સાદિ-અનંત કેવળજ્ઞાનનો પર્યાય એ વ્યવહાર છે, લે ! આહા..હા...!

અહીં કહે છે. છે ને એમાં ? **'ગુણના ધરનાર ગણધરોથી રચાયેલા...'** આ સૂત્રની ટીકા છે. **'શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા..'** છે. શ્રુતધરો, જેણે શાસ્ત્રને ભાવમાં ધાર્યા છે, એવા મહાસંતો, દિગંબર મુનિઓ પરંપરા ગણધરથી ચાલ્યા આવેલા. આહા..હા...! 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'પૂજ્યપાદસ્વામી' વગેરે મહાસંતો, શ્રુતધરો એના પહેલાના મુનિઓ, 'કુંદકુંદાચાર્ય' એવા **'શ્રુતધરોની પરંપરાથી સારી રીતે વ્યક્ત કરાયેલા...'** છે ને ? **'सुव्यक्तम्।' 'આ પરમાગમના અર્થસમૂહનું કથન...'** આ પરમાગમના અર્થસમૂહ–ટીકાનો સમૂહ એને **'કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ ?'** આહા..હા...! કેટલી નિર્માનતા છે ! સમજાણું કાંઈ ? અરે..! અમે તે કોણ ? ભાઈ ! ભગવાન, સંતોએ અને શ્રુતધરો પરંપરાએ આના અર્થ કરેલા છે. એમાં આ તો ફક્ત હું એનો વ્યવહાર એટલે નિમિત્ત છું, કરેલા તો ગણધરોના અર્થ છે. જુઓ ! સમજાણું કાંઈ ? એટલે આ કારણપર્યાયનો અર્થ હું જ કરું છું અને મેં જ કર્યો છે એમ નથી. સમજાણું કાંઈ ? તમને નવું લાગે કે આ તે આણે કાઢ્યું છે ? ના ભાઈ ! ગણધરોથી એનો અર્થ આ રીતે જ ચાલ્યો આવે છે. પાછળના શ્રુતધરો, પેલા ગણ-ધર હતા મોટા, આ શ્રુતધર (છે), એનાથી આ અર્થો સુવ્યક્ત કરાયેલા છે એ રીતે અહીંયા કહેવામાં આવે છે. એમ કહે છે. સમજાણું કાંઈ ?

લ્યો ! એમાં આ આવ્યું હવે એટલું. સામાન્ય આવ્યું, વિશેષ આવ્યું, દરેક ગુણનો કારણપર્યાય આવ્યો. સમજાણું ? પારિણામિકભાવની ધર્માસ્તિની અપેક્ષાએ પૂર્ણતા આવી. સમજાણું કાંઈ ? અને આ સંસારાદિ ભેદ પડ્યો છે એ વ્યવહાર છે. વ્યવહારને જાણવા લાયક છે. આદરવા લાયક આ દ્રવ્ય-ગુણ-પર્યાય છે–આ અભેદ. એ આદરવાલાયક છે અને ત્યાં દૃષ્ટિ મૂકવા જેવી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ ઠેકાણા સિવાય બીજે આવો અર્થ ક્યાંય છે નહિ. દિગંબર શાસ્ત્રોમાં પણ બીજે આવું સ્પષ્ટીકરણ નથી. એવું અપૂર્વ કર્યું છે.

એમ અહીંયા આવ્યું કે આ 'નિયમસાર' મોક્ષમાર્ગ પર્યાયનો અધિકાર છે. ભાઈ ! આ 'નિયમસાર' મોક્ષમાર્ગ પર્યાયનો અધિકાર એટલે જે કાંઈ વાસ્તવિક પર્યાયનું સ્વરૂપ એમાં આવવું જોઈએ. સમજાણું કાંઈ ? મોક્ષમાર્ગ જે છે એ ભગવાન આત્મા જે ત્રિકાળી આ દ્રવ્ય-ગુણ-પર્યાય-ધ્રુવ એને આશ્રયે જે પ્રગટ દશા (થાય) એ પર્યાય છે, એ ગુણ નથી. એટલે પર્યાયનું વર્ણન આ ગ્રંથમાં છે. તેથી આ કારણપર્યાય એમાં આવી છે. સમજાણું કાંઈ ? એ બધી વાત તે દિ' થોડીઘણી કહેવાઈ ગઈ છે, હોં !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તેથી આમાં મુનિરાજ અને પોતે કહે છે ને ! પાઠમાં આવ્યું હતું ને આ ? કર્મ-ઉપાધિરહિત નિરપેક્ષ એવો શબ્દ છે ને ? ચૌદમામાં નિરપેક્ષ છે. એ નિરપેક્ષને અહીંયાં કર્મ-ઉપાધિરહિતની વાત કરી, ભાઈ ! વિવર્જિત. **'पज्जाया ते सहाव' 'पज्जाया'** છે ને ? બહુવચન છે ને ? બે પર્યાયો છે – એક કારણપર્યાય અને કાર્યપર્યાય. પાઠમાં જ એમ છે. એમાંથી ધ્વનિમાંથી કાઢ્યું છે. આહા..હા...! આ તો અપૂર્વ વાત છે, ભાઈ ! આહા..હા...! આવું જૈનદર્શન, એમાં પણ આ દિગંબર દર્શન એ જ જૈનદર્શન છે. લોકોને વાત પક્ષપાતથી લાગે છે પણ આવી વાત સંતો, દિગંબર મુનિઓ સિવાય, સાચા દિગંબર, હોં ! એકલા નગ્ન થઈ ગયા એ નહિ, એમાં આ વાતું અજબ-ગજબની વાતું છે ! ઓ..હો...! તળીયા તોડીને અંદરથી વાતું કરી છે. ભાઈ ! તારો અંદર આવો ભાવ છે, એની દૃષ્ટિ મૂક તો સમ્યગ્દર્શન થાય. એ ત્રણેની યથાર્થપણાની પ્રતીતિ.. સમ્યક્ છે ને ? પ્રશંસનીય દર્શન અને સમકિત. એ ત્રણે યથાર્થ આવી ચીજ છે એની અંદરમાં એકાગ્ર કર. 'શીતલપ્રસાદે' લીધું છે ને ! ભાઈ ! એમ કે કારણપર્યાયનું મનન કરવાથી કાર્યપર્યાય... એટલો શબ્દ લીધો છે, બહુ લાંબુ નથી કર્યું. તેનો અર્થ કર્યો છે ને ? 'નિયમસાર' એને જ હાથ આવ્યું હતું. 'જયપુર'માં ને ? 'જયપુર'માં ચોમાસુ હતું, ત્યારે આ 'નિયમસાર' બહાર નહોતું. એ ભંડાર જોતાં એને આ મળ્યુ. એમાંથી એણે પહેલું હિન્દી (કર્યું).

**શ્રોતા :–** આપણા માટે કર્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત સાચી. અહીંયાં કામ આવ્યું ને આ બધું ? 'હિંમતભાઈ' ને આ પછી મળ્યું અને પછી એમાંથી 'હિંમતભાઈ'એ કર્યું બધું. 'હિંમતભાઈ'નું આ સ્પષ્ટીકરણ વધારે છે, તદ્દન ચોખ્ખું. ... સમજાણું કાંઈ ? 'જયપુર'માં ચોમાસુ હતું, ત્યાં એને ભંડારમાંથી પુસ્તક મળ્યું. આ સંસ્કૃત ટીકા સહિત. એણે શબ્દાર્થ કર્યો છે. આ તે દિ' નું બનાવેલું છે.

**શ્રોતા :–** ... થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ૨૪૪૨ છે. ૨૪૪૨. આપણે આ વીર સંવત. કેટલા થયા ? જાન્યુઆરી ૧૯૧૬. ૫૬. આ તો આપણે અત્યારે ૭૨ સાલ ચાલે ને ? ૫૬ થયા. ૫૬ વર્ષ થયા. દોઢ-પોણા બે રૂપિયા. એમાં આ (છે), કારણ પંચમ પારિણામિકભાવ કી પરિણતિ હૈ યહી કારણશુદ્ધ પર્યાય હૈ. કારણશુદ્ધપર્યાય કા મનન કાર્યશુદ્ધપર્યાય કી ઉત્પત્તિ કા સાધન હૈ. કહો, સમજાય છે કાંઈ ? કહો, 'સુજાનમલજી' !

**શ્રોતા :–** આજ વધારે આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવ્યું ? થોડું થોડું વધારે આવ્યું, એનું એ કાંઈ આવે છે ? કહો, 'જયંતિભાઈ'!

આ પર્યાયનો ગ્રંથ છે માટે તેમાં પર્યાયની વાસ્તવિક સ્વરૂપની પૂર્ણતા શું એ એમાં આવી છે. બીજામાં ન આવી એનું કારણ આવ્યું. સમજાણું કાંઈ ? અને પાઠમાં પણ આચાર્યે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોતે કહ્યું, ઓ..હો..! મોક્ષમાર્ગની પર્યાયનો અધિકાર છે તે અમે કહીએ છીએ. **'कम्मोपाधिविवज्जियपज्जाया ते सहावमिदि भणिदा'** સ્વભાવિક પર્યાય ભગવાને કીધી છે, એમ કહે છે. ભગવાને કીધી, એમ કીધું ને ? ભાઈ ! **'भणिदा' 'सहावमिदि भणिदा'** ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરે કર્મની ઉપાધિ વિવર્જિત–રહિત એવી પર્યાયના બે પ્રકાર ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરે કહ્યા. સમજાણું કાંઈ ? એ અહીંયાં કહેવામાં આવે છે. 'પદ્મપ્રભમલધારીદેવ' મુનિરાજ કહે છે. જુઓ ! હવે પોણો કલાક તો થયો. 'પ્રાણભાઈ'! આજ બરાબર ટાકણે (આવ્યું). ઠીક તમે ભાગ્યશાળી છો. આ ટાકણે અહીંયાં ભાગ્યશાળી હોય એને આવું સાંભળવા મળે. આ પંદરમી ગાથામાં (હાજર છો).

**શ્રોતા :–** આવી વાત કોઈક વખતે આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ વખતે આવે. એમાં તમારી હાજરી અહીં તાકડે છે. ભાગ્યશાળી છે. આહા..હા...! સંતો, ગણધરો એની વ્યાખ્યા કરતા હશે એ તો અલૌકિક કરતા હશે !! સમજાણું કાંઈ ? ગજબ વાત છે ! ઓ..હો..હો...!

એક-એક સમયની પર્યાય... આહા..હા...! ધ્રુવપર્યાય, હોં ! એક ગુણની પણ ધ્રુવપર્યાય, ઓ..હો..હો..! જ્ઞાનની ધ્રુવપર્યાય, ગુણ ધ્રુવ, દ્રવ્ય ધ્રુવ એને આશ્રયે કેવળજ્ઞાનનો પર્યાય પ્રગટ થાય. દર્શનની ધ્રુવપર્યાય. લ્યો ! વળી આ વિસ્તાર કરીએ. આત્મા ત્રિકાળ એનો દર્શનગુણ, દર્શન એટલે ઉપયોગ અને દર્શન એટલે શ્રદ્ધા. અહીં તો બન્ને લીધી છે. ત્રિકાળ શ્રદ્ધા શક્તિ અને ત્રિકાળ દર્શનઉપયોગ એની કારણપર્યાય ત્યાં છે. આહા..હા...! દર્શનની કારણપર્યાય અંશરૂપ પારિણામિકભાવે છે, શ્રદ્ધાની અંશરૂપ પારિણામિક ભાવે છે. એની એકાગ્રતા થતાં દર્શન–કેવળદર્શનઉપયોગ અને ક્ષાયિક સમકિત પર્યાય ઉત્પન્ન થાય છે. પરને લઈને થાય છે એમ નહિ, એમ કહે છે.

પેલા કહે છે ને જુઓ ! ક્ષાયિકસમકિત ભગવાનની સમીપ (થાય). એ સમીપપણું બતાવ્યું છે. એ તો ત્યાં નિમિત્ત હોય એટલું. આહા..હા...! એ કહે, જુઓ ! આ નિમિત્તની પ્રધાનતા. અરે... ભગાવન ! તું શું કહે છે આ ? એ વખતે ક્ષાયિક સમકિતની પર્યાય કે ઉપશમની પર્યાય એ અંદર જે સમ્યક્ શ્રદ્ધા ત્રિકાળ શ્રદ્ધા છે અને એનો કારણ પર્યાય છે એને આશ્રયે સમકિત થાય છે. બીજા ગુણને આશ્રયે નહિ તો વળી નિમિત્તને આશ્રયે (ક્યાંથી થાય ?) ભાઈ ! લ્યો ! સમજાણું કાંઈ ? આ તો ભેદથી કથન (કર્યું), વસ્તુ તો એકસાથે અભેદ દૃષ્ટિ છે. એમાંથી એક ગુણના પ્રવાહમાંથી શ્રદ્ધાની પર્યાય આવે. આહા..હા...! દર્શનનો ઉપયોગ પણ એમાંથી આવે. તે કારણનું મનન કરતા એ આવે, એમ કહે છે.

એમ ચારિત્રગુણની પર્યાય જે ત્રિકાળી છે એની આ કારણપર્યાય પણ અંદર ત્રિકાળી છે એની એકાગ્રતા થતાં એમાંથી ચારિત્રની પર્યાય બહાર આવે છે. સમજાણું કાંઈ ? એમ આનંદપર્યાય. ભગવાન આનંદસ્વરૂપ ગુણ અને એનો કારણપર્યાય પણ આનંદ. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એનો આશ્રય કરતા આનંદની પર્યાય પ્રગટ થાય. એમ વીર્યગુણ ત્રિકાળ, એનો વીર્યનો કારણપર્યાય પણ ધ્રુવ ત્રિકાળ. એને આશ્રયે વીર્યની શક્તિ પ્રગટ થાય. કારણ કે કોઈ ગુણ કોઈ ગુણને આશ્રયે હોતા નથી. એમ પણ છે ને ? ભાઈ ! કોઈ ગુણને આશ્રયે કોઈ ગુણ નહિ. સ્વતંત્ર ગુણ અને સ્વતંત્ર પર્યાય. આહા..હા...! સમજાણું કાંઈ ? એ ગુણની જે પર્યાય પ્રગટ થાય એ એના ગુણને આશ્રયે થાય છે, બીજા ગુણને આશ્રયે ન થાય. આખો દ્રવ્યનો આશ્રય ભેગો આ આશ્રય લઈને થાય છે એમ કહે છે. આહા..હા...! ગજબ વાત છે. આવું જૈનદર્શન, જૈનદર્શન શું વિશ્વદર્શન ! વિશ્વદર્શન શું દિગંબરદર્શન ! દિગંબરદર્શન એટલે પરમાત્મદર્શન ! આહા..હા...! ધર્મ... ધર્મદર્શન. સ્વભાવનો દેખાવ. આવો સ્વભાવ છે. આહા..હા...! આ વાત બેસે એની મુક્તિ ત્રણ કાળમાં થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ ? આ વાત છે, બાપુ ! બાકી તો બધું... આહા..હા...!

એમ આત્મામાં સ્વચ્છતા નામનો ગુણ (છે). એ સ્વચ્છતા નામના ગુણની સાથે અંદર કારણપર્યાય સ્વચ્છપર્યાય છે. આહા..હા...! લ્યો ! વળી પેલા પૂછતા હતા. ક્યાંનું ક્યાં... એના અનુસંધાને. સમજાણું કાંઈ ? એમ અંદર પ્રકાશગુણ ત્રિકાળ છે. પ્રકાશગુણ પ્રત્યક્ષ સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ શકે એવો એનો ગુણ છે. એવા ગુણની સાથે પર્યાય કારણપર્યાય પણ એવી છે. આહા..હા...! અને એને આશ્રયે પ્રત્યક્ષ આત્મા કાર્યરૂપે થાય એ કારણમાંથી કાર્ય આવે છે અંદરથી. કારણને આશ્રયે કાર્ય થાય છે. એ એના ગુણના પ્રત્યક્ષના આશ્રયે કારણ થાય છે. સમજાણું કાંઈ ? કહો, 'વસંતીલાલજી'! હવે આવ્યું આ થોડું.

વિભુ–એ તો સર્વવ્યાપક. અનંત ગુણો. પ્રભુત્વ, પ્રભુત્વશક્તિ આત્મામાં છે. પરમેશ્વર થવાની શક્તિ, પરમેશ્વર થવાની શક્તિ છે. એ પરમેશ્વર થવાનો પ્રભુત્વગુણ છે અને એનો એક સમયનો પ્રભુત્વનો કારણપર્યાય એ એનો પર્યાય–કારણપર્યાય છે. એના આશ્રયે દ્રવ્ય પ્રભુત્વ, ગુણપ્રભુત્વ, કારણપર્યાયપ્રભુત્વ (અને) એને આશ્રયે પ્રભુત્વપર્યાય પ્રગટ થાય છે. ઈશ્વરતા– પોતે ઈશ્વર છે. આહા..હા...! આત્મા ઈશ્વર, એનો ગુણ ઈશ્વર અને એની પર્યાયમાં કારણપર્યાય ઈશ્વર. આહા..હા...! ગજબ વાત કરે છે ! કેટલું કહ્યું છે આચાર્યોએ ! બહુ કહ્યું છે. ચારે કોરની વાતું કરતા કરતા ઘણું કહ્યું, ઘણું કહ્યું. આહા..હા...! જેવી વસ્તુ હતી એની વિશાળતા કરી નાખી છે, ભાઈ ! તારે પરમેશ્વરતા, અનંતવીર્ય જે પરમેશ્વરને પ્રગટ છે, એ અનંતવીર્ય ક્યાંથી પ્રગટ્યું ? અંદર વીર્ય નામનો–બળ નામનો ત્રિકાળી ગુણ છે, એના બળગુણની પર્યાય કારણપર્યાય ધ્રુવ છે, એને આશ્રયે પરમેશ્વરતા એટલે ઈશ્વરતા પ્રગટ થાય છે. આહા..હા...! પ્રભુતા પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ ?

એમ જીવતરશક્તિ, ચિતિશક્તિ... બધી છે ને ? દૃષ્ટિ, જ્ઞાન, વીર્ય, સુખ, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી. દર્શન ગુણ છે ત્રિકાળ. તેની કારણપર્યાય ત્યાં આમ બાહ્ય છે. બાહ્ય એટલે વિશેષરૂપે છે. આહા..હા...! સમજાય છે ? એના તળિયા તપાસતાં, એને જોતા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સર્વદર્શીપણું પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? એમ સર્વજ્ઞગુણ છે. દ્રવ્ય વસ્તુ અને એનો સર્વજ્ઞગુણ છે. સર્વજ્ઞગુણ જે છે એની પર્યાયમાં સર્વજ્ઞગુણનો કારણપર્યાય છે. આહા..હા...! એનો આશ્રય કરીને, એનું મનન કરીને, એકાગ્ર થઈને... મનનનો અર્થ એકાગ્ર છે. મનન એટલે કોઈ વિકલ્પ મનન નથી. એકાગ્ર થતાં ત્યાં સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે. કહો, સમજાણું કાંઈ ?

પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશત્વ, અકાર્યકારણ. અકાર્યકારણ નામનો ગુણ છે. આહા..હા...! દ્રવ્ય અકાર્યકારણ છે, એનો ગુણ અકાર્યકારણ છે, એની પર્યાયમાં અકાર્યકારણપણું છે, કારણધ્રુવપર્યાય. એથી એ પર્યાયને ઉત્પન્ન થવામાં બીજું કોઈ કારણ અને બીજાથી રહે એમ નથી. એની ધ્રુવપર્યાયના આશ્રયે અકાર્યકારણપર્યાયનું પ્રગટપણું થાય છે. આહા..હા...! આ નિમિત્ત હોય તો થાય, અરે...! ભગવાન ! આ નથી એમાં, હોં ! સમજાણું કાંઈ ?

અકાર્યકારણ નામનો ત્રિકાળીગુણ છે. દ્રવ્યનો, ગુણીનો, સ્વભાવવાનનો સ્વભાવ છે. એવો જ પર્યાયમાં એનો સ્વભાવ છે. અકાર્યકારણ નામની કારણપર્યાય છે. કારણપર્યાય,... આહા..હા...! ગજબ વાત છે. કારણશુદ્ધત્રિકાળી, એને આશ્રયે એકાગ્રતાથી પર્યાય (પ્રગટે છે). (પોતાના) કાર્ય સહિત અને બીજાના કારણરહિત... આહા..હા...! એવી પર્યાય પ્રગટ થાય છે. ચાર મિનિટ છે. આ તો થોડું થોડું. આ અમારે 'સુજાનમલજી' એ પૂછ્યું હતું કે થોડું વધારે સ્પષ્ટ કરો. આહા..હા...! મીણો ચડી જાય એવું છે આ તો !

અકાર્યકારણત્વ, પરિણમ્યપરિણામકત્વ. પોતાનો ગુણ છે, એની કારણપર્યાય છે. એમાંથી એનું કાર્ય આવે છે. ત્યાગઉપાદાનશૂન્યત્વશક્તિ. ઓહો..હો...! પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એવું શૂન્યત્વ છે. એવો એનો એક ત્રિકાળી ગુણ છે. દ્રવ્યમાં ત્યાગઉપાદાનશૂન્યત્વ નામનો ગુણ છે, એની એક કારણપર્યાય ત્યાગ-ઉપદાનશૂન્યત્વ નામની પર્યાય છે એને આશ્રયે કાર્ય પ્રગટ થાય છે. પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એનામાં છે નહિ. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? આ તો પરનો ત્યાગ થાય ત્યાં એમ માને ઓહો..! હું ત્યાગી થયો. એમ નથી ભગવાન ! બાપુ ! ઠીક પણ બે શેઠિયા આમાં બરાબર હાજર હતા. આવી પર્યાય વખતે હાજર નહોતા કોઈ વખતે. પંદરમી (ગાથા) ચાલતી હોય ત્યારે ! આહા..હા...!

કહે છે, એમ અગુરુલઘુ, ઉત્પાદ-વ્યય. જુઓ ! ઉત્પાદ-વ્યયધ્રુવત્વ શક્તિ છે ને એની ? આહા..હા...! ઉત્પાદ-વ્યયધ્રુવત્વ નામની શક્તિ, એનો પર્યાય કારણપર્યાય પણ એવો અને એમાંથી ઉત્પાદ-વ્યય અને ધ્રુવરૂપી કાર્ય થાય. આહા..હા...! ગજબ વાત છે, હોં ! આહા..હા...!

**શ્રોતા :–** ષટ્કારક બધા આવી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ષટ્કારક બધું એમાં (આવી ગયું). કર્તા નામનો ગુણ છે, એની પર્યાય કારણપર્યાય કર્તા નામની છે, એને આશ્રયે કર્તાનું કાર્ય થાય છે. ભારે વાત, ભાઈ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ વાત લોકોને - પંડિતો જરી વિરોધ કરે પણ - મધ્યસ્થતાથી સાંભળે તો (સમજાય એવું છે). ભાઈ ! આ તો તારા ઘરની ચીજ છે, ભગવાન ! તું ના ન પાડ. આવી જ અસ્તિ છે ત્યાં તું શું કહીશ ? તારા અસ્તિત્વમાં જ આવું છે.

આત્મામાં કરણ નામનો ગુણ છે, તેની પર્યાય પણ કરણ નામની પર્યાય કારણપર્યાય છે, એના આશ્રયે સાધન–કારણ પ્રગટ થાય છે. કોઈ નિમિત્તને આશ્રયે, વ્યવહારને આશ્રયે, રાગ છે તો સાધન પર્યાય પ્રગટ થાય છે એમ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એમ બધા અનંતા ગુણો (લઈ લેવા). થોડું લખ્યું ઘણું કરીને જાણજો. હવે આ પૂરો થઈ ગયો. એના ઉપર અમારે 'સુજાનમલજી'એ ને અમારે 'જયંતીભાઈ'! એ બંને કહ્યું હતું. થોડું વધારે લેજો. કીધું, લેશું, ફરીને લઈશું.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

ગમે તે પ્રસંગમાં પ્રત્યેક પળે જ્ઞાનાનંદસ્વભાવી ભગવાન નિજ આત્માને જ અગ્ર રાખવો. પ્રતિક્ષણ પૂર્ણાનંદના નાથને–જ્ઞાયક પ્રભુને મુખ્ય રાખ. અનાદિ અજ્ઞાનથી જીવને પર્યાયની, શુભાશુભ રાગની ને વ્યવહારની પ્રમુખતા રહી છે; હવે તે છોડી, આનંદકંદ શુદ્ધ જ્ઞાયકને ઓળખી તેને જ દૃષ્ટિમાં ઊર્ધ્વ રાખ. દૃષ્ટિમાં ધ્રુવ જ્ઞાયકની પ્રમુખતા છૂટી જાય તો સમ્યગ્દર્શન રહે નહિ.

('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૮૬)

જે સમયે જે પર્યાય થવાની છે તે થવાની જ છે એ નિશ્ચય છે – એમાં અજ્ઞાનીને શંકા થાય છે કે એમ માનતા તો નિયત થઈ ગયું ? અરે ! નિયત એટલે નિશ્ચય છે અને પર્યાયના નિશ્ચયથી પર્યાયની ને પરની કર્તાબુદ્ધિ છૂટી જાય છે એટલે જ્ઞાતાદૃષ્ટિ થાય છે અને જ્ઞાતાપણું થવું તે ક્રમબદ્ધનું પ્રયોજન છે.

('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૮૮)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પ્રવચનસાર, ગાથા–૧૬, પ્રવચન નં. ૧૧
## તા. ૧૭-૧-૧૯૭૯
## [૧૧]

પ્રવચનસાર ગાથા - ૧૬. એની ટીકા. ઘણી સ્વતંત્રતાના ઢંઢેરાની આ ગાથા છે.

ટીકા :- **'શુદ્ધઉપયોગની ભાવનાના પ્રભાવથી...'** શુદ્ધોપયોગ એટલે નિશ્ચય રત્નત્રય એવું જે મોક્ષના માર્ગનું સ્વરૂપ એને અહીંયા શુદ્ધોપયોગ કહ્યો છે. તે શુદ્ધોપયોગની ભાવનાના (એટલે કે) એની એકાગ્રતાના પ્રભાવથી **'સમસ્ત ઘાતીકર્મો નષ્ટ થયાં હોવાથી જેણે શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્યસ્વભાવ...'** આહાહા ! (પ્રભાવથી કર્મો નષ્ટ થયા છે એમ જે કહ્યું છે) તે નિમિત્તથી કથન છે. શુદ્ધ અનંત શક્તિવાળો ચૈતન્યસ્વભાવ પર્યાયમાં **'પ્રાપ્ત કર્યો છે.'**

આહાહા ! પહેલી (તો) સામાન્ય વાત કરી (કે) **'શુદ્ધ ઉપયોગની ભાવનાના...'** ભાવના શબ્દે (અહીં) કલ્પના (છે), એમ નહિ. તેમ ચિંતવન એ (પણ) નહિ. (પરંતુ) જ્ઞાયકસ્વરૂપ પ્રભુ ભગવાન (આત્મા) એના તરફનો જે નિર્વિકલ્પ ઉપયોગ એવા શુદ્ધઉપયોગના પ્રભાવ વડે **'સમસ્ત ઘાતિકર્મો'** (અર્થાત્) ચારે ઘાતિકર્મો **'નષ્ટ થયાં હોવાથી...'** આ તો એને સમજાવવું છે ને ? એટલે (આમ કહ્યું છે). બાકી તો એ કર્મની પર્યાય (છે) - (જે) કર્મ છે - તે પણ પોતાને (કારણે વ્યય થાય છે). તે કાળે પર્યાયનો વ્યય થવાનો તેનો કાળ છે. કર્મ રૂપે (જે) પર્યાય છે તેનું અકર્મરૂપે થવું એ તેનો સમય છે. પણ તેમાં (ભાવના) નિમિત્ત છે એટલે આ વાત કરી. પરંતુ નિમિત્ત એને નષ્ટ કરે છે એમ કહેવું એ વ્યવહાર છે. આહાહા ! કર્મની પર્યાયરૂપે જે જ્ઞાનાવરણાદિ છે તે પોતે જ જ્યારે અકર્મરૂપે પરિણમે છે (ત્યારે) તે સમયની પર્યાયની તે નિજકાળ છે. પણ તેને (ભાવનાને) નિમિત્ત તરીકે ગણીને અહીંયા (કહ્યું છે કે) **'શુદ્ધ ઉપયોગની ભાવનાના પ્રભાવથી સમસ્ત ઘાતિકર્મો નષ્ટ થયાં હોવાથી...'** (એટલે કે) ભાવઘાતિ ને દ્રવ્યઘાતિ (નષ્ટ થયા છે, એમ) બેય આગળ લેશે.

(કહે છે કે) **'શુદ્ધ અનંતશક્તિવાળો ચૈતન્ય સ્વભાવ...'** જેણે વર્તમાન પર્યાયમાં શુદ્ધ અનંત સ્વભાવની શક્તિના સામર્થ્યવાળો ચૈતન્યસ્વભાવ **'પ્રાપ્ત કર્યો છે એવો આ આત્મા...'** બસ એટલી વાત. હવે તેના છ કારકો ઉતારે છે. આહાહા ! આ તો (ચૈતન્યસ્વભાવ) પ્રાપ્ત કર્યો છે એટલી વાત કરી. સમજાણું કાંઈ ?

(હવે કહે છે કે) **'(૧) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયક સ્વભાવને લીધે...'** શુદ્ધ અનંત શક્તિવાળો જ્ઞાયકસ્વભાવ છે તેને કારણે **'સ્વતંત્ર હોવાથી...'** એ જ્ઞાયકસ્વભાવ સ્વતંત્ર હોવાથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે.'** આહાહા ! શુદ્ધ કેવળજ્ઞાનની પર્યાયની પ્રાપ્તિ તેણે - જ્ઞાયકભાવે - સ્વતંત્રપણે પ્રાપ્ત કરી હોવાથી તે કર્તા છે. (એટલે કે) એ કેવળજ્ઞાનની પર્યાયનો જ્ઞાયકસ્વભાવ તે કર્તા છે. નિશ્ચયથી તો કેવળજ્ઞાનની પર્યાય પર્યાયની કર્તા છે. પણ અહીં અભેદ સમજાવવું છે ને ? (એટલે આમ કહ્યું છે).

આ (પંચાસ્તિકાયની) ૬૨મી ગાથાની - ચર્ચા ૧૩ની સાલમાં ઘણી થઈ હતી. (ત્યારે) કહ્યું હતું કે ભાઈ ! વિકાર જે આત્મામાં થાય છે તે (પોતાના) ષટ્કારકનું પરિણમન થઈને (થાય છે). તેને પરકારકની - નિમિત્તની (કે) કર્મની પણ અપેક્ષા નથી. એ જ શૈલીમાં અહીં શુદ્ધપણાને પ્રાપ્ત કરવાની શૈલીમાં લીધાં છે. આહાહા ! અભિન્ન લીધું છે. ભાઈ ! (એમ) અહીં (પણ) અભિન્ન (લીધું છે). શ્રી જયસેનાચાર્યની (સંસ્કૃત) ટીકામાં છે કે **'अभिन्न कारण्ण'**

***આત્માની પર્યાયમાં જે રાગ ને મિથ્યાત્વને દ્વેષાદિ થાય છે તે પર્યાય - વિકારી પર્યાય - પોતે વિકારનો કર્તા, વિકારી પર્યાય તેનું કાર્ય, વિકારી પર્યાય પર્યાયનું સાધન-કરણ, વિકારીપર્યાય પોતાને માટે રાખી એટલે કે સંપ્રદાન, વિકારી - પર્યાયમાંથી વિકારી પર્યાય થઈ માટે તે અપાદાન અને વિકારી પર્યાયના આધારે (તે) પર્યાય થઈ છે. (તેથી અધિકરણ). આવા પર્યાયના ષટ્કારકો સ્વતંત્ર - પરની અપેક્ષા વિનાના છે.*** હતા જ ને આ 'રામજીભાઈ'! હતા. 'રામજીભાઈ'! હતા ને ? ત્યાં ઇસરી, ૧૩ મી સાલમાં, ૨૨ વર્ષ થયા. પર્યાયમાં– આત્મામાં જે વિકાર થાય છે (તે સ્વતંત્ર–પરની અપેક્ષા વિના થાય છે). જો કે ૬૨મી ગાથામાં પહેલા કર્મના ષટ્કારક લીધાં છે, પછી જીવના લીધાં છે. આહાહા ! અને પાઠમાં (ટીકામાં) અભિન્નકારક લીધાં છે. આમ જ્યાં કહ્યું ત્યાં તો (સામે પ્રશ્ન મૂક્યો કે 'ત્યાં તો અભિન્ન કારકની વાત છે.' પણ (અમે કહ્યું) અભિન્નનો અર્થ શું ? બીજાની અપેક્ષા વિના પોતાથી થયા એનું નામ અભિન્ન (કારક છે). પણ એ વાત એને (વર્ણીજીને) ન બેઠી. એ રીતે જો કર્મના - નિમિત્તના ભાવ (અપેક્ષા) વિના વિકાર થાય તો તો વિકાર સ્વભાવ થઈ જશે ?

***એ (વિકાર) સ્વભાવ જ છે, પર્યાયનો એ સ્વભાવ છે. વિકાર જે સમયે થાય છે તે સમય તેની જન્મક્ષણની ઉત્પત્તિનો કાળ જ છે.*** આવી વાત (છે). આહાહા ! તેથી ત્યાં અભિન્ન કારક કહ્યું છે (અને) અહીં પણ અભિન્ન (કારક) કહ્યાં છે. શ્રી જયસેનાચાર્યની સંસ્કૃત ટીકામાં (કહ્યું) છે કે **'अभिन्नकारकचिदानंदैक चैतन्यस्वभावेन स्वतन्त्रवात् कर्ता भवति।'** આહાહા ! શું સિદ્ધાંત ? આહાહા ! વિકાર પર્યાય જે થાય છે (તે સ્વતંત્ર થાય છે). પણ ઘણા લોકોને એમ બેસી ગયું છે કે કર્મને લઈને વિકાર થાય (છે), કર્મને લઈને વિકાર થાય (છે). આહાહા ! (પણ) આ વાત તો ૧૯૭૧ની સાલમાં બહાર મૂકી હતી. ૬૪ વર્ષ થયા કે વિકાર પોતાથી થાય છે. તેને કર્મની કોઈ જરૂર - અપેક્ષા નથી. (આ સાંભળી) ઘણા (લોકો) ભડક્યા હતા. 'દામોદરશેઠ'! હતા એ ભડક્યા હતા કે આ તો આવું કોણે કહ્યું ? અમારા ગુરુએ કોઈ દિ' આવું કહ્યું નથી ને આ નવું ક્યાંથી કાઢ્યું ? હવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવું જ્યાં કાઢીને મૂક્યું એ પડી ઊડીને ક્યાં જશે ? આહાહા ! બાપુ ! મારગ તો આ છે ભાઈ !

રાગને પોતાનો માનવો, શરીરની ક્રિયા (હું) કરી શકું છું, બીજાને (હું) મારી શકું છું, બીજાની દયા (હું) પાળી શકું છું એવી (માન્યતારૂપ જે) મિથ્યાત્વભાવ છે તે પણ જીવની પર્યાયમાં જીવની પર્યાયથી થાય છે. તે (મિથ્યાત્વ) આત્માથી થાય છે (તેમ જે કહ્યું છે એ તો પર્યાયમાં) સંબંધ છે એટલું બતાવવા વ્યવહારથી વાત કરી છે. આહાહા ! આવું કામ છે. એ 'બંસીધરજી'!એ ... છે. આ બે મોટા કહેવાય એનામાં. એ ભિન્નકારક છે. પછી અહીંયાં આવ્યા હતા. ત્યારે એણે કબુલ્યુ પછી. પણ પાછું ત્યાં જાય તો પાછું... ગંગા તટે 'ગંગાદાસ' ! ભાઈ ! મારગ આ છે બાપુ ! તેના તે સમયનો ***છયે દ્રવ્ય જે જ્ઞેય છે - પરમેશ્વરે ભગવાને કેવળજ્ઞાનમાં જે છ દ્રવ્ય જોયા (છે) તે છ દ્રવ્યનો જે પર્યાય ઉત્પન્ન થાય (છે) તે તેનો તે સમયનો જન્મક્ષણ છે. અને તે પોતાના ષટ્કારકથી ઉત્પન્ન થાય છે. (ભલે) પછી તે નિર્મળ થાય કે મલિન (થાય).*** આહાહા ! ત્યાં (પંચાસ્તિકાયમાં) તો મલિનતાની વાત (છે). એટલે લોકોને (એમ થયું કે) મલિન ભાવ થાય છે તે શું કર્મની અપેક્ષા વિના (થાય છે) ? પણ જુઓ ! પાઠમાં શું છે ? જુઓ ! (વિકાર) પરના કારકના કર્તાપણાની અપેક્ષા વિનાના છે. પર - કર્મ (કે) નિમિત્ત-કર્મ (અથવા) નિમિત્ત કારણ (છે એ) તેમાં છે જ નહિ. આહાહા ! હવે આવી વાત છે. પછી તો પ્રશ્ન ત્યાં 'કલકત્તે' મુક્યો. ...નામ 'જગરાજ'! 'જગરાજજી'! 'પનાલાલ'!ની એમના ભાઈની વાત થઈ હતી ને ? એમ કીધું કે ત્યાં જાવ છું. .. 'કાનજીબાબા'! હું ત્યાં જાવ છું મને તો થાય છે આહાર દેનારને પણ એના કરતાં આહાર લેનારને નિર્જરા ઘણી એવું આવ્યું હતું કે નહિ ? વાત કરી હતી ને ? .... એ વાત તો મને કાંઈ ખબર નથી. એ ખોટું છે એ બધું.

**શ્રોતા :–** છાપાવાળાને ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા એણે લખ્યું છે. એક જણો કહે એ મને કોઈકે કહ્યું છે. .... પણ આવી વાત ? આ કહે હું કાંઈ જાણતો નથી કહે. આ જગતને પોતાની વાતની વાત માટે શું કરવું છે અને શું જુઠું બોલે ? આહા..!

અહીં તો કહે છે (કે) ત્રણ કાળ - ત્રણ લોકમાં જે સમયે જે પર્યાય જે જ્ઞેયની (છ દ્રવ્યની થાય છે તે પોતાથી થાય છે). ભગવાને છ (દ્રવ્ય) જોયા છે. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાલાણુઓ, એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય અને આકાશ (એમ) ભગવાન પરમાત્મા જિનેશ્વરે છ દ્રવ્ય જોયા છે. ***એ છ દ્રવ્યની, જે સમયે જે પર્યાય એનો કાળ છે તે કાળે અને પોતાના ષટ્કારકથી (થાય છે). આહાહા ! એવું જ વસ્તુનું સ્વરૂપ છે.*** એવું જ ભગવાને જોઈને - જાણીને કહ્યું છે. (પણ) અત્યારે લોકોને આકરું (લાગે છે) કે એ વિકાર થાય તે કર્મ વિના થાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** કર્મના આશ્રય વિના વિકાર ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તે કર્મના આશ્રયે પણ ન થાય. (કેમકે) આશ્રય પોતાની પર્યાયનો (છે). (અર્થાત્) આધાર (પણ) ત્યાં પોતાનો છે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આહાહા ! એ વિકૃત અવસ્થા (જે) થાય છે તે પણ પોતાની (પર્યાયને કારણે છે). જે વિકાર છે તેનો કર્તા વિકાર (છે). અભિન્નથી કર્મ (કાર્ય) કહેવું (પણ તે જ છે). તે આમાં (શ્રી જયસેનાચાર્યની ટીકામાં) પણ છે કે ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ કર્મ છે. છે ને ભાઈ ? અંદર ભાવાર્થમાં પણ 'અભિન્ન' શબ્દ છે. આહાહા ! આવશે, હળવે હળવે તે આવશે. ઝીણી વાત છે. આખું સ્વતંત્ર સ્વરૂપ ભગવાને (જેવું) જોયું એવું તેમણે સિદ્ધ કરીને કહ્યું છે. આહાહા !

એ કહે છે કે ***વિકારની પર્યાય પણ સ્વતંત્રપણે તે જ કાળે - આઘી પાછી નહિ એ જ સમયે પોતાથી થાય (છે). આહાહા ! અને તે વિકાર, પૂર્વની પર્યાયને લઈને પણ નથી, નિમિત્તને લઈને પણ વિકાર નથી અને ખરેખર તો એ વિકારી પર્યાય દ્રવ્ય-ગુણને લઈને પણ નથી. આહાહા !*** આવી વાત ! આવું સ્વતંત્રપણું (જેને) બેસે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય.

**શ્રોતા :–** કર્મ તરફ લક્ષ કરે તો વિકાર થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લક્ષ-બક્ષ કાંઈ નથી. એ પર્યાય સ્વતંત્ર છે.

**શ્રોતા :–** કર્મ બાજુ જોડાણ કર્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–-** જોડાણ-બોડાણ કાંઈ કર્યું નથી. જોડાણ કર્યું છે (એમ કહેવું) એ નિમિત્તનું કથન છે. પર્યાય સ્વતંત્રપણે પોતે આ પ્રમાણે થઈ છે. ભાષા(માં) એમ કહેવાય કે નિમિત્ત તરફ જોડાણ (કર્યું છે). છતાં પણ પર્યાય પોતે સ્વતંત્રપણે જોડાણી (છે, ને) પર તરફ લક્ષ કર્યું છે. પરનો આશ્રય થયો માટે આ વિકાર થયો, એમ નથી. આહાહા ! આકરું કામ. આહાહા ! ઘી ઊનું થાય છે તે ઊની પર્યાય પોતે તે કાળે થવાની (હતી તો થઈ છે) અને તે પણ તેને અગ્નિના નિમિત્તપણાની અપેક્ષા નથી. આહાહા ! ઘીમાં એ ઉષ્ણતાની પર્યાય ષટ્ કારકપણે પોતાથી થઈ છે. આહાહા ! એ જ વાત અહીંયા (છે). માટીનો દાખલો આપશે. આહાહા ! ઝીણી વાત છે ભાઈ ! આ તો મૂળ ચીજ છે. પછી તેનું જે દ્રવ્ય છે તેની દૃષ્ટિ કરવી. પર્યાય તે કાળે તે થવાની (હતી) તે જ (પર્યાય) પોતાના (ષટ્કારકથી) સ્વતંત્ર થાય છે. (આમ જાણીને) પછી તેની દૃષ્ટિ(ને) દ્રવ્ય ઉપર લઈ જવી. એ દ્રવ્ય ઉપર દૃષ્ટિ લઈ જવી તેનું કરણ-સાધન પણ પર્યાય છે. આહાહા ! બહુ વાત (ઝીણી) છે. મોટી 'વરણીજી' જેવાને ન દેખાણી. જે આવી સારી વાત હતી સીધી. ભાઈ ! 'મુનશીધરજી' મોટા પંડિત છે મોટા બે. .. અહીંયાં આવીને કબુલ કર્યું હતું. આવે છે ને ... નહિ ? 'परसंग एव'

એક કળશ(માં) આવે છે ને ! 'પરસંગ એવ.' પરસંગ પોતે કર્યો છે. પર સંગ થયો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માટે એને આ (વિકાર) થયો છે (એમ નથી). (પણ) સંગ પોતે કર્યો છે. એ રાગે નિમિત્તનો સંગ પોતે કર્યો (તો) એ કર્તા પોતે છે. આહાહા ! 'परसंग एव' - એના વડે (પર વડે વિકાર) થયો નથી. (પણ) 'परसंग एव' - (એને) પરને લઈને (વિકાર) થયો એમ નહિ. એક શબ્દે મોટો ફેર (છે) ભાઈ ! આહાહા ! આ રોટલીની પર્યાય (છે)- એ લોટની જે રોટલીની પર્યાય છે - તે પર્યાય ખરેખર તો, રોટલીની પર્યાયથી થઈ છે, લોટથી નહિ, વેલણાથી નહિ, અગ્નિથી નહિ, તાવડીથી નહિ, બાઈના હાથથી નહિ, બાઈને ઈચ્છા થઈ હતી માટે તેનાથી થઈ (છે) તેમ નથી. આહાહા ! આવું સ્વરૂપ છે ! આવી સ્વતંત્રતાનો ઢંઢેરો ભગવાને પીટ્યો છે. કોઈ પર્યાયને કોઈ પર્યાયનો આધાર (નથી). આહાહા !

**શ્રોતા :–** કર્તાપણું કહ્યું ત્યાં જ સ્વતંત્ર છે, એમ આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વતંત્ર કર્તા છે. આહાહા ! કર્તાનો અર્થ સ્વતંત્રપણે કરે તે કર્તા (છે). એ જ આવે છે. જુઓ ! એ આવ્યું -

'**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે સ્વતંત્ર હોવાથી જેણે કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે.**' કેવળજ્ઞાનની પર્યાય પૂર્વની પર્યાયનો નાશ કરીને (થઈ છે એમ નથી). (એટલે કે) એ (પૂર્વ પર્યાયનો) નાશ થયો એમ અહીં નથી. (પરંતુ) અપાદાનમાં તો એને (પૂર્વ પર્યાયનો) નાશ કરીને એમ આવશે. ભાઈ ! પોતે પૂર્વની પર્યાયનો નાશ કરીને ધ્રુવને અવલંબ્યો છે (એમ કહેશે). આહાહા ! ઝીણી વાત બહુ બાપુ ! મારગ - તત્ત્વદ્રષ્ટિ એવી ઝીણી છે અને એ દ્રષ્ટિને યથાર્થપણે પ્રગટ કર્યા વિના બધું ફોગટ છે. એ બધી ક્રિયા કરે - વ્રતને, તપને, ભક્તિને, પૂજા - (તો પણ) એ બધો રખડવાનો સંસાર છે. આહાહા !

(કહે છે કે) '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાયકસ્વભાવને લીધે...**' એની પોતાની અનંત શક્તિ એટલી છે કે જેથી સ્વતંત્ર હોવાથી જેણે કેવળજ્ઞાનની પર્યાયના કર્તાપણાનો અધિકાર ગ્રહણ કર્યો છે. આહાહા ! એક (વાત). એવો આત્મા છે - એમ ઉપર આવ્યું હતું ને ? પહેલા આત્મા લીધો હતો ને ? (કે) '**એવો આ આત્મા...**' આહાહા !

(હવે) બીજો બોલ '**(૨) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના...**' (અર્થાત્) કેવળજ્ઞાનની પર્યાયપણે થવાના - પરિણમવાના '**સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય હોવાથી (-પોતે જ પ્રાપ્ત થતો હોવાથી) કર્મપણાને અનુભવતો...**' (એટલે કે) પોતે જ કાર્યપણાને - વ્યાપ્યપણાને - અનુભવે છે. આહાહા ! આખો દિ' વાણિયા કહે આ કર્યું ને આ કર્યું. આમાં હવે તેને નવરાશ ન મળે. અહીં તો કહે છે કે પ્રભુ ! તું સાંભળ. એક અક્ષર આમ લખાય છે ને અક્ષર ! અક્ષરમાં, અક્ષરની પર્યાય જે ઉત્પન્ન થઈ તે કલમથી (થઈ) નથી, તે પર્યાય તેના દ્રવ્ય-ગુણથી (થઈ) નથી. આહાહા ! એ અક્ષરની પર્યાયના પરમાણુમાં દ્રવ્ય ને ગુણ ધ્રુવપણે રહીને તે પર્યાયનું જે પરિણમન અક્ષર(પણે) થયું તે પર્યાયનો કર્તા તે પર્યાય છે. કલમ નહિ, સ્ત્રી નહિ (કે) લખનાર હુંશિયાર માણસ (પણ) એ અક્ષરનો કર્તા નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** મોતીના દાણા જેવા કરેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોતાના દાણા અમારે 'ખુશાલભાઈ'! કરતા. નામુ એ લખતા. નામુ સુધારતા. આહાહા ! દુકાનમાં નામુ લખતા એ. આહાહા !

આહાહા ! એ અક્ષર જે પડે (તે પોતાથી થાય છે પણ) પ્રભુ ! તને ખબર નથી. અક્ષર છે તે અનંત પરમાણુનો પિંડ છે. તે અક્ષરની પર્યાયમાં - એક એક પરમાણુ (ભિન્ન રહીને પરિણમે છે). અક્ષર તો સ્કંધ છે. તેમાં એ પરમાણુ ભિન્ન રહીને (પરિણમે છે). અનંત પરમાણુના સ્કંધની - પોતાની જે અક્ષરની (પર્યાયો) થઈ તેમાં રહીને પોતાની પર્યાયનો કર્તા પર્યાય છે. આહાહા ! પ્રત્યેક પરમાણુની પર્યાય, પોતાથી - પર્યાયથી થઈ છે. આહાહા ! ખરેખર તો તેનો નિજક્ષણ એ છે, એ સમયે અક્ષરના સમૂહમાં રહેલો પરમાણુ, તેને તે અક્ષરની પર્યાયના પિંડમાં રહીને, આહાહા ! પોતે જ પોતાની પર્યાયપણે અક્ષરના અંશમાં પરિણમ્યો છે. આહાહા ! અહીં તો બધાં કામ - ધંધાના ને વેપારના હું કરું.... હું કરું... (એમ માને છે). (પણ એ) ભ્રમણા - મોટી ભ્રમણા છે.

**શ્રોતા :–** હુશિયાર માણસ હોય તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હુશિયાર ? હુશિયારીની પર્યાયનો કર્તા (તો) હુશિયારીની પર્યાયમાં રહી. હુશિયારી બહારમાં ક્યાં ગઈ (છે) ? તેની પર્યાયનો જે જ્ઞાનનો ક્ષયોપશમ છે તે પર્યાયનો કર્તા ષટ્કારકપણે તે પર્યાય પોતાથી પરિણમી છે. એ હુશિયારી લખવામાં કે કામ કરવામાં જાય છે એમ છે નહિ. આહાહા ! આવું છે.

**શ્રોતા :–** નોકર રાખતી વખતે ધ્યાન રાખે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ એને રાખે ? એ તો બહારની બધી વ્યવહારની વાતો છે. કારખાના ચલાવે... આહાહા ! અહીંયા તો કહે છે કે જ્યારે આત્મામાં કેવળજ્ઞાન થાય ત્યારે તે જ્ઞાનની પર્યાયનો કર્તા તે આત્મા છે એ (કેવળજ્ઞાનની) પર્યાયને આત્મા ગણીને આત્મા (કર્તા) છે એમ કીધું અને તે પોતે સ્વતંત્રપણે કરી છે. એ જ્ઞાનાવરણી (કર્મનો) ક્ષય થયો એવી અપેક્ષા થઈ છે માટે કેવળજ્ઞાનની પર્યાય કર્તાપણે થઈ, એમ નથી. આહાહા !

બીજો બોલ, '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના...**' જોયું ? આહાહા ! અહીંયા નીચે ***(છદ્મસ્થપણામાં) પણ આ શબ્દ જે કાને પડે છે તે શબ્દ કાનને અડે છે એમ પણ નથી અને તે શબ્દ કાને પડ્યો માટે ત્યાં જ્ઞાનની પર્યાય થઈ, એમ પણ નથી. તે ક્ષણે તેને પોતાને (તે) શબ્દ સંબંધીનું જ્ઞાન પોતાથી ષટ્કારકરૂપે પરિણમતી તે જ્ઞાનની પર્યાય એ કાળે ત્યાં થાય છે. તેને શબ્દની અપેક્ષા નથી. આહાહા ! તેને જ્ઞાનાવરણી (કર્મના) ક્ષયોપશમની અપેક્ષા નથી.*** આવી વાત છે.

આવે છે ને (વર્ણીજીમાં) કે 'કાનજીસ્વામી' એમ કહે છે કે જ્ઞાનકી હિનાધિકતા અપનેસે હોતી હૈ જ્ઞાનાવરણી કર્મ સે નહિ. એય 'ચેતનજી'! છે ને એમનું પુસ્તક ? આમાં છે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ખરું. ... એમાં એમ લખ્યું છે. આમાં ક્યાં લખ્યું છે ક્યાંય ? ... એનો પ્રશ્ન. એની ચર્ચા થઈ ગઈ હતી ને પછી ઊઠી ગયા..

(એક પુસ્તકમાં) છાપ્યું છે ને ! 'કાનજીસ્વામી' ઐસા કહતે હૈં કિ મહારાજ ! જ્ઞાનાવરણી કર્મ કુછ નહીં કરતે. અપની યોગ્યતાસે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ. (એટલે કે) જ્ઞાનની પર્યાય હિણી થાય એ પણ પોતાના કર્તા, કર્મથી થાય. અધિક થાય એ પણ પોતાથી (થાય) જ્ઞાનાવરણી (કર્મને) લઈને નહિ. છે ? મહારાજ ! જ્ઞાનમેં કમી હોતી હૈ (વહ) અપની વજહસે હોતી હૈ, અપની યોગ્યતાસે હોતી હૈ. 'કાનજીસ્વામી' યહ કહતે હૈં. જ્ઞાનાવરણી કર્મ કુછ નહીં કરતા. (અર્થાત્) જ્ઞાનની હીણી દશામાં પણ જ્ઞાનાવરણી (કર્મની) કોઈ અપેક્ષા નથી અને જ્ઞાન વિશેષ ઉત્પન્ન થાય તેમાં પણ જ્ઞાનાવરણીના ક્ષયોપશમની કોઈ અપેક્ષા નથી. આ ૧૩મી સાલમાં 'વર્ણી' (કહે કે) યહ ઠીક હૈ. આપ હીસમજો કૈસે ઠીક હૈ ? કોઈ ભી કહે, હમ તો કહેતે કે અંગધારી ભી કહે તો ભી ઠીક નહિ ! વર્ણીજીનું પછી લોકોએ સ્વીકારી લીધું. પંડિતોએ પૂછ્યું કે આ બહાર પાડવું... વરણીના ઓલા 'બાબુલાલ જમાદાર' જુઓ ! વરણી આમ કહે છે, એનું ખોટું છે.

**શ્રોતા :–** ન્યાયનો બોલ છે, વાંચ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાંચ્યો તો શું આખો 'સમયસાર'ની ટીકાનો છે. પણ આ મૂળથી. (અજ્ઞાની એમ માને છે કે) જ્ઞાનાવરણી કુછ કરતે નહીં, ઐસા નહીં. જ્ઞાનની હીણી દશાને જ્ઞાનાવરણીયનો ઉદય હોય છે તેથી હીણી દશા થાય છે. એને જ્ઞાનનો ઉઘાડ વિશેષ થાય ત્યાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય માટે વિશેષ થાય (છે) એ (વાત) અહીં નથી. આહાહા !

**શ્રોતા :–** પણ ન્યાયમાં ગ્રંથમાં તો બેય કારણથી કાર્યની સિદ્ધિ કહી છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બે કારણ, નિમિત્ત છે એમ સિદ્ધ (કરવા) કહ્યું છે. નિમિત્ત છે એટલું જ્ઞાન કરાવ્યું (છે). અહીંયા તો, એક સમયમાં તે જ્ઞાનની પર્યાય જે પ્રગટ થઈ તે પર્યાયનો કર્તા પર્યાય, કાર્ય પર્યાય, પોતાથી (પર્યાય) થઈ, પોતે (પર્યાયને) રાખી એ સંપ્રદાન, પોતામાંથી (પર્યાય) થઈ (તે અપાદાન), પોતાને આધારે (પર્યાય) થઈ, આહાહા ! તે પર્યાયને - (તે) ષટ્કારકના પરિણમનને કોઈ કર્મના નિમિત્તના અભાવની કે (સદ્ભાવની) અપેક્ષા નથી. આમ છે બાપુ !

**શ્રોતા :–** સમર્થ કારણમાં 'ગોપાલદાસજી બરૈયા'એ બન્ને કારણ લીધાં - ઉપાદાન અને નિમિત્ત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપાદાનના કારણ ને નિમિત્ત કારણ જે સાથે કહ્યાં છે એ તો વ્યવહારનું - નિમિત્તનું જ્ઞાન કરાવ્યું (છે). નિમિત્તનું જ્ઞાન કરાવવા એમ કીધું. ત્યાં મોક્ષમાર્ગ પ્રકાશકના સાતમા અધ્યાયમાં ભાઈએ નાખ્યું છે, વ્યવહારથી કીધું છે (ત્યાં) નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આહાહા ! અરેરે ! આવું વસ્તુનું જે સ્વરૂપ છે (તેને) એ રીતે માને નહિ ને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આઘું-પાછુ માને એ વિપરીત દૃષ્ટિ છે. આહાહા ! (અહીં કહે છે કે) **'શુદ્ધ અનંત શક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ પ્રાપ્ય છે.'** (એટલે કે) તે વખતે તે જ પર્યાય થવાની હતી. તે પ્રાપ્તને ધ્રુવ પહોંચી વળે છે. આહાહા ! કેવળજ્ઞાનની પર્યાય તે તેનું પ્રાપ્ય છે. (સમયસારમાં) પ્રાપ્ય - વિકાર્ય ને નિર્વૃર્ત્ય આવ્યું હતું ને ? ૭૬, ૭૭, ૭૮ ગાથામાં બહુ (સરસ) અધિકાર આવ્યો છે. ***તે સમયે તે પર્યાયનું (જે) પ્રાપ્ય છે તેને આત્મા પહોંચી વળે છે. એ કેવળજ્ઞાનની પર્યાય તે સમયે તે જ થવાની હતી. આહાહા ! અને તે પણ કેવળજ્ઞાનની પર્યાય (પોતાના) ષટ્કારકથી પરિણમતી થઈ છે.*** અહીં પ્રાપ્ય કહ્યું ને ? કે **'પોતે જ પ્રાપ્ય હોવાથી (પોતે જ પ્રાપ્ત થતો હોવાથી)'** કાર્ય છે. કાર્યપણાના સ્વભાવને લીધે **'પોતે જ પ્રાપ્તય હોવાથી'** પોતે જ પ્રાપ્તયને - **'કર્મપણાને અનુભવતો,...'** આહાહા ! (એટલે કે) કેવળજ્ઞાનની પર્યાયરૂપી કાર્યને પોતે અનુભવે (છે). તેના કાર્ય માટે પરના કાર્યની કોઈ જરૂર નથી. આહાહા !

જ્યાં બે કારણની વાત આવે ત્યાં તેને પકડે ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવીને પ્રમાણ કરાવ્યું (છે) અને ***નિશ્ચયથી તો એ પ્રમાણ પૂજ્ય નથી*** - એમ શ્રી 'દેવસેનાચાર્ય' કૃત નયચક્રમાં લીધું છે. ***કારણકે તેમાં પર્યાયનો નિષેધ ને નિમિત્તનો નિષેધ થતો નથી. માટે તે પૂજ્ય નથી. નિશ્ચય તે પૂજ્ય છે. અહીંયા તો પર્યાયનું સ્વતંત્રપણું કહેવું છે. પણ નિશ્ચયમાં તો પર્યાયનો નિષેધ કરીને દ્રવ્યદૃષ્ટિ કરાવવી છે. આહાહા ! અને તે સમ્યગ્દર્શનની પર્યાય પણ નિશ્ચયથી તો પોતાના ષટ્કારકથી પરિણમતી ઉત્પન્ન થઈ છે. આહાહા ! તે કાળે તે જ થવાની હતી. આહાહા !*** ઝીણી વાતો બહુ ભાઈ ! વીતરાગ મારગ પણ લોકોને સાંભળવા મળ્યો નથી. જે જેમાં જન્મ્યા તે બહારના વાડામાં પડ્યા - સ્થાનકવાસીમાં જન્મ્યા તો સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં જન્મ્યા તો દેરાવાસી, દિગંબરમાં જન્મ્યા તો દિગંબરના વાડાનું શ્રદ્ધાન (થઈ ગયું) (પરંતુ) વસ્તુ શું છે (તે ખબર નથી). આહાહા ! એ પ્રાપ્ય - કર્મ કહ્યું.

(હવે) ત્રીજો બોલ. **'(૩) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ સાધકતમ'** છે. (અર્થાત્) પોતે જ સાધન છે. આહાહા ! કરણ નામ સાધન. કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થવામાં કેવળજ્ઞાનની પર્યાય સાધન છે. આહાહા ! માટે, મોક્ષનો મારગ જે પૂર્વે હતો - નિશ્ચય સાધન હતું - તેનાથી મોક્ષપર્યાય (કે) કેવળ(જ્ઞાન) થયું છે એમ નથી. આહાહા ! સમજાણું ? **'કરણપણાને ધરતો...'** આહાહા ! સાધકતમ કહ્યું છે ને ? સાધકતમ (એટલે) ઉત્કૃષ્ટ સાધન. નિમિત્ત ને વ્યવહાર સાધનનો ઉપાચાર આવે પણ તે અસત સાધન છે. (તે જ વાત) હમણા (ભાવાર્થમાં) કહેશે કે વ્યવહાર કારકોના જેટલા સાધન કહેવાય છે એ બધાં જૂઠાં છે. આહાહા ! તે પર્યાયનું તે (પર્યાય) સાધન છે તે નિશ્ચય છે. આહાહા !

આ ચશ્માની પર્યાય જે છે (તે) અત્યારે પરિણમતી પર્યાય છે. પરમાણુ - દ્રવ્ય, ગુણ તો કાયમ રહે (છે). (પણ પર્યાય) પરિણમતી છે. જે આ (પર્યાય) પહેલે સમયે છે તે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



બીજે સમયે નથી. તે-તે સમયે એ પર્યાય ઉત્પન્ન થઈને નાકને આધારે રહી છે એમ નહિ. તે પર્યાય બીજા પરમાણુના આધારે થઈ છે એમ નહિ, (પરંતુ) તે પરમાણુની (પર્યાય) તે કાળે, તે ક્ષેત્રે તે રીતે પોતાથી પરિણમનરૂપ થઈને કર્તા, કર્મરૂપે થઈને ઉત્પન્ન થઈ છે. આહાહા ! આ ચર્ચા 'લીંબડી'માં થઈ હતી. ઓલા 'ચંદ્રશેખર'! છે ને ? .... 'જીવાભાઈ'! 'જીવાપ્રતાપ'! કહે છે. કરોડપતિ. એનો ભત્રિજો એ આવ્યો 'લીંબડી'. ભાઈ હતા 'ચંપકભાઈ'! ત્યાં હતા '...ભાઈ'! એક સાધુએ પ્રશ્ન કર્યો. આપણે ચર્ચા કરીએ ? મેં કીધું કે ભાઈ ! અમે કોઈની સાથે ચર્ચા કરતા નથી. (તે કહે) અરે ! તમારી એમાં મહિમા શું ? (અમે કહ્યું), મહિમા-મહિમા અમારે કાંઈ નથી, બાપા ! તેને એમ હતું કે તમારી આબરૂ ઘટી જશે (ને) તમને આવડતું નથી. એમ (કહેવાશે). ગમે તેમ માનો બાપા ! પછી છેવટે (તે કહે) 'આ ચશ્મા વિના કાંઈ જણાય ?' મેં કહ્યું, ચર્ચા આવી ગઈ લ્યો ! ચશ્મા તો પરચીજ છે ને જાણવાની પર્યાય સ્વની છે, તે સ્વની જાણવાની પર્યાય, પોતાથી થઈ છે, ચશ્માથી નહિ. આહાહા ! જે અહીંયા (આત્મામાં) જાણવાની દશા થાય છે તેને ચશ્માની અપેક્ષા જ નથી. તેને આ આંખના રજકણોની (પણ) અપેક્ષા નથી. થઈ ગઈ બાપુ, ચર્ચા હવે ! આહાહા ! (દિગંબરો) હવે (છાપામાં) લખે છે કે આમની સાથે આ ચર્ચા થઈ હતી. લખો બાપા ! ભાઈ ! આહાહા !

અહીં કહે છે કે '**પોતે જ સાધકતમ (ઉત્કૃષ્ટ સાધન) હોવાથી કરણપણાને ધરતો...**' સાધકતમ છે ને ? તમ એટલે ઉત્કૃષ્ટ લીધું. સાધક, સાધકતર ને સાધકતમ. ઉત્કૃષ્ટ સાધન જ એ (પોતે પર્યાય) છે. કેવળજ્ઞાનની પર્યાયનું સાધન પર્યાય પોતે જ છે અથવા આત્મા સાધન છે. (પણ) કોઈ પૂર્વની પર્યાય, (કે) નિમિત્ત જ્ઞાનાવરણી કર્મનો ક્ષય થયો માટે તેની અપેક્ષાથી અહીં (જીવમાં) કેવળજ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થયો (કે) તેનું તે સાધન છે એમ નથી. આહાહા ! આવું તો ગળે ઉતરવું કઠણ પડે. તેથી એ પ્રશ્ન 'કલકત્તા'માં (આવ્યો) હતો કે વિકાર પોતાથી જ થાય ને કરમથી ન થાય આહાર કરતા હતા. આ '...બહેન'! છે ને એના બાપ. જ્યાં આહાર કરીને પછી બેઠા ત્યાં કાગળ આવ્યો. શેઠનો કાગળ આવ્યો. 'વરણીજી' નો કાગળ હતો. એક ભાઈ આવ્યા હતા હો ... લઈને આવ્યા. કેવા ? શાહુ 'શાંતિપ્રસાદ' આવ્યા હતા. આહાર કરી બેઠા ત્યાં તો શાહુજી આવ્યા કે પત્ર આવ્યો ત્યાંથી. અહીંથી જવાબ અપાઈ ગયો છે હોં. વિકાર તેનો સ્વભાવ થઈ જાય ? કર્મ વિના વિકાર થાય તો, વિકાર જીવનો સ્વભાવ થઈ જશે ? મેં કહ્યું, બધી વાત થઈ ગઈ છે.

વિકાર પોતાથી થાય છે, કર્મથી નહિ. કર્મના કારકની - કર્તા, કર્મની અપેક્ષા વિના વિકારની પર્યાય, પોતાના કર્તા, કર્મ, સાધનથી થાય છે. કહો, સમજાણું આમાં ? આહાહા ! બહુ આકરું કામ. (કોઈ એમ કહે છે કે 'કાનજીસ્વામી' ગમે તેમ કરે પણ) જ્ઞાનાવરણી કર્મ કર્તા છે (એટલે કે તેનો ઉદય) જ્ઞાનની હીણી પર્યાયનો કર્તા છે, તેનો ક્ષયોપશમ વિશેષ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વધવામાં કારણ છે, આહાહા ! બહુ આકરું પડે એવી વાત છે. ઓલા જગરાજજી એમને માનનારા... આવો મારગ (છે) બાપા ! શું થાય ભાઈ ? વસ્તુની સ્થિતિ તો જેમ છે તેમ છે. પછી ભલે ને મોટો પંડિત (ન) માને કે બધાં સાધુ ઊંધું માને. આહાહા ! શું થાય ? એ ત્રણ બોલ થયા.

(હવે) ચોથો '**(૪) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવને લીધે પોતે જ કર્મ વડે સમાશ્રિત થતો હોવાથી...**' સમાશ્રિત એટલે પોતે જ પોતાને દેતો હોવાથી '**(અર્થાત્ કર્મ પોતાને જ દેવામાં આવતું હોવાથી) સંપ્રદાનપણાને ધારણ...**' કરે છે (અર્થાત્) એ પરિણમન પોતે પોતાને દે છે. (એટલે કે પોતે પરિણમનરૂપ) થઈને પોતાને દે છે (પણ) એ પરિણમન કાંઈ બીજાને દે છે કે બીજાથી દેવામાં આવ્યું છે એમ નથી. આહાહા ! (ભાવાર્થમાં) માટીનો દૃષ્ટાંત આપશે. એ (કેવળજ્ઞાનની) ***પર્યાય, પર્યાયને માટે પરિણમી હતી. આહાહા ! એ પર્યાય ત્રણ કાળને જાણવા માટે પરિણમી હતી એમ નહિ.*** આહાહા ! સમજાણું કાંઈ ? એ પર્યાય પોતે પોતાથી, પોતાને માટે પરિણમી હતી. તેને અહીં સંપ્રદાન કહે છે. (એટલે કે) દાન-દાન આપ્યું. લેનાર યોગ્યતાવાળી પર્યાય (પણ) પોતે ને પોતે પોતાને દાન આપ્યું. એક સમયમાં લેનાર પણ પોતે ને દેનાર પણ પોતે પર્યાય (છે). આહાહા ! આવી વાતુ (છે). આહાહા ! બીજાને આત્મા આહાર દઈ શકે છે એ ત્રણ કાળમાં નથી.

**શ્રોતા :–** આહાર આપે તો ધર્મ થાય ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (તેમાં) ધર્મ તો ક્યાં હતો ? (પણ) પુણ્ય થાય અને તે પણ આહાર આપી શકતો જ નથી ને ? (કેમકે) આહારના રજકણો જે છે તેનો એક એક પરમાણુ પોતાનું પરિણમન કરીને આમ ગતિ કરીને ત્યાં જાય છે. તેને આત્મા કહે કે મેં આહાર આપ્યો (તો) એ દૃષ્ટિ મિથ્યા ને અજ્ઞાન ને વિપરીત શ્રદ્ધા છે. આવું ક્યાં (સાંભળવા મળે) ?

આવું છે. આહાર આપીને ધર્મ થાય - એ પ્રશ્ન અમારે 'ગોંડલ'માં થયો હતો. તમારા વેવાઈ 'પોપટલાલ'! કેવે એ કહેવાય ? 'પોપટલાલ' ... દીકરીના સસરા. 'રામજીભાઈ' ! ની દીકરીના સસરા. એણે કહ્યું, જુઓ ! ભગવતીમાં આમ કહ્યું છે કે ભગવાનને આહાર આપીને પરિસંસાર કર્યો ! એ ૭૭મી (સાલની) વાત છે. (અમે) કહ્યું, એમ નથી. આહાર દીધો માટે સંસાર ઘટ્યો છે - પરિત થયો (છે), એમ નથી. એ...વાંધા ઊઠયા ! આ ૭૭મી સાલની (વાત છે). કેટલા વર્ષ થયા ? ૫૮ વર્ષ થયા. આહાહા ! અને એક બાય હતી '...' .... 'માણેકચંદ' પક્ષી. નામ પડી ઘણા વર્ષ થઈ ગયા. એ 'ગોંડલ'ની વાત છે. આહાહા !

**શ્રોતા :–** માણેકચંદજી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** 'માણેકચંદજી' અને ..... શું નામ એનું ?

**શ્રોતા :–** 'વ્રજકુંવરબેન'

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** યુવાન બાઈ હતી એ નામ ભૂલી ગયો. ત્યાં પેલી બાજુના 'બગસરા'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્યાં આગળ. સામું ગામ છે ને જે ... આ 'બગસરા' 'બગસરા' ... પછી આ 'ગોંડલ' ત્યાં એમ એ બોલી નહોતી. સાંભળતી હતી એ તો. દૃષ્ટિ કરું છું બધે. આહાહા ! અહીં તો કહે છે કે એ કેવળજ્ઞાનની પર્યાય (પ્રગટ) કરીને પોતે પોતાને આપી. આહાહા ! એ દાન થયું. પોતે લેનાર ને પોતે દેનાર (છે). (અર્થાત્) પર્યાય પોતે પાત્ર ને પર્યાય પોતે દાન દેનાર. પર્યાય પોતે પાત્ર ને જેણે પર્યાય આપી તે પણ પોતે. આહાહા ! આવી વાતુ છે. એ ચાર બોલ થયા.

(હવે) પાંચમો. **'(૫) શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સમયે'** જોયું ? **'પરિણમવાના સમયે'** આ અપાદાન લીધું. **'પૂર્વ પ્રવર્તેલા વિકળજ્ઞાનસ્વભાવનો...'** (પૂર્વે) મતિ-શ્રુત આદિ અલ્પજ્ઞાન હતા ને ? (તેથી એમ કહ્યું છે). કોઈને પૂર્વે ચાર જ્ઞાન હોય ને તેના નાશ થઈને કેવળજ્ઞાન થાય છે. પણ એ **'પ્રવર્તેલા વિકલજ્ઞાનસ્વભાવનો નાશ થવા છતાં સહજજ્ઞાનસ્વભાવ વડે પોતે જ ધ્રુવપણાને અવલંબતો...'** અપાદાન છે. આહાહા ! અપાદાનની તે પર્યાય પોતાથી થઈ છે. કેવળજ્ઞાનની પર્યાય, પૂર્વની ચાર જ્ઞાનની દશાનો વ્યય થયો (હોવા) છતાં, તે ધ્રુવને અવલંબીને થઈ છે. આહાહા ! એ પણ નિમિત્તથી કથન છે. બાકી પર્યાય પોતે જ અપાદાનથી - પોતે પોતાથી - થઈ છે. આહાહા ! છે (અંદર) ? **'પૂર્વે પ્રવર્તેલા વિકલજ્ઞાનસ્વભાવનો...'** ચાર જ્ઞાન પૂર્વે હતા ને ? પૂર્વે હોય ને ? તેનો વ્યય થઈને કેવળ(જ્ઞાન) થાય છે ને ? તેનો નાશ થવા છતાં પણ **'સહજજ્ઞાનસ્વભાવ વડે પોતે ધ્રુવપણાને અવલંબતો હોવાથી...'** અપાદાન છે. આહાહા ! (વિકળજ્ઞાનસ્વભાવનો) નાશ થયો માટે (કેવળજ્ઞાન થયું) એમ નહિ. આહાહા ! એ ભગવાન આત્માએ કેવળજ્ઞાનની પર્યાયને આ રીતે ઉત્પન્ન કરી છે. પૂર્વની પર્યાયનો વ્યય થવા છતાં, ધ્રુવપણાનું અવલંબન છે અને પર્યાય ત્યાં ઉત્પન્ન (થઈ) છે. આહાહા ! (ધ્રુવનું) અવલંબન લીધું છે પર્યાયે. આહાહા !

(હવે છઠ્ઠો બોલ). **'શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવની પોતે જ આધાર છે.'** આહાહા ! એ કેવળજ્ઞાનની પર્યાયનો આધાર કેવળજ્ઞાનની પર્યાય છે. તેને આધાર કોઈ કર્મનો અભાવ થયો છે, તેવા આધારથી થયું છે એમ છે નહિ. આહાહા ! બીજી રીતે કહીએ તો, જુઓ ! આ પુસ્તક છે ને ! તેની પર્યાય છે એ આને (ઠવણીને) આધારે રહી નથી, આ ચશ્મા છે તે નાકને આધારે રહ્યાં નથી, આ પગ જે નીચે મૂકાય છે તે જમીનને આધારે પણ રહ્યો નથી, જમીનને આધારે પગ ચાલતો નથી. અરેરે...! આવી વાતુ ! એ પગ તેને - જમીનને અડ્યો પણ નથી. કારણકે એક બીજામાં અભાવ છે તો અડે ક્યાંથી ? આહાહા ! આવો વીતરાગ મારગ સાંભળવા મળે નહીં. (તો) તે ક્યારે સત્ય સ્વીકારે ? એમ ને એમ જે વાડામાં પડ્યા (હોય) તેને માનીને ચાલ્યા ગયા. થઈ રહ્યું ! જીવન પૂરા કરીને ચાલ્યા જશે... આહાહા !

આ પુસ્તક છે એનો અંદરનો એક પરમાણુ છે તે, આ નીચલા પરમાણુને આધારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



રહ્યો છે એમ નથી. ***એ પરમાણુની પર્યાયનો આધાર, પરમાણુની પર્યાયનો છે. ખરેખર તો તેના દ્રવ્ય-ગુણનો પણ આધાર નથી. આહાહા !***

ટોપીને માથાનો આધાર છે કે નહિ ? એ ટોપી માથાને આધારે રહી નથી એમ કહે છે. અરે ! પણ આવું ? આવો માર્ગ છે બાપા ! બહુ ઝીણું ભાઈ ! આહાહા ! આ ટોપી તો ઘણા પરમાણુનો પીંડ છે. એ ટોપીના એક એક પરમાણુમાં એ પર્યાય, પોતાને આધારે ત્યાં રહી છે. આહાહા ! માથાને આધારે નહિ. આવું સ્વરૂપ છે. એ 'શીવમભાઈ'! આહાહા ! હવે આ મકાનનું લઈએ. આ મકાનમાં જે આ અક્ષર છે ને જે સમયે આ મકાન થયું છે તે સમયે, તે તે પરમાણુનો તે તે પર્યાય તે કાળે ત્યાં તે પ્રકારે રહેવાનો (થવાનો) હતો. પોતાના આધારે તે પર્યાય થઈ છે. આહાહા ! એ 'રામજીભાઈ'! એ કરી નથી અને 'વજુભાઈ'!એ કરી નથી. એ કડિયાએ પણ કરી નથી. આવી વાતુ !

**શ્રોતા :–** પણ 'મુંબઈ'થી માણસ બોલાવવા પડ્યા હતા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કોણ બોલાવે ? ને કોણ કરે ? એ ક્યાં ગયા 'વજુભાઈ'! ? બેઠા છે ને ક્યાંક ? એ પણ હતા ને આ કરવામાં તો ભાઈ ? કોણ કરે છે ? અરે..! કહે છે. આ આવી વાતુ ! કડિયા વિના આ મકાન થયું છે એમ કહે છે. એ '....'!

**શ્રોતા :–** કડિયો આવ્યો ત્યારે મકાન થયું ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહે છે કે કડિયો આવ્યો માટે થયું એવી તેને અપેક્ષા જ નથી. તે સમયે તે પરમાણુની તે રીતે પર્યાય ઉત્પન્ન થવાનો તેનો કાળ છે. એ પ્રમાણે, ઉપરના પરમાણુના રહેવાનો તે કાળ છે તેથી તેને લઈને (તે રહ્યાં છે). નીચલા પરમાણુનો આધારે (એ રહ્યાં નથી). આહાહા ! આ થાંભલાના આધારે ઉપરના રજકણ રહ્યાં છે ? તો કહે છે કે ના. આવી વાતુ છે. વીતરાગ માર્ગ બહુ ઝીણો, બાપુ ! સર્વજ્ઞ, પરમેશ્વર જિનરાજ ! (કે) જેણે ત્રણ કાળ - ત્રણ લોક જોયા, તેમાં છ દ્રવ્યની પર્યાય(ને) તે તે કાળે તેનાથી ઉત્પન્ન થતી જોઈ, અને સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો ! આહાહા ! તે સમયની તે પર્યાય તેને પોતાને કારણે થઈ છે અને તે તેનો ઉત્પન્ન થવાનો સમય તે કાળ હતો, આહાહા ! અરેરે...! જગતને અભિમાનના પાર ન મળે.

(અહીં કહે છે કે) '**શુદ્ધ અનંતશક્તિવાળા જ્ઞાનરૂપે પરિણમવાના સ્વભાવનો પોતે જ આધાર હોવાથી...**' આહાહા ! '**પોતે જ આધાર હોવાથી અધિકરણપણાને આત્મસાત કરતો...**' (એટલે કે) પોતે, પોતાના આધારને કારણે આત્મસાત (કરતો). પોતાનું સ્વરૂપ પોતાને કારણે રહ્યું (છે). આહાહા ! કેવળજ્ઞાનનો પર્યાય, પર્યાયને આધારે પોતાથી ત્યાં આત્મસાત - ટકી રહ્યો છે. આહાહા !

હવે કોઈ એમ કહે કે જ્ઞાનાવરણી (કર્મ) કાંઈ કરતું નથી ? (તો કહે છે) નહિ. હવે આવી બધી વાતુ પ્રભુ ! શું થાય ? આહાહા ! તેને સાંભળવા પણ મળ્યું ન હોય (ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શું થાય) ? સાંભળવા મળ્યું પણ પોતે ઘણું ભણેલા એટલે એમ થાય કે અમે જે માનીએ છીએ, સમજીએ છીએ (તે બરાબર છે). આ વળી નવા ઢુંઢીયામાંથી નીકળીને આવી વાતુ કરે ! અરે ભાઈ ! એમ નથી બાપુ ! એ ઢુંઢીયામાં અમે હતા જ નહિ. આહાહા ! ભાઈ ! મારગડા તારા જુદા નાથ !

આહાહા ! કહે છે કે જીવ પરની દયા પાળી શકતો નથી કેમકે પર જીવનું જે દેહમાં રહેવાનું છે તે પર્યાયનો કર્તા તેનો એ આત્મા છે (અને) શરીરની પર્યાયનો કર્તા એ શરીર (છે). તેને બીજો જીવ માને કે હું આની દયા પાળું છું (તો) તેની (પરની) પર્યાયનો કર્તા થાય તે મિથ્યાદૃષ્ટિ - અજ્ઞાની છે.

**શ્રોતા :–** પાણીમાં માખી પડી હોય તો કાઢવી કે નહિ ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાણીમાં માખી પડી હોય તો એને કાઢવાની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરી શકતો નથી. તમારી ... શું 'ગોંડલ'ને આ 'જયચંદભાઈ'! ત્યાંના. 'પોરબંદર'. આ 'અભેચંદભાઈ'! હતા ને ? આ 'નેમિદાસ ...' ના કાકા હતા. શું નામ આનું ? એ ચોમાસામાં ખાડામાં પાણી ભરાણા હોય. તો માંખી-બાખી પડે જાય લેવા. એ માને કે મેં આ દયા પાળી. 'અભેચંદભાઈ'! હતા. 'નેમિદાસ ખુશાલ' મંદિર બનાવ્યું છે ને ત્યાં 'પોરબંદર'. ... એ ભત્રીજાનો દીકરો રાખ્યો હતો. એ મરી ગયો. છોકરા પછી આવ્યા હતા. (કોઈએ મકાનનો વારસો આપ્યો હોય તો કહે છે કે) કોને સોંપે ને કોને આપે ? એમ અહીં તો કહે છે. આહાહા ! મકાનના પરમાણુનો પર્યાય તેને કારણે ત્યાં રહ્યો છે. જીવને (કાંઈ) મળ્યું તો એમ કહેવાય કે તેને (જે) મમતા થઈ તે મમતાનો ઉત્પાદકાળ હતો તો મમતા થઈ છે. તે મમતાનો કર્તા - કર્મ એ મકાન નહિ. 'ખુશાલદાશભાઈ'! આ શું છે બધું તમારું ? આ .. ભક્તિ અને બધું. કારખાના મોટા માણસ, ડાહ્યા હોય, નોકર સારા હોય એ કામ સરખું કરે.

**શ્રોતા :–** અમદાવાદમાં મોટી હોટલ ચલાવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હોટલ ... એ બીજા બધા ઘણા મોટા છે ને. ઓલો ક્યાં ગામ 'હૈદ્રાબાદ' મોટો કોઈ એક માણસ આવ્યો હતો. મોટી હોટલ. કેટલું કાંઈક એક દિવસના કાંઈક ૨૫-૫૦ એમ રહેવાના. મોટી હોટલ, વ્યાખ્યાનમાં આવતો, યુવાન માણસ. એક તો આપણે આ ... છે. રાજકુમારના વેવાઈ. ..... વ્યાખ્યાનો આવતા. આ વાત બેસવી ભારે કઠણ ! નહિતર તો ત્યાં 'હૈદ્રાબાદ'માં ચારે સંઘોએ સ્વાગત કર્યું. પહેલા વહેલા ગયા એની જિંદગીમાં. ... ચાર સંઘે. શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી અને તેરાપંથી. ચાર સંઘ થયા છે. ચારના મોટા દક્ષો. પહેલે, બીજે એમ બધા ચારે સ્વાગત કર્યું. અહીં તો મારગ બાપા આ છે ! પણ એ વસ્તુમાં તો કાંઈ આવતું નથી. કોણે ક્યા નામ લઈને કહેવાય ? કે આ શ્વેતાંબર સંપ્રદાયનો છે ? આહાહા !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ છ બોલ થયા. છે ને ? **'(એ રીતે) સ્વયમેવ...'** છે ? પોતે જ **'છ કારકરૂપ થતો હોવાથી'** (એટલે કે) છ કારકરૂપ પોતે જ પરિણમ્યો છે.

હવે એક બીજી બાજુનો અર્થ. **'અથવા ઉત્પત્તિ- અપેક્ષાએ...'** પણ ઉત્પત્તિની અપેક્ષાએ લઈએ તો, **'દ્રવ્ય-ભાવભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને...'** જોયું ? જડ કર્મો છે તેને પણ દૂર કરીને અને ભાવકર્મ - જે વિકારીપર્યાયને હીણીદશા છે તેને - (પણ) દૂર કરીને (એમ કહ્યું). ઘાતિકર્મોમાં બે (લીધાં) - એક જ્ઞાનાવરણી આદિ જડ ઘાતિકર્મો ને એક પોતાની હીણીદશા થવી તે પોતાનું ભાવ ઘાતિ(કર્મ). આહાહા ! તો એ **'ઉત્પત્તિ - અપેક્ષાએ દ્રવ્ય-ભાવ ભેદે ભિન્ન ઘાતિકર્મોને દૂર કરીને સ્વયમેવ આર્વિભૂત થયો હોવાથી...'** ભગવાન (આત્મા) પોતે જ કેવળજ્ઞાનની પર્યાયપણે પ્રગટ થયો હોવાથી **'સ્વયંભૂ કહેવાય છે.'** સ્વયંભૂ પર્યાય થઈ. (અર્થાત્ પર્યાય સ્વયં =) પોતાથી (ભૂ=) થઈ છે. (માટે) સ્વયંભૂ કહેવાય છે. વિશેષ કહેવાશે... (પ્રમાણ વચન ગુરુદેવ !)

**ભૂતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ ચે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે, છતાં કેવળજ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યાન છે, ભૂતાર્થ છે એમ જાણે છે. આહાહા ! ભૂત-ભાવિ પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધી જણાતી હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે એમ જાણે છે – એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે, તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણે ને ! આહાહા ! જેની હયાતી નથી તેની હયાતી જાણે તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણે ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ !**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૧૧૯)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર કળશટીકા, કળશ–૧૮૦, પ્રવચન નં. ૧૬૩, તા. ૧૮-૯-૧૯૬૫ [૧૨]

આ 'સમયસાર કળશ'નો 'મોક્ષ અધિકાર' ચાલે છે. મોક્ષ એટલે શું ? એની વ્યાખ્યા છે પહેલી. આ આત્મા જે છે, આત્મા અંતરમાં એની શક્તિઓ ગૂઢપણે અનંત પડી છે. આત્મામાં, આ આત્મા શરીર-વાણી-મનથી જુદી, કર્મથી જુદી અને પુણ્ય-પાપના ભાવથી પણ જુદી વસ્તુ છે. એમાં અનંત-અનંત જ્ઞાનાદિ ગુણ ગૂઢપણે એટલે શક્તિપણે, સત્ત્વપણે, રહસ્યપણે પડ્યા છે. સમજાણું કાંઈ ? ગૂઢ વાત છે આ, ગૂઢ વાત. ચૈતન્યશક્તિના ચમત્કારની વાત છે.

એક સમયમાં આત્મા, વર્તમાન એની દશામાં વિકાર હો, કર્મનો નિમિત્ત સંબંધ હો, વસ્તુ તરીકે એમાં વિકાર અને કર્મનો સંબંધ નથી. એવી એ ચીજ સચ્ચિદાનંદમૂર્તિ (છે). એમાં શક્તિપણે, ગૂઢપણે, સ્વભાવપણે અનંત-અનંત ગુણો અને એક-એક ગુણનું અનંત સામર્થ્ય એવા અનંત ગુણનું શક્તિરૂપ સત્ત્વ, એને આત્મા કહેવામાં આવે છે.

એ આત્માની દશા અનાદિથી વિકારપણે પુણ્ય-પાપના ભાવપણે, પુણ્ય-પાપ હું એવા મિથ્યાત્વપણે વિકારપણે જે થઈ રહી છે એ દુઃખરૂપ દશા ને એ સંસાર છે. સંસારમાં સુખ છે ? 'સેઠી' ! ક્યાં છે ? સંસાર કહ્યો ને ? આત્મા સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ પદાર્થ છે, એની વર્તમાન દશામાં વિકાર છે તે સંસાર છે. 'અમરચંદભાઈ'! સંસાર કોઈ શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબમાં છે નહિ. એના સ્વરૂપની બેભાન ભ્રાંતિ, ભ્રાંતિ કે 'હું આ છું' કે 'આ છું' એને ખબર નથી. કારણ કે એ વસ્તુ ગૂઢ છે. દ્રવ્યસ્વભાવ, ચૈતન્યસ્વભાવ ગૂઢ છે. ગૂઢ નામ શક્તિનું એકલું સત્ત્વ છે. એનો પ્રયોગ કરે તો પ્રગટ થાય, પ્રયોગ કરે તો પ્રગટ થાય એવું એ ચૈતન્યતત્ત્વ છે. એથી એ ચૈતન્યતત્ત્વ જે ગૂઢ સ્વભાવથી ભરેલો આત્મપદાર્થ (છે) એની અનાદિથી દૃષ્ટિ નહિ હોવાથી વિકાર પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ 'હું છું' એમ અજ્ઞાની અનાદિથી માને છે. એનું નામ સંસાર. એ સંસાર એ દુઃખ છે. એ સંસાર અવસ્થા એ દુઃખરૂપ છે.

હવે, જેને આનંદરૂપ થવું હોય અથવા આત્મામાં જે આનંદ (ભર્યો છે)... આત્મા વસ્તુ છે એ તો આનંદનો ગૂઢ સત્ત્વ છે. વસ્તુ પોતે દુઃખરૂપ ન હોઈ શકે. એની વર્તમાન દશામાં વિકારનું થવું, પછી શુભ કે અશુભ, એ દુઃખ છે. એ દુઃખનો જેને વ્યય નામ નાશ કરવો હોય અને જેને આત્મામાં વસ્તુના અંતરમાં આનંદ છે, તેને એકાગ્ર થઈને પૂર્ણ આનંદ જેને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રગટ કરવો હોય એ પૂર્ણ આનંદ પ્રગટ થાય તેને મોક્ષ કહે છે. સમજાય છે કાંઈ ? એ મોક્ષ પૂર્ણ આનંદમૂર્તિ છે. મોક્ષ એ પૂર્ણ આનંદનું સ્વરૂપ તે મોક્ષ. હવે એ મોક્ષ જેને કરવો હોય તો કેમ થાય ? અને શી રીતે મોક્ષનું સ્વરૂપ છે ? એનું અહીંયાં વર્ણન કરે છે.

**'इदानीं पूर्ण ज्ञानं विजयते' 'અહીંથી શરૂ કરીને શુદ્ધ જ્ઞાન અર્થાત્ સમસ્ત આવરણનો વિનાશ થતાં થાય છે જે શુદ્ધ વસ્તુનો પ્રકાશ...'** જે ચૈતન્યનો પ્રકાશ શુદ્ધ-શુદ્ધ છે. અંદર ચૈતન્યનો પ્રકાશ ! બીજાઓએ આત્માનું અંતર દ્રવ્યપણું, જે અનંત ગુણપણું એના સત્ત્વની બેહદતા એ બીજાને લક્ષમાં આવી નથી. સમજાય છે કાંઈ ? એનું જે આખું સત્ત્વ, વસ્તુ જે આત્મા દ્રવ્ય એનું જે આ સત્ત્વ, સત્ત્વની અચિંત્ય અચિંત્ય મહિમા બેહદ સ્વભાવનું સામર્થ્ય જે શક્તિરૂપે છે એને પ્રગટ કરવું એવો જે પ્રયોગ એ અજ્ઞાનીને એ વસ્તુનો ખ્યાલ આવ્યો નથી. અને સર્વજ્ઞ જે થયા એને આત્માનો અંતર વસ્તુનું રહસ્ય ગૂઢભાવ દૃષ્ટિમાં આવ્યો, આવીને એમાં સ્થિર થયા અને સર્વજ્ઞપણાને પામ્યા. સમજાય છે કાંઈ ?

જે સર્વજ્ઞસ્વરૂપ શક્તિરૂપે હતું, શક્તિનો અર્થ એ કાંઈ એમ નથી કે આ પડ્યું છે, આ ચીજ, શક્તિ છે એની. ગૂઢપણાનું અંદર રહસ્ય પડ્યું છે આખું. એ સર્વજ્ઞપદ અનંત આનંદ, અનંત દર્શન, અનંત વીર્ય સ્વભાવ–સામર્થ્ય એવું અનંત ચતુષ્ટય સ્વરૂપ ભગવાન આત્માનું અનાદિ એમ ને એમ છે. એની અંતરમાં દૃષ્ટિ કરવી કે હું પૂર્ણાનંદ અખંડ છું, હું પુણ્ય-પાપ વિકાર વિનાનો છું એનું નામ સમ્યગ્દર્શન–ધર્મની પહેલી સીડી કહેવામાં આવે છે. એનું નામ સમ્યગ્દર્શન. કહો, સમજાય છે કાંઈ ?

દેખાય શું પણ ? જે દેખે છે એ કેવડો છે ? એમ કહે છે અહીં. દેખાય તો આ. ***આ પણ દેખાતું નથી ખરેખર તો. દેખવાના કાળમાં એની દેખવાની અસ્તિત્વના શક્તિનું સામર્થ્ય દેખાય છે.*** સમજાણું કાંઈ ? ***જેમ કે જુઓ ! આ લાકડું. જ્ઞાનમાં આ જણાણું પણ એ જ્ઞાનનું સામર્થ્ય જ્ઞાનમાં જણાણું ને ? જ્ઞાનના સામર્થ્યમાં જણાણું ને જ્ઞાનનું સામર્થ્ય ? એ પ્રગટ અંશમાં, પ્રગટ અંશમાં આ આ છે એમ જણાણું એ જ્ઞાનના અસ્તિત્વમાં, જ્ઞાનના સામર્થ્યમાં જણાણું છે. ખરેખર તો એ જ્ઞાનની સામર્થ્ય શક્તિને જાણે છે પણ માને છે કે હું આને જાણું છું. એટલે જાણનારો વર્તમાન પ્રગટ ભાવ છે એને પણ એ સ્વીકારતો નથી. સમજાય છે કાંઈ ?***

બીજી રીતે લઈએ તો વસ્તુમાં મોક્ષસ્વરૂપ છે, વસ્તુ મોક્ષસ્વરૂપ જ છે. શક્તિ સત્ત્વનું સ્વરૂપ. હવે એનો પ્રગટ અંશ જે છે, એનો જ્ઞાનનો, દર્શનનો પ્રગટ અંશ, એ અંશ એટલો તો મુક્ત છે. જેટલો પ્રગટ છે એ તો રાગ વિનાનો, વિકાર વિનાનો, નિમિત્ત વિનાનો છે. પણ ***એ પ્રગટ અંશમાં જે આ રાગ છે અને આ જણાય છે એ જ્ઞાનના સ્વ–પર(પ્રકાશક) સામર્થ્યમાં આ જણાય છે, એ જણાય છે જ્ઞાનનું સામર્થ્ય પણ સ્વનું લક્ષ નથી એટલે સ્વ–પરપ્રકાશની સામર્થ્યતા ઉપર એની દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ ? એક સમયની જે વર્તમાન***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પ્રગટ–વ્યક્ત અવસ્થા, એનું જે સામર્થ્ય કે પરને જાણવું, એ પરને જાણતો નથી.***

કહ્યું હતું ને એક ફેરી કે આમ જળ–પાણી દેખે, જળ, તો જળ દેખતા જે તારા દેખાય અંદર એ જળની અવસ્થા દેખાય છે, તારા નથી એમાં. ***એ જળની સ્વચ્છ અવસ્થામાં તારાનું જ્ઞાન એ તો જળની સ્વચ્છતાનું જ્ઞાન છે.*** આ નદીનું પાણી હોય ને ? ઉપરથી તારા દેખાય છે. એ જળની અવસ્થાની સ્વચ્છતા દેખાય છે. એમ ***ભગવાન આત્મા વર્તમાન જ્ઞાનની પર્યાયની પ્રગટતાની સ્વચ્છતામાં આ રાગ ને નિમિત્ત દેખાય છે એ સ્વચ્છતા દેખાય છે,*** પણ એટલી સ્વચ્છતા ઉપર જો એનું લક્ષ જાય તો તો અહીંથી ખસીને સ્વભાવ ઉપર લક્ષ જાય. સમજાણું કાંઈ ? એવી ઝીણી વાત છે.

એણે કોઈ દિ' ધર્મ શું છે ? અને એનું ફળ મોક્ષ એટલે શું છે ? (એ) વાસ્તવિક સમજ્યો જ નથી. એમ ને એમ અજ્ઞાનપણે ગાડા હાંકે રાખ્યા. દયા કરી ને વ્રત પાળ્યા, ભક્તિ કરી ને પૂજા કરી, ધૂળમાં પણ નથી ધર્મ એમાં, સાંભળને ! માને છે ઇ એમ કે અમે ધર્મ કરીએ છીએ. પણ એ તો વિકલ્પ ઊઠે છે. એ વિકલ્પનો જાણનાર જે જોડે છે, વર્તમાન પ્રગટ અંશ, હોં ! એ અંશના સામર્થ્ય ઉપર એની દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ પેલા રાગ ને આ કર્યું... આ કર્યું... આ કર્યું. આ થયું... આ થયું... આ થયું... એમ દૃષ્ટિ નથી. આ થયું એમ જો દૃષ્ટિ ત્યાં જાય, સ્વચ્છતાના અંશમાં દૃષ્ટિ જાય તો સ્વચ્છતાનો ધરનાર કોણ ? એ સ્વચ્છતાના ધરનાર ઉપર દૃષ્ટિ જાય. સમજાય છે કે નહિ 'હીરાલાલભાઈ' ? ભાઈ ! આવો ધર્મ કેવો હશે આ ? 'સેઠી' !

કહે છે કે ભગવાન આત્મા...! આ સ્વચ્છતાના અંશમાં આ... આ... આ... જણાય એ જણાય છે પોતે. છતાં એની માન્યતામાં એમ છે કે આ જણાય છે. એટલે એની દૃષ્ટિ સંયોગમાં ચાલી જાય છે. પણ સ્વચ્છતાના અંશમાં જણાય છે સ્વચ્છતાનો અંશ, તો એ અંશ કોનો ? એટલે સ્વચ્છતાના ધરનાર દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય. ત્યારે તે સ્વચ્છતાનો અંશ એકલો પરનો પ્રકાશકના સામર્થ્યરૂપે જે દેખાય છે... શું કીધું ? વર્તમાન પ્રગટ અંશ જે પરના જાણવારૂપ એટલો દેખાય છે, એ દેખનાર સ્વચ્છતાનો અંશ કોનો છે ? કારણ કે એ સ્વ કેમ દેખાતો નથી ? સ્વ અંશની કેમ પોતાની પ્રતીતિ આવતી નથી ? આ જણાય છે અને આ કેમ નહિ પર્યાય ? પર્યાય પોતે કેમ નથી જણાતી ? એ પર્યાયને પોતાને સ્વને જાણવા જાય તો દૃષ્ટિ જ્ઞાયકમાં ઢળી જાય.

ક્યાં હતું સુખ ? ધૂળમાં ? રાડો પાડે છે ને આ બધા ! રોગ થઈને પૈસા થાય છતાં ક્યાં ધૂળમાં સુખ છે ? 'જેચંદભાઈ'! ક્યાં પૈસા ચાલ્યા ગયા છે ? પૈસા છે, છોકરા છે બધું છે. રાડે રાડ પાડે છે. મરી ગયા... હાય...હાય... ધૂળમાં પણ નથી હાય...

**શ્રોતા :–** મરી ગયા પછી શું થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ઘણીવાર તો મરી જવા જેવું કહે છે, અહીંથી જઈએ. જાણે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ન્યાં એની મા બેઠી હશે. ડોશીમાં બેઠા છે ? સમાચાર આવ્યા છે ? અહીંથી જાણે છૂટીએ. ક્યાં જાઈશ પણ ન્યાં ? આત્મા તો છે તે છે. ભગવાન આત્મા અસ્તિ છે, સત્તા છે, હોવાપણે (છે) એ હોવાપણે ક્યા કાળમાં ન (હોય) ? (ક્યા કાળમાં) હોવાપણાનો અભાવ થાય ? ક્યે ક્ષેત્રે હોવાપણાનો અભાવ થાય ? ક્યા સંયોગમાં રહ્યો એ હોવાપણાનો અભાવ થઈ જાય ?

ક્યાં પણ ક્ષેત્ર ? બીજું ક્ષેત્ર ક્યાં છે ? જ્યાં જાય ત્યાં પોતાના ક્ષેત્રમાં અને પોતાના કાળમાં અને પોતાના ભાવમાં પોતે પડ્યો છે. આહા..હા...! એણે એ અંતર તત્ત્વને જોવાને વિચાર કર્યા નથી. એમ ને એમ ગાડા ખોટે ખોટી જિંદગી પૂરી થઈ ગઈ. ઘણાની અનંત ગઈ પણ વાસ્તવિક તત્ત્વ સત્તા, હોવાવાળું કોણ છે આ ? એનો એણે વિચાર કર્યો નહિ. વિચાર કરનાર જાગ્યો એટલે આત્મા જાગ્યા વિના રહે નહિ. ઓ..હો..! આ અવસ્થા ! અવસ્થા જણાણી નહિ અને આ રાગ જાણું છું... રાગ જાણું છું... રાગ જાણું છું... કર્મ જાણું છું... આ જાણું છું... એમ થયું, આ શું છે ? એ અવસ્થા, અવસ્થા એટલે હાલત. વર્તમાન સ્વચ્છતાના અંશને, આ સ્વચ્છતાનો અંશ સૂક્ષ્મપણે પકડવા જાય તો એની દૃષ્ટિ સ્વચ્છતાનો ધરનાર દ્રવ્ય તેના ઉપર જાય. ત્યારે એને સ્વ અને પરનું પ્રકાશક સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ ?

**‘इदानीं पूर्ण ज्ञानं विजयते’** આવે છે ને ! હવે ? એટલે શું કહ્યું આ પહેલું ? કે અપૂર્ણ જ્ઞાન વખતે... અહીં પૂર્ણ જ્ઞાન આવે છે ? મોક્ષ એટલે પૂર્ણ જ્ઞાનનો સમૂહ. જ્ઞાનની શક્તિરૂપે જે પૂર્ણ હતું એની વર્તમાન અવસ્થામાં પૂર્ણ થઈ જવું એનું નામ મોક્ષ. મોક્ષ કાંઈ પોતાની પર્યાયથી છૂટી જવું છે ? પોતાના દ્રવ્યનો અભાવ થવો છે ? મોક્ષમાં ગુણનો અભાવ થવો છે ? અભાવ તો અશુદ્ધતાનો અને સંયોગનો અભાવ છે અને સ્વભાવની શક્તિનો તો વિકાસ થાય છે. સમજાણું કાંઈ ?

એક ન્યાયે આ અધ્યાત્મતત્ત્વને ગૂઢવાદ કહેવામાં આવે છે. રહસ્યવાદ ! ભગવાન આત્મા...! ‘શ્રીમદે’ એને એમ કહ્યું છે, ‘અરે..! સૃષ્ટિને ચૈતન્યના અંતર ચમત્કારની ખબર નથી.’ ગુપ્ત ચમત્કાર ! ભાઈ ! શબ્દ વાપર્યો છે ને ? ‘શ્રીમદ્દે’ આત્માને ગુપ્ત ચમત્કાર (કહ્યું છે). ગુપ્ત નામ ગૂઢ છે. જે આમ બહારમાં દેખાય એની અવસ્થા અલ્પ દેખાય. અનાદિનો અભ્યાસ આ. ગુપ્ત પડ્યું છે એટલે અન્યોને એક આત્મા આવડો ભાસ્યો નહિ એટલે બધું એક આત્મા માની બેઠા. સમજાય છે કાંઈ ? ઘણાએ એક માન્યા, કેટલાકે એકલા આત્મા જ માન્યા, જડ નહિ, કેટલાકે જડ માન્યા, આત્મા નહિ, કોઈકે એક જ આત્મા સર્વવ્યાપક (છે), કોઈ કહે એક જ વિજ્ઞાનઘન જ વ્યાપક, ગુણ જ એકલો વ્યાપક છે. પણ એનું દ્રવ્યનું-ગુણનું ગૂઢપણું અનંત છે એવા સ્વભાવના ગૂઢવાદને, ગુપ્ત ચમત્કારને કોઈ દિ’ પ્રતિતમાં લીધો નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! કહો, આમાં ગુજરાતી થાય તો કેટલું સહેલું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય ? ભાવ તો જે હોય એ આવે. ગુજરાતી થાય તો કાંઈ ભાવ બીજો થઈ જાય ? કહો, સમજાણું આમાં ?

અરે...! ભગવાન ! ચૈતન્યપ્રભુ મહા ચમત્કારનો ધણી ! એ ચમત્કાર (છે). આ તો દુનિયા.. સમજાય છે ? કોણ કોઈક કહેતું હતું કે ચમત્કાર બહારનો ! આ તો બહાર કોઈક કહેતું હતું કે ચમત્કાર થાય. ચમત્કાર દેખાય છે. આહા..હા...! ચમત્કાર. થાળમાં કપડું ઢાકીને લાડવા ખવડાવે એ ચમત્કાર. આવા ને આવા મૂરખના કાંઈ ગામ જુદા હોય છે ? આ તો બધું ગપ્પે-ગપ્પા. અને ભગવાન સંતોને ચમત્કાર હોય છે પણ એ ચમત્કારની કિંમત કાંઈ નથી. કિંમત શું એમાં ? એમાં સ્વના શાંતિ ને સુખને માટે સાધન શું થયું ?

**શ્રોતા :–** ઘીના દેખાડે ને ગોળના દેખાડે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આ ઘી-ગોળ વિનાનો આનંદ આવે એ જરૂર કે ઘી-ગોળને લાવીને આનંદ ? જેમાં ઘી-ગોળના વિકલ્પની જરૂર નહિ. ઘી-ગોળની તો જરૂર નહિ, પણ ઘી-ગોળનો વિકલ્પ ઊઠે, વૃત્તિ ઊઠે એની પણ જરૂર નથી. એવી ચીજ અંદરમાં એક સમયમાં અનંત ગૂઢ રહસ્યથી ભરેલો પદાર્થ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જેને 'શ્રીમદે' ગુપ્ત ચમત્કાર ભાષા વાપરી છે. કેટલાકે જૈનદર્શનને રહસ્યવાદ (શબ્દ) વાપર્યો છે. રહસ્ય છે અંદરમાં. દ્રવ્યમાં આવું આખું રહસ્ય છે. પ્રગટરૂપે અલ્પ દેખાય, રાગ દેખાય અને આ દેખાય પણ આખો આખો પડ્યો છે. અને આખો એ ક્યારે માને ? કે અમને આમ દેખાય. પણ ક્યારે દેખાય ? તું જો એની સામું ત્યારે દેખાય કે જોયા વિના ? અને તે પણ જોવે ત્યારે એની પ્રતીતમાં એમ આવે કે આ વસ્તુમાંથી જે અંશ નિર્મળ આવ્યો અને આનંદનો અંશ જે આવ્યો એ મારી પાસે કોઈ દિ' નહોતો. એ આનંદનો અંશ વર્તમાન આવ્યો તો આખો પીંડ જ આનંદનો કંદ છે. જેમાં રહસ્ય આખો પીંડ અતીન્દ્રિય આનંદ જ પડ્યો છે. એવી પ્રતીતિ ક્યારે આવે ? – કે એના અંશની દૃષ્ટિ ખસી અને ત્રિકાળ ઉપર દૃષ્ટિ પહેલો વિશ્વાસ આવે કે આ મહા અચિંત્ય પદાર્થ ભગવાન મહાન છે. જેને જોતા આનંદ આવે, જેને સાંભળતા આનંદ આવે એવો તું છો. આહા..હા...! આહા..હા...!

કહે છે કે ભગવાન આત્મા...! હીરો લેવા જાય તો એની કિંમત આપે તો હીરો મળે ? કે હોય પાંચ હજારનો હીરો અને બે લીંબોળી લઈને જાય કે બે હીરા આપજો. લીંબોળી સમજો છો ? આ લીમડાની લીંબોળી થાય છે ને ? એ.. શેઠ ! 'સેઠી' ! પાંચ હજાર લીંબોળી લઈ આવું છોકરો કહે. લ્યો ભાઈ ! તમે પાંચ હજાર કહો છો ને ? પાંચ હજાર લીંબોળી લઈ આવું, લ્યો ! પણ લીંબોળીએ હીરો ન આવે.

એમ ભગવાન આત્મા જેટલી કિંમતનું અંદર તત્ત્વ છે, જેટલું સામર્થ્યવાળુ એ તત્ત્વ છે એટલું પુરુષાર્થ વડે પ્રતીત કર્યા વિના, એની કિંમત આપ્યા વિના એ દૃષ્ટિમાં આવે નહિ. કેમ બરાબર છે ? 'ધર્મચંદજી'! એ વસ્તુ પરમાત્મા પોતે સ્વરૂપ છે. ***શક્તિ સત્ત્વરૂપ***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***પરમાત્મા, એની શક્તિની પ્રતીતમાં કેટલી એને કિંમત દેવી પડે ? જેટલો છે એટલો પ્રતીતમાં લેવો પડે. જેટલો, જેવડો અને જેમ છે એમ પ્રતીતમાં લે ત્યારે એનો અનુભવ થાય. અલ્પ જ્ઞાન છું, આ રાગ છું, આ પુણ્ય છું, આ એક અવસ્થા જેટલો અને પરને જાણવા જેટલો (હું છું). એ તો કિંમત આપતા આવડી નથી. એ આત્મા એમ લેવાય જ નહિ, આત્મા એમ લેવાય જ નહિ, આત્માની કિંમત એવી હોઈ શકે નહિ.*** સમજાણું કાંઈ ?

આ ઉધાર, ઉછીનું, ઉછીનું કહે છે ને કાંઈક ? ઘી ખૂટે ત્યારે ઉછીનું લઈ આવે છે. હોય ને ? શું કહેવાય એ ? પાટુડી, પાટુડી નહિ પણ તાંબાની પેલી હોય ને ? તપેલી. એ પાડોશી પાસે જાય કે આ તપેલી ઘી આપો, કાલે હું તમને આપી દઈશ. પણ તપેલી ઘી લઈ આવીને બીજે દિવસે તપેલી પાણી આપે તો ? ભરેલું છે. કોઈ વાર એમ બને છે. જરી ઘી આવતા વાર લાગી હોય તો જોડે ઘરવાળા હોય ને સગાવહાલા હોય, કહે, બેન ! આ તપેલી ભરી દ્યો. પહેલા તો સોંઘુ હતું ને ! હવે ક્યાં ? પહેલા તો ચાર આનાનું પા શેર. રૂપિયાનું શેર નહિ. ચાર આનાનું પા શેર. આ તો રૂપિયાનું અઢી શેર. રૂપિયાનું અઢિ શેર હોય. પા શેર ક્યાંથી આવ્યું ? ઓગણીસ રૂપયે મણ ! આ દીક્ષામાં કીધું નહિ ? આ દીક્ષા થઈને ત્યારે ઓગણીસ રૂપિયાનું મણ ઘી હતું. 'શોભાલાલભાઈ'! કેટલું ? વીશમાં એક ઓછું. આ દીક્ષા જ્યારે થઈ ને ત્યારે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના ના. આ તો ઊંચું ઘી, હોં ! આ દગા નહિ. એક મહિનાનું મળતું એટલું ખરું. એક મહિનાનું ઘી, કારણ કે દસ-વીસ મણ જોઈએ. એટલું બધું ક્યાંથી લાવે ? ગામડામાં ક્યાં ગોતવા જાય ? અને દીક્ષા નક્કી થઈ ગયેલી. એટલે 'ખુશાલભાઈ'એ કહ્યું, આટલા ડબા લાવો. ડબા મહીનાના છે. મહિનાનું ઘી છે. મહિના પહેલાનું. જાજું નથી પણ મહીનાનું, એક મહીનાનું બનાવેલું. સમજ્યાને ? 'અમરચંદભાઈ' ! એક મહિનાથી ભેગું કરેલું તાજું. એમ કે કાલનું કે બે દીનું નથી. એક મહિનાનું બનાવેલું છે. બનાવેલું સમજ્યા કે નહિ ? તૈયાર કરેલું એક મહિનાનું છે. ઓગણીસ રૂપિયાનું મણ. ઘીના વીસ ડબા લીધા. સાડા ત્રણ રૂપિયા મણ સાકર. સાડા ત્રણે સાકર ઊંચી, તે દિ', હોં ! (સંવત) ૧૯૭૦ ની સાલમાં. એક ગાદી, પચીસ મણ. દીક્ષા હતી ને મોટી ?

પણ એની કિંમત પ્રમાણે કીંમત આપે તો મળે કે કીંમત વિના મળે ? એમ કહેવું છે. એ કીંમતી ચીજ ભરીને લીધી અને પછી પાણી ભરીને દીધું. એમ ચાલે ? ઉછીનું શું લઈ ગઈ હતી તું ? ઘી લઈ ગઈ હતી. ઘીને ઠેકાણે શું લાવી ? કે તલ ભરીને આપું લ્યો ને એટલા. બાજરો ભરીને આપું. પેલી કહે, એમ ન ચાલે. ઘી લાવ એટલું ને એટલું. તે પણ તાજું લાવીને, કીટુ નાખેલું નહિ, કાલે તને ચોખ્ખું આપ્યું હતું. આ ઉછીનું લાવે છે કે નહિ ? ઉછીનું સમજો છો ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ પ્રતીતમાં પહેલો આખો ભગવાન આત્મા. શ્રદ્ધામાં, જ્ઞાનમાં બીજી વાત છોડી દઈને. વિકલ્પ નહિ, દયા, દાન, વ્રત નહિ, શરીર નહિ. એક સમયની અવસ્થામાં, અવસ્થાઈ આખો. આહા..હા...! કેટલું વીર્ય એમાં જોવે છે ! અનંતને કબુલવા માટે અનંત વીર્યની રચના છે એમાં. એવો ભગવાન જ્ઞાનમય પ્રભુ ! એનો પહેલો આવો વિશ્વાસ આવતા કે આ જ સ્વરૂપમાં ઠરવાથી શક્તિની વ્યક્તતાની મુક્તિ મને થશે. એ વ્યક્તતાનું નામ અહીં '**इदानीं पूर्ण ज्ञानं विजयते**' (કહે છે).

'**અહીંથી શરૂ કરીને શુદ્ધ જ્ઞાન અર્થાત્ સમસ્ત આવરણનો વિનાશ થતાં થાય છે જે શુદ્ધ વસ્તુનો પ્રકાશ...**' મોક્ષપ્રકાશ. પૂર્ણ પ્રકાશનું જે બિંબ હતું, સત્ત્વ, ગૂઢપણે-ગૂઢપણે રહસ્યપણે, સત્ત્વપણે, શક્તિપણે, ભાવપણે (હતું)... આહા..હા...! એની અંતરની પહેલી અનુભવમાં પ્રતીત કરી અને ભરોસે ચડેલો આત્મા એકાકાર થઈ, અંદરમાં લીન થઈ જ્ઞાનપ્રકાશ (થયો). '**पूर्ण ज्ञानं विजयते**' છે. '**સમસ્ત આવરણનો વિનાશ થતાં થાય છે જે શુદ્ધ વસ્તુનો પ્રકાશ...**' દેખો ! પૂર્ણ કેવળજ્ઞાન થવું એનું નામ મોક્ષ કહેવામાં આવે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો શી ખબર પડે ક્યારે આવે. ગુજરાતી હોય ત્યારે આવે.

'**આગામી અનંત કાળ પર્યંત તે જ રૂપે રહે છે,...**' જેવો અંદર સ્વભાવ હતો એવો જ્યાં શક્તિમાંથી વ્યક્તરૂપે એને કબુલીને ઠર્યો અને જે વ્યક્ત દશા થઈ, એ દશા એમને એમ રહેવાની. એમને એમ રહેવાની એનું નામ મુક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? '**આગામી અનંત કાળ પર્યંત...**' જુઓ ! '**विजयते**' ની વ્યાખ્યા કરી. '**विजयते**' વિશેષે જય હો. એટલે એવું ને એવું ચાલુ રહો એનું નામ '**विजयते**'. વિજય થયો પર્યાયનો. આહા..હા...! પૂર્ણસ્વરૂપ ભગવાન એનો અંતરમાં વિશ્વાસ... વિશ્વાસ–નિર્વિકલ્પ વિશ્વાસ, રાગ વિનાની પર્યાય દ્વારા વિશ્વાસ. રાગ વિનાના તત્ત્વને, રાગની વિનાની પર્યાયે, (રાગ) વિનાના પર્યાયે વિશ્વાસ (આવ્યો). માણસને એની કિંમત આવતી નથી. આ કરીએ અને ખાઈએ અને પીએ અને આ લઈએ. હવે ધૂળ, એ તો જડની ક્રિયા છે. શું તારા અસ્તિત્વમાં એ થાય છે ? તારા અસ્તિત્વમાં આ કર્યું, આ મૂક્યું એવો વિકલ્પ ઊઠે એ રાગ છે, એ આત્મા નથી.

કહે છે કે ભગવાન દ્રવ્ય સ્વભાવે જેવું સ્વરૂપ છે એકલો જ્ઞાનનું ચૈતન્ય ચમત્કાર ! કે જે ચમત્કારમાંથી કેવળજ્ઞાન જ્યોતિ પ્રગટે. એનો અનુભવ કરીને દૃષ્ટિ કરી પછી સ્થિરતા કરીને ચારિત્ર થયું. વિશેષ સ્થિરતા થઈને શુક્લધ્યાન થઈને કેવળજ્ઞાન થયું. એ આગામી કાળ એમ રહે છે. '**અન્યથા થતો નથી.**' એ કેવળજ્ઞાન પ્રગટ્યું એ બીજી રીતે થાય નહિ. મોક્ષ થયો પછી એને સંસાર હોય નહિ એમ કહે છે. પછી એને અવતાર હોય નહિ.

'**કેવું છે શુદ્ધજ્ઞાન ?**' '**कृतसकलकृत्यं**' '**કર્યો છે કરવાયોગ્ય સમસ્ત કર્મનો વિનાશ જેણે એવું છે.**' એ બધા કાર્ય કર્યા. મોક્ષનો અર્થ એ. આત્મા પોતાના મૂળ સ્વરૂપની દૃષ્ટિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને સ્થિરતા કરી અને કેવળજ્ઞાનની પૂર્ણ મોક્ષદશા પ્રગટ કરી (તો) કહે છે **'कृतसकलकृत्यं'** કર્યાં છે બધા પૂરા કાર્ય. થયા છે બધા પૂરા કામ. ભગવાનના તે બધા કામ પૂરા થઈ ગયા. મોક્ષ થયો એના પૂરા કામ થઈ ગયા. પૂર્ણાનંદ વસ્તુનો અનુભવ કરીને જે કેવળજ્ઞાન પ્રગટ્યું... **'कृतसकलकृत्यं'** બધા કાર્ય પૂરા થઈ ગયા. હવે કોઈ કર્મનો નાશ કરવો બાકી રહ્યો નથી અને અપૂર્ણનું પૂર્ણ કરવું પણ હવે બાકી નથી.

**'કર્યો છે કરવાયોગ્ય સમસ્ત કર્મનો વિનાશ જેણે એવું છે.'** પોતામાં અંતર સ્વરૂપમાં દૃષ્ટિથી જે કંઈ પૂર્ણ કરવાનું હતું એ કરી લીધું, હવે કાંઈ કરવાનું બાકી નથી. મોક્ષ થયો એટલે કૃતકૃત્ય (થઈ ગયું). કૃતકૃત્ય–કર્યાં કાર્ય પૂરા બધા. હવે કોઈ કામ બાકી છે નહિ. આ સંસારના બહારના કામ તો એ કરી શકતો નથી. આ દેહ, વાણી, મન, વેપાર, ધંધો એ તો આત્મા કરી શકતો નથી. એ તો એને કારણે થાય. આત્મા અંદર રાગ-દ્વેષ કરું એવો મોહ-મમતા કરે. એ મોહ અને મમતા, એના સ્વભાવમાં જતાં, સ્થિર થતાં પહેલો મોહ ટળ્યો પછી સ્થિર થતાં એને અસ્થિરતા ટળી અને પૂર્ણ પ્રગટ દશા થઈ. એ કાર્ય પૂરા થયાં. કાર્ય તો એ વિકારના કરતો. એ જ્યાં સ્વભાવની દૃષ્ટિ થઈને સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય થયું, સ્થિરતા થઈને કેવળજ્ઞાનનું કાર્ય થયું. એ કાર્ય પૂરા કર્યા એણે કરવાના હતા એ. બાકી બીજા કોઈ કાર્ય કરવાના હતા નહિ. કહો, સમજાણું આમાં ? આહા..હા...! ભારે !

આ તો લોકો તો એમ કહે છે એ આખો દી કામ વિના ઘડી નવરો નથી. આખો દી કામ કરે છે કે નહિ ? ઘડી મરવાની નવરાશ નથી, એમ કહે છે. ફુરસદ નથી. મરવાની ફુરસદ નથી. મરવું હશે ત્યારે ટાંગા પડ્યા રહેશે ન્યાં તારા પેલામાં. ફૂરસદ નથી શું ? અહીં તો હમણા મરવાની ફુરસદ નથી. બહુ સારી વાત છે. ઓ..હો..હો...! અમે જાણે કામગરા. કામગરા એટલે કામના કરનારા, ધૂળના, શરીર ને... આ તો માટી-ધૂળ છે. આ એનું હલવું-ચલવું એ શું તારું કામ છે ? આ કામ તારું છે ? વાણી બોલે એ આત્માનું કામ છે ? ધંધા-વેપારના પથરા ઊઠાવવા એ આત્માનું કામ છે ? આવે છે કે નહિ ? પેલામાં નથી આવતું ? 'જિંદગીમાં કેટલું કમાણા રે જરી સરવાળો માંડજો.' 'શોભાલાલભાઈ'! જિંદગીમાં કેટલું કમાણા, જરી સરવાળો માંડજો. સરવાળો તો કરજો. આખો દી ઊઠાના પાણા. અને મરતા છેલ્લા લાકડા અને છાણા. પાણા એટલે પત્થર. ઠાણા ઉથામ્યા. આખો દી તમાકુના બોલ્યા.... ત્યાં બોલ્યો. કર્યું શું પણ એણે ? રાગ અને દ્વેષ કર્યો. કેમ હશે ? આહા..હા...!

કહે છે, ભગવાન આત્મા જે એનું કામ હતું કે પહેલો પૂર્ણ સ્વભાવ (છું) એવી દૃષ્ટિ થઈ એ એનું કામ. પછી એમાં સ્થિરતા થઈ એ ચારિત્રનું કાર્ય–કામ. પછી વિશેષ સ્થિરતા થઈને કેવળજ્ઞાનનું કાર્ય થયું. હવે કોઈ કાર્ય કરવાનું બાકી નથી.

**શ્રોતા :–** મહા સુખ પ્રગટ થઈ ગયું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લ્યો, તમારું કીધું. આ મહા સુખ કીધું. આમને તો મનસુખ છે. મહા સુખ થઈ ગયું. એને એક મહાસુખ છે. મહાસુખ છે કે ને નહિ એક ? 'ભુરાભાઈ'નો, નહિ ? છે ને 'મહાસુખ' ? કહો, સમજાણું કાંઈ ? મહાસુખ આત્મામાં થઈ ગયું એમ કહે છે. બહારમાં ક્યાં મહા સુખ હતું ? ધૂળમાં પણ નથી. આહા..હા...!

અરે...! જ્યાં નિધાન પડ્યા ત્યાં નજરું નહિ. જ્યાં પોલા (છે) ત્યાં ખીલી મારવા જાય. ખીલ્લી-ખીલ્લી હોય છે ને ? ખીલ્લા. થોર હોય છે ને ? થોર નહિ ? થોર પોલા બહુ હોય. એમાં કાંકરા કરવા જાય તો ? ખીલ્લી ગરી જાય અંદર ખીલ્લો. એમ પોલે પોલા કામ જડના, એ તો એને કારણે થાય, તારાથી કાંઈ થતા નથી. રાગ-દ્વેષના ઉધામા-ઉધામા કર્યા એ તો અજ્ઞાનના કામ છે. ઉધામા કર્યા. ઉધામા સમજાણું ? અમારી કાઠિયાવાડી ભાષા છે.

કહે છે અહીં તો **'કૃતસકલકૃત્યં'** ધર્મી જીવે પહેલામાં પહેલું કામ તો એ કર્યું કે સ્વરૂપનું અનુભવની દૃષ્ટિ કરી એ પહેલું કામ. પછી સ્વરૂપમાં ઠરવાનું કામ કર્યું એ ચારિત્ર કામ. ધર્મનું આ કાર્ય. અને ઠરતાં કેવળજ્ઞાન થયું, પૂર્ણ થયું. હવે પૂર્ણમાંથી પૂર્ણ કરવાનું રહ્યું. એ તો પૂર્ણ છે એ પલટે છે, પરિણમન પલટ્યા કરે છે. પૂર્ણે પૂર્ણ... પૂર્ણે પૂર્ણ...

**'વળી કેવું છે ?'** **'ઉન્મજ્જત્'** આ એક શબ્દ પડ્યો છે. **'ઉન્મજ્જત્'** એટલે શું ? પ્રગટ થયું છે. **'ઉન્મજ્જત્'** ઉપર આવ્યો, પ્રગટ્યો. જે **'અનાદિકાળથી ગયું હતું...'** ગયું હતું એનો અર્થ શું ? પર્યાયમાં એ પર્યાય નિર્મળ ન હતી. એ તો ખુલાસો **'ઉન્મજ્જત્'** ને પહેલી કરી. **'ઉન્મજ્જત્'** નો અર્થ તો એટલો છે કે જે શક્તિરૂપે જ્ઞાન આનંદનું સત્ત્વ હતું **'ઉન્મજ્જત્'** એ પર્યાયમાં બહાર આવી ગયું, બહાર આવી ગયું. સમજાણું કાંઈ ? તમારે તો અહીંયાં બધું હવે ગુજરાતી થયું હશે ઘણું, નહિ ? 'હીરાલાલ'! 'ભાવનગર'માં છે ને હવે તો. કહો, સમજાણું આમાં ?

**'ઉન્મજ્જત્'** અનાદિકાળથી ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પોતે ગયો હતો. ગયો એટલે કંઈ વસ્તુ રહી નહિ. દૃષ્ટિમાં રહી નથી અને રાગમાં નહોતી રહી. **'અનાદિકાળથી ગયું હતું...'** ગયું હતું એટલે વિકારી પર્યાયમાં ડૂબી ગયો હતો. એના જેટલો હું એમ માન્યું હતું. **'તે પ્રગટ થયું છે...'** ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવથી... સમજાય છે ? ઉન્મગ્નજલા, નિમગ્નજલા બે નદી છે. ઉન્મગ્નજલા, નિમગ્નજલા એ બે નદીઓ છે. વૈતાડ પર્વતની વચમાં. ચક્રવર્તી જ્યારે બીજા ત્રણ ખંડ સાધવા જાય છે ને ? ત્રણ ખંડ તો અહીંના આ. ત્યાં વચમાં બે નદીઓ આવે છે. એ એવી નદી કે જો એક નદીમાં કોઈપણ ચીજ પડી હોય તો છેક તળીયે લઈ જાય. બીજી નદી એવી છે કે કોઈ ચીજ પડી હોય તો કાંઠે કાઢી નાખે. કાંઠે – કિનારે. ઉન્મગ્ન-નિમગ્ન. નિમગ્ન એટલે બુડાડી દે. એમ આ આત્મા ગયો હતો એટલે વિકારને પોતાનો માનીને આત્મા ડૂબી ગયો હતો. એ ઉન્મગ્ન - પ્રગટ્યો. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ, એની અંતરદૃષ્ટિ ને સ્થિરતા થઈ એટલે જે શક્તિરૂપે હતો એ બહાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવ્યો. સમજાણું કાંઈ ?

ભાઈ ! આત્માને સમજવા માટે પણ કેટલીક યોગ્યતા જોઈએ, પાત્રતા જોઈએ કે આ તો ભગવાન આત્મા. આહા..હા...! સમજાણું ? કરોડો, અબજો રૂપિયાના વેપાર હોય એ કાંઈ ઘાંચીને મહિને દસ રૂપિયા આપીને મુનિમ ઠરાવાતા હશે ? દસ હજારનો પગાર આપીને કહે, મારું આ બધું કામ કરજે. ઘાંચી હોય ને ? ઘાંચી–તેલ વેચનારા. એને શું આવડે અબજોમાં વેપાર કરતા ? એમ જેને આત્માને ભગવાનની પાટે બેસાડવો છે એને કહે એલા રાગ કરજે, પુણ્ય કરજે, આ કરજે, તે કરજે એમાંથી તને મળશે. ધૂડ પણ નહિ મળે, સાંભળને ! મહાનિધાનની થડે જેને બેસાડવો છે. થડો, થડો કહેવાય ને દુકાનનો ? પેઢી... પેઢી. શું કહેવાય ? ગદ્દી. આ મહા ભગવાન આત્મા એની ગાદીએ બેસાડવો કે જુઓ ! આત્મા તારું સ્વરૂપ (આવું છે), હવે શ્રદ્ધામાં વારસો લે. એને જ્ઞાનનો ભરોસો આદિ ઘણી કિંમત દેવી પડે. ઘણી પાત્રતા, ઘણી લાયકાત જોઈએ. સમજાય છે ?

**'उन्मज्जन्सहजपरमानन्द'** ભાષા જુઓ લીધી. શું પ્રગટ્યું ? કે **'દ્રવ્યના સ્વભાવરૂપે પિરણમતું અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય સુખ,...'** ભગવાન આત્મામાં અંતરમાં આનંદનું ગૂઢપણું, રહસ્યપણું, સત્ત્વપણું પડ્યું છે. એ સત્ત્વ એવું નથી કે ઉપરથી પેલો રાગ ગયો એટલે સત્ત્વ આમ બહાર આવ્યું એમ નથી. રાગ ગયો ત્યારે સત્ત્વની શક્તિનો પ્રયોગ થતાં એનું પરિણમન વિકાસમાં થઈ ગયું. સમજાણું કાંઈ ?

તેથી કહે છે કે **'सहजपरमानन्द'** ભગવાન આત્મા...! પોતાનો દ્રવ્ય સ્વભાવ જે આનંદરૂપે હતો, શક્તિરૂપે હતો, ગૂઢપણે પડ્યો હતો, પડદા પાછળ–રાગના પડદા પાછળ આખું ભગવાન તત્ત્વ પડ્યું હતું એને પ્રગટપણે અતીન્દ્રિય આનંદનું પરિણમન થઈ ગયું. **'દ્રવ્ય સ્વભાવરૂપે પરિણમતું...'** દેખો ! **'અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય સુખ,...'** થઈ ગયું. કેવું ? **'सरसं' 'सरसं'** આનંદના રસવાળું સંયુક્ત. સમજાય છે કાંઈ ? આહા..હા...! જુઓ ! **'सरसं'** સરસ સરસ ! આનંદના રસવાળી દશા પ્રગટ થઈ. આ અનાદિની વિકારના રસવાળી દશા હતી એનું નામ સંસાર. આ અતીન્દ્રિય આનંદના રસવાળી દશા પ્રગટ થઈ એનું નામ મોક્ષ. .... આવે છે ને ? સમજાણું કાંઈ ? આ ગ્રંથને સરસ-સરસ કહ્યો છે.

**'ભાવાર્થ એમ કહે છે, મોક્ષનું ફળ અતીન્દ્રિય સુખ છે.'** જેણે આત્માના પૂર્ણાનંદ સ્વભાવનો ભરોસો કરીને ઠર્યો એને શક્તિમાંથી વ્યક્તતા પૂર્ણ આનંદની થઈ. અહીં વિકારનો નાશ કર્યો, ફલાણું કર્યું એ તો બધી અપેક્ષાથી વાત કરી. એ તો અહીં સત્તામાં જે પ્રવાહ ભર્યો હતો એ વસ્તુ દ્રવી. દ્રવી–શુદ્ધ કીધું ને ? શું કીધું ? જુઓ ! **'દ્રવ્યના સ્વભાવરૂપે પરિણમતું...'** દ્રવ્ય દ્રવ્યું. પાણી જેમ દ્રવે ને આમ ? પ્રવહે, વહે. એમ આત્મા પૂર્ણ જે આનંદનો કુંડ છે... સમજાણું ? એની અંદર લીનતા થતાં એ પર્યાયમાં દ્રવી ગયો, આવી ગયો, પરિણમી ગયો. પરમાનંદરૂપે પરિણમ્યો એવું અનંત સુખ મોક્ષમાં છે. કહો, સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'શું કરતું થતું જ્ઞાન પ્રગટ થાય છે ?'** જુઓ ! **'ભાવાર્થ આમ છે કે...' 'पुरुषम् साक्षात् मोक्षं नयत्'** પુરુષ નામ જીવ દ્રવ્ય. પુરુષ એટલે જીવદ્રવ્ય. સમજાણું કાંઈ ? પુરુષ એટલે આ મનુષ્યવાળો પુરુષ એમ નહિ. સ્ત્રીનો આત્મા પણ પુરુષ છે એટલે જીવદ્રવ્ય છે. જીવદ્રવ્ય. એવો જે પુરુષ એટલે **'જીવદ્રવ્યને...' 'साक्षात् मोक्षं' 'સકળ કર્મનો વિનાશ થતાં શુદ્ધત્વ-અવસ્થાના પ્રગટપણારૂપ** '(**नयत्**)' **'પરિણમાવતું થકું.'** લ્યો ! ભગવાન આત્મા પોતાના અંતર સ્વરૂપના અવલંબનમાં પરિણમનરૂપે જ્યાં પૂર્ણ પરિણમ્યો એ દ્રવ્ય જ પોતે આખું પર્યાયમાં પરિણમી ગયું. આખું એટલે વર્તમાનમાં શુદ્ધપણે પરિણમ્યું.

**'साक्षात् मोक्षं'** સાક્ષાત્ મોક્ષ કેમ કહ્યો છે ? – કે વસ્તુ તો મોક્ષસ્વરૂપ જ છે. 'ધર્મચંદભાઈ'! શું ? વસ્તુ છે તે શક્તિરૂપે મોક્ષસ્વરૂપ છે. આ સાક્ષાત્ મોક્ષ થયો. આહા..હા...! ભારે ભાષા, ભાઈ ! વસ્તુ તો વસ્તુ મુક્ત નિર્લેપ જ છે. પદાર્થ–વસ્તુ. એ લેપ તો વર્તમાન રાગ અને એ તો ક્ષણિક અવસ્થામાં દેખાય છે, વસ્તુમાં ક્યાં છે એ ? વસ્તુ તો મુક્તસ્વરૂપ જ આત્મા છે. એની પર્યાયમાં સાક્ષાત્ મોક્ષ થયો. શક્તિરૂપે હતો એ વ્યક્તરૂપે થયો. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'સકળ કર્મનો વિનાશ થતાં શુદ્ધત્વ-અવસ્થાના પ્રગટપણારૂપ...'** શુદ્ધત્વ અવસ્થા પ્રગટી. સંસાર અવસ્થા એ વિકારી અશુદ્ધ હતી અને આત્માનો ધર્મ પ્રગટ્યો આત્માના સ્વભાવ સન્મુખમાં ત્યારે કેટલીક શુદ્ધતા પ્રગટી પણ કેટલીક અશુદ્ધતા પણ સાથે હતી. આ મોક્ષ થયો ત્યારે એકલી શુદ્ધતા રહી ગઈ. એકલી શુદ્ધતાનું પરિણમન તેનું નામ મોક્ષ. સમજાણું કાંઈ ? **'શુદ્ધત્વ-અવસ્થાના પ્રગટપણારૂપ...'** '(**नयत्**)' એટલે **'પરિણામવતું થકું...'** આત્માને પરિણામવતો થકો આ રીતે આત્મા પ્રગટ થયો છે.

**'ભાવાર્થ આમ છે કે અહીંથી આરંભ કરીને સકળકર્મક્ષયલક્ષણ મોક્ષના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે.'** આ ગાથા માંગલિકની શરૂઆતની પહેલી છે ને ? મોક્ષ (અધિકારની) પહેલી ગાથા છે. **'અહીંથી આરંભ કરીને...'** આરંભ એટલે શરૂઆત કરીને. **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ...'** વ્યાખ્યા. **'સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ...'** લ્યો ! આવે છે ને 'તત્ત્વાર્થસૂત્ર'માં ? એના **'સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે. વળી કેવું છે ? 'परं' ઉત્કૃષ્ટ છે.'** મોક્ષ દશા પરમ ઉત્કૃષ્ટ છે. એના જેવી કોઈ ઊંચી છે નહિ. આત્માની સિદ્ધપદ દશા સિવાય ઊંચું શું જગતમાં હોય ! સનાતન સત્યનો ભંડાર જ્યાં પર્યાયમાં ઊછળી ગયો, સનાતન સત્યનો પ્રભુ ! એ પર્યાયમાં વર્તમાન અંતરમાં એકાગ્ર થઈને વર્તમાનરૂપે ઊછળીને પરિણમો ગયો, એના જેવું કોઈ ઉત્કૃષ્ટ છે નહિ.

**'કેવું છે ? 'उपलम्भैकनियतम्' એક નિશ્ચયસ્વભાવને પ્રાપ્ત છે.'** આત્મા જે શક્તિરૂપે શુદ્ધ હતો એ પર્યાયરૂપે એક નિશ્ચય મોક્ષપણાને પ્રાપ્ત થયો. **'એક નિશ્ચયસ્વભાવને...'** નિશ્ચય જે સ્વભાવ છે તેને પર્યાયમાં પ્રાપ્ત કર્યો. હવે વિભાવ કે રાગ કે વિકલ્પ કે ગંધ રહિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ. ગાણા સાંભળવા સેલા પડે એવા છે. આહા..હા...! જરી ધ્યાન રાખે તો રસવાળાને મજા આવે. આ શું છે ? આ ધર્મકથા ચાલે છે. આહા..હા...! વસ્તુ એવી છે એમ કહે છે. ગૂઢ આ, આ હતો. ગૂઢપણે શક્તિને સંકેલીને પડ્યો હતો. ઊખળીને, ઊખળીને પર્યાયમાં પ્રગટ (થયો). સમજાણું કાંઈ ? આ પંખા-બંખા નથી હોતા ? આ ચીનના બહુ લોકો પંખા કરે. આટલો હોય. આમ કરે. થાય છે કે નહિ ? બે હોય ને ? બે. બે બાજુ. બે બાજુ અહીં હોય ને... બસ ! એટલું હોય ત્યાં આખું. એ ત્યાં પંખા થાય છે ને ?

મનોહર ચિતરામણ ને ગોળ મનોહર ને એમાં કંઈક કંઈક આવે. એમ ભગવાન આત્મા અંતરમાં પરિણમનની પર્યાય હીણી હતી પણ પારિણામિકભાવે તો પૂર્ણ હતો. સમજાણું કાંઈ ? જેમ વનસ્પતિની કળી ખીલીને લાખ પાંખડીનું ગુલાબનું ફૂલ થાય. કળી, કળી. લાખ-લાખ પાંખડીનું ફૂલ છે, હોં ! શાસ્ત્રમાં આવે છે, શાસ્ત્રમાં. હજાર-હજારની પાંખડીના તો અત્યારે કેટલાક થાય છે. મોટા-મોટા ગુલાબ નહોતા થયાં ? આપણે ત્યાં. 'ઉન'-'ઉન' 'ઉન'માં એક તળાવ છે ત્યાં બહુ મોટા થાય છે. 'ઉન'-'ઉન' તીર્થ નથી ? ત્રણ તીર્થંકરો છે, 'શાંતિનાથ', 'કુંથુનાથ', 'અરનાથ' નીચે ભોંયરામાં (છે). 'ઉન', 'ઉન' કહે છે ને એને ? હા, એ ત્યાં આગળ બહાર છે. બડવાની જતા આવે છે. 'ઉન' આવે છે ત્યાં. ત્યાં બધે જોઈ આવ્યા, આખા હિન્દુસ્તાનમાં. એ ત્યાં જે તળાવમાં છે ત્યાં પણ ગયા હતા. હતા કે નહિ 'રામજીભાઈ' ? નહોતું. કોઈ કહે, આ તળાવમાં એવા મોટા ગુલાબ થાય, મોટા પાંખવાળા. ... ગયા હતા ત્યાં. થાય છે. એવા ઝીણી-ઝીણા પાંખડીવાળા. આ તો લાખ પાંખડીનું શાસ્ત્રમાં આવે છે. કળી ખીલે એમ ભગવાન આત્મા પર્યાયમાં-અવસ્થામાં સંકોચ હતો, વસ્તુના અંતર સ્વભાવમાં પૂર્ણ હતો. એ અંતરમાં એકાગ્ર થઈને પૂર્ણ વિકાસ (થઈને) કેવળજ્ઞાનની જ્યોતે પ્રગટ્યો. આહા..હા...! સમજ્યા ?

**'નિશ્ચય સ્વભાવને પ્રાપ્ત છે.'** એક નિશ્ચયસ્વભાવ. જુઓ ! એકરૂપે નિશ્ચયસ્વભાવ થઈ ગયો. બેરૂપ રહ્યું નહિ. પરિણમન પૂરું એકાકાર થયું. **'શું કરતો થકો આત્મા મુક્ત થાય છે ?'** લ્યો, હવે (કહે છે), **'बन्धपुरुषौ द्विधाकृत्य'** લ્યો ! આ એની ક્રિયા બતાવી. મોક્ષ થવાની ક્રિયા કઈ ? – કે **'દ્રવ્યકર્મ...'** જડ **'ભાવકર્મ...'** દયા, દાન, પુણ્ય-પાપ, ભાવ અને **'નોકર્મ...'** શરીર એની **'ઉપાધિ...'** અહીં બંધનો અર્થ એ ત્રણની ઉપાધિ **'અને શુદ્ધ જીવદ્રવ્ય...'** એ પુરુષ.

**'તેમની 'સર્વ બંધ હોય, શુદ્ધ જીવ ઉપાદેય...'** પરમાત્મા પોતાનો સ્વભાવ તે જ મારે અંગીકાર કરવા લાયક (છે). ઉપાદેય એટલે પ્રગટ કરવા લાયક છે અને વસ્તુ તે વર્તમાન આદરણીય છે. વિકાર, કર્મ અને શરીર હેય છે. એમ પુરુષ અને ઉપાધિને બેને તું ભિન્ન પાડ (તો) આત્માને મોક્ષ થાય છે. આહા..હા...! આ વર્તમાનમાં ગડબડ કરી નાખી છે. વસ્તુની શક્તિનું સત્ત્વ શું છે ? અને એની સન્મુખ થતાં જ એ શક્તિ વ્યક્ત થાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એનાથી વિમુખ રહેતા, વિકલ્પની સામું જોતાં ત્યાં થતાં એ પ્રગટે છે ? વ્યવહાર કરતા.. કરતા.. વ્યવહાર એટલે પર સન્મુખની ક્રિયા–રાગ. પરના સન્મુખે સ્વસન્મુખની ક્રિયા પ્રગટ થતી હશે ? એવું ઉંધુ માર્યું છે ને આખું. 'અમરચંદભાઈ'! આહા..હા...! આમ કરો, આ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, જાત્રા કરો, આ કરો, આ કરો. પણ એ તો રાગ છે. ક્રિયા તો જડની છે અને અંદર વિકલ્પ ઊઠે એ રાગ છે. રાગ તો પરસન્મુખની દશાનો વિકાસ કરે છે. રાગ તો તેની સામું જુએ છે. આમ બધા આ... આ... આ.... આ... દેવ-ગુરુ-શાસ્ત્ર એને જુએ છે. એને ક્યાં...

અંતરનો જે સ્વભાવ એની વર્તમાન દશા અંતરમાં વિકાર, વિકલ્પથી જુદું પાડવાની ક્રિયા (થતાં) ત્યાં આત્મા અને કર્મ બે જુદા પડે છે. રાગને ભેગો રાખીને રાગથી મને લાભ થશે એમ રાખીને આ પુરુષ પ્રત્યે જવાય છે ? શું કીધું આ ? આમાં પાછું આવ્યું, નિશ્ચયભાવ એક જ મોક્ષનો માર્ગ છે એમ આવ્યું. શું આવ્યું ? કે **'बन्धपुरुषौ द्विधाकृत्य'** બંધ નામ દયા, દાન, વ્રત, પરિણામ તે બંધભાવ છે, વિકાર – ભાવકર્મ છે. આહા..હા...! અને ભગવાન આત્મા પુરુષ છે–આત્મદ્રવ્ય છે. ચૈતન્યવસ્તુ છે એ પુરુષ છે એટલે આત્મા છે, દ્રવ્ય–તત્ત્વ છે અને પુણ્ય-પાપનો વિકાર, કર્મ, વિકાર નજીકનો, કર્મ આ અને નોકર્મ શરીર આદિ. એને ભિન્ન પાડવા. એને સાથે લઈને, રાગને સાથે લઈને. સાથે સમજો છો ? અંદર સાથે લઈને આત્માની પાસે જવાય એમ નથી.

આ શું કહ્યું પહેલું ? આ મોક્ષમાર્ગ પણ ભેગો સિદ્ધ કર્યો કે **'बन्धपुरुषौ द्विधाकृत्य'** મોક્ષ કેમ થાય ? – કે બંધભાવ અને મોક્ષ આત્મ સ્વભાવ બેને જુદા પાડતા મોક્ષ થાય. તો પહેલો મોક્ષ–સમ્યગ્દર્શન કેમ થાય ? – કે રાગ અને સ્વભાવ બેને ભિન્ન પાડતા સમ્યગ્દર્શનનો આ મોક્ષસ્વરૂપ છે એવી પ્રતીત પહેલી થાય. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ?

શું કીધું ? **'શુદ્ધ જીવદ્રવ્ય..'** એ પુરુષ અને બંધ એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એ ઉપાધિ, હવે ઉપાધિ **'સર્વ બંધ હેય,...'** ઉપાધિ શું કહ્યું જુઓ ! **'द्विधाकृत्य' द्विधाकृत्य** નો અર્થ કર્યો. કે **'સર્વ બંધ હેય, શુદ્ધ જીવ ઉપાદેય એવા ભેદજ્ઞાનરૂપ પ્રતીતિ ઉપજાવીને.'** સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા પૂર્ણ આનંદઘન અને રાગાદિ ભાવકર્મ બંધ એ ઉપાધિ છે. એ ઉપાધિને અને ભગવાન આત્માને ભિન્ન પાડવા. જુદા પાડતા ભેદજ્ઞાન થાય. પૂર્ણ જુદા પડે ત્યારે મોક્ષ થઈ જાય. આ ક્યાંથી આવ્યું ? વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી... એવા ગોટા વાળ્યા. ક્યાંક અપેક્ષાએ લખાણમાં આવ્યું ત્યાં કરી નાખ્યું લખાણ. થઈ ગયું તત્ત્વ !

ભાઈ ! ભગવાનની સામું જોવું એ બીજી પર્યાય છે અને પરની સામું જોવું એ બીજી વિકારી-ઉપાધિ પર્યાય છે. એ ઉપાધિ પર્યાયથી અંતરની દૃષ્ટિમાં અંતર્મુખના ગૂઢ રહસ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તરફ સન્મુખ થઈ શકે ? સમજાણું કાંઈ ? એની અંતર નિર્ણયની ભૂમિકા તો સુધારે. શ્રદ્ધાની ભૂમિકાને સુધારે કે ઓ..હો..! આ વસ્તુ પૂર્ણસ્વરૂપ (છે) એની અંતર્મુખ થતાં એની પ્રાપ્ત થાય છે. બહિર્મુખની જેટલી વૃત્તિઓ ઊઠે છે એને કારણે અંતર્મુખમાં જવાય છે (એમ નથી). એને જુદું પાડે તો અંતર્મુખમાં જવાય. કહો, સમજાય છે આમાં ? 'કેસરીચંદજી'! બહુ રાડ પાડે છે. હે... એકાંત છે... એકાંત છે... ભગવાન ! એકાંત છે. બાપૂ ! એકાંત છુટું પડવાનો માર્ગ છે લે ! ભાઈ ! તને ખબર નથી, ભાઈ ! એ એકાંત એકાંત (કહે છે પણ) એ બધું આકરા પડશે, બાપૂ ! સમજાય છે ? આહા..હા...! કહે છે, અરે ! એની આત્માની શું કીંમત છે ? એને આત્માને રાગ વડે વેચાતો લેવો છે. ઉપાધિ વડે નિરૂપાધિ આત્માને વહોરવો છે. વહોરવો કહે ને ? શું કહે ? લેવો છે. ખરીદવાને વહોરવું કહે છે. સમજાણું કાંઈ ?

તેથી આચાર્યે શબ્દ વાપર્યો છે કે **'बन्धपुरुषौ द्विधाकृत्य'** ભગવાન આત્મા અને રાગાદિભાવ બંધ એ હેય એટલે લક્ષ છોડવા લાયક છે અને આ ઉપાદેય એટલે આનું લક્ષ કરવા લાયક છે. **'સર્વ બંધ હેય,...'** હોં ! સર્વ બંધ શબ્દ વાપર્યો છે. જુઓ ! **'द्विधाकृत्य'** માં કેટલું એણે વાપર્યું છે ? કે દ્રવ્યકર્મ અને શરીર જ હેય છે એમ નહિ. **'સર્વ બંધ હેય,...'** પુણ્યનો વિકલ્પ ઊઠે એ પણ હેય છે. (પેલા કહે), પુણ્યથી થાય છે. સમજાણું ? પુણ્યને ઝેર કહો છો, વિષ્ટા કહો છે. એ મેલ અને મળ છે, ભાઈ ! એ મલિનતાના (આશ્રયે) નિર્મળતા નહિ પ્રગટે. મળ વિનાની નિર્મળ ચીજ, એ મળને કારણે મળ કારણ અને નિર્મળ કાર્ય ? એટલે આચાર્ય મહારાજે મોક્ષ અધિકારની શરૂઆતમાં જ મોક્ષની વ્યાખ્યા કરી. પણ કેમ થાય ? – કે દ્વિધા કરીને થાય. એનો ઉપાય પણ સાથે (કહે છે). સમજાણું કાંઈ ? **'સર્વ બંધ હેય, શુદ્ધ જીવ ઉપાદેય. એવી ભેદજ્ઞાનરૂપ પ્રતીતિ.'** જુઓ ! એવી જુદાપણાની પ્રતીતિ ઉત્પન્ન કરાવીને મોક્ષ થાય છે. હવે **'આવી પ્રતીતિ જે રીતે ઊપજે છે તે કહે છે..'** હવે એ પ્રતીતિ કેમ થાય ? એ ક્રમ મૂક્યો છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રોતા :– સાહેબ ! અનુભવ થતો નતી તો અમારો શું દોષ છે ?**
**પૂજ્ય ગુરુદેવશ્રી :– એ... આ પરનો ઉત્સાહ આવે છે એ જ દોષ છે, અને પોતાનો ઉત્સાહ નથી આવતો એ જ દોષ છે. પરમાં જ સાવધાની રાખે છે અને પોતામાં સાવધાન થતો નથી એ જ દોષ છે. પરનું માહાત્મ્ય આવે છે અને પોતાના સ્વભાવનું માહાત્મ્ય આવતું નથી એ જ દોષ છે. લ્યો સંક્ષેપમાં આ દોષ છે.**
**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૧૧૨)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૨૭૦, પ્રવચન નં. ૩૩૧
## તા. ૮-૧૦-૧૯૭૯
## [૧૩]

'સમયસાર' ૨૭૦ ગાથા. બીજો પેરેગ્રાફ. **'માત્ર જેમને અધ્યવસાનો વિદ્યમાન નથી...'** શું કહે છે ? પરની હિંસા કરું કે દયા પાળું કે પરવસ્તુ મારી, એવું જે એકત્વ–અધ્યવસાય મિથ્યાત્વ છે, તે જેને નથી, મુનિની પ્રધાનતાથી કથન છે, જેમને તે નથી **'તે જ કોઈક (વિરલ)...'** કોઈ **'મુનિકુંજર...'** આહાહા..! મુનિવર. કોઈ વિરલ. **'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ જેની એક ક્રિયા...'** આહાહા..! દેહની ક્રિયા તો નહિ પણ દયા, દાન, રાગાદિની ક્રિયા પણ નહિ. જેને સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયા (છે). પર્યાયમાં સત્‌રૂપ.. ***પર્યાય પણ સત્ છે. અહેતુક છે*** (અર્થાત્) કોઈ રાગ હતો માટે થઈ, એમ નથી. **'જ્ઞપ્તિ...'** જાણનક્રિયા. પર્યાયમાં જાણનક્રિયા. એ સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ. અહીં 'જ' શબ્દ લીધો છે. આહાહા..! ધર્મીને સત્ અહેતુક જ્ઞપ્તિ જ એક ક્રિયા હોય છે, એમ કહે છે.

પર્યાયમાં રાગથી ભિન્ન, પરની એકત્વબુદ્ધિથી ભિન્ન, પોતાની જ્ઞપ્તિક્રિયા, જે પર્યાયમાં જાણનક્રિયા થાય છે તે જ એક ક્રિયા છે. આહાહા..! ઝીણી વાત (છે). અંતર ભગવાન.. અહીં હમણાં લેશે. જ્ઞાયક સ્વભાવ દ્રવ્ય છે અને જ્ઞાનસ્વભાવ ગુણ છે અને જ્ઞપ્તિક્રિયા જેની પર્યાય છે. આહાહા..! કારણ કે રાગ અને પરવસ્તુથી ભિન્ન પોતાની વસ્તુ જ્ઞાયક સ્વભાવ, જ્ઞાનરૂપ જાણી છે. જ્ઞાયકસ્વભાવ (તે) દ્રવ્ય, સ્વભાવ જ્ઞાનરૂપ જાણી છે તો તેની જ્ઞાનક્રિયા એક છે. આહાહા..! લ્યો, આ ધાર્મિક ક્રિયા. જેની જ્ઞપ્તિ–જાણન.. જાણન.. જાણન (ક્રિયા) જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જ્ઞાયકભાવ, એનો જે જ્ઞાનસ્વભાવ, એની વર્તમાન પરની એકતાબુદ્ધિ ગઈ અને પોતાની પર્યાયમાં પોતાના દ્રવ્યની એકતાબુદ્ધિ થઈ તો જ્ઞાયકભાવ, તેનો જ્ઞાનગુણ સ્વભાવ, તેની વર્તમાન જ્ઞપ્તિ–જાણનક્રિયા માત્ર એક ક્રિયા છે. આહાહા..! આ ધર્મ, આ ધાર્મિક ક્રિયા.

સમ્યગ્દૃષ્ટિને પણ આમ હોય છે, પણ અહીંયાં મુખ્યપણું મુનિનું (લીધું છે), ત્રણ કષાયનો અભાવ છે. આહા..! મુનિને મુનિપણું કેવું હોય છે? આહાહા..! મુનિ પંચ પરમેષ્ઠીમાં આવ્યા છે તો તેની ક્રિયા પર્યાયમાં કેવી હોય છે ? – કે જ્ઞપ્તિ જેની એક ક્રિયા (છે). જ્ઞપ્તિ જ ! એવો શબ્દ છે? **'જ્ઞપ્તિ જ જેની એક...'** જ અને એક. આહાહા..! જાણનક્રિયા.. જાણનક્રિયા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણનક્રિયા. જાણનક્રિયારૂપી પરિણમન એક જ જેની ક્રિયા છે. આહાહા..! આ મુનિપણું. આહાહા..! આ ધાર્મિક ક્રિયા. હિંસા, જૂઠ, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપ છે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ તો પુણ્ય છે, એ ધર્મ નહિ, એ ધાર્મિક ક્રિયા જ નથી. આહાહા..!

ધાર્મિક ક્રિયા.. ધર્મી એવો જે ભગવાન જ્ઞાયક સ્વભાવ, તેનો ધર્મ જે ત્રિકાળી જ્ઞાન સ્વભાવ, તેની પરિણતિ–વર્તમાનમાં જ્ઞપ્તિ ક્રિયા–જાણન ક્રિયા. આહાહા..! શ્રદ્ધાની ક્રિયા. આહા..! એકરૂપ સ્થિરતાની ક્રિયા. ઝીણી વાત છે, ભાઈ! વીતરાગમાર્ગ લોકોને એકાંત લાગે છે. અહીં તો એકાંત જ છે. એક જ જ્ઞપ્તિક્રિયા ધર્મીને હોય છે. આહાહા..! શરીરની ક્રિયા તો જડની છે અને અંદર દયા, દાનની ક્રિયા તો રાગ અને વિકારની છે. એ કોઈ આત્માની ક્રિયા નથી. આહાહા..!

સત્ 'સત્તાસ્વરૂપ, અસ્તિત્વસ્વરૂપ. (આત્મા જ્ઞાનમય છે તેથી સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ તેની એક ક્રિયા છે).' નીચે (ફૂટનોટમાં છે). આહાહા..! આત્મા જ્ઞાયકસ્વભાવ, તેનો જ્ઞાનગુણ, એ જ્ઞાનગુણની પરિણતિ પરની એકત્વબુદ્ધિ તૂટીને સ્વભાવમાં એકત્વબુદ્ધિ થઈ તો જ્ઞાનની જ્ઞપ્તિક્રિયા એક જ આત્માની ધાર્મિક ક્રિયા છે. આહાહા..! વ્યવહાર ક્રિયા, સાધન કહે છે ને? અહીં તો કાઢી નાખ્યું. એ 'અમૃતચંદ્રાચાર્યે' (કહ્યું), પણ પાઠમાં છે ને. પાઠમાં 'કુંદકુંદાચાર્યદેવ' કહે છે. છે? **'मुणी ण लिप्पंति' 'असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति'** એ પોતે પાઠ કહે છે. ૨૭૦. એનો અર્થ 'અમૃતચંદ્રાચાર્યદેવે' કર્યો. અનાદિકાળનો અભ્યાસ નહિ અને બાહ્યદૃષ્ટિનો અભ્યાસ. દયા, દાન, વ્રત, ભક્તિ એ ધર્મ. ભક્તિ, પૂજા, જાત્રા (એ ધર્મ), એમ માની લીધું છે, છે નહિ.

એક ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ, ત્રિકાળી એક જ્ઞાયકભાવ, તેનો જ્ઞાનગુણ સ્વભાવ અને એ જ્ઞાનગુણની અથવા એ અનંત ગુણની પરિણતિ, જે જ્ઞપ્તિક્રિયા, એક જ્ઞાનથી લીધું પણ અનંત ગુણની જ્ઞપ્તિ એકાકાર ક્રિયા. એ જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ પ્રભુ, તે તરફની એકત્વની ક્રિયા. એ જ્ઞપ્તિક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા, આનંદની ક્રિયા. આહાહા..! વીર્યની સમ્યક્ ક્રિયા, એ બધાને અહીંયાં એક જ્ઞપ્તિક્રિયા કહેવામાં આવી છે. અરે...! આવી વાત છે. કહો, 'શાંતિભાઈ'! આવો માર્ગ છે. આહા..!

વિશ્વથી નિરાળો પ્રભુ, જ્ઞાનસ્વરૂપી જ્ઞાયકભાવ, તેની દૃષ્ટિ થવાથી પરની દૃષ્ટિ– એકત્વબુદ્ધિ નાશ થવાથી, ભગવાન જ્ઞાયકસ્વરૂપમાં, જ્ઞાનરૂપમાં એકત્વ થવાથી જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય અનંત ગુણની પર્યાયને અહીંયાં જ્ઞપ્તિક્રિયા કહેવામાં આવી છે. આહાહા..! સમજાય એટલું સમજવું, પ્રભુ! માર્ગ બહુ અલૌકિક છે, ભાઈ! આહાહા..! જ્ઞાનની પ્રધાનતાથી કથન છે. તેથી જ્ઞપ્તિક્રિયા કહેવામાં આવ્યું છે. જાણન.. જાણન.. જાણન.. જાણન, દેખન, શ્રદ્ધા, શાંતિ, વીતરાગતા, આનંદ આદિ ક્રિયા અનંત ગુણની એકાગ્રતાની પર્યાય, પર્યાય એટલે અવસ્થા, તેને અહીંયાં જ્ઞપ્તિક્રિયા (કહેવામાં આવી છે).

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞપ્તિક્રિયા જ જેની–આત્માની–ધર્મીજીવની એક ક્રિયા છે. આહાહા..! સમજાય છે? આહા..! આવી વાત છે.

સત્‌રૂપ છે, સત્‌રૂપ છે. એ જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, આનંદની ક્રિયા, વીર્યની ક્રિયા અનંતગુણની ક્રિયા એ ઉત્પાદ્‌રૂપ સત્ છે, ઉત્પાદ્‌રૂપ સત્ છે. આહાહા..! 'ઉત્પાદ્‌વ્યયધ્રુવ યુક્તંસત્'. આ જે જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા, આનંદક્રિયા, શાંતિક્રિયા એ ક્રિયા સત્‌રૂપ–ઉત્પાદ્‌રૂપ સત્ છે અને એ સત્ છે તો તે અહેતુક (છે), કોઈ હેતુ નથી. છે તેનો હેતુ કોણ? આહાહા..! અને તે એકરૂપ છે. આહાહા..! ટૂંકા શબ્દમાં શું સમાડ્યું છે! ગજબ કર્યું છે! 'કુંદકુંદાચાર્યદેવ' મહામુનિ સંત (એમ કહે છે), જેને અધ્યવસાય નથી તે શુભાશુભભાવના કર્મથી લેપાતો નથી. એનો આ અર્થ કરે છે. આહાહા..! શુભ-અશુભ વિકલ્પથી લેપાતો નથી. એટલે કે તે મુનિ... લેપાતો નથી એમાંથી નાસ્તિમાંથી એ કાઢ્યું કે પોતાની જ્ઞપ્તિક્રિયા જેની ક્રિયા છે, એની જેણે ઉત્પત્તિ ક્રિયા કરી છે. આહાહા..! સમજાય છે?

ઓહોહો..! સંતોએ કરુણા કરીને જગતને એના રૂપમાં બેસાડ્યા છે. પ્રભુ! તું ત્યાં જા. પ્રભુ! તું હેરાન થઈ ગયો છો. ભાઈ! તારા ઘર વિના બહારચલા પુણ્ય ને પાપ ને પરના સંયોગમાં મુંઝાઈ ગયો છો. આહાહા..! શુભ ને અશુભભાવ અને સંયોગી ચીજ, તેમાં તારું અસ્તિત્વ માનીને પ્રભુ! તું મુંઝાઈ ગયો છો. પ્રભુ! તારી મુંઝવણ ટળે ક્યારે? એના ઉપરથી દૃષ્ટિ છોડી, જ્યાં તારું સત્ છે... આહાહા..! એવી જે જ્ઞાયકસત્તા છે, સર્વત્ર, સર્વ ક્ષેત્રે, સર્વ કાળે બિરાજમાન પ્રભુ.. આહાહા..! એવો જે ત્રિકાળી જ્ઞાયકભાવ, એનો જે જ્ઞાનરૂપ ગુણ, એની અંદર દ્રવ્યની દૃષ્ટિ થતાં પર્યાયમાં જ્ઞપ્તિ, શ્રદ્ધા, શાંતિની પરિણતિ થાય એ એક જ ક્રિયા ધાર્મિક અને ધર્મની છે. છે એમાં? આહાહા..!

અહીં તો અત્યારે કહે કે બહારની રાગની, દયાની, દયા, દાન ને વ્રતને સાધન કહ્યા છે ને? ભાઈ! એ તો આવું થયું છે એને એ સાધનનો આરોપ આપીને સાધન કહ્યું છે. પ્રભુ! શું કરે? આહાહા..! એને આરોપ આપીને વાત કરી છે, બાકી વસ્તુ તો આ છે. આહાહા..! અરે..! એના જ્ઞાનમાં પણ આવા સત્યનો સ્વીકાર આવે નહિ તો સ્વભાવ સન્મુખ થઈને એ જ્ઞપ્તિક્રિયા કેમ કરે? જેના જ્ઞાનમાં જાણવામાં પણ આ આમ ન આવે કે આ વસ્તુ છે અને તેનો ગુણ જ્ઞાન છે, તેમાં એકાગ્ર થવું તે મારી ક્રિયા છે, એવું જ્ઞાન ન આવે એ સ્વભાવ સન્મુખ કેમ થાય? અને એ વિભાવથી, પરથી વિમુખ કેમ થાય? આહાહા..!

આ શબ્દમાં તો બહુ ભર્યું છે. જાણનક્રિયા અહેતુક (કહ્યું). છે પર્યાય. આહાહા..! જાણવા-દેખવાની સ્વભાવ લક્ષે (થતી ક્રિયા). જે ક્રિયાથી પરલક્ષે જે એકત્વબુદ્ધિ હતી એનો નાશ કરી.. આહાહા..! રાગ હું, એનો પણ–એકત્વનો નાશ કરી, ચૈતન્ય સ્વભાવ તરફનું વલણ–ઝુકાવ કરી અને પર્યાયમાં જે પરિણતિ, જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય, વીર્યની પર્યાય, સ્વચ્છતાની પર્યાય, પ્રભુતાની પર્યાય એ અનંત ગુણની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયને અહીંયાં જ્ઞપ્તિક્રિયા તરીકે કહેવામાં આવી છે. આહાહા..! એકલી જ્ઞાનની જ ક્રિયા એમ નહિ. સમજાય છે કાંઈ? આકરું કામ છે, પ્રભુ! આહાહા..! નવરાશ ન મળે, ફુરસદ ન મળે. સંસારના કામ આડે નવરાશ (ન મળે) એમાં તદ્દન આવી વાત. આહા..! ધર્મના નામે વ્રત, તપ કરતો હોય એ પણ નહિ. આહાહા..! એ પણ રાગ છે. એ રાગની ક્રિયા તે અધર્મ છે. આહાહા..! અને જ્ઞપ્તિક્રિયા તે ધર્મ છે. આ શું કહે છે?

ભગવાન જ્ઞાયક સ્વભાવ વસ્તુ, તેનો જ્ઞાન મુખ્યપણે સ્વભાવ (છે). મુખ્ય (છે પણ) એમાં અવિનાભાવી અનંત ગુણો (છે). એના અનંત ગુણનું વર્તમાન દ્રવ્યની દૃષ્ટિ હોવાથી, રાગની એકતા તૂટી ગઈ હોવાથી, સ્વભાવની એકતા પ્રગટ કરી હોવાથી.. આહાહા..! જ્ઞપ્તિ એક જ જેની ક્રિયા છે. 'જ' (કહીને) એકાંત કહે છે. આહાહા..! નિશ્ચયનય છે ને? સમ્યક્ એકાંત છે. આહાહા..! ઘણું.. ઘણું, ઘણું.. ઘણું ભર્યું છે. આહાહા..!

આ તો જેને ભવનો ડર લાગ્યો હોય, અરે..રે...! ક્યાં જઈને ઊપજીશ? હું કોણ અને ક્યાં જઈશ? મારી ચીજ શું છે કે જેથી મને પરિભ્રમણમાં ઊપજવું બંધ થાય? આહા..! ચાહે તો દેવનો ને શેઠનો ભવ હોય, એ પણ ભવ તો કલંક છે. આહાહા..! એમ જેને અંતરમાં થયું છે, ભલે આઠ વર્ષનો બાળક હોય કે ક્રોડ પૂર્વના આયુષ્યવાળો મનુષ્ય હોય, આહાહા..! પણ ભગવાન તો અંદર જ્ઞાયક સ્વભાવે બિરાજમાન (છે). એના જ્ઞાનગુણ અને અનંત ગુણના રૂપવાળો, અનંત ગુણના રૂપવાળો—રૂપવાન એટલે સ્વરૂપવાન. આહાહા..! એવો ભગવાન અનંત ગુણના સ્વરૂપવાળો, તેના તરફની એકાગ્રતાથી એટલે કે દ્રવ્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી, પરની એકતા તૂટી હોવાથી, પર્યાયબુદ્ધિ નાશ (થઈ) હોવાથી, દ્રવ્યબુદ્ધિ પ્રગટ (થઈ) હોવાથી પર્યાયમાં જ્ઞપ્તિક્રિયા એક જ ધાર્મિક ક્રિયા છે. આહાહા..! ગજબ કામ કર્યું છે. આ એક શબ્દમાં તો ગજબ કામ કર્યું છે. આહાહા..!

ભાઈ! તારા હિતની વાત છે. તને એમ લાગે કે અરે..રે..! અમે આ બધું કરીએ છીએ એ બધું ખોટું? ઉડાવી દ્યે છે. દયા કરીએ, વ્રત પાળીએ. બાપુ! ભાઈ! તને એ નુકસાનના કારણો છે એને ઉડાવે છે. પ્રભુ! તને લાભના કારણમાં લઈ જવા માગે છે. આહાહા..! તું એનો અનાદર ન કર. એમ એકાંત છે એમ ન માન, પ્રભુ! આહાહા..! તને ભગવંત કરવા માગે છે. તું ભગવંત સ્વરૂપ છો ને, પ્રભુ! આહાહા..! તું ભગવંત સ્વરૂપ જ છો. હમણા જ્ઞાયકભાવ કહેશે. જ્ઞાયકભાવ કહો કે ભગવંત સ્વરૂપ કહો. આહાહા..! એને પર્યાયમાં ભગવંતપણું પ્રગટ કરવા પ્રભુ તમને બતાવે છે. આહાહા..! તું ભગવાન થા, તું પામર ન રહે. તું ભવમાં ન રહે. આહાહા..! તું રાગમાં ન રહે. આહાહા..! એમ એની મોટપને પ્રગટ કરવા માગે છે. હેં? આ પામરતાનો નિષેધ કરીને પ્રભુ! આહાહા..! અરે..! આ કોને મીઠું ન લાગે? પ્રભુ! આહાહા..! એવી વસ્તુ છે ને! આહાહા..!

અહીં તો આટલો શબ્દ આવ્યો છે–**'માત્ર જેમને આ અધ્યવસાનો વિદ્યમાન નથી...'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શું? હિંસા, જૂઠું, ચોરી, વિષય, પરિગ્રહ, અહિંસા, સત્ય, દત્ત, અપરિગ્રહ, બ્રહ્મચર્ય–દેહની ક્રિયા. એવી જેને એકત્વબુદ્ધિ નથી... આહાહા..! અથવા નારકી, મનુષ્ય દેહાદિ હું છું એવી એકત્વબુદ્ધિ નથી અથવા પરદ્રવ્ય જે છે ધર્માસ્તિ આદિ, અનંત પરમાણુ આદિ અને અનંત જીવ આદિ, દેવ-ગુરુ ને સ્ત્રી, કુટુંબ આદિ બધા આત્માઓ છે, એ હું નથી. આહાહા..! એવી જેને એકત્વબુદ્ધિ પરથી તૂટી છે, તે મુનિરાજ મહા કો'ક વિરલ જીવ છે. આહાહા..! તરણતારણ તરીને ઊભા છે. સંસાર સમુદ્રના કેડે ઊભા છે. આહાહા..! ભાઈ! વીતરાગમાર્ગ... ઓહોહો..!

**'મુનિકુંજરો...'** મુનિની વ્યાખ્યા કરી છે. બાકી તો સમકિતીની પણ આ વાત છે. પણ સમકિતીમાં હજી ત્રણ કષાય છે એથી એ વાતને ગૌણ રાખી અને મુનિને તો ત્રણ કષાયનો અભાવ છે, તેથી તેની જ્ઞપ્તિક્રિયા બહુ ઊંચી અને નિર્મળ છે. આહાહા..! સમજાણું? આવો ઉપદેશ છે. ઓલી તો ધમાધમ ચાલે. આમ કરો, આમ કરો.. પ્રભુ! કરો શું? બાપુ! કરવું નથી, ઠરવું છે અહીં તો. હેં? આહાહા..! ઠરવું એ કરવું નથી? સ્વરૂપ ભગવાન મહાસત્તા ચૈતન્ય ભગવાન, ભગવત્ સ્વરૂપ પરમાત્મા, પરમેશ્વરસ્વરૂપ પ્રભુ ! એમાં ઠરવું એ કંઈ કરવું નથી? આહાહા..! આ એક પર્યાયમાં ગજબ કર્યું છે, એટલે જરી રોકાઈ (ગયા). અડધો કલાક થાશે. આહાહા..! એનો પાર નથી.

**'કોઈક (વિરલ) મુનિકુંજરો (મુનિવરો), સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ...'** એકાંત કરે છે, એકાંત કરે છે. આહાહા..! એકાંતનું જ્ઞાન થાય ત્યારે પછી અનેકાંતનું જ્ઞાન યથાર્થ થાય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! અરે..રે..! આવું સાંભળવા મળવું મુશ્કેલ પડે. પ્રભુ! તારા ઘરની વાત છે ને! તારું ઘર ભર્યો ભંડાર છે. આહાહા..! તારા ઘરમાં તો પ્રભુ! અનંત અનંત લક્ષ્મી (પડી છે). જ્ઞાનની, દર્શનની, આનંદની, શાંતિની, વીતરાગતાની બધી લક્ષ્મી પૂરી ભરી છે ને! આહાહા..! અનંત અનંત લક્ષ્મીનો ભંડાર છે ને! એને ખોલવાની આ કળા છે. આહાહા..!

એવો જે ભગવાન આત્મા, પૂર્ણાનંદનો નાથ પૂર્ણ વીતરાગ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાયક સ્વરૂપ, પૂર્ણ આનંદસ્વરૂપ, પૂર્ણ પરમાત્મસ્વરૂપ... આહાહા..! પૂર્ણ પરમેશ્વરસ્વરૂપ પ્રભુ (બિરાજે છે). આહા..! એવા પરમેશ્વરની દૃષ્ટિ થતાં તારી પર્યાયમાં પ્રભુ! અનંત ગુણ જેટલી સંખ્યામાં છે, એ બધી પરિણતિરૂપી ક્રિયામાં આવી જશે. આહાહા..! અનંતા અનંતા ગુણોની ક્રિયા પર્યાયરૂપે પરિણમન પ્રભુ થશે. આહાહા..! તને આનંદનો સ્વાદ આવશે, તારી પ્રભુતાની પર્યાયમાં પ્રભુતા કેટલી છે તેની તને પ્રતીત થશે. આહાહા..! તારા આનંદના સ્વાદમાં પૂર્ણ પ્રભુ આનંદની મૂર્તિ (છે) એવી તને પ્રતીત થશે. આહાહા..! ગજબ કામ કર્યું છે ને! આહાહા..! થોડે શબ્દે ઘણું કરીને જાણજો, એમ લખ્યું છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આહાહા..! દુનિયાથી વાત જુદી છે, પ્રભુ! હેં? આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આનંદનો નાથ પ્રભુ, જેની અમૃતની ધારાથી ભરેલો.. આહા..! અમૃતસાગર પ્રભુ, એનો જ્યાં દૃષ્ટિમાં સ્વીકાર થયો અને રાગ ને પરની એકત્વબુદ્ધિનો નાશ થયો, ત્યાં એની પર્યાયમાં સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિક્રિયા પરિણતિ પ્રગટ થઈ, ઉત્પાદ થયો. ધ્રુવરૂપે તો જ્ઞાયકભાવ છે, એના અનંત ગુણરૂપે ગુણસ્વરૂપ છે એ પણ ધ્રુવ છે, પણ આ પરિણતિમાં એની જ્ઞપ્તિક્રિયા ઊભી થઈ. આહાહા..! સમજાય એવું છે, પ્રભુ! આહાહા..! હેં?

**શ્રોતા :–** ગુજરાતીમાં જે આવે, હિન્દીમાં ન આવે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હિન્દીમાં ન આવે. એ તો છે, ભાઈ! સમજાણું કાંઈ?

અંદર ભગવાન પૂર્ણાનંદનો નાથ ભર્યો છે, એની પરિણતિ. આહાહા..! ભર્યા ભંડારના તાળા ખોલી નાખ્યા. આહા..! દયા, દાન ને વ્રતની ક્રિયા મારી, એમાં તાળા બંધ હતા, એ મિથ્યાત્વ હતું. આહાહા..! અરે..રે..! આકરું કામ, પ્રભુ! શું થાય? તારી મોટપની વાતું કરતા હિણપની તને માહાત્મ્ય આવતા તને લજ્જા આવે છે કે અરે..! આવું હોય? આહાહા..! પણ એ પુણ્ય અને પાપના ભાવ લજ્જાસ્પદ છે, પ્રભુ કર્મજનિત છે, એ તારા સ્વભાવજનિત નથી. આહાહા..! આ વધારે કેમ નીકળે છે? ફક્ત 'જ' અને 'એક', આ બે શબ્દમાં બધું ભર્યું છે. આહા..! સમજાય છે કાંઈ? આહાહા..! હેં? 'જ' અને 'એક.' આહાહા..! પ્રભુ! એ 'અમૃતચંદ્રાચાર્યદેવે' તાળા ખોલીને એનો ખજાનો એને નજરે બતાવ્યો. ભાઈ! આ ખજાનો તું છો ને! આ ખજાનામાંથી નીકળેલી આ દશા છે ને! પ્રભુ! આહાહા..!

**શ્રોતા :–** આ શુદ્ધોપયોગની વાત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ઉપયોગને અત્યારે એક કોર રાખો. એ વળી જગડામાં જાશે. અહીં તો પરિણતિ છે. શુદ્ધઉપયોગ કહો તોપણ વાંધો નથી. પણ અહીં તો પરિણતિ (લેવી છે). દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ લેવા છે. આહાહા..!

આ એક લીટીએ અટક્યું. આહાહા..! જેને રાગ અને પર પદાર્થ મારા છે એમ એકત્વ તૂટી ગયું છે એને આ સ્વભાવ સ્વરૂપ ભગવાનમાં એકત્વબુદ્ધિ થઈ છે, તે ધર્મી, કોઈ વિરલ ધર્મી હોય છે. આહાહા..! પાંજરાપોળમાં જેમ અનેક પ્રકારના ઢોર હોય, એમ આ ચીજ નથી, કહે છે. આ તો કોઈ વિરલ હોય છે. આહાહા..! હેં? આહા..!

***સત્‌રૂપ, સત્‌રૂપ ઉત્પાદ. સત્‌રૂપ ભગવાન આત્મા, સત્ સત્તારૂપ વસ્તુ, એનો ગુણ, જે અનંત ગુણો પણ સત્તારૂપ સત્ વસ્તુ, એની પરિણતિ જે એને અવલંબે થઈને થઈ એ પણ સત્‌રૂપ છે. ઉત્પાદ પણ સત્ છે. ઉત્પાદ્‌વ્યયધ્રુવયુક્તંસત્. ત્રણેત્રણ સત્ છે. વસ્તુ સત્ છે, એમ ઉત્પાદ જે ધાર્મિક ક્રિયા, વીતરાગી દશા, આનંદની દશા ઉત્પન્ન થઈ એ પણ સત્ છે. આહાહા..! અને તે સત્ અહેતુક છે. એને કોઈ હેતુ નથી. ગજબ વાત છે !*** કે ભાઈ ! રાગની મંદતા કરી તો આ જ્ઞપ્તિક્રિયા થઈ (એમ) એને હેતુ નથી. અરે..! નિશ્ચયથી જ્ઞપ્તિક્રિયાને દ્રવ્ય-ગુણનો હેતુ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભાગ્ય હોય એને કાને પડે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું છે! આહાહા..! આ તો ભગવાનનો સંદેશ આપે છે. આહાહા..!

***સત્‌રૂપ. આ ઉત્પાદ છે, હોં! આ ત્રિકાળની વાત નથી. આ તો ધર્મની ઉત્પાદ પર્યાય થઈ છે. શાંતિ, આનંદ, વીતરાગ પર્યાય, અરાગી પર્યાય, વીતરાગી પર્યાય, આનંદ પર્યાય, પ્રભુતાની પર્યાય, પ્રત્યક્ષ જ્ઞાનની પર્યાય. આહાહા..! કર્તા, કર્મ આદિ એક સમયની પર્યાયમાં ષટ્‌કારકથી પરિણતિ ઊભી થઈ, એ સત્‌રૂપ અહેતુક છે. આહાહા..! એ પરિણતિને કોઈ રાગની મંદતાનો હેતુ નથી અને દ્રવ્ય-ગુણનો પણ હેતુ નથી. આહાહા..!*** સમજાય એટલું સમજવું, બાપુ! આ તો ત્રણ લોકના નાથ, જિનેશ્વર પરમેશ્વર, એના પોકાર છે. પ્રભુ! આહાહા..! દુનિયાને એવું લાગે કે આ તો ચાલે છે એનાથી બીજું (છે). બાપુ! વાત બીજી છે, ભાઈ! આહા..! વસ્તુ તો બીજી છે. આહાહા..!

**'સત્‌રૂપ અહેતુક જ્ઞપ્તિ જ...'** એ જાણન, આનંદ, શાંતિ જ. આહાહા..! અનંત ગુણની નિર્મળ પર્યાય પ્રગટ થઈ (એ) એક જ. **'જેની એક ક્રિયા છે,...'** એમાં રાગનો મેળ નથી. આહાહા..! અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ છતાં તે એકરૂપ છે, ત્યાં ભેદ નથી. આહાહા..! આવી વાતું હવે. પ્રભુ! તારી મોટપ છે, પ્રભુ! એ તારી મોટપને તું ભૂલી ગયો છો અને જેમાં મોટપ નથી તેને મોટપ આપી અને મહિમામાં ત્યાં ગુંચાઈ ગયો છો. આહાહા..! એ દયા, દાન, પૈસા, પુણ્ય, ધૂળ, બહારની ચીજ, જે મહિમાવાળી નથી તેમાં મહિમા કરીને મુંઝાઈ ગયો, પ્રભુ! આહાહા..! કહો, 'ભોગીભાઈ'! આહા..! આવી વાત છે. હમણા ભાઈઓ વારાફરતી ભાગ લે છે. આહાહા..! અરે..! પ્રભુ! શું કહીએ?

ત્રિલોકનાથ જિનેશ્વર પરમાત્માનો આ હુકમ છે. આહાહા..! પરમાત્માની આ આજ્ઞા છે. આહાહા..! અનંત તીર્થંકરોની આજ્ઞાનું આ રૂપ છે. આહા..! તને એકાંત લાગે તો પ્રભુ છોડી દેજે. સમ્યક્ નય છે ને ? નિશ્ચયનય છે તે એકાંત છે. અને આનું એકાંત થયે પછી રાગ છે તેનું જ્ઞાન અનેકાંતપણે થાય. આહાહા..! સમજાણું કાંઈ? ઘણું ગંભીર છે, ઘણું ગંભીર છે. સંતોના હૃદયો ઘણા ગંભીર, ભાઈ! દિગંબર મુનિઓની શું વાતું કરવી! પરમેશ્વર પરમેષ્ઠીમાં ભળેલા. આહાહા.! એ પરમેશ્વરની વાતું કરે. આહાહા..! પ્રભુ! તું પામર નથી, તું રાગવાળો નથી. આહાહા..! એ દયા, દાન ને વ્રતના પરિણામ એ રાગવાળો તું નથી. તું તો અનંત ગુણવાળો છો. આહાહા..! આવી વાતું છે.

**'જેની એક ક્રિયા છે,...'** હવે બીજી વાત (કરે છે). એ પરિણતિ–પર્યાય લીધી. આહાહા..! હવે (કહે છે), **'સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે...'** આ દ્રવ્ય, વસ્તુ આત્મા. ભગવાન સત્‌રૂપ છે, અહેતુક છે–કોઈ હેતુ-બેતુ નથી, કોઈ એનો કર્તા-હર્તા નથી. આહાહા..! ભગવાન આત્મા વસ્તુ છે તેનો કોઈ કર્તા-હર્તા છે નહિ. આહાહા..! **'સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ...'** જાણનાર.. જાણનાર.. જાણનાર ત્રિકાળ, હોં! જ્ઞાયક એ જ્ઞાનની પ્રધાનતાથી વાત છે, બાકી પરમપારિણામિક સ્વભાવ જ **'જેનો એક ભાવ છે...'** એક ભાવ છે. આહાહા..! ભગવાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞાયક સ્વભાવ વસ્તુ દ્રવ્ય તરીકે, વસ્તુ તરીકે જ્ઞાયક સ્વભાવ જ **'જેનો એક ભાવ છે...'** એનો આ એક જ ભાવ છે. આહાહા..! આ દ્રવ્ય લીધું. પહેલી પર્યાય લીધી હતી. ન્યાંથી (વાત) ઉપાડી, પર્યાયથી પહેલી વાત કરી. પર્યાયમાં ભાન થાય છે ને એટલે પર્યાયની વાત પહેલી કરી. પછી પર્યાયમાં ભાન કોનું થયું ? કે સત્‌રૂપ જ્ઞાયકભાવનું. આહાહા..!

'સમયસાર' સાક્ષાત્ ત્રણ લોકના નાથ, જિનેશ્વરદેવ પરમેશ્વની વાણી છે, પ્રભુ! આહાહા..! જેને ગણધરો અને ઇન્દ્રો સાંભળે છે. એને પણ એમ લાગે કે અરે..રે..! અમે તો પામર છીએ. આ ચીજ ક્યાં! આહાહા..! પર્યાયમાં, હોં! સમ્યક્ હોવા છતાં (એમ લાગે છે). આહાહા..! આવો મહાપ્રભુ! જ્ઞાયક એક જેનો ભાવ, એની આગળ મારી જ્ઞપ્તિક્રિયા, ધાર્મિકક્રિયા તો પામર છે. ક્યાં પૂર્ણ પરમાત્માની કેવળજ્ઞાનની ક્રિયા અને ક્યાં મારી આ ધાર્મિક (ક્રિયા)! આહા..! પણ એ ધાર્મિક ક્રિયાનું ધ્યેય જ્ઞાયક એક ભાવ છે. આહાહા..! પ્રભુ પૂર્ણ છે, ધ્યેયમાં પૂર્ણ છે. આહાહા..! સમજાય એટલું સમજવું, બાપુ! 'બંધ અધિકાર'ની આ ગાથા પહેલેથી ઘણી ગંભીરપણે લાગી છે. આહાહા..! આવે ત્યારે એનો (વિસ્તાર) થાય ને! આહાહા..!

સત્‌રૂપ, ભગવાન આત્મા સત્‌રૂપ (છે). આ શરીર, વાણી, મન એ નહિ, એ તો પર, પુણ્ય-પાપના ભાવ એ પર, ભગવાન આત્મા સત્‌રૂપ જ્ઞાયક અહેતુક. આત્મા સત્‌રૂપ છે, અહેતુ-કોઈ હેતુ નથી, કોઈ ઈશ્વર-બિશ્વર એનો કર્તા નથી. આહાહા..! આ..હા..હા..! અથવા ***પર્યાય છે તો દ્રવ્ય છે એમેય નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એ પર્યાય જ્ઞપ્તિક્રિયા છે તો આ દ્રવ્ય છે, એમ પણ નથી.*** ભગવાન! આવવા દ્યો. આહાહા..! સત્‌રૂપ. ભગવાન આત્મા સત્–સત્તા, સત્ હોવાપણે સત્, અહેતુક. એનો બીજો ઈશ્વર તો કર્તા નથી, રાગને લઈને નથી પણ પર્યાયને લઈને નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'સત્‌રૂપ અહેતુક જ્ઞાયક જ...'** જાણન જ. જાણન.. જાણન.. જાણન.. જાણન ધ્રુવ, હોં! જાણક સ્વભાવ જ **'જેનો એક ભાવ છે...'** જેને એક ભાવ જ્ઞાયક જ છે. આહાહા..! એ દ્રવ્ય લીધું. વસ્તુ, આ દ્રવ્ય એટલે પૈસા નહિ. અહીં તો દ્રવ્ય એટલે બીજા દ્રવ્ય પણ નહિ. આ તો જ્ઞાયકભાવ દ્રવ્ય. આહાહા..! વીતરાગ સિવાય આવી વાત ક્યાંય છે નહિ. ત્રણ લોકના નાથ જિનેશ્વરે જે કહ્યું, એવી વાત ક્યાંય, કોઈ ઠેકાણે કોઈ મતમાં છે નહિ. આહાહા..! પણ એના મતમાં આવેલાઓને પણ મદમાં સમજાતું નથી. એનો મત છે એ મદમાં સમજાતું નથી. જ્યાં-ત્યાં અભિમાન.. અભિમાન... આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

સત્‌રૂપ સત્તા છે, મોજૂદગી ચીજ છે, મોજૂદ ચીજ છે. અહેતુક છે–કોઈ હેતુ નથી. આહાહા..! પરિણમન છે માટે દ્રવ્ય છે એમેય નહિ. આહાહા..! એ તો આવે છે ને ભાઈ! ૧૦૧ ગાથામાં. ***ઉત્પાદને ધ્રુવની અપેક્ષા નથી, ધ્રુવને ઉત્પાદની અપેક્ષા નથી.*** આહાહા..! ક્યાંનું ક્યાં આવી ગયું, લ્યો! આહાહા..! સમજાય છે કાંઈ? સત્‌રૂપ ભગવાન અહેતુક વસ્તુ, એને ઉત્પાદની પણ અપેક્ષા નથી. આહાહા..! સમજાય છે? આહાહા..! ૧૦૧મા ભાઈ! આવ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને ? ૧૦૧ 'પ્રવચનસાર'. એ આ. આહાહા..! પ્રભુએ ઘણું સમાડ્યું છે!

અહેતુક, સત્તાસ્વરૂપ અહેતુક જ્ઞાયક જ જેનો એક ભાવ છે. આહાહા..! જે સમ્યગ્દર્શનનો વિષય છે, સમ્યગ્દર્શનનું જે ધ્યેય છે. આહાહા..! જે ધ્યેય છે, સમ્યગ્દર્શનનું આલંબન છે. આહાહા..! સાધકનું એ સાધ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! એવો એક જ ભાવ છે.

ત્રીજું. **'અને સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...'** હવે ગુણ લીધો, સ્વરૂપ. જ્ઞાયકભાવનું સ્વરૂપ શું છે? એ જ્ઞાનસ્વરૂપ છે. આહા..! **'સત્‌રૂપ અહેતુક...'** આહાહા..! ગુણને પણ કોઈ હેતુ નથી. ગુણના ધ્રુવપણાને પણ કોઈ હેતુ નથી. આહાહા..! દ્રવ્ય અને ગુણ વચ્ચે અતદ્‌ભાવ કહ્યો છે ને ? આહાહા..! ગજબ વાત છે. જેને દ્રવ્યની અપેક્ષા નથી, કહે છે. સત્તાગુણ છે. આહાહા..! જેને પર્યાયની અપેક્ષા નથી. સત્‌ છે એને હેતુ શો? છે. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુત્વસ્વરૂપ.. આહાહા..! એ ગુણ છે. અનંત ગુણ છે, અહીં તો જ્ઞાનની મુખ્યતા લીધી છે.

**'સત્‌રૂપ અહેતુક જ્ઞાન જ...'** અનંત ગુણ જ **'જેનું એક રૂપ છે...'** એ અનંત ગુણનું એકરૂપ છે. ગુણ–સહવર્તી. આહાહા..! અનંત ગુણનું એકરૂપ છે. જ્ઞાનપ્રધાનથી કથન છે ને! પણ અનંત ગુણનું એકરૂપ છે. આહા..! એવો સત્‌રૂપ ગુણ, ધ્રુવ, દ્રવ્ય ધ્રુવ એ એકરૂપ છે એટલે અનંતપણું નથી. આ ગુણ અનંતપણે છે એ બધું એકરૂપ છે. આહાહા..! ભિન્ન ભિન્ન નથી. આહાહા..! અહીં ગુણનો ભેદ નથી લેવો. **'અહેતુક જ્ઞાન જ જેનું એક રૂપ છે...'** જેનું સ્વરૂપ. સ્વરૂપવાન જ્ઞાયકનું સ્વરૂપ, સ્વરૂપવાન ભગવાન જ્ઞાયક સ્વરૂપવાન, એનું સ્વરૂપ–જ્ઞાન, દર્શન, આનંદ આદિ એનું એકરૂપ સ્વરૂપ છે. આહાહા..!

**'એવા ભિન્ન આત્માને (–સર્વ અન્યદ્રવ્યભાવોથી જુદા આત્માને)...'** એવો ભિન્ન આત્મા લીધો ને? ભિન્ન આત્મા. તો કોનાથી ભિન્ન ? – કે સર્વ અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવો. એનાથી ભિન્ન આત્માને. અન્યદ્રવ્ય અને અન્યદ્રવ્યના ભાવ. આહા..! એનાથી ભિન્ન આત્માને **'જાણતા થકા,...'** ધર્મી ભિન્ન આત્માને જાણતા થકા આહાહા..! જ્ઞપ્તિક્રિયા દ્વારા જાણતા થકા, એમ આવ્યું ને ? આહાહા..! ભગવાન જ્ઞાયક સ્વભાવ સત્‌ અહેતુક અને ગુણ પણ સત્‌ અહેતુક. આહાહા..! તે ભગવાન ભિન્ન દ્રવ્ય. શરીર, કર્મ, રાગ અને પુણ્ય-પાપથી પણ ભિન્ન. દ્રવ્ય અને ભાવ બે લીધા ને? અન્ય દ્રવ્ય અને અન્ય દ્રવ્યના ભાવ. આહાહા..! પુણ્ય-પાપ પણ સંયોગીભાવ છે, સંયોગીભાવ છે, એ સ્વભાવભાવ નથી. આહાહા..!

એ ભિન્ન આત્માને **'જાણતા થકા,...'** આહાહા..! અનંત ભવ પરિભ્રમણનો અંત થયો. આહા..! અને અનંત અનંત ગુણની પર્યાય પ્રગટ થઈ. આહાહા..! એવા ભિન્ન આત્માને જાણતા થકા, શાસ્ત્રને જાણતા થકા, એમ અહીંયાં નથી કહ્યું. આહા..! સમજાય છે કાંઈ? શાસ્ત્રને જાણતા થકા, એ નહિ. તેમ અહીંયાં પર્યાયને જાણતા થકા, એમ નથી લીધું. ભિન્ન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્માને જાણતા થકા, એમ લીધું ને? આહાહા..! સમજાય એટલું સમજવું, ભાઈ! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવની વાણી અને એનો ઉપદેશ કોઈ અલૌકિક છે. લોકોને તો બાહ્યથી મળ્યું નથી. બાહ્ય બાહ્યની બધી વાતું (કરે). આહાહા..! અંતરના તત્ત્વના ભેદ જોયા નથી, ભાળ્યા નથી. આહાહા..!

એમ **'જાણતા થકા,...'** આત્માને, હોં! ગુણ–પર્યાયને (જાણતા થકા) એમ નહિ. આહાહા..! **'સમ્યક્ પ્રકારે દેખતા (શ્રદ્ધતા) થકા...'** એવો જે આત્મા છે તેની શ્રદ્ધા કરતા થકા, એનું નામ સમ્યગ્દર્શન. આહાહા..! ભગવાન પૂર્ણાનંદ પ્રભુ, જ્ઞાયક સ્વભાવ, તેને શ્રદ્ધતા થકા, એની શ્રદ્ધા કરતા થકા, આહાહા..! એ સમ્યગ્દર્શન, એને જાણતા થકા–એ સમ્યગ્જ્ઞાન. આહાહા..! બીજું જ્ઞાન ઓછું હોય, ન હોય, એની સાથે સંબંધ નથી. **'અને અનુચરતા થકા,...'** એ જ્ઞાયકભાવ ભગવાનમાં આચરણ કરતા (થકા), ચારિત્ર, એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ મહાવ્રતના પરિણામ અને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહાહા..! ભિન્ન આત્માને જાણતા થકા, ભિન્ન આત્માને શ્રદ્ધતા થકા, ભિન્ન આત્માનું આચરણ કરતા થકા... રાગથી પણ ભિન્ન કરીને આત્માનું આચરણ કરતા થકા... આનંદના નાથમાં આચરણ કરવું એ ચારિત્ર છે. અરે..રે..! સમજાણું કાંઈ? વિશેષ વાત છે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

ભાઈ ! તારે પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવથી નિવર્તવું હોય તો પહેલાં નિર્ણય કર કે એ પુણ્ય-પાપના ભાવનો સ્વામી પુદ્ગલ છે અને પુણઅય-પાપના ભાવ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો તે હું છું. તું વિકલ્પ દ્વારા પણ એવો નિર્ણય કર કે પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે ને ભવિષ્યમાં જે પુણ્ય-પાપના ભાવ થશે એના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું. આત્મામાં અનંતા અનંતા ગુણો હોવા છતાં વિકારને કરે એવો કોઈ ગુણ નહીં હોવાથી પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલદ્રવ્ય છે, એ પરિણામના સ્વામીપણે નહીં પરિણમનારો હું છું – એમ વિકલ્પ દ્વારા પ્રથમ ભૂમિકામાં રાગમિશ્રિત વિચારદશામાં આ નિર્ણય કર. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો સ્વામી પુદ્ગલ છે, પણ ભવિષ્યમાં જે પુણ્ય-પાપ થશે તેના સ્વામીપણે નહીં પરિણમનારો હોવાથી હું મમતારહિત છું.

('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૧૧૭)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા–૧૦૫-૧૦૬, પ્રવચન નં. ૧૪૫, તા. ૧૧-૦૬-૧૯૬૫ [૧૪]

આ 'પરમાત્મપ્રકાશ' બીજો અધ્યાય છે. એની ૧૦૫ ગાથા છે. **'આગે જો સબ જીવોં કો સમાન નહીં માનતા, ઉસકે સમભાવ નહીં હો સકતા, ઐસા કહતે હૈં :–'**

**जो णवि मण्णइ जीव जिय सयल वि एक्क-सहाव।**
**तासु ण थक्कइ भाउ समु भव-सायरि जो णाव।।१०५।।**

એનો શબ્દાર્થ :– **'હે જીવ, [यं] જો [सकलानपि] સભી...'** સભી કહેતા અનંત જીવ. આ જગતમાં દ્રવ્ય વસ્તુ સંખ્યા તરીકે અનંત જીવ છે. એ **'सकलानपि'** શબ્દમાં કહ્યું. અને **'જીવોંકો એક સ્વભાવવાલે...'** દેખો ! અનંત જીવ એની વર્તમાન પર્યાયમાં રાગ-દ્વેષ, અલ્પજ્ઞતા આદિ ભલે અંશબુદ્ધિમાં, અંશ કાળમાં હો પણ એના કાયમી સ્વભાવમાં દરેક જીવ એકસ્વભાવી પૂર્ણ સ્વરૂપે છે. સમજાણું કાંઈ ?

જેમ પીપરનો દાણો. આ પીપર, લીંડીપીપર, લાખ-કરોડ ગુણી હોય એ પીપરના દાણાની વર્તમાન અવસ્થામાં કાળી અને ઓછી ચરપરી તીખાશ કે લીલા રંગનો અભાવ અંશમાં ભલે હો પણ એના અંતર સ્વભાવમાં દરેક પીપર ચોંસઠ પોરી તીખાશ અને પૂરો લીલો રંગ, હરા રંગ એનાથી પીપર પૂરી ભરી છે. એ પીપરનો દાણો આટલો, છોટી પીપર, લીંડી પીપર. અંતરમાં ચોંસઠ પહોરી. ચોસઠ પહોર કહતે હૈં ન ? હવે સો પૈસાનો રૂપિયો થઈ ગયો. ત્યારે તો ચોંસઠ પૈસાનો રૂપિયો હતો ને ? તો સો પૈસાનો રૂપિયો કહો, સોળ આના કહો, પૂર્ણ કહો, ચોસઠ પૈસા કહો, એમ એક પીપરમાં અંદરમાં ચોંસઠ પહોરો તીખો રસ એટલે પૂરો રસ એટલે કે પૂરો સ્વભાવ. એવો ચોંસઠ પહોરો તીખો, એવો લીલો, એવા અનેક એના સ્વભાવ એ પૂર્ણ છે અંદર. જો પૂર્ણ સ્વભાવ ન હોય તો પ્રગટ (થવા) કાળે પૂર્ણતા ક્યાંથી આવશે ? શું કીધું સમજાણું ?

પીપરમાં પર્યાયમાં અવસ્થામાં પૂરી તીખાશ ચોસઠ પહોરી, લીલો રંગ પૂરો, સુવાળી પૂરી. સુવાળી કહતે હૈં ? કોમળતા, મુલાયમ. મુલાયમ-સુવાળી પૂરી એ ચોંસઠ પહોરી પ્રગટ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



થાય છે, પર્યાયમાં, અવસ્થામાં, હાલતમાં પ્રગટ થાય છે એ પૂર્ણપણું જો અંદરમાં ન હોય તો બહાર તીખું આવી શકે નહિ. પ્રાપ્તની પ્રાપ્તિ છે. એમાં છે એમાંથી આવે છે. તો એ દરેક પીપરને ચોસઠ પહોરી એટલે પૂર્ણ જ જોવી જોઈએ. વસ્તુ તરીકે, સ્વભાવ તરીકે. ક્રોડ ગુણી એની હોય, ગુણી, ગુણી કહતે હૈં ન ? થેલા. એમાં દરેક દાણામાં ચોંસઠ નામ પૂરો રસ છે, પૂરો લીલો રંગ છે એમ જોનારે પીપરનું સાચું ખરું સ્વરૂપ જોયું કહેવામાં આવે છે. એ તો દૃષ્ટાંત થયો.

એમ અનંત જીવો ચૌદ બ્રહ્માંડમાં, ચૌદ રાજલોકમાં અનંત જીવના મોટા થેલા પડ્યા છે, અનંતજીવ. એ દરેક જીવને વર્તમાન અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પવીર્ય અને વિકાર અને શરીરના ભેદ એવા વર્તમાન તરીકે ભેદ ન દેખો, ત્રિકાળી તરીકે એનું સ્વરૂપ જુઓ તો એ ચોસઠ પહોરું એટલે પૂર્ણજ્ઞાન, પૂર્ણઆનંદ, પૂર્ણદર્શન, પૂર્ણશાંતિ એનાથી પૂર્ણ દરેક આત્મા એક સ્વભાવરૂપ પૂર્ણપણે અનંતા પડ્યા-ભર્યા છે. સમજાય છે આમાં ? 'પુનમચંદભાઈ'! જુઓ ! તમારું નામ પણ 'પુનમચંદ'! લ્યો પૂરું છે. આમ જુઓ અધિકાર પણ એ આવે છે.

પૂર્ણ-પૂર્ણ. શું ? દરેક આત્મા, અનંત આત્મા એની વર્તમાન દશામાં–અંશમાં ફેરફાર દેખાય છે. કોઈ  સ્ત્રી, કોઈ પુરુષ, કોઈ નપુંસક, કોઈ એક ઇન્દ્રિય, કોઈ બે ઇન્દ્રિય, કોઈ ત્રણ ઇન્દ્રિય, કોઈ અલ્પજ્ઞ, કોઈ વિશેષ જ્ઞાન, વિશેષ ઓછા-વત્તુ પર્યાયમાં-અવસ્થામાં, પણ એ દેખતા તો એનું પૂર્ણ રૂપ દૃષ્ટિમાં આવતું નથી, અને પૂર્ણ દૃષ્ટિમાં આવ્યા વિના એ વસ્તુને માની, પૂર્ણ રીતે માની કહેવામાં આવતી નથી. સમજાય છે કાંઈ ?

કહે છે, હે જીવ ! બધા જીવોનો એક સ્વભાવ પરિપૂર્ણ સ્વભાવ. આહા..હા...! મારો સ્વભાવ વસ્તુ તરીકે, શક્તિ તરીકે, ગુણ તરીકે એ ગુણ ને શક્તિમાં અલ્પ, અધિકપણું એ હોઈ શકે નહિ. એ તો એક સમયની દશામાં અલ્પ હિનાધિકતા દેખાય છે. વસ્તુ સ્વરૂપમાં, એકરૂપમાં હિનાધિકતા ન હોય. તો એવા એકરૂપ જ્ઞાન, એકરૂપદર્શન, એકરૂપ આનંદ, એકરૂપ વીર્ય, એકરૂપ સ્વચ્છતા, એકરૂપ પરમેશ્વરતા એવો એકરૂપ સ્વભાવ બધા અનંત જીવનો જે જીવ જાણતો નથી એને સમભાવ દૃષ્ટિમાં આવતો નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

જુઓ ! **'હે જીવ,...'** **'सकलानपि'** **'सभी जीवोंको...'** એટલે બધી પીપરના દાણાને એનું એ દાણાનું રૂપ, રૂપ માનવું હોય તો એનું પૂર્ણ સ્વરૂપ છે એક સમય સિવાયનું એનું સ્વરૂપ, સ્વરૂપ એકરૂપ, સ્વભાવરૂપ, ભાવરૂપ, પૂર્ણરૂપ (જુએ) તો એ પીપરને એને પૂર્ણ રીતે માની કહેવાય. એમ, ભગવાન અનંત આત્માઓ એને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાન પર્યાયમાં ઓછા-વત્તાપણું ન જોતાં એનો સ્વભાવ, શુદ્ધતા, સમભાવતા, વીતરાગતા, અકષાયતા, જ્ઞાન, દર્શન, આનંદતા એવો એનો સ્વભાવ એકરૂપે અનંત જીવનો છે. આહા..હા...! કહો, 'વસંતીલાલજી' સમજાય છે કાંઈ ?

વિષમતા ઉત્પન્ન થવાનું... સ્વરૂપ પૂર્ણ છે, અનંત આત્માઓ એમ જ્યાં દૃષ્ટિમાં, પ્રતીતમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એમ પૂર્ણ વસ્તુ છે, વસ્તુ છે એક અખંડ એમાં જ્ઞાન-દર્શન-આનંદ એક સ્વભાવી, એકરૂપ, અખંડરૂપ, અભેદરૂપ તેવો એક સ્વભાવ અનંતગુણનો છે એને આત્મા કહીએ. એવા આત્માને એ રીતે જોતાં બધા જીવો પણ એવા જ પરિપૂર્ણ છે તો એને દૃષ્ટિમાં સમભાવ અથવા પોતાનું પૂર્ણ સ્વરૂપની સમ્યક્ સત્યતાની શ્રદ્ધા થતાં બીજા બધા સ્વભાવે એવા છે એટલે એનું ઓછા-વત્તાપણું દેખીને, હીનાધિક દેખીને રાગ-દ્વેષ થવાનો પ્રસંગ, જ્ઞાનીને સ્વભાવની પરિપૂર્ણતા દેખવામાં રહેતો નથી. આહા..હા...! વાત તો અલૌકિ છે, બાપૂ ! તું તો પ્રભુ છો !

અહીં તો કહે છે અનંત આત્માનું જે પરમસ્વરૂપ પરમાત્મસ્વરૂપ... 'પરમાત્મપ્રકાશ' છે ને ? એનું સ્વરૂપ જ પરમાત્મા છે. વસ્તુ જ પરમાત્મા છે. અનંતા આત્માઓ પરમાત્મા છે શક્તિ તરીકે, સ્વભાવ તરીકે, સ્વરૂપ તરીકે, સત્ત્વ તરીકે, ગુણ તરીકે. જેનો ગુણ ને સત્ત્વ હોય એ અપૂર્ણ હોઈ શકે નહિ. એ અપૂર્ણ અને હિનાધિકતાના ભંગો એની દશામાં હોય, હાલતમાં–એક-એક સમયની દશામાં ફેરફાર છે. વસ્તુ તો વસ્તુ તરીકે ચોંસઠ પહોરી પીપર એમાંથી કોઈ બે પહોરી તીખાશ નીકળી તો પણ અંદર તો ચોસઠ પહોરી પૂરી છે. ત્રણ પહોરી પ્રગટ નીકળી તો પણ ચોસઠ પહોરી જ છે. ચોંસઠ પહોરી નીકળી તો પણ અંદર તો એ ચોંસઠ પહોરી જ છે. '...ભાઈ'! સમજાય છે ? આ લોજિકથી તો કહેવાય છે, હોં !

એ પીપર છે ચોંસઠ પહોરી પ્રગટ થાય છે ને ? બહાર. આ તીખાશ. બહુ ઠંડી ઉપર જરી આપે છે. એ પ્રગટ થઈ ક્યાંથી ? એ આવી ક્યાંથી ? એની પૂર્વ અવસ્થા બે-પાંચ-દસ પહોરી અલ્પ પ્રગટ હતી એ બે-પાંચ પહોરી અરે..! ત્રેસઠ પહોરી છેલ્લી. તો ત્રેસઠ પહોરની પ્રગટતા એમાંથી ચોંસઠ આવી ? ત્રેસઠનો તો અભાવ થઈ ગયો. અભાવમાંથી ભાવ આવે ? એ ચોંસઠ પહોરી જે શક્તિપણે હતી એ વ્યક્તપણે, પ્રગટપણે આવે છે. શક્તિપણે હતી, વ્યક્તપણે આવે છે. પૂર્વની અવસ્થા ત્યાં એક પહોરી, બે પહોરી, ત્રણ પહોરી ઘૂંટતા ત્રેસઠ કે એક પહોરી એ તો એક-એકનો વ્યય થાય. એકનો વ્યય થઈને બે, બેનો વ્યય થઈને ત્રણ, ત્રણનો વ્યય થઈને ચાર; એ બધી અંતરથી આવે છે. એમ ત્રેસઠનો વ્યય થઈને ચોંસઠ એ અંદરથી આવે છે. એનું અંતર સ્વરૂપ તો ચોસઠ પોરું એટલે પૂરું જ છે. હર સમયે પૂરું છે. એક પહોરી હોય તો પણ પૂર્ણ છે અને એક પહોરી ન હોય ને કાળી અમસ્તી દેખાય તો પણ અંતર વસ્તુ તો પૂરી જ છે. આત્મરૂપ અને આત્મસત્ત્વનું સત્ત્વ આવું જાણે એણે આત્મા માન્યો, જાણ્યો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

કોઈ માણસ પાંચ-પચીસ કરોડનો આસામી હોય કે અબજનો (હોય) એ ગુંજામાં પાંચ રૂપિયા, દસ રૂપિયા લઈને શાક લેવા નીકળ્યો એને એટલો આસામી માનવો એ એના આખા રૂપનું રૂપ માન્યું છે ? આ શાક-શાક સમજો છો ને ? શાકભાજી લેવા નીકળ્યો. પાંચ-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પચીસ રૂપિયા લઈને કાપડ લેવા નીકળ્યો. પચ્ચીસ-પચાસ સો-બસ્સો, પાંચસો રૂપિયા (લઈને નીકળ્યો) પણ અબજ રૂપિયા તો ઘરે છે, છતાં પડ્યાં છે. હવે એને આટલા રૂપિયા લઈને નીકળ્યો એટલે એટલા રૂપિયાવાળો માનવો. એનું પૂર્ણ રૂપ છે એની સંપદા ને ઋદ્ધિને એણે માની નથી. એમ, ભગવાન આત્મામાં પર્યાયમાં, પર્યાયમાં અવસ્થામાં કોઈ અલ્પ જ્ઞાન, અલ્પ દર્શનાદિ બહાર નીકળેલી અવસ્થા (દેખીને) એટલો જ આત્માને માનવો, એ આત્માને એણે માન્યો જ નથી. આહા..હા...!

ઘરે અબજ પડ્યા છે. અહીંયાં પાંચ-પચાસ-સો-બસ્સો રૂપિયા લઈને નીકળ્યો કે કાપડ લેવા જાવું છે, કેરી લેવા જવું છે. પણ કાંઈ અબજ કાંઈ સાથે લઈને નીકળાય ? કેમ 'પુનમચંદભાઈ'! બરાબર છે ? આ તો દૃષ્ટાંતનો સિદ્ધાંત (કહ્યો) કે પ્રગટરૂપે પાંચ-પચાસ-સો-બસ્સો રૂપિયા લઈને નીકળ્યો છે પણ અંદરમાં એના ઘરે તો અબજ રૂપિયા પડ્યા છે. તો એ અબજ રૂપિયાની પૂર્ણ સ્થિતિવાળો જાણવો એનું નામ વાસ્તવિક તત્ત્વ જાણ્યું કહેવાય.

એમ ભગવાન આત્મા એની બહારમાં પ્રગટ અવસ્થામાં કોઈ અલ્પ જ્ઞાન, અલ્પ દર્શન, રાગ-દ્વેષ, વિવિધતા એટલો જ આત્માને માનવો, એની સંપદામાં તો પૂર્ણ જ્ઞાન-દર્શનાદિ પૂર્ણ સ્વભાવ પડ્યો છે, એને ન માનવો એણે આત્માને માન્યો નથી. આહા..હા...! કહો 'ધર્મચંદજી'! સમજાણું ?

કહે છે, પાઠમાં શું પડ્યું છે જોયું ? શબ્દ જુઓ ! **'सयल वि एक-सहाव'** આહા..હા...! એક સ્વભાવ. અનંત આત્માઓ એની વર્તમાન દશાના વિવિધપણાના ભંગને જ્ઞેય તરીકે જાણવા લાયક ભલે હો (પણ) એ આદરણીય નથી. આદરણીય તો એક આત્મામાં પણ અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, અલ્પવીર્યતા, પુણ્ય-પાપનો વિકલ્પ રાગ એ જાણવા લાયક છે, આદરવા લાયક નથી. અંગીકાર કરવા લાયક તો વસ્તુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જ્ઞાન, દર્શન, આનંદ, સ્વચ્છતા, પ્રભુતાથી પૂર્ણ વસ્તુ એક સ્વરૂપે છે, એકસ્વરૂપે પૂર્ણરૂપ તેને આત્મા કહેવાય છે. એવા આત્માને જે અંદર શ્રદ્ધે, અનુભવે, માને છે એને બધા જીવ પ્રત્યે સમભાવ થઈ જાય છે. બધા જીવો પરિપૂર્ણ સ્વભાવે ભર્યા છે. કોને મારે ઓછા-અધિકે જોવા ? અને જ્યારે પોતાને પૂર્ણપણે જોવે છે ત્યારે બીજાને પણ પર્યાયપણે ન જોતા એના વર્તમાન પ્રગટ અવસ્થાપણાની સંપદાએ અપૂર્ણ ન જોતા, એના પૂર્ણ સ્વભાવને જોતા આ મારાથી હીણો કે આ મારાથી અધિક એ પ્રસંગ એને ઊભો થતો નથી. આહા..હા...! 'પરમાત્મપ્રકાશ' 'યોગીન્દ્રદેવ' કહે છે. જુઓ તો ખરા, અરે..! ભગવાન !

**શ્રોતા :–** જ્ઞાનીની દૃષ્ટિમાં બધા મહાભાગ્યવાન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરમાત્મા. ભાગ્યવાન નહિ. પરમાત્મા. ભાગ્યવાનની અહીંયાં ક્યાં વાત છે ? જુઓ ! પણ કીધું ને ? પીપરનો દાણાનો દાખલો તો તમને સીધો આપ્યો. બધા દાણા. આખી ગુણોની ગુણો ભરી હોય. 'મુંબઈ'માં તો મોટી વખારો ભરી હોય છે. એક-

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક ધંધો હોય એકને, હોં ! 'મુંબઈ'માં એક-એક ધંધો હોય છે. કેસરનો ધંધો હોય તો કેસરનો (કરે), એલચીનો (હોય) તો એલચીનો (કરે). આ શું કહેવાય ? પીપરનો હોય તો પીપરનો એક-એક ધંધો મોટો. ગુણોત્તરી હોય. પહેલાં જતાં ને માલ લેવા દુકાનમાં ન્યાં. તો અમે જોતાં બધી વખાર ભરી હોય. કેટલી પણ એમ ! બદામનો (ધંધો) હોય તો આખી વખારમાં બદામની જ ગુણી (ભરી હોય). બદામ આવે છે ને ? ગોદામના ગોદામ ભર્યા હોય, હોં !

એમ આ ચૌદ બ્રહ્માંડમાં જેમ એ પીપરના દાણાની ગોદામ પડ્યા (હોય) છતાં, પ્રગટમાં અલ્પ કાળાશ અને લીલાશનો અભાવ હોવા છતાં જેના અંતર સ્વભાવમાં લીલો, હરો રંગ અને તીખો પૂરો રસ એવા અનંત સ્વભાવથી એ પીપર એક સમયમાં પૂર્ણ છે. તેથી તે પર્યાયમાં પ્રગટ (થવા) કાળે પ્રાપ્તની પ્રાપ્તિ થાય છે.

એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં વર્તમાનમાં, વર્તમાનમાં અનંત જીવોની વર્તમાન અવસ્થામાં ભિન્નતા દરેકની વર્તમાન દેખાવા છતાં એનું અંતર રૂપ જુઓ, એ પોતે પોતાનું અંદર પૂર્ણ રૂપ જુએ તો પૂર્ણ છે અલ્પજ્ઞ અને વીર્ય અલ્પતા એ મારા સ્વભાવમાં છે નહિ. એક સ્વભાવને જોનાર સત્યદૃષ્ટિવંત છે અને એ સત્યદૃષ્ટિવંત બધા જીવને પૂર્ણ સ્વભાવવાળો દેખે એ સત્યદૃષ્ટિવંત છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એ બધા એના પ્રતીક છે, આ સમવસરણ ને બધા દેખાવ.. ભાઈએ પ્રશ્ન કર્યો હતો ને રાત્રે ? કે આ શું પાંચ-દસ લાખ ? ઇ ભાઈ ! જરા શાંતિથી જુઓ ! કે આમ સમવસરણ અને આ પરમાત્મા એ પૂર્ણ હતા. સ્વભાવે પૂર્ણ, પર્યાયે પૂર્ણ એવા અનંત પરમાત્માઓ એના સ્થાન, એના આવા પુણ્ય, એના પૂર્વના વિકલ્પનું પુણ્ય, આવી સ્થિતિ એ બધાના અસ્તિત્વના સ્મરણ માટેના આ નિમિત્તો છે અને એ નિમિત્તોમાં આવા અસ્તિત્વનું સ્મરણ આવતા એની વર્તમાન બુદ્ધિનો નાશ થઈને ત્રિકાળ બુદ્ધિ થઈ જાય છે. એ માટે એ પ્રતીકો છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

આમ ત્રિકાળ પરમાત્મદશા હતી. અનંત પરમાત્મા પ્રગટ અવસ્થાવાળા હતા. અનંત પરમાત્માએ પૂર્ણ કોઈ પૂર્વનો વિકલ્પ હતો અને પુણ્ય થયું એના સ્વરૂપ તરીકે આ સમવસરણ હતા. એ બધું અસ્તિત્વ સ્વીકારતા, આવું અસ્તિત્વ સ્વીકારતા, વર્તમાન બુદ્ધિનો વિકલ્પ અને અલ્પજ્ઞતાનો સ્વીકાર ઊડી જઈને ત્રિકાળ સ્વભાવ છું એવો સ્વીકાર થતાં તેને સંયોગોના સાધનની જરૂર રહેતી નથી. એને વિકલ્પના સાધનની જરૂર રહેતી નથી તો શરીર સારું હોય એવી જરૂર રહેતી નથી. એ દીર્ઘ વિચાર (કરે નહિ).

એક ફેરી કહ્યું હતું, 'જોરાવરનગર' માં આંખના ઓપરેશનનો યજ્ઞ કરે છે ને ? નેત્રયજ્ઞ. આપણે 'નારણભાઈ' હતા. 'પુનમચંદભાઈ' તમે ન ઓળખો. આ 'વઢવાણ'માં નહોતા એક તોતડા બોલતા ! એને ઓળખતા હતા ને તમે ? પાંચ વર્ષ પહેલાં ગુજરી ગયા. પછી ત્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આગળ 'મથુરાદાસ' આવેલા, ડૉક્ટર મોટા. 'મથુરા'નો મોટો ડૉક્ટર. આંખના ઘણા યજ્ઞ કર્યા. ત્યાં જોરાવરનગરમાં. 'મનસુખભાઈ' સાથે હતા આપણા 'મનસુખલાલ તારાચંદ'. લોકો 'મથુરાદાસ'ના બહુ વખાણ કરવા લાગ્યા, ઓ..હો..હો...હો...! બહુ કામ કર્યા... બહુ કામ કર્યા, ઘણા કામ કર્યા.

પછી 'નારણભાઈ'! કહે છે. સાંભળ, સાંભળ ! અમારી સાથે એક 'નારણભાઈ' હતા. અમે (સંપ્રદાયમાં) હતા ત્યારે દીક્ષીત થયા હતા પછી જરી ફેરફાર થયો તો છૂટી ગયા, ગુજરી ગયા. પણ એ વખતે તર્કબાજ બહુ હતા. પછી એને કહે એલા ! આ શરીર તને મળ્યું, આ ઇન્દ્રિયો ફૂટી કે પોલા-ફોલ્લા પડ્યા, મોતીયા આવ્યા, આ 'મથુરાદાસ'ને ગોતવો પડે એ કરતા એવો એક પુરુષ તને બતાવું કે તને શરીર ન મળે, ઇન્દ્રિય ન મળે અને આવા ડૉક્ટરની જરૂર ન પડે ! પંડિતજી ! કે આ કોના વખાણ તું કરે છે ? કેટલા પણ તારે કરવા છે ? 'વસંતીલાલજી'! ઓ..હો..હો...! હજારો-લાખોને આંખો આપી. પણ સાંભળને ખરો ! આ શરીર તો રાખવા છે ને એને ? જેટલી આંખો ફૂટશે એ પોલા થશે અને મોતીયા થશે. 'મથુરાદાસ'ને બધે ગોતવા છે ને એને ? પણ એક આત્મા એવો તને વીતરાગ પરમેશ્વર બતાવી દઉં કે જેની ઓળખાણ થઈ, જેની મહત્તા ભાસ્યે આ તને શરીર મળે નહિ, રોગ થાય નહિ અને ડૉક્ટર ગોતવા પડે નહિ.

આ એની તો વાત ચાલે છે. એ ઉપર તો આ દાખલો આપ્યો. સમજાણું કાંઈ ? કેટલા વખાણ કરે લૌકિકના ઉપકારના ? આટલા... આટલા... આટલા... ઓ..હો..હો...હો...! શું છે ? હજી તો શરીર રાખવું છે અને શરીર મળશે એટલે શરીરમાં રોગ અને પ્રતિકૂળતા આવ્યા વિના રહેશે નહિ. વારંવાર પૈસા હોય, નિર્ધનતા હોય ડૉક્ટરને ગોતવા, હેરાન થવા, ભિખારાપણે એનો ઉપકાર અને આટલું એનું તું બહુમાન કરે છો ? એ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમાત્મા જગતના મહાન વૈદ્ય છે. મહાન વૈદ્ય છે પરમાત્મા ત્રિલોકનાથ જૈન પરમેશ્વર કે જે જગતને એમ કહે છે તને શરીર જ મળે નહિ. સ્વભાવનું મહાન કર, સ્વભાવનું માહાત્મ્ય કર, અલ્પજ્ઞનું મહાત્મ છોડી દે, સંયોગનું છોડી દે. એવા સ્વભાવના માહાત્મ્યનો હું એક વૈદ્ય છું. એનું માહાત્મ્ય કરતા તને શરીર રહેશે નહિ, કર્મ રહેશે નહિ, રોગ થશે નહિ, ડૉક્ટર ગોતવા પડશે નહિ. ખાવાની જરૂર નહિ પડે. અરે..! આના પ્રશંસક, આટલી પ્રશંસા લૌકિકમાં ! આણે પાંચ કરોડ દીધા ને એણે આવું કર્યું. હવે સાંભળને. 'વસંતીલાલજી'!

એમ, અહીં ભગવાન યોગીન્દ્રદેવ કહે છે, ભાઈ ! તારી અલ્પજ્ઞદશા અને રાગાદિમાં અને શરીરાદિમાં નિમિત્તો કોઈ સારા મળે અને તું એની પ્રશંસા કરે છો તો તને અલ્પજ્ઞતા રાખવાનો તારો જ ભાવ છે. અલ્પજ્ઞતા રાખવી તેને રાગ થયા વિના રહેશે નહિ અને શરીર મળ્યા વિના રહેશે નહિ. પણ મારું પૂર્ણ સ્વરૂપ અલ્પજ્ઞતાના કાળમાં પણ પૂર્ણ આનંદ અને જ્ઞાન, એકસ્વભાવી ભગવાન, એકસ્વરૂપે ભગવાન, એકભાવે ભગવાન, એકભાવે ભગવાન.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક ભાવ એટલે ? એક ગુણ એમ નહિ, એકરૂપ. જ્ઞાનનું એકરૂપ, દર્શનનું એકરૂપ, આનંદનું એકરૂપ, સ્વચ્છતાનું એકરૂપ, શાંતિ-ચારિત્રનું એકરૂપ એવો સ્વભાવ ભગવાન અનંત આત્માનો ત્રિકાળી જેને વર્તમાન દષ્ટિ છોડીને ત્રિકાળ દષ્ટિ કરતા આવી પરિપૂર્ણતા ભાસે એ બધા જીવોની વર્તમાન દષ્ટિ છોડીને એના ત્રિકાળ સ્વરૂપની પ્રતીત કરે છે. એને જન્મ-મરણ રહેતા નથી. એની દષ્ટિમાં સત્‌પણાનો આદર, પૂર્ણ સ્વભાવના સત્‌નો આદર થયો. અલ્પજ્ઞની પર્યાયમાં જ્ઞાન હોવા છતાં આદર રહ્યો નહિ, એ ટળી જઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ જશે. એ વાતને માન ને અનુભવ ને જાણ. એ વિના વાતું બધી થોથે–થાથાં છે.

આ તો રૂપિયા જોઈશે, એને રોગ થાય. ભક્તામર ગણે છે ને ? ભક્તામર પ્રણીત.. શું થશે ? ભક્તામર ગણીએ તો નાગા, ભૂખ્યા ન રહીએ. પણ શરીર તો રાખવું છે ને તારે ? નાગા, ભૂખ્યા ન રહે એટલે શું ? શરીર રહે, વસ્ત્ર મળે, રોટલા મળે માટે ભક્તામર ગણે છે ને ? ભક્તામર પ્રણીત... મૂર્ખ છે. ભક્તામર એને માટે છે ? એ આદિશ્વર ભગવાનની સ્તુતિના ગુણના ગુણગ્રામ છે. એના જે ગુણો પર્યાયમાં પ્રગટ થયાં એવા એના સ્વભાવમાં પરિપૂર્ણ પડ્યા (છે), એવા જ તારા સ્વભાવમાં પરિપૂર્ણ છે એ દષ્ટિ કરવા ભક્તામરની સ્તુતિનું પ્રયોજન છે. આહા..હા...! પ્રયોજન પણ સમજે નહિ અને એમ ને એમ હાંક્યા કરે. ભક્તામર પ્રણિત મૌલિ મણિ પ્રભાના...... પણ શું છે એમાં ? કહે, આપણને પૈસા-બૈસા મળે, રોગ ન રહે. સવારમાં ઊઠીને આ ભક્તામર (વાંચીએ) તો નિરોગતા રહે. ન્યાં પણ એક ભાઈ બોલતો હતો, ત્યાં છે ને ? નહોતો બોલતો ? કુંડળીનો 'વજુભાઈ'. બહાર ભક્તામર બોલતો હતો. અમે બહાર દિશાએ જઈએ ને ? કુંડળીના વજુભાઈ છે ને ? કીધું આમાં આશા-બાશા તો નથીને કાંઈ ભક્તામરમાં ?

જેને ચોંસઠ ઇન્દ્રો અથવા સો ઇન્દ્રો મુગટથી નમતા હતા એવી જેની પર્યાય પ્રગટ થઈ ગયેલી એને સો ઇન્દ્રો એના (પોતાના) વૈભવને તુચ્છ ગણી, એ ઇન્દ્રો પોતાના મળેલા આવા વૈભવની સંપદા ઇન્દ્રપદને તુચ્છ ગણી, એની પ્રગટેલી પર્યાયનું બહુમાન કરે છે. અમને પ્રગટેલી અલ્પજ્ઞતા છે, એની બહુ પ્રગટેલી (પૂર્ણ દશા) છે. વૈભવ મળ્યાની તુચ્છતા ગણીને પૂર્ણતાનો આદર કરે છે, એના દ્રવ્ય સ્વભાવ ઉપર દષ્ટિવાળા એનો આદર ખરેખર કરી શકે છે. સમજાય છે ? મળેલાં ઇન્દ્રના વૈભવ ! કહે છે, ના.. ના.. આ નહિ, હોં ! આ નહિ.

એ મુનિ જંગલમાં બાવળની નીચે... બાવળ સમજ્યાને ? બબુલ. કાંટા. આમ અંદરમાં ધ્યાન લગાવી દીધું હતું. ચક્રવર્તી હાથીને હોદ્દે ચાલ્યો જતો હોય છન્નું કરોડ પાયદળ સાથે (હોય), છન્નું હજાર પદમણી જેવી સ્ત્રી (સાથે હોય), (ચક્રવર્તી) નીચે ઉતરી જાય, કોઈ મુનિ ધ્યાનમાં બેઠા છે. આહા..હા...! એની મુદ્રા દેખીને એમ થઈ જાય કે આ તે કોઈ ... કરે છે. શાંત... ઢીમ ! શાંત... શાંત... શાંત... સમરસમાં તરબોળ દેખાય છે. નીચે ઉતરીને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



(પગે લાગે છે), જય પ્રભુ ! અરે...! પણ આટલી ઋદ્ધિ (છે ને પગે લાગે છે) ! આ નહિ... આ નહિ... આ નહિ... આ નહિ... એ (મુનિરાજ) જે ઋદ્ધિ સાધે (છે) તે અમારે જોવે છે. આહા..હા...! છન્નુ કરોડ પાયદળ ચમત્કાર પામે છે, આ તે શું ? આ સુંદર હીરલા જેવા શરીર, આ કાળુ-કુબડું શરીર, આટલી સંપદાનો પાર નહિ, પેલાને કપડાનો ટૂકડો નહિ. બાવળમાં છે, આને ચક્રવર્તીને દેવોના બનાવેલા મોટા મહેલ છે. નહિ, ભાઈ ! નહિ. એ નહિ, ને અમારી અલ્પજ્ઞ અવસ્થા પ્રગટ છે એ પણ નહિ. પેલો મારાથી વધારે પૂર્ણ સાધી રહ્યો છે. આહા..હા...! એને વંદન કરે છે અને પેલાને સામું જોવું નહિ. એ તો ધ્યાનમાં પડ્યા છે. આવો ચક્રવર્તી વંદન કરે માટે મોટો. હું તો મોટો મારી પાસે છે. મોટો ભગવાન હું છું. મારી મોટપ એ પર્યાયમાં પ્રગટે એને ખબર પડે. બીજાને ખબર પડે નહિ.

એવા આત્માનો જ્યાં સ્વભાવ એકરૂપનો વિશ્વાસ (આવ્યો), અલ્પજ્ઞનો અને સંયોગનો વિશ્વાસ ઊઠી ગયો. અલ્પજ્ઞ પર્યાય, અલ્પદર્શી, અલ્પવીર્ય અને રાગ-દ્વેષ અને સંયોગ એક.. આમ એક સમયના, એ વિશ્વાસ ઊઠી ગયો. પૂર્ણ એક સમયમાં આનંદ અને જ્ઞાન સ્વભાવ, એક દ્રવ્ય સ્વભાવ એ વિશ્વાસે આત્માને ઝીલ્યો (તો) સમભાવ, સમદૃષ્ટિ થઈ. સમજાય છે કાંઈ ? એમ અહીંયા કહે છે. જુઓ !

**'જો સભી જીવોં કો એક સ્વભાવવાલે નહીં જાનતા ઉસ અજ્ઞાનીકે સમભાવ નહીં રહતા,...'** એ તો વર્તમાન પર્યાય દેખી (જુએ છે), કે આ મારાથી અધિક થઈ ગયો, આ મારાથી ઓછો રહ્યો. ઓછો રહ્યો એને દીનતા થઈ. દીન દેખે, વધારે હોય એને ઉપર દેખે. અજ્ઞાની એ પર્યાયમાં ઓછા-વત્તાપણાને દેખીને સમભાવ કરી શકતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ઓ..હો..હો...! શું કહે છે આચાર્ય ? કહે છે. 'सकल जीवम् एकस्वभावम्' એવો સ્વભાવ એ વસ્તુ છે, પદાર્થ છે, અખંડ છે, પર્યાયનો એક સમયનો, એક સમયનો સંસાર છે. દરેક જીવનો એક સમયનો જ ઉત્પાદનો ભાગ અલ્પ હિનાધિકપણે પરિણમી રહ્યો છે. એ એક સમયનું લક્ષ્ય છોડી દે. તારું એક સમયનું લક્ષ્ય છોડી દેતા પૂર્ણ સ્વભાવની દૃષ્ટિમાં જેમ સમભાવ, સમ્યક્ આવ્યું (તો) બધા ભગવાન પૂર્ણ સ્વભાવે છે. વિષમતા થવાનો પ્રસંગ રહેતો નથી. કોઈ કમજોરીને લઈને રાગાદિ આવે એ પર્યાયને દેખીને આવ્યો નથી, સ્વભાવને લઈને નથી. કમજોરીને (લઈને) આવ્યો એનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. એ રાગને જાણનાર-દેખનાર રહે છે તેનું નામ જ્ઞાની અને સમકિતી કહેવાય છે. સમજાણું કાંઈ ?

**'નહીં જાનતા ઉસ અજ્ઞાનીકે સમભાવ નહીં રહતા, જો સમભાવ...'** જુઓ ! પૂર્ણસ્વરૂપ અને છતો પાછો. છે એવો, હોં ! સત્ છે ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્તં સત્. એક સમયનો ઉત્પાદ, એનું લક્ષ્ય છોડી દઈને, ધ્રુવ પૂર્ણ સ્વભાવ, એવું પૂર્ણ સત્ એવા સ્વભાવને જોનારને સમભાવ થાય છે અને સમભાવ આ રીતે ન રાખે તે અજ્ઞાની છે. જે સમભાવ કેવો છે ? **'સંસારસમુદ્રકે તૈરનેકો નાવકે સમાન હૈ.'** જ્યાં જ્યાં ક્ષણે, કોઈ ક્ષેત્રે, કોઈ ક્ષણે એની વર્તમાન અવસ્થામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હીનાધિકતા ઉપર એનું લક્ષ્ય નથી. દૃષ્ટિનું જોર નથી, દૃષ્ટિનું જોર નથી. જોર સ્વભાવ ઉપર છે. એટલે સ્વભાવ ઉપર દૃષ્ટિના જોરે સમભાવ થાય. એ સમભાવ સંસારને તારવાની નાવ છે. સંસારના ઉદયભાવ. સંસાર એટલે ઉદયભાવ. એ ઉદયભાવને આ મારો પૂર્ણ સ્વભાવ (છે) અને બધાના પૂર્ણ એકરૂપ સ્વભાવ (છે) એવી દૃષ્ટિનો સમભાવ એ ઉદયભાવનો અભાવ કરવાનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ તો વીતરાગ ભગવાનના ઘરની કથા છે. ત્રિલોકનાથ પરમેશ્વર સભામાં જ્યારે એ ધર્મકથા દિવ્યધ્વનિ (નીકળે)... ઓહો..હો...હો...! એના લેનારા શ્રોતા પણ કેવા હશે ? એ લેનારા એની વાણીનો અખંડ જ્ઞાનની પર્યાય પ્રગટેલીનો ધ્વનિ... સમજાણું કાંઈ ? એમ અહીંયાં ભગવાન આખો ભરેલો પ્રભુ છે ને, કહે છે. વિશ્વાસ તો લાવ, વિશ્વાસ તો લાવ. તને વિશ્વાસ અહીંનો આવે છે કે આટલો હું, આટલો હું, આટલો હું, આવા વાળો, આવા સંયોગવાળો અને આટલો, અલ્પજ્ઞવાળો, અલ્પદર્શીવાળો, અલ્પવીર્યવાળો, પુણ્યવાળો, પાપવાળો અને આવા સંયોગવાળો. પણ એટલો તો એ ક્ષણિક સંયોગનું હાલરડું છે. એટલું તો એક સમયના સંબંધવાળું છે. ત્રિકાળ સ્વભાવના સંબંધવાળું દ્રવ્ય. કાયમી સ્વભાવવાળો સ્વભાવવાન તે એકરૂપ ત્રિકાળ છે. સમજાય છે કાંઈ ? એવી પરમસ્વભાવની દૃષ્ટિ સત્યશ્રદ્ધામાં આવતા સમભાવ થઈ ગયો. એ અનંતાનુબંધીનો અભાવ થઈ ગયો. એ સમભાવ એ સંસારસાગરને તરવાનો ઉપાય છે. બાકી વિકલ્પ આવે એનો જાણનાર રહે છે. સમજાણું કાંઈ ?

જુઓ પાઠમાં છે ને ? **'भव-सायरि जो णाव'** એટલે ? – કે જે પુણ્ય-પાપ આદિનો ઉદયભાવ થાય, એનાથી તરવાનો (ઉપાય) પૂર્ણ સ્વભાવ, એક સમયમાં પૂર્ણ એકરૂપ સ્વભાવ (છું) એવી દૃષ્ટિ, એ તરફનો જુકાવ એ ઉદયભાવનો અભાવ કરવાને નાવ સમાન છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ આચાર્ય મહારાજ શું કહે છે ? જુઓને. આહા..હા...! સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. મહામુનિઓ દિગંબર મુનિ ધર્મના ધુરંધર થાંભલા ! કેવળજ્ઞાનના વજીર ! કેવળજ્ઞાનના ગણધર–દીવાન ! આમ કેવળજ્ઞાન તરવરે છે. એની મતિ-શ્રુત પર્યાયમાં કેવળજ્ઞાનનો પર્યાય પ્રતીતમાં (આવ્યો છે), અવયવીના અવયવમાં આખું કવળજ્ઞાન વર્તે છે અને આમ દૃષ્ટિમાં પૂર્ણ આ વર્તે છે. સમજાણું કાંઈ ? એ દૃષ્ટિમાં પૂર્ણ સ્વભાવ વર્તે છે. પ્રગટ જ્ઞાનનો અંશ એ પૂર્ણ જ્ઞાનનું સાધ્યપણું પ્રગટવું છે એવો અવયવીનો અંશ, એ અવયવીનો આવો મોક્ષ હોય એનું જ્ઞાન (વર્તે છે), કેવળ આવું હોય એનું જ્ઞાન વર્તે છે. એ બેને ભેગું કરી દેશે. વચ્ચે જે આંતરો છે એ સ્વભાવની એકાગ્રતા દ્વારા બે ભેગું થઈને કેવળજ્ઞાન પામી જશે. રાગ-ફાગ રહેશે નહિ. ઉદયને તારવાનો ઉપાય–નાવ આવો સમભાવ છે. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાવાર્થ :– **'જો અજ્ઞાની સબ જીવોંકો સમાન નહીં માનતા...'** એનો અર્થ જ કે એને વસ્તુ પૂર્ણ છે એની પોતાને પ્રતીત નથી. આ અલ્પજ્ઞ બહાર જણાય એટલો હું, સંયોગ હું, બાયડી હું, છોકરા હું, હું આવો થઈ ગયો... રાગ થઈ ગયો, હોં ! રાગ આવ્યો. બસ ! રાગ થઈ ગયો ? રાગ થઈ ગયો ? તારા સ્વરૂપમાં રાગરૂપ થઈ ગયો એમ જે જોવે છે એ પોતાનું પૂર્ણસ્વરૂપ છતું પડ્યું છે, ભગવાન મોજૂદ વિદ્યમાન પ્રગટ ચૈતન્ય સત્તાનું સત્ત્વ છે એને માનતો નથી.

એને જેણે માન્યું એ **'વીતરાગ નિર્વકલ્પસમાધિમેં સ્થિત હોકર...'** જુઓ ! વીતરાગનો અર્થ એ રાગ વર્તમાન હોવા છતાં એ રાગ જેટલો ન માન્યો એટલે ત્યાંથી દૃષ્ટિ ખસી ગઈ. અલ્પજ્ઞ જેટલો ન માન્યો એટલે ત્યાંથી દૃષ્ટિ ખસી ગઈ અને એ દૃષ્ટિ સ્વભાવ ઉપર આવી એટલે એનું નામ વીતરાગ નિર્વિકલ્પ શાંતિ. સમજાણું કાંઈ ? ભગવાન ચૈતન્યનું મહાધામ, 'જ્યાં ચૈતન્ય ત્યાં અનંતગુણ કેવળી બોલે એમ, એ પ્રગટ અનુભવ આપનો, નિર્મળ કરો છો પ્રેમ રે ચૈતન્યપ્રભુ, પ્રભુતા તારી રે ચૈતન્યધામમાં. પ્રભુતા તારી રે ધ્રુવના ધામમાં.' એ ધ્રુવધામની પૂર્ણની દૃષ્ટિ થઈ તો કહે છે કે અલ્પજ્ઞબુદ્ધિ ટળી, રાગબુદ્ધિ ટળી, પૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ એનું નામ વીતરાગ એનું નામ અભેદ શાંતિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

રાગ, વિકલ્પ હોવા છતાં એટલો હું નહિ, અલ્પજ્ઞ હોવા છતાં એટલો હું નહિ. એ દૃષ્ટિએ પરના માહાત્મ્ય છોડ્યા, એ દૃષ્ટિએ સ્વભાવના માહાત્મ્ય કર્યા એટલે રાગની એક્તા તૂટી, અલ્પજ્ઞતાની મહત્તા ગઈ અને સર્વજ્ઞ સ્વભાવ પૂર્ણની મહત્તા થઈ. આહા..હા...! એને અહીંયાં વીતરાગ નિર્વિકલ્પસમાધિ કહેવામાં આવે છે. એમાં **'સ્થિત હોકર સબકો સમાન દૃષ્ટિ સે નહીં દેખતા,...'** બધાને આવા પૂર્ણસ્વરૂપ, વસ્તુનું જે સ્વરૂપ પૂર્ણ છે એવી સંપદાવાળા ચૈતન્ય તત્ત્વને નથી માનતા, નથી શ્રદ્ધતા, નથી એના આચરણમાં એવો સમભાવ પ્રગટ કરતા. **'સકળ જ્ઞાયક પરમ નિર્મલ કેવલજ્ઞાનાદિ ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ એકસે હૈં,...'** દેખો ! કેવા જીવો છે બધા ? નહી દેખતા પછી કહેશે. નથી શ્રદ્ધતા એમ કરીને (કહે છે) **'ઉસકે સમભાવ નહીં ઉત્પન્ન હો સકતા.'** એમ છેલ્લો સરવળો છે.

આ રીતે, જે ભગવાન આત્મા આમ પૂર્ણ પૂર્ણ સ્વભાવ પ્રગટ... પ્રગટ... પ્રગટ... પ્રગટ... વિદ્યમાન છે, પૂર્ણ વસ્તુ છે એને એ રીતે રાગના અવલંબન વિના, વસ્તુના સ્વરૂપમાં જુકેલી દૃષ્ટિવાળી, રાગ વિનાની દૃષ્ટિ ને શાંતિની દૃષ્ટિમાં ઠરીને આ રીતે આત્માને અંતરમાં દેખતા, જોતા માનતા નથી અને **'સકળ જ્ઞાયક પરમ નિર્મલ કેવલજ્ઞાનાદિ ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ...'** બધા જીવો સકળ પરમ નિર્મળ કેવળજ્ઞાનાદિ, કેવળજ્ઞાન એટલે પર્યાયની વાત નથી, અંદર ગુણ. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળ વીર્ય પણ આવે છે, હોં ! તત્ત્વાર્થ સૂત્રમાં. કેવળવીર્ય–કેવળ એટલે એકલું વીર્ય, હોં ! એકલું વીર્ય .. પેલું પ્રગટેલું છે, અહીં પૂર્ણ છે.

**'ગુણોંકર નિશ્ચયનયસે સબ જીવ એકસે હૈં, ઐસી જીસકે શ્રદ્ધા નહીં હૈ,...'** અરે..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂર્ણ સંપદાનો ભરેલો પદાર્થ એનો જેને વિશ્વાસ નથી અને એક અલ્પજ્ઞ અને રાગ અને સંયોગનો જેને વિશ્વાસ છે એ બુદ્ધિ મિથ્યા છે. મહાન પ્રભુનો જેને વિશ્વાસ નથી, એક સમયમાં ભગવાન પૂરો કેવળજ્ઞાને અનંતગુણ સંપન્ન (છે)... **'એકસે હૈં, ઐસી જીસકે શ્રદ્ધા નહીં હૈ, ઉસકે સમભાવ નહીં ઉત્પન્ન હો સકતા.'** એને સમ્યગ્દર્શરૂપી ને અનંતાનુબંધીના અભાવરૂપી સમભાવ પ્રગટ થઈ શકતો નથી. આહા..હા...! સંતોની કથની તે કથની ! સંતો અંતરમાં... બહુ સ્પષ્ટ ! એમાં સ્પષ્ટ રહ્યું છે.

જુઓને ! એક સ્વભાવ કીધો ત્યાં શું કીધું ? આહા..હા...! વસ્તુ અનંત, સ્વભાવ બધાનો એક. એ જે જ્ઞાન ઝીલે, એ જે જ્ઞાનનો પર્યાય ઝીલે, એ પર્યાય વર્તમાન પરના લક્ષવાળી હતી એ સ્વમાં ચાલી જાય. સમજાય છે કાંઈ ? અનંત આત્માઓ આવા પરિપૂર્ણ. કેવળપર્યાય નહિ. કેવળજ્ઞાનની અનંતી પર્યાયોના એક સમુદાયરૂપ એક ગુણ, એવા પરિપૂર્ણ પર્યાયો પ્રગટ નહિ એવી અનંતી પર્યાયોનો એક ગુણ, એવા અનંત ગુણનું ભરેલું એકરૂપ સ્વરૂપ, એવો જેને સ્વભાવ દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યો, એ જ્ઞાન અને દૃષ્ટિ પર્યાય ને વિકલ્પ તરફના લક્ષ્યને છોડી દે છે. એ દૃષ્ટિ સ્વભાવ તરફ જુકી જાય છે ત્યારે તેને સમભાવ થાય છે. એ સમભાવ અનંતાનુબંધના અભાવનો અને મિથ્યાભ્રાંતિના નાશનો સમભાવ. એ સમભાવ ક્રમે ક્રમે કેવળજ્ઞાનને લાવે છે. સમજાણું કાંઈ ?

**'ઉસકે સમભાવ નહીં ઉત્પન્ન હો સકતા.'** જુઓ ! સમભાવ છે તો ખરો. સ્વભાવમાં સમભાવ જ છે, પૂર્ણ ભાવ જ છે. પણ જે આ રીતે પૂર્ણને નથી માનતા, સ્વ ને પરની પૂર્ણતાની અસ્તિ સત્તા સત્ પૂર્ણ છે, અનંત અનંત છે એવું જે માનતા નથી તેને સમભાવ થતો નથી. આહા..હા...! અનંતાનુબંધી જે મિથ્યાત્વ સાથે અનંતગુણ હતો એ છૂટી ગયો. મહાન પ્રભુ ! એવી દૃષ્ટિ મહાન અનંત આત્માઓનો વિશ્વાસ.. વિશ્વાસ...

**'ઐસા નિઃસંદેહ જાનો.'** છે ને ? આહા..હા...! બીજી રીતે કહે છે કે પૂર્ણ સ્વભાવ જેની દૃષ્ટિમાં, વિશ્વાસમાં નથી આવતો એને વર્તમાન પર્યાયમાં સમભાવ પ્રગટ થતો નથી. પૂર્ણ સ્વભાવ, પૂર્ણ સ્વભાવ, વસ્તુ સ્વભાવ, અખંડ સ્વભાવ, એકરૂપ સ્વભાવ એ જે શ્રદ્ધામાં લેતો નથી એને પર્યાયમાં સમભાવ પ્રગટ થતો નથી.

**શ્રોતા :–** જ્ઞાનીને જ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને જ હોય ને. એ માટે તો વાત કરે છે. એથી જ્ઞાની પણ આ રીતે જ્ઞાન, આમ જ્ઞાની.. જ્ઞાની એમ નહિ. જ્ઞાનની પર્યાયમાં આ પૂર્ણ સ્વભાવ, અલ્પજ્ઞ વિદ્યમાન પ્રગટપણે હોવા છતાં રાગ ને વિકલ્પપણે વર્તમાન વિભાવપણે હોવા છતાં, સંયોગના નિમિત્તપણાના સંબંધમાં એકરૂપ આમ દેખાવા છતાં જે જ્ઞાન પૂર્ણ સ્વભાવને જીલે છે એવા પૂર્ણ સ્વભાવવાળા બધા ભગવાન છે એની દૃષ્ટિ અંતરમાં જઈને સમભાવ પ્રગટ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ऐसा निःसंदेह जानो.'** જુઓ ! આચાર્ય શું કહે છે ? નિઃસંદેહ જાણો, નિઃસંદેહ જાણો. નિઃશંક થઈ જાઓ. સમકિતીને પહેલું નિઃશંક અંગ છે ને ? નિર્ભય અને નિઃશંકપણું. આવો નિઃશંકભાવ થઈ ગયો. દૃષ્ટિ પૂર્ણ છે. બધા ભગવાન આત્માઓ પૂર્ણ છે. એક સમયનો પર્યાય તે એક સમયના સમ્યગ્દર્શન ને જ્ઞાન દ્વારા ટાળી શકશે. કોઈ સમયે પૂર્ણ થશે એમ એની માન્યતા હોય છે. એ નીચે (૧૦૬ ગાથામાં) કહેશે. **'किसी समयको पाकर उन कर्मोंसे जुदा हो जाता है.'** એ પછી કહેશે. ૧૦૬.

**'कैसा है समभाव, जो संसार समुद्रसे तारने के लिये जहाज के समान है.'** જે ઉદયભાવ, વિકૃતભાવ, અસિદ્ધભાવ (છે)... ઉદયભાવ કહો કે અસિદ્ધભાવ કહો, છેક ચૌદમા સુધી અસિદ્ધ છે ને ! એ અસિદ્ધભાવ એવો ઉદયભાવ, એને આ સ્વભાવની પરિપૂર્ણતાની દૃષ્ટિ અને જ્ઞાન (કરી) એવો જે સમભાવ (થયો), એ અસિદ્ધભાવનો અભાવ કરવાને અને સિદ્ધભાવની પ્રાપ્તિ કરવાનો એ એક જ ઉપાય છે. એટલે બીજી રીતે કહીએ તો અસિદ્ધનો વ્યય થયો અને સિદ્ધપર્યાયનો ઉત્પાદ થયો. અસિદ્ધ એવો સંસારભાવ, અસિદ્ધ એવો ઉદયભાવ-સંસારભાવ એને તરવાનો આ એક જ ઉપાય છે. સમજાણું કાંઈ ? આ તો ધ્યાન રાખે તો સમજાય એવું છે '...ભાઈ'! આ વાર્તા-બાર્તા નથી. વળી દાખલો એકાદ આવ્યો. થોડું-ઘણું પીપરનું આવ્યું. અહીં તો હીરાના ને એક બે દાખલા આવ્યા હતા. આવે તો આવી જાય, એ કાંઈ...

એક દાખલો આપ્યો હતો, 'અનુભવપ્રકાશ' હોં ! એક શેઠિયો હતો એ બહાર શાક લેવા ગયો. ઘરે પાંચ છોકરા છે, એ સાથે નથી. સાથે નથી એટલે એમ કહે કે છોકરા મારે નથી. એમ કહે ? આવે છે ને દાખલો ? કેટલા દીકરા છે ? કહે, પાંચ. પણ અહીં એકેય નથીને ? ભેગા નથી એટલે પણ શું ? દાખલો આપ્યો હતો. 'દીપચંદજી'એ બહુ 'અનુભવપ્રકાશ'માં (લખ્યું છે). શેઠીયો બહાર ગયો. એકલો છે, સાદા લુગડા અને પાંચ રૂપિયા લઈને શાક લેવા ગયો. છોકરા કેટલા છે ? પાંચ. નથીને અહીં ? એ છતાંને અછતા કહું ? છતાને અછતા કહું ? સમજાણું ? છે એને નથી કહું ? સાથે નથી એટલે શું ? એમ પ્રગટ પર્યાયમાં અલ્પતા છે, આખી સંપદા પડી છે, છતાને અણછતી કહું ? 'દેવચંદજી'! એ દૃષ્ટાંત આપ્યું છે, હોં ! આચાર્યોએ પંડિતોએ દૃષ્ટાંત દીધેલા છે એ ... છે. સમજાણું કાંઈ ? સમજ મેં આયા કી નહિ ? દસ પુત્ર અહીંયા સાથે છે ? નથી. એક 'ધન્યકુમાર' છે. ત્યાં એમ કહે કે નહિ, મારે દસ છોકરા નથી. છતાને અછતો કોણ કહે ? વિદ્યમાનને અવિદ્યમાન કોણ કહે ?

એમ, ભગવાન આત્મા પર્યાયમાં અલ્પજ્ઞતા હોવાથી એટલો જ હું બહારમાં આવ્યો માટે એટલો જ છું એમ છે નહિ. અરે..! છતો વિદ્યમાન ભગવાન આત્મા. એવા વિદ્યમાન સત્‌ને અસત્‌ કેમ કહેવાય ? એવો વિદ્યમાન મહાન પ્રભુ, એવા વિદ્યમાનનો નકાર કેમ થાય ? 'ધર્મચંદજી'! આ ભગવાનની કથા છે. સમજાય છે કાંઈ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પૂર્ણ સ્વભાવ ઉપર દૃષ્ટિ લઈ જાય અને સ્થિરતા ત્યાં થાય. એ વીતરાગને કહેવું છે. બધી લાખ વાત કરી હોય તો પણ બધું આ કહેવું છે. એ જો ન સમજે.. આ રાગ કરવા જેવો છે એમ કહેવું છે એને ? એની તો આમ ઉપેક્ષા કરાવી અને અહીં અપેક્ષા કરાવવી. એક જ વાત, પૂર્ણાનંદ પ્રભુમાં જા. અલ્પજ્ઞ, રાગ અને નિમિત્તની ઉપેક્ષા કર. એ ઉપેક્ષા કર્યા વિના તને અંતરના સ્વભાવની દૃષ્ટિ પ્રગટશે નહિ. એ નહિ પ્રગટે તો સમભાવ થશે નહિ. કહો, સમજાય છે કાંઈ ? કાંઈ સમજાય છે આમાં ? 'નટુભાઈ'! આ વકીલાતમાં સમજાય છે કે નહિ આ ? આ ભગવાનની વકિલાત છે. આહા..હા...!

**'કૈસા હૈ સમભાવ,...'** એકરૂપને માન્યો એને એકરૂપ સમભાવ થાય. વિષમરૂપ માને એને વિષમતા ટળતી નથી. આહા..હા...! કોણ દુશ્મન છે ? ક્યાં છે એ ? સમજાણું ? કોણ નિંદા કરનાર છે ? કોણ પ્રશંસા કરનાર છે ? છે ક્યાં ? એ તો એને વર્તમાન વિકલ્પવાળો તારે આત્માને માનવો છે ? કે આસ્રવવાળો માનવો છે ? અને શરીરના સંયોગે વાણી બોલી એ વાણીવાળો માનવો છે ? એ તો અજીવ છે. ભગવાન આત્મા ! બુદ્ધિ ઓછી છે. બુદ્ધિ ઓછીવાળો એ દ્રવ્યને માનવું છે ? પોતાની અલ્પબુદ્ધિમાં પણ આખો સ્વીકાર જ્યાં વિદ્યમાનમાં છે (ત્યાં) બધા ભગવાન એવા છે, એવો સમભાવ (પ્રગટે છે). કેવો છે ?

**'ઐસા વ્યાખ્યાન જાનકર રાગ-દ્વેષ-મોહકો તજકર...'** એટલે કે અપૂર્ણ ને સંયોગનો આશ્રયનો વિશ્વાસ છોડી દઈને **'પરમશાંતભાવરૂપ શુદ્ધાત્મામેં લીન હોના યોગ્ય હૈ.'** ભગવાન પૂર્ણસ્વભાવ, એની અંતરની વિશ્વાસની દૃષ્ટિએ પરિણમવું અને શાંતિની દૃષ્ટિએ સ્થિર થવું એ આ વ્યાખ્યાનનો સાર–તાત્પર્ય છે. કહો, સમજાણું આમાં ? ૧૦૬ (ગાથા).

**जीवहँ भेउ जि कम्म-किउ कम्मु वि जीउ ण होइ।**
**जेण विभिण्णउ होइ तहँ कालु लहेविणु कोई।।१०६।।**

**'આગે જીવોંમેં જો ભેદ હૈ, વહ સબ કર્મજનિત હૈ,...'** અર્થાત્ એ વિકાર, એ નિમિત્ત બધું એક જાતનું આમ ભેદવાળું છે, તે સ્વરૂપમાં નથી.

**શ્રોતા :–** કર્મે ઉત્પન્ન છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કર્મે ઉત્પન્નનો અર્થ જ એ. સ્વભાવથી ઉત્પન્ન થયેલો વિકાર નથી અને વિકારથી ઉત્પન્ન થયેલો આ સ્વભાવ અંદરમાં છે એ નથી. વિકાર અને કર્મ એ બધા નિમિત્ત-નિમિત્ત સંબંધે ઉત્પન્ન થયેલા ભેદ દેખાય છે, વસ્તુમાં એ ભેદ છે નહિ, એમ બતાવવું છે. સ્વભાવથી થયેલો એ બધો અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા, વિકારતા નથી. એ કર્મના લક્ષે થયેલી અલ્પજ્ઞતા, અલ્પદર્શિતા તારા કારણે થયેલી એ બધો ભાવ કર્મજન્ય કહેવામાં આવે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'જીવોંમે...' 'જીવાનાં' 'જીવોંમેં નર-નારકાદિ ભેદ...'** આ મનુષ્ય દેખાય, આ નારકી દેખાય, આ પશુ દેખાય, જીવાત નાની દેખાય, કંથવો દેખાય, કીડી દેખાય, આમ હાથી દેખાય, શરીર, એની પર્યાયની વર્તમાન યોગ્યતા (દેખાય) એ **'કર્મોંસે કિયા ગયા હૈ,...'** કર્મકૃત છે, એ સ્વભાવકૃત નહિ. સ્વભાવકૃત નહિ માટે કર્મકૃત છે. એના આશ્રયથી એનું છે એમ. એક જ સારડો બધો, એના ઘરનો, આત્માના ઘરનો નહિ.

**'ઔર કર્મ ભી જીવ નહિ હો સકતા...'** આ સિદ્ધાંત કહેવો છે. કર્મના સંગે પડેલા ભેદો એ અજીવના સંગે જીવમાં ભેદ પડેલો એ કર્મ જીવ હોઈ શકે નહિ. માટે તેના ભેદો જીવનું સ્વરૂપ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? **'નર-નારકાદિ ભેદ...' 'कर्मकृत एव'** એ સ્વભાવ જીવકૃત નથી એમ લેવું છે. સ્વભાવ જીવકૃત નથી. તેથી તે વિભાવ બધા ભેદો કર્મકૃત છે. એ તો 'સમયસાર'માં પણ આવે છે ને ? બધું પુદ્ગલના જ પરિણામ છે.

ત્યાં ૭૫ (ગાથામાં) તો દૃષ્ટાંત ત્યાં સુધી દીધો છે કે જેમ ઘડો માટીથી થયો છે, એ ઘડાનું વ્યાપ્ય ઘડો અને માટી વ્યાપક એમ ભગવાન આત્મા સ્વભાવ વ્યાપક અને તેની નિર્મળ પર્યાય વ્યાપ્ય, પણ વિકારી પર્યાય અને કર્મ એ કર્મ વ્યાપક અને વિકારીપર્યાય વ્યાપ્ય છે. બે ભાગલા પાડી દીધા છે. કર્તા-કર્મ (અધિકારની) ૭૫ (ગાથામાં). માટીથી ઉત્પન્ન થયેલો ઘડો છે, કુંભારથી નહિ. એમ, વિકૃતભાવ જીવ સ્વભાવથી નહિ, એ વિકૃતભાવ કર્મના કારણે ઉત્પન્ન થયેલો છે. એમ કરીને બે ભાગલા પાડી દીધા. આસ્રવ, બંધ અને અજીવ એક બાજુ નાખી દઈને જીવસ્વભાવમાં સંવર-નિર્જરા-મોક્ષ પ્રગટ થયો એ સ્વભાવનું કાર્ય છે, સ્વભાવની દૃષ્ટિમાં, સ્વભાવના ધ્યેયે સ્વભાવમાંથી તો આ કાર્ય આવે છે, એમ કરીને સંવર-નિર્જરા-મોક્ષની પર્યાયનું કર્મ એ જીવનું છે. આસ્રવ, બંધ એ અજીવનું કાર્ય છે. એટલે બે ભાગલા પાડી દઈને સાતમાંથી બે ભેદજ્ઞાન કરાવ્યું છે. સમજાણું કાંઈ ? એ ૭૫ ગાથાનો દાખલો છે.

**'કર્મ જીવ નહીં હો સકતા...'** ભગવાન ! કર્મ અજીવ છે અને ભાવકર્મ પણ અજીવ છે. ભાવકર્મ અજીવ છે. અજીવનો અર્થ અચતેન છે. અચેતનનો અર્થ એ ચૈતન્યના પ્રકાશના તેજ એમાં આવ્યા નથી. ભગવાન નૂર ચૈતન્ય સર્વજ્ઞપ્રકાશનું કિરણ એનો એક કિરણનો અંશ નથી આવ્યો. અનંત કિરણનો પીંડ પ્રભુ ! એ દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધના વિકલ્પમાં એ ચૈતન્યના પ્રકાશનો અંશ નથી માટે તેને અચેતન કહે છે. એ અચેતન, જડ અચેતન, કર્મ અચેતન એ બધું એક જાતનું છે. ભગવાન ! એ અજીવ કર્મ અને ભાવકર્મ એ કંઈ જીવ હોઈ શકે ? આહા..હા...! આસ્રવ એ જીવ હોઈ શકે ? અજીવ એ જીવ હોઈ શકે ? ભાવબંધ એ અબંધ સ્વરૂપ ચૈતન્ય ભગવાન હોઈ શકે ? સમજાણું કાંઈ ? એક સમયનો અટકેલો ભાવબંધ, ભગવાન ! એ અબંધસ્વરૂપી દ્રવ્ય થઈ શકે ? અજીવ કર્મ તે જીવ કેમ થાય ? ભગવાન ! આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'ક્યોંકિ વહ જીવ કિસી સમય કો પાકર...'** શું કહે છે ? એ જ જીવ લબ્ધકાળ, ધર્મના લબ્ધકાળને પામીને ધર્મલબ્ધિકાળ 'જયસેનાચાર્ય'માં પાઠ છે. ધર્મલબ્ધિકાળ. 'જયસેનાચાર્ય'ની ટીકામાં 'સમયસાર'માં છે. ધર્મલબ્ધિકાળ. ધર્મલબ્ધિ એટલે વસ્તુ છે એની લબ્ધિકાળમાં એ પરમાત્મા છું એવી પ્રતીત કરીને પરમાત્મા થઈ જશે. માટે અજીવપણું દેખીને અજીવ જીવ થઈ ગયો છે, એમ નહિ જો. અજીવ થઈ ગયો હોય તો એ જીવ પર્યાય કાળે જ્યાં પરમાત્મા થશે એ ક્યાંથી આવશે ? આસ્રવપણે અને અજીવપણે જીવ થયો હોય તો જીવના સ્વભાવનો ધર્મકાળની દૃષ્ટિ પામીને પૂર્ણ પરમાત્મા થાય એ પરમાત્માપણું આ વિકાર અને અજીવ-જીવ થઈ ગયો હોય તો જીવપણાની પરિણતિની પર્યાય આવી ક્યાંથી ? જીવના સ્વભાવમાંથી આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જીવ નહિ હો સકતા. ક્યોંકિ કિસી સમયકો...'** સમજ્યાને ? એ કહેશે, સહકારી કારણ છે ને ? કાળ છે એ સહકારી નિમિત્ત છે. કર્તા, કર્મ, કરણ આદિ ઉપાદાન પોતાનું શુદ્ધ છે અને કાળ તો નિમિત્ત છે. એથી ટીકામાં કહેશે, કાળ સમયને પામી **'ઉન કર્મોંસે જુદા હો જાતા હૈ.'** કેમ કે જીવસ્વભાવ એ રૂપે થયો નથી. વિકાર ને અલ્પજ્ઞપણે અને એ સંયોગપણે જીવસ્વભાવ થયો નથી. તો જીવસ્વભાવકાળે પૂર્ણ થઈ જશે. જો એ રૂપે થયો હોય તો એનો અભાવ કરી શકે નહિ. સમજાણું કાંઈ ? **'ઉન કર્મોંસે જુદા હો સકતા હૈ.'** એનો ભાવાર્થ આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**બાળકથી માંડીને વૃદ્ધને સર્વને એટલે કે અજ્ઞાનીને સદા સ્વયં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ અનુભવમાં આવે છે. વર્તમાન જ્ઞાનની જે વર્તમાન અવસ્થા છે, અજ્ઞાનીને પણ વિકાસરૂપ જે ભાવેન્દ્રિયની ખંડખંડ જ્ઞાનરૂપ પર્યા છે તેમાં આત્મા જ અનુભવમાં આવે છે, કેમ કે તે પર્યાયમાં સ્વપરપ્રકાશક તાકાત છે, તેથી તેમાં સ્વજ્ઞેય જ જાણવામાં આવે છે. બાળકથી માંડીને વૃદ્ધને સર્વને, જ્ઞાનની વર્તમાન પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક હોવાથી, અજ્ઞાનીને પણ તેની જ્ઞાનની પર્યાયમાં આત્મા જ અનુભવમાં આવે છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સર્વને સદાકાળ સ્વયં અનુભવમાં આવે છે. પર્યાયમાં આત્મા જ ખ્યાલમાં આવે છે. પરમાત્મા ફરમાવે છે કે પ્રભુ ! તારા જ્ઞાનની પર્યાયમાં સદાય સ્વયં આત્મા પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પ્રગટ દશામાં સર્વને ભગવાન આત્મા અનુભવમાં આવે છે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૧૦૫)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી પરમાત્મપ્રકાશ, ગાથા–૧૨૧, પ્રવચન નં. ૭૬
## તા. ૧૫-૧૨-૧૯૬૫
## [૧૫]

'પરમાત્મપ્રકાશ' ૧૨૧ ગાથા. આજ 'કુંદકુંદઆચાર્ય'નો આચાર્ય પદ આરોહણનો દિવસ (છે). શાસ્ત્રની પોષ વદ ૮. આપણે આ માગશર વદ ૮. 'કુંદકુંદાચાર્ય મહારાજ' એ વખતે જૈનશાસનના મોટા સૂર્ય હતા. આચાર્યપદને લાયક તે આચાર્યપદ એ કોઈનું દીધુ અપાતું નથી. એવી લાયકાત લઈને આવેલા. એમનો એક શબ્દ સવારમાં યાદ આવ્યો હતો. '**सव्व सिद्धे**' સમજાણું ?

'કુંદકુદાચાર્ય' કહે છે કે સર્વ સિદ્ધને એટલે અનંત સર્વજ્ઞદેવને હું મારા જ્ઞાનની પર્યાયમાં સ્થાપું છું અને શ્રોતાઓના પર્યાયમાં અનંત સિદ્ધને અનંત સર્વજ્ઞને (સ્થાપુ છું). સમજાણું ? એમ કહીને એમણે એટલું એટલું એમાં કહ્યું છે કે જેને જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞપદને સ્થાપ્યા એ તો જાણનાર-દેખનાર જ રહેશે. એને રાગનું કામ સોંપવું કે પરના કાર્ય સોંપવા એ સર્વજ્ઞ પર્યાય જેના જ્ઞાનમાં બેઠી એને એ કામ ન હોય, એને સોંપાય નહિ. સમજાણું કાંઈ ?

સર્વજ્ઞપર્યાય એ અનંતા છે. એ તો એક જ સર્વજ્ઞ હો કે અનંત સર્વજ્ઞ બધી એક જ વાત છે. કારણ કે એક સર્વજ્ઞની પર્યાયમાં પણ અનંત સર્વજ્ઞ જણાય ગયેલા છે. એટલે અનંત સિદ્ધને સ્થાપતા એણે અનંત સર્વજ્ઞપણું એક સમયમાં અનંત સિદ્ધને જાણે અને લોકાલોકને જાણે એવો પર્યાય, એવો પર્યાય જેના જ્ઞાનની વર્તમાન પ્રગટ દશામાં સ્થાપ્યો એનો અર્થ છે કે એનું લક્ષ્ય જ્ઞાયક ઉપર જાય છે અને એ વર્તમાન સર્વજ્ઞને પર્યાયમાં સ્થાપતા એ જ્ઞાતા-દૃષ્ટાપણે તું થા અમે એમાં 'સમયસાર' તને કહીશું. આહા..હા...! 'સમયસાર'માં એ જ જ્ઞાત–દૃષ્ટાપણું, જ્ઞાયકભાવપણું કહેશું. સમજાણું કાંઈ ?

જે સમયે રાગ થાય તે સમયે પણ પોતે એને સ્વના લક્ષે જાણનાર (રહીને) એ પરને જાણવાનું જ કામ કરે છે. સમજાણું કાંઈ ? એ જાણવાના કામમાં પાંચે ભાવ સાથે આવી જાય છે. સર્વજ્ઞે જેમ જોયા છે કે પુરુષાર્થથી જેણે નિયત જે સમયે પ્રગટ થવાની પર્યાય એ સમયે પુરુષાર્થ, એ સમયે સ્વભાવ, એ સમયે નિયત તે કાળ અને એ સમયે તે ભાવ. એમ જે સર્વજ્ઞ ભગવાને બીજા જીવના એક સમયના ધર્મ પુરુષાર્થવાળાના કાર્યમાં પાંચ (સમવાય) સાથે જોયા છે. સમજાણું કાંઈ ?

એમ સર્વજ્ઞની પર્યાય જેના જ્ઞાનમાં બેઠી છે એ પણ એક જ સમયમાં જ્ઞાનસ્વભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, પુરુષાર્થ જ્ઞાતાપણાનો થાય છે, તે કાળે તે પ્રકારના કર્મના ઉદયનું નિમિત્તપણું પણ દર્શનમોહની એટલી યોગ્યતાવાળું, ચારિત્રમોહના ઉદયનો પણ અભાવ છે, એ સમયે તે કાળે, તે પ્રગટવાની પર્યાય પ્રગટે છે અને એ જ પ્રકારનો ત્યાં ભાવ છે. સમજાણું કાંઈ ? આ તો સવારમાં ઊઠતા જરી એમ થયું કે આ અનિયત માનનાર સર્વજ્ઞને નથી માનતા, એમ વાત છે. પંડિતજીને પૂછ્યું પણ એ બહુ કાંઈ... અનિયત માનનાર અલ્પજ્ઞ જ માને છે એનો અર્થ એ છે. સમજાણું કાંઈ ? અનિયત માનનાર, આ જ્ઞાયકપણાને સ્થાપ્યા છે ને પર્યાયમાં ? એ સર્વજ્ઞસ્વભાવી અને પર્યાયમાં સર્વજ્ઞપણું એ પણ માનતા નથી એમ વાત છે. સમજાણું કાંઈ ? થોડી જીણી વાત છે.

જેને જ્ઞાનમાં સર્વજ્ઞ કેવળજ્ઞાન બેઠું... એક વાત એ વખતે યાદ આવી હતી ઘણા વર્ષ પહેલા (સંવત) ૧૯૭૬ની સાલની વાત છે. એક કોઈ 'જોબાળા', 'જોબાળા' છે ને તમારું ? દેવનું. 'જોબાળા' ગયા હતા ત્યારે હતાને ભાઈ ! 'ઉજમશીભાઈ' રોચકાવાળા, 'ઉજમશી' રોચકાવાળા એ ત્યાં આવેલા. ... બરાબર અહીંયાં આવીને જ્યાં બેઠા છે ત્યાં આવ્યા એ. અને એમ એને કહ્યું કે જુઓ ! ભાઈ ! શાસ્ત્રમાં એક લેખ છે. 'ઉત્તરાધ્યયન' નો ૧૧મો. '...'

જેમ જંબુદ્વીપમાં એક અનાદિ-શાશ્વત જંબુ નામનું વૃક્ષ છે. છે ને ? જંબુવૃક્ષ. એમાં એક આણાધ્યસ દેવ નામનો વાસ છે. વારાફરતી દેવ રહ્યા પણ એક આણાધ્યસ એનું નામ હતું. 'ઉત્તરાધ્યયન'માં અગિયારમાં આવે છે. એમ કીધું સમ્યગ્જ્ઞાનીના જ્ઞાનમાં જિન એના જ્ઞાનમાં વસેલા હોય છે. ભાઈ ! સમજાણું કાંઈ ? અને પેલા દેવનું નામ પણ આણાધ્યસ છે કે નહિ ? નામ પણ આણાધ્યસ. આમાં જે આવતું હોય તે ખરું પણ એમાં એ છે. આણાધ્યસ. એમાં પછી કાઢ્યું હતું. એ તે દિ' ૧૯૭૬ની વાત છે. 'જોબાળા' ગયા, બેઠા અને પેલો આવ્યો એને આ વાત કરી. જુઓ ભાઈ ! આમ છે, હોં ! એ કેટલામું છે ? ૧૧-૧૧. જુઓ ! અહીં. ૨૭ મી એક બહુશ્રુતની ગાથા છે. બહુશ્રુત એટલે જ્ઞાની. એ જ્ઞાનીના જ્ઞાનમાં સર્વજ્ઞ બેઠા છે. '....' આ તો બધું આવડતું હતુ કે નહીં ? એ..ઇ..! એના શેઠિયાનું છે ને ! ...ઝાડમાં પ્રધાન ઝાડ. ઝાડમાં પ્રધાન ... એટલે ઝાડ પ્રધાન. જંબુ નામ ... એ જંબુવૃક્ષ છે. આ જંબુદ્વીપ છે ને એનું એ શાશ્વત વૃક્ષ છે. એનું બીજું નામ સુદૌશણા છે. એ ઝાડનું નામ પણ બીજું નામ સુદૌશણા. આમાં બે નામ છે. આમાં હોય ખરું. સમજાણું ? તેમાં અણાધ્યસ નામનું, અણાધ્યસ એ નામનો એમાં દેવ વસે છે. .... એમ હોય બહુશ્રુતી, એવો એક શબ્દ છે. તે દિ' પછી (કાઢ્યું હતું). જ્યાં જ્ઞાનસ્વરૂપી ભાવ પ્રગટ્યો છે એવા બહુશ્રુત. ત્યાં તો બહુશ્રુત શબ્દ છે ને ? એ બહુશ્રુતીના જ્ઞાનની પર્યાયમાં આણાધ્યાસ. સર્વજ્ઞની આજ્ઞા એટલે સર્વજ્ઞ વસ્યા છે. 'જુગરાજજી'! આ તો ૧૯૭૬ની વાત છે. કેટલા વર્ષ થયા ? ૪૬ થયા. ૪૬. વિહાર કરીને ગયા, હેઠે 'મૂળચંદજી' આવ્યા. કીધું, બાપૂ ! માર્ગ એવી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કોઈ શૈલી છે કે જ્ઞાનીના જ્ઞાનમાં તીર્થંકર વસે છે. તે દિ' તો એમ કહ્યું હતું, ભાઈ ! આહા..હા...! સમજાણું કાંઈ ? એને બહુશ્રુત લખનારને તો ખબર પણ નહિ હોય.

અહીંયાં કહ્યું કે સાંભળનારના અને કહેનારના જ્ઞાનમાં અમે સર્વજ્ઞને સ્થાપીએ છીએ. કહેનાર કહે છે કે સર્વજ્ઞ અમારા જ્ઞાનમાં બિરાજે છે, હોં ! આહા..હા...! એથી આ વાત બધી હવે નીકળશે. એમ 'કુંદકુદાચાર્યમહારાજ'! દિગંબર સંત મહામુનિ અને અંતરજ્ઞાનની દશામાં અમે અનંત સર્વજ્ઞને સ્થાપ્યા છે. હવે એ વાણી બધી નીકળશે સર્વજ્ઞે જેવી જાણી, માની, અનુભવી એવી જ વાણી નીકળશે. આહા..હા...! સમજાણું કાંઈ ?

અહીંયાં 'કુંદકુંદાચાર્ય મહારાજ' તો ગજબ વાત કરે છે ! અરે..! આત્મા ! અમે અનંત અનંત એક સર્વજ્ઞ કહો, અનંત કહો બધુ એક જ છે. કારણ કે એક સર્વજ્ઞની પર્યાયમાં અનંત સર્વજ્ઞ જણાય ગયા છે. સમજાય છે કાંઈ ? એટલે કે અનંત સર્વજ્ઞને પર્યાયમાં અમે સ્થાપ્યા છે. આહા..હા...! હવે અમારે રાગનો અને નિમિત્તનો આદર ન હોઈ શકે. સમજાય છે કાંઈ ? એ રાગ થાય તેનો આદર ન હોય, થાય તેનું અહીં જ્ઞાન હોય. કેવી શૈલીએ સ્થાપે છે ! ઓહો..હો...! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ચારેકોર જુઓ તો એક જ વસ્તુ સિદ્ધ થઈ જાય છે. સમજાણું કાંઈ ?

કહે છે કે અમે તો સર્વજ્ઞને અમારી દશામાં સ્થાપ્યા છે, હોં ! હવે આ શાસ્ત્રનો લખવાનો, બોલવાનો વિકલ્પ ઊઠ્યો છે એ પણ વિકલ્પને સર્વજ્ઞ જેમ કરતા નથી એમ અમે પણ કરતા નથી, હોં ! આહા..હા...! જ્યારે કર્તા નથી તો છો શું ? અમે તો એના જાણનાર છીએ, હોં ! અમારા જ્ઞાનમાં સર્વજ્ઞ સ્થપાયેલા છે. એમાં રાગનું કર્તૃત્વ અને સંયોગનું મેળવવું, સંયોગનું હટાડવું એ સર્વજ્ઞના જ્ઞાનમાં નથી. સર્વજ્ઞ જ્ઞાનમાં સ્થિત-વ્યવસ્થિત છે બધું. આહા..હા...! સમજાણું કાંઈ ? ઓ..હો..હો...! માંગલિક કરીને તો ગજબ કર્યો છે !

આચાર્ય તે આચાર્ય ! 'કુંદકુંદાચાર્ય' ભગવાન તુલ્ય એને કહ્યા. સમજાણું કાંઈ ? પોતે ભગવાન તુલ્ય. પછી અર્થમાં કહ્યું ને કે એ શુદ્ધ આત્મા સાધ્ય છે સિદ્ધને.. એમ આત્માના જ્ઞાનમાં શુદ્ધાત્મા સાધ્ય છે. પૂર્ણ સર્વજ્ઞ પ્રગટ કરવું છે. અલ્પજ્ઞમાં અને આમાં રહેવું નથી. સમજાણું કાંઈ ? એટલે જ્યાં એક સમયમાં... અને શ્રોતાને કહે છે કે ભાઈ ! તમારી પર્યાયમાં અમે અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ, હોં ! બેસાડીએ છીએ. હવે સર્વજ્ઞ જેમ રાગ થાય અને જાણે એમ તમારાથી પણ રાગ થાય એને જાણવાની વાત અમે કહેશું એમાં એ આવશે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ સાંભળવાનો જે વિકલ્પ આવે એનો પણ કહે છે કે તું કર્તા ન થાય ત્યારે સર્વજ્ઞને સ્થાપ્યા કહેવાય. આહા..હા...! સર્વજ્ઞ રાગના માલિક છે ? સંસારના માલિક છે ? જાણે છે બધું પણ માલિક છે પરના ? એમ જેણે જ્ઞાનની પર્યાયમાં સર્વજ્ઞપણું સ્થાપ્યું. ઓ..હો...! એને અનિયત એવું કાંઈ છે જ નહિ. આહા..હા...!

જેમ થાય છે તેમ થાય છે. એ રાગ પણ થાય છે, નિમિત્ત પણ હોય છે, નિમિત્ત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દૂર હટી જાય એમ જે વ્યવસ્થા જેમ થાય તેને શ્રોતાને કહે છે કે તું જાણનાર રહેજે. 'પ્રવીણભાઈ'! કારણ કે અમારે આખો આત્મા જ્ઞાયકસ્વરૂપ છે એમ સિદ્ધ કરવો છે અને જ્ઞાયકસ્વરૂપ સિદ્ધ કરતા પર્યાયમાં જ્ઞાતાપણું-દૃષ્ટાપણું જ આવે, બીજું આવતું નથી. સમજાણું કાંઈ ? અને જ્ઞાતાપણાના ભાવમાં પાંચે સમવાય આવી જાય છે. ભગવાને જેમ કેવળજ્ઞાનમાં બીજા જીવના સમ્યગ્દર્શન, જ્ઞાનના કાળમાં જે પુરુષાર્થ આદિ પાંચે સમવાય જોયા, એમ જ્ઞાનીને તે સમયમાં તે પ્રકારનો સ્વભાવ, તે પ્રકારનો પુરુષાર્થ, તે પ્રકારનું ભવિતવ્ય એટલે ભાવ અને તે પ્રકારનો કાળ. અને તે પ્રકારે ત્યાં કર્મનો અભાવ સંગમાં વર્તે છે એવું પાંચેય સમવાયનું જ્ઞાન પણ તેને જેવું ભગવાન જુએ છે તેવું આ જુએ ત્યારે સર્વજ્ઞને સ્થાપ્યા કહેવામાં આવે છે. આહા..હા...! 'વજુભાઈ'! સમજાય છે આમાં ?

ધર્મીજીવના એક સમયનો જે પુરુષાર્થ સ્વભાવ ચાલે છે, કાળ તો તે જ છે, પુરુષાર્થ પણ ચાલે છે, સ્વભાવ જ્ઞાયક છે, ભાવ એ જ છે પ્રગટવાનો તે પર્યાયનો અને પરનો - એવું ભગવાનના જ્ઞાનમાં આ સાધકજીવના એક સમયના પાંચ બોલો એ સમયે જાણવામાં આવ્યા છે. બરાબર છે ? શું કીધું ? એકલું નહિ, ભગવાને એના પાંચે જોયા છે. એટલે પાંચે જેવા જોયા એવા સર્વજ્ઞને પર્યાયમાં સ્થાપ્યા એ પણ પાંચે એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ ?

જેમ સર્વજ્ઞને કાંઈ ફેરફાર કરવો નથી. સમજાણું કાંઈ ? એમ સર્વજ્ઞની પર્યાય જ્યાં સ્થાપી ત્યાં જ્ઞાતા-દૃષ્ટા છું એમ નક્કી થયું ત્યાં કાંઈ ફેરવવું-બેરવવું નથી. જે થાય તેને જાણે અને જાણનારને જાણતા તેમાં પાંચે સમવાય પુરુષાર્થ આદિ આવી જાય છે, પાંચે આવી જાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આ આચાર્ય 'કુંદકુંદાચાર્ય મહારાજે' આચાર્ય પદને આરોહણ કરી અને આ વાત સર્વજ્ઞના ઘરની દુનિયાને કહી હતી. સમજાણું કાંઈ ? સર્વજ્ઞ પરમાત્મા એને જે કહેવું હતું એ જ સર્વજ્ઞ, જેને પર્યાયમાં સર્વજ્ઞ વસ્યા છે એને એ જ કહ્યું. સમજાણું કાંઈ ? આહા..હા...! આ વાત !

એનો અર્થ જ થઈ ગયો, આત્મા જ્ઞ-સ્વભાવી છે એટલે એ સર્વજ્ઞ સ્વભાવી છે. એટલે સર્વજ્ઞસ્વભાવી છે એને પર્યાયમાં સર્વજ્ઞપર્યાયપણે પ્રગટેલાને સ્થાપ્યા, એને પર્યાયમાં સર્વજ્ઞપણું પ્રગટશે એમ સાધકપણું ત્યાં પ્રગટ્યું છે. સમજાણું કાંઈ ? હવે એને કરવું બીજું નથી. આમ જાણતા સર્વજ્ઞ સ્વભાવી આત્મા સર્વજ્ઞ પર્યાયમાં સ્થાપ્યા. સર્વજ્ઞસ્વભાવી દ્રવ્ય એમ અંતરમાં જે લક્ષ્ય રહ્યા જ કરે છે એ 'જ્ઞ' સ્વભાવની વૃદ્ધિ થઈને પર્યાયમાં રાગનું ઘટવું થઈને સર્વજ્ઞ થઈ જશે અને વીતરાગ થઈ જશે. સમજાણું કાંઈ ? આહા..હા...! 'વજુભાઈ'! આહા..હા...!

સર્વજ્ઞની કથન પદ્ધતિ જે નિશ્ચયથી જ્યાં સર્વજ્ઞને પધરાવ્યા ત્યારે કહે છે, વિકલ્પ છે ને. છે તો શું છે ? જાણનાર છું. સમજાણું ? કરનાર નથી. વાણીના કરનાર નથી, વિકલ્પના કરનાર નથી. સર્વજ્ઞ બધાના જાણનાર છે. એમ, અમે અમારી શક્તિ પ્રમાણે જે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શક્તિ પ્રગટી છે એમાં અમે જાણનાર જ છીએ. સમજાણું ? આ એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર કહેવાય છે. આહા..હા...! સમજાણું ? આ આચાર્ય પદના આરોહણનો દિવસ છે ને ? આ એટલું માંગલિક આવ્યું, લ્યો ! આહા..હા...!

**'वंदित्तु सव्व सिद्धे'** એક શબ્દ પહેલો. 'સમયસાર'નો પહેલો શબ્દ. એક શબ્દ **'वंदित्तु सव्व सिद्धे'** શું કહો છો પ્રભુ આ ? અમે સર્વ સર્વજ્ઞોને આદરીએ છીએ, આદરીએ છીએ. વંદે એટલે આદરીયે છીએ. વંદન કરીએ છીએ, આદરીયે છીએ, સત્કાર કરીએ છીએ. અલ્પજ્ઞ, રાગ, નિમિત્તનો આદર સત્કાર નથી અમારે, એનું જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

એથી અહીંયાં આચાર્યમહારાજ કહે છે કે એક મ્યાનમાં બે તલવાર ન સમાય. લોકોક્તિ ચાલે છે ને આપણે ? એક મ્યાનમાં બે તલવાર ન રહે. સમજાણું કાંઈ ? જેમાં રાગના પ્રેમની રુચિનું કામ, જેને રાગના કર્તાપણાનું કામ પડ્યું છે તેમાં જ્ઞાતાપણું વસે નહિ અને જેમાં સર્વજ્ઞનું જ્ઞાતાપણું વસે ત્યાં રાગનું કર્તાપણું વસે નહિ ! બે એક સ્થાનમાં ન હોય. સમજાણું કાંઈ ? આહા..હા...!

જુઓ ! ૧૨૧નો ભાવાર્થ. **'વીતરાગનિર્વિકલ્પપરમસમાધિકર ઉત્પન્ન હુઆ અનાકુલતારૂપ પરમ આનંદ અતીન્દ્રિય-સુખરૂપ અમૃત હૈ.'** અહીંયા ઉત્પન્ન હુઆની વાત છે હોં ! ત્રિકાળીની વાત નથી. ભગવાન આત્મા તો ત્રિકાળી એવો જ છે–વીતરાગ નિર્વિકલ્પ આનંદની મૂર્તિ. પણ એમ જ્યાં અંદરમાં જ્ઞપણે જ્ઞાનના સ્વભાવથી ભાન કર્યું એટલે પર્યાયમાં વીતરાગી રાગ વિનાની અભેદ સુખામૃત શાંતિથી ઉત્પન્ન થયેલું અનાકુળરૂપ પરમાનંદ એવું અતીન્દ્રિયસુખ અમૃત - એ પર્યાયની વાત કરી. સમજાય છે કાંઈ ?

સર્વજ્ઞપણાની પર્યાય જ્યાં અંતરમાં સ્થાપી અને એકાકાર સર્વજ્ઞ છું. (મેં) સર્વજ્ઞને મારા આંગણે પધરાવ્યા. આહા..હા...! એ આંગણા કેટલા ઉજળા હોય કે જેમાં સર્વજ્ઞ આવે ! એવા આંગણા સર્વજ્ઞ ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન એક સમયમાં પૂરું (થયું) એને પધરાવ્યા. એટલે અંતરમાં યથાર્થપણે તો સર્વજ્ઞ સ્વભાવી (સ્વરૂપની) દૃષ્ટિ કરીને વર્તમાન પર્યાયમાં સ્વભાવથી પ્રગટ થયેલો અતીન્દ્રિય આનંદનો અમૃતનો પ્યાલો... સમજાય છે ? એવી જેને અનુભૂતિની પર્યાય પ્રગટ થવી જોઈએ. એમ ન પ્રગટતા.. સમજાણું ? એને રોકવાવાળું એટલે ત્યાં સર્વજ્ઞદેવ પૂર્ણાનંદ પ્રભુ છે અને હું પણ સર્વજ્ઞ સ્વભાવી છું, એવી દૃષ્ટિ પર્યાયમાં રહી નહિ. દૃષ્ટિ અનાકુળ દ્રવ્યસ્વરૂપ એની પ્રગટવી જોઈએ અનાકુળપર્યાય એને ઠેકાણે રાગમય છું, વિકલ્પમય છું એમ જ્ઞાનમાં રાગને વસાવ્યો છે. એ વીતરાગની પર્યાય પ્રગટ કરવાના વેરી છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા...! પૂર્ણ સર્વજ્ઞને પૂર્ણ અનાકુળ આનંદ પ્રગટેલો છે, સર્વજ્ઞ દશા થઈ ગઈ. એવો જ ભગવાન અનાકુળ આનંદ અને સર્વજ્ઞસ્વભાવી એનો જેણે પર્યાયમાં આદર કર્યો છે એની પર્યાયમાં તો અનાકુળ આનંદના અમૃતનો પ્યાલો પ્રગટ થયો છે, આનંદ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પ્રગટ્યો છે, કહે છે. એનાથી વિરૂદ્ધ આકુળતાને જેણે રાગને જ્ઞાનમાં વસાવ્યો, જે વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ ? એણે સ્ત્રી આદિના ભોગનો રાગ-રાગ વસાવ્યો જ્ઞાનમાં. રાગના પ્રેમમાં પડ્યો એને સર્વજ્ઞ સ્વભાવી આત્મા એની શ્રદ્ધામાં-દૃષ્ટિમાં ખસી ગયો. સમજાણું કાંઈ ?

એને તો અનાકુળ આત્મા અને અનાકુળ પર્યાય પ્રગટવી જોઈએ, એના સ્થાનમાં ! વીતરાગ સ્વભાવથી વિરુદ્ધ, વીતરાગ પર્યાયથી વિરુદ્ધ રાગના અંશને જેણે જ્ઞાનની દશામાં રોક્યો છે, જેના ચિત્તમાં રાગ એકલો વિકાર જેને વસ્યો છે એને ભગવાનની નિર્મળ અવિકારી પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય ! એક મ્યાનમાં બે રહે નહિ. સમજાણું કાંઈ ?

**'આકુલતાકો ઉત્પન્ન કરનેવાલે જો સ્ત્રીરૂપકે દેખનેકી અભિલાષાદિસે...'** આમ ભગવાનને દેખવાની અભિલાષા છોડી દીધી. જ્ઞાયકમૂર્તિ ભગવાન જ્ઞ સ્વભાવી પ્રભુ ! એને જોવાની દૃષ્ટિ છોડીને આ સ્ત્રીને જોવાની દૃષ્ટિમાં રાગ કરીને રોકાઈ ગયો.. એકત્વબુદ્ધિની વાત છે હોં, અહીંયાં ! સમ્યગ્દૃષ્ટિ છે એ ત્યાં રોકાણો નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિને રાગમાં એકત્વ નથી. એ જ્ઞાનની પર્યાયમાં એકત્વ છે. આહા..હા...! એ રાગ છે એને જાણનારની ભૂમિકામાં એ બેઠો છે, રાગમાં એ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ તો ભગવાન સર્વજ્ઞ પ્રભુ એવો આત્મા ? અને સર્વજ્ઞ પર્યાય પ્રગટના કારણરૂપે સ્વના લક્ષે, સ્વની શ્રદ્ધાએ, સ્વના આશ્રયે અનાકુળ પર્યાય પ્રગટવી જોઈએ. એને ઠેકાણે પરના લક્ષે, પરના આશ્રયે રાગમાં એકત્વ થયો (તો) કહે છે કે અનાકુળ પર્યાયને રોકનાર રાગની એકત્વબુદ્ધિ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'સ્ત્રીરૂપ કે દેખને કી અભિલાષાદિસે ઉત્પન્ન હુએ હાવ (સુખ-વિકાર)...'** જુઓ ! સ્ત્રીના મુખનો વિકાર. ભગવાન મુખ્ય પ્રભુ એની અવિકાર દશા દેખવાનું પડ્યું રહ્યું. **'ભાવ અર્થાત્ ચિત્તકા વિકાર...'** એના મનમાં શું છે પેલો જાણે. વિકારી છે ને જીવ ? એને મનમાં મારા પ્રત્યે પ્રેમ છે (એમ જાણે), અહીં ભગવાન આત્મામાંથી આનંદ વરસે છે એની એને ખબર નથી. **'મુંહકા ટેઢા કરના,... '** સ્ત્રીના મોઢાનું આમ હસવું આદિ એ જ એના જ્ઞાનમાં, રાગમાં વસે છે. ભગવાન અનાકુળ આનંદકંદ પ્રભુ છે એને જ્ઞાનમાંથી એણે ખસેડી દીધો છે. સમજાણું કાંઈ ?

**'વિલાસ અર્થાત્ નેત્રોંકે કટાક્ષ...'** આંખની કટાક્ષતા, પ્રેમાળ. પ્રેમાળ આંખની કટાક્ષતા ત્યાં જોવા રાગમાં રોકાઈ ગયો છે. સમજાણું કાંઈ ? ભગવાન આનંદમૂર્તિ સમ્યગ્દર્શનનો જે વિષય એને આમ એના ઉપર નજર કરવી જોઈએ, એમાં આમ છોડીને આમ નજરમાં એકાકાર રોકાઈ ગયો છે. **'સ્વરૂપ વિકલ્પજાલોંકર,...'** એવા વિકલ્પની જાળ ઉત્પન્ન કરી, ભગવાન જ્ઞાયકભાવના પ્રગટપણાની પર્યાયને રોકી, અરે..! એમાં તો તેની જાત છે તેવી પર્યાય પ્રગટ થવી જોઈએ પણ તેના આદર વિના આ વિકારી પર્યાય, જેના સ્વભાવમાં નથી... સમજાણું કાંઈ ? એ વિકલ્પની જાળમાં એકત્વ થયો. બધી વિકલ્પ જાળ જ ઉત્પન્ન થઈ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે, એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ ?

એવી જાળોથી **'મૂર્છિત...'** થઈ ગયો છે, વાસિત થઈ ગયો છે. અર્થમાં એક શબ્દ રહી ગયો છે. **'વાસિત'** – વાસના ગંધ જ બેઠી રહી છે એ બધી. સ્ત્રિ આદિના પાંચ ઇન્દ્રિયના ભોગોના વિકલ્પની જાળમાં જ વાસિત થઈ ગયો છે. ભગવાન અતીન્દ્રિયમૂર્તિ પ્રભુ ! એને દૃષ્ટિમાંથી દૂર કર્યો છે. સમજાણું કાંઈ ? **'રંજિત...'** એવા વિકલ્પમાં તે રંગાઈ ગયો છે. એમાં ચિત્ત પરિણત થઈ ગયું છે. એવા **'ચિત્તમેં બ્રહ્મ કા રહના કૈસે હો સકતા હૈ ?'** એવા ચિત્તમાં ભગવાન કેમ આવે ? એવા ચિત્તમાં ભગવાન આત્મા કેમ વસે ? સમજાણું કાંઈ ? જ્યાં ચિત્તની મલિનતામાં રોકાઈ ગયો છે, જેનું ચિત્ત જ ત્યાં થંભાઈ ગયું છે એવા ચિત્તમાં શુદ્ધાત્મા બ્રહ્માનંદ પ્રભુ આત્મા કેમ આવે પર્યાયમાં ? સમજાણું કાંઈ ? આહા..હા...!

**'એક મ્યાન મેં દો તલવારેં કૈસે આ સકતી હૈં ?'** એક મ્યાનમાં બે કેમ સમાય ? ઓ..હો...! જેને સર્વજ્ઞ સ્વભાવી અને સર્વજ્ઞ ભગવાનને પર્યાયમાં સ્થાપ્યા એમાં રાગની એકતા કેમ આવે ? અને રાગની વાસનાની મૂર્છાઈ ગયેલી પરિણતિમાં ભગવાન વીતરાગી ચૈતન્યમૂર્તિ પર્યાયમાં કેમ આવે ? દ્રવ્ય તો છે જ નહિ. સમજાણું કાંઈ ?

મહાન સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞ... સર્વજ્ઞસ્વભાવી. આવો ભગવાન જેની પર્યાયમાં નથી વસ્યો એને રાગની એક્તા વસી, ત્યાં ભગવાન સર્વજ્ઞસ્વભાવી પર્યાયમાં પ્રતીતમાં કેમ આવે ? સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ આમાં 'જમુભાઈ' ? આમાં તો બહુ ભાષા તો પેલી નથી, ભાષા તો સહેલી છે. ભાવ ભલે જરી... આહા..હા...! એક મ્યાનમાં બે નહિ રહે. જ્યાં ભગવાન સર્વજ્ઞ સ્વભાવીને પર્યાયમાં વસાવ્યો ત્યાં રાગનું એકત્વપણું વસવું નહિ રહે, ભિન્ન રહેશે અને રાગનું એકપણું વસાવ્યું ત્યાં ભગવાન ભિન્ન રહી જશે. એકમાં બે નહિ રહે. સમજાણું ?

રાગના વિકલ્પની મીઠાશમાં જ્યાં પડ્યો, એના કરવાપણાની રુચિમાં જ્યાં પડ્યો, એમાં અકર્તાપણું, રાગના અકર્તાપણું એવો ચૈતન્યસ્વભાવ આવીને કેમ વસે ? સમજાણું કાંઈ ? જેને રાગના કર્તાપણાનું વ્યસન છે. વ્યસન થઈ ગયું, વ્યસન.. વ્યસન–વસ્યો. એને વ્યસન થઈ ગયું. રાગ કરું... રાગ કરું... રાગ કરું... મીઠાશ વેદે છે. એ રાગની મીઠાશના કાળમાં એના કર્તૃત્વના કાળમાં ભગવાન જ્ઞાતાસ્વરૂપ તેની પર્યાયમાં કેમ ભાસે ? સમજાણું ? એક મ્યાનમાં બે નહિ રહે. વિકલ્પની વાસનાનો પ્રેમ અને ચૈતન્યનો પ્રેમ–બે નહિ રહે. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! એકલો જ્ઞાયકસ્વભાવ એને જ્યાં પર્યાયમાં આવ્યો, વસાવ્યો. પર્યાયમાં આવ્યો નથી એ તો છે ઇ છે. જ્ઞાતા-દૃષ્ટા જ્યાં ભાનપણે આવ્યો ત્યાં રાગ કેમ વસે ? એ ઘરમાં રાગ આવશે શી રીતે ? આહા..હા...! સમજાણું કાંઈ ? એ રાગ રહેશે પરઘરે. 'વજુભાઈ'! ઓ..હો..હો...!

કહે છે **'ઉસી તરહ એક ચિત્ત મેં બ્રહ્મ-વિદ્યા ઔર વિષય-વિનોદ યે દોનોં નહી સમા**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**સકતે.**’ ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ સર્વજ્ઞસ્વભાવી પ્રભુ ચિત્તમાં વસે ત્યાં વિષયના વિનોદનું વસવું કેમ હોઈ શકે ? અને વિષયના વિનોદનું જ્યાં વસવું (છે) ત્યાં બ્રહ્મવિદ્યા કેમ આવે ? સમજાણું કાંઈ ? બધા ત્યાગી થઈ ગયા હોય એની હશે આ વાત ? જ્ઞાની અંદરમાં ત્યાગી જ છે. જ્ઞાનસ્વરૂપમાં જ્યાં ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ એમ પ્રતીત શ્રદ્ધા-જ્ઞાનમાં જાણનાર... જાણનાર.. જાણનાર... જાગ્યો ત્યાં રાગાદિનો ત્યાગ જ છે. સમજાણું કાંઈ ? સમ્યગ્દૃષ્ટિમાં, સમ્યગ્જ્ઞાનમાં રાગ - સર્વનો ત્યાગ નામ પરનો બધાનો એમાં અભાવ છે. એમાં વસેલા નથી, એમાં વસેલા નથી. સમજાણું કાંઈ ? ભારે વાત ભાઈ !

આ મહાન... મહાન... મહાન... સ્વભાવવાળી વસ્તુ, એમાં જ્યાં આવ્યો, દૃષ્ટિમાં એ મહાન સ્વભાવ જ્યાં આવ્યો, (તો) કહે છે કે ત્યાં આગળ રાગ અને પર બિલકુલ વસતા જ નથી. છે જ નહિ એને, એનામાં છે જ નહિ. ઓ..હો..! સમજાણું કાંઈ ? ‘ભીખાભાઈ’! બહુ વાતો મોટી ! અરે..! ભગવાન તું કેવડો મોટો ! તારી વાતું કથનમાં સર્વજ્ઞને પૂરી ન આવે. અનુભવમાં આવે એ વાતે પૂરું ન પડે. એવડો તું મોટો (છો), ભાઈ ! આહા..હા...! **‘सव्वणाणदरिसी कम्मरएण’ ‘નિજ કર્મરજ-આચ્છાદને’** જુઓને ! એ વાત કરે છે ! શું કહે છે ? પુણ્ય-પાપ અધિકાર છે ને ! પુણ્ય-પાપનો વિકલ્પ છે. વિકલ્પથી એકત્વબુદ્ધિએ સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવ ત્યાં રોકાઈ ગયો છે. એટલે પર્યાયમાં સર્વજ્ઞ-સર્વદર્શીની પ્રતીતિ જોઈએ એને ન રહી, એને તો રાગની, પુણ્યની, પર્યાયની જ પ્રતીત રહી. એ પ્રતીતમાં સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાન ક્યાં આવ્યો ? ૧૬૦ ગાથા, ‘સમયસાર’. ઓહો..હો...!

**શ્રોતા :–** પુરુષાર્થ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુરુષાર્થ. એ પુરુષાર્થ, બીજો પુરુષાર્થ ક્યો હતો ? ભાઈ ! વીર્ય આમ ગુલાંટ ખાય છે કે આ સર્વજ્ઞ-સર્વદર્શી સ્વભાવ છે. બધાની વાત કરી છે, હોં ! એ બધા આત્માઓ. સર્વજ્ઞાની સર્વદર્શી ભગવાન આત્મા. એ નિજકર્મ આચ્છાદને એમ કહીને કહ્યું કે નિજ નામ પોતાના પુણ્યનો વિકલ્પ છે તે મારો અને મારું કર્તવ્ય છે એમ કરીને રોકાણો એ સર્વજ્ઞ સ્વભાવ ઢંકાઈ ગયો. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! ભગવાન ! એને એક શુભ પરિણામથી આત્માને ખોલવો છે. સમજાણું ? ભગવાન ! મોટી ભીંત જેવી ભૂલ શું ? આહા..હા...! સમજાણું ? મોટા મેરુ પર્વતને ભૂકો કરીને ઊડાડી નાખ્યો એવી ભૂલ છે એની. આહા..હા...! કહે છે, પ્રભુ ! શાંત થા. ભાઈ !

સવારે તો પહેલો પ્રશ્ન એ ઊઠ્યો હતો કે આ અનિયત એટલે શું ? આ તો અનિયત એટલે અલ્પજ્ઞને સ્થાપે છે. અનિયત એ અલ્પજ્ઞને સ્થાપે છે. વસ્તુ અલ્પજ્ઞવાળી જ છે, પર્યાય અલ્પજ્ઞ જ હોઈ શકે એમ. એ વસ્તુની શક્તિ પણ સર્વજ્ઞ છે એમ એને અંદર ન રહ્યું. સમજાણું કાંઈ ? શક્તિ સર્વજ્ઞ છે, પર્યાય સર્વજ્ઞ થાય એ વાત જ ન રહી. બધી રીતે અલ્પજ્ઞ છે એમ સિદ્ધ કર્યું છે. એ ભલે બીજી રીતે માને પણ એમ સિદ્ધ થાય છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...!

અહીંયાં તો સર્વજ્ઞસ્વભાવી વસ્તુને પર્યાયમાં સર્વજ્ઞ પ્રગટ થાય પણ સર્વજ્ઞસ્વભાવી આત્મા પહેલો પ્રતીતમાં પ્રગટ કર્યો. આચાર્ય મહારાજ કહે છે કે એ પ્રતીતમાં પુણ્યના વિકલ્પનું કર્તૃત્વ એને હોય નહિ. તેથી પુણ્ય-પાપમાં એ શ્લોક મૂક્યો છે. 'વજુભાઈ'! આહા..હા...! એને પુણ્યના વિકલ્પનું કર્તૃત્વ અને સર્વજ્ઞ-સર્વદર્શીની શ્રદ્ધા એક સમયમાં બે ભેગા ન રહે. 'જુગરાજજી'! 'જુગરાજજી' બરાબર કહે છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો શાંતની વાતો, ધીરજની વાતો છે. આ કોઈ મોટા વાદ-વિવાદ ને આ ને આ ને એ કાંઈ વાત નથી. આ તો ઘરની વાતું ઘરથી સમજાય. એ કાંઈ વાદ-વિવાદથી એમ કાંઈ બેસે અને સમજાય ?

કહે છે, ઓ..હો..! ભગવાન ત્યાં પહેલા સર્વદર્શી સર્વ સિદ્ધને સ્થાપ્યા ત્યાં પુણ્ય-પાપમાં સર્વજ્ઞ સર્વદર્શી... આહા..હા...! આ શબ્દ જ્યાં આવે છે ને સામે ત્યાં એમાં એનું તત્ત્વ કેવડું મોટું એ તરવરી જાય છે !! આમ શબ્દ જ્યાં આવે છે સર્વજ્ઞાની સર્વદર્શી ! આહા..હા...! એટલે કે એ તો એકલો જ્ઞાન અને દર્શનનો પીંડ જ આત્મા છે. એ આ પુણ્યના વિકલ્પના કર્તૃત્વમાં રોકાણો, ભગવાન જ્ઞાતા-દૃષ્ટા અને જ્ઞાનનો પીંડ છે તે એની પ્રતીતમાં નથી રહેતું. સમજાણું કાંઈ ?

જેને પુણ્યના વિકલ્પની પ્રતીતિ અને એકત્વબુદ્ધિના લાભમાં પડ્યો તેને સર્વજ્ઞ-સર્વદર્શી પ્રતીતમાં આવતો નથી. અને સર્વજ્ઞ-સર્વદર્શી, ભગવાન આત્મા એવો છે એ, એમ જ્યાં પ્રતીતમાં-શ્રદ્ધામાં આવ્યો ત્યાં રાગનું કર્તૃત્વ અને પુણ્ય પરિણામનું કર્તૃત્વ એના એ સ્થાનમાં બે સાથે ન રહી શકે. એક સ્થાનમાં બે રહી શકે નહિ. એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે. સમજાણું કાંઈ ? આહા..હા...!

ઓ..હો..! એમને આચાર્યપદનો કાળ હશે. સમજાય છે ? એ એના પ્રસંગ વખતે એના જેવું કલ્યાણ થાવ, કહેવાયું છે. સમજાય છે કાંઈ ? આખા ભરતક્ષેત્રમાં જૈનધર્મના આચાર્ય તીર્થંકરના મુખમાંથી નીકળે. ત્યાં મહાવિદેહ ગયા ત્યારે (પૂછ્યું), આ કોણ છે ? ચક્રવર્તી પૂછે છે, પ્રભુ ! આ કોણ છે ? ભરતક્ષેત્રના આચાર્ય. જૈનશાસનના આચાર્ય છે. આહા..હા...! કેવળીના મુખે નીકળે એને હવે જોવે કોનું કામ ? સમજાણું કાંઈ ? ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર સીમંધર ભગવાનના મુખમાં (આવ્યું). પ્રભુ ! આ કોણ છે ? ચક્રવર્તી પૂછે છે. આ કોણ છે ? આવું નાનું શરીર. એ ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય, પ્રધાન આચાર્ય છે. આહા..હા...! સમજાણું ?

(અહીંયા) કહે છે, અ..હો..! ભગવાન ! પુણ્યના પરિણામનું કામ સર્વજ્ઞ પર્યાયને ન સોંપાય. સમજાણું ? એ ચક્રવર્તીને ઝાડુ કાઢવાનું કામ ન સોંપાય. 'જુગરાજજી'! મોટા ચક્રવર્તી ચક્રવર્તી કહે, માગ-માગ. અહીં બાર મહિનાથી કાદવ પડ્યો છે, કાઢી નાખો. તને આવડતું નથી. એ ચક્રવર્તીને એમ ન કહેવાય. ચક્રવર્તી તો એને ઘરે દાસના દાસના દાસ પડ્યા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એને. એની દાસી હોય એના હાથમાં એટલી તાકાત કે હીરાનું ચૂરણ કરીને જેને ચાંદલો કરે. એને વાંસીદા ન સોંપાય. એમ ભગવાન આત્મા સર્વજ્ઞ-સર્વદર્શી પ્રભુ આત્મા છે એમ જ્યાં ભાન થયા એને રાગના ... ને રાગ કર, એને ન હોય. એ પુણ્ય પરિણામ કરે એમાં ન હોય. આવે એને જાણે છે. આહા..હા...! વ્યવહાર હોય છે એને જાણે છે. એ નિશ્ચયમાં વ્યવહારને એક કરતા નથી. આમ એનો અર્થ છે. ત્યારે બે રહ્યાને ? સમજાણું કાંઈ ?

ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ! આ મોટો પાસડો પડ્યો છે સ્વભાવની આગળ એમાં જ્યાં વલણ વળ્યા, કહે છે કે એને રાગના કામના વલણ હોય નહિ હવે. એ..ય..! એ વ્યવહાર કરે નહિ એમ કહે છે. ભારે વાત, ભાઈ ! વ્યવહારનયે બોલાય. એ નિશ્ચયજ્ઞાન છે એ વ્યવહારને કરે નહિ અને વ્યવહારને કરે એ નિશ્ચયજ્ઞાન રહે નહિ. એક મ્યાનમાં બે સમાય નહિ, એ અહીંયાં વધારે સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

નિશ્ચય અને વ્યવહાર બે છે કે એક ? બેને બે પણે રાખે તો બે કહેવાય કે બેને એકપણે રાખે તો બે કહેવાય ? એનો અર્થ એ થઈ ગયો. આત્મા જ્ઞાનસ્વરૂપી ભગવાન સર્વજ્ઞસ્વભાવી પર્યાયમાં પ્રતીતમાં, ભાનમાં આવ્યો પછી એ નિશ્ચયમાં વ્યવહારનો વાસ હોઈ શકે નહિ. એના સંબંધીનું પોતાનું જ્ઞાન એમાં હોય. પોતામાં એ સંબંધીનું પોતાનું પોતામાં જ્ઞાન હોય. સ્વનું-પરનું એવું પોતામાં (જ્ઞાન) હોય. એ ન હોય. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, એ ચિત્તમાં બ્રહ્મવિદ્યા એટલે આત્મા આનંદમૂર્તિનું ભાન અને વિષય-વિનોદ અને રાગની એકત્વબુદ્ધિ, રાગનો પ્રેમ બન્ને સમાઈ શકતા નથી. બે નહિ રહી શકે. 'ન્યાલભાઈ'! ભારે વાતું, ભાઈ ! આહા..હા...!

**'જહાં બ્રહ્મવિચાર હૈ, વહાં વિષય-વિકાર નહીં હૈ,...'** વિચાર અને વિકારને મેળવ્યું. જ્યાં ભગવાન જ્ઞાનમૂર્તિ શ્રદ્ધા-જ્ઞાનમાં વસાવ્યો છે, સર્વજ્ઞની પર્યાય વસાવી પર્યાયમાં અને સર્વજ્ઞ સ્વભાવ વસાવ્યો શ્રદ્ધામાં. સમજાણું ? સર્વજ્ઞસ્વભાવી વસાવ્યો શ્રદ્ધામાં અને જ્ઞાનની પર્યાયમાં વસાવ્યા સર્વજ્ઞ. ખલાસ...! એમાં વિકારનું ટકવું હોઈ શકે નહિ. **'જહાં બ્રહ્મવિચાર હૈ,..'** આહા..હા...! વિચાર એટલે જ્ઞાનનું પરિણમન એ છે. એ જ્ઞાતા વસ્તુ એના શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન છે, વિકાર એમાં હોય નહિ, ભગવાન ! આહા..હા...! અને જ્યાં વિષય-વિકારની વાસના વસી છે ત્યાં ભગવાનના જ્ઞાનની પર્યાય ત્યાં વસે નહિ એટલે ત્યાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

**'જહાં વિષય-વિકાર હૈ વહાં બ્રહ્મ-વિચાર નહીં હૈ.'** જ્યાં રાગની વાસનાના રંગાયેલા ચિત્ત છે ત્યાં રાગની વિકલ્પની વાસના ભલે પુણ્યાદિ હોય એમાં વસાયેલું ચિત્ત છે ત્યાં વીતરાગી સ્વભાવ પર્યાયમાં વસી શકે નહિ. સમજાણું કાંઈ ? **'ઇન દોનોં મેં આપસમેં વિરોધ હૈ.'** એ બેમાં માહોંમાહે વિરોધ છે. અહીંયાં તો બાહ્ય વિષયથી ઉત્પન્ન થયેલો રાગ, એ બધા પછી ગમે તે હો,... સમજાય છે ? બાહ્ય વિષયથી, લક્ષથી ઉત્પન્ન થયેલો રાગ, રાગથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચિત્ત જેના રંગાણા એ અંતર વિષય જેવો આત્મા એની પર્યાય તે ઠેકાણે કેમ હોય ? અને અંતર વિષય ભગવાન આત્મા જેની પર્યાયમાં વસ્યો, શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો એને બાહ્ય વિષયના ઉત્પન્ન થયેલા રાગનું વસવું તેની પર્યાયમાં કેમ હોય ? એ ભિન્ન છે. ગજબ છે વાત. સંતોની કથન પદ્ધતિ ! આહા..હા...! નિશ્ચયમાં વ્યવહાર નહિ, વ્યવહારમાં નિશ્ચય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ ? ત્યારે એને વ્યવહાર અને ત્યારે એને નિશ્ચય કહેવાય. આહા..હા...! એ હાવ-ભાવના અર્થ આવી ગયા.

**'આગે રાગાદિ રહિત નિજ મનમેં પરમાત્મા નિવાસ કરતા હૈ, ઐસા દિખાતે હૈં–'**

**णिय-मणि णिम्मलि णाणियहँ णिवसइ देउ अणाइ।**
**हंसा सरवरि लीणु जिम महु एहउ पडिहाइ।।१२२।।**

**'જ્ઞાનિયોંકે રાગાદિ મલ રહિત નિજ મનમેં અનાદિ દેવ આરાધને યોગ્ય શુદ્ધાત્મા નિવાસ કર રહા હૈ,...'** જુઓ ! ભાષા કેવી કરી છે ! પેલી વીતરાગી પર્યાય તો કૃત્રિમ આદિવાળી છે. સમજાણું ? ભગવાન અનાદિ દેવ પરમાત્મા પોતે છે. અનાદિ દેવ. અનાદિ દેવ. આહા..હા...! શુદ્ધ પ્રભુ ભગવાન આત્મા અનાદિનો દેવ જેની પર્યાયમાં વસ્યો છે. સમજાણું ? **'આરાધને યોગ્ય શુદ્ધાત્મા નિવાસ કર રહા હૈ, જૈસે માનસસરોવરમેં લીન હુઆ હંસ બસતા હૈ.'** માનસસરોવરના મોતી ચરવા હંસ જ્યાં લીન છે, એમ ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પોતે ભાળ્યા છે, આખો જ્ઞાનાનંદ, એમાં એ પર્યાય લીન છે એમ કહે છે.

**'સો હે પ્રભાકર ભટ્ટ મુઝે ઐસા માલૂમ પડતા હૈ.'** હોં ! એમ કહે છે. જુઓ ! શું કહે છે ? માનસસરોવરમાં જેમ હંસલો વસે છે એમ જ્ઞાનની પર્યાયમાં પરમાત્મા વસે છે. વર્તમાન જ્ઞાનની પર્યાય જ્ઞાયકમાં લીન છે એમ મને દેખાય છે, એમ કહે છે. **'प्रतिभाति'** જેમ છે તેમ ભાસે છે, કહે છે. પ્રતી–જેમ છે એમ ભાસે છે મને. માનસસરોવરમાં જેમ હંસ વસે છે એમ શુદ્ધાત્મા આરાધને યોગ્ય જ્ઞાનમાં વસે છે. એ જ્ઞાનનો પર્યાય એ માનસસરોવરમાં જેમ હંસ છે એમ જ્ઞાનની પર્યાયમાં પરમાત્મા વસે છે. આખો ભગવાન જેનામાં વસે એટલે આખા પરમાનંદમાં એ જ્ઞાનનો પર્યાય લીન થયેલો માલુમ પડે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

માનસસરોવરમાં જેમ હંસ લીન થયા દેખાય છે, એમ નિર્મળ ચિત્તની પર્યાયમાં ભગવાન પરમાત્મા વસ્યા છે અથવા એ પર્યાય પરમાત્મામાં લીન થઈ છે એમ માલુમ પડે છે. અહીંયાં આત્માની વાત (છે). માનસસરોવર છે એક કોર. એનું અહીં કામ નથી. એ છે માનસ - સરોવર. ભગવાને દીઠું છે ત્યાં. શાસ્ત્રમાં પાઠ છે. કહો સમજાણું કાંઈ ? મોટા સરોવર છે. હંસલા બહુ છે. ત્યાં મોતી બહુ થાય. મોતી બહુ પાકે, એ મોતીના ચારા ચરે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા :–** મોતીની વાત કરો છો તો અહીં મોતીના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાં પણ નથી મોતી હવે. ધૂળ એ તો ધૂળ પાકે એમ કહેવું છે. આહા..હા...! માનસસરોવરના હંસલા મોતી વિના ચારા બીજા ન ચરે. એમ ભગવાન શુદ્ધાત્મા જેના શ્રદ્ધા-જ્ઞાનમાં બેઠો એને શાંતિના ચારા હોય, એને રાગાના ચારા હોય નહિ. આહા..હા...! ભગવાન એકલો વીતરાગી સ્વભાવી શાંત મૂર્તિ (છે) એ જ્યાં દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યું, કહે છે કે એના ચારા તો આત્માના સરોવરના ચારા છે. પેલા હંસલાને માંસના ચારા કરે છે. એ હંસલા વેળુ ન ખાય. આહા..હા...! એમ જ્ઞાનાનંદમાં વસેલો આત્મા પર્યાયમાં વસ્યો એ રાગને ન ખાય ! એ રાગને ન અનુભવે એમ અહીં કહે છે. સમજાણું કાંઈ ? માનસસરોવરને કાંઠે વસે હંસલા. એમ ભગવાનની પર્યાયને કાંઠે વસે ભગવાન.

નિર્મળ પર્યાય. અહીંયાં નિર્મળ કીધું છે ને ? **'निर्मले निजमनसि'** એમ કીધું છે ને ? એમ જ્ઞાનની નિર્મળ પર્યાય... પુણ્ય ને વ્યવહાર ને રહેવાનું સ્થાન જ એનું નથી. 'યોગીન્દ્રદેવ'! જુઓ ! એ ટીકાકારે પણ એમ લખીને પોતે કહે છે, હોં ! **'हंस इवेत्यभिप्रायो भगवतां श्रीयोगीन्द्रदेवानाम्'** ટીકાનો છેલ્લો શબ્દ છે. આ હંસલાની જેવો ભગવાન છે. હંસ મોતીનો ચારો ચરે એમ, આત્મા નિર્મળ જ્ઞાનની પર્યાયનો ચારો ચરે, રાગ-બાગનો ચારો ચરે નહિ. **'भगवतां श्रीयोगीन्द्रदेवानाम्'** લ્યો ! એટલું નામ આપ્યું છે. 'કુંદકુંદાચાર્ય' ... સમજાણું કાંઈ ?

કહે છે **'લીન હુઆ હંસ બસતા હૈ. હે પ્રભાકર ભટ્ટ મુઝે એસા માલુમ પડતા હૈ.'** કે શુદ્ધાત્મ આરાધન યોગ્ય મનમાં વસે છે. જ્ઞાનમાં તો એ ભગવાન જ સમીપમાં વસે છે. સમજાય છે ? સમીપ આવે છે ને ? ... 'નિયમસાર' એ શબ્દો આમાં પણ આવે છે. જેના જ્ઞાનની પર્યાયમાં સમીપ દ્રવ્ય છે, એની સમીપમાં રાગાદિ નથી. સમજાણું કાંઈ ? ...... એ સમીપમાં સમીપ (છે), રાગ સમીપમાં નથી. પુણ્ય-પાપના વિકલ્પો એ ભગવાન જ્ઞાનની પર્યાયમાં, ધર્માત્માની પર્યાયમાં એ સમીપમાં જ નથી. દૂર છે. ઓ..હો..હો..! સમજાણું કાંઈ ?

ધર્મી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની સમીપમાં આત્મા છે. એને પડખે ચડ્યો છે, એના સમીપમાં એ છે. રાગાદિ પુણ્યની સમીપમાં પણ નથી, પુણ્યની સમીપમાં એ ગયો પણ નથી. સ-સામાયિક એમ. એને સામાયિક કહ્યું. સામાયિક... આ લોકો માને લ્યો સામાયિક કરી લીધી. શું સામાયિક ? બાપા ! આત્મા કેવડો, ક્યાં શ્રદ્ધા શું છે એની ખબર ન મળે (અને) એની સ્થિરતામાં આત્મા વસાવ્યો. સમજાણું ? એમ માલુમ પડે છે. હંસ જેમ માનસસરોવરમાં લીન, એમ નિર્મળ ચિત્ત ધર્માત્માનું પરમાત્મામાં પોતાના સ્વરૂપમાં આરાધવા યોગ્યમાં લીન છે. બીજામાં એ લીન થતું નથી. એનું નામ ધર્મ અને મોક્ષના માર્ગના આરાધક કહેવામાં આવે છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૪૯, પ્રવચન નં. ૧૨૫
## તા. ૨-૧૧-૧૯૭૮
## [૧૬]

'સમયસાર' ૪૯ ગાથા. અવ્યક્તનો છઠ્ઠો બોલ છે ને ? ઝીણો અધિકાર છે. અવ્યક્તના પાંચ બોલ ચાલ્યા છે. અવ્યક્ત એટલે શું ? કે એક તો એ કે છ દ્રવ્યસ્વરૂપ જે જગત લોક છે એ જ્ઞેય છે, એ વ્યક્ત છે, તેનાથી ભગવાન આત્મા ભિન્ન – અવ્યક્ત છે. તે સમ્યગ્દર્શનનો વિષય (છે). આહા..હા...!

**શ્રોતા :–** છમાં પોતે ન આવ્યો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, એમાં ન આવ્યો. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય છે ત્યારે ભગવાન આત્મા જ્ઞાયક છે. આ (ભગવાન), હોં ! છ દ્રવ્યસ્વરૂપ (લોક) વ્યક્ત છે ત્યારે આ આત્મા એનાથી અવ્યક્ત-ભિન્ન છે. એને અવ્યક્ત દર્શનનો વિષય અત્યારે કહેવામાં આવે છે. આહા..હા...!

**શ્રોતા :–** છ દ્રવ્ય કહ્યું તેમાં આ આત્મા ના આવ્યો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ લોકાલોકમાં આ સપ્તમ. નહિ.. નહિ.. સપ્તમ થઈ જાય છે. એક કોર રામ અને એક કોર ગામ. કહ્યું હતું, એ વાત આવી ગઈ છે. આહા..હા...! એક કોર ભગવાન જ્ઞાયકસ્વરૂપ અને એક કોર એની પર્યાયમાં છ દ્રવ્ય આદિ જાણે, એ બધું છ દ્રવ્યને જાણવું એ સમયની પર્યાય એ બધી જ્ઞેય અને વ્યક્તમાં જાય છે. (એ બધું) પ્રગટ છે બહાર. આહા..હા...! અંતરતત્ત્વ જે ધ્રુવ જ્ઞાયકતત્ત્વ છે તે આત્મા ! એમ અહીંયાં તો કહેવામાં આવ્યું છે. આહા..હા...! ઝીણી વાત, ભાઈ ! એ વાત તો આવી ગઈ છે.

બીજો બોલ–કષાયો જે પુણ્ય અને પાપના વિકારભાવ છે એ ભાવક જે કર્મ છે તેનો એ ભાવ છે, એ આત્માનો સ્વભાવ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ એ ભાવકનો ભાવ છે. કર્મ છે તેમાંથી નિમિત્ત થયેલો વિકાર તે તેનો ભાવ છે. તેનાથી ભગવાન ભિન્ન છે. આહા..હા...! ઝીણી વાત છે, ભાઈ ! સમ્યગ્દર્શન શું ચીજ છે ? અને કેમ થાય ? એની એને ખબર જ નથી. બે (બોલ થયા).

ત્રીજું. **'ચિત્સામાન્યમાં...'** ચિત્-જ્ઞાયકસ્વરૂપ જે સામાન્ય છે. આહા..હા...! એમાં **'ચૈતન્યની સર્વ વ્યક્તિઓ નિમગ્ન (અંતર્ભૂત) છે...'** ભગવાન આત્મા જ્ઞાયક જે સામાન્ય જે ધ્રુવ જે અસલ એકરૂપ છે એમાં જ્ઞાનાદિ અનંત ગુણની ભૂત અને ભવિષ્યની જે વ્યક્ત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયો એ બધી અંતર્મગ્ન છે. આહા..હા...! એ બાહ્ય પ્રગટ જે અનંત પર્યાય છે, એક સમયમાં અનંત ગુણની અનંત પર્યાય પ્રગટ-વ્યક્ત છે, તેનાથી પણ તે ભગવાન ભિન્ન છે. આહા..હા...! અહીં તો એ પૂર્વ–ભૂત અને ભવિષ્યની જેટલી અનંત પર્યાયો થઈ ગઈ એ બધી વર્તમાન જ્ઞાયકમાં અંતર્મગ્ન છે. હવે એ વર્તમાન પર્યાય રહી એ એનો નિર્ણય કરે છે. પણ એ વર્તમાન પર્યાય જે છે એ પણ અંતરમાં નથી, દ્રવ્યમાં નથી. આહા..હા...! આવું (સમજવા) નવરાશ ક્યાં (છે) ?

દુઃખના પંથે અનાદિથી દોરાઈ રહ્યો છે. એ શુભ અને અશુભભાવ મારા અને આ બધાના કર્તવ્ય કરું છું, કરી શકું એવો જે મિથ્યાત્વભાવ એ તો અનાદિ દુઃખના પંથે દોરાયેલો છે. આહા..હા...! જેને સુખને પંથે જવું હોય તો એ શું છે ? શું રસ્તો છે ? કહે છે. આહા..હા...! ભગવાન આત્મા એકરૂપ વસ્તુ જે ચૈતન્ય છે એમાં ભૂત અને ભવિષ્યની પર્યાયો અંતર્મગ્ન છે અને વર્તમાન પર્યાય એનો નિર્ણય કરે છે. આહા..હા...! એ સુખનો પંથ છે. આહા..હા...! આવી વાત છે. આ બધું આપણે આવી ગયું છે.

ચોથો. **'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...'** એક સમયની પર્યાય જે વ્યક્ત છે એટલો પણ આત્મા નથી. આહા..હા...! જે સમ્યગ્દર્શનની પર્યાય ત્રિકાળને પ્રતીત કરે છે તે સમ્યગ્દર્શનની પર્યાય ક્ષણિક છે, તે એમાં નથી. એનાથી ભિન્ન ભગવાન છે. આહા..હા...! સંભળાય છે ? થોડું થોડું. આહા..હા...!

**'ક્ષણિક વ્યક્તિમાત્ર નથી...'** શું શૈલી ! જે પર્યાય જેનો નિર્ણય કરે છે, જે સમ્યગ્દર્શનની પર્યાય વ્યક્ત છે તે તેનો અખંડ આનંદકંદનો નિર્ણય કરે છે પણ તે એટલી માત્ર વ્યક્તિ આત્મા નથી. આહા..હા...! ભગવાન તો એનાથી ભિન્ન અખંડ આનંદકંદ છે. આહા..હા...! આ તો આપણે આવી ગયું છે.

પાંચમું. પ્રગટ પર્યાય અને અવ્યક્ત દ્રવ્ય બેનું એકસાથે જ્ઞાન હોવા છતાં એ વ્યક્તપણાને સ્પર્શતો નથી. વર્તમાન જે પર્યાય પ્રગટ છે અને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ દ્રવ્ય અપ્રગટ નામ પર્યાયની અપેક્ષાએ અપ્રગટ છે, પર્યાયમાં નથી આવ્યું, વસ્તુની અપેક્ષાએ પ્રગટ છે એવો વ્યક્ત જે પર્યાય અને અવ્યક્ત જે દ્રવ્ય તેનું એકસાથે જ્ઞાન હોવા છતાં તે દ્રવ્ય જે છે એ પર્યાયને સ્પર્શતું નથી. આહા..હા...! આવી ઝીણી વાતું. આહા..હા...! સમજાણું કાંઈ ?

આત્મા શરીર, વાણી, કર્મને તો અડતો નથી, બીજા બધા પદાર્થ છે તેને અડતો નથી, અડતો નથી ભિન્ન છે; પણ અહીં તો હવે એમ કહે છે કે એની જે પર્યાય છે, નિર્મળ વ્યક્ત પર્યાય જે છે, સુખના પંથની જે (પર્યાય) પ્રગટ થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ વ્યક્ત પર્યાય છે અને વસ્તુ અવ્યક્ત આખી છે. બેનું એકસાથે જ્ઞાન હોવા છતાં તે દ્રવ્ય અવ્યક્ત છે એ પર્યાયને અડતું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આ પાંચ બોલ તો આવી ગયા છે. આજ તો છઠ્ઠો છે. પાંચનો વિસ્તાર થઈ ગયો છે. આ તો દસ મિનિટમાં ઉકેલ્યું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હવે, **'પોતાથી જ બાહ્ય-અભ્યંતર સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...'** ભગવાન આત્મા પોતે પોતાથી પરની અપેક્ષા વિના રાગ અને નિમિત્તની અપેક્ષા વિના પોતે પોતાથી જ બાહ્ય નામ વ્યક્ત પર્યાય અને અભ્યંતર અંતરતત્ત્વ ભગવાન પરમાત્મતત્ત્વ... આહા..હા...! એક સમયની પર્યાય એ બાહ્યતત્ત્વ. આહા..હા...! અને ત્રિકાળી વસ્તુ છે એ અભ્યંતર તત્ત્વ. આહા..હા...! એને **'સ્પષ્ટ અનુભવાઈ રહ્યો હોવા છતાં...'** સાધકને પર્યાયનો અને દ્રવ્યનો બે નો પ્રત્યક્ષ અનુભવ હોવા છતાં પણ... આહા..હા...! **'વ્યક્તપણા પ્રતિ ઉદાસીન...'** પર્યાયમાં તેની દૃષ્ટિ ટકતી નથી. સાધકની દૃષ્ટિ પર્યાયમાં ટકતી નથી. દૃષ્ટિ દ્રવ્ય ત્રિકાળ ઉપર છે. આહા..હા...! ઝીણું ઘણું, બાપુ ! વીતરાગ માર્ગ જ કોઈ અલૌકિક છે, અત્યારે તો બાહ્ય પ્રવૃત્તિમાં લોકોને મનાઈ ગયો છે. આહા..હા...!

અહીંયાં તો કહે છે કે આ સમ્યગ્દર્શન-જ્ઞાનાદિની પર્યાય જે પ્રગટ છે, સાધકની વાત છે ને અહીંયાં ? એ પર્યાય છે તે વ્યક્ત છે. આહા..હા...! એ બાહ્ય છે અને અંતરતત્ત્વ જે જ્ઞાયક ત્રિકાળી છે તે અભ્યંતર છે. એ બેનો સ્પષ્ટ અનુભવ, બેનો પ્રત્યક્ષ અનુભવ સાધકને છે. ધર્મીને, સમ્યગ્દૃષ્ટિને... આહા..હા...! ધર્મી જેને કહીએ, સમ્યગ્દૃષ્ટિ કહીએ, જ્ઞાની કહીએ તેને વર્તમાન પર્યાય અને ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ બેનો એકસાથે અનુભવ હોવા છતાં... પહેલાંમાં તો એમ કહ્યું હતું કે બેનું એક સાથે જ્ઞાન હોવા છતાં તે આત્મા પર્યાયને સ્પર્શતો નથી. હવે, અહીં એમ કહે છે કે વ્યક્ત જે બાહ્ય પર્યાય અને અભ્યંતર તત્ત્વ જે જ્ઞાયક પૂર્ણાનંદ ધ્રુવ, બેનો એક સમયમાં સાધકને અનુભવ હોવા છતાં સાધકની દૃષ્ટિ ત્યાં ટકતી નથી, પર્યાય ઉપર ટકતી નથી. 'મનસુખભાઈ'! આવું બધું ઝીણું છે. આ ક્યાં ધંધા આડે સૂઝે ક્યાં ? નવરાશ ક્યાં છે ? આખો દી પાપ, ૨૨-૨૪ કલાક. ધંધો... ધંધો... ધંધો... નવરો થાય તો બાયડી-છોકરા સાચવે. એકલું પાપ, એકલું પાપ. ધર્મ તો નહિ પણ પુણ્ય પણ નહિ. આહા..હા...! હવે એમાં પુણ્યનો પ્રસંગ આવે ત્યારે સાંભળવાનો વખત થોડો રહે. આહા..હા...! એમાં પણ આ તત્ત્વ શું છે ? આહા..હા...!

બાહ્ય એટલે વર્તમાન પ્રગટ પર્યાય. ધર્મીજીવને પ્રગટ પર્યાયનો અનુભવ અને અપ્રગટ અભ્યંતર તત્ત્વનો પણ અનુભવ (છે). અનુભવ શબ્દે અનુભવ તો પર્યાયમાં છે પણ જ્ઞાયક તરફના વલણવાળી દશા તે જ્ઞાયકનો પણ અનુભવ અને પર્યાયનો અનુભવ, એમ. આહા..હા...! આવો **'હોવા છતાં પણ વ્યક્તપણા પ્રતિ ઉદાસીનપણે...'** પર્યાય પ્રત્યે તેની દૃષ્ટિ ટકતી નથી. ટકતી તો આમ ત્રિકાળ ઉપર જાય છે. સાધકની દૃષ્ટિ, સમકિતની દૃષ્ટિ વર્તમાન પ્રગટ થયેલી નિર્મળ પર્યાયનો અનુભવ હોવા છતાં અને ત્રિકાળીનો અનુભવ હોવા છતાં સાધકની દૃષ્ટિ વ્યક્તપણે ટકતી નથી. દૃષ્ટિ ત્યાં જાય છે દ્રવ્ય સ્વભાવ... દ્રવ્ય સ્વભાવ... દ્રવ્ય સ્વભાવ... આવી વાતું છે. આહા..હા...!

**શ્રોતા :-** ઉદાસીનતાનો ખુલાસો કરો.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કીધુંને ઉદાસીન (એટલે) એના પ્રત્યે ટકતો નથી. કીધું ને. ત્યાં ટકતો નથી. દૃષ્ટિ ત્યાં થંભતી નથી. દૃષ્ટિ તો આ બાજુ ઢળી ગઈ છે. આહા..હા...! આવી વાતો ક્યાં છે ક્યાંય ! હજી તો સમ્યગ્દર્શન કેમ થવું એ પછી. સમ્યગ્દર્શન છે એ ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ વસ્તુ છે તેને આશ્રયે સમ્યગ્દર્શન થાય. એના પણ બે પ્રકાર છે. એક ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ છે પ્રભુ ! ધ્રુવ તેને આશ્રયે, તેને અવલંબે નિશ્ચય સમ્યગ્દર્શન થાય. બીજી વાત છે કે એક પર્યાય બહિર્તત્ત્વ છે અને પરમાત્મ અંતર-અંતર અભ્યંતર તત્ત્વ છે. બેની શ્રદ્ધા એ પણ વ્યવહાર સમકિત છે, રાગ છે એમ કહે છે.

ફરીને. અહીં જે બહિર્ ને અભ્યંતર કહ્યું ને ? એ બાહ્ય પર્યાય છે અને અભ્યંતર જે તત્ત્વ છે એને અનુભવવતો હોવા છતાં પર્યાયમાં દૃષ્ટિ નથી. દૃષ્ટિનું જોર દ્રવ્ય ઉપર છે. આહા..હા...! હવે અહીંયાં બાહ્ય તત્ત્વ જે છે પર્યાય અને અભ્યંતર તત્ત્વ છે ધ્રુવ, એ બેની શ્રદ્ધા તે તો હજી વિકલ્પ અને રાગ છે. વ્યવહાર સમકિત એટલે રાગ છે.

ત્રીજી રીતે, જ્ઞેય છે અને જ્ઞાયક છે. પરજ્ઞેય છે અને સ્વજ્ઞાયક છે. બેની પ્રતીતિ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ જ્ઞાનપ્રધાન કથન છે. ઝીણી વાત છે, ભાઈ ! ૪૨મા આવે છે ને ? ભાઈ ! (પ્રવચનસાર) ૨૪૨. ચરણાનુયોગ. આહા..હા...! શું કહે છે ? બાપૂ ! જૈનધર્મ કોઈ અલૌકિક છે. આહા..હા...!

ત્યાં એમ કહે છે કે જેટલા જે જ્ઞેયતત્ત્વ છે અને જ્ઞાયક પોતે, એ બેની જ્ઞેય અને જ્ઞાયકની શ્રદ્ધા એને નિશ્ચય સમ્યગ્દર્શન કહેવું. ૨૪૨મા કીધું ને ? એ જ્ઞાનપ્રધાન કથન છે. સમજાય છે કાંઈ ? આમ કહેવું કે નવ તત્ત્વની શ્રદ્ધા છે એ સમ્યક્. આવે છે ને એ ? 'મોક્ષમાર્ગ પ્રકાશક'. એ જ્ઞાનપ્રધાન કથન છે. જ્ઞાયક ત્રિકાળ અને પર્યાય બેની શ્રદ્ધા એ જ્ઞાનપ્રધાન સમ્યગ્દર્શનનું કથન છે. એ અહીંયા તો પર્યાય અને દ્રવ્યની બેની શ્રદ્ધા, જ્ઞાન અનુભવ હોવા છતાં દૃષ્ટિ પર્યાય ઉપર રહેતી નથી. આહા..હા...! આ સુખનો પંથ. બાકી તો આખી દુનિયા આ દુઃખના પંથમાં દોરાઈ ગઈ છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? આહા..હા...!

એક બાજુ એમ કહેવું નવ તત્ત્વની તત્ત્વાર્થશ્રદ્ધાન્ તે સમ્યગ્દર્શન. એ તત્ત્વાર્થ સૂત્રની અપેક્ષાએ. એ જ્ઞાનપ્રધાન કથન છે. જે ત્રિકાળી જ્ઞાયક છે અને વર્તમાન જે સંવર, નિર્જરા આદિ પર્યાયમાં છે, એ બધી શ્રદ્ધા છે અને છે એકરૂપ, ભેદ નહિ. તો એ તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન એ પણ જ્ઞાનપ્રધાન દર્શનની વ્યાખ્યા છે. અને અહીંયાં એકલો જ્ઞાયકભાવ જે અવ્યક્ત છે અને વ્યક્ત છે એ બેનો અનુભવ હોવા છતાં દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર ઢળી ગયેલી છે. આહા..હા...!

**શ્રોતા :–** આ શેનું કથન છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દર્શનપ્રધાન કથન છે. અને 'નિયમસાર'માં તો એમ કહ્યું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે જ્ઞેયતત્ત્વ, બાહ્યતત્ત્વ અને અભ્યંતર તત્ત્વ બેની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. અને ૨૪૨મા કહ્યુ કે જ્ઞેયતત્ત્વ અને જ્ઞાયકતત્ત્વનું બેનું શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. આહા..હા...! જ્ઞાનપ્રધાન કથનમાં એ છે. જ્ઞાન તો બધું જાણે છે ને ? દર્શનમાં તો નિર્વિકલ્પતા છે. એટલે દર્શનમાં તો ત્રિકાળી જ્ઞાયકને જ દૃષ્ટિમાં લીધો છે. આહા..હા...! આવી વાતું હવે. સમજાણું કાંઈ ?

આ તો છઠ્ઠો બોલ આવ્યો ને ? બાહ્ય-અભ્યંતર. બે આવ્યા તો બાહ્ય નામ પર્યાય વ્યક્ત તે બાહ્ય છે. નિર્મળ પર્યાય, હોં ! એ બાહ્ય છે અને અભ્યંતર ત્રિકાળી જ્ઞાયક ધ્રુવ આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ છે. બેનો એક સમયમાં સાધકને અનુભવ હોવા છતાં સાધકની દૃષ્ટિ પર્યાયના અનુભવ તરફ ટકતી નથી, દ્રવ્ય ઉપર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'ચીમનભાઈ'! આવી વાતુ છે. આહા..હા...!

આ નવા વરસની આજે બીજ છે. બાપુ ! વીતરાગ માર્ગ કોઈ જુદો છે. આહા..હા...! અરે..રે..! એને સત્ય છે એ સાંભળવા મળે નહિ, એ કે દી વિચારે અને કે દી માને ? આહા..હા...! એના પરિભ્રમણના અંત કે દી આવે ? આહા..હા...! ચોરાશીના અવતાર કરી.. કરી... કરીને દુઃખી છે એ. મહાદુઃખના ડુંગરમાં ગરકાવ છે. સનેપાતિયો છે એટલે ત્યાં રાજી થાય છે. અમે ઠીક છીએ, અમે સુખી છીએ. ધૂળ ! સનેપાતીયો છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર ત્રણનો સનેપાત થઈ ગયો છે. આહા..હા...!

**શ્રોતા :–** આખું જગત સનેપાતમાં પડ્યું છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આખું જગત સનેપાતમાં પડ્યું છે. આહા..હા...! જૈન વાડામાં પણ જે કંઈ રાગને પોતાનો માને અને એક સમયની પર્યાય જેટલો પણ આત્માને માને એ પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા...! સમજાય એટલું સમજો, પ્રભુ ! વીતરાગનો માર્ગ મહાગંભીર છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

ત્રણ વાત કરી. એક તો અહીંયાં એમ કહ્યું કે નિર્મળ પર્યાય વ્યક્ત છે. સાધકની વાત છે ને અહીંયાં ? સમ્યગ્દર્શન ત્રિકાળી જ્ઞાયક છે તેને અનુભવમાં લીધો છે. પર્યાયદૃષ્ટિ છોડી, રાગદૃષ્ટિ છોડી, નિમિત્તદૃષ્ટિ છોડી અને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને સમ્યગ્દર્શનમાં પોતા તરીકે માનવાનો, સત્તાનો સ્વીકાર થઈ ગયો છે. આહા..હા...! નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્દર્શન. છતાં અહીં કહે છે કે પર્યાયમાં નિર્મળતા પ્રગટ થઈ છે તેનો પણ ધર્મીને અનુભવ છે અને જ્ઞાયક તરફનું લક્ષ છે માટે એનો પણ અનુભવ છે. અનુભવ તો પર્યાય છે પણ એના તરફના જે જોરવાળી પર્યાય છે એનો પણ અનુભવ છે, પર્યાયનો અનુભવ છે. એ બેનો અનુભવ હોવા છતાં ધર્મીની દૃષ્ટિ પર્યાયથી ઉદાસ છે. આહા..હા...! આવી વાતું. આ તો આ કરો અને આ કરો. આ વ્રત કરો અને અપવાસ કરો, પડિમા લ્યો, મરી ગયો લઈ લઈને. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રણ લોકનો નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર વીતરાગની આ વાણી છે. એ વાણીને સંતો સ્પષ્ટ કરીને જગત પાસે જાહેર કરે છે કે ભગવાન આમ કહે છે. ત્રિલોકનાથ જિનેશ્વરદેવ આમ ફરમાવે છે, આમ કહે છે, ભાઈ ! તને તારું સમ્યગ્દર્શન–સુખનો પંથ ક્યારે થાય ? – કે તારી દૃષ્ટિ નિમિત્તથી ઊઠી, રાગના, દયા-દાનના વિકલ્પથી દૃષ્ટિ ઊઠી, એક સમયની પર્યાય ઉપરથી દૃષ્ટિ ઊઠી... આહા..હા...! ત્રિકાળી ચૈતન્યજ્યોત ભગવાન પરમાનંદસ્વરૂપ (છે), એમ જિનેશ્વરનો પોકાર છે. એની દૃષ્ટિ કરતાં એને પર્યાયમાં આનંદનો સ્વાદ આવે. અહીંયા અનુભવવું કહેવું છે ને ? એ સ્વાદ આવે એને અનુભવે અને ત્રિકાળી વસ્તુને પણ લક્ષમાં લીધી માટે એને પણ અનુભવે એમ કહેવામાં આવે. એ બેનો અનુભવ હોવા છતાં સાધકની દૃષ્ટિ વર્તમાન પર્યાયના અનુભવ ઉપર ટકતી નથી. આહા..હા...! ત્રણ લોકનો નાથ જ્ઞાયકભાવ હું છું ત્યાં દૃષ્ટિનું જોર છે. સમજાણું કાંઈ ? અનુભવ ઉપર પણ એની દૃષ્ટિનું જોર નથી. આવી વાતું હવે.

ભાઈ ! વીતરાગમાર્ગ આ છે ભાઈ ! આહા..હા...! એ કોઈ સાધારણ વાત નથી. અને એ માર્ગ આવો વીતરાગ સિવાય ક્યાંય બીજે ક્યાંય નથી. અરે..! ક્યાંય શું ? શ્વેતાંબર અને સ્થાનકવાસીમાં પણ આ વસ્તુ નથી. આહા..હા...! ભાઈ ! આ તો અલૌકિક વાતુ છે. આહા..હા...! કહે છે, આમાં પુનરૂક્તિ ન લાગે.

સાધકજીવ ત્યારે કહેવાય કે ત્રિકાળી ચૈતન્યમૂર્તિ ભગવાન ઉપર દૃષ્ટિ પડીને જેને આત્માનો સ્વાદ આવ્યો છે. આહા..હા...! એ સ્વાદને પણ અનુભવે અને ત્રિકાળીને પણ અનુભવે. કેમ કે લક્ષ ત્યાં છે એટલે ધ્રુવની ધારા પરિણતિમાં આવે છે. ધ્રુવ તો ધ્રુવમાં રહે છે. પણ દૃષ્ટિમાં ધ્રુવનું જોર થયું એથી જાણે ધ્રુવનો અનુભવ છે એમ કહેવામાં આવે છે. આહા..હા...! અલૌકિક વાતું છે, બાપુ ! આ તો ત્રણ લોકના નાથ સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે ત્યાંથી આ વાત આવેલી છે. આહા..હા...!

**શ્રોતા :–** અહીં તો આપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આહા..હા...! આહા..હા...! અમે તો સાક્ષાત્ ભગવાન પાસે સાંભળી છે ને !! એ વાત છે, બાપુ ! શું કહીએ ? આહા..હા...!

આમાં ત્રણ વાત કરી. એક તો બાહ્યને–પર્યાય નિર્મળ છે તેને બાહ્ય કહ્યું અને ત્રિકાળી જ્ઞાયક છે તેને અભ્યંતર કહ્યું. બન્નેનો અનુભવ પર્યાયમાં હોવા છતાં, સાધકની દૃષ્ટિ અનુભવની પર્યાય ઉપર ટકતી નથી. ત્યાંથી ઉદાસ થઈને દ્રવ્ય ઉપર જોર કરે છે. આહા..હા...! હવે લોકો ક્યાં પડ્યા અને ક્યાં માને છે ! કાંઈ ખબર ન મળે. એક વાત (થઈ).

'નિયમસાર'ની પાંચમી ગાથામાં એમ કહ્યું કે બાહ્યતત્ત્વ અને અભ્યંતરતત્ત્વ એવો જે પરમાત્મ જ્ઞાયકસ્વરૂપ ભગવાન અને બાહ્યતત્ત્વ એટલે પર્યાય, બેની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે, નિશ્ચય નહિ. બે આવ્યા ને ? એક ન રહ્યો. ત્રીજી વાત–૨૪૨ ગાથામાં એમ કહ્યું કે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ્ઞેય અને જ્ઞાયકની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. એ જ્ઞાનની પ્રધાનતા કરીને જ્ઞેયનું પણ જ્ઞાન છે, જ્ઞાયકનું પણ જ્ઞાન છે અને એમાં યથાર્થ નિર્વિકલ્પ પ્રતીતિ થવી તેને સમ્યગ્દર્શન (કહે છે). એ જ્ઞાનપ્રધાન કથન છે. આહા..હા...! તેમ જ નવ તત્ત્વની તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શન જે કહ્યું એ પણ આ રીતે જ્ઞાનપ્રધાન કથન છે. આહા..હા...!

આવો માર્ગ વીતરાગનો છે. આહા..હા...! એક દિગંબર ધર્મમાં એ વાત છે, બીજે ક્યાંય છે નહિ. બાપુ ! પણ એમાં જન્મ્યા એને હજી ખબર ન મળે. વાડામાં જન્મ્યા, ૫૦-૬૦ વર્ષ કાઢ્યા તો પણ શું ? શું જૈનદર્શન છે અને શું સમકિત છે ? આહા..હા...! આ તો પૂજા કરો, વ્રત પાળો અને પડિમા લઈ લ્યો. એ તો બધી રાગની ક્રિયા છે. આહા..હા...!

અહીં પરમાત્મા ત્રિલોકનાથે કહેલું તે સંતો આડતિયા થઈને જગત પાસે જાહેર કરે છે. દિગંબર સંતો,... આહા..હા...! જેને ભાવલિંગ પ્રગટ્યું છે. પ્રચુર આનંદનો જેને સ્વાદ છે. ચોથે ગુણસ્થાને આનંદનો સ્વાદ થોડો છે. જેને સાચા મુનિ કહેવાય એને તો અતીન્દ્રિય પ્રચુર ઉગ્ર આનંદ છે. આહા..હા...! એવા ઉગ્ર આનંદમાં રહેલા પ્રભુ–સંતો એને આ ગાથા કે ટીકા કરવાનો એક વિકલ્પ આવ્યો. આહા..હા...! એ વિકલ્પના પણ તે કર્તા નથી અને ટીકાના શબ્દો છે એના એ કર્તા નથી. આહા..હા...! એ એમ કહે છે કે પરમાત્મા જિનેશ્વરદેવ ત્રિલોકનાથ તીર્થંકર એની જાહેર દિવ્યધ્વનિમાં આ આવ્યું છે કે એક સમયની પર્યાય નિર્મળ થઈ તેને જાણે, વેદે, ત્રિકાળને વેદે છતાં તે સાધકની દૃષ્ટિ આ અનુભવ થયો અને આ પર્યાય થઈ એના ઉપર એનું જોર નથી. 'મનસુખભાઈ'! ક્યાં ન્યાં દુકાનમાં આ સાંભળવા મળે નહિ. એમાં વળી ત્રણે જુદા થયા. એ.. મજુર ! આહા..હા...! 'શાંતિભાઈ'! અહીં તો એ વાત છે, બાપા ! આહા..હા...!

અરે..રે..! જિંદગી પૂરી થઈ જશે. આયુષ્યના... મોતના નગારા માથે વાગે છે. ક્યે સમયે દેહ છૂટી જશે, ફડાક દઈને..! આહા..હા...! એ પહેલું કહેવા નહિ આવે કે હવે હું મૃત્યુ આવું છું. દેહનો સંયોગ છે તે વસ્તુ વિયોગયોગ્ય જ છે. આ તો એક ક્ષેત્રે છે એટલે એમ કહેવાય. બાકી અત્યારે સંયોગ છે અને ક્ષેત્રથી છૂટો પડ્યો ત્યારે એને દેહનું મરણ કહેવાય છે. દેહ છૂટ્યો. મરણ તો નથી પરમાણુનું અને મરણ નથી આત્માનું. આ પર્યાયનો વ્યય થાય છે એથી એને મરણ કહેવામાં આવે છે. એ પહેલા પ્રભુ ! તું કોણ છો ? આહા..હા...!

'નિયમસાર'માં પાંચમી ગાથામાં તો ત્યાં સુધી કહ્યું, બહિર્તત્ત્વ અને અંતરતત્ત્વ એવું જે પરમાત્મતત્ત્વ. બહિર્તત્ત્વ નામ પર્યાય. એ તો ૩૮ ગાથામાં આવ્યું છે ને ? **'बहित्तच्चं'** **'जीवादिहित्तच्चं'** જીવની એક સમયની પર્યાય એ પણ બહિર્તત્ત્વ છે. આહા..હા...! જીવની એક સમયની નિર્મળ પર્યાય, સંવર-નિર્જરાની શુદ્ધ નિર્મળ પર્યાય, એને પણ પ્રભુ બહિર્તત્ત્વ કહે છે. એક સમયની છે ને ? અને અંતરમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ (છે) તેને પરમાત્મા અંતઃતત્ત્વ કહે છે. ભાષા તો સાદી છે, પ્રભુ ! માલ તો છે એ છે. આહા..હા...! એ બાહ્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તત્ત્વ અને અભ્યંતર તત્ત્વની શ્રદ્ધા એ પણ હજી વિકલ્પ અને વ્યવહાર સમકિત છે. કોને ? કે જેને જ્ઞાયકસ્વભાવની એકલી અનુભવ, પ્રતીત થઈ છે એને આ બાહ્યતત્ત્વ અને અભ્યંતર તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? તેથી આ લોકો રાડો પાડેને ? એ..ય..! 'સોનગઢ'વાળાએ સમકિતને મોંઘુ કરી દીધું. ભાઈ ! મોંઘુ તો ભગવાન કહે છે, આ કાંઈ 'સોનગઢ'નું નથી. આહા..હા...! ભાઈ ! ત્રણ લોકનો નાથ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિમાં આવ્યું તે આ છે. આહા..હા...! ભાઈ ! તેં સાંભળ્યું ન હોય માટે કાંઈ તત્ત્વ બીજું થઈ જાય ? આહા..હા...!

દયા-દાન, ભક્તિનો વ્યવહાર સમકિતનો વિકલ્પ જે છે એ તો અશુદ્ધ બાહ્યતત્ત્વ. એ તો ક્યાંય બાહ્ય રહી ગયું પણ અહીંયાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય જે સ્વ ત્રિકાળને અવલંબે થઈ એને પણ બાહ્યતત્ત્વ કહી અને એનો અનુભવ છે અને અંતર અભ્યંતર તત્ત્વનો અનુભવ છે છતાં સાધકની દૃષ્ટિ અનુભવની પર્યાયમાં રોકાતી નથી. આહા..હા...! આવી વાતું છે, બાપુ ! ઘણા માણસો આવ્યા છે. આજે પણ આવ્યા છે. ત્રણ દિ'થી ઘણું માણસ આવે છે. આ તો માર્ગ આવો છે, બાપા ! આહા..હા...! એના હજી જ્ઞાન પણ સાચા નથી એને સમ્યગ્દર્શન થાય ક્યાંથી ? આહા..હા...! સમજાણું કાંઈ ? એમ હોવા છતાં વ્યક્તપણે ઉદાસીનપણે એટલે કે પર્યાયથી ઉદાસ છે, પર્યાયમાં ત્યાં દૃષ્ટિ થંભતી નથી. આહા..હા...!

**શ્રોતા :–** ઉદાસીન ?

**પૂજ્યુ ગુરુદેવશ્રી :–** ઉદાસીન એટલે પર્યાયથી ઉદાસીન આસન છે અને દ્રવ્ય પર એની દૃષ્ટિ છે. આહા..હા...! એક જણો કહે કે આ 'સમયસાર' હું પંદર દિવસમાં વાંચી ગયો. બાપા ! એ 'સમયસાર' શું છે ?

**શ્રોતા :–** તેના અક્ષરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અક્ષરો. પાના તો જડ છે પણ તેનો ભાવ શું છે ? આહા..હા...! એ દિગંબર સંતો 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય'... આહા..હા...! કેવળીના કેડાયતો એનો આ પોકાર છે કે ભગવાન આમ કહે છે, ભાઈ ! આહા..હા...! આહા..હા...!

આહા..હા...! આ તો જરી પેલા ઉપર વિચાર ગયો ને ? 'નિયમસાર'ની પાંચમી ગાથા. બહિર્તત્ત્વ-અંતઃતત્ત્વ એની શ્રદ્ધાને વ્યવહાર સમકિત કહ્યું. વિકલ્પ. આહા..હા...! અને ત્યાં ૨૪૨મા એમ કહ્યું કે જ્ઞેય અને જ્ઞાયકની પ્રતીતિ તે નિશ્ચય સમ્યગ્દર્શન. એ જ્ઞાનપ્રધાન કથન છે. આહા..હા...! બહુ માર્ગ (ઝીણો). આહા..હા...! અરે...! આવો મનુષ્યભવ મળ્યો, એમાં જૈનસંપ્રદાયમાં જન્મ, એમાં દિગંબરમાં જન્મ એ તો પુણ્યશાળી હોય. એને આ દિગંબર ધર્મ શું છે એ એને જાણવો જોઈએ, ભાઈ ! આહા..હા...!

**'માટે અવ્યક્ત છે.'** છે ? આ તો એક છેલ્લા બોલનો આ બધો અર્થ ચાલ્યો. ભગવાન આત્મા ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વર્તમાન પર્યાય પ્રગટ છે, એનો પર્યાયનો પણ અનુભવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે અને ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપનો પણ અનુભવ છે. ધ્રુવ તો ધ્રુવ છે. અનુભવ ધ્રુવનો ન હોય, અનુભવ તો પર્યાય છે. પણ ધ્રુવ તરફના જોરવાળી પર્યાય છે એને ધ્રુવનો અનુભવ કહે છે અને પર્યાયનો અનુભવ છે એ વેદન પર્યાયનું કહે છે. આહા..હા...! કેટલી અપેક્ષા આવે આમાં ! આહા..હા...! 'સોમચંદભાઈ'! આવું આ સ્વરૂપ છે. આહા..હા...! શું કહે ?

**શ્રોતા :–** પર્યાય ઉપરની દૃષ્ટિ હઠાવી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કારણ કે પર્યાય છે એ એક સમયમાત્રની છે. વિકાર છે એ તો જુદો પણ નિર્મળ પર્યાય છે એ એક સમય માટેની છે અને તેથી તે નાશવાન છે. શુદ્ધપર્યાય, ધર્મપર્યાય, મોક્ષના માર્ગની પર્યાય. આહા..હા...! એનું વેદન હો અને ત્રિકાળી જ્ઞાયકનું પણ વેદન હો. છતાં તે જ્ઞાયક-ધર્મી-સાધકની દૃષ્ટિ અનુભવની પર્યાય ઉપર ટકતી નથી. આમ અંતરમાં ગુલાંટ ખાય છે. આહા..હા...! દ્રવ્ય સ્વભાવ ઉપર જેની દૃષ્ટિનું જોર છે. આહા..હા...! શું કહે છે આ ? બીજાને કેટલું લાગે કે આ તે શું ? આ તે જૈનધર્મ આવો હશે ? એ બાપા ! જૈનધર્મ કોઈ પંથ નથી, જૈનધર્મ કોઈ પક્ષ નથી. જૈનધર્મ વસ્તુનું સ્વરૂપ છે તે જૈનધર્મ છે. આહા..હા...!

'જિન સોહી આત્મા, અન્ય સોહી કર્મ એહી બચન સે સમજ લે જિન પ્રવચન કા મર્મ.' 'ઘટ ઘટ અંતર જિન વસે અને ઘટ ઘટ અંતર જૈન.' 'ઘટ ઘટ અંતર જિન વસે.' ભગવાન જિન અંદર ઘટઘટમાં બિરાજે છે. વસ્તુ દ્રવ્ય સ્વભાવ એ જિનસ્વરૂપ છે. 'ઘટ-ઘટ અંતર જિન વસે અને ઘટ-ઘટ અંતર જૈન.' એ જિન સ્વરૂપની જે પ્રતીતિ અનુભવ થઈને થાય તેને જૈન કહેવામાં આવે છે. એ કોઈ પક્ષ નથી. એ તો વસ્તુનો સ્વભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! એ છ બોલ થયા. એક અવ્યક્તના છ બોલ છે. કાલે આપણે ત્રણ ચાલ્યા હતા. પરમ દિવસ બે ચાલ્યા હતા અને આજે આ એકમાં આ બધું (ચાલ્યું).

**'આ પ્રમાણે'** હવે બીજી લીટી છે ને ? **'આ પ્રમાણે રસ,...'** ભગવાન રસ વિનાનો છે એ આવી ગયું. છ બોલ. એક-એકના છ બોલ. **'રૂપ,...'** વિનાનો. ગંધ વિનાનો, સ્પર્શ વિનાનો, શબ્દ વિનાનો. શબ્દની પર્યાય વિનાનો ભગવાન છે–આત્મા. સંસ્થાન વિનાનો અને **'વ્યક્તપણાનો અભાવ'** એટલે આ અવ્યક્ત. એવો **'હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી...'** આહા..હા...! પોતાના સ્વ નામ આનંદનો નાથ પ્રભુ ! એનું સંવેદન–વેદનના બળથી **'પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...'** આહા..હા...! આવા છ-છ બોલે નિષેધ કરતા આવ્યા પણ છતાં કહે છે કે હવે અસ્તિત્વ તો કેવડું છે એ ?

રસ આદિનો **'અભાવ હોવા છતાં પણ સ્વસંવેદનના બળથી...'** આનંદનું વેદન અંદર થાય. આહા..હા...! સ્વ નામ પોતાનું, વેદન એટલે અતીન્દ્રિય આનંદનું વેદન. આહા..હા...! અતીન્દ્રિય જ્ઞાનનું વેદન. આહા..હા...! અતીન્દ્રિય શ્રદ્ધા સમ્યગ્દર્શનનું વેદન આદિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સ્વસંવેદનના બળથી પોતે સદા પ્રત્યક્ષ હોવાથી,...'** સદા પ્રત્યક્ષ છે એ તો. આહા..હા...! ચૈતન્યના તેજના નૂરનું પૂર. ભગવાન ચૈતન્યના નૂરના તેજનું પૂર સદા પ્રત્યક્ષ પડ્યું છે. તારી નજરું ત્યાં ગઈ નથી. આહા..હા...! આહા..હા...!

બેનના શબ્દોમાં આવ્યા ને પહેલો બોલ ? બેનના વચનામૃત. જાગતો જીવ ઊભો છે ને. એ ક્યાં જાય ? શું કહ્યું એમાં ? વચનામૃત વાંચ્યું 'સોમચંદભાઈ'!? વાંચ્યુ કે નહિ ? એકવાર ? અત્યારે તો વચનામૃત ચારે કોર હિન્દુસ્તાનમાં (પહોંચી ગયા છે). પણે જાલના છે, જાલના. ત્યાં વીસ વર્ષની દીક્ષાવાળો દિગંબર સાધુ છે 'ભવ્યસાગર' આ વાંચન પહેલા મારું એક આવ્યું હતું, (એ કહે), સ્વામીજી ! આ શું કર્યું તમે ? ૨૦૦ વર્ષમાં આ વાત હતી નહિ, તમે ક્યાંથી કાઢી આ ? ૨૦ વર્ષની દીક્ષા છે. ... કર્યું છે. અહીંયા બહુ આવવા માગે છે. મને બોલાવો... બોલાવો... બાપા ! અમે તો કોઈને બોલાવતા નથી. ઘણા સાધુ આવવા માગે છે. અહીં એ ઉપાધિ કોણ કરે ? આવીને ક્યાં એને સ્થાન (આપવું) ? એને ખાવાનું (શું) ? કોણ ઉપાધિ કરે ?

એ પોતે 'ભવ્યસાગર' બહેનના પુસ્તકો ૭૦૦ મગાવ્યા હતા. ૭૦૦ આ મોટા છે ને ? બધે આપે છે, વહેંચે છે. ત્યાં એક સ્થાનકવાસી સાધુ છે, મોટા આચાર્ય (છે). 'આનંદઋષિ' કરીને. સ્થાનકવાસીના મોટા. એને પગે લાગવા હજારો માણસો આવે. એ બધા આની પાસે આવે. અને આ વચનામૃતનું નામ બહાર પડી ગયું છે ને ! તે માગે બધા. સ્થાનકવાસી માગે છે કે અમને વચનામૃત આપો. આ કહે હું એને ૨૦ મિનિટની શર્તે આપું કે ૨૦ મિનિટ હંમેશા વાંચવું. જાલના છે ને ? ત્યાં મહારાષ્ટ્રમાં. ચારેકોર ઘણો પ્રચાર થયો. હવે આ તો 'લંડન'માં આનો પ્રચાર છે ને ? વાંચન ચાલે છે. 'આફ્રિકા'માં તો આ મોટું ૧૫ લાખનું મંદિર થયું ને ? આ જેઠ સુદ ૧૧. ૧૫ લાખનું મૂહૂર્ત કર્યું છે. દોઢેક વર્ષમાં તૈયાર થશે. 'આફ્રિકા'માં ૨૦૦૦ વર્ષથી ત્યાં કોઈ દિ' મંદિર નહોતું. દિગંબર મંદિર. એ આ ભાઈ. આ બેઠા નહિ, જુઓને ! એ બધા ગૃહસ્થ. 'અજીતભાઈ'! પૈસાવાળા. ૬૦-૭૦ લાખ રૂપિયા છે. એવા તો ઘણા આપણા ૬૦ ઘર છે. બધા શ્વેતાંબર દિગંબર થઈ ગયા. અને ૧૫ લાખનું મંદિર નાખ્યું છે. બાપુ ! આ તો માર્ગ પરમાત્મનો ત્રિકાળ સત્ય છે, ભાઈ ! એને પહેલા જાણો તો ખરા ! આહા..હા...!

એ અહીં કહે છે કે પોતાના સ્વસંવેદનના બળથી. જોયું ? **'પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...'** એમ. રાગને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. આહા..હા...! દેવ-ગુરુની સહાયતાને લઈને નહિ. **'પોતે સદા પ્રત્યક્ષ હોવાથી...'** ભગવાન ચૈતન્યજ્યોત. મતિ અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થયો ત્યારે સદા પ્રત્યક્ષ આ હતો. આહા..હા...! છે ? આ તો અધ્યાત્મ ટીકા છે, ભાઈ ! આ કાંઈ કથા-વાર્તા નથી. આ તો ભગવત્ સ્વરૂપ ભગવાન આત્માની ભાગવત્ કથા છે. પેલા ભાગવત્ કથા કહે છે એ જુદી, આ તો સાચી ભાગવત્ કથા છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'સદા પ્રત્યક્ષ...'** આટલા શબ્દોમાં બહુ નાખ્યું છે. આનો અભાવ હોવા છતાં, વ્યક્તપણાનો અભાવ હોવા છતાં હવે પ્રત્યક્ષ અસ્તિ કહે છે. સ્વસંવેદનનના બળથી. આહા..હા...! એ જ્ઞાન અને આનંદનું વર્તમાન સ્વનું વેદન, એના બળથી પોતે સદા સદા પ્રત્યક્ષ છે. વર્તમાન પ્રત્યક્ષ થયો તો એ વસ્તુ સદા પ્રત્યક્ષ જ હતી. આહા..હા...!

અરે..! મૃત્યુ પહેલાં જો આ વાત નહિ જાણે, નહિ કરે (તો) ભાઈ ! ક્યાં જશે ? આહા..હા...! એ વંટોળીયાના તરણા ઊડીને ક્યાં પડશે ? એમ જેને મિથ્યાભાવ પડ્યો છે... આહા..હા...! એ ઊડીને ક્યા ભવે ક્યાં જશે ? તેથી આ ભવમાં એણે અનંત-અનંત પુરુષાર્થ કરીને બહારથી નિવૃત્તિ લઈને આનો એણે નિર્ણય કરવો પડશે. આહા..હા...! દુનિયા માને, ન માને, વખાણે, ન વખાણે. દુનિયા કહે, ભાન વિનાનો છે. લ્યો આત્મા-આત્મા કરે છે. કહો દુનિયા. આહા..હા...!

અહીં કહે છે, **'પોતે સદા પ્રત્યભ હોવાથી અનુમાનગોચરમાત્રપણાના અભાવ...'** શું કહે છે ? કે જ્ઞાન ત્યાં આત્મા અને આત્મા ત્યાં જ્ઞાન એવો જે અનુમાન એનો પણ અહીંયાં તો અભાવ છે. વ્યક્તપણાનો અભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! **'અનુમાનગોચરમાત્રપણાનો અભાવ...'** છે. અનુમાનથી જડાયેલો આત્મા છે નહિ. સમજાણું કાંઈ ? 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' માં તો એમ આવ્યું છે, અનુમાન કર્યું એનો પછી અનુભવ કરે છે. આમ પાંચ અંગ વર્ણવ્યા છે ને ? ખબર છે. આગમ આદિ પાંચ. એ તો પહેલાં અનુમાન કર્યો છે એ અનુમાન તો વ્યવહાર છે. આ જ્ઞાન તે આત્મા અને આત્મા તે જ્ઞાન, એમ. પછી અંદર પ્રત્યક્ષ થાય છે ત્યારે અનુમાનને વ્યવહાર કહેવામાં આવે. એનાથી થયું નથી. આહા..હા...! આવું સ્વરૂપ ! જિનેશ્વર ત્રણ લોકના નાથનો પંથ અલૌકિક છે. પ્રથમ સમ્યગ્દર્શનનો પંથ જ અલૌકિક છે. ચારિત્ર તો પછી. હજી એ ચારિત્ર તો ક્યાં છે ? બાપા ! સમજાણું કાંઈ ?

**'અનુમાનગોચરમાત્રપણાનો અભાવ...'** એટલે અનુમાન, એકલું અનુમાન માત્ર નથી એમ કહે છે. અનુમાન હો, પણ અનુમાનમાત્ર નથી એમ કહે છે. એ તો પ્રત્યક્ષ થાય છે. આહા..હા...! આવો ઉપદેશ હવે. બાપુ ! આ માર્ગ છે. ભાઈ ! એ જન્મ-મરણના દુઃખમાં તણાઈ ગયો છે. આહા..હા...! એનાથી છૂટવાનો પંથ પ્રભુ ! 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ ! આ એક પંથ છે. આહા..હા...! કહે છે **'(જીવને) અલિંગગ્રહણ કહેવામાં આવે છે.'** અનુમાનગોચર નથી માટે અલિંગગ્રહણ, એમ. લિંગ–અનુમાન લિંગ છે એનાથી જાણવામાં આવતો નથી માટે અલિંગગ્રહણ. અહીં સંકેલ્યું. 'પ્રવચનસાર'માં અલિંગગ્રહણના ૨૦ બોલ. આહા..હા...!

હવે, **'પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે...'** આહા..હા...! જાણનારો બીજાને જાણનારો પણ જાણનારો તો પોતે જાણનારમાં છે. બીજાને જાણે છે તે કાળે પણ જાણનારો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જાણનારમાં છે. આહા..હા...! બીજાને જાણે છે કે આ છે... આ છે... આ છે... પણ એ જાણનારો જાણનારમાં રહીને જાણે છે. આહા..હા...! એમ જાણનારો જાણનારમાં રહીને પોતે કોણ છે ? એ જાણનારને જાણવો. આહા..હા...! જણાય છે તેને જાણવો નહિ. આહા..હા...! આવી વાતુ છે.

**'ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં પ્રકાશમાન છે...'** આહા..હા...! પોતાના અનુભવમાં આવતા ચેતનાગુણ વડે. કોઈ એમ કહે કે મને હું જણાતો નથી. મને હું જણાતો નથી એવો નિર્ણય શેમાં કર્યો ? એ ચૈતન્ય સત્તામાં નિર્ણય કર્યો. આહા..હા...! **'ચેતનાગુણ વડે સદાય અંતરંગમાં...'** અંતરંગમાં, હોં ! ત્રિકાળ. પ્રકાશમાન છે. **'તેથી (જીવ) ચેતનાગુણવાળો છે.'** છે ને ? મૂળ પાઠમાં એ લીધું છે. ચેતનાગુણવાળો છે. આ તો આત્માને (કહે છે), નહિતર એ ચેતનાસ્વરૂપ જ છે. આ તો આ નથી એટલે આ વાળો છે એમ કહેવું છે. આહા..હા...!

**'ચેતનાગુણવાળો છે. કેવો છે ચેતનાગુણ ? જે સમસ્ત વિપ્રતિપત્તિઓનો (જીવને અન્ય પ્રકારે માનવારૂપ ઝઘડાઓનો) નાશ કરનાર છે,...'** જીવને એમ માનવો કે પરનો કર્તા છે, રાગવાળો છે, પૂણ્યવાળો છે. આહા..હા...! એ બધા ચેતનાગુણને સમજે તો બધા ઝઘડા ટળી જાય છે. આહા..હા...! એ તો જાણનારો ભગવાન છે, કોઈનો કરનારો એ નથી. રાગનો કર્તા પણ ચેતનાગુણ નથી. ચેતનાગુણ સ્વ-પરને પ્રકાશનારો ભગવાન પ્રત્યક્ષ છે. એને ચેતનાગુણ વડે સમસ્ત વિપ્રતિપત્તિઆ—વિરોધ કરનારાઓ જે ભાવ, એના ઝઘડાનો નાશ કરનાર છે. રાગ આત્મા, પર આત્મા, અજીવ આત્મા, પરનું કરે એ બધા ઝઘડાનો ચેતનાગુણ વડે કરીને નાશ થાય છે. આહા..હા...! એ તો જાણનાર-દેખનાર ભગવાન ચંદ્ર શીતળ પ્રકાશ જેમ છે એમ જાણનાર-દેખનાર શાંત-પ્રશાંત રસનો પીંડ પ્રભુ છે. આહા..હા...!

**'જેણે પોતાનું સર્વસ્વ...'** આહા..હા...! કોણે ? ચેતના ગુણે. ચેતનાગુણ એણે સમસ્ત **'પોતાનું સર્વસ્વપણું ભેદજ્ઞાની જીવોને સોંપી દીધું છે.'** જે કોઈ રાગથી ભિન્ન કરે છે તેને ચેતનાગુણનું સર્વસ્વ સોંપી દીધું. આ ચેતના છે અને આ રાગ નહિ (એમ ભેદ કરનારા) ભેદજ્ઞાનીએ એને સોંપી દીધું છે. ચાહે તો દયા-દાન-વ્રતનો વિકલ્પ હો પણ એ આત્મા નહિ. આહા..હા...! એ તો ચેતનાગુણવાળો ભગવાન છે. ભેદજ્ઞાની–રાગથી ભેદ કરનારને આ વાત સોંપી દીધી છે, કહે છે. આવી વાતું !

**'જે સમસ્ત લોકાલોકને ગ્રાસીભૂત કરી જાણે કે અત્યંત તૃપ્તિ વડે ઠરી ગયો હોય...'** આહા..હા...! શું કહે છે ? ચેતનાગુણ છે તે તેની પર્યાયમાં પણ, ગુણમાં પણ લોકાલોકને જાણે અને તેની પર્યાયમાં પણ લોકાલોકને જાણે, સાધકની પર્યાય... આહા..હા...! એવા ચેતનાગુણ જે લોકાલોકને પર્યાયથી જાણે, શક્તિથી જાણે, બે છે. લોકાલોકને તો ગ્રાસીભૂત. કોળિયો કરી જાય. મોઢું મોટું અને કોળિયો નાનો. એમ જ્ઞાનની પર્યાયની તાકાત અનંતી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અને લોકાલોક તો કોળિયો કરી જાય. આહા..હા...! આહા..હા...! ત્રિકાળી ગુણમાં તો શક્તિ છે પણ ત્રિકાળી ચેતનાગુણને જેણે જાણ્યો એની પર્યાય પણ લોકાલોકને કોળિયો કરી જાય છે. આહા..હા...! કોળિયો નાનો હોય અને મોઢું મોટુ હોય. એમ જાણનારની પર્યાય લોકાલોકને જાણે છતાં પર્યાયની તાકાત અનંતગુણી છે. આહા..હા...!

**'જાણે કે તૃપ્તિ વડે ઠરી ગયો હોય તેમ...'** જેમ લાડવા ખાઈને બ્રાહ્મણ ઠરી ગયો હોય, એમ આત્માની તૃપ્તિ વડે તૃપ્ત-તૃપ્ત થઈ (ગયો). આહા..હા...! શાંતિ અને જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જાણે છતાં એ તો કોળિયો કરી ગયો. એવી જે જ્ઞાનની પર્યાય અને શાંતિની પર્યાય થઈ... આહા..હા...! અત્યંત તૃપ્તિ થઈ ગઈ. સમ્યગ્દષ્ટિ જ્ઞાનીને અંતર પર્યાયમાં તૃપ્તિ થઈ ગઈ. મારો નાથ કૃત્ય કૃત્ય પ્રભુ પૂર્ણ છે એને મેં જાણ્યો એ પર્યાય પણ કૃત્ય કૃત્ય થવાને લાયક થઈ ગઈ. પૂર્ણ કૃત્ય કૃત્ય કેવળજ્ઞાન એને લાયક થઈ ગઈ. આહા..હા...!

**'તેમ (અર્થાત્ અત્યંત સ્વરૂપ-સૌખ્ય વડે તૃપ્ત તૃપ્ત હોવાને લીધે સ્વરૂપમાંથી બહાર નીકળવાનો અનુદ્યમી હોય તેમ)..'** આહા..હા...! અંતરના આનંદના અનુભવમાંથી બહાર નીકળવું એને ગોઠે નહિ. **'સર્વ કાળે કિંચિત્માત્ર પણ ચલાયમાન થતો નથી અને એ રીતે ...'** જરી એમાં જોર આપ્યું છે. જે જ્ઞાનપર્યાય પ્રગટી છે એ હવે ફરીને ચલાયમાન થતી નથી એમ કહે છે. ૩૭ મી ગાથા. **'અન્યદ્રવ્યથી અસાધારણપણું હોવાથી જે (અસાધારણ) સ્વભાવભૂત છે.'** ચેતનાગુણ. વિશેષ કહેવાશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

---

જ્ઞાતાપણું જ આત્માનું સ્વરૂપ હોવાથી, તેમાં રાગનું કર્તૃત્વ આવતું નથી. કેમ કે તેને પોતાના અનંત ગુણોમાં 'રાગને કરવું' એવો કોઈ ગુણ નથી. રાગના એક કણનું પણ કર્તૃત્વ જે માને છે તે આખા લોકનો કર્તા થાય છે. વ્રતાદિ શુભભાવનો પણ જે કર્તા થાય છે તે આખા વિશ્વનો કર્તા થાય છે; કેમ કે જેમ જાણનાર એકને જાણે તે બધાને જાણે એવો તેનો સ્વભાવ છે, તેમ અકર્તાસ્વભાવથી–જ્ઞાતાસ્વભાવથી–ભ્રષ્ટ જીવ પોતાને એક અણુમાત્ર રાગનો પણ કર્તા માને – રાગ મારું કાર્ય છે એમ માને તો તેમાં આખા લોકનું કર્તૃત્વ આવી જાય છે.

('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૧૨૦)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, ગાથા–૧૭-૧૮, પ્રવચન નં. ૭૬
## તા. ૧૫-૧૦-૧૯૬૬
## [૧૭]

૧૭ અને ૧૮ મી ગાથા. જીવ-અજીવ અધિકાર.

**जह णाम को वि पुरिसो रायाणं जाणिऊण सद्दहदि।**
**तो तं अणुचरदि पुणो अत्थत्थोओ पयत्तेण।।१७।।**
**एवं हि जीवराया णादव्वो तह य सद्दहेदव्वो।**
**अणुचरिदव्वो य पुणो सो चेव दु मोक्खकामेण।।१८।।**

**જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે, પછી શ્રદ્ધા કરે,**
**પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે; ૧૭.**
**જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,**
**એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.**

**ટીકા :– 'નિશ્ચયથી'** ખરેખર **'જેમ કોઈ ધન-અર્થી પુરુષ....'** ધનનો અર્થી પુરુષ. પોતાના શરીરની આજીવિકાનો અર્થી. સમજાણું ? પોતાના જીવનનો અર્થી. જીવવું છે એવું એને પ્રયોજન છે એવો એ ધનનો અર્થી આત્મા. જેને આત્માના જીવનની (દરકાર છે), સંસારના જીવનની દરકાર નથી એ તો કાંઈ લક્ષ્મીની સેવા કરતો નથી. લક્ષ્મી સંપન્ન રાજાની સેવા નથી કરતો. **'ધન-અર્થી પુરુષ બહુ ઉદ્યમથી...'** પ્રયત્ન શબ્દ પડ્યો છે ને ? 'પ્ર' એટલે વિશેષ ઉદ્યમથી. ઘણા **'ઉદ્યમથી પ્રથમ તો રાજાને જાણે કે આ રાજા છે,...'** જુઓ ! પહેલામાં પહેલો લક્ષ્મીનો અર્થી આ જીવનનો અર્થી, આજીવિકાનો અર્થી, આ તો દૃષ્ટાંત છે, હોં! રાજાને જાણે કે આ રાજા છે. એના છત્ર, ચામર આદિ ચિહ્નથી, બીજાથી જુદા પડતા લક્ષણથી આ રાજા છે એમ જાણે.

**'પછી તેનું જ શ્રદ્ધાન કરે...'** એનું જ શ્રદ્ધાન કરે. જાણ્યું કે આ જ રાજા છે. એ જ **'શ્રદ્ધા કરે કે 'આ અવશ્ય રાજા જ છે,'...'** એના લક્ષણો રાજાના છત્ર, ચામર આદિને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દેખીને નક્કી કરે કે આ જ રાજા છે. **'તેનું સેવન કરવાથી...'** અથવા આ રાજાની સેવા કરવાથી. જરૂર **'ધનની પ્રાપ્તિ થશે...'** મારી આજીવિકા અહીંથી મળશે. એ તો પુણ્યથી મળે. અહીં તો દૃષ્ટાંત આપવું છે, હોં ! આનું સેવન કરવાથી જરૂર મને લક્ષ્મીની પ્રાપ્તિ થશે.

**'અને ત્યાર પછી...'** જુઓ ! પહેલો રાજાને જાણે પછી શ્રદ્ધે, **'ત્યાર પછી તેનું જ અનુચરણ કરે,...'** એ રાજાનું જ આચરણ કરે, સેવા કરે. તેનું અનુચરણ કરે. પાઠમાં તો એટલું છે ને ? **'समये अनुचरति'** એનું પછી વિશેષ કર્યું છે. **'તેનું સેવન કરે, આજ્ઞામાં રહે, તેને પ્રસન્ન કરે;...'** સમજાય છે કાંઈ ? એ દૃષ્ટાંત થયો. હવે એનો સિદ્ધાંત.

**'તેવી રીતે મોક્ષાર્થી...'** જેવો પેલો ધનની અર્થી છે, આજીવિકાનો અર્થી છે, જીવનના નિર્વાહનો અર્થી છે એમ આ મોક્ષનો અર્થી છે. પહેલી એ જવાબદારી કે એને મોક્ષ નામ શુદ્ધ પૂર્ણ પરમાત્મ આનંદ દશા, એની પ્રાપ્તિની ભાવના છે. સમજાય છે કાંઈ ?

મોક્ષાર્થી. મોક્ષ. 'બીજો નહિ મને રોગ'. આવે છે ને ? 'આત્મસિદ્ધિ'માં. 'કામ એક આત્માર્થનું, બીજું નહિ મન રોગ.' મનમાં બીજો કોઈ રોગ (નથી) આબરૂનો, કીર્તિનો, દુનિયાનો કે કાંઈ પુણ્ય-ફળ થશે, એનાથી સ્વર્ગ મળે, લક્ષ્મી મળે, દીકરા થાય, આબરૂ મળે. જેને કોઈ ઇચ્છા નથી. એક મોક્ષ આત્માની પૂર્ણાનંદની પ્રાપ્તિ. સ્વરૂપની ઉપલબ્ધિની શુદ્ધિની પૂર્ણ પ્રાપ્તિ, એની જેને અભિલાષા છે. **'મોક્ષાર્થી'** આને મોક્ષાર્થી કહીએ. પુણ્યાર્થી નહિ. પુણ્યાર્થી નહિ, ગતિ અર્થી નહિ, સ્વર્ગ અર્થી નહિ, રાગ અર્થી નહિ કે રાજા થાઉં. સમજાય છે ?

**'મોક્ષાર્થી પુરુષે...'** લ્યો આવ્યું, જુઓ ! 'प्रथम एव आत्मा ज्ञातव्य' લોકો કહે ને પહલે ક્યા કરના ? પહેલું શું કરવું ? જેને આત્માનું હિત કરવું છે–આનંદની પ્રાપ્તિ કરવી છે, સ્વતંત્ર શાંતિ અને સુખ એવી જે મોક્ષદશા, એની જેની પ્રાપ્તિ કરવી છે એણે પહેલા શું કરવું ? **'પ્રથમ તો આત્માને જાણવો.'** લ્યો. પહેલામાં પહેલું એણે આત્માનો અનુભવ સ્વસંવેદનથી કરવો. આહા..હા...! 'શેઠી'! જાણવો એટલે આ શાસ્ત્રભાષા (જાણવી) એમ નહિ.

પ્રથમમાં પ્રથમ આત્માના પૂર્ણ આનંદની પ્રાપ્તિના અભિલાષીએ પહેલામાં પહેલો આત્મા જાણવો. 'ભીખાભાઈ'! પહેલું શું કરવું ? સાંભળવું ? સાંભળવાનું તો કાંઈ આવ્યું નહિ આમાં ! પહેલામાં પહેલો મોક્ષાર્થીએ (આત્માને જાણવો). કેમ કે એણે સાંભળ્યું છે, ગુરુ પાસે કે સર્વજ્ઞ પાસે તો એ સાંભળ્યું છે કે એણે પરમાનંદની પ્રાપ્તિ કરવી, એમ સાંભળ્યું છે. એટલે સીધો પરમાનંદની પ્રાપ્તિનો અભિલાષી છે. સમજાય છે કાંઈ? એને બીજું કાંઈ કામ નથી. મારે પુણ્ય હોય તો સ્વર્ગ મળે, કાંઈક સગવડતા મળે, આ મળે એ હજી મોક્ષાર્થી નથી. પુણ્યનો કામી નથી 'વૈદ્યરાજ'! આ દયા-દાન-વ્રતના પુણ્ય કરીએ તો પુણ્યથી પછી આ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મળે ને એનો કામી નથી. પહેલોવહેલો... આહા..હા...!

**શ્રોતા :–** પોતાના પુણ્યથી મળે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મળે-ફળે નહિ. એને મળતું જ નથી. બપોરે આવે છે કે નહિ ? એને મળે શું ? આમાં એને મળે શાંતિ. સમજાય છે કાંઈ ? આહા..હા...!

આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ (છે) એની પર્યાયમાં પ્રાપ્તિ (થવી). આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ (છે) એની પર્યાયમાં પ્રાપ્તિ (થવી) એનું નામ મોક્ષ (છે). એવા મોક્ષનો અર્થી. એણે પહેલા તો આત્માને અનુભવવો. સ્વસંવેદન અંતરજ્ઞાન સ્વરૂપે જાણી અને જ્ઞાનમાં એને વેદનમાં લેવો. કહો, સમજાણું આમાં ? 'જ્ઞાનચંદજી'! પહેલામાં પહેલો આત્માને અનુભવવો. એમ પહેલું લીધું છે. સ્વસંવેદનજ્ઞાનથી–અંતરના જ્ઞાનના વેદનથી આત્મા અખંડઆનંદ સ્વરૂપ (છે) એને અંતરના જ્ઞાન દ્વારા પકડીને પહેલો જ અનુભવમાં એને વેદવો, જાણવો. ઓહો..હો...! આ એની શરૂઆત (છે).

**શ્રોતા :–** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શેના આચરણ ? કોના ? શેમાં ઠરવું એની તો ખબર નથી. આચરણ એટલે અનુસરીને ઠરવું. એ કઈ, શું ચીજ છે એ તો ખબર નથી. અનુચરણ કરે કોનું ? અનુચરણ–એને અનુસરીને ચરવું. વસ્તુ કોણ છે એની તો ખબર નથી. કોને અનુસરીને ચરે ? રાગને, પુણ્યને, વિકલ્પને, દેહની ક્રિયાને કોને અનુસરે ? વસ્તુ તો ખબર નથી. આહા..હા...! જ્ઞાનમૂર્તિ અતીન્દ્રિય આનંદ અનંતગુણનો એક એવો આત્મા એને બધા શુભાશુભ વિકલ્પો છોડી અને... અહીં છોડીને પણ વાત નથી લીધી. કારણ કે છોડીને એ નાસ્તિથી વાત છે. સમજાણું કાંઈ ?

પહેલામાં પહેલો **'મોક્ષાર્થી પુરુષે'** પુરુષે શબ્દે આત્મા. એણે પહેલા તો આત્માને વેદવો, જ્ઞાન દ્વારા જાણવો કે આ આત્મા (છું). રાગ દ્વારા, વિકલ્પ દ્વારા, મન દ્વારા એ જણાય એવો નથી. સમજાણું ? સમજાય છે કાંઈ ? બહુ જવાબદારી અહીંથી ઉપાડી પાધરી. એમ કહે છે, તું કોણ છો ? કેવો છે ? કેમ છે એનું પૂર્ણસ્વરૂપ ? જેની પ્રાપ્તિ કરવી છે એવું આ સ્વરૂપ પૂર્ણદ્રવ્ય છે કોણ ? સમજાય છે કાંઈ ? એવા આત્માના વાસ્તવિક સ્વરૂપને પૂર્ણશુદ્ધ આનંદને અંતર્મુખ થઈ, જ્ઞાનમાં તેને જ્ઞેય બનાવી અને તે આત્માને અંતરમાં જાણવો, અનુભવવો, વેદવો એ પહેલામાં પહેલું એનું કર્તવ્ય છે. આહા..હા...! ભારે વાત. 'વૈદ્યરાજજી'! આ પહેલા ઓલા ચાર રત્ન અને ... એમ વાત ન આવી અહીંયાં તો. ભગવાન 'કુંદકુંદાચાર્ય' (કહે છે), **'एवं ही जीवराजा'** રાજાનો જ (દાખલો) આપ્યો હતો ને ? **'एवं ही जीवराजा'** રાજ્યતે બિરાજતે શોભતે ઇતિ રાજા. ભગવાન આત્મા પોતાના આનંદને શુદ્ધસ્વરૂપે રાજતે, બિરાજતે, શોભતે એવો આત્મા. સમજાણું કાંઈ ? પહેલો આત્મા જાણવો એમ કહ્યું. જાણવાની વ્યાખ્યા અનુભવું, હોં ! એ જાણવું એટલે એમ (ઉપર ઉપરથી) નહિ. ત્યાં પાઠ તો એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે કે **'णादव्वो' 'जीवराया णादव्वो'** પણ **'णादव्वो'** એટલે શું ? **'णादव्वो'** જ્ઞાતવ્યઃ આહા..હા...! પહેલું જ મોક્ષના અર્થીને આ (કરવું) !

જેને પૂર્ણ અશુદ્ધતાથી છૂટીને પૂર્ણ શુદ્ધતાની દશાની પ્રાપ્તિ (કરવી છે) એનું નામ મુક્તિ. પૂર્ણશુદ્ધતાની પ્રાપ્તિ, પરમઆનંદની પ્રાપ્તિ, પરમ સ્વતંત્રતાની પ્રાપ્તિ એવી જે પરમમુક્ત દશા, એના કામીએ આત્મા કોણ છે એને પહેલો અનુભવ હોવો જોઈએ. આત્માની મુક્તિ થાય છે ને ? આત્માની શુદ્ધિ પૂર્ણ થાય છે ને ? આત્માની શુદ્ધિની પૂર્ણ પ્રાપ્તિ તેનું નામ મુક્તિ. આત્માની પૂર્ણ શુદ્ધિની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. આહા..હા...!

પહેલો આત્મા કેવો છે એવો એણે (નિર્ણય કરવો). એક સમયમાં અનંત-અનંત ગુણરાશિ ચૈતન્યરત્નાકર (છે). સમજાય છે ? જેની પહેલી શ્રદ્ધામાં જ એમ લે કે પહેલો તો આત્મા અનુભવવો એ વાત છે. જેની શ્રદ્ધામાં એમ પહેલું છે કે બીજું આ કરવું ને આ કરવું ને આ કરવું એને વાસ્તવિક આત્મા તરફની લાગણી છે નહિ. શું કીધું સમજાણું આમાં ? એને પહેલા આમ હોય ને પહેલા આમ હોય ને પહેલા આમ હોય... ઘણી રાગની મંદતા કરે ને કષાય ઘટાડે ને બાહ્યદ્રવ્ય ઘટાડતો જાય એને આત્માની શ્રદ્ધા (નથી), આત્મા કોણ છે એ જાણવાની દરકાર નથી. એની શ્રદ્ધામાં આ પહેલું આવવું જોઈએ એને ઠેકાણે શ્રદ્ધામાં આ પહેલું આવે છે એને આત્માના અનુભવ તરફના વલણની શ્રદ્ધા પણ સાચી નથી. શું કહ્યું ?

**'મોક્ષાર્થી પુરુષે...'** (અર્થાત્) પૂર્ણ શુદ્ધ આનંદની પ્રાપ્તિના પ્રયોજનવંત આત્માએ પહેલામાં પહેલો **'આત્માને જાણવો,...'** એમ જેને પ્રથમ શ્રદ્ધામાં જ એને નથી. સમજાય છે ? પહેલો આત્મા, પહેલો આત્મા જાણવો, પહેલો આત્મા જાણવો, પહેલો અનુભવવો, પહેલો વેદવો એમ જેને બાહ્ય શ્રદ્ધામાં એમ નથી એ તો બાહ્યમાં આ પહેલું કરવું ને આ પહેલું કરું... આ પહેલું કરું પછી કરતાં-કરતાં થાશે. એને તો આત્મા જાણવા તરફના પ્રયત્નની શ્રદ્ધાનો અનાદર છે. આહા..હા...!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... ઘણા વખતથી હિન્દી ચાલે છે, ભાઈ ! હિન્દી સદાય પડ્યા જ હોય છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

**શ્રોતા :–** ક્રિયા છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કીધીને આ ક્રિયા. **'णादव्वो'** જ્ઞાતવ્યઃ એ ક્રિયા આત્માની. 'ન્યાલભાઈ'! આહા..હા...! શબ્દ શું છે ? જુઓ ટીકામાં. **'प्रथममेवात्मा ज्ञातव्य:,'** સંસ્કૃત છે. દેખો ! બીજી લીટી છે. **'तथात्मना मोक्षार्थिना'** આત્માના પોતાના સ્વરૂપના. સમજાણું ? આત્મના એટલે શું ત્યાં ? એ..ઇ...! લ્યો, આ બીજી લીટી. આત્મના એટલે શું ? આત્મનાની વ્યાખ્યા શું ? એ લખ્યું છે કે આત્મના એટલે શું ? આમાં લખ્યું છે. આત્મના શબ્દ પડ્યો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે આમાં. એને હજી વાંધા ઉઠે છે સંસ્કૃતમાં. '**आत्मनः**' જુઓ ! '**आत्मनः**' લખ્યું છે. જુઓ ! '**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો...**' છે ને ? એમાં આત્માન શબ્દ લખ્યો છે. કે ભાઈ ! આત્મન એટલે શું આ ? '**तथात्मना**' એમ છે ને ? પોતાને.

**શ્રોતા :–** આત્માનો મોક્ષ છે તેમ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્માનો મોક્ષ છે એમ.

**શ્રોતા :–** આત્માના મોક્ષનાર આત્માના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુરુષે કહ્યું. તો તો પછી મોક્ષાર્થી આત્માએ એમ થયું. 'પંડિતજી'! આત્મના છે ને ? '**तथात्मना मोक्षार्थिना प्रथममेवात्मा ज्ञातव्यः**' મોક્ષાર્થી આત્માએ જોઈએ ત્યાં. પુરુષે કહો. મોક્ષાર્થી આત્માએ, મોક્ષાર્થી આત્માએ એટલે મોક્ષાર્થી પુરુષે.

આપણે આત્મન શબ્દ પડ્યો છે ને ? એ આત્મનો અર્થ એમ કે મોક્ષાર્થી આત્મનઃ એટલે પુરુષે, અથવા મોક્ષાર્થી આત્માએ. મોક્ષાર્થી આત્માએ. મોક્ષાર્થી પુરુષે, મોક્ષાર્થી જીવે. પહેલો આત્મનઃ શબ્દ છે ને ? '**तथात्मना मोक्षार्थिन**' લ્યો જુઓ ! ખૂબી શું સમજાણી અહીંયાં ? પહેલામાં પહેલું મોક્ષાર્થી આત્માએ એમ શબ્દ પડ્યો છે. પછી મોક્ષાર્થી પુરુષે એમ લખી નાખ્યું આમાં. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પહેલાં મંદ કષાય કરે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ મંદ-બંદ કષાય આત્મામાં છે જ નહિ ને. અહીં તો નિરપેક્ષ ભગવાન આત્મા. એવી બાત છે. આ તો મહા સિદ્ધાંત... આ તો મહાસિદ્ધાંત (છે).

'**प्रथममेवात्मा ज्ञातव्यः**' એમ છે ને ? પહેલામાં પહેલો ભગવાન આત્મા.. એની શ્રદ્ધામાં તો એ હોવું જોઈએ કે 'આત્મા જ પહેલોવહેલો ભોગવવો' ત્યાંથી એની શરૂઆત થાય છે. એમ શ્રદ્ધા વિના એનું વલણ આત્મા તરફ જશે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર અને સંતોની આજ્ઞા એ છે. પ્રથમ આજ્ઞા એ છે. કારણ કે શરૂઆત ભગવાન આત્મા શુદ્ધઆનંદ સ્વરૂપની મૂર્તિ, આનંદ-નિત્યાનંદ નાથ, જેમાં અતીન્દ્રિય આનંદનો રસકંદ નિત્ય પડ્યો છે, એનો જે અર્થી, એનો અર્થી આત્મા, એનો પૂર્ણનો અર્થી. સમજાય છે કાંઈ ? આહા..હા...! જેની શ્રદ્ધામાં અહીંથી શરૂઆત હોય એમ નથી પણ શરૂઆત બીજેથી થાય એમ છે એ વાત તત્ત્વથી વિરુદ્ધ છે એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

'**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે...**' મોક્ષાર્થી પુરુષ એને કહીએ, મોક્ષાર્થી આત્મા એને કહીએ કે '**પ્રથમ તો આત્માને...**' જાણવાનો પ્રયત્ન કરે. સમજાણું કાંઈ ? આહા..હા...! આચાર્યોની, સંતોની, દિગંબર સંતોની પદ્ધતિ ગજબ વાત છે ! સમજાય છે કાંઈ ? સવારે એ વાત યાદ આવી. ભાઈ ! ત્યાં આપણે (સંવત) ૨૦૦૬ ની સાલમાં નહોતા ગયા ? ત્યાં 'પાલિતાણા'. અહીંની વાત સાંભળીને પછી પેલા કહેતા હતા, સામે હતા. જુઓ ! આમ નહિ. કેવળી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ પહેલે સમયે વાણીને ગ્રહે અને બીજે સમયે છોડે. કેવળી પણ આમ હોય છે. અરે..! પ્રભુ ! આ શું ? 'રામવિજય' હતા ને ત્યાં ? હતા કે નહિ તમે ? ૨૦૦૬ ની સાલ. એ તો હોય ને મોઢા આગળ. સોળ વર્ષ થયા. એ... આ બધી આત્માની આમ વાત કરે છે પણ કેવળી પણ પહેલે સમયે વાણીને ગ્રહે, બીજે સમયે છોડે. અરે ભગવાન ! વાણીને ગ્રહે છોડે એ તો કેવળીને તો ન હોય, સમકિતીને ન હોય. આ સમકિતી રાગને ગ્રહે અને રાગને છોડે એ સમકિતિને ન હોય. એ તો બપોરે આવે છે. વિકલ્પને રાગને ગ્રહે નહિ કેમ કે અંદર રાગથી અભાવ-સ્વભાવરૂપનો પ્રયત્ન શરૂ છે. આહા..હા...!

રાગને ગ્રહે નહિ, રાગરૂપે પરિણમે નહિ, થાય નહિ, રાગરૂપે ઊપજે નહિ, પ્રભુ ! એ તો શુદ્ધઆત્મા છે અને શુદ્ધઆત્માની જ્યાં દૃષ્ટિ થઈ એટલે શુદ્ધની પર્યાયપણે પરિણમે, શુદ્ધને ગ્રહે, શુદ્ધ(પણે) ઊપજે કે અશુદ્ધને ગ્રહે ? એને ઠેકાણે હજી કેવળી વચનને પહેલે સમયે ગ્રહે અને બીજે સમયે છોડે. આ ક્યાંય મેળ ખાય એવું નથી. આહા..હા...! મોટી ચર્ચા સામેથી આવી હતી. પછી વળી કાગળ મોકલ્યા પણ આ તો શબ્દ આવ્યો. કેવળી પણ આમ કરે અને શું આમ કહે છે ? પારકાનું કરી શકે નહિ, પરનું ગ્રહિ શકે નહિ, પરને છોડી શકે નહિ, પરનું... અરે ભગવાન ! તને ખબર નથી, ભાઈ !

આત્મામાં ત્યાગ–ઉપાદાનશૂન્યત્વશક્તિ છે. એક ગુણ એવો છે કે એ કોઈ દિ' રાગને ગ્રહે, પકડે એવો એનામાં ગુણ નથી. પરને ગ્રહે-પકડે એવો તો ગુણ નથી પણ રાગને પકડે અને છોડે એવો કોઈ ગુણ નથી. આહા..હા...! એવો આત્મા કે જે આત્મામાં પરનું ગ્રહવું, છોડવું તે જેના વસ્તુના સ્વભાવમાં, પર્યાયમાં નથી પણ રાગ સંસારનો વિકલ્પ દયા-દાનનો એ ગ્રહે અને મૂકે એ એના ગુણમાં નથી. સમજાય છે કાંઈ ? એ ગુણનો ધરનાર જે આત્માં જ્યાં દૃષ્ટિ અનુભવમાં-શ્રદ્ધામાં આવ્યો એ રાગને ગ્રહે અને રાગપણે ઊપજે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

આ દિગંબર સંતોની લહેરો એ છે. આહા..હા...! નાગાબાવા. બાદશાહ નાગા... કહે છે ને, બાદશાહથી આઘા. દુનિયા, દુનિયાથી પાર. ભાઈ ! પ્રભુ આત્મા આમ છે ને ! ઓહો...! શુદ્ધનો સાગર છે ને પ્રભુ ! એવા શુદ્ધ સાગરના જ્યાં અનુભવ ને દૃષ્ટિ ને પ્રતીત થઈ એ ભગવાન હવે રાગ, પર રજકણને ગ્રહે એ તો સપનામાં, અજ્ઞાનમાં પણ નથી. આ તો અજ્ઞાનમાં રાગને ગ્રહું, છોડું પર્યાયબુદ્ધિમાં અનાદિથી હતું, એ જ્યાં આત્માનું જ્ઞાન અને ભાન થયું ત્યાં રાગપણે ઊપજવું એ સ્વરૂપમાં રહ્યું નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? અરે..! આ તે અંતર સમાવાનો માર્ગ એ કાંઈ બહારનું ગ્રહે એવી ચીજ અંદર કેમ હોય ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં તો એમ કહે છે, આ કેમ ઊઠ્યુ મગજમાં ? – કે ***મોક્ષાર્થીએ આત્માને પહેલો (જાણવો) તો આત્મા એવો છે કે જેના ગુણમાં રાગનું ગ્રહવું, મૂકવું નથી અને પરનું તો***

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



***ગ્રહવું, મૂકવું છે જ નહિ. એવા આત્માને પહેલો જાણવો એવી એને શ્રદ્ધામાં જો વાત ન બેસે તો એની વાતની પાત્રતા આત્મા તરફના અનુભવની એની છે નહિ.*** સમજાણું કાંઈ ?

પ્રથમ એ આત્મા આવો છે અને આમ પહેલો જ એને અનુભવવો એવી જે શ્રદ્ધા, રાગમિશ્રિત શ્રદ્ધા એને સાધક અપેક્ષાએ કહેવાય પણ છતાં એને છોડીને અનુભવ કરે ત્યારે પેલાને સાધક કહેવામાં આવે. પણ જ્યાં હજી પહેલી શ્રદ્ધામાં જ ઠેકાણા નથી. આ પહેલું જોઈએ અને આ પહેલું જોઈએ એને પહેલો ભગવાન ન રહ્યો. 'વૈદ્યરાજજી'! ભગવાને એમ કહ્યું છે.

**શ્રોતા :–** સબકો છોડકે આત્મા કા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સબકો છોડકે અર્થ છોડકે નહિ. આત્મામાં રાગનું ગ્રહણ-ફ્રહણ છે જ નહિ, એમ છોડકરનો અર્થ છે. બધાને છોડવું-ફોડવું એમાં છે જ નહિ. પરને છોડવું અને ગ્રહવું એ ચૈતન્યના સ્વરૂપમાં નથી. એને આત્માની ખબર નથી. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા શરીર ને ક્રમે ક્રમે પરપદાર્થ થોડા ઘટાડે જાય અને પછી લાભ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. એમાં છે જ નહિ એને ઘટાડવું શું ? આત્મામાં પરવસ્તુ છે જ નહિ પછી ઘટાડવું અને ઓછું કરવું એ છે જ ક્યાં ? એ... 'શેઠી' ! આહા..હા...! અને કષાયની મંદતા પહેલી કરવી, મંદતા અને અભાવ (કરવો) એ પણ વસ્તુમાં (નથી). જેનામાં રાગનો કષાયનો અભાવ (છે) એવો જેનો સ્વભાવ (છે), આહા..હા...! સમજાણું કાંઈ ? એવો ચૈતન્યજ્યોત પ્રભુ ! એને આત્માર્થી, મોક્ષાર્થી પૂર્ણ આનંદની સ્વતંત્રતાની શાંતિના કામીએ પ્રથમમાં પ્રથમ ભગવાન આત્મા (જાણવો). એ પણ આઠ વર્ષના બાળકને પહેલું આ (કરવાનું) ? મોક્ષાર્થી હોય તો પહેલું આ (કરવાનું છે). નહિતર અહીંયાં સંસારાર્થીની વાત છે નહિ. આહા..હા...!

**શ્રોતા :–** અલૌકિક બાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અલૌકિક બાત હૈ ! આ ધર્મ તો લોકોત્તર છે ને ભાઈ ! લૌકિક સાથે લોકોત્તર ધર્મનો મેળ નથી. આહા..હા...!

ભાઈ ! તને તારા આત્માની શું ચીજ છે ? એમાં શું છે અને એમાં શું નથી એની તને ખબર નથી ને તું આત્માર્થી થઈને મોક્ષ કરવા જા, ક્યાંથી તારો મોક્ષ થશે ? આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં તો પહેલાં જ આચાર્ય મહારાજ (કહે છે), પાઠમાં છે ને ? **'एवं हि जीवराया' 'एवं हि जीवराया'** એમ 'કુંદકુંદાચાર્ય મહારાજ'નું વાક્ય (છે). ભગવાનનું કહેલું વાક્ય તે 'કુંદકુદાચાર્ય'નું કહેલું છે. ભગવાન આમ કહે છે કે **'एवं हि जीवराया'** મુનિ આમ કહે છે કે **'एवं हि जीवराया' 'एवं हि जीवराया'** પહેલો **'णादव्वो'**. સમજાય છે કાંઈ ?

જુઓ ! આટલા શાસ્ત્ર પહેલા ભણવા, આટલી રાગની મંદતા પહેલી કરવી કે આટલી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દેવ-ગુરુ-શાસ્ત્રની સેવા કરવી, આટલી જાત્રા સમ્મેદશીખરની કરવી પછી આ થાય છે એમ નથી. 'વૈદ્યરાજજી' ! બેને કહ્યું હતું કે નહિ ? તમારી દીકરી છે ને ? દીકરીએ કહ્યું હતું કે નહિ ? પિતાજી ! જાત્રા-બાત્રા બહુ કરી હવે આ સાંભળો. 'શોભાલાલજી' કહેતા હતા, હોં ! 'શોભાલાલજી' કહેતા હતા કે એની દીકરીએ એને આમ કહ્યું. કાલે 'શોભાલાલજી' આવ્યા હતા ને ? એની દીકરીએ કહ્યું, પિતાજી ! જાત્રા બહુ કરી, હવે આ સાંભળો. આહાહા..! પહેલા જાત્રા-બાત્રાથી હળવો થાય પછી આત્મા જણાય એવી વસ્તુમાં સ્થિતિ નથી એમ કહે છે. આહા..હા...! વીતરાગ માર્ગ તે માર્ગ. આહા..હા...! ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજે આ વાત હોઈ શકે નહિ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એમના સંત અને એમના માનેલા સમકિતિઓ એ સિવાય આ માર્ગ ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા...! વાત તે વાત. પાધરો ! પાધરો સમજ્યા ? સીધો એ, પહેલા જ એ. અરે...! સાંભળ તો ખરો. તારો કોનું કામ કરવું છે ? પોતાનું. તો પોતે કોણ છે એ જાણ્યા વિના તારું કાર્ય ક્યાંથી થશે ? સમજાણું કાંઈ ?

**'जीवराया णादव्वो'** પાછું કોઈ પાસે સાંભળવો અને સમજવો એમ પણ નહિ. એ... 'જ્ઞાનચંદજી'! આહા..હા...! ગુરુએ એમ કહ્યું. આ ગુરુ એમ કહે છે, ગુરુ એમ કહે છે. ગુરુની શ્રદ્ધા નથી એને ? કે ગુરુ કહે છે કે પહેલા આત્મા જાણો. તો કહે છે, ના, ના. આમ જાણો. તો તને ગુરુની પણ શ્રદ્ધા નથી. સર્વજ્ઞ કહે છે કે પહેલો આત્મા જાણો. તો કહે, ના, ના પહેલું આ કરવું. તો તને સર્વજ્ઞની પણ શ્રદ્ધા નથી. શાસ્ત્ર એમ કહે છે આ શાસ્ત્ર પોકાર કરે છે કે પહેલા જીવ જાણવો. તું કહે છે, ના ના ના એમ નહિ, બીજો આમ જાણવો. તો તને શાસ્ત્રની શ્રદ્ધા નથી. 'દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કહો કેમ રહે ? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો શુદ્ધ શ્રદ્ધાન બિન સર્વ ક્રિયા કરી, છાર પર લીંપણું તેહ જાણો.' રાખ-રાખ ભસ્મ. ઉપર ગાર કરે છે ને ગાર. લીંપણ, એ લીપણ નહિ ચાલે. એમ સાચી શ્રદ્ધા વિના તારા ક્રિયાકાંડ બધા અજ્ઞાનરૂપી પાડો ખાય જાય છે. સમજાય છે કાંઈ ? એ 'નેમિદાસભાઈ' ! પછી તો આવે ને. શું આવે કીધું ?

**શ્રોતા :–** પેટનો ખાડો પૂરવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હું રોટલો ખાતો હતો ? રોટલો લાવે કોણ ? કહે છે ને પેટમાં રોટલા પડે... તમે રોટલાનું તો કરો. એક જણ હમણા ભાષણમાં (કહેતો હતો), તમને દેખીને અમને દયા આવી જાય છે. અરે..! પેટમાં ન હોય અને અમે ઉપદેશ તમને આપી છીએ, ઉપદેશ જ વ્યર્થ છે. હવે સાંભળને હવે મૂર્ખ. પેટ કોણ ? પેટ નહિ, પેટમાં પડે કોણ ? પેટ રહિત કોણ ? એકલો આત્મા જ્યાં ભિન્ન છે એના પેટમાં હો ન હો એ આત્માની સાથે પેટને સંબંધ છે નહિ. આહા..હા...! ઉપદેશકને શરમ નથી આવતી કે બિચારા ભૂખ્યા પેટે પડ્યા હોય અને તમે આત્માની વાતો કરો ! એમ કહે છે કેટલાક. અરે..! ભગવાન !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળને હવે તું મરી જઈશ. માંડ વખત મળ્યો અનંતકાળે એના આ વખતમાં આવા ઉંધે રસ્તે તારે ચડાવવા છે કે પહેલું ખાય. અમારે વાત થઈ હતી. 'કીરચંદભાઈ' સાથે. (સંવત) ૧૯૯૦ ની સાલમાં. 'કીરચંદભાઈ' છે ને ? હજારો માણસોમાં ભાષણ આપે. માણસ બ્રહ્મચારી ને... નરમ માણસ. ૯૦ની સાલમાં (કહે), મહારાજ ! તમે કહો છો પણ પેટમાં રોટલા ન હોય, ભૂખ લાગી હોય અને તમે આત્મા-આત્માની વાતું કરો. શું છે ? કીધું. ૧૯૯૦ની સાલની વાત છે. જંગલમાં બેઠા હતા બહાર. જંગલ છે ને પેલું ? ... ત્યાં બહાર. હમણા વસી ગયું. તે દિ' ખાલી ખેતર હતા. ત્યાં બેઠા હતા. પછી શું કરવું ? કે પેટમાં રોટલો પડે પછી એ રોટલો પચે નહિ તો શું કરીશ તું ? પચે નહિ તો પછી એ પચે પછી મારે ધર્મ કરવો. પછી પચ્યા પછી દસ્ત ન થાય ત્યાં સુધી મારે ધર્મ ન કરવો. દસ્ત થઈ જાય પછી પેટ ખાલી થઈ જાય. વળી રોટલા ખાવાનું. કરવું કે દિ' તારે હવે ? એ તો બિચારા નરમ માણસ એટલે ત્યાં ને ત્યાં કબૂલ કર્યું કે સાચી વાત છે. પહેલા પેટમાં પડે ને પછી આ થાય પછી કહેશે કે તને પચ્યું નથી. પચ્યું નથી સમજો છો ? પાચન નહિ હુઆ. તો હવે ધર્મ નહિ થાય. પાચન ન થાય તો દસ્ત ન થાય. દસ્ત નથી આવ્યો, વળી ગોળી લે પછી ધર્મ કરીશ. દસ્ત થયું ત્યાં વળી પેટ ખાલી થઈ ગયું. ફરી ખાલી થઈ ગયું તો હવે તારે ખાવું અને પીવું એમાં રહેવું છે કે (આત્મહિત) કરવું છે ? એ.. 'નેમિદાસભાઈ' ! આ તમારા રોટલા અને પેટની વાત આવી. મંડ્યા છો, કીધું. એ જાણે, અમે દેશસેવા કરીએ છીએ. ધૂડની સેવા નથી તમારી. દેશસેવા કરીએ છીએ, કર્યા. તમે શું છો ? કોણ છો ? કેમ પમાય ? એની તો ખબર નથી ને દેશસેવા કરવા હાલી નીકળ્યા. પછી તો બિચારા નરમ પડી ગયા અંદરમાં હોં ! ૧૯૯૦ની સાલની વાત છે. ૩૩ વર્ષ (થયા).

**શ્રોતા :–** નિવૃત્તિનો કાળ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિવૃત્તિ. આ પાધરી નિવૃત્તિ. નિવૃત્ત સ્વરૂપે જ ભગવાને છે આત્મા. અહીં શું કહે છે ? રાગના અભાવ-સ્વભાવસ્વરૂપ પ્રભુ છે. શરીર અને કર્મના અભાવ-સ્વભાવ સ્વરૂપ પ્રભુ આત્મા છે. અરે..! અભાવ-સ્વભાવસ્વરૂપ છે એનો અભાવ કરવો છે એને ? શું છે ? અભાવ-સ્વભાવસ્વરૂપ છે એવી દૃષ્ટિ થાય એનું નામ સમ્યગ્દર્શન અને અનુભવ કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, '**તેવી રીતે મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...**' એમ ભગવાનની આજ્ઞા (છે), એમ શાસ્ત્રની આજ્ઞા (છે), એમ ગુરુનો હુકમ (છે). આહા..હા...! પહેલાં આત્માને જાણવો કે આત્મા આ ચીજ છે, અનંત આનંદમૂર્તિ શુદ્ધ પ્રભુ ! એને અનુભવવો, જ્ઞાનમાં અનુભૂતિ કરવી એમ કહે છે. પહેલો અનુભવ કરવો એમ કહે છે. સમજાણું કાંઈ ? શ્રદ્ધાને પછી લેશે. સમ્યગ્દર્શન પહેલું અને જ્ઞાન પછી એ પછી. અહીં તો અનુભવમાં આ આત્મા અનુભવમાં આવ્યા વિના શ્રદ્ધા કોની ? સસલાના શીંગડાની ? એમ કહેશે. સસલા સમજ્યા ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ખરગોશ. સસલાના શીંગડાની શ્રદ્ધા કરો. પણ છે નહિ કોની કરવી ? જાણ્યા વિના કોની કરવી ? એમ વસ્તુ કેવી છે એને જાણ્યા વિના આ છે એમ જાણ્યા વિના શ્રદ્ધા કોની ? શેનો વિશ્વાસ આવે ? સમજાય છે કાંઈ ? આહા..હા...! એને અંદરમાં આ વાત સાંભળતા રુચતી નથી અને કંઈક બીજો માર્ગ ગોતે છે એ દેવ-ગુરુ અને શાસ્ત્રનો અનાદર કરે છે. 'રામસ્વરૂપજી' !

**શ્રોતા :–** અનાદર કરકે ધર્મ ચાહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનાદર કરીને ધર્મ ચાહે. એનો અનાદર કરીને એની પાસેથી ધર્મ સાંભળવા ઇચ્છે છે. આહા..હા...! ભારે વાત ભાઈ ! આ તો મહાઅધ્યાત્મ શાસ્ત્ર છે. આમ પટના પટ પડ્યા છે એમાં ન્યાયના. એ કાંઈ કથા-વાર્તા નથી. આહા..હા...! સંતોના મુખમાંથી ધારા વાણી, વાણીને કાળે નીકળી ગઈ. નીકળી ગઈ વાણી. કોણ કરે ? કોણ બનાવે ? એ વાણીમાં પણ સ્વ–પર વાર્તા કહેવાની તાકાત છે. વાણીમાં સ્વ–પર વાર્તા કહેવાની તાકાત છે. આત્મામાં સ્વ અને પરને જાણવાની તાકાત છે. સમજાણું કાંઈ ?

ભાઈ ! પહેલો ક્ષયોપશમ ભાવ કરવો, પહેલો આ કરો. આ આવે છે શાસ્ત્રમાં પાંચ લબ્ધિ ? એ તો સ્વરૂપ પ્રાપ્ત થવા પહેલા શું હતું એ જણાવ્યું પણ જાણવું કરવાનું તો આ છે. સમજાણું કાંઈ ? એ તો પહેલા શું હતું ? કેમ બને છે ? એ એને ખબર ન હોય પણ ભગવાન જાણે છે કે એ પહેલા આવા પરિણામ હતા. એને ક્યાં ખબર છે કે આ કરણ પરિણામ કહેવાય ને આ અપૂર્વ કહેવાય. એ તો ભગવાને જાણ્યું કે આવા પરિણામ હોય એનો અભાવ કરીને આ જાણે ત્યારે તેણે આત્મા જાણ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...! આખી વાત... વજન ચાલ્યું ગયું. આત્માની મૂળ ચીજ એનું વજન જ ગયું. વજન એટલે સમજાણું ? એની મહત્તા. મહત્તા–ઠાઠ. સંતો, શાસ્ત્રો અને સર્વજ્ઞો. સંતો, શાસ્ત્રો અને સર્વજ્ઞો. ત્રણે સ. જેનો પોકાર કરે છે પહેલો, પહેલા પ્રથમ તું આત્માને જાણ. સમજાણું કાંઈ ? એને ઠેકાણે હજી એ વાત એને રુચિમાં આવતી નથી, ગમતી નથી એમ નહિ. એમ નહિ. પહેલું આમ જોઈએ... પહેલું આમ જોઈએ... પછી પુણ્ય કરતાં-કરતાં પ્રાપ્તિ થાય. શુભ કરતાં-કરતાં આ થાય. એને તો દેવ-ગુરુ-શાસ્ત્રનો અનાદર કરનારા કહે છે. આહા..હા...! આકરી વાત, બાપા ! વસ્તુનો ધર્મ એ તો દિગંબર...

**શ્રોતા :–** ઊલટી રીત પકડી !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઊલટી રીત પકડી. અને માને છે કે અમે સવળી રીત પકડી છે અને બીજા કહે છે તે ઊલટી રીત કહે છે, એમ માને છે. અરે ભગવાન ! ભાઈ ! આહા..હા...! સમજાય છે કાંઈ ?

અહીં તો **'મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...'** એની વ્યાખ્યા ચાલે છે. એમાં વ્યવહાર પહેલો આવે અને પછી નિશ્ચય થાય એ વાત ન રહી આમાં. વસ્તુના સ્વરૂપમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ નથી. સમજાણું કાંઈ ? તેથી દિગંબરો કહે છે કે નિશ્ચય પહેલો હોય પછી વ્યવહારની વાત વસ્તુના સ્વરૂપની છે. આ જાણે, રાગ બાકી રહ્યો તેને વ્યવહાર તરીકે જાણે. આદરવાની તો વાત પણ ક્યાં છે ? સમજાણું કાંઈ ? એ વસ્તુનું સ્વરૂપ એવું છે. સંતોએ એમ કહ્યું, સર્વજ્ઞોએ કહ્યું, શાસ્ત્રનો એ પોકાર છે. સમજાણું કાંઈ ? તેથી કહે છે, 'નિશ્ચયનય પહલે કહે, પીછે લે વ્યવહાર'. પણ એમ જ છે. પહેલો નિશ્ચય આ થયો. જુઓ ! અહીં શું કહ્યું આ ? આહા..હા...! આખી શાસ્ત્રની પ્રાણાલિકા....

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મોપાટ ઊંધેથી શરૂ કરી. એકડેથી શરૂ થાય કે સોથી શરૂ થતા હશે ? એમ કહે છે, સો તો મોટું છે ને ? પણ એ મોટું નથી. એકડા વિનાના મીંડા છે. સો ક્યાંથી લાવ્યા ? આહા..હા...! સો નહિ. મીંડાથી શરૂ કર્યું. 'ન્યાલભાઈ'! આહા..હા...! શું પણ 'અમૃતચંદ્રાચાર્ય' અને 'કુંદકુંદાચાર્ય' ! કેવળીના પેટ ખોલીને મૂક્યા છે, હોં ! આહા..હા...! એ વસ્તુ એને અંતર કબૂલ થાય એવી આ ચીજ છે. એમ કે આ તે આ રીતે છે. બીજે રીતે હોઈ શકે નહિ. આહા..હા...! સમજાણું ?

**'મોક્ષાર્થી પુરુષે...'** આબાળ-ગોપાળ નાના હોય ને... હમણા કહેશે. આબાળ—ગોપાળને અનુભવમાં તો જ્ઞાન જ આવે છે, માનતો નથી. સમજાય છે ? માનતો નથી. અનુભૂતિ જ એને ખ્યાલમાં આવે છે. જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... પણ એ માને છે કે રાગ... રાગ... રાગ...રાગ... રાગ... રાગ. રાગનું જ્ઞાન ખ્યાલમાં આવે છે એ જ્ઞાતા ખ્યાલમાં આવે છે એમ ન માનતા, રાગ ખ્યાલમાં આવે છે એમ અજ્ઞાની માને છે. કહેશે આબાળ–ગોપાળ... સમજાણું ? ત્રીજા પેરેગ્રાફમાં કહે છે. આ તો ગજબ ટીકા. આત્મખ્યાતિ. 'સમયસાર' ચૌદ પૂર્વ, બાર અંગના પેટ ખોલ્યા છે આખા. થોડા શબ્દોમાં તો આખા કેવળજ્ઞાનને રેડી નાખ્યું છે. સમજાણું કાંઈ ? દરકાર ન મળે અને પોતે જે માર્ગમાં ચાલ્યો એ માર્ગને શાસ્ત્રમાંથી ગોતીને સિદ્ધ કરવા મથે. પોતે જે બાજુની માન્યતા અને જે બાજુની લાઈન એ બાજુને શાસ્ત્રમાંથી શોધીને માને. આ ઠેકાણે લખ્યું છે. બધું લખ્યું છે, પણ સાંભળ ! પહેલા આ વિના બીજી વાત ન હોય. આહા..હા...!

**'મોક્ષાર્થી પુરુષે પ્રથમ તો આત્માને જાણવો,...'** જાણવો એટલે અનુભવવો, અનુભવવો એટલે વેદવો, સ્વસંવેદનમાં લઈ લેવો. આહા..હા...!

**શ્રોતા :–** પહેલાં છ કાયના બોલ શીખવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છ કાયના બોલ શીખ્યો, પણ આત્મા શીખ્યો ક્યાં ? છ કાયમાં ક્યાં આવ્યો આત્મા ? આહા..હા...! **'પછી...'** હવે પછી આવ્યું, જુઓ !

**'પછી તેનું જ શ્રદ્ધાન કરવું...'** જુઓ ! અહીં જ્ઞાનનો અનુભવ પહેલો અને એમાં પછી ભાસ આવ્યો કે આ આત્મા તો શ્રદ્ધા સાચી થઈ, એમ કહે છે. હજી જ્ઞાનમાં આત્મા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ છે, આનંદ છે, આવો છે, અનંત ગુણનો પીંડ, અભેદ એકાકાર ચૈતન્ય છે. જેવો આનંદ અને જ્ઞાનનો પર્યાય પ્રગટ અનુભવ્યો એવો આખો આખો આત્મા છે એમ પ્રતીતમાં આવ્યા વિના શ્રદ્ધા કોની ? જાણ્યા વિનાની શ્રદ્ધા કોની ? આહા..હા...! સમજાણું કાંઈ ?

**'ततः स एव श्रद्धातव्यः'** એમ છે ને ? જુઓ ! **'ततः'** તે પછી. પછીનો અર્થ. અનુભવ અને પ્રતીત સાથે થાય છે પણ આ જાણ્યું પછી આ એટલું નક્કી થાય ને ? આ આત્મા. એટલે **'ततः'** જુઓ ! **'પછી તેનું જ શ્રદ્ધાન કરવું....'** જુઓ ! બીજે એમ આવે કે સમ્યગ્દર્શન પહેલું, સમ્યગ્દર્શન કારણ અને સમ્યગ્જ્ઞાન કાર્ય. સમજાય છે ? હોય સાથે છતાં ત્યાં સમ્યગ્દર્શન કારણ અને કાર્ય (એમ કહ્યું હોય). ત્યાં વસ્તુ-દર્શન અને જ્ઞાન સિદ્ધ કરવું છે. અહીં તો જાણેલી વસ્તુની શ્રદ્ધા એ સિદ્ધ કરવી છે. જાણ્યા વિનાની ચીજનો ભરોસો (કરવો), કોનો ભરોસો ? જાણ્યું નથી (એની શ્રદ્ધા કરો). કાશીનો બોર કેરી જેવો હોય, આવડું હોય અને આમ હોય અને લાંબુ હોય અને પહોળું હોય અને ઢીકણું. પણ કેવડું એની ખબર ન હોય. સમજાણું ?

કહ્યું નહોતું ? એકવાર કુવાડવાનું, અમારે કુવાડીયાનું. મચ્છરને બતાવ્યો, છોકરાને. મચ્છર... મચ્છર.. મચ્છર હોય ને આવડું ? ટાંગા લાંબા એ રીતે બતાવ્યું. ત્રણ ફૂટના લાંબા. જુઓ ! આ મચ્છર. છોકરાએ મચ્છર નક્કી કર્યો. ત્યાં એક હાથી આવ્યો. માસ્તર સાહેબ ! આપે બતાવ્યો હતો એ મચ્છર આવ્યો. પેલા ટાંગા બતાવીને ટાંગાના નાના-નાના ઝીણા અવયવો હોય ને અવયવ, એ બતાવવા હોય. નાના આટલામાં શી રીતે બતાવે ? એટલે જરીક મચ્છર કરીને (બતાવે) જુઓ ! આના આમ હોય છે, અવયવ આમ હોય છે, આના આમ આવે ... ફલાણું એ બતાવ્યું. તે બતાવ્યું. ત્યાં એ બોલ્યો... હાથી જોયેલો નહિ, ને હાથી આવ્યો. સાહેબ ! આપે બતાવ્યો હતો એ મચ્છર. 'ધર્મચંદજી' ! નિશાળમાં હતું, હોં ! એ મચ્છર અમે જોયેલો, ત્યાં આવડો હતો. જોયેલો કે નહિ ? આ બાજુની ભીંત ઉપર હતો. કુવાડવા.

એમ જે વસ્તુ શું છે એના જ્ઞાન વિના આ આત્મા શી રીતે માને ? એમ અહીં કહે છે. સમજાય છે કાંઈ ? જેના જ્ઞાનમાં એ જ્ઞેય તરીકે આ ચીજ છે એમ આવ્યું નથી એની શ્રદ્ધા શી રીતે કરવી ? શ્રદ્ધા થાય શી રીતે ? એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? વાહ !

એ જાણે કે આ મચ્છર આવડો ટાંગાવાળો, એ આ મચ્છર છે બીજું શું ? માસ્તર કહે, પણ આ મચ્છર નથી એ તો તને સમજાવવા માટે કર્યો હતો. મચ્છર તો આવડો નાનો હોય. આ તો મોટો હાથી છે. એ તો કાનમાં મચ્છર ગણગણેને તો હાથી આમ આમ માથા ફોડે પછી, હોં ! ગરી જાય ને આટલું મચ્છર તો એને બહુ (તકલીફ) થાય, હોં ! મચ્છર આવડા હાથીને પણ ઊભો રાખે એકવાર તો. કેમકે અહીંયા તો એનો કુણો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભાગ હોય અંદર, અને અંદર જો ગરી ગયો હોય (તો) નીકળે નહિ ઝટ. નીકળવા આવે તો સૂઝે નહિ અંધારું. ગણ... ગણ... ગણ કરે, હાથીને તો આકુળતા થાય. મચ્છર હાથી ઊભો રાખે. એવી રીતે દાખલો આપ્યો હતો. સમજાણું કાંઈ ? એમ એ આગ્રહ કર્યે ન રોકાય. એ તમારો 'હરિલાલ' 'ખસ'વાળો નહિ ? અરે...! મહારાજ ! એક મચ્છર હાથીને ઊભો રાખે. 'હરિચંદ.. હરિચંદ' મેં કીધું, સાચી વાત તારી, એ અપેક્ષાએ. હાથી આવડો મોટો (હોય) પણ (મચ્છર) ગુણ... ગુણ... ગુણ.. કરે ને ન્યાં ઊભો રહે. કેમ કે જ્યાં સુધી બહાર ન નીકળે ત્યાં સુધી એને ચાલવું (શી રીતે) ? મચ્છર હાથીને ઊભો રાખે. 'ન્યાલભાઈ'! ... દાખલો પણ એવો આપે ને ?

અહીં કહે છે **'પછી તેનું જ...'** તેનું જ **'ततः स एव' 'ततः स एव'** તે પછી તે. લ્યો ! **'તેનું જ શ્રદ્ધાન કરવું.'** જાણેલાનું શ્રદ્ધાન કરવું, અનુભવેલાનું શ્રદ્ધાન કરવું, ખ્યાલમાં આવેલી ચીજનું શ્રદ્ધાન કરવું. આહા..હા...હા.....! સમજાય છે કાંઈ ? એમાં તો વાત લીધી છે, 'પંચાધ્યાયી' માં.

શું કરવું ? **'કે આ જ આત્મા છે,...'** જ્ઞાનમાં, અનુભવમાં, વેદનમાં, અનુભૂતિમાં આવ્યો. આ આત્મા... આ આત્મા... આત્મા. **'આ જ આત્મા છે,...'** જુઓ ! પછી રાગ ને પુણ્ય ને શરીર એ બધું રહ્યું નહિ. **'આ જ આત્મા છે,...'** આ જ આત્મા છે. **'તેનું આચરણ કરવાથી...'** જુઓ ! હવે શું કહે છે ? શ્રદ્ધામાં શું આવ્યું ? જ્ઞાનમાં આત્મા આવ્યો અને પછી થઈ શ્રદ્ધા કે આ જ શ્રદ્ધાત્મા છે. પછી શું આવ્યું શ્રદ્ધામાં ? – કે **'તેનું આચરણ કરવાથી...'** આત્મામાં અંતર ઠરવાથી ચારિત્ર થાય એમ માને. આહા..હા...! આ ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ ! શુદ્ધ ચૈતન્ય (છે) એવું ભાન, અનુભૂતિ થઈ ત્યારે શ્રદ્ધા થઈ કે આ જ આત્મા. એ શ્રદ્ધા થઈ કે આ જ આત્મા.

પછી **'તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે...'** એ શ્રદ્ધામાં એમ આવ્યું. શું આવ્યું ? – કે આ આત્મા, અનાકુળ આનંદસ્વરૂપ છે એ આત્મા. એમાં ઠરવાથી, લીન થવાથી, મુક્તિ થશે, કર્મથી છૂટાશે, બીજા કોઈ ઉપાયે છુટાશે નહિ. એમ શ્રદ્ધાના અનુભવમાં આત્મા આવ્યો ત્યારે શ્રદ્ધામાં આમ આવ્યું. આહા..હા...! કથન તે કથન કોઈ ! માર્ગના મર્મ ભરી દીધા છે ને ? લ્યો ! આ ચારિત્રની વ્યાખ્યા. સમકિતી એમ માને. સમ્યગ્દષ્ટિ– આત્માના વેદનથી આત્મા જાણ્યો એણે માન્યો કે આ આત્મા. ત્યારે એમ માને કે **'તેનું આચરણ કરવાથી..'** દેખો ! કોઈ વ્રત ને નિયમ ને ક્રિયાકાંડ કરવાથી આત્મા કર્મથી છૂટે એમ એ પછી માનતો નથી. મિથ્યાદષ્ટિ તરીકે માનતો હતો. આહા..હા...! સમજ્યા ને ?

**'આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી...'** આચરણ એટલે ? આશ્રય કરવાથી, આચરણ કરવાથી, આરાધવાથી, સેવન કરવાથી, ઠરવાથી, એમાં લીન થવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે. જરૂર કર્મોથી છૂટી શકાશે એમ નક્કી થઈ ગયું. જરૂર આમાં લીન થયે કર્મથી

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છૂટી શકાશે. એમાં કોઈને પૂછવા જાવું પડે નહિ, એમ કહે છે. આહા..હા...! કહો ! સમજાણું કાંઈ ?

**'આ જ આત્મા છે, તેનું આચરણ કરવાથી...'** ભગવાન આ આત્મા જ્ઞાન ચૈતન્યસ્વરૂપ, શુદ્ધ પ્રભુ ! એનું જ્ઞાન થયું, અનુભૂતિ થઈ, શ્રદ્ધામાં આવ્યો કે આ આત્મા અને એ શ્રદ્ધામાં એમ આવ્યું કે આ જ આત્મામાં અંતર આરાધન કરવાથી, તેનું સેવન કરવાથી, તેનો આશ્રય કરવાથી, તેને અનુસરીને ઠરવાથી જરૂર કર્મોથી છૂટી શકાશે અને નિર્જરા પણ થશે. સ્વરૂપમાં ઠરવાથી નિર્જરા થશે એમ એને શ્રદ્ધામાં આવ્યું છે. આહા..હા...! આ તો કહે, અપવાસ કર્યો એટલે નિર્જરા થઈ અને તપ કર્યું એટલે નિર્જરા થઈ. ધૂળમાં પણ નથી. કાળ ગયો તારો મફતમાં. આહા..હા...! સમજાય છે કાંઈ ? બે અપવાસ કર્યા, પાંચ અપવાસ કર્યા, લ્યો ! 'તપસા નિર્જરા' શાસ્ત્રમાં આવે છે. એ નિર્જરા નહિ. સમ્યગ્દષ્ટિ પોતાના સ્વરૂપમાં ઠરવાથી, આનંદમાં લીન થવાથી કર્મથી છૂટી શકાશે એમ માને છે. સમજાણું કાંઈ ? ત્રણેના તત્ત્વમાં એકપણ તત્ત્વના ઠેકાણા નહિ. આહા..હા...! કેટલી વાત કરી છે !

કહે છે **'તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે'** દેખો ! ભગવાને ચારિત્ર સ્વરૂપ રમણતા (કરવાનું કહ્યું છે). ઠરવું એટલે રમવું. આ ચિદાનંદ પ્રભુ એમાં લીન... લીન... લીન... લીન... લીન... આરાધન આશ્રય કરવાથી અશુદ્ધતા અને કર્મ છૂટી જશે. એમ શ્રદ્ધામાં– સમ્યગ્દર્શનમાં, સમ્યક્અનુભવમાં આ શ્રદ્ધા થઈ. એ શ્રદ્ધામાં એમ થયું કે આ આત્મામાં લીન થવાથી કર્મથી છૂટાશે. સમજાય છે કાંઈ ? વચમાં પંચ મહાવ્રતના પરિણામ આવે અને એનાથી કર્મ છુટાશે એમ સમ્યગ્દષ્ટિ, પહેલેથી આત્માને જાણતો હોવાથી, માનતો નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'ત્યાર પછી તેનું જ આચરણ કરવું..'** તેનું જ અનુચરણ. પેલું તો શ્રદ્ધામાં આવ્યું હતું. પછી હવે ચારિત્રની વાત છે. એનું અનુચરણ, સેવન કરવાથી કર્મથી છૂટી શકાશે એવી શ્રદ્ધા કરી હતી. સમ્યગ્દર્શનમાં પ્રતીતમાં અનુભવમાં આવીને પ્રતીતમાં નામ આવ્યું હતું. આમાં ઠરવાથી મને કર્મથી છૂટાય. **'ત્યાર પછી..'** દેખો ! એ સમ્યગ્દર્શન થયા પછી તેનું અનુચરણ કરવું. સમજાણું કાંઈ ? આ સમ્યગ્દર્શન-બર્શનની કાંઈ આપણને ખબર પડે નહિ, કરવા માંડો આપણે. ખબર ન પડે એટલે અજ્ઞાન છે. ચોખ્ખી વાત છે કે મિથ્યાત્વ છે. એમાં પ્રશ્ન શું પણ ? એટલે કે અનુભવ વડે તેમાં લીન થવું. એ ચારિત્ર, લ્યો ! આનું નામ ચારિત્ર. શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, અનુભવજ્ઞાન. આ આત્મા એમ એની પ્રતિતી–સમ્યગ્દર્શન આમાં ઠરવાથી કર્મ છૂટશે એટલે ઠરવું એનું નામ ચારિત્ર. લ્યો ! એનાથી મુક્તિ થાય છે. બીજા કોઈ કારણથી થતી નથી.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર કળશટીકા, કળશ-૧૩૬, પ્રવચન નં. ૧૦૯, તા. ૨૫-૭-૧૯૬૫ [૧૮]

આ 'સમયસાર કળશ', નિર્જરા અધિકાર છે. ચોથો કળશ છે, ચોથો. સળંગ ૧૩૬. શું કહે છે ? કે ધર્મની દૃષ્ટિ અને ધર્મીનું જ્ઞાન અને ધર્મીનો વૈરાગ્ય કેવો હોય કે જેથી એને ક્ષણે ક્ષણે નિર્જરા થાય છે ? કહો, સમજાય છે કાંઈ ? ધર્મીને દૃષ્ટિની શક્તિ કેવી હોય ? જ્ઞાનશક્તિ કેવી હોય ? અને વૈરાગ્યશક્તિ કેવી હોય ? જે કારણે એને ક્ષણે ક્ષણે પૂર્વના કર્મ ટળતા જાય છે, રાગ ટળતો જાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે. એ વાત કહે છે, જુઓ ! ત્રણ લીટી આવી ગઈ છે. ફરીને.

**'सम्यग्दृष्टेः नियतं ज्ञानवैराग्यशक्तिः भवति'** આ શબ્દ છે. ચોથા (કળશની પહેલી લીટી) છે ? 'મફાભાઈ'! છે ? સમ્યગ્દૃષ્ટિ એટલે કે ધર્મી. ધર્મી એટલે કે સાચું શુદ્ધ સ્વરૂપ આત્માનું છે એનું એમણે જ્ઞાન કરીને અંતર અનુભવમાં જેણે પ્રતીત કરી છે. કહો, સમજાય છે કાંઈ ? એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચૈતન્યપ્રભુ પુણ્ય અને પાપના વિકારભાવ રહિત એટલે કે વ્યવહારના રાગ રહિત, કર્મ, શરીર રહિત, પોતાનું પૂર્ણાનંદ સ્વરૂપ જેને શ્રદ્ધાના જ્ઞાનમાં અનુભવમાં લીધું છે અને એ અનુભવમાં જેને આત્મા શુદ્ધ છે એવું જ્ઞાતા-દૃષ્ટાપણે પ્રતીતમાં વર્તે છે. કહો, આ ધર્મ.

એ ધર્મીને **'દ્રવ્યરૂપે મિથ્યાત્વકર્મ ઉપશમ્યું છે...'** એને જડકર્મનો જે ઉદયભાવ છે એ તો ઉપશમ ઠરી ગયો છે. **'ભાવરૂપે શુદ્ધ સમ્યક્ત્વભાવરૂપ પરિણમ્યો છે...'** જુઓ ! આ ચોથો શ્લોક છે, ચોથો. શરૂઆતથી છે. આત્મામાં શુદ્ધ ચૈતન્યપ્રભુ વિકારના અંશથી પણ તદ્દન રહિત, કર્મ ને શરીરથી તદ્દન ભિન્ન એમ અંતર્મુખના સાવધાનપણે સ્વભાવના અનુભવમાં જેને પ્રતીત-સમ્યગ્દર્શન થયું છે એ જીવને ભાવ સમ્યગ્દર્શનરૂપ જેની પર્યાયમાં, અવસ્થામાં પરિણમન હોય છે. દર્શનમોહ ઉપશમ્યો એમાં આત્માનું પરિણમન નથી. એ તો જડનું પરિણમન એમાં થયું, પણ ધર્મ થતાં આત્મામાં શું થયું ? કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એની અંતરમાં પ્રતીત જ્ઞાનના ભાનપૂર્વક, અનુભવપૂર્વક (થઈ છે). આ આત્મા છે એ આનંદ છે, શુદ્ધ છે, પવિત્ર છે એનો એકરૂપ સ્વરૂપનો અંતર અનુભવ કરીને પ્રતીત શ્રદ્ધામાં લીધી ત્યારથી તેને ધર્મની શરૂઆત થાય છે. સમજાણું કાંઈ ? એટલે કે ત્યારથી એને સુખનો રસ્તો મળે છે. બીજી રીતે કહીએ તો ત્યારથી તે દુઃખના નાશના કારણોને, દુઃખના કારણોને નાશ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરવાનો પ્રયત્ન કરે છે.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્યાંથી સુખ શરૂ થયું, કીધું ને. સ્વતંત્ર ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં શુદ્ધ ચિદ્દ્ઘન આનંદનો કંદ અનંત ગુણનું એકરૂપ એવું તત્ત્વ આત્મા, એની અંતર્મુખ થઈને (પ્રતીત કરી છે). આમ વાત તો અત્યારે ઘણી ચાલી છે, આત્મા આત્મા બહાર વાત આવી ને (એટલે લોકો બોલે), અભ્યંતરમાં ઉતરવું, અભ્યંતરમાં ઉતરવું, પણ અભ્યંતરમાં શું ચીજ છે ? '...દાસભાઈ'! હવે હમણા આ બધું ચારે કોર વ્યાખ્યાન અને ભાષણો અને લોકો આત્મા આત્માની વાતું કરે છે. શૂન્ય થઈ જવું. વિકલ્પરહિત થઈ જવું શૂન્ય થઈ જવું. પણ અભ્યંતર વસ્તુ શું ? એ તો બહારથી શૂન્ય. પણ ચીજ શું એ ?

એ ચીજને સર્વજ્ઞ ભગવાને જે જોઇ છે એવો એ આત્મા અનંત ગુણનું એકરૂપ એવો આત્મા એ અસ્તિરૂપે પદાર્થ છે અને એનામાં દ્રવ્ય-ગુણ અને પર્યાય ત્રણ વર્તે છે. એક દ્રવ્યરૂપે પોતે વસ્તુ. એના અનંત ગુણરૂપે એની શક્તિ અને એની વર્તમાન પરિણતિ પર્યાયરૂપ એની અવસ્થા. આ રીતે એનું જ્ઞાન યથાર્થ ન થાય અને તે સમય સમયમાં ધર્મી જીવને પણ નિર્મળ પર્યાયનું, નિર્મળ અવસ્થાનું સ્વભાવની પ્રતીત ને દૃષ્ટિને કારણે નિર્મળ અવસ્થાનું ઊપજવું, મલિન અવસ્થાનો વ્યય થવું, વસ્તુનું ધ્રુવપણું કાયમ રહેવું. આવું જ્યાં સુધી એના ખ્યાલમાં, જ્ઞાનમાં, પ્રતીતમાં ન આવે ત્યાં સુધી તેને ધર્મની શરૂઆત થતી નથી. કહો, સમજાણું આમાં ?

**શ્રોતા :–** સર્વજ્ઞદેવે કીધેલા આત્માને જાણવો એનો અર્થ ના આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સર્વજ્ઞે કીધું ને ! સર્વજ્ઞે તો એને જ જાણ્યો. પણ આ આત્માને સર્વજ્ઞે એવો જ જાણ્યો છે કે આત્મા કોને કહેવો ? – કે અનંત ગુણના પવિત્ર ધામરૂપ પ્રભુ એને આત્મા ભગવાને જોયો છે. પુણ્ય-પાપના ભાવ છે એ આસ્રવરૂપે ભગવાને જોયા છે. શરીર-વાણી-કર્મને અજીવરૂપે ભગવાને જોયા છે. સમજાણું કાંઈ ? એથી સર્વજ્ઞ પણ પરમાત્મા કેવા હતા એની પ્રતીત એને આવી જાય અને સર્વજ્ઞે કહેલો આત્મા, અન્ય અજ્ઞાનીઓએ કહેલો આત્મા એમ નહિ. સમજાય છે કાંઈ ? કેટલાક એમ કહે કે જૈન... જૈન... જૈન... હવે તો વાડો-બાડો મૂકી દો. હવે તો બધું એક કરો. પણ શી રીતે વાડો ? વાડો એટલે જૈન કોઈ વાડો નથી.

જૈન એ આત્માના અનંત ગુણનું એકરૂપ સ્વરૂપ એની દૃષ્ટિ કરીને રાગને, અજ્ઞાનને જીતવું એનું નામ જૈન છે. એ જૈન કોઈ સંપ્રદાય નથી કે આ છોડી દ્યો,હવે આપણે બધા એક થઈ જાવ. જૈન-બૈન છોડી દ્યો. શું છોડી દેવું ? 'રામજીભાઈ'!

આ નિર્જરા અધિકારમાં એમ છે કે જૈનપણું ઊભું થાય છે. એટલે ? કે આત્મા એક

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમયમાં શુદ્ધ અખંડાનંદ પ્રભુ ! અનંત ગુણનું રૂપ એક પણ છે અનંત ગુણ, એવી ચીજમાં ક્ષણે-ક્ષણે પલટો ખાય છે, પરિણમન થાય છે, એ પરિણમનની પર્યાય ગુણ અને દ્રવ્યને કબૂલીને વર્તમાન પર્યાયને અંતરમાં એકાકાર કરી આખા પૂર્ણાનંદ સ્વભાવને પ્રતીત ને અનુભવમાં લેવો એનું નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આ રીતથી કોઈ બીજી રીત કહેતા હોય તો એ તત્ત્વ એવું નથી અને સર્વજ્ઞ પણ એને ખ્યાલમાં આવ્યા નથી. સમજાણું કાંઈ ?

જુઓ ! અહીંયાં શું લીધું ? કે સમ્યગ્દૃષ્ટિ જીવ, સાચો તત્ત્વદૃષ્ટિ જીવ એને જડકર્મ એક નિમિત્તરૂપે હતું. જડકર્મ એ ઉપશમી ગયું છે, ઠરી ગયું છે. એક વાત અને ભાવરૂપથી પર્યાયમાં આત્માની દશામાં **'સમ્યક્ત્વભાવરૂપ પરિણમ્યો છે...'** પરિણમે છે, પરિણમ્યો છે, અવસ્થા શુદ્ધપણે થયો છે. જે અશુદ્ધપણે, ભ્રાંતિપણે, પુણ્ય એટલો હું, પાપ એટલો હું, અંશના વર્તમાન પ્રગટ અવસ્થા જેટલો હું એમ જે માન્યતા મિથ્યાભ્રમની હતી એ મિથ્યાભ્રમને સ્વરૂપ અખંડ પૂર્ણ દ્રવ્ય સ્વભાવ મારો છે એવું જ્ઞાન કરીને પ્રતીત કરી છે ત્યારે પૂર્વની ભ્રાંતિનો નાશ થયો છે. નવી સમ્યગ્દર્શનની પર્યાયરૂપે પરિણમન થાય છે. વસ્તુ તરીકે કાયમ રહે છે. સમજાણું કાંઈ ?

આત્માની વાત આવી કરી કે હવે બધાને લગાવો આત્મા. શૂન્ય થઈ જાવ, શૂન્ય. પણ શું શૂન્ય થઈ જાય ? બસ ! વિકલ્પ કાંઈ કરવા નહિ, વિકલ્પ કરવા નહિ. પણ વિકલ્પ કરવા નહિ, વિકલ્પ છે શું એ ? સમજાણું કાંઈ ? એ ચીજ શું છે કે ન કરવા ?

આત્માની દશામાં વિકારભાવ છે એને વિકલ્પ કહેવામાં આવે છે. એ પોતાના ત્રિકાળ સ્વરૂપમાં નથી એવો નિર્ણય અનુભવના જ્ઞાનમાં કરી અને સ્વભાવનું શરણ લેવું એનું નામ ધર્મ અને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. 'બાબુલાલજી'? આહા..હા...! સમજાણું આમાં ?

કહે છે, એને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ છે, હવે એમ લે છે. પહેલી સમ્યગ્દૃષ્ટિની વાત લીધી. પહેલી તેથી વાત કરી કે સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાન અને વૈરાગ્ય ત્રણ બોલ વર્ણવવા છે. ભગવાન આત્મા આમ એક એક ગુણનો અનંત અનંત બેહદ સ્વભાવ, એવા અનંતા ગુણનું એકરૂપ એવો જેવો ભગવાન પરમાત્માની પર્યાયમાં પૂર્ણ બધું પ્રગટ્યું છે એવો જ આત્મા વસ્તુના સ્વભાવે પરિપૂર્ણ ભરેલો આત્મા છે. એક એક આત્મા આવો છે એવા આત્મા ઉપર નજર કરતા મિથ્યાત્વનો નાશ થઈ, સમ્યક્‌ની ઉત્પત્તિ થઈ અને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ ત્યાં પ્રગટ થાય છે. ત્રણ બોલ તો આવ્યા, જુઓને ! અહીં ત્રણ મૂક્યા છે. સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિ કીધું. પછી કહે એને જ્ઞાન ? **'શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ જાણપણું...'** જ્ઞાન આ. જ્ઞાન (એટલે) શાસ્ત્રનું જ્ઞાન કેટલું એ વાત નથી. **'શુદ્ધ સ્વરૂપના અનુભવરૂપ જાણપણું...'** સમજાય છે કાંઈ ? આ આત્મા મહાનપ્રભુ ચૈતન્યમૂર્તિ એનું અંતર્મુખનું અનુભવરૂપ જ્ઞાન એને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? લ્યો હવે વૈરાગ્ય. વૈરાગ્યની વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કરે છે.

**'જેટલાં પરદ્રવ્ય–દ્રવ્યકર્મરૂપ...'** જુઓ ! આ વસ્તુ છે. પાછું નથી એમ નહિ. શૂન્ય છે બધું અને એક આત્મા સત્ય છે અને બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા ! એમ નથી. વસ્તુ એક જડકર્મ છે. આઠ કર્મના રજકણો છે. અજીવરૂપે પુદ્‌ગલની પર્યાય કર્મરૂપે પરિણમેલી છે. એવું જડકર્મ છે. એ પરદ્રવ્ય જે દ્રવ્યકર્મરૂપ એક વાત.

**'ભાવકર્મરૂપ...'** એ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિનો જે રાગ થાય છે એ ભાવકર્મરૂપ પરદ્રવ્ય છે. એ આત્માનું તત્ત્વ નથી. એ જ્ઞાનનું જ્ઞેય છે. જુઓ ! કહેશે હમણાં. ભાવકર્મરૂપ જ્ઞેયરૂપ છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા સ્વદ્રવ્ય તરીકે તો એકલો ચિદાનંદ અખંડ જ્ઞાનની મૂર્તિ તે સ્વદ્રવ્ય–સ્વવસ્તુ અને જડકર્મ એ પરવસ્તુ જે જ્ઞાનમાં જ્ઞેય જાણવા લાયક છે. દયા, દાન વ્યવહાર રત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામનો રાગ, શાસ્ત્રના ભણતરનો ભેદરૂપ વિકલ્પ એ બધો ભાવકર્મ એ પરદ્રવ્ય છે, પરવસ્તુ છે. એ સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં જ્ઞેયરૂપ ભાસે છે. મારારૂપ છે એમ એ ભાસતું નથી. આહા..હા...! કહો 'જયંતિભાઈ'!

જન્મે જૈનમાં જન્મ્યો છતાં અમને જૈનનો કોઈ આગ્રહ નથી. એમ કરીને લોકોને એમ લાગે કે ભારે વિશ્વાસ થઈ ગયો. આ તટસ્થ છે. અરે..! શું તટસ્થ ? વીતરાગ પરમાત્મા કહે છે એ વસ્તુ એવી છે. સર્વજ્ઞ પહેલું નક્કી ન કરે અને સર્વજ્ઞે જોયેલો એક એક આત્મા અનંત ગુણનું રૂપ અને એનું સમય સમયનું પરિણમન એવું નક્કી કર્યા વિના કોઈ રીતે રસ્તો હાથ આવે એવો નથી. સમજાણું કાંઈ ? આ જૈન કંઈ સંપ્રદાય નથી. અમે આમ કહીએ છીએ અને બીજા આમ કહે છે એમ નથી. આમ જ છે.

જે અમે જ્ઞાનમાં જોયું ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ છે, એવા અનંત આત્માઓ સત્તાએ શુદ્ધ છે. એની પર્યાયમાં વિકાર પુણ્ય-પાપના છે તે મલિન એક આસ્રવતત્ત્વ, આસ્રવભાવ, આસ્રવ સ્વરૂપરૂપી ભાવ છે. અસ્તિ છે, અસ્તિ છે અને જડકર્મ શરીરાદિ, બીજા આત્માઓ આદિ, અનંત પરમાણુ આદિ એક અસ્તિરૂપે અનંત જડ તત્ત્વો છે. નથી એમ નહિ. છે. એ બધા તત્ત્વોને ધર્મીજીવ પોતાના આત્માના જ્ઞાન દ્વારા પરદ્રવ્ય જાણે છે. એ ભાવકર્મને પરરૂપ જાણે છે. 'સેઠી' ! શું પ્રશ્ન આવ્યો હતો ? કાલે આવ્યો હતો ને કાંઈ પ્રશ્ન ? પ્રશ્ન કંઈક થયો હતો ને ? જૂની રૂઢિનો પ્રશ્ન હતો. ભૂલી ગયા, ભૂલી ગયા. કાંઈક હતું ને ? રાગથી આમ થાય. કાંઈક હતું.

અહીં તો કહે છે, ભગવાન ! તને આકરું લાગે કે જેમ લાગે એમ પણ વસ્તુ તો આ છે. એને અંતરમાં દૃષ્ટિ રાગ અને પુણ્યના પાપના વિકલ્પની અપેક્ષા છોડી દઈને, એવો ભગવાન અખંડાનંદ પ્રભુ એની અનુભવમાં ભાનમાં પ્રતીત કર્યા વિના કોઈ રીતે ધર્મની શરૂઆત જીવને ત્રણ કાળમાં થતી નથી. બરાબર છે ? 'ન્યાલચંદભાઈ'!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હવે નોકર્મ આ શરીર. આમ કહીને શું કહે છે ? ધર્મીને ધર્મના જ્ઞાનમાં એવું જ્ઞાન ભાસે છે કે આ દેહની જે આ ક્રિયા આમ થાય છે તે બધી શરીર છે, તે જડ છે, એ જ્ઞાનમાં જ્ઞેયરૂપે ભાસે છે. એ ક્રિયા મારાથી થાય છે એમ જ્ઞાનીને ભાસતું નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** કઈ નયે...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અસદ્‌ભુત વ્યવહારનયે, જૂઠી નયે બોલાય. થાતું નથી. ત્રણ કાળમાં જ્ઞાન એને જ્ઞેય તરીકે જાણે છે. જ્ઞેયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ભરેલું દ્રવ્ય છે એ એની પર્યાયથી તે દ્રવ્ય કામ કરે છે, આત્માથી નહિ. આ હલન-ચલન, બોલવું આ જડની પર્યાયનું કાર્ય જડથી થાય છે, આત્માથી નહિ. અજ્ઞાની પણ એ કરી શકતો નથી. પણ અહીં તો જ્ઞાનીને જ્ઞેયરૂપે ભાસે છે એમ કહે છે.

**શ્રોતા :–** પોતે કર્તા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાપણે નહિ અને હું કરું છું તેમ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...! લ્યો ! આ રોટલા નિર્દોષ આહાર, નિર્દોષ પાણી એ જડ છે. એ હું લઉ નહિ. મારે આ લેવાય. એમ જ્ઞાનીને નથી એમ કહે છે. એ વખતે જે આવે તેને જ્ઞાનીનું જ્ઞાન પરજ્ઞેય તરીકે (જુએ છે). જુઓ ! **'નોકર્મરૂપ–જ્ઞેય...'** એ બીજી ચીજો આવે-જાય એ નોકર્મરૂપી જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાન એને લાવે અને મૂકે અને ખાય અને પીવે એવું જ્ઞાનસ્વરૂપમાં નથી અને જ્ઞેયનો એવો સ્વભાવ પણ નથી કે એ જ્ઞાનમાં આવીને જ્ઞાનને મદદ કરે અથવા ખાવાની ક્રિયા જ્ઞાનમાં આવી જાય એવું સ્વરૂપ જ્ઞેયનું પણ નથી. સમજાણું કાંઈ ?

ત્રણ બોલ મૂક્યા છે. અહીં વૈરાગ્યની વ્યાખ્યા કરે છે. જ્ઞાનની વ્યાખ્યામાં આ આવ્યું. સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યામાં એ આવ્યું કે જડકર્મનો ઉપશમ. સમ્યક્‌પણાની પર્યાયપણે પરિણમવું. જ્ઞાનની વ્યાખ્યામાં એ આવ્યું કે શુદ્ધસ્વરૂપના અનુભવનું જ્ઞાન. વૈરાગ્યની વ્યાખ્યામાં એ આવ્યું કે સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિ મોજૂદ કાયમ હોય છે. શું ? – કે **'દ્રવ્યકર્મરૂપ ભાવકર્મરૂપ, નોકર્મરૂપ...'** નોકર્મ એટલે આ આહાર, પાણી, આવવા, જવા... સમજાય છે ? જંગલ જવું, પેશાબ નીકળવો, બળખા નીકળવા એ બધી જડની ચીજની ક્રિયા એનો પર્યાય ધર્મીના જ્ઞાનમાં જ્ઞેયરૂપે ભાસે છે.

**શ્રોતા :–** એકવાર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકવાર આવે ... એકવાર આવે તો શું છે ? ક્યાં આવે છે ? આ તો હંમેશા આવે છે, આ 'વલ્લભદાસભાઈ'! આઠ દિવસે એકવાર આવે. કહો, સમજાણું આમાં ?

જુઓ ! પણ એક-એક શબ્દના અર્થમાં કેવી વાત કરી છે ! કે **'નોકર્મરૂપ-જ્ઞેયરૂપ છે...'** જ્ઞેયરૂપ છે. સમ્યગ્જ્ઞાનમાં જ્ઞાનની દશામાં ધર્મીજીવને એ ચીજો જાણવાલાયકપણે વર્તે છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ ચીજો જ્ઞાનમાં આવવા માટે છે, ટળવા માટે છે, છોડવા માટે છે એમ જ્ઞાનમાં તે ચીજ જણાતી નથી. 'નાથુલાલ'! સમજાય છે આમાં કાંઈ ? સમજવું નહિ, શ્રદ્ધા કરવી નહિ ને પછી કરો ત્યાગ. એ ત્યાગની વ્યાખ્યા હશે કે આમાં ત્યાગ શું આવ્યો આમાં ? છે ને પહેલું આવી ગયું હતું ને આપણે ? આ ભાઈ ! આવું કરવાથી શું થાય ? આવે છેને ? ૨૨ પાને, ૨૨ પાને છે, ૨૨ પાને છે પહેલા, જુઓ !

**'કોઈ પ્રશ્ન કરે છે કે આમ કરતાં કાર્યસિદ્ધિ કેવી થાય છે ?'** કાર્ય શું થયું ? મોટી-મોટી વાતો કરી. આમ સમ્યગ્દર્શનનું પરિણમન અને આમ જ્ઞાન અને આમ વૈરાગ્ય. એમાં કાર્યસિદ્ધિ શું થઈ ? 'પ્રકાશચંદજી' ! ૨૨ ગાથામાં છે. કહે છે કે **'મોહનો ત્યાગ...'** હા જુઓ ! લખો, વાંચો. એમાં ત્યાગ થયો મિથ્યાભ્રાંતિનો. જેનો ત્યાગ પહેલો કરવો એની તો ખબર ન મળે. છે ? પાંચમી લીટીમાં છે, ૨૨ પાને. **'મોહનો ત્યાગ. જ્ઞાનવસ્તુનો અનુભવ–આમ વારંવાર અભ્યાસ કરતાં નિઃસંદેહપણે શુદ્ધ ચેતનદ્રવ્ય દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મ આદિ સમસ્ત વિભાવપરિણામોની સાથે...'** જીવને એકત્વબુદ્ધિ રહેતી નથી. ત્યાં એ કાર્યસિદ્ધિ થાય છે. સમજાણું કાંઈ ? બીજે ઠેકાણે મૂક્યું છે ક્યાંક. બે-ત્રણ ઠેકાણે છે. કહો, સમજાણું આમાં ?

કોઈ કહે કે પણ આવી શ્રદ્ધા સમ્યક્ થવાથી, સમ્યગ્જ્ઞાન થવાથી કાર્ય શું થયું ? અમારે તો કાંઈક કાર્ય કરવું છે. કહે છે, ભગવાન ! એ શુદ્ધ ચૈતન્ય પદાર્થની દૃષ્ટિ અનુભવ થઈને પ્રતીત થઈ, સમ્યક્ થયું એમાં મોહનો ત્યાગ થયો. મિથ્યાત્વભાવનો જે અનંતકાળથી ત્યાગ નથી કર્યો એનો ત્યાગ થયો. પહેલો ત્યાગ તો એ છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. પાંચ બંધના (કારણો છે). એમાં પહેલો મિથ્યાત્વ જે બંધનું કારણ એનો પહેલો ત્યાગ થયો. સમજાણું કાંઈ ? હવે એના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ કરો, ક્રિયા કરો, વ્રત પાળો. શેનો પણ વ્રત અને અવ્રત ? મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રતનો ત્યાગ ત્રણ કાળ, ત્રણ લોકમાં હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ? એ કાર્યસિદ્ધિ થઈ. મિથ્યાત્વનો ત્યાગ અને શુદ્ધ સ્વરૂપ મહાન પવિત્ર પૂર્ણ એની અસ્તિની પ્રતીતનો અનુભવ થયો. સમજાણું કાંઈ ? એ અસ્તિથી વાત લીધી. પેલી ત્યાગથી વાત લીધી. આહા..હા...!

કહે છે કે નોકર્મરૂપ.. અહીં આવશે. **'તે સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ–'** સમ્યગ્દર્શન થયું ત્યારે તેના જ્ઞાનમાં પરવસ્તુ જ્ઞેયરૂપે જણાણી અને પરવસ્તુ તે સર્વપ્રકારે ત્યાગ. ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ એનો મારી પર્યાયમાં અભાવ છે. એ મારા દ્રવ્ય-ગુણમાં તો અભાવ છે પણ પર્યાયમાં અભાવ છે એમ ત્યાગ થયો. આહા..હા...! એ 'પ્રકાશચંદજી'! છે કે નહિ પુસ્તક સામે ?

ફરીને ફરમાવો. એ અમારે વન્સમોર છે. કહો, સમજાણું આમાં ?

કહે છે, ભગવાન આત્મા ! અનાદિથી પુણ્ય અને પાપના ભાવ, કર્મ શરીર એ હું એવી માન્યતા હતી, તે આત્માના ધર્મનો ત્યાગ હતો. હવે શું થયું ? અનાદિથી આત્માનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્યાગ હતો. પુણ્ય અને પાપના વિકલ્પો એટલે આસ્રવતત્ત્વ, કર્મ અને શરીર એ અજીવતત્ત્વ અને એને સંબંધે આ બધું બાયડી, છોકરા, કુટુંબ, દેશ, નાત-જ્ઞાત એ મારા, હું એનો. એવી દૃષ્ટિ જે મિથ્યાત્વ હતી એમાં આખા આત્માનો ત્યાગ હતો. હવે ધર્મ દૃષ્ટિ થતાં શેનો ત્યાગ થાય છે ? '...ભાઈ'! આહા..હા...!

જે આત્માનો ત્યાગ હતો એ આત્માની દૃષ્ટિનું ભાન થતાં આખો પૂર્ણાનંદ અસ્તિ સ્વરૂપ સત્તા મહાધામ (છું) એમ પ્રતીત અનુભવ થતાં, મિથ્યાત્વ જે ભ્રાંતિ રાગ તે હું, પુણ્ય તે હું, ક્રિયા તે હું, દેહની ક્રિયા હું કરી શકું, વાણી હું બોલી શકું, આ બીજા પદાર્થની વ્યવસ્થા હું કરી શકું એવો જે મિથ્યાત્વભાવ હતો તેનો એને ત્યાગ થઈ જાય છે. આહા..હા...! એ તો એને સૂઝતું નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** એ તો દેખાય, આ કોને દેખાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** લુગડા કોણ બદલાવે ? આ તો જડ-માટી-ધૂળ છે. સમજાણું કાંઈ ? આ લુગડા-કપડાં હું બદલાવું એ માન્યતા પણ મૂંઢ મિથ્યાદૃષ્ટિની છે કારણ કે એને પોતાનું માન્યું. પોતાનું માન્યા વિના એ કાર્ય હું કરું એમ આવી શકે નહિ. પોતાના અસ્તિત્વમાં આ છે તો હું આનું કાર્ય કરી શકું એમ જેણે માન્યું એણે જડમાં હું છું અને જડ મારામાં છે (એમ માન્યું છે). સમજાણું કાંઈ ? કોને ફેરવે અને કોને મૂકે ? સાંભળને ! શું ભાવ થાય છે ? એને કારણે છૂટી જાય છે. શું ભાવ થાય છે ? સ્વરૂપની દૃષ્ટિ થાય છે અને સ્વરૂપમાં વીતરાગતા વિશેષ પરિણમે છે ત્યારે તે કારણે કપડા નિમિત્તરૂપે રહેતા નથી. કોઈ છોડતું-ફોડતું નથી.

**શ્રોતા :–** એને કારણે વયું જાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને કારણે છૂટી જાય એ. 'સેઠી'! અમારે 'સેઠી' સ્પષ્ટીકરણ કરાવે છે. કહો, સમજાય છે કાંઈ ? આહા..હા...!

અરે..! ભગવાન ! તારામાં ભાઈ ! ત્યાગ–ઉપાદાનશૂન્યત્વ શક્તિ છે, પ્રભુ ! પરનો ત્યાગ અને પરનું ગ્રહણ એ તારા સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા...! અરે..! તારા સ્વરૂપમાં તો એવો એક ગુણ છે, એવો ગુણ છે કે રાગનું કારણ બનાવીને વીતરાગ થવું કે રાગને કારણ બનાવી પોતે અને રાગનું કાર્ય કરવું એવો આત્માનો ગુણ છે જ નહિ. આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે. આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ છે કે જે રાગનું કાર્ય કરે નહિ અને રાગથી કાર્ય આત્મામાં થાય નહિ. સમજાણું કાંઈ ? તો આ શરીરના કામ આત્મા કરે અને શરીરના કારણમાં આત્મા હોય અને એ કારણે આ કાર્ય થાય અને શરીરના કાર્યને કારણે આત્મામાં કાંઈ ધર્મનું કાર્ય થાય (એ તો હોય જ કેમ ?) આહા..હા...! ગજબ કરી વાત !

જીવતા શરીરની ક્રિયાથી ધર્મ થાય કે નહિ ? એ..ઇ..! 'રાજમલજી'! અમારે વકીલ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ઇ, એલ.એલ.બી. કહો સમજાણું કાંઈ ? કે આ જીવતા શરીર... અરે..! ભગવાન ! બાપૂ ! ભાઈ ! આત્મામાં અનાદિ અનંત અકાર્યકારણ નામની એક શક્તિ પડે છે અને એ શક્તિનો ધરનાર ભગવાન છે. એ ભગવાનને લક્ષમાં લેતા આત્મા રાગનો કારણ પણ થતો નથી અને રાગથી આત્મામાં કાર્ય થાય એવું આત્મામાં છે નહિ. આહા..હા...! હજી ઘણા એમ કહે પહેલા રાગની મંદતા કરાવો, રાગની મંદતા કરાવો, તો નિશ્ચયસમ્યક્ થાય. રાગની મંદતા કરાવો તો સાચું નિશ્ચયજ્ઞાન થાય. રાગની મંદતા કરાવો નિશ્ચયચારિત્ર એકદમ નહિ આવી જાય.

અરે..! ભગવાન ! પણ એ રાગની મંદતારૂપ એ કારણ ને આત્માની શ્રદ્ધા-જ્ઞાનરૂપી કાર્ય એવો આત્મામાં કોઈ ગુણ જ નથી. આહા..હા...! એવા ગુણવાળો આત્મા ન માને ત્યાં સુધી એણે આત્મા માન્યો નથી. શું કહ્યું 'સેઠી' ? એણે આત્મા માન્યો નથી. આત્મા એને કહીએ કે શરીરાદિના કાર્યનું કારણ આત્મા નહિ અને શરીર ને રાગના કારણે આત્મામાં ધર્મનું કાર્ય (થાય) એવો આત્મા નહિ. એવો આત્મામાં એક અનાદિ ગુણ છે. એ ગુણવાળો આત્મા એને પ્રતીતમાં લે નહિ અને આના કારણમાં હું થાઉં અને એના કારણે મારામાં કાર્ય થાય એણે આત્મા જ માન્યો નથી.

આત્માનું સામર્થ્ય, આત્માનો ગુણ, આત્માનો સ્વભાવ, આત્માની શક્તિઓ એનું એકરૂપ (એવો) આત્મા એની પ્રતીતમાં આવતો નથી. ૪૭ શક્તિ ઉતરી ગઈ છે, અંદર પડી છે, બહાર નીકળે ત્યારે ખરી. સમજાય છે કાંઈ ? ઘણો વિસ્તાર આપ્યો છે ત્યાં. ચાલતો અધિકાર હોય ત્યારે આવે ને એનું બધું ? આ તો એક જરીક નમુના તરીકે (કહ્યું). સમજાણું કાંઈ ? આત્મા એને માન્યો (ત્યારે) કહેવાય કે આત્મામાં એ વ્યવહાર રત્નત્રયના વિકલ્પનું થવું, એનું કારણપણું આત્મામાં નથી અને વ્યવહાર રત્નત્રય કારણ થાય અને આત્મામાં કાર્ય થાય એવો આત્મામાં કોઈ ગુણ નથી. એવો અકારણકાર્ય નામનો (ગુણ છે). જેમ જ્ઞાનનો ગુણ આત્મામાં છે, આનંદનો ગુણ છે, સ્વચ્છતાનો છે, દર્શનનો છે, વીર્યગુણ છે એમ અકાર્યકારણ નામનો એક આત્મામાં ગુણ અનાદિઅનંત પડેલો છે. એવા ગુણવાળા આત્માને માનવો એટલે આત્માને માન્યો ત્યારે કહેવાય કે વિકારના પરિણામનું આત્મા પર્યાયથી પણ કારણ નથી અને વિકારના કારણે આત્મામાં કાર્ય–સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એવો એનામાં કોઈ ગુણ છે નહિ. તો જે ગુણ નથી તેનું કાર્ય બનાવવું એ તો આત્માની માન્યતાથી વિપરીત માન્યતા છે.

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મામાં અકાર્યકારણ નામનો ગુણ જે છે એનો ધરનાર દ્રવ્ય વસ્તુ છે. એની દૃષ્ટિની પ્રતીત અહીંયાં કીધું કે એવો પ્રતીત કરતા એ અકાર્યકારણ નામનો ગુણ પર્યાયમાં પરિણમી જાય છે. શું કહેવાય છે ? શુદ્ધરૂપે અકાર્યકારણ (ગુણ પરિણમી જાય છે). જે દ્રવ્ય અને ગુણમાં અકાર્યકારણ નામનો ગુણ છે, અહીંયાં કીધું ને કે સમ્યક્‌રૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરિણમતા જીવને એ અકાર્યકારણગુણની પરિણતિ પણ વર્તમાન પર્યાયમાં પરિણમી જાય છે. એ પર્યાય રાગનું કારણ ન થાય અને રાગથી કાર્ય એમાં ન થાય. એવી પર્યાય એમાં સમ્યગ્દષ્ટિને પરિણમી જાય છે. આહા..હા...! 'નાથુલાલજી'! આ કીધું ને ! વાત થઈ ગઈને ?

ભગવાન ! ગુણ એને કહીએ કે એનું કાર્યરૂપ પરિણમન ન હોય તો એણે ગુણ માન્યો જ નથી. ગુણને માન્યો એટલે કે ગુણીને માન્યો. ગુણીને માન્યો એટલે કે દ્રવ્યને માન્યો, દ્રવ્યને માન્યો ત્યારે અકાર્યકારણ ગુણ પણ એમાં માન્યો. અને એ માન્યો એટલે અકાર્યકારણ નામની જે શક્તિ દ્રવ્ય-ગુણમાં હતી તે પર્યાયરૂપે પરિણમી જાય છે. પર્યાયરૂપે પરિણમીને અકાર્યકારણ નામનો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપક થઈ જાય છે. એટલે કે અકાર્યકારણ નામની જે શક્તિ ભગવાન આત્મામાં છે એવા ભગવાન આત્માના અનુભવની પ્રતીત કર્યે એની પર્યાયમાં રાગથી મારું કાર્ય થાય અને મારા કારણે રાગ થાય એવું એના પર્યાયના પરિણમનમાં આવતું નથી. આહા..હા...! આ વાત. ઓઘે ઓઘે વાતું કરે. આ તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ વસ્તુ છે એમ એકલો દ્રવ્ય-દ્રવ્ય કરે આ આત્મા... આત્મા... આત્મા... એકલો. એકલો આત્મા... આત્મા... ધ્યાન કરો. પણ શું ધ્યાન કરે ? સમજાણું કાંઈ ? 'ન્યાલભાઈ'! કંઈ સમજણ વિના શૂન્ય થાય. કંઈક રાગ ઘટે એટલે એમ લાગે કે આહા..હા...! આપણને શૂન્ય થઈ ગયું. કંઈક થઈ ગયું. શું ધૂળ થાય ? મૂઢ થઈ જશે. સમજાણું કાંઈ ? વખત ચાલ્યો જશે આવો કાળ.

એક સમયમાં પ્રભુ પૂર્ણ અનંત ગુણનો પ્રભુ પીંડ છે. એનામાં આ એક ગુણ પડ્યો છે કે જેનામાં ત્રણ કાળ, ત્રણ લોકમાં એવો સ્વભાવ છે કે કોઈ પરને કારણ થાય કે પરથી કાર્ય થાય એવો એનામાં ગુણ નથી. પરને કારણ ન થાય અને પરથી કાર્ય ન થાય એવો એનામાં ગુણ છે. આહા..હા...! એ ૪૭ શક્તિનું વર્ણન સાંભળે અને સમજે તો એને ખબર પડે. ભાઈ ! એ આત્મા વર્ણવ્યો, આત્મા ચિતર્યો છે. વાતું કરી નથી. અહીં હમણા નીચે કહેશે. **'तत्त्वतः ज्ञात्वा'** એમ તત્ત્વઃ **'વિવરણ કહેવા માટે નથી,...'** નીચે કહેશે. છે ને ભાઈ આ ? તત્ત્વતઃ વસ્તુના સ્વભાવથી પ્રતીત કરીને જાણે. કહેવામાત્ર વાણીથી (બોલે કે) આમ છે ને આવો આત્મા, એમ નહિ. સમજાણું કાંઈ ? 'શશીભાઈ'! આહા..હા...!

પ્રભુ આત્મા માન્યો ક્યારે કહેવાય ? – કે એની જેટલી શક્તિઓ ગુણ છે એટલી શક્તિવાળુ એ તત્ત્વ માને ત્યારે માન્યું કહેવાય. એનામાં એક શક્તિ એવી પણ પડી છે કે અકાર્યકારણ નામની શક્તિ ત્રિકાળ પડી છે અંદર પણ મિથ્યાદષ્ટિપણે રાગનું કારણ હું અને રાગથી કાર્ય મારામાં (થાય) એવી શક્તિ નથી એને શક્તિ પર્યાયમાં માને છે. એને મિથ્યાદષ્ટિ અધર્મી, અજ્ઞાની કહેવાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? જુઓ ! રવિવારનું આવ્યું છે કે નહિ ? સારું આવ્યું કે નહિ એને ?

**શ્રોતા :–** ઊંચો પ્રશસ્ત રાગ કહે તો ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ રાગનું કારણ આત્મામાં પર્યાય પણ નથી. દ્રવ્યગુણ તો નથી. કેમકે ગુણ જે છે એવું દ્રવ્ય જ્યારે પ્રતીત થતાં પર્યાયમાં એનું પરિણમન થયું તો શુભરાગ, પ્રશસ્ત રાગનું એ કારણ નથી, જીવની પર્યાય અને એ પ્રશસ્ત રાગને કાર્ય બનાવે એવું કારણ પણ નથી. અને રાગને કારણ બનાવે ને નિર્મળ પર્યાય કાર્ય થાય એવો એનામાં કોઈ ગુણ નથી. આહા..હા...! એ... 'ઈશ્વરચંદજી'!

એ ગયો એને ઘરે. 'ન્યાલભાઈ'! આ આવ્યુંને બાપા ! આ ભાવકર્મરૂપનું આવ્યું. અરે..! ભાઈ આત્મા માનવો એટલે શું ? આહા..હા...! પેલું કહ્યું છે ને ટીકામાં ? 'કુંદકુંદાચાર્ય' સમયપ્રાભૃતને બુદ્ધિરૂપી.... શું છે ? પંડિતજી ! છે ને ? બુદ્ધિરૂપી માથા ઉપર ઉપાડીને ભવ્યને અર્પણ કર્યો. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે. ઓ..હો..! 'સમયસાર' ક્યાં ગયું 'સમયસાર' ? આ આવો મોટો આત્મા... સમજ્યાને ? એમ કહે છે. 'જયસેનાચાર્ય' હોં ! 'જયસેનાચાર્ય' જુઓ ! આચાર્ય 'જયસેનાચાર્ય', હોં ! .... પંડિતજી ! એ 'જયસેનાચાર્ય' નો શ્લોક છે, પહેલો શ્લોક છે. ..... આચાર્ય પોતે કહે છે. પછી કહે ... જય હો.. જય હો... 'કુંદકુંદાચાર્ય' તારો. ઋષિ કીધા છે. કેમ ? કે .... મોટો મહા પ્રાભૃતરૂપી પર્વત. મહા સમય પ્રાભૃતરૂપી પર્વત. ... બુદ્ધિરૂપી લક્ષ્મીથી જેણે ઉદ્ધાર કર્યો. સાતમો અધિકાર છે. ... સમર્પણ કર્યો ભવ્યજીવને લે આ 'સમયસાર' ! આહા..હા...! આપણે મોટા પંડિત છે, હમણા અહીં રાખ્યા છે બરાબર. હા, પણ વાતી સાચી. એ મોટા પંડીત છે, હોં ! એ તો અહીંયાં બેઠા છે. એ પંડિત પ્રતિષ્ઠિત પંડિત છે, સાધારણ નથી, જૂના માણસ છે. .... આહા..હા...! એટલું આચાર્ય કહે છે, હોં ! 'જયસેનાચાર્ય' ! સમજાણું કાંઈ ? આહા..હા...!

'સમયસાર' એટલે આત્મા. આત્મા જેણે આખા ચૌદ પૂર્વ, બાર અંગમાંથી કાઢી મોટો પર્વત જેણે બુદ્ધિમાં ઉપાડ્યો અને સોંપ્યો ભવ્ય જીવને, લે આ આત્મા ! આહા..હા...! એ આત્મા એટલે કે એમાં અનંતા ગુણો ભરેલા છે. એમાં આ બધી શક્તિઓનો પીંડ પ્રભુ આત્મા છે. આહા..હા...! એ 'સમયસાર'માં આ કહ્યું. ભગવાન ! તું તો એને આત્મા કહીએ, એ વિકારને કારણ ન થાય અને વિકારથી કાર્ય તારામાં ન થાય એને આત્મા કહીએ. એવો આત્મા ભગવાન 'કુંદકુદાચાર્યે' બુદ્ધિની લક્ષ્મીમાં ઉપાડીને ભવ્ય જીવને સોંપ્યો, લે આ તારો આત્મા. આવા આત્માની અનુભવ અને પ્રતીત કર, તારું કલ્યાણ થયા વિના રહેશે નહિ. સમજાય છે કાંઈ ? આ તો યાદ આવ્યું પેલી કડી. છેલ્લી કડી છે ને ? સમજાણું આમાં ?

શું કહે છે ? જુઓ ! કહે છે કે જ્ઞાનસ્વરૂપમાં જ્ઞાન એવું થયું કે એની સાથે વૈરાગ્ય એવો થયો, જ્ઞાન થયું એ અસ્તિથી કહ્યું. હવે વૈરાગ્ય એવો થયો, સમ્યગ્દર્શનમાં નાસ્તિપણે પરિણમન એવું થયું કે **'દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મરૂપ–જ્ઞેયરૂપ છે તે સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ–'** એનું નામ વૈરાગ્ય. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપે અસ્તિ એનું જ્ઞાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તે જ્ઞાન અને વિકલ્પો રાગ-દ્રવ્યકર્મ-ભાવકર્મ પર, એની મારામાં નાસ્તિ છે. એવું નાસ્તિરૂપ પરિણમન તેને વૈરાગ્ય કહે છે. આ જ્ઞાન અને વૈરાગ્યશક્તિ સમ્યગ્દષ્ટિમાં હોય છે. અરે..રે..! પાછું પેલા કહે, સર્વ પ્રકારનો ત્યાગ એટલે બધું છોડી દે ત્યારે એમ નહિ. છૂટેલા જ પડ્યા છે તેને દ્રષ્ટિમાંથી છોડ્યા. આહા..હા...!

**'સમસ્ત પરદ્રવ્યોનો સર્વ પ્રકારે ત્યાગ–'** વૈરાગ્યની વ્યાખ્યા આ. વૈરાગ્યની વ્યાખ્યા આ. અસ્તિની વ્યાખ્યા આ. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વભાવનો સાગર એકરૂપ તેનું જે જ્ઞાન–અનુભવનું એ જ્ઞાન, એના સમ્યક્‌ની પર્યાયનું પરિણમન તે સમ્યક્‌. વૈરાગ્ય કોને કહેવો ત્યારે ? – કે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે ભાવકર્મ એ પણ જ્ઞાનનું જ્ઞેય. એમ કરીને પરથી હટ્યો છે એવો જે ભાવ તેને વૈરાગ્ય કહેવામાં આવે છે. આહા..હા...! વાહ રે વાહ !

અહીં તો આગળ પુણ્ય-પાપમાં તો એવું કહ્યું છે કે ભાઈ ! વૈરાગી જીવ કોને કહેવો ? ત્યારે કહે છે, પુણ્ય અને પાપના બે ભાવ એનાથી વિરક્ત થયો તે વૈરાગ્ય છે. પાપને અઠીક માને અને પુણ્ય ઠીક માને એ મિથ્યાદ્રષ્ટિએ ઠીક (માન્યો છે), એને વૈરાગ્ય છે જ નહિ. સમજાણું કાંઈ ? આહા..હા...!

જેને દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એવું જે જ્ઞેયરૂપ એનો **'તે સમસ્ત પરદ્રવ્યનો...'** એક શબ્દ. **'સર્વ પ્રકારે ત્યાગ'** સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં એ વિકલ્પના અભાવરૂપ ત્યાગ છે એનો અભાવરૂપ ત્યાગ જ છે. સમ્યગ્દષ્ટિને વ્યવહાર રત્નત્રયનો ત્યાગ વર્તે છે. આહા..હા...! ત્યારે તો વ્યવહાર કહેવાય. અભેદપણે હોય તો તો અસ્તિમાં ગરી ગયું, એક થઈ ગયું. સમજાણું કાંઈ ? ભાઈ ! જરી ઝીણી... ઝીણી... ઝીણી... વાત છે. ઝીણી અને ધીરી.

ભગવાન આત્મા ! આ સત્ય જ આવું છે. સત્યનું સ્વરૂપ જ આવું છે. એ કંઈ ભગવાને કર્યું, રચ્યું નથી. ભગવાને તો જાણ્યું હતું એવું વાણીમાં આવી ગયું છે. ભાઈ ! તારો આત્મા એને અમે કહીએ કે આસ્રવ વિનાનો, ફલાણા વિનાનો, કર્મ વિનાનો પણ આવા ગુણવાળો અનંતા. અનંતા ગુણનું એકરૂપ ભગવાન, એવી જ્યાં સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાન થયું ત્યારે તેને રાગના અભાવરૂપ જ ત્યાગ છે. રાગના ત્યાગરૂપ જ ભાવ છે એનો. રાગના ભાવ સદ્‌ભાવરૂપી ભાવ છે એમ સમ્યગ્દષ્ટિને હોતું નથી. હવે શું થયું આપણું આ પ્રશસ્ત રાગનું ? પૂછો ભલે ગમે તે થાય. એ તો સમજવા માટે તો ગમે તે પૂછાય, હોં ! એમાં કાંઈ વાંધો નહિ. તો જ સ્પષ્ટ થાય ને ? આહા..હા...! અરે..! ભગવાન તારી તો લીલા. એ અલૌકિક એની લીલા પણ એની લીલાની એને ખબર નથી. લીલા માંડી આ વિકાર ને આ ને આ ને આ કરવું એ લીલા. 'કોઈ કહે લીલા રે લીલા અલખ તણી...' આવે છે ને આનંદઘનજીમાં ? સ્તવનમાં આવે છે. લખપૂરે તું ... 'એ લીલા દોષસહિત લીલા ઘટે નહિ.' દોષસહિત લીલા ઈશ્વરને ઘટે નહિ. આ જગતનું કરવું ને રાગનું કરવું ને આ રાગનું કરવું એ લીલા આત્માની નહિ. આહા..હા...! રાગનું કરવું, સૃષ્ટિનું કરવું, જગતનું કરવું એ ઈશ્વરનું સ્વરૂપ ત્રણ કાળમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવું હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા પોતાના અનંત સ્વરૂપમાં પોતે આવતા, પોતાના અનંત સ્વરૂપમાં પોતે પોતામાં આવતા જે જ્ઞાન થયું અને વૈરાગ્ય થયો, કહે છે ભગવાન ! એ એની પર્યાયના એક સમયના પર્યાયના ધામમાં ભાવકર્મનો પણ ત્યાગ વર્તે છે. દ્રવ્યકર્મ, નોકર્મ અને ભાવનો ત્યાગ વર્તે છે. એનું નામ વૈરાગ્ય કહેવામાં આવે છે. છે જુઓ છે ને ? પછી ?

**'એવી બે શક્તિઓ અવશ્ય હોય છે...'** છે ને ? **'नियतं' 'नियतं भवति'** એવી બે શક્તિઓ સમ્યગ્દર્શનને સમ્યગ્જ્ઞાનીને જ્ઞાનશક્તિ અને વૈરાગ્યશક્તિ બે કાયમ શક્તિ હોય છે. આહા..હા...! પર્યાયશક્તિની વાત છે, હોં ! પર્યાય પ્રગટી છે એની. **'સર્વથા હોય છે;...'** વળી એ શબ્દ લીધો. **'સર્વથા હોય છે;...'** બિલકુલ વિકલ્પના, રાગના અભાવરૂપ એટલે રાગના ત્યાગરૂપ વૈરાગ્યની શક્તિ (અને) સ્વભાવના અસ્તિરૂપ અનુભવની શક્તિ (એવી) બે શક્તિઓ જરૂર હોય છે. **'સર્વથા હોય છે;...'** કથંચિત્ હોય છે અને કથંચિત્ નથી હોતી, એમ હશે ? આમ છે ને અનેકાંત ? અરે..! ભગવાન ! અનેકાંતને બહુ બીજું રૂપ આપી દીધું. કથંચિત્ વ્યવહારથી લાભ થાય છે, કથંચિત્ નિશ્ચયથી લાભ થાય છે. ભગવાન ! એવું સ્વરૂપ નથી તારું. તારું સ્વરૂપ જ એવું નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? તારું સ્વરૂપ નથી એવું તારે માનીને આત્મા માન્યો એમ લેવું છે તારે ? આહા..હા...! પ્રભુ ! તારી પાસે પણ દેખાણું નહિ. 'નરસિંહ મહેતા' કહે છે ને ? 'પ્રભુ તારી પાસે રે.. હરિ નથી વેગળા, પણ આવ્યો અંદર એક આડો અહંકાર.' વિકલ્પ મારો અને એનાથી થશે. આ મારો એ અહંકારે મારી નાખ્યા. 'તરણા ઓથે ડુંગર રે.. ડુંગર કોઈ દેખે નહિ.' વિકલ્પની જાળ શુભ હો કે અશુભ હો, કોઈપણ હો. એની જાળના પ્રેમમાં ફસાણો (એને) ભગવાન દેખાણો નહિ. સમજાણું કાંઈ ?

એટલે કહે છે **'સર્વથા હોય છે;...'** એટલે બિલકુલ જ્ઞાનશક્તિ અને વૈરાગ્યશક્તિ **'नियतं' 'नियतं'** છે ને ? નિશ્ચયથી હોય છે. નિયત એટલે નિશ્ચય. નિયમથી એટલે નિશ્ચય. સમજાણું કાંઈ ? **'(બંને શક્તિઓ જે રીતે હોય છે તે કહે છે–) 'यस्मात् अयं स्वस्मिन् आस्ते'** આ એક શબ્દ. **'पिरात् सर्वतः रागयोगात् विरमति'** આ બે શબ્દ. બેના અર્થ કર્યા. છે ને અંદર ? **'यस्मात् अयं स्वस्मिन् आस्ते'** એક બોલ જ્ઞાનનો છે અને **'पिरात् सर्वतः रागयोगात् विरमति'** એ વૈરાગ્ય છે. આહા..હા...! આચાર્યે પણ અમૃત રેડ્યા છે, અમૃત! આ 'અમૃતચંદ્રાચાર્યે.' બહું ટૂંકામાં આખો ભાવ ભરી દીધો. જંગલમાં રહેતા સંતોએ ઓહો..હો...! સિદ્ધ સાથે વાતું કરી છે. સિદ્ધ સાથે એક કોર ગોઠિયા થઈ ગયા. ભગવાન આવો. ભગવાન આવો, હવે હું થોડાકાળમાં તમારી પાસે આવવાનો છું. તમે આવો મારી પાસે. મારામાં અને તમારામાં કાંઈ ફેર નથી, હોં ! ''! સિદ્ધના ગોઠિયા થાવું હોય તો. ગોઠિયા થાય ને ગોઠિયા ? ભાઈબંધ. કાંઈ ચીજ હોય તો આપે કે નહિ એકબીજા ? ગાંઠિયાનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નાસ્તો આપે, નહિ તો કટ્ટી કરી નાખે. મેં તને કાલે નાસ્તો આપ્યો હતો, આજે તું મને નથી આપતો, કટ્ટી. સિદ્ધ ભગવાન કહે મારી સાથે કટ્ટી કરીશ નહીં, હોં ! મિત્રતા રાખજે. હું મારો નાસ્તો તને આપીશ. મારો આનંદ છે એ તારામાં છે એમાં તું એકાગ્ર થઈશ એટલે આનંદનો નાસ્તો તને આપીશ, લે. આહા..હા...! પણ રાગને ખોશીસ નહિ વચમાં, હોં ! કારણ કે મારી પાસે રાગ નથી. તારી પાસે રાગ છે એ કહેવા જઈશ તો નહિ મળે તને. મારો ભાગ નહિ મળે તને.

**શ્રોતા :–** પાછા ગોઠિયાને યાદ કર્યા ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ તો વિચારમાં આવતા આવે એવું. એમાં ક્યાં ન્યાં... ગોઠિયાઓ હોય છે ને છોકરાઓ ? પછી આમ કરે કે નહિ ? કટ્ટી. નથી કરતા ? ભૂલી ગયા આપણે. અરે..! કટ્ટી જ છે ભગવાન સાથે અનાદિની.

અહીં તો કહે છે, સમ્યગ્દૃષ્ટિ. ભાષા જુઓ ! એનો અર્થ કરે છે હવે. '**यस्मात्**' કારણ શું કહે છે ? '**કારણ કે...**' '**अयं**' વિદ્યમાન '**अयं**' આ '**સમ્યગ્દૃષ્ટિ**' '**स्वस्मिन् आस्ते**' '**स्वस्मिन् आस्ते**' ઓહો..હો...! '**स्वस्मिन् आस्ते**' '**સહજ જ શુદ્ધસ્વરૂપમાં અનુભવરૂપ હોય છે...**' પોતામાં આસ્તિ એટલે અંદરમાં અનુભવ થયો. '**स्वस्मिन् आस्ते**' સ્વ પોતાનું પૂર્ણ શુદ્ધ આનંદ. '**स्वस्मिन् आस्ते**' એની પ્રતીત અનુભવ થયો એનું નામ '**स्वस्मिन् आस्ते**' સમજાણું કાંઈ ? આ તો બધા મંત્રો છે. આ કાંઈ આચાર્યોના સાધારણ શબ્દો સમજી લેશો નહિ. આહા..હા...! દિગંબર આચાર્યો ધર્મના થાંભલા ! ધર્મના થંભ, જેણે કેવળજ્ઞાનને રોપ્યા છે અંદર થાંભલામાં. આહા..હા...! કેવળજ્ઞાનના માંડવા નાખ્યા એણે. પાંચમાં આરામાં આ સંતો પાક્યા એ તો જુઓ ! ૯૦૦ વર્ષ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' આહા..હા...! આખા કેવળજ્ઞાનના થાંભલા નાખ્યા. એકાદ ભવ હો ભલે, રાગાદિ બાકી છે. બાકી તો અમે કેવળજ્ઞાન લેવાના... લેવાના... અને લેવાના ! એવા કોલ કરાર કરે છે અહીં. આહા..હા...! છદ્મસ્થ મુનિ ! હવે છદ્મસ્થ એ તો અલ્પજ્ઞાન પણ વસ્તુમાં ક્યાં પરની અપેક્ષાનું જ્ઞાન છે.

નિરપેક્ષ ભગવાન આત્મા '**स्वस्मिन् आस्ते**' સહજ શુદ્ધ સ્વરૂપ એનો '**आस्ते**' એટલે એનો અનુભવ એ થાય છે. એ જ્ઞાન થયું, એ જ્ઞાન થયું. '**स्वस्मिन् आस्ते**' એનું નામ જ્ઞાન. આ જ્ઞાનશક્તિ. '**परात् रागयोगात् सर्वतः विरमति**' સમજાય છે કાંઈ ? '**परात् रागयोगात्**' '**પુદ્ગલદ્રવ્યની ઉપાધિથી છે જેટલી રાગાદિ અશુદ્ધ પરિણતિ,...**' જુઓ ! એ નિમિત્તને કારણે ઉત્પન્ન થઈ, ભલે એનું અશુદ્ધ ઉપાદાન હતું. અત્યારે અહીં શુદ્ધ ઉપાદાનમાં એમાં શુદ્ધ ઉપાદાન પરમાણુ નિમિત્તમાં જાય છે.

ભગવાન આત્મા શુદ્ધ સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ એટલે કે '**स्वस्मिन् आस्ते**' પોતાના શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો એટલે જેટલો રાગાદિ, વિકલ્પાદિ છે એ બધા અશુદ્ધ પરિણતિથી '**सर्वतः विरमति**' '**સર્વ પ્રકારે રહિત હોય છે.**' પર્યાયમાં એનું રાગનું ભેળસેળ બિલકુલ નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નીકળી ગયા છે અને કેવળી થયા છે એમ કહેવું નથી અહીંયાં. સમજાય છે કાંઈ ? પણ વ્યવહારનો વિકલ્પ છે તે નિશ્ચયની પરિણતિમાંથી પૃથક્ થઈ ગયો છે. સમજાણું કાંઈ ? '...ચંદજી'! શું સમજાય છે ? લ્યો ! ઝીણું પડે છે, ભાઈ કહે.

કહે છે **'परात्'** પાછું **'परात्'** એટલે શું ? **'रागयोगात्'** પુદ્‌ગલદ્રવ્યની ઉપાધિથી **'परात्'** એ પુદ્‌ગલ, એની ઉપાધિ જે રાગ, એનો યોગ પરિણતિ **'તેનાથી સર્વ પ્રકારે રહિત હોય છે.'** આહા..હા...! ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના ધામમાં જ્યાં અનુભવ થયો. **'स्वस्मिन् आस्ते'** એ ત્યાં અસ્તિ કીધી અને રાગાદિનો બિલકુલ સર્વથા અભાવ પર્યાયમાં છે. એ પર્યાય એની ગણવામાં આવી જ નથી. આહા..હા...! **'परात् रागयोगात्' 'परात् रागयोगात्'** સમજાણું કાંઈ ? **'सर्वतः विरमति'** થઈ ગયા કેવળી ? સાંભળને હવે અહીંયાં કેવળીની વાત એ તો પર્યાય છે. વસ્તુ તો આમ પૂર્ણાનંદ પ્રભુ ! એનો જ્યાં **'स्वस्मिन् आस्ते'** અનુભવ થયો. રાગથી બિલકુલ વિરક્ત થયો. સ્વમાં અસ્તિ અને રાગની નાસ્તિ. આ રીતે તેને ક્ષણે ક્ષણે શુદ્ધિ થતી જાય છે અને નિર્જરા થતી જાય છે. આ રીતે નર્જરા છે. સો અપવાસ કરીને મરી જાય તો પણ નિર્જરા નથી એમ કહે છે. પ્રશસ્ત રાગ કરીને ભક્તિ-બક્તિ કરે તો નિર્જરા થાય ને ? એ તો કાળ જાય. પુણ્ય બંધાય. બંધાય પુણ્ય, કીધું ને. અબંધ ભગવાનને બંધ પડે. એનાથી લાભ માન્યો તો મિથ્યાત્વનો પડ્યોને શેનો બંધ પડ્યો ? આહા..હા...!

વીતરાગ ધર્મનું મૂળ છે એને રાગના મૂળમાં નાખી દેવો, બહુ અન્યાય થાય છે. વીતરાગ એ ધર્મનું મૂળ છે અને એનું મૂળ સમ્યગ્દર્શન છે. વીતરાગ પર્યાય તે ધર્મ છે એમ ન માનતા રાગની પર્યાયથી ધર્મ થાય અને એના સાધન વડે સાધ્ય થાય. શાસ્ત્રમાં પણ કહ્યું છે ને સાધન ? ભાઈ ! એ સાધન વ્યવહારથી કહ્યું, બાપા ! એ સાધન વ્યવહારથી કહ્યું એ નિમિત્તનું જ્ઞાન કરાવવા. એ નિમિત્તનું જ્ઞાન કરાવવા સાધન (કહ્યું છે). એ સાધન નથી. સમજાણું કાંઈ ? 'પંચાસ્તિકાય'ના દાખલા આપે. આ સાધન-સાધ્ય છે. બાપા ! ભાઈ ! તને ખબર નથી.

**શ્રોતા :–** નિમિત્તથી સાધન...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નિમિત્તથી સાધન નહિ. એ રાગને સાધન કીધું એ વ્યવહારનયથી અહીં અંતર્મુખમાં સ્વભાવને સાધે છે ત્યારે નિમિત્તપણે વિકલ્પ છે તે નિમિત્તનું જ્ઞાન કરાવવા સાધન કહ્યું. સાધન બે પ્રકારના નથી. સાધન એક પ્રકારનું છે. કથન બે પ્રકારના સાધનના આવે, પણ સ્વરૂપના બે સાધન નથી. સમજાણું કાંઈ ?

અહીં કહે છે **'સર્વ પ્રકારે રહિત હોય છે.'** લ્યો ! ત્યારે તેને વૈરાગ્ય કહેવાય. એનો અર્થ કોઈ એમ કહે, બધું બાયડી, છોકરા છોડી દે, નવરો થઈ જાય અને રાગ બધો ખસી જાય તો એને વૈરાગ્ય કહેવાય. એમ હશે ? ત્યારે શું હશે ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ ભગવાન આત્મા ! માખણના માવા ખાતો હોય અને એમાં જરી કાંકરી આવે. કાંકરી આવી ગઈ હોય, ઝીણી કાંકરી. એ માવામાં નથી (તેથી) એનો દૂર કરવાનો જ ભાવ રહે. ભગવાન અખંડાનંદ આનંદનો કંદ પ્રભુ ! એના આનંદની અનુભવની દષ્ટિમાં ઓલો રાગનો કણ દેખાય (એટલે) કહે છે કે રાગની એમાં સર્વથા વિરતી છે. વિરતી છે એમાં, વિરતી. એમાં અભાવ છે. **'सर्वतः विरमति'** ભાઈ ! એ વૈરાગ્યની વ્યાખ્યા છે, ભાઈ ! વૈરાગ્ય એટલે આમ પરથી ઉદાસ થઈ અને શરીરને દ્વેષ કરવો. આ..હા..! શરીર આવું થયું. છોડ શરીરને. એ તો દ્વેષ છે શરીર પર. આ બાયડી-છોકરા બધાં પાપના પૂતળા (છે), છોડી દે. છોડો. શું છે ? દ્વેષ છે પરદ્રવ્ય ઉપર ? એ તો પરદ્રવ્ય છે. એને તારે છોડવા છે ? ભાઈ ! તારામાં રાગ થાય તેને આત્માના અનુભવની દષ્ટિના જ્ઞાનના ભાનમાં રાગનો અભાવ છે એ જ તેના રાગનો ત્યાગ છે. સમજાણું કાંઈ ? લ્યો ! એનો ભાવાર્થ કહેશે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે, જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે, એવા સ્વછંદી જીવની અહીં વાત નથી. જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે.**

**('દ્રવ્યદષ્ટિ જિનેશ્વર પર્યાયદષ્ટિ વિનશ્વર' બોલ નં. ૧૩૮)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર, પ્રકાશશક્તિ–૧૨, પ્રવચન નં. ૫૩૯
## તા. ૧૭-૧૧-૧૯૭૦
## [૧૯]

૪૭ શક્તિનું વર્ણન. જેને ધર્મ કરવો છે અને ધર્મ થાય છે કેમ ? કે ધર્મ એવો જે આત્માનો સ્વભાવ શક્તિરૂપ છે. એ શક્તિનો ધરનાર આત્મા શક્તિવાન–ધર્મી છે. એ ધર્મીના સ્વરૂપમાં અનંતા ગુણના અનંત શક્તિના રૂપ પડ્યા છે. એવી શક્તિનો ધરનાર દ્રવ્ય છે એનો આશ્રય કરવાથી, એને ધ્યેય બનાવવાથી સમ્યગ્દર્શનની પર્યાય–ધર્મની પહેલી શરૂઆત થાય છે. સમજાણું કાંઈ ? એમાં આ શક્તિઓનું વર્ણન આવે છે. ૧૨મી શક્તિ છે. જીવત્વશક્તિ આદિથી માંડીને ૧૧ શક્તિ પૂરી થઈ, ૧૨ મી કાલે ચાલી હતી.

કહે છે કે આત્મામાં એવો એક ગુણ છે, **'સ્વયં પ્રકાશમાન...'** જે પોતાને પ્રત્યક્ષ થવામાં, પોતાનો પ્રકાશ કરાવવામાં કોઈ રાગનું, નિમિત્તનું, કષાયના મંદતાની વ્યવહારની પણ જેને જરૂર નથી એવી વાત છે. બીજી રીતે કહેએ તો એણે જે કંઈ શાસ્ત્રનું સાંભળ્યું હોય ને એ શાસ્ત્રનું જ્ઞાન થયું હોય એની અપેક્ષા પણ એને નથી. આહા..હા...! એ તો સ્વયં પ્રકાશમાન છે. આહા..હા...! એવો એ પરમાત્મા છે.

**'સ્વયં પ્રકાશમાન...'** એ શબ્દ પહેલો છે. કેવો ભગવાન આત્મા છે ? એમાં એક ગુણ એવો છે કે જે ગુણનું કાર્ય થતાં પોતાનો પ્રકાશ કરતાં, પોતે સ્વયં પરની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ ? આમ કહેવામાં આવે છે ને કે ભાઈ ! કંઈક દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ હોય તો આત્માનું જ્ઞાન અને ધર્મ થાય. એ તદ્દન જૂઠી વાત છે. એ તો નહિ પણ શાસ્ત્રને સાંભળીને એ અંદરમાં ખ્યાલમાં વાત આવી કે આમ કહે છે. એ જ્ઞાન પણ સ્વયં પ્રકાશ નથી. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** સ્વીકાર કરે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વીકાર કરે તે પરનો સ્વીકાર. ઝીણી વાત છે. આ તો ભગવાનને મનાવવા છે. સમજાણું કાંઈ ? ત્યાં કોઈની સફારશ ચાલતી નથી, એમ કહે છે. 'ચીમનભાઈ'! આહા..હા...!

કહે છે કે ભગવાન આત્મા, એમાં જ્ઞાન-દર્શન-આનંદ વગેરે (ગુણો છે). અત્યારે મગજમાં એમ આવ્યું કે પ્રમેયત્વ નામનો પણ અંદર એક ગુણ છે કે જે ગુણને કારણે પ્રમાણરૂપ થાય પણ પ્રમાણરૂપ થવામાં પ્રત્યક્ષરૂપ થાય એવો એક પ્રકાશ નામનો એમાં ગુણ છે. આહા..હા...! જેના પોતાના પ્રકાશવામાં પોતે જગજાહેર ચીજ જેમ પ્રસિદ્ધ વસ્તુ છે... આવે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે ને શાસ્ત્રમાં ? પ્રસિદ્ધ સિદ્ધ.... ભક્તિમાં આવે છે, 'કાંતિભાઈ'! પ્રસિદ્ધ સિદ્ધ આવે છે. એમ અહીંયાં કહે છે કે આત્મા પ્રસિદ્ધ છે. સ્વયં પ્રકાશપણે કરે એવો એ આત્મા પ્રસિદ્ધ છે. લોકોને આ નિશ્ચયની સત્ય વાત એવી લાગે જાણે કે આ એકાંત છે. ભગવાન ! એકાંત જ વસ્તુનું સ્વરૂપ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'સ્વયં પ્રકાશમાન વિશદ...'** પ્રત્યક્ષ. અંતર મતિ અને શ્રુતજ્ઞાનમાં... કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય એ તો વળી પછી રહી વાત, પણ સાધકભાવમાં ધર્મની પહેલી સમ્યગ્દર્શન શ્રેણી પ્રગટ થતાં એ રાગ અને મનની અપેક્ષા રાખ્યા વિના સીધું જ્ઞાનજ્ઞાનમાં પ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે. આહા..હા...! એને રાગની મંદતા અને નિમિત્તના અવલંબે જ્ઞાન થાય એ ગુણનો અનાદર કરીને આખા દ્રવ્યનો અનાદર કરે છે. કેમ કે સ્વયં પ્રકાશમાન વિશદ જે શક્તિ છે એ શક્તિ દરેક અનંત ગુણમાં વ્યાપેલી છે. એ શક્તિ અનંત ગુણમાં વ્યાપેલી છે. તો અનંત ગુણનો ધરનાર એક આત્મા જે પરને લઈને પ્રાપ્ત થાય એમ માનનાર આખા દ્રવ્યનો અનાદર અને વિરાધક થાય છે. 'ધીરૂભાઈ'! આવો ધર્મ કેવો હશે ! બાપા ! આહા..હા...! આ બધા મંદિર બનાવ્યા, પૂજા સાંજ-સવાર કરે. સાંજે તો વળી આરતી કરે, સવારમાં પૂજા કરે. એ પૂજા ... સાચી વાત છે. આ શું ? વચમાં સ્વરૂપની સ્થિરતા ન હોય એટલે હોય પણ એને લઈને આત્મા સ્વયં પ્રત્યક્ષ થાય છે એમ નથી. 'પ્રવીણભાઈ'! આ તો અંદર પ્રવીણપણાની વાત છે. આહા..હા...! પોતે પ્રવીણનો દરિયો છે. આહા..હા...! આ પ્રકાશનો દરિયો છે. અહીં ઇ ચાલે છે. એ પ્રકાશ નામનો ગુણ છે. દરેક દ્રવ્યને, ગુણને પ્રત્યક્ષ કરે, પર્યાયને પ્રત્યક્ષ કરે. 'મગનભાઈ'! એ પહેલા પણ આ વાત ...

આહા..હા...! ભગવાન ! આ તો સમજાણું ? ભગવાનને ઘરે દીકરી પરણે છે, એની આ વણોઠી છે. જુઓ તો કેવડો મોટો ! ભાઈ ! તારા મોટપની વાતું વાણીએ પૂરી ન પડે એવડો છો !! સમજાણું કાંઈ ? અને તારી મોટપ વિકલ્પે જણાય નહિ એવો મોટો છો. રાગની મંદતાથી જણાય નહિ. અરે..! ભગવાનની વાણી સાંભળીને જ્ઞાન થયું એનાથી ન જણાય એવડો મોટો છો. આહા..હા...! પચાવવાની વાત છે આ તો, ભાઈ ! સમજાણું કાંઈ ? ભસ્મ પચાવવા માટે પણ જઠર જોઈએ. એમ આ વસ્તુ પચાવવા માટે એનું શ્રદ્ધાનું બળ જોઈએ. બીજી કોઈ ક્રિયાની વાત અહીં છે નહિ. આહા..હા...! 'કાંતિભાઈ'! એક-એક શબ્દમાં જુઓ કેટલું ભર્યું છે ! અરે..! લોકો વાંચતા નથી, વિચારતા નથી. ભગવાનને ઘરે આવ્યા પણ એ ઘરમાં શું છે એની એને ખબર નથી. આવ્યા, આંગણે ઊભા પણ અંદરમાં શું છે એની ખબર નથી. આહા..હા...!

કહે છે, ઓ..હો..હો..! ગજબ વાત કરી છે ! **'સ્વયં પ્રકાશમાન...'** એટલે કે આત્મા પોતાથી પ્રકાશે છે. તારું... શું કહે છે ? નથી કહેતા ? તારું રૂપ તો પ્રકાશે છે... એમ નથી કહેતા આ લોકમાં ? પોત.. પોત. 'માંગીલાલીજી'! નથી કહેતા ? પોત પ્રકાશ. બહુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ક્રોધમાં આવી જાય... પોત પ્રકાશ્યું તેં. અમારે ગુજરાતીમાં કહે છે, તમે ભુલી ગયા, તમે છો તો ગુજરાતી. ભૂલી ગયા હમણાં. આહા..હા...! કહે છે તારું પોત પ્રકાશ. એમ કહે છે કે આ પોત નામ અંદર જે આત્માનો પ્રકાશ એ પોતે પોતાથી સ્વયં કરે એવો એનામાં ગુણ છે. એવો એનામાં ગુણ છે. એ ગુણને પરોક્ષ રહે એમ કહેવું કે એ ગુણમાં એને અનાદર કરવો કે એ ગુણ પ્રકાશવાના કાર્યમાં રાગની મંદતા, પહેલા વ્યવહાર ઠીક હોય તો થાય, એ બધાં ગુણ અને ગુણનો આખો દ્રવ્ય ધરનાર એનો અનાદર થતાં ભગવાન છે તે નથી એમ કહે છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

આવો જે ભગવાન આત્મા, જેને શરીર, વાણી, મનની કોઈ પર્યાયની અપેક્ષા નથી. જેને સાંભળવાના જ્ઞાનની પણ અપેક્ષા નથી એવું જે આત્મતત્ત્વ એ **'સ્વયં પ્રકાશમાન વિશદ...'** વિશદ નામ પ્રત્યક્ષ **'સ્વસંવેદનમયી...'** સ્વ નામ પોતાથી, સં નામ પ્રત્યક્ષ વેદવામાં આવે. આહા..હા...! ત્યારે કોઈ કહે, એક જ પ્રકાશ ગુણ પ્રગટીને વેદવામાં આવે ? તો અનંત ગુણની પર્યાય અને ગુણ ને દ્રવ્યનું વેદન છે કે નહિ ત્યાં ? સમજાણું કાંઈ ? ભગવાન આત્મા જેટલા એના ગુણો છે પવિત્ર, અવિનાશી, શાશ્વત જેણે રૂપ ધારણ કર્યું છે. ગુણે શાશ્વત રૂપ ધારણ કર્યું છે અને તેથી દ્રવ્યે શાશ્વત રૂપનો પૂર આખો પીંડ શાશ્વત રહેલો છે. એ શાશ્વતમાં એક આ શાશ્વત આવી શક્તિ છે. આહા..હા...! બહારવાળાને આ એવું લાગે છે. એનું નામ સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ અનુભવપ્રત્યક્ષ થાય એવો એનો ગુણ છે. એ પોતાના સ્વભાવથી જણાય એવો એનો ગુણ છે.

એ આવે છે ને પેલામાં ? અલિંગગ્રહણમાં. અલિંગ્રહણમાં આવે છે. આહા..હા...! પોતાના સ્વભાવથી જણાય એવો. છઠ્ઠો બોલ છે. આત્મા એકલો અનુમાનથી પોતાને જાણે કે બીજાને અનુમાનથી જાણે એવો એનો સ્વભાવ નથી, એમ કહે છે. આહા..હા...! એકલો અનુમાનથી પરને જાણે કે એને કોઈ બીજો અનુમાનથી જાણે, એવો આત્મા છે જ નહિ. સમજાણું કાંઈ ? લ્યો ! આહા..હા...! દરિયો ભર્યો છે. સમજાણું કાંઈ ? એ મોતીના તેજ તો એની કીંમતવાળો કહે તો માને. સમજાણું કાંઈ ? કે આ મોતીમાં કેટલું તેજ છે ? જેની આંખમાં એની કીંમત નથી એના તેજની, તેના તેજના ... અને તેજ સ્વરૂપની એને કીંમત નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવની વાણીમાં આવ્યું કે ભાઈ ! તું કેવો છો ? અમે તારા જ્ઞેયને જ્ઞાનમાં જાણ્યું છે. તારું જ્ઞેય અમારા જ્ઞાનમાં કેમ છે એ આવ્યું છે. એ જ્ઞેય કેવડું તારું છે કે તું તારાથી સીધો તારો અનુભવ કરે. ગુરુ અને શાસ્ત્રની પણ જ્યાં જરૂર નથી. એ.. 'ભીખાભાઈ'! હવે તો કાંઈ ના પડાય એવું નથી. આહા..હા...!

ભગવાન ! તું કોણ છો ? એક હીરાના પાસા છે. એક એક પાસાની કીંમત ઊંચી હોય છે. એક પાસો પણ બોદો હોય તો તોલમાં એની કીંમત ઘટી જાય. એમ આત્મામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અનંતી શક્તિના પાસા એવા છે કે એમાં એક શક્તિ એવી છે કે પ્રત્યક્ષ થઈ શકે એવી એની એક શક્તિનો પાસો છે. સમજાણું કાંઈ ? માપી લીધું છે, ભાઈ ! આત્માનું સ્વરૂપ તો આવું છે. એ રીતે જ્યાં સુધી પ્રતીતમાં ન લ્યે અને પ્રત્યક્ષ કરીને એને જ્ઞેય ન બનાવે ત્યાં સુધી એને ધર્મ નહિ થાય. દુનિયા ભલે મનાવે અને માની લ્યે. નહિ આમ છે, તેમ છે, ફલાણું છે, ઢીકણું છે. શુભયોગ પહેલો હોય, શુભ વ્યવહાર પહેલો હોય પછી નિશ્ચય થાય. એમ ને એમ થઈ જતા હશે ? એકડિયા ઘૂંટ્યા વિના એલ.એલ.બી. થઈ જવાતું હશે ? એવી વાતું કરે. પેલા સાંભળનારને ભાન ન મળે તો હા..હા.. કરે. પણ કોની હા કરે છે ? અને કોની ના કરે છો ? તું પ્રત્યક્ષ સ્વયંસિદ્ધ થાય એની ના કરે છો ! એ ના માં તું બાદશાહને રાંકો બનાવે છે. સાંભળને. એ 'ગીરધરભાઈ'! ભારે વાતુ ભાઈ આવી. આહા..હા...! વાડામાં તો કાંઈ સાંભળવા મળે એવું નથી આ. બાપુ ! માર્ગ જ એવો છે. ન્યાય લોજિક છે, યુક્તિ છે, આગમથી અંદર પ્રમાણમાં જુએ તો વસ્તુ આવી છે. એ વસ્તુ ભગવાને કહી માટે એવી છે એમ નહિ. જેવી છે એવી કહી છે. આહા..હા...! થોડું પણ પરમસત્ય હાથમાં આવે એનું જ્ઞાન હોવું જોઈએ. આહા..હા...! સમજાણું કાંઈ ?

કહે છે, ભગવાન આત્મા ! કેટલા શબ્દોમાં કેટલી ગંભીરતા પડી છે ! એક તો સ્વયં પ્રકાશમાન. એનો અર્થ કે પરનો આશ્રય એને નથી. એટલે વ્યવહારનો આશ્રય નથી. એટલે વ્યવહારનો એમાં અભાવ છે. એટલે કોઈ એમ કહે કે વ્યવહારથી થાય છે તો એ વ્યવહારથી નથી થતો એવા અનેકાંત સ્વરૂપને અનાદર કરે છે. એવું ચૈતન્યનું ઝળક જ્યોતિ ચૈતન્ય છે તે પોતાથી થઈ શકે છે એનો એ અનાદર કરે છે. અનાદર કરતાં અનંતા ગુણનો ધરનાર દ્રવ્યનો અનાદર કરે છે, કેમ કે દરેક ગુણ સ્વયં પ્રકાશમાન છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

જુઓ ! શ્રદ્ધા નામની શક્તિ છે અંદર. એમાં સમકિતનો પર્યાય એ સ્વયં પ્રકાશમાન પોતાથી પ્રગટ થાય છે. એને વ્યવહાર સમકિત હોય તો થાય એવો એનામાં ગુણ નથી. આહા..હા...! 'હીરાભાઈ'! આહા..હા...! ભગવાન ! તું કેવડો એની આ વાત ચાલે છે. એને નાનો કરીને માન્યો, એને રાંક કરીને અજ્ઞાનમાં રગદોળી નાખ્યો. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા ! આહા..હા...!

એ યાદ આવ્યું. (સંવત) ૧૯૬૦ ની સાલમાં પેલો ફત્તેહકુમાર મરી ગયો હતો ને ? ફત્તેહસિંહ, ૧૯૬૦ મા. 'રતન ઓલાયું સ્મશાને' આવ્યું હતું. અમારે દુકાન ઉપર ચોપડી આવી હતી. 'રતન રોળાયું સ્મશાને...' રાજકુમાર.. બે વર્ષનો છોકરો હતો. એ રતન નહિ, ભાઈ ! આ તારું રત્ન ચૈતન્ય હીરો. આ રોળાઈ ગયું, ભગવાન ! મરી ગયો તું. રાગથી અને પરથી આત્માનો પ્રકાશ થાય, નિમિત્તથી પ્રકાશ થાય એવા ચૈતન્યની શક્તિનો સ્વયં પ્રકાશમાન પ્રત્યક્ષ થવા લાયક એવો એને તેં નકાર કર્યો, એવા જીવતરનો તેં નકાર કર્યો. આહા..હા...! 'છબીલભાઈ'! કહો, આવું ત્યાં 'કલકત્તા'માં છે ત્યાં ? આહા..હા...! ભગવાનના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ઘરે છે એ.

કહે છે, અને તે પણ કેવો ? **'સ્વસંવેદનમયી (સ્વાનુભવમયી)'** સ્વ અનુભવ. સ્વભાવને અનુસરીને પ્રત્યક્ષ થાય. એક એક ગુણનું પ્રત્યક્ષપણું થાય. કારણ કે આ પ્રત્યક્ષ એક ગુણ છે એ અનંત ગુણમાં વ્યાપેલ છે. દરેક જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય, દરેક પર્યાય જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય, પોતાનું સારું આખું દ્રવ્ય જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે. આહા..હા...! એ.. 'વજુભાઈ'! આહા..હા...!

**'સ્વયં પ્રકાશમાન વિશદ એવા સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ.'** છે ને પદસંગ્રહ ? એમાં એક એક શક્તિને મુનિ કહ્યો છે. એક એક શક્તિ તે મુનિ છે. મુણવું એટલે જાણવું, પ્રકાશવું. મુનિ એટલે મૂણવું, જાણવું, પ્રકાશવું. એક એક શક્તિને મુનિ કીધી છે. આ પ્રકાશશક્તિ મુનિ છે. પોતે પોતાને પ્રકાશે અને પરને બધાને પ્રકાશે એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ ?

**'વિશદ એવા સ્વસંવેદનમયી...'** એમ છે ને ? સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ સ્પષ્ટ પ્રત્યક્ષ એવું સ્વસંવેદનમયી એનો એક ગુણ પ્રકાશશક્તિ છે. લ્યો ! આ તો પ્રકાશ... લાગુ પડે છે પ્રકાશશક્તિમાં. આવો કેમ માન્યો સાવ હલકો ? એમ કહે છે. પંચ મહાવ્રતના પરિણામથી આત્મા જાગે, અણુવ્રતના આંદોલનને કરે. મરી ગયો પણ તું, સાંભળને ! તારી સ્વયં પ્રકાશમાન જ્યોતિ પરના આલંબનનો જેમાં અભાવ છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

પેલામાં પણ આવે છે ને ? અલિંગગ્રહણમાં. એના જ્ઞાન ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી. પરજ્ઞેયનું આલંબન જેમાં આવે એને ઉપયોગ કહેતા નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ભારે આકરું. અધ્યાત્મની મૂળ ચીજ એવી ઝીણી છે અને એ ઝીણો હાથ આવે એટલે એને ઘરે અમૃતના વરસાદ વરસે !! આ તો રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ઝેર, ઝેરના પ્યાલા એણે અનાદિથી પીધા છે. સમજાણું કાંઈ ? ચાહે તો રાગની મંદતા હો પણ દૃષ્ટિમાં પડી છે દૃષ્ટિ ક્યાં ? મંદતાના સ્વીકારમાં. આખો અકષાય સ્વભાવનો રસકંદ છે એનો જ્યાં સ્વીકાર નથી એટલે એના જીવનનું હયાતીપણું જેટલું, જેવડું છે એનો તો એ નકાર કરે છે. 'હીરાભાઈ'! આહા..હા...! સાધારણ સમાજ સાથે આ મેળ ખાય એવું નથી. વીતરાગનો માર્ગ દુનિયા સાથે મેળ ખાય એવો નથી. આત્મા સાથે મેળ ખાય એવો છે. આ આચાર્યો આમ કહે છે, મોટો-મોટા પંડિતો આમ (કહે છે). એ પંડિતો અને આચાર્યો એના ઘરે ગયા. ભગવાન આમ આત્મા કહે છે. આહા..હા...!

હું પોતે પ્રત્યક્ષ થઈ શકું એવી મારો તાકાત ગુણ છે. તારે જે કહેવું હોય એ કહે બીજું, તારા ઘરમાં ઘોદા વાગશે. સમજાણું કાંઈ ? આ તો રણે ચડ્યા રજપૂત છૂપે નહિ. એ જે સરાણે ચડ્યો જીવ એની દૃષ્ટિમાં આવ્યો, કહે છે કે પૂર્ણાનંદનો નાથ ! જેની વાણીના વિલાસમાં જેનું સ્વરૂપ કહી શકાતું નથી, જેના વિકલ્પના વિલાસે જેના પત્તા મળતા નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! સમજાણું કાંઈ ? એ તો એના જ્ઞાનના પ્રત્યક્ષ દ્વારા (પત્તો લાગે છે). પ્રત્યક્ષ તો કેવળજ્ઞાન હોય. લે, વળી એમ કોઈ કહે. સાંભળને ! કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે પણ આ પણ પ્રત્યક્ષ છે.

સાધક જીવને મતિ-શ્રુતજ્ઞાન દ્વારા સીધો આત્મા જણાય એવું પ્રત્યક્ષપણું એના ગુણમાં છે તો ગુણનું કાર્યમાં પર્યાયમાં પણ પ્રત્યક્ષપણું થાય એવો એનો ગુણ છે. એ પ્રત્યક્ષ નામનો ગુણ દ્રવ્ય અને ગુણ ત્રણેમાં વ્યાપે છે. ત્યારે તેને દ્રવ્ય અને ગુણ, પર્યાય સાચા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહા..હા...! આવો તે કઈ જાતનો ધર્મ ? એ.. 'સેઠી'! આવું ક્યાં સાંભળ્યું તે દી ? આ થોડી બીજી જાત છે. એ તો ઘુસી ગયો છે, ન્યાં પેલાંમાં રળવામાં... રળવામાં... કો' કહેતું હતું, કોણ કહેતું હતું ? ભાઈ કહેતા હતા. 'પ્રાણભાઈ'. આહા..હા...! રળવામાં કે રડવામાં ? આહા..હા...!

પ્રભુ ! તારું તેજ, તારા તેજમાં એવા એક ગુણનું તેજ છે કે તું પ્રત્યક્ષ થઈને અનુભવે એવી તારી તેજ–શક્તિ છે. આહા..હા...! રાગ અને પરના જ્ઞાનના આધારના અવલંબનની આડમાં રહે એવો તું નથી. કહો, 'મીઠાલાલજી'! આવો આત્મા માને ત્યારે આત્મા માન્યો કહેવાય. આમ આત્મા આત્મા તો ઘણા બધા કહે છે. 'કબીર' પણ આત્મા કહે, પેલો ફલાણો આત્મા કહે, 'નરસિંહ મહેતા' આત્મા કહે. 'જ્યાં લગી આતમા...' બાપુ ! એ તો અપેક્ષા લોકોને સમજાવવા માટે. વસ્તુ તો આવો આત્મા. જેને ઈશ્વર પરમાત્મા ત્રણ લોકના નાથની પણ જેને સ્વસંવેદન પ્રત્યક્ષ થવામાં જેને પરની અવલંબનની જરૂર નથી. એવો ભગવાન એનો પ્રત્યક્ષ સ્વભાવ એ પર્યાયમાં પરિણમે છે ત્યારે એને પ્રત્યક્ષ ગુણ અને ગુણનો ધરનાર આત્માનું વાસ્તવિક પ્રતીતપણું, શ્રદ્ધાપણું, સમકિતપણું ત્યારે તેને પ્રગટ થાય છે. આહા..હા...!

એક-એક ગુણને પ્રત્યક્ષ કરતો. અરે..! એના અસંખ્ય પ્રદેશ છે. અસંખ્યપણું ભલે એના ખ્યાલમાં ન આવે પણ પ્રદેશનું ક્ષેત્ર છે એને પ્રત્યક્ષ કરતો આત્મા પ્રકાશમાન થાય છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આમાં નાખે એટલું ઓછું છે, એટલી વાત છે ! આહા..હા...! એક ગુણને... પેલામાં આવે છે ને ? એક ભાવ જાણે તો બધો ભાવ જાણે. આવે છે. 'જયસેનાચાર્યદેવ' માં આવે છે. એક ભાવ પણ બરાબર જાણે તો બધું જાણે. પણ એક પણ યથાર્થ જાણે નહિ અને ગોટાવાળે ઊંધા. બહારના ત્યાગ ને વૈરાગ્ય, બાયડી-છોકરા છોડ્યા, કપડા ફેરવ્યા, નગ્ન સાધુ થયા, અરે..! ભગવાન તું નગ્ન થયો નથી. જેને આત્માને વિકલ્પના લુંગડા નથી. અરે..! જેને પરના સંબંધીનો ખ્યાલ-જ્ઞાન એ પણ લુંગડું, લાગણી જેમાં નથી એવો એ દિગંબર આત્મા છે. સમજાણું કાંઈ ? 'રસીકભાઈ'! આહા..હા...!

આચાર્યે ગજબ કામ કર્યાં છે, હોં ! કેવળીને ઉતાર્યા છે હેઠે. અમે તો ત્યાં આવશું પણ હમણા નીચે આવો મારી પાસે. પહેલી ગાથામાં એમ કહ્યું છે ને ? સિદ્ધને અહીં પર્યાયમાં ગોઠવ્યા છે ને ? પહેલી ગાથામાં. **'वंदित्तु सव्वसिद्धे'** પહેલી ગાથામાં. ભગવાન ! અત્યાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સુધીના અનંતા સિદ્ધો મારી પર્યાયમાં પધારો. હું આપનો સત્કાર, આદર કરું છું. એવો **'वंदित्तु'**નો અર્થ કર્યો છે. **'वंदित्तु'** એટલે આદર કરું છું. અનંતા પરમાત્માઓ રાગરહિત થઈને પૂર્ણાનંદની પ્રાપ્તિ જેણે કરી છે. હે નાથ ! મારે આંગણે આવો કે જેથી કરીને હવે મારી પર્યાય અપૂર્ણ અને રાગવાળી ન રહે. સમજાણું કાંઈ ? આહા..હા...! એને પ્રકાશ સ્વાનુભવે પ્રકાશ કરું છું.

કોઈ કહે, અનુભવ-અનુભવ એટલે શું ? પેલા બધા એ વ્યાખ્યા કરે છે. અનુભવ એટલે પ્રત્યક્ષ થવું અને વેદવું એમ નહિ. અનુભવ એટલે સાધારણ જાણવું, બસ ! જાણવું એનું નામ અનુભવ. જુઓ ! ફલાણે ઠેકાણે આમ લખ્યું છે અને ફલાણે ઠેકાણે બધા .. કરે. ફલાણે ઠેકાણે કહે છે, અનુભવનો અર્થ જાણવું તે. પણ જાણવાનો અર્થ આ. આત્માને સીધો જ્ઞાનની વર્તમાન પર્યાયને અંદર વાળતા કોઈની અપેક્ષા નથી. એને પ્રત્યક્ષને અનુભવ થયો કહેવામાં આવે છે. એ જાણવામાં આવ્યું કહેવાય. જાણવાનો અર્થ ધારણા થઈ ગઈ એ જાણવામાં આવી ગયું ? શાસ્ત્રથી જાણ્યું કે આ (આત્મા આવો), એ જાણવું કહેવાય ? જાણવાનો અર્થ તો અનુભવમાં લેવો એનું નામ જાણવું કહ્યું કહેવાય. 'મગનભાઈ'! આહા..હા...!

ભગવાન ! તું અંદરમાં અનંત ગુણથી... ઓ..હો..હો...! જેની દૃષ્ટિમાં જ્યાં દ્રવ્યનું જોર આવ્યું, પર્યાય ઉછળીને કાંઠે એની અવસ્થામાં પર્યાય ઉછળી ગઈ. જ્ઞાનના પરિણમનમાં અનંતી પર્યાયો, અનંતા ગુણની પર્યાયો ઉછળી રહી છે. આહા..હા...! ઓછી હોય કે પૂરી હોય એની સાથે અત્યારે સંબંધ નથી પણ એક સમયમાં જ્યાં આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનું સમ્યગ્દર્શન થયું–સાચું દર્શન થયું, છે તેવી પ્રતીત થઈ, જેમ છે તેમ તેના શ્રદ્ધામાં આવ્યું ત્યારે તેની પર્યાયમાં સમકિતના પરિણમનની સાથે અનંતા ગુણનું પ્રત્યક્ષપણું થઈને પરિણમન થઈ રહ્યું છે. આહા..હા...! ગજબ વાત છે ! સમજાણું કાંઈ ? એ વાતો મળવી, કાને પડવી પણ મહાભાગ્ય છે. એવી એ ચીજ છે. આહા..હા...! શું કહીએ ? એ ચીજ એવી છે. હીરાને સરાણે ચડાવે અને એનો જે ભૂક્કો ઉડે એના પણ લાખો રૂપિયા ઊપજે. હીરાની તો વાત શું કરવી ! સરેણ ચડાવે છે ને ? સરાણે. એની સરાણ હોય એ જુદી જાતની, હોં ! લોઢાની નહિ. આ છરીના લોઢા સરાણે ઘસે ને ? એવી એ ન હોય. એક જણ અહીં આવ્યો હતો. 'બેલ્જીયમ'નો. 'બેલ્જીયમ' ને ? 'બેલ્જીયમ' નો ગોરો (સંવત) ૧૯૯૫ માં આવ્યો હતો. અંગ્રેજી જ સમજે. સાથે લઈને આવ્યા હતા. હું કહું એ વાત એને અંગ્રેજીમાં કહે. એ બોલે એ મને ગુજરાતીમાં સમજાવે. કે આ આમ કહે છે. ગોરો હતો. હીરા નીકળે ને ? 'બેલ્જીયમ' માં બહુ હીરા નીકળે.

**શ્રોતા :–** હીરાનો વેપારી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા વેપારી. એનો આડતિયો. પણ એ કહે આ હીરા ત્યાં સરાણે ચડે છે. એમ ભગવાનની વાણીએ આત્માનું પૂરું શું છે એ પ્રકાશ્યું છે. એ પ્રકાશ્યું એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાંભળવામાં મળે કે આમ છે એ પણ હીરાની રજકણ છે. આહા..હા...! એને વિશ્વાસ આવવો જોઈએ ભાઈ ! હોં ! આ કાંઈ બોલીએ એટલે પાર આવે એવું નથી.

સર્વજ્ઞશક્તિ, સર્વદર્શીશક્તિ, સ્વચ્છત્ત્વ શક્તિ પહેલી કહી ગયા. પછી આ કીધી. કહે છે, બધી સર્વજ્ઞ સર્વદર્શિ શક્તિનું પ્રત્યક્ષપણું થઈ ગયું. એ..ઇ...! શું તમારો પ્રશ્ન હતો ? સર્વજ્ઞપણું અત્યારે તો પરિણમતું નથી. ભલે પરિણમતું નથી પણ એની પ્રતીતમાં તો સર્વજ્ઞપણું પ્રત્યક્ષ થઈને પડ્યું છે કે આ સર્વજ્ઞ છું. એ શક્તિને પ્રત્યક્ષ કરી છે. આહા..હા...! સમજાણું કાંઈ ? 'નવનીતભાઈ'! આ તો માખણ નાખ્યું છે. ભગવાન ! તારી ચીજ જ કોઈ મોટી છે, ભાઈ ! સાધારણ ક્રોડનો હીરો હોય એ પાંચ રૂપિયે લેવા માંગે તો મળે ? હાલ... હાલ... એમ કહે. હાલ.. હાલ... હવે નીકળ. લીધા.. લીધા. ... છે એમાં ? લીધા-લીધા એટલે એનો અર્થ કરો, લ્યો ! પેલા પાસે અંગ્રેજીમાં. લ્યો, આ શું બોલે છે ? લીધા-લીધા કહો. લીધા-લીધા બે વાર કહ્યું. અરે..! લીધા-લીધાનો અર્થ તું લઈ શકે એવો નથી એમ અર્થ થાય છે. સાંભળને ! ભાષા પ્રમાણે અર્થ કરવા જઈશ તો નહિ થાય.

એ વાત આવે છે. ગોરો હતો ને છોકરો ? અમને બધી ગુજરાતી બહુ સારી આવડે. છોકરાને કહ્યું, એલા આનું શું ? ફલાણું. હવે જાણ્યું-જાણ્યું. અર્થ કરો, સાહેબ ! તમે પૂછ્યું મેં કીધું છે કે જાણ્યું-જાણ્યું. જાણ્યું-જાણ્યું તેનો અર્થ એમાં શું ? છોકરાને પૂછો શું કહે છે એ ? એ કહે કાંઈ જાણ્યું નથી એમ કહે છે મને. એ..ય..! બે વાર કીધું, જાણ્યું-જાણ્યું. પેલો કહે, મને ગુજરાતી (આવડે છે). ભાઈ ! તમારું કામ નહિ અંગ્રેજીમાં. ગુજરાતીનો ભાવ કેવો હોય. સમજાણું કાંઈ ? મોહતું, મોહતું કહે છે ને ? મોહતું. મોહતું એટલે અર્થ કરો તમે. નાનો છોકરો પણ કહેશે કે મોહતું એટલે રસોડામાં હાથ મેલા થાય એ લુછવાનું લુગડું. જેનો મર્મ સમજે એ મર્મ સમજે. તમે ભાષા પકડીને મર્મ કરવા ગયા કે અમે બધું સમજીએ છીએ. (એમ) ન સમજાય. સમજાણું કાંઈ ? 'કાંતિભાઈ'! આહા..હા...! વીતરાગના પેટ તો જુઓ ! ત્રણ લોકનો નાથ અંદર ઝુલે છે, કહે છે. એને મનાવીને અંદર અનુભવમાં લેવો છે એ એવો છે કહે છે. કહો, 'ગીરધરભાઈ'! આ તમે કાર્યકર કહેવાઓ, દેશના ને ફલાણાના ને..... ધૂળમાં પણ નેતા નથી, નેતા તો આત્મા છે, કહે છે. આહા..હા...!

કહે છે, ઓહો..! કેટલું ભર્યું છે એમાં ! પ્રત્યક્ષ ! એક-એક ગુણને પ્રત્યક્ષ. દ્રવ્યપ્રત્યક્ષ, પર્યાયપ્રત્યક્ષ. રાગ એનામાં છે જ નહિ. વ્યવહારનો અભાવ તેને અનેકાંત કહે છે. પરોક્ષપણાનો અભાવ અને પ્રત્યક્ષપણાનો સદ્ભાવ તેને અનેકાંત કહે છે. શું કહ્યું ? પરસત્તા અવલંબી જ્ઞાન અને પરોક્ષપણાનો એમાં અભાવ છે. 'નગીનભાઈ'! અરે..! આવો આત્મા ! ધોયેલ મૂળા જેવો ક્યાં ગયો ? એક જણ વળી એમ કહેતો હતો. છે એ છે, બાપુ ! પણ તારી નજરમાં આવતો નથી એટલે શું દેખાય ? આંખો મીંચીને બંધ કરીને બેઠો. દેખાતું નથી આ.

કહે છે, સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ એનું નામ છે, પ્રકાશશક્તિ. અંધકાર-ફંધકારનો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નાશ એ પણ નહિ. એ તો પ્રકાશક છે, બસ ! એટલી વાત. અંધકારનો નાશ કરવો એ પણ અહીંયા નહિ. પ્રકાશ હોય ત્યાં અંધકાર આવે ? એ વાત છે ને ? કહેતા હતા, .... અંધારુ કહે કે પણ આ પ્રકાશ મને રહેવા દેતું નથી. માટે સાહેબ ! આપ કાંઈક સાંભળો. ભેગા થઈને મારી પાસે કોર્ટમાં આવજો. એ કહે, પણ એ પ્રકાશ આવે ત્યાં હું આવી શકું નહિ. એમાં શું કરવું મારે ? કહો 'ભીખાભાઈ'! અંધારાએ અરજી કરી. અંધારાએ કોર્ટમાં અરજી કરી કે આ અમને સખ આવવા દેતું નથી. મને નુકશાન કરે છે, સાહેબ ! ફરિયાદ સાંભળો. આવજો કોર્ટમાં. પણ એ આવે ત્યાં હું આવી શકું નહિ.

**શ્રોતા :–** તો પછી ફરિયાદ શેનો કરે છે ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફરિયાદ શેનો કરીશ તું ત્યાં ? એમ ચૈતન્યના પ્રકાશના નૂરના વેદનમાં અજ્ઞાન ઊભું રહે નહિ. નાશ થાય તો એને કારણે નાશ થઈ જાય. સમજાણું કાંઈ ? એ... 'જયંતીભાઈ'! જુઓ તો આત્મા ! આહા..હા...!

હે સખા ! એક વાર તો ઉમેદમાં આવી જા કે હું જેવો કેવળજ્ઞાને પ્રત્યક્ષ છું, એવો તું મતિજ્ઞાન, શ્રુતજ્ઞાને પ્રત્યક્ષ એવો તું છો. છો એવું થાવું એમાં તને વાંધો શું છે ? ન હોય અને થાવું હોય તો વાંધો આવે. 'ભીખાભાઈ'! આવી વાતું ત્યાં ન મુકાય, હોં ! 'મુંબઈ' ફુંબઈમાં. આ તો અહીં ચાલે. (ત્યાં કહીએ તો કહે), શું માડી છે આ ? પોણો કલાક થવા આવ્યો આ. ચાલીસ મિનિટ થઈ. પ્રત્યક્ષ છે ને ઢીકણું છે ને... આહા..હા...! એને કાળ ક્યાં લાગુ પડે છે ? એ તો અવિનાશી શક્તિ છે. સમજાણું કાંઈ ? ક્યાં ગયા તમારા ગયા ? સંભળાતું નથી. એનો પ્રશ્ન હતો કે આત્મા ક્યારનો હશે ? પેલા સાંભળવા બેસે છે ને ? કીધું, અડધા શબ્દો સાંભળે, અડધા ન સાંભળે એમાં કાંઈ ન સમજાય, ભાઈ ! ક્યારનો હશે ? ક્યારેનો હશે એ પ્રશ્ન જ નથી એમાં. છે.. છે.. અને છે... આ શક્તિ પણ છે... છે... અને છે, ત્રણે કાળે છે. દૃષ્ટિમાં એનો ગુણનો વિષય સ્વીકાર્યો નથી, માટે છે એવું તને પ્રતીતમાં આવતું નથી. સમજાણું કાંઈ ? 'શાંતિભાઈ'! આ ઠીક આવ્યા છો, આમાં જોગમાં. ... ત્યાં ક્યાંય તમે ચોપડા વાંચો તો હાથ આવે એવું નથી. કહો, સમજાણું આમાં ?

આહા..હા...! પ્રભુ ! તારા દ્રવ્યની પ્રભુતા, ગુણની પ્રભુતા, પર્યાયની પ્રભુતા પ્રત્યક્ષ થઈ શકે એવું તારું સ્વરૂપ છે, કહે છે. એ પરમેશ્વર આડમાં ન રહે એવો તારો પરમેશ્વર છે. આહા..હા...! ... ? કાલે વળી એમ આવ્યું હતું કે વિશ્વાસે વહાણ તરે. આ લોકો નથી કહેતા કે વિશ્વાસે વહાણ તરે. એનો અર્થ શું છે ? મગજમાં નથી આવતું. શું છે એ પંડિતજી ? આ તો સમકિત ઉપર આવ્યું હતું. પણ વિશ્વાસે વહાણ તરે છે એમ બોલે છે ને ? એનો શું અર્થ છે ? વિશ્વાસ વહાણ તરે. લોકમાં શું ? એ ... ! નથી આવડતું તમને ? વિશ્વાસે તો વહાણ તરે. એટલે એ એક દાખલો છે. ઘણા વહાણ ડૂબી ગયેલા. ઘણાના વહાણ ડૂબી ગયેલા પણ એક પુણ્યવાન શાહુકાર હતો. એને કહ્યું, બધા વહાણ ડૂબી ગયા, માંગરોળના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પેલામાં. (આ કહે), મારા વહાણ ન બૂડે. જુઓ જાવ. બે બચેલા છે. એ બચેલા મારા. કારણ કે એને પુણ્યનો એને વિશ્વાસ છે. મારા પુણ્ય ઘટ્યા નથી, ખૂટ્યા નથી. કોઈ છોકરો કે છોડી એવા પાંગળા કે લુલા કે પાંગળા જનમ્યા નથી. સમજાણું કાંઈ ? જાવ જુઓ ! વહાણ ૨૦૦ હતા એમાં બે રહ્યા છે એ બે મારા છે. જુઓ ! જુએ ત્યાં બે એના નીકળ્યા. એના તરેલા બે બહાર નીકળ્યા. સમજાણું કાંઈ ? એમ સમ્યક્ત્વમાં આત્મા તરતો દેખાય એને. કે ફલાણાને પડી ગયું અને મર્યા અને બૂડ્યા, એ મારે નહિ. સાંભળને ! સમજાણું કે નહિ ?

કહે છે ને કે એ અગિયારમેથી પડી ગયા. અરે..! સાંભળને હવે. આવું ક્યાંથી રોતલ બાયડી જેવું લાવ્યો. તારે ઘરે રોતલપણું તારે ઘરે છે ? અગિયારમેથી પડી ગયા, નિગોદમાં ગયા. અહીં કહે છે કે અમારે ઘરે કાંઈ છે નહિ. અમે તો આત્મા પ્રત્યક્ષ થઈને કેવળજ્ઞાનને પ્રત્યક્ષ કરશું એવો અમારો સ્વભાવ છે. અહીં તો આ સાધકનું પ્રત્યક્ષ છે ને ભાઈ ! એ સાધકનું પ્રત્યક્ષપણું તેનું તે કેવળજ્ઞાનના પ્રત્યક્ષપણાને પોકારે છે. આવ. બોલાવે છે. એય... 'ધવલ' માં એ પાઠ છે. આ તમારો ભાઈ .. શું એને 'ધવલ' સમજાય ? કહેતા કે મારે 'ધવલ' વાંચવું છે. કીધું, આ આત્મા છે તે અનાદિની અનંત સત્તા છે. છે એને આદિ શી ? એ છે તો ક્યાંક તો પહેલો હશે ને ? પહેલો કેવો ? પહેલો પણ એ અને છેલ્લો એ અને વચમાં એ. આહા..હા...!

અરે...! અનાદિ ભગવાન અનંતા કાળથી છે, અનંત કાળ રહેશે. એની આ બધી શક્તિઓ અનંત કાળથી છે અને અનંત કાળ રહેશે પણ ભાન થતાં તેના પર્યાયમાં પ્રત્યક્ષપણું થાય ત્યારે આ ત્રિકાળી છે એમ એને ભરોસો આવે. સમજાણું કાંઈ ? આહા..હા...! અરે..! આ કેવી ધર્મકથા છે ? લ્યો ! બાપૂ ! ધર્મકથા તો આ છે. સમજાણું કાંઈ ? જેમાંથી સમ્યગ્દર્શન પ્રગટે એનું નામ ધર્મકથા પણ જેમાંથી વિરુદ્ધ મિથ્યાત્વ પ્રગટે, આ રાગથી તમને આ થશે... ત્યાં તો મિથ્યાત્વ પ્રગટે, ઇ ધર્મકથા નહિ. એ તો પાપકથા છે. આહા..હા...! શું છે ? 'પ્રકાશદાસજી'! કોઈ કહો ને ? આમ કરો.. આમ કરો તો પ્રગટશે, કષાયની મંદતા કરો તો પ્રગટશે, સત્‌સમાગમ કરો તો ત્યાંથી આપશે. તું સત્ છો કે નહિ ? આ શેની વાત ચાલે છે આ ? તું સત્ છો કે નહિ ? કે સત્ બીજા ભગવાન, ગુરુ સત્ અને તું સત્ છો કે નહિ ? તું સત્ તો અવિનાશી સત્ છો. આહા..હા...! સમજાણું કાંઈ ?

એ તો પ્રકાશશક્તિ–સામર્થ્ય છે કે જે એની પર્યાયમાં કાર્ય લાવે છે. એ પ્રકાશશક્તિનો ધરનાર, એનો ભરોસો આવ્યો, પ્રતીતમાં એમ બેઠું ત્યાં તો કહે છે કે એનું કાર્ય પ્રત્યક્ષ, અનંત ગુણને પ્રત્યક્ષ કરતું પ્રતીત થાય. આહા..હા...! સમજાણું કાંઈ ? લ્યો, એ પ્રકાશશક્તિ થઈ. હવે એટલી થઈ. અહીં પાર એવું નથી નાખે એમાં. આહા..હા...! એક-એક શક્તિને આમ વર્ણવી છે. લ્યો, જુઓને ! અહીંયાં એમ કહેવા માગે છે ને અહીંયાં ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્માનો જ્ઞાનસ્વભાવ જ્યાં એને દૃષ્ટિમાં આવ્યો ત્યાં જ્ઞાન દ્રવ્ય અને ગુણમાં એકલું નહિ રહે, પરિણમનમાં આવ્યું. શાસ્ત્રનું જ્ઞાન અગિયાર અંગનું જ્ઞાન એ જ્ઞાન નહોતું. અગિયાર અંગ ભણ્યો. જેમ કષાયની મંદતાની ક્રિયાથી નવમી ગ્રૈવેયક ગયો એ ચારિત્ર નહોતું, એ અધર્મ હતો. આહા..હા...! એ.. 'કાન્તિભાઈ'! એમ શાસ્ત્રના જાણપણા ભવિને અને અભવિને અનંત વાર થયા, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે નવપૂર્વ (ભણ્યો) એ જ્ઞાન નહિ. જ્ઞાન તો એને કહીએ કે જ્ઞાન ધરનારો ભગવાન, એની દૃષ્ટિ થતાં જ્ઞાનના પરિણમનની સાથે અનંતા ગુણોનું એક સમયમાં પરિણમન થાય. આનંદ સાથે પરિણમન થાય તેને જ્ઞાન કહીએ. અને તે જ્ઞાન પ્રત્યક્ષ થતું જ્ઞાન પરિણમે. આહા..હા...! આવી વાતું છે. સમજાણું કાંઈ ? બાર થઈ. લ્યો, હવે તેર. ઇ ત્રણ દિ' છે ને ?

આત્મામાં એક શક્તિ એવી છે **'અસંકુચિતવિકાસત્વશક્તિ'** એ તેરમી છે. એટલે શું ? **'ક્ષેત્ર અને કાળથી અમર્યાદિત..'** જે શક્તિ ક્ષેત્રને મર્યાદિત ક્ષેત્રને જાણે એવું છે નહિ. કાળને મર્યાદિત જાણે એવું નહિ. કાળ અને ક્ષેત્રથી પાર વસ્તુ છે એ બધાને પોતે જાણે. અસંકોચ. આહા..હા...! વ્હોરવા જાય ત્યારે કહે છે ને ? ભાઈ ! સંકોચ નથી ને ? સંકોચ વિના... પૂછે. એય... તમે સંકોચ રાખશો નહિ. તમને આહાર-પાણીમાં સંકોચ નહિ થાય ને ? એ..ઇ...! 'પ્રકાશદાસજી'! સાંભળ્યું છે કે નહિ ?

**શ્રોતા :–** જી હાં સુના હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સુના હૈ તો પાછું મુંડાવું... નક્કી તો કરવું જોઈએને કે આમાં વ્યવહાર કરવો પડશે. ખ્યાલ તો આવે, ખ્યાલ તો આવે. અમે બધું કર્યું છે, હોં ! સંકોચ નહિ થાય ને ? બા ! બહેન ! સંકોચ નહિ થાય ને ? એમ કે તમે આઠ જણા છો અને આ બાર રોટલા છે પણ એમાં તમને સંકોચ નહિ થાય ને ? ખાનારા બે-બે રોટલાવાળા હોય તો સંકોચ થાય, તમને વાંધો આવે. અહીં કહે છે સંકોચ થાય એવો આત્માનો ગુણ જ નથી.

એનું જ્ઞાન, એનો આનંદ કાઢતા કાઢતા એટલો કાઢે કે જેને ક્ષેત્ર અને કાળની મર્યાદાની હદ પણ નથી. આ ત્રણ કાળ અને ત્રણ લોક છે કે લોકાલોક છે, તેથી અનંતગુણું ક્ષેત્ર અને અનંતગુણો કાળ હો તો પણ જ્ઞાનમાં જાણવાનો સંકોચ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? અસંકોચ અને વિકાસત્વ એમ. સંકોચ જરા પણ નથી અને વિકાસ પૂર્ણ છે એમાં. પૂર્ણ વિકાસ થાય, ત્રણ કાળ ત્રણ લોકને જાણવાનો વિકાસ થાય એવો એનામાં ગુણ છે. આહા..હા...! સર્વદર્શી લીધી, પછી જ્ઞાન લીધું, પછી ચિતિ લીધી, પછી દર્શન, પછી જ્ઞાન, એ દર્શનમાં સર્વદર્શી, જ્ઞાનમાં સર્વજ્ઞત્વ, વળી સ્વચ્છતા, વળી આ પ્રત્યક્ષગુણ, એમાં વળી આ અસંકોચવિકાસ. આહા..હા...!

કહે છે, તારો કોઈપણ ગુણ સંકુચિત રહે અને વિકાસ ન થાય એવો ગુણ છે નહિ.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! સમ્યગ્દર્શન પણ ક્ષાયિકપણે થાય. સંકોચ ન રહે અને વિકાસ પૂરો થાય એવો તારો ગુણ છે એમ કહે છે. આહા..હા...! 'ધીરૂભાઈ'! એમાં હાથ આવે એવું નથી. આહા..હા...! કહે છે, ભગવાન ! તારો એ જ્ઞાનગુણ જે છે પર્યાયમાં. પર્યાયમાં, હોં ! એમાં પણ અસંકુચિતવિકાસ નામનો ગુણ તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપેલો છે, એટલે દ્રવ્યમાં સંકોચ નથી વિકાસ છે, ગુણમાં સંકોચ નથી વિકાસ છે, પર્યાયમાં સંકોચ, કોઈપણ શ્રદ્ધા પર્યાયને, ચારિત્ર પર્યાયને, આનંદની પર્યાયને, વીર્યની દશાને, સ્વચ્છતાની દશાને સંકોચ નથી પણ વિકાસ છે એવો તારો ગુણ અંદરમાં પડ્યો છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ક્ષેત્ર (અને) કાળથી અમર્યાદિત. એને મર્યાદા જ નથી. આટલું જાણવું ત્રણ કાળ, ત્રણ લોક એ મર્યાદા નથી જેને. ઓ..હો..હો...! એ તો જ્યારે કેવળી થાય ત્યારે ને ? અરે..! સાંભળને હવે. કેવળી શું કેવળીનો બાપ આત્મા છે. એવી અનંતી કેવળજ્ઞાનની પર્યાયો તારા જ્ઞાનગુણમાં પડી છે. બાપ એટલે ત્યાંથી પર્યાય–પ્રજા પ્રસવે છે. એ..ઇ...! ભગવાન અનંત ગુણનો પીંડ ગર્ભ છે, એ ગર્ભમાં પડ્યું છે કેવળજ્ઞાન. ત્યાંથી કેવળજ્ઞાનની પ્રજા, પ્રજા પાકે છે. કાંઈ બહારથી પાકતી નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? સીધો અસંકોચવિકાસ ગુણ છે, એમ કહે છે.

એ ગુણ અનંત ગુણમાં વ્યાપ્યો છે, એ ગુણ અનંત ગુણને નિમિત્ત છે, એ ગુણને અનંત ગુણ નિમિત્ત છે. સમજાણું ? એ ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે એવો છે. એ દ્રવ્યનું અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. એ ગુણમાં વ્યવહાર ને અલ્પજ્ઞતાનો અભાવ છે. એનું નામ વ્યવહારનો અભાવ છે, તેનું નામ અનેકાંત છે. એ ગુણ પારિણામિક ભાવે છે. આ ગુણ પારિણામિક ભાવે છે. પ્રકાશમાં તો આવ્યું હતું. સ્વસંવેદનમયીમાં પોતાના કારણે વેદે એમાં કર્તા પોતે, ગુણની પર્યાય પોતે કર્તા છે. છ કારકો પોતાના પ્રત્યક્ષ થઈને પરિણમે એવો એનો ગુણ છે. એને રાગ ને નિમિત્ત હોય તો પ્રત્યક્ષ થાય એવો એનામાં સ્વભાવ નથી. આહા..હા...! આટલી તો સીધી વાત છે. પ્રત્યક્ષ થઈને પરિણમે એનામાં કર્તાપણું પોતાનું છે, કાર્ય પોતાનું છે, સાધન પોતાનું છે. રાગનું નિમિત્ત અને બાહ્ય જ્ઞાનનું નિમિત્ત સાધન છે એમ છે નહિ. આહા..હા...! આવી નિશ્ચયની વાત ગળે ઉતારતા એને ધ્રુજારો થઈ જાય અંદરથી. આહા..હા...! એક બીડી વિના ચાલે નહિ, છાશ વિના ચાલે નહિ, અડદની દાળ સદડી ન થઈ હોય તો ઢીંચણયું ઊડે. ધાન ને ધૂડ, ધાન ... આવું કરી નાંખ્યું ? અને એમાં સત્તાપ્રિય વેવાઈ તે સરખાઈનો આવ્યો હોય એટલે કહે, આ શું કરી નાખ્યું આ ? અત્યારે ... ઘરનું. આવડત વિનાના માણસ લાગે છે, એમ આ કહેશે. દિકરીનો સાસરો આવ્યો છે. એને આ કહે એલા પણ આવડો આત્મા. ભાઈ ! એવડો છે. માન તો પણ એવડો છે અને ન માન તો પણ એવડો છે. સમજાણું 'કાંતિભાઈ' ? 'કાન્તિભાઈ'એ તો નોકરી મૂકી દીધી છે ને ! પંદરસોનો માસિક પગાર છોડી દીધો. ધંધો જ કરવો નથી, નોકરી કરવી નથી. સમજાણું કાંઈ ? નોકરા શેના કરે ? ભગવાનની કર ને નોકરી હવે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રોતા** :– એનું નામ જ નોકરી. નો - કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– એ કહે છે નોકરી એટલે ન કરી. ન કર્યું... ન કર્યું... ન કર્યું... એમ નોકરને થાય. કર્યું.. કર્યું... તો કહે આવડ્યું નથી તને. તને આવડ્યું નથી એમ જ કહે. આ નોકરી તો ભગવાનની કર અહીં. આહા..હા...! પર્યાય જે પ્રજા એ દ્રવ્યની પ્રજા કર, રાગ અને અલ્પજ્ઞપણું, એ પરને જાણવું એ દ્રવ્યની પ્રજા નથી. આહા..હા...! સંકોચ તારે ઘરે ? ભગવાન ! ભગવાનની દીકરી પરણે અને સંકોચ હોય ? આખા જગતનું આમંત્રણ. આવે છે પહેલા શ્લોકમાં ? શાંતરસમાં આખું જગત ડૂબે. આહા..હા...! ... છે ને જીવનું પૂર્ણ. ૩૮ (ગાથામાં) જીવનો અધિકાર પૂર્ણ થતાં બધા જીવને સાગમટે નોતરું (આપે છે).

ભગવાન ! ... લોકાલોકને જાણનારું તારું જ્ઞાન એમાં સંકોચ નથી એવું વિસ્તાર જ્ઞાન સમાઈ જા ને, ભાઈ ! આવી જાને. જમવા આવી જાજે. આહા..હા...! બધાને સાગમટે નોતરું. ... વૃદ્ધ હોય, ચાલી શકે નહિ એ જુદી વાત છે. પણ મેં તો બધાને આમંત્રણ કહ્યું. પછી કોઈ અભવિ હોય અને મિથ્યાદૃષ્ટિ હોય ને ન આવે તો એના ઘરે રહ્યો. આમંત્રણ બધાને (છે). સર્વ જીવ છે સિદ્ધસમ. આ બધી શક્તિઓ અભવીમાં પણ પડી છે, હોં ! એમ નહિ કે અભવિમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? પણ એને જ્ઞાનની પરિણતિ પોતાના સ્વરૂપનું અંતરમાં માહાત્મ્ય આવતું નથી. આહા..હા...! માહાત્મ્ય એ રાગ અને પર્યાયનું, બહાર પર્યાયને માહાત્મ્ય આપી ભગવાન મહાત્માનો એ અનાદર કરે છે. મહાત્મા છે, મોટો મહાત્મા છે. એ અનાદર કરે છે તેથી તે મહાત્મા થતો નથી અને પરમાત્મા થતો નથી. મહાત્મા થાય તે પરમાત્મા થયા વિના રહે નહિ. પણ એ મહાત્મા પોતે છે અંદર એમ કહે છે. આહા..હા...! 'હીરાભાઈ'! જુઓ ! આ. .. કરવા આવ્યા છે. ... તે દિ' તો ખબર નહોતીને ? આવ્યા છે બીજી વાર... આ 'હિંમતભાઈ'ને લઈને. કીધું ભાઈ ! ઉતરવું છે ન્યાં, હોં ! જો હોય તો. બીજે જાય તો ... એમાં તો ? .... આહા..હા...!

જીત નગારા વાગ્યા. આવે છે ને મહાવીરમાં ? વીરપણું. વીરપણું શું કીધું પહેલું ? 'વીર જિનેશ્વર ચરણે લાગું, વીરપણું તે માગું જી, મિથ્યા મોહ તિમિર ભય ભાંગ્યું, જીત નગારું...' જીતે ત્યારે નગારા વગાડે. જે લશ્કર જીતે એ નગારા વગાડે. અને એમાં હોંશ વાગે. અહીં જીત નગારું વાગ્યું. ભગવાનને જ્યાં જોયો અને માન્યો, અનુભવથી, હોં ! જીત નગારા વાગ્યા, અમે હવે જીત્યા છીએ. હવે અમે સંસારમાં રહેવાના નથી. આહા..હા...! 'ધીરૂભાઈ'! જુઓ ! આવો આત્મા છે. એમ આત્મા-આત્મા કરે એમ ન ચાલે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવો આત્મા ગુણવાળો, શક્તિવાળો જોયો એ પ્રમાણે એની પ્રતીતમાં આવે ત્યારે એના અનુભવમાં આવે ત્યારે એને આત્મા માન્યો અને જાણ્યો કહેવામાં આવે છે. (વિશેષ કહેશે...) (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી સમયસાર કળશટીકા, કળશ–૨૭૦,
## પ્રવચન નં. ૨૫૪, તા. ૨૭-૦૮-૧૯૬૮
## [૨૦]

એમાંથી આર્ય માણસ કહે કે હવે પછી આપણે માંસ અને દારૂ ન ખાવા, પીવા નહિ એવી આર્ય વ્યક્તિની કુદરતે બહારની એ સ્થિતિ ઊભી થઈ એટલે કુદરતે આ દિવસે આર્યવૃત્તિ ઊગી. હવે પછી કોઈએ માંસ ખાવું નહિ અને માંસ કોઈ ખાશે તેની છાયાં નહિ લઈએ. એ રીતે આર્યવૃત્તિની ઉત્પત્તિનો દિવસ ગણીને ચારિત્રના દસ પ્રકારના આરાધનના દિવસ આચાર્યોએ નક્કી કર્યા. સમજાય છે કાંઈ ? ખરા પર્યુષણ આ છે. આજથી હવે શરૂ થાય છે. ખરા. સનાતન વીતરાગમાર્ગના પરમેશ્વરના કહેલા, વાસ્તવિક આરાધન. 'चरित्त खलु धम्मो' ચારિત્ર વીતરાગી પર્યાય તે ધર્મ છે અને ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ અને આ ચારિત્ર તે મૂક્તિનું કારણ છે. એ આમાં કહે છે, જુઓ !

'કાર્તિકેયાનુપ્રેક્ષા' ૩૯૪ ગાથા છે.

**कोहेण जो ण तप्पदि सुरणरतिरएहिं कीरमाणे वि।**
**उवसग्गे वि रउद्दे तस्स खमा णिम्मला होदि।।३९४।।**

'સ્વામિ કાર્તિકેય' થઈ ગયા છે, જૂના, ૨૦૦૦ વર્ષ પહેલા. એમણે આ દસ પ્રકારના ક્ષમા આદિ ધર્મનું વર્ણન કર્યું છે. એમાં સાર એવો લીધો છે કે આ જે મુનિ ઉત્તમ ધર્માદિ પાળશે એના ભાવનો સાર સુખ છે, આનંદ છે. એ દસ પ્રકારના ધર્મનું ફળ આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે. ચારિત્રનું ફળ મુક્તિ છે ને ? એમાં અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ ચારિત્રને લઈને થાય છે. તો કહે છે કે એ ચારિત્રના પ્રકારમાં પહેલો પ્રકાર આ.

**'कोहेण जो ण तप्पदि'** ઉત્તમ ક્ષમાધર્મને કહે છે. **'જે મુનિ દેવ-મનુષ્ય-તિર્યંચાદિ દ્વારા રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્તાયમાન ન થાય...'** પ્રતિકૂળતાના ઉપસર્ગ દેવ-મનુષ્ય-તીર્યંચ સમજાય છે ? અચેતન. એવા ચાર પ્રકારના ઉપસર્ગ નામ પ્રતિકૂળતાના સંયોગ બને (તો) ધર્માત્મા ત્યાં ક્ષમા કરે છે શાંતિ રાખે છે જ્ઞાતા-દૃષ્ટિપણે તે ઉપસર્ગને સહન કરે છે. એનું નામ ક્ષમા. સમ્યગ્દર્શનપૂર્વક, આત્માના ભાનપૂર્વક ક્ષમા રાખવી એને ચારિત્રધર્મનું ક્ષમાપર્વ કહેવામાં આવે છે. વ્યવહારથી આ કહે. બાકી તો પર્વ જ્યારે આરાધન કરે ત્યારે કરી શકે છે. જુઓ !

**'તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે.'** જે કોઈ ક્રોધ ન કરે... 'શ્રીમદ'માં પણ આવે છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ને એક ? 'બહુ ઉપસર્ગ...' જુઓ ! ત્યાં પણ શબ્દ ઉપસર્ગ આવ્યો, અહીં પણ ઉપસર્ગ છે.

બહુ ઉપસર્ગ કરતા પ્રત્યે પણ ક્રોધ નહિ,
બહુ ઉપસર્ગ કરતા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા ન થાય રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિદાન જો,
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો ?

બાહ્ય અને અભ્યંતર નિર્ગ્રંથતા પ્રગટ કરી અને અમે ક્ષમાને ધારણ કરીએ. ઉપસર્ગના કરનારા દેવ-મનુષ્ય અને તીર્યંચોના ટોળા હોય તો પણ અમને તેના પ્રત્યે જરા પણ અણગમો ન થાય. જુઓ ! 'બહુ ઉપસર્ગ કરતા પ્રત્યે પણ ક્રોધ નહિ,' અણગમો નહિ. એ સ્થિતિ સંયોગ છે, એ બને છે. સમજાય છે કાંઈ ? ત્યાં વિચાર કરે કે ખરેખર જો મારા દોષ કહેતો હોય તો મારામાં હોય તો કહે છે, તો એમાં દોષ શું ? અને મારામાં દોષ ન હોય અને એ કહે છે, છે ને કહે છે તો મારે ખ્યાલમાં રાખીને દોષ ટાળવા જોઈએ. નથી ને કહે તો અજ્ઞાની છે, એના પ્રત્યે દ્વેષ હોવો જોઈએ નહિ. એમ કરીને પણ ધર્માત્મા (ક્ષમા ભાવ રાખે છે). ઘણા બોલ લીધા છે એમાં તો.

એમ કરતા કહે મારી સીધી મુખ આગળ તો નીંદા કરતો નથી, મારે ક્રોધ કરીને શું કામ છે ? પાછળ કહે, તો પાછળ તો રાજાની નિંદાઓ પણ કરે. માટે મારી પાસે તો કહેતો નથી, એમ ક્ષમા કરે. મોઢા આગળ આવીને કહે છે પણ મારતો તો નથી. મારે તો એમ કહે મારે છે પણ પ્રાણ તો લેતો નથી. પ્રાણ લે તો એમ કહે પણ ધર્મ તો ભ્રષ્ટ કરતો નથી. સમજાય છે કાંઈ ? શેઠ ! એવો દિવસ છે. દિવસ એટલે ક્ષમાનો એવો સ્વકાળ છે, એમ કહે છે. ક્ષમા શાંતિ... શાંતિ... શાંતિ.... ગમે તે હો. જગતના પદાર્થો પ્રતિકૂળરૂપે હો તે જ્ઞાનમાં જ્ઞેય છે. મને કંઈ અડતા નથી, હું એને અડતો નથી. આહા..હા...!

ક્ષમાના સાગર ધર્માત્મા હોય છે, એમ કહે છે. મુનિ તો ક્ષમાના દરિયા હોય છે. ક્ષમાના દરિયા ! ક્રોધ ત્યાં હોઈ શકે નહિ. એવી ક્ષમાનું આરાધન આત્માના ભાનપૂર્વક ક્રોધનો અભાવ કરીને શાંતિનું વેદન (હોય છે). એને પહેલો પર્વ દશલક્ષણી પર્વનો આ ધર્મ આરાધન દિવસ પર્યુષણ, યુષણ. પર્યુ સમસ્ત પ્રકારે યોજવું. આત્મામાં શાંતિની યોજના કરીને આત્મામાં રહેવું એનું નામ પર્યુષણ છે. આત્મામાં જોડાણ કરવું.

હું ભગવાન આત્મા છું, ચૈતન્ય શુદ્ધ છું, એમાં આત્માને જોડવું. પર્યાયને અંતર એકાગ્ર કરવી, એના આરાધનના આ દસ દિવસ ગણવામાં આવ્યા અને આ પહેલો ક્ષમાનો દિવસ છે. એ સ્વામી કાર્તિકેયમાં છે. ઘાણીમાં પીલ્યા છતા ક્ષમા રાખી છે, જુઓ ! ઓહો..હો...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મુનિઓએ શરીરના ટુકડા-ટુકડા કટકા-કટકા થઈ ગયા. મને શું ? મને પરિષહ અડતા પણ નથી. આહા..હા...! હું તો જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છું. એવા અરૂપી સ્વભાવને સંયોગો સ્પર્શે કેમ ? આહા..હા...! એવી અંતરધ્યાનની શ્રેણી ચડાવી કેવળજ્ઞાન પામ્યા, લ્યો ! ઘાણીમાં પીલતા પછી ઉપસર્ગ છૂટી ગયો. આહા..હા...! એનું નામ ચારિત્રનું આરાધન, ક્ષમાનું આરાધન, ભાનપૂર્વક આત્માનું સેવન.

હવે આપણે અહીંયાં ૨૭૦ કળશ થઈ ગયો. આજ ૨૭૧ કળશ પહેલાં એક ગદ્ય છે, ગદ્ય. કળશ નથી પણ ગદ્ય છે. આત્માનું આરાધન કરનાર કઈ રીતે આરાધન કરે ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય દળ, એને કહે છે કે અંદરમાં મારામાં શક્તિઓ અનંત છે તો પણ એ અનંતને હું ભેદ પાડતો નથી. હું એક વસ્તુ છું. અનંત ગુણનો પીંડ પ્રભુ છું, એમાં એ જ્ઞાન, દર્શન, શાંતિ, આનંદ વગેરે અનંત શક્તિઓ છે. આ અનંત છે એનો ભેદ નથી પાડતો. ધર્મી અભેદ ચૈતન્યમૂર્તિનો આશ્રય લઈને અંતરમાં અનુભવ કરે છે. આહા..હા...! ઝીણી વાત તો ખરી.

અપૂર્વ ! એણે અનંતકાળમાં એવા જન્મ-મરણ કર્યાં, ચોર્યાશીના અવતાર. જુઓને ! આ હમણા જ્યાં જ્યાં લખાણ આવે છે આ સુરતના. રાડ નાખે... માણસ તણાણા, મડદા, આ ..., પાંચ-પાંચ હજાર ઘેટાઓ. આહા..હા...! આમાં એક લેખ આવે છે. આ ક્ષમામાં, હોં ! કોઈ ૩૨ મુનિ હતા. નદીની બહુ બાઢ આવી તો તણાણા. આ ક્ષમાના અધિકારમાં આવે છે. કથામાં આવે છે. પૂર આવ્યું નદીનું ઘણું. મુનિ ધ્યાનમાં બેઠા હતા. આ પૂર આવ્યું, તણાણા એમાં. લગાવી દીધું આસન. આરાધક થઈને દેહ છોડી દીધો. નદીના પ્રવાહના પૂરમાં. સમજાય છે ? આમા દાખલો છે. એવા ઉપસર્ગો અનંત વાર આવે છે પણ સહન કરવાનો કાળ તો કોઈ વખતે હોય છે. આત્માના ભાનસહિતની ક્ષમા રાખે ત્યારે સહન કરવાનો કાળ કહેવામાં આવે છે. ઉપસર્ગ તો અનંતવાર એને આવ્યા. અજ્ઞાનમાં પણ બહારની પ્રતિકૂળતા જુઓને મરાઈ ગયા, તણાઈ ગયા. તે દિ' કલેક્ટર નહોતા કહેતા ? કે તાપી નદીનું પાણી આમ ચાલતું. ઉભા ... એક મડદું. એક-એક પાણીના ... એક-એક મડદું દેખાય. પાણીના .. ચાલતા હોયને આમ. એટલું પાણી છે. એક મડદું, બીજું મડદું, ત્રીજું એમ ચાલ્યા જ જાય. કેટલા હજારો માણસો મરી ગયા છે. એ કંઈ પહેલી-વહેલી આવી વાત નથી. સમજાય છે કાંઈ ? જીવોને અનંતકાળના પ્રવાહમાં એવું અનંતવાર બની ગયું છે. એ ન યાદ કરે, ન સંભારે એટલે કાંઈ વસ્તુ બીજી થઈ જાય ? અનંતવાર એવું થયું છે. આ એણે કર્યું નથી.

અરે..! હું એક આત્મા ! શરીર, વાણી, મન તો મને અડતા પણ નથી, મારામાં નથી, એમાં હું નથી. પુણ્ય અને પાપના ભાવ મારામાં નથી, એમાં હું નથી. પણ હું છું એમાં અનંત શક્તિઓ છે. હું આત્મા છું, વસ્તુ છું. એમાં અનંત સંખ્યાએ, ગણનાએ, ગણનાએ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગણતરીએ, એક-બે-ત્રણ એમ, ગણતરીએ અનંત શક્તિ છે. પણ કહે છે કે એવા ભેદને હું સ્પર્શતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? પરને સ્પર્શતો નથી, દયા-દાન વિકલ્પને સ્પર્શતો નથી, એ તો મારામાં નથી અને એમાં હું નથી, પણ (અનંત શક્તિઓ) મારામાં છે. હું એક આત્મા. સમજાય છે ? પહેલા ભજનમાં ગાતા નહિ ? પરમાત્મા... તું બન જા બને તું પરમાત્મા. તારા આત્માની શક્તિ અપાર હૈ. આવે છે ને એ ? છોકરા પણ ગાતા ... તું બને તો બન જા પરમાત્મા, તેરી શક્તિ આત્મા કી અપાર હૈ. આહા..હા...! એટલે, પરમાત્મા કેમ બનાય ? – કે આત્મામાં અનંત ગુણો છે એના પણ ભેદને ન સ્પર્શતો. આહા..હા...! રાગને ન સ્પર્શતો, નિમિત્તને નહિ અડતો, પણ છે એનામાં (એવા) ભેદને નહિ સ્પર્શતો. આહા..હા...! ભગવાન અભેદસ્વરૂપ છે. તેમાં એકાકાર થતો, આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન, શાંતિને પ્રગટ કરતો, વીતરાગી પરમાત્માનો પર્યાયને પ્રગટ કરવામાં ભેટો કરે છે. એ સાધ્યને સાધક પહોંચી જશે એમ કહે. આવા જ્યાં અંદર શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર અભેદને આશ્રયે પ્રગટ થાય તેને પૂર્ણ આનંદનું સાધ્ય–કેવળજ્ઞાન પ્રાપ્ત થશે. બીજાને બીજી રીતે કોઈ રીતે થવાનું નથી.

હવે તો અહીં શક્તિઓ કાઢી નાખી. હવે આત્માના ચાર ભેદ પાડવા એ પણ નહિ, કહે છે. આત્મા દ્રવ્ય છે. બહુ સરસ વાત છે. આત્માનું ક્ષેત્ર છે, આત્મા સ્વકાળે વસ્તુ છે, સ્વભાવે વસ્તુ છે. એવા ચાર ભેદ પણ પાડીને મારે શું કામ છે ? એમ કહે છે. સમજાય છે કાંઈ ?

**न द्रव्येण खण्डयामी, न क्षेत्रेण खण्डयामि, न कालेन खण्डयामि, न भावेन खण्डयामि; सुविशुद्धि एको ज्ञानमात्रभावोऽस्मि।***

**'भावः अस्मि' 'હું વસ્તુસ્વરૂપ છું.'** ધર્મી પોતાના આત્માને વિચારે છે, ધ્યાવે છે. અરે..! હું એક વસ્તુસ્વરૂપ છું, પદાર્થ છું. **'ज्ञानमात्रः'** એ તો **'ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું.'** સર્વસ્વ ચેતનામાત્ર તે હું છું. એમાં કોઈ રાગ, પુણ્ય, સંસાર, ઉદયાદિ છે નહિ. આહા..હા...! જુઓ ! આ સમ્યગ્દર્શનને પ્રગટ કરવાના કાળમાં આ ભાવના હોય છે, આ સ્થિતિ હોય છે. સમજાણું કાંઈ ? **'ચેતનામાત્ર છે સર્વસ્વ જેનું એવો છું.'** જાણન-દેખન સ્વભાવ એ સર્વસ્વ મારું સ્વરૂપ છે. એ સર્વસ્વ (સ્વરૂપ છે). એમ ધર્મી પોતાના આત્માને ચેતનામાત્ર સર્વસ્વ જાણતો, માનતો **'एकः' 'સમસ્ત ભેદ-વિકલ્પોથી રહિત છું.'** લ્યો ! હું તો રાગથી તો રહિત છું, કર્મ અને શરીરથી તો રહિત છું, અત્યારે, હોં ! પણ એના ગુણભેદ ને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ચાર ભેદથી પણ હું રહિત છું. ભેદ નથી મારામાં. આહા..હા...! એક વસ્તુ છું.

એક ઉપર નજર કરતાં એકાગ્ર થાય છે. એકાગ્રમાં એક ઉપર નજર કર્યા વિના એકાગ્રતા થતી નથી. અભેદ ઉપર નજર કર્યા વિના એકાગ્રતા થતી નથી. અને એકાગ્રતામાં અભેદનું ધ્યેય હોઈ શકે છે. એકાગ્રતામાં અભેદના ધ્યેય સિવાય બીજું ધ્યેય અને જ્ઞેય હોઈ શકે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નહિ. સમજાણું કાંઈ ? 'ધાર તરવારની સોયલી-દોયલી' 'આનંદઘનજી' કહે છે ને ? 'ધાર તરવારની સોયલી-દોયલી, ચૌદમાં જિનતણી ચરણ સેવા.' ચૌદમા એટલે અનંતનાથ. અનંતનાથ એટલે આત્મા.

''ધાર તરવારની સોયલી-દોયલી, ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા...''

તરવારની ધાર ઉપર નાચનાર કળાબાજીઓ અને દેવો તેના ઉપર નાચે છે. પણ ભગવાન આત્મા અનંતનાથ, અનંત શક્તિનો નાથ... જુઓ ! અનંત શક્તિ આવી ગઈને પહેલી ? ભગવાન અનંત ગુણનો નાથ એની સેવના સુલભ નથી, દુર્લભ છે પણ અશક્ય નથી. સમજાય છે કાંઈ ? 'ધાર પર રહે ન દેવા.' સ્વર્ગના દેવો પણ સ્વરૂપની સ્થિરતા કરી શકતા નથી. એવો ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ ! હું પોતે જ પરમેશ્વર એકરૂપે છું. એકરૂપે હું પરમેશ્વર છું. એકરૂપે એટલે ? એકરૂપ મારું એક પરમેશ્વર રૂપ છે. ભારે વાતું. સમજાણું કાંઈ ?

ભેદકલ્પના રહિત છું. કેવો છું ? **'દ્રવ્યકર્મ-ભાવકર્મ-નોકર્મરૂપ ઉપાધિથી રહિત છું.'** **'सुविशुद्धः'** સુવિશુદ્ધ અધિકાર છે ને એમાં ? **'सुविशुद्धः'** ભગવાન આત્મા મારા હોવાપણામાં કર્મ નથી. નોકર્મ નામ શરીર નથી અને મારા હોવાપણામાં વિકલ્પ દયા, દાન વૃત્તિ વિકલ્પ પણ મારામાં નથી, ભાવકર્મ નથી. આહા..હા...! એવી **'ઉપાધિથી રહિત છું. વળી કેવો છું?'**

**'द्रव्येण न खण्डयामि'** જુઓ ! અર્થ કેવો કર્યો છે ? **'જીવ સ્વદ્રવ્યરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...'** ખંડતો નથી એવો અર્થ ન કર્યો. શું કહ્યું ? **'જીવ સ્વદ્રવ્યરૂપ છે...'** ભગવાન આત્મા સ્વદ્રવ્ય પદાર્થ વસ્તુ એ રૂપ અનુભવતા, સ્વદ્રવ્યને એકરૂપ અનુભવતા આત્મા અખંડ છે. **'द्रव्येण न खण्डयामि'** નો આ અર્થ કર્યો. અખંડનો અર્થ કાઢ્યો. નહિતર તો એમ છે કે આ આત્માના ચાર પ્રકાર ગણવામાં આવે. કહેશે હમણા. દ્રવ્ય–વસ્તુ, ક્ષેત્ર–અસંખ્ય પ્રદેશ, કાળ–એની અવસ્થાદિ ત્રિકાળ શક્તિ, ભાવ એનો ભાવ–સ્વભાવ. એ કોઈપણ રીતે કહો તો બધું એક જ રૂપ છે. દ્રવ્ય જુદું, ક્ષેત્ર જુદું, કાળ જુદો અને ભાવ જુદો એમાં છે નહિ. કેરીનો દાખલો આપશે, જુઓ !

હું દ્રવ્યથી **'અનુભવતા પણ હું અખંડિત છું.'** એટલે કે મારો દ્રવ્યસ્વભાવ વસ્તુ એકરૂપ જોતાં, દ્રવ્ય એટલે વસ્તુને એકરૂપ જોતા વસ્તુ અખંડ છે. **'અનુભવતા પણ હું અખંડિત છું;...'** એનો ભાવ કોઈ જુદો રહી જાય છે (એમ નથી). સમજાય છે ? ઝીણી વાત છે. આ છેલ્લા કળશો છે, એકલા માખણ છે. હું દ્રવ્ય છું એમાં અખંડ જ છું. વળી એ દ્રવ્ય છું એટલે એમાંથી કોઈ ક્ષેત્ર-કાળ-ભાવનો ભાવ ભિન્ન રહી જાય છે એમ નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ ? ધર્મકથા આત્માની છે, થોડી ઝીણી પડે એવી (છે). આજ તો દશલક્ષણી પર્વનો મોટો દિવસ છે. મોટી સારી વાત આવવી જોઈએ ને ? 'ભગવાનજીભાઈ'! આખા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દ્રવ્યની.

ભગવાન આત્મા...! કહે છે, હું આ દ્રવ્ય છું, આ દ્રવ્ય–વસ્તુને અનુભવતા પણ હું તો અખંડ છું. દ્રવ્યને અનુભવતા મને ક્ષેત્ર-કાળ-ભાવ કોઈ બાકી રહી જાય છે અંદરથી એમ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ ? ગુણભેદને કાઢી નાખ્યા. હવે એના ચાર ભેદ પણ ભેદ જ નથી. એ તો એક એક વસ્તુ અખંડ બધી વસ્તુ જ છે. દ્રવ્યે જુએ તો એ છે, ક્ષેત્રે જુએ તો પણ એ જ છે અને કાળે જુએ તો પણ એ જ છે અને ભાવે જુએ તો પણ એ જ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! કેટલો સંકેલ્યો એને ?

આમ આવ, આમ આવ, આમ આવ. ભાઈ ! પરમાં તો તું નથી, પુણ્ય-પાપના પરિણામમાં નથી, સુખ-દુઃખની કલ્પનામાં પણ તું નથી અને તું છો ત્યાં અનંતી શક્તિઓ છે અને એના એ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ભેદો ચાર પ્રકાર પડે છતાં દ્રવ્યે પણ એક જ રૂપ છે એમાં. વળી દ્રવ્યના ચાર ભેદ પડ્યા માટે દ્રવ્યના અનુભવમાં ત્રણ ભાગ કોઈ રહી જાય છે એમ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? છેલ્લું માખણ છે.

સમ્યગ્દર્શનમાં હું અખંડ દ્રવ્ય છું એ અખંડ છું. સ્વદ્રવ્યને અનુભવતા, સ્વદ્રવ્યને અનુભવતાં એમ લીધું. દ્રવ્યથી ખંડિત કરતો નથી, ક્ષેત્રથી ખંડિત કરતો નથી એવો શબ્દાર્થ કર્યો છે પેલામાં. ભાઈ ! આપણે 'જયચંદ્રજી' પંડિતે. એ નાસ્તિથી લીધું. અહીં તો અસ્તિથી છે. એક-એકમાં આખો છે. સ્વદ્રવ્ય વસ્તુ છું એને અનુભવતા પણ હું તો અખંડ જ છું. સમજાય છે કાંઈ ?

વસ્તુ ભગવાન અનંત ગુણનો પિંડ એકરૂપ, એકરૂપ વસ્તુ એને અનુભવતાં પણ હું તો અખંડ જ રહ્યો છું, કોઈ ભાગ એમાં–ભેદ લક્ષમાં બાકી રહી ગયો એમ છે નહિ. આહા..હા...! ભારે વાતું, ભાઈ ! 'નરશીભાઈ'! આ બધું સાંભળ્યું પણ નથી, આટલા વર્ષ થયા પણ. દરકાર પણ કરી નથી. સાચી વાત છે. એ..ઇ...! 'મનસુખ' ! સાચી વાત કહે. સાચી કહે પણ પાછું મહાજન મારા મા-બાપ પણ ખીલી ખસે નહિ. આહા..હા...! આ દેહ છોડીને આવા પરભાવના પ્રસંગ-કાળ આવ્યા, આવે કે નહિ હવે ? કેટલો કાળ રહ્યો ? ૫૦-૬૦ ગયા એને ૫૦-૬૦ નથી રહેવાના. રહેવાના છે ? ૭૦ રહેવાના છે હવે સામે ? કોણ જાણે શું છે ? વર્તમાનનું કરવા આડે પોતાનું કરવું આખું પોતે ભૂલી જાય છે. જે આત્માનું કાંઈ લાભદાયક નથી, નુકસાનદાયક છે. 'પ્રવીણભાઈ'! ઝપલાણો છે. પતંગ જેમ દીવામાં ઝંપલાય એમ આનું કરવું, આનું કરવું... અરે..! પણ તું ક્યાં જવાનો એનું કાંઈ..? આ તો બધું અહીંને અહીં રહેશે, હોળી સળગી રહેશે અહીં. એ તો બધા પાછળ હોળી કરશે. એ.. 'મલુપચંદભાઈ'!

કહે છે... આહા..હા...! હું એક દ્રવ્ય છું એથી એમાં ગુણભેદમાં ભેદ પાડું છે એમ નહિ એ તો અખંડપણે જ અનુભવ છે એમ કહે છે. વસ્તુ છું...વસ્તુ છું. **'क्षेत्रेण न खण्डयामि'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ **'જીવ સ્વક્ષેત્રરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...'** શું કહે છે ? આમ અસંખ્યપ્રદેશી એકરૂપ અખંડ પ્રભુ ભગવાન ! સ્વક્ષેત્રનો અનુભવ કરતા પણ હું અખંડ જ છું. એમાં કોઈ દ્રવ્ય-કાળ અને ભાવ બાકી રહી જાય છે એમ નથી, એમ કહે છે. આહા..હા...! એકરૂપ જેમાં અનંત ગુણનું ધામ આખું અસંખ્યપ્રદેશ આમ એક ક્ષેત્ર એ સ્વક્ષેત્રનો એકરૂપે એને અનુભવતાં પણ હું અખંડ જ છું. કોઈ એનો દ્રવ્ય અને કાળ અને ભાવ બાકી રહી ગયા, માટે સ્વક્ષેત્રના અનુભવમાં ખંડ પડે છે, ભેદ પડે છે, ત્રણ ભાગ બાકી રહી જાય અને એક ભાગને અનુભવું છું એમ નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...!

આમ અસંખ્ય પ્રદેશ એ દ્રવ્ય છે. અનંત ગુણ એમાં ભાવ છે. એ જ વસ્તુ છે ત્રિકાળ. એ સ્વક્ષેત્રને અનુભવતા પણ સ્વક્ષેત્ર એટલે અનંત ગુણનું ધામ છે એ સ્વક્ષેત્ર છે. જેમાં આનંદના અંકુરા ફૂટે એ આવું ક્ષેત્ર છે. આત્માનું ક્ષેત્ર એવું છે કે જેમાં સુખના, સુખના પાક પાકે. અતીન્દ્રિય આનંદના પાકના ... પાકે. સમજાય છે કાંઈ ? આહા..હા...! **'क्षेत्रेण न खण्डयामि' 'જીવ સ્વક્ષેત્રરૂપ છે'** ભગવાન અસંખ્ય પ્રદેશી એકરૂપ ક્ષેત્ર છે એમ અંતર અનુભવતા પણ અંતર જતાં, તેના અંતર સ્વક્ષેત્ર તરફ વળતાં પણ હું અખંડ જ છું. સમજાય છે કાંઈ ? સમજાણું કાંઈ ?

**'स्व क्षेत्रेण न खण्डयामि'** વળી સ્વક્ષેત્ર કયુ હશે ? કયુ હશે ? આ 'દહેગામ'ને એ સ્વક્ષેત્ર હશે ? નહિ ? 'હીરાભાઈ'નો આત્મા ? એ તમારું ક્ષેત્ર નહિ ? અહીં તો કહે છે કે મારો જે અસંખ્ય પ્રદેશનો એક પીંડ, એક પીંડ, પાછા ભેદ નહિ એમ. અસંખ્ય પ્રદેશનો એક પ્રદેશી, એક અખંડ વસ્તુ, એના સ્વક્ષેત્રને અનુભવતા પણ મારામાં ખંડ થતો નથી. કોઈ બાકી રહી જાય એમ નથી. અખંડ જ છું એવો. આહા..હા...! ભારે વાતને ! સમજાણું કાંઈ ?

**'कालेन न खण्डयामि' 'જીવ સ્વકાળરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છું;...'** લ્યો, શું કહે છે ? કાળ એટલે ત્રિકાળી વસ્તુ તે એનો સ્વકાળ. એક સમયની પર્યાય નહિ. ભાઈ ! આહા..હા...! એક સમયની પર્યાય સ્વકાળ એ વ્યવહારભેદ મારે જોઈએ નહિ. ત્રિકાળ મારો સ્વકાળ, એકરૂપ વસ્તુ તે મારો સ્વકાળ. આહા..હા...! સમજાણું કાંઈ ? ગજબ વાતું ! દિગંબર સંતોની કથનીની પદ્ધતિ કોઈ અલૌકિક ! 'શ્રીમદે' કહ્યું ને ! દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય સમજી શકાય છે કે ભાવમાં શું કહેવા માગે છે. પેલાની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. સંતોના મહા વચનો... ઓહો..હો...! કઈ રીતે સમાવેશ કરીને કઈ રીતે કથનીમાં આવી છે વાત ? ભાઈ ! કથન તો કથન છે. પણ એનું વાચ્ય હું એક આત્મા, સ્વકાળ, સ્વકાળ એકરૂપ વસ્તુ, એના સ્વકાળમાં અનંત ગુણરૂપ એક વસ્તુ તે મારો સ્વકાળ. એ સ્વકાળને અનુભવતાં પણ કોઈ ક્ષેત્ર, દ્રવ્ય, ભાવ બાકી રહી જાય છે અને ખંડરૂપ થઈ જાય છે, એક સ્વકાળ નામનો એક ખંડ થઈ જાય છે અને બીજા ભાગ રહી જાય છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમ છે નહિ. શું કીધું ? સમજાણું આમાં કાંઈ ?

સ્વકાળ. લ્યો ! **'જીવ સ્વકાળરૂપ છે.'** ભગવાન દ્રવ્ય વસ્તુ એ જ સ્વકાળરૂપ છે. એ જ સ્વદ્રવ્યરૂપ છે, એ જ સ્વક્ષેત્રરૂપ છે, એ જ સ્વકાળરૂપ છે. સ્વકાળ–પોતાનો કાળ ત્રિકાળ એકરૂપ વસ્તુ તે એનો સ્વકાળ છે. એને અનુભવતાં પણ હું અખંડ છું. સમજાણું કાંઈ ? **'भावेन न खण्डयामि' 'જીવ સ્વભાવરૂપ છે એમ અનુભવતાં પણ હું અખંડિત છુ.'** ભગવાન આત્મા આનંદાદિ સ્વભાવરૂપ છે. અનંત, હોં ! એમાં એક ભેદ નહિ. સ્વભાવરૂપ એમ. જ્ઞાન, દર્શન આદિ સ્વભાવ, સ્વભાવ અનંતા છે ને ? એ સ્વભાવરૂપ એક, એમ. સ્વભાવરૂપ અનુભવતાં પણ હું અખંડ છું. સ્વભાવરૂપ અનુભવતાં પણ અખંડ છું. સ્વભાવરૂપ અનુભવતાં એમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળનો કોઈ ભાગ બાકી રહી જાય છે એમ છે નહિ. થોડી ઝીણી વાત તો છે પણ હવે એને સમજવી પડશે કે નહિ ? 'શોભાલાલભાઈ'!

'સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કેલ.' આ ચીજ શું છે ? કેમ પ્રાપ્ત થાય ? અભેદને કેમ કહેવા માગે છે ? ચારમાંથી એક એકને અનુભવતાં પણ હું અખંડ જ રહું છું. એક-એકને અનુભવતાં અખંડ છું. એમાં કોઈ ભેદ બાકી રહી જાય છે એમ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'જીવ સ્વભાવરૂપ છે'** ભગવાન આત્મા જ્ઞાન-દર્શન આદિ અનંત સ્વભાવરૂપ, હોં ! સ્વભાવરૂપ. સ્વભાવરૂપ સ્વભાવી. સ્વભાવરૂપ છે એવો અનંત ગુણના પિંડરૂપ સ્વભાવ એ સ્વભાવરૂપ છે. એમ અનુભવ કરતા પણ અખંડને જ અનુભવે છે, અખંડ જ અનુભવાય છે. સમજાય છે કાંઈ ? એવો અનુભવતાં પણ હું અખંડિત છું. આહા..હા...! શું કહે છે શૈલી !

**'ભાવાર્થ આમ છે કે – એક જીવવસ્તુ...'** છે. એક ભગવાન આત્મા પોતે વસ્તુ છે, દેહથી ભિન્ન પરમાત્મા પોતે. એ **'સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવરૂપ ચાર પ્રકારના ભેદો દ્વારા કહેવાય છે'** સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એમ ચાર પ્રકારે એક વસ્તુને કહેવાય છે. છતાં **'ચાર સત્તા નથી,...'** ચાર પ્રકાર હોવાપણે ચાર નથી. ચારનો પ્રકાર તો એક જ હોવાપણે સત્તા છે. સમજાણું કાંઈ ? આહા..હા...! એક જીવ વસ્તુ, ભગવાન આત્મા વસ્તુ. વસેલી શક્તિઓનો પિંડ ભગવાન, આનંદનો ધામ એકલો એવી વસ્તુ એને ચાર પ્રકારે, દ્રવ્ય એટલે વસ્તુ, ક્ષેત્ર એટલે એની જમીન – ભૂમિ, કાળ એટલે એનો કાળ અને ભાવ એટલે શક્તિ. એ ચાર પ્રકારે એને કહી શકાય છે પણ વસ્તુમાં **'ચાર સત્તા નથી,...'** ચારેની **'એક સત્તા છે.'** જે દ્રવ્યનું હોવાપણું, તે જ ક્ષેત્રનું હોવાપણું, તે જ કાળનું હોવાપણું, તે જ ભાવનું ! જે ભાવનું હોવાપણું તે ક્ષત્રનું હોવાપણું તે દ્રવ્યનું હોવાપણું તે કાળનું હોવાપણું ! કાળનું હોવાપણું તે ભાવનું હોવાપણું તે ક્ષેત્રનું હોવાપણું તે દ્રવ્યનું હોવાપણું ! ક્ષેત્રનું હોવાપણું તે દ્રવ્યનું હોવાપણું તે કાળનું હોવાપણું તે ભાવનું હોવાપણું ! બધું એક જ વસ્તુ છે. ચાર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નામે કહેવાય છે એમ કહે છે. આહા..હા...! કહો, સમજાય છે કાંઈ ?

**'જીવવસ્તુ, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભારૂપ ચાર પ્રકારના ભેદો દ્વારા કહેવાય છે તો પણ ચાર સત્તા નથી, એક સત્તા છે.'** વસ્તુ તો એક છે. **'તેનું દષ્ટાન્ત – જેમ એક આમ્રફળ...'** એ કેરી.. કેરી... આમ કહતે હૈં ન ? **'આમ્રફળ ચાર પ્રકારે છે એમ તો ચાર સત્તા નથી.'** આમ્રફળ ચાર પ્રકારે છે એમ તો ચાર સત્તા નથી. **'તેનું વિવરણ —'** આમ્રફળનો **'કોઈ અંશ રસ છે,...'** એની જુદી સત્તા. સમજાય છે ? **'કોઈ અંશ છોતરું છે,...'** છોતરું સમજ્યા ? છીલકા. **'કોઈ અંશ ગોટલી છે,..'** વચલી ગોટલી. **'કોઈ અંશ...'** રસની મીઠાશને જુદી પાડી છે. રસની મીઠાશને જરી જુદી પાડી. ભાઈએ–'બનારસીદાસે' જુદું પાડ્યું છે.

કેરી છે એમાં છીલકા–છોતરું જુદું. રસ, ગોટલી, જાળી. જાળી હોય છે ને ? રેસા. એ ચાર પ્રકાર જેમ જુદા છે એમ આત્મામાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદા નથી. સમજાય છે કાંઈ ? જાળી લીધી છે, અહીં મીઠાશ લીધી છે. પર્યાય આમ રસ છે ને ? રસ ગુણ થઈને મીઠાશ... જેમ કેરીમાં એનો ગોટલીનો ભાગ, છાલનો ભાગ, રસનો ભાગ, મીઠાશનો ભાગ અથવા જાળી છે એમાં. જાળી. આપણે કહે છે આ અથાણા કરે ને ? બાયું કહે, જાળીવાળી ગોટલી લાવશો નહિ. એ..ઇ..! 'નવનીતભાઈ'! જાળીવાળી સમજ્યાને ? અમારા કાઠિયાવાડમાં સાંભળેલું છે બધું આ. નાની ઉંમરમાં બધું આવે. ૧૩ વર્ષની ઉંમરે પછી તો ક્યાં જોયું છે આપણે ? કહે, જાળીવાળી ગોટલીની કેરી ન લાવવી. એ..ઇ...! ખબર છે કે નહિ ? 'વજુભાઈ' ! જાળીમાં બહુ છોતરા હોય. છોતરા હોય તો છરીથી સરખા કપાય નહિ. સરખા કપાય નહિ તો એનું અથાણું સરખું ન થાય. ... જેવું થાય.

જાળી.. જાળી એટલે અંદર ... એવી કેરી હોય કે આમ મૂકે ત્યાં સરખી ઉતરી જાય, ફડાક દઈને. જેમ આદુમાં ... ફટ કટકા થઈ જાય. આદુમાં પણ જરી રેસા હોય છે. શક્કરકંદ, લ્યો ને, શક્કરકંદ છે ને ? શક્કરકંદ સમજો છો ? શક્કરકંદ. આમ કરે તો એકદમ શક્કર પડે, અંદર કંઈ પણ રેસા હોય નહિ, રેસા ન હોય. એ જાળી હોય, કેરીનો ભાગ એ જુદો, છાલ જુદી, રસ જુદો અને ગોટલી જુદી એમ આત્મામાં એમ નથી, કહે છે. એમ કેરીમાં એ ખરેખર એ ચાર જુદા છે એ ખરેખર કેરી નથી. સમજાય છે ?

કોઈ અંશ રસ છે, કોઈ અંશ છોતરું છે, કોઈ અંશ ગોટલી અને કોઈ મીઠાશ છે. એમ એક જીવ વસ્તુ છે. કોઈ અંશ જીવદ્રવ્ય છે, કોઈ અંશ જીવવસ્તુ છે, કોઈ એક અંશ જીવનું ક્ષેત્ર છે, કોઈ એક અંશ જીવનો કાળ છે અને કોઈ એક અંશ જીવનો ભાવ છે એ પ્રમાણે તો નથી. દાખલો આપીને સહેલું કરે છે. આમાં પણ એ દાખલો આપ્યો છે. છે ને આમાં છે ને એ ? **'द्रव्येण खण्डयामी'** 'જૈસે એક આમ્રફળ તાકે ચાર અંશ.' પાકી કેરી લીધી છે. 'જૈસે એક પાકો આમ ફળ તાકે ચાર અંશ, રસ, જાળી, ગોટલી, છીલક જગ માનીએ.' ચાર-ચાર. 'યોં તો ન બને ... એસે બને જૈસે ભયે ફળ, રૂપ, રસ, ગંધ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ફસ અખંડ પ્રમાનીએ, ઐસે એક જીવ કો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અંશ ભેદ કરી ભિન્ન-ભિન્ન ન બખાઈએ. દ્રવ્યરૂપ, ક્ષેત્રરૂપ, કાળરૂપ, ભાવરૂપ ચારો રૂપ અલખ અખંડ સત્તા માનીએ.' આમાં જાળી નથી નાખી અને મીઠાશ નાખી છે, એટલો ફેર છે.

અહીંયાં પાકી કેર લીધી. પાકી કેરી લીધી. આ તો જાળી લીધી છે. એટલે જાળી લીધી છે અને આણે મીઠાશ લીધી છે. આણે લીધી જાળી ભાગમાં, આણે લીધી મીઠાશ. જાળી આદિ. જેમ કેરીમાં ચાર ભાગ હોય, પાકીમાં પણ જાળી હોય છે. પાકી કેરી હોય ને એમાં કેટલાકમાં તો બહુ છોતા હોય. લુગડે કરે છે ને ? રસ કાઢવા લુગડે ઘસે. બહુ છોતા હોય. કેટલીક કેરી ચોખ્ખી (હોય). ગોટલું ચોખ્ખું હોય અને રસ પણ ચોખ્ખો હોય. અંદર છોતા ન હોય. કેટલીક કેરીમાં એવા હોય કે ઘોળે ખરા, ઘોળીને કાઢે પછી લુગડે અંદર રસ કાઢે અને છોતા ઉપર રહી જાય. અને પાકામાં હોય છે. પણ કહે છે, કેરીના ચાર ભાગ જેમ છે એમ આત્મા નથી. ત્યારે છે કેમ ?

**'એવું માનતા સર્વ વિપરીત થાય છે.'** કેરીના ચાર પ્રકાર જેમ વર્ણવ્યા તે રીતે જીવને માનતા તો વિપરિતપણું ઊભું થાય છે. વસ્તુની સ્થિતિ એ રીતે છે નહિ. **'તેથી આ પ્રમાણે છે. જેમ એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન...'** છે. જુઓ ! એ કેરી છે એનો સ્પર્શ લ્યો તો પણ એ. કે સ્પર્શ જુદો પડે ? ભાઈ ! સ્પર્શ નહોતો, ફલાણાભાઈને રસ હતો, ફલાણાભાઈને ગંધ હતી, એમ છે કાંઈ ? એ કેરીમાં સ્પર્શ હોય તો પણ એ, ગંધ હોય તો પણ એ, રસ હોય તો પણ એ અને રંગ હોય તો પણ એ ! સમજાણું કાંઈ ?

**'એક આમ્રફળ સ્પર્શ-રસ-ગંધ-વર્ણે બિરાજમાન પુદ્‌ગલનો પિંડ છે,...'** એ તો. પુદ્‌ગલનો પીંડ રજકણ છે. **'તેથી સ્પર્શમાત્રથી વિચારતાં સ્પર્શમાત્ર છે,...'** શું કીધું ? કેરીને સ્પર્શમાત્રથી જોતા ચીજ આખી સ્પર્શ જ છે. એમાં કોઈ વળી રસ-ગંધ-વર્ણ બાકી રહી જાય છે (એમ નથી). સ્પર્શમાત્રથી જોતા આખી કેરી સ્પર્શમાત્ર છે. એમાં કોઈ રંગ-ગંધ-વર્ણ બાકી રહી જાય છે એમ છે નહિ. શું કીધું સમજાણું કાંઈ ?

રસમાત્રથી જોતા રસમાત્ર છે. કેરીને રસમાત્રથી જુઓ તો એકલો રસ જ છે. હવે એમાં કોઈ સ્પર્શ-ગંધ અને રંગ રહી જાય જુદો ? બધું એક જ છે એ તો. આહા..હા...! સમજાણું કાંઈ ? અને **'ગંધમાત્રથી વિચારતાં ગંધમાત્ર છે.'** કેરી સુગંધ... સુગંધ... સુગંધ... સુગંધ... એ સુગંધથી વ્યાપ્ત આખું જુઓ તો સુગંધમાત્ર જ છે. એ સુગંધમાંથી કોઈ રસ જુદો રહી જાય છે, સ્પર્શ જુદો રહી જાય છે અને રંગ જુદો છે એમ છે નહિ. **'વર્ણમાત્રથી વિચારતાં વર્ણમાત્ર છે;....'** રંગથી જુઓ  તો પીળો રંગ .. તો પીળો રંગ, સ્પર્શ બધું એક જ છે. પીળા રંગથી કોઈ સ્પર્શ, ગંધ, રસ જુદો રહી જાય છે એમ છે નહિ. સમજાય છે કે નહિ આમાં ? શું ?

એક એક રસથી જુઓ તો પણ રસમાત્ર વસ્તુ છે. સ્પર્શથી જુઓ તો સ્પર્શમાત્ર વસ્તુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એમાં કોઈ જુદી ચીજ રહી જાય છે એમ નથી. રસ સોંપો આ રસવાળાને, સ્પર્શ સોંપો સુવાળાવાળાને, ગંધ સોંપો સારા નાકવાળાને અને રંગ સોંપો સારી આંખવાળાને. છે એમાં ? ચાર ભાગ પડે એવું છે ? આહા..હા...! સમજાણું ? એ તો કેરીનું દળ પડ્યું છે. જો મીઠાશ રસથી જુઓ તો સરસ એ જ છે, ગંધથી જુઓ તો સરસ એ છે, સ્પર્શથી જુઓ તો સરસ એ જ છે, પીળા રંગથી જુઓ તો એ સરસ એ જ છે. પીળો હોય છે ને ? કેરીનો પીળો રસ.

**'તેમ એક જીવવસ્તુ...'** લ્યો ! એમ ભગવાન આત્મા અંદર એક પદાર્થ વસ્તુ છે. આહા..હા...! **'જીવવસ્તુ સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ-સ્વભાવે બિરાજમાન છે,...'** એ તો ચાર વસ્તુપણે એકરૂપે બિરાજમાન છે. આહા..હા...! **'તેથી સ્વદ્રવ્યરૂપે વિચારતાં સ્વદ્રવ્યમાત્ર છે,...'** લ્યો ! જેમ સ્પર્શમાત્ર વિચારતાં કેરી એકલી સ્પર્શરૂપ છે. એમાં સ્પર્શમાંથી કોઈ રંગ-ગંધ જુદો રહી જાય છે ? એમ સ્વદ્રવ્યમાત્ર જોતા ભગવાન સ્વદ્રવ્ય છે. એમાં કોઈ ક્ષેત્ર-કાળ-ભાવ જુદા રહી જાય છે એમ છે નહિ. ચાર ભેદ કાઢી નાખ્યા, પછી ત્રણ ભેદ કાઢી નાખ્યા.

**'સ્વક્ષેત્રરૂપે વિચારતાં સ્વક્ષેત્રમાત્ર છે,...'** એનું અસંખ્યપ્રદેશરૂપ એક ક્ષેત્ર જુઓ તો એ સ્વક્ષેત્ર છે. સ્વક્ષેત્રમાંથી કોઈ દ્રવ્ય જુદું રહી જાય છે ? કાળ જુદો રહી જાય છે ? શક્તિ જુદી રહી જાય છે ? સમજાય છે કાંઈ ? એના જ્ઞાનમાં ભાસ થવો જોઈએ (કે) આવી ચીજ છે એમ કહે છે. આહા..હા...! અને પછી અખંડપણાનો દ્રવ્યનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ ? અને એ અખંડપણાનો આશ્રય લઈને સ્થિર થવું એનું નામ ચારિત્ર છે. દર્શન પણ અખંડને આશ્રયે થાય, જ્ઞાન પણ અખંડને આશ્રયે થાય, સ્થિરતા પણ અખંડને આશ્રયે થાય. દર્શન-જ્ઞાન-ચારિત્રનો બધાનો આધાર અખંડ છે. અભેદને આધારે બધું પ્રગટ થાય છે, એમ કહે છે.

**'સ્વદ્રવ્યરૂપે વિચારતાં સ્વદ્રવ્યમાત્ર છે, સ્વક્ષેત્રરૂપે વિચારતાં તે સ્વક્ષેત્રમાત્ર છે, સ્વકાળરૂપે વિચારતાં સ્વકાળમાત્ર છે.'** કહો, 'સેઠી' ! આ યાદ રહેશે 'સેઠી'ને ? યાદ ક્યાંથી રહે ? થોડા ઝોલા આવે છે. **'સ્વભાવરૂપે વિચારતાં સ્વભાવમાત્ર છે.'** ઝોલા આવે એવું છે કાં જાગૃત થાય એવું છે. જાગૃત થાય એવું છે. આહા..હા...! એના ખ્યાલમાં તો લે કે આ વસ્તુ, વસ્તુ દ્રવ્યે કહો તો પણ એક, ક્ષેત્રે કહો તો એક, કાળે વસ્તુ આખી કહો તો એક, ભાવે કહો તો એક. ચાર પ્રકારના નામ પાડો, વસ્તુમાં ચાર ભેદ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'તેથી એમ કહ્યું કે જે વસ્તુ છે તે 'અખંડિત' છે.'** તે દ્રવ્યે અનુભવો તો અખંડ છે એમ કહે છે. એમ કર્યોને અર્થ ? **'द्रव्येण न खण्डयामि'** દ્રવ્ય વસ્તુ છે એનો અનુભવ કરતા પણ અખંડ છે, આખા ક્ષેત્રનો અનુભવ કરતા પણ અખંડ છે, આખા કાળનો અનુભવ કરતાં વસ્તુનો અનુભવ કરતાં અખંડ છે, ભાવનો અનુભવ કરતા અખંડ છે. **'એમ કહ્યું કે જે વસ્તુ છે તે 'અખંડિત' છે. 'અખંડિત' શબ્દનો આવો અર્થ છે.'** આહા..હા...! એ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અખંડ, એકરૂપ શુદ્ધ અભેદ એની અંતરદ્રષ્ટિ કરવી, એમાં જ્ઞાનને જોડવું, એમાં સ્થિર થવું એનું નામ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ ? એનું નામ વસ્તુનો સ્વભાવ તે ધર્મ. વસ્તુના સ્વભાવમાં જે શ્રદ્ધા-જ્ઞાન-આનંદ પડ્યા હતા તે અખંડને આશ્રયે જે પ્રગટ દશા થઈ એને ધર્મ કહેવામાં આવે છે. કહો, એ ધર્મના આરાધનના પછી આ દસ પ્રકાર કહેવાય છે ને ? ક્ષમા આદિ એ ભેદ છે.

ભાઈ તો કહે છે ને ? 'ધર્મદાસક્ષુલ્લક'. આત્મા એક અને દસ પ્રકારનો ધર્મ ક્યાંથી આવ્યો ? એ તો ક્રોધનો અભાવ થઈને દશા થઈ તો એને ક્ષમા કીધી. સ્વભાવના અપેક્ષાની વાત છે. બાકી તો બધી દશે પ્રકાર વીતરાગની પર્યાય છે. સમજાણું કાંઈ ? ચારિત્ર એ આત્માની વીતરાગી પર્યાય છે અને એ વીતરાગી પર્યાય અખંડને આશ્રયે પ્રગટ થાય છે. આહા..હા...!

એનું લક્ષ્યબિંદુ દ્રવ્ય ઉપર જતાં અખંડનો અનુભવ થાય ત્યારે તેને પર્યાયમાં શીતળતા અને શુદ્ધતા પ્રગટ થાય છે. આહા..હા...! કહો, ક્યાંય છોડી, બધેથી છોડાવી અને અખંડ ઉપર લઈ ગયા. બધેથી છોડાવીને ત્યાં જા... ત્યાં જા... ત્યાં જા... કેટલા વર્ણન કર્યા. ઓહો..હો...! પહેલી ગાથાથી પછી 'जीवो चरित्तदंसणणाणठिदो' સ્વસમય, પરસમય કરતાં કરતાં.. આ અભેદ વસ્તુ ભગવાન ત્યાં લક્ષ્ય કર, લક્ષ્ય કર તો લક્ષણ અને લક્ષ્ય બે જુદા ન રહેતા અખંડ ઉપર દ્રષ્ટિ પડતા અનુભવ થશે. અખંડ ઉપર નજર ન પડતાં, ન પડતાં અનુભવ થશે નહિ. કંઈપણ ભેદ રહી ગયો અંદર વિકલ્પમાં આ... આ... આ... આ... ગુણ છે, આ ગુણ છે, આ દ્રવ્ય છે, આ ક્ષેત્ર છે તેવો ભેદ કંઈ પણ લક્ષ્યના વિચારમાં રહ્યો તો અખંડનો અનુભવ નહિ થાય. મૂળ તો એમ કહે છે. સમજાણું કાંઈ ? કંઈ રાગનું શલ્ય રહી ગયું કે કંઈ પર્યાયની અધિકતા ને મહત્તા રહી ગઈ તો તો અનુભવ નહિ થાય પણ આ ચાર પ્રકારમાંથી કંઈપણ ભેદ ઉપર જો લક્ષ્ય રહી ગયું તો પણ અખંડનો, અભેદનો અનુભવ નહિ થાય, એમ કહે છે.

અંદર તરવરે કે આ વસ્તુ અને એનું આ ક્ષેત્ર, એનો આ ભાવ એવો પણ જ્યાં સુધી ભેદ રહેશે ત્યાં સુધી વિકલ્પની ઉત્પત્તિ છે. સમ્યગ્દર્શનની ઉત્પત્તિ અખંડના અભેદ આશ્રય વિના થતી નથી. – એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? કહો, આ તો કેરીનો દેખલો છે એ યાદ રહે એવો છે કે નહિ ? 'હીરાલાલજી'! લોકોને કેરી તો બહુ સારી લાગે છે. નહિ ? ધૂળ છે. એને સમજાવે છે.

આ કેરી છે એને સ્પર્શી જુઓ તો કેરીમાં કોઈ ગંધ, રસ, સ્પર્શ સ્પર્શમાંથી જુદો રહી જાય છે અંદર ? સ્પર્શ તો સર્વસ્વ એ, રસ તો સર્વસ્વ એ, ગંધ તો સર્વસ્વ એ. સમજાય છે ? વર્ણ-ગંધ-રસ-સ્પર્શ બધું એ છે, એક જ છે.

એમ ભગવાન આત્મા ગુણભેદનું લક્ષ છોડાવી દીધું. હવે આ દ્રવ્ય અને આ ક્ષેત્ર,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ કાળ, ભાવ એ ચાર ભેદ પણ નહિ. વસ્તુ તો એક જ સત્તા છે. દ્રવ્ય તો એ, ક્ષેત્ર તો એ, કાળ તો એ અને ભાવ તો એ. સમજાણું કાંઈ ? એવો અખંડ ભગવાન આત્મા પરિપૂર્ણ પ્રભુ જ્યાં અભેદ પડ્યો છે ત્યાં નજર નાખતાં તેની નજરમાં સમ્યક્તા પ્રગટ થાય છે. કહો, સમજાણું આમાં ? આ કહે, અહીંથી આવું છું. ભગવાનની સામું જુએ તો સમ્યગ્દર્શન પ્રગટ થાય છે એમ કહે છે, લ્યો. જિનબિંબના દર્શનથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય. જેમ સિંહ થાપ મારે અને હાથીના ગંડસ્થળ અંદરથી તૂટી જાય, માથે. ટૂકડા થઈ જાય. સમજાય છે ? સિંહ મોટો આવ્યો ને આમ (થાપ મારે).

એમ ભગવાનના દર્શનમાત્રથી મિથ્યાત્વના ટૂકડા થઈ જાય. અહીં કહે છે ચાર પ્રકારના ભેદ પાડે તો પણ ટૂકડા મિથ્યાત્વના ન થાય, સાંભળને ! અભેદની દૃષ્ટિ કરતાં મિથ્યાત્વનો નાશ થાય અને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય. આહા..હા...! કેટલો આંતરો કથનમાં ! ક્યાંના ક્યાં વળગ્યા છે ને ! શાસ્ત્રમાં ક્યાંક આવે, જિનબિંબ સમ્યગ્દર્શનનું નિમિત્તકારણ છે. દેવઋદ્ધિ, વેદના આવે છે કે નહિ ? આવે. એ તો નિમિત્તનું ત્યાંથી લક્ષ છૂટીને અભેદમાં ગયો એ સમજાવ્યું છે. સમજાણું કાંઈ ? બાકી 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' અભેદ અખંડના આશ્રય વિના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ કાળ, ત્રણ લોકમાં થતું નથી.

લ્યો, આ માંગલિક. મંગળના દિવસે મંગલિકનું પહેલું પર્યુષણ આ. ભારે મંગલિક છે ને આ ? મંગળવાર છે કે નહિ ? 'સ્વરૂપચંદભાઈ'! આ સ્વરૂપની વાત, લ્યો. ભગવાને કહેલું, કેવળીએ જોયેલું અને જીવોએ અનુભવેલી આ વસ્તુ છે. ભારે વાત કહી, હોં ! અને પાછી ભાષા એવી '**द्रव्येण न खण्डयामि**' ખંડિત કરતો નથી એટલે ? દ્રવ્યને જુદું પાડીને કોઈ બાકી રહી જાય એમ નથી. હું તો દ્રવ્યનો અનુભવ કરતાં પણ અખંડ જ છું. એવો અર્થ અસ્તિથી જ કર્યો.

હવે. ૨૭૧મા ત્રણભેદ કાઢી નાખે છે. પહેલા અનંત ગુણ-ગુણીના ભેદ કાઢી નાખ્યા અને પછી ચાર કાઢી નાખ્યા. હવે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય ત્રણ ભેદ પણ મારામાં (નથી). પરને લઈને જ્ઞેય, પરનું જ્ઞેય એ તો હું નહિ. પણ મારામાં હું જ્ઞેય, હું જ્ઞાન અને હું જ્ઞાતા એવા ત્રણ ભેદ અંદર હોવા છતાં પણ ત્રણ ભેદરૂપે હું નહિ. એ ૨૭૧મા કહેશે લ્યો.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**શ્રી નિયમસાર, ગાથા–૪૮, શ્લોક–૭૨**
**પ્રવચન નં. ૫૬**
**તા. ૨૦-૪-૧૯૬૬**
**[૨૧]**

'નિયમસાર' એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ એટલે કે જેને પહેલા વિકાર સાથે કંઈ સંબંધ હોય છે,... ભગવાન આત્મા, એને કર્મ અને રાગનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ અનાદિનો છે. વસ્તુ પોતે શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ અનંત ગુણનો પીંડ પ્રભુ આત્મા છે પણ એની પર્યાય એટલે અવસ્થામાં વિકાર અને જડ કર્મનો એક સમયનો વ્યવહારનયે સંબંધ છે. સમજાણું ? એ સંબંધ મોક્ષમાર્ગથી છૂટે છે. મોક્ષમાર્ગ શેમાંથી પ્રગટ થાય ? મોક્ષમાર્ગ કોને આશ્રયે પ્રગટ થાય ? એનું આ વર્ણન છે. સમજાણું ?

આત્મા, જેવા શરીરરહિત સિદ્ધ પરમાત્મા શુદ્ધ નિર્મળાનંદ પૂર્ણ દશાને પ્રાપ્ત છે એવો જ આ આત્મા દેહમાં બિરાજમાન શુદ્ધ આનંદઘન છે. એવો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, જેને શરીરાદિનો વર્તમાન સંબંધ એક સમયનો દેખાય છે એ વસ્તુના સ્વરૂપની દૃષ્ટિએ જોતા એ સંબંધ નથી. સમજાણું કાંઈ ? એ આત્મા ચૈતન્યસૂર્ય છે. ચૈતન્યનો સૂર્ય આનંદકંદ સ્વરૂપ શુદ્ધ સનાતન અનાદિ અનંત સ્વયંસિદ્ધ પદાર્થ (છે). એને જેમ સિદ્ધ પરમાત્મા અશરીરીને કાંઈ શરીરાદિનો સંબંધ નથી, એવી જ રીતે આત્મતત્ત્વને અંતરના સ્વભાવદૃષ્ટિથી જોતા એને પર સાથે કાંઈ સંબંધ નથી. એ વાત ૪૮ (ગાથામાં) વિશેષ વર્ણવે છે.

**असरीरा अविणासा अणिंदिया णिम्मला विसुद्धपा।**
**जह लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया।।४८।।**

**અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,**
**જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.**

**ટીકા :–** બન્ને સિદ્ધ કરે છે. '**વળી આ, કાર્યસમયસારમાં...**' કાર્યસમયસાર એટલે પરમાત્મદશા પૂર્ણ થઈ, આત્માની નિર્મળ પૂર્ણ દશા પ્રગટ થઈ એને કાર્યસમયસાર કહે છે. 'સેઠી'! આત્મામાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ એવો એનો અચિંત્ય–અનંત સ્વભાવ સત્ત્વ સ્વયંસિદ્ધ છે. એની અંતરમાં આનંદમાં એકાગ્ર થઈને પૂર્ણ એકાગ્રતાથી પ્રાપ્ત પૂર્ણ આનંદ અનંત જ્ઞાન આદિની શુદ્ધતા, પૂર્ણ શુદ્ધ દશા–અવસ્થા (પ્રગટે) એને સિદ્ધપદ કહે છે, એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાર્યસમયસાર કહે છે, એને પર્યાયની પૂર્ણતાની શુદ્ધતારૂપે સમયસાર કહે છે.

**'કાર્યસમયસારમાં અને આ કારણસમયસારમાં...'** કારણ એટલે વસ્તુ. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ભગવાન આત્મામાં શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ સંપન્ન પ્રભુ ! એવો કારણપરમાત્મા પોતાનો નિજ સ્વભાવ અને સિદ્ધની દશાનું કાર્ય–એ બેમાં પરમાર્થે તફાવત છે નહિ. બેમાં ફેર નથી. સમજાણું કાંઈ ? કાર્યસમયસારમાં એટલે આત્માની પૂર્ણ નિર્મળ દશા પ્રાપ્ત પરમાત્મા, એમાં અને કારણપરમાત્મામાં આ વસ્તુસ્વરૂપ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં અનંત જ્ઞાનસૂર્ય પૂર્ણ આનંદઘન સ્વરૂપ વસ્તુ દ્રવ્યસ્વભાવ એમાં અને કાર્યસમયસારમાં અંતરદૃષ્ટિએ જોતા કાંઈ ફેર નથી. કહો, સમજાણું આમાં ? એ કથન છે, જુઓ ! **'તફાવત નહિ હોવાનું કથન છે.'**

**'જેવી રીતે લોકાગ્રે...'** એ સિદ્ધ કરે છે કે પરમાત્મદશા જ્યાં આત્માને પૂર્ણ થાય છે એનું ક્ષેત્ર રહેવાનું વ્યવહારે લોકના અગ્રે છે. જે આત્માની નિર્મળાનંદ શક્તિ અને સ્વરૂપ છે એવું જ્યાં અંતર દશામાં પર્યાયમાં પ્રગટ થયું, પૂર્ણાનંદ કાર્ય પ્રગટ થયું એની રમણતા તો સ્વક્ષેત્રમાં અને સ્વભાવમાં છે પણ પરક્ષેત્ર તરીકે લોકાગ્રે સિદ્ધ પરમાત્મા બિરાજમાન છે. એમ અહીંયાં સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ?

**'લોકાગ્રે સિદ્ધપરમેષ્ઠી...'** પોતાના શુદ્ધ સ્વરૂપની પૂર્ણાનંદની પ્રાપ્તિનો અનુભવ જેને પૂર્ણ થયો છે એવા સિદ્ધ ભગવંતો, મહા અનંત આનંદાદિના અનુભવના મહિમાવાળા, **'નિશ્ચયથી...'** ભગવાન પરમાત્મા શરીરરહિત સિદ્ધ પરમાત્માને **'પાંચ શરીરના પ્રપંચના અભાવને લીધે...'** પરમાત્મા અશરીરી સિદ્ધ ભગવાન, જે ણમો લોએ સવ્વ સિદ્ધાણં એવા સિદ્ધ પરમાત્માને પાંચ શરીર–ઔદારિક, વૈક્રિયક, આહરક, તૈજસ અને કાર્મણ એ છે ખરા, જગતમાં છે, એ પણ સર્વજ્ઞથી સિદ્ધ થયેલા (છે). ન્યાયથી, અનુમાન, અનુભવથી સિદ્ધ થઈ શકે એવા છે, પણ એ શરીરો પાંચ પ્રકારના છે એ સિદ્ધને નથી. એ પાંચ પ્રકારના શરીરનો વિસ્તાર, પ્રપંચ એટલે એનો વિસ્તાર, એનો અભાવ છે. સિદ્ધોને નથી, અહીં આત્મામાં નથી એમ સિદ્ધ કરવું છે.

પરમાત્મસ્વરૂપ જેવી પરમાત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ દશામાં થઈ ગઈ એને જેમ ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્મણ પાંચ શરીરનો નિમિત્ત સંબંધ સંસારીને છે, એને નિમિત્ત સંબંધ પણ નથી. સમજાય છે કાંઈ ? પાંચ શરીરનું સ્વરૂપ પણ સિદ્ધ કર્યું છે. ભાઈ ! આહા..હા...! પુદ્‌ગલો આ માટીની પરમાણુની દશા, આ ઔદારિક દશા, એક વૈક્રિયક, નારકી અને દેવની દશા, એક તૈજસ શરીર અંદર છે, કાર્મણના પીંડનો જથ્થો છે એ કાર્મણ અને એક આહારક શરીર–મુનિને શંકા થાય અને પૂતળું (નીકળે એ). એવા પાંચ શરીરના રજકણો પુદ્‌ગલનાં પરમાણુનો પીંડ એને પર્યાયરૂપે શરીર કહેવામાં આવે છે. એવા શરીરનો સંબંધ, પ્રપંચ સિદ્ધ ભગવાનને નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એવી રીતે સંસારીમાં પણ એ પાંચ શરીરનો સંબંધ અહીં નથી. છેલ્લો શબ્દો છે. **'તેવી જ રીતે સંસારમાં પણ આ સંસારી જીવો કોઈ નયના બળે...'** શુદ્ધ દૃષ્ટિથી જોતા ભગવાન અંતર નિર્લેપ અખંડાનંદ પ્રભુ ! એની દૃષ્ટિથી જોતાં એ વસ્તુમાં પાંચ શરીરનો નિમિત્તરૂપે વર્તમાન સંબંધ છે એ વસ્તુના સ્વરૂપમાં સંબંધ છે નહિ. આહા..હા...! આ બધી જડની ક્રિયા માટીની છે. આ શરીરનું હાલવું, ચાલવું, બોલવું એ આત્માનું કાર્ય છે નહિ અને આત્મા કરતો જ નથી. સમજાય છે કાંઈ ? બોલવું, ચાલવું, હાલવું, સંકલ્પ-વિકલ્પાદિ બધું ખરેખર પુદ્ગલનું જડનું કાર્ય છે. આહા..હા...!

એ તો ચૈતન્યસૂર્ય છે. જ્ઞાનાનંદ ભગવાન અનંત ગુણનો પિંડ શુદ્ધ એ વસ્તુને અને શરીરને કાંઈ સંબંધ નથી. એવી અંતરમાં દૃષ્ટિ કરવી. વસ્તુ ભગવાન આત્મા અનંત આનંદ, જ્ઞાનનો સૂર્ય ચૈતન્ય સત્તા મહાધામ છે એવી અંતર્મુખ દૃષ્ટિ કરવી એથી અંતરના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ પ્રગટ થાય એવું આ તત્ત્વ છે એમ અહીંયાં કહેવામાં આવે છે. કહો, 'સેઠી' ! આહા..હા...!

પાંચ શરીરનો અભાવ છે. આહા..હા...! શરીર જ જ્યાં નથી તો શરીરની ક્રિયાઓ નિશ્ચયનયે આત્મામાં છે એ છે જ નહિ. વ્યવહારનયે પણ એનામાં છે તો નહિ. પણ નિમિત્તથી એમ કહેવામાં આવે કે આને શરીરનો સંબંધ છે. એ વ્યવહારથી, ઉપચારથી કથન છે, વસ્તુના સ્વભાવમાં એ છે નહિ. આહા..હા...! વ્યવહારનયથી કાંઈ શરીરની ક્રિયા કરી શકે છે એમ નથી. સમજાય છે કાંઈ ? તદ્દન ચૈતન્ય ભિન્ન, જડ ભિન્ન. જુદે-જુદા ત્રણે કાળ જુદા છે. ચૈતન્યસૂર્ય અરૂપી ભગાવન જુદો, આ જડના પરમાણુના રજકણનું દળ તદ્દન જુદું. કોઈ કોઈના કાર્યને કરે એવું કોઈ તત્ત્વમાં છે નહિ. એટલે શરીરથી આત્મા કામ કરે કે શરીર દ્વારા વાણી બોલે કે બીજાને સમજાવે એ શરીરનો સંબંધ જ આત્માને નથી. શેઠ !

**શ્રોતા :–** દેખાય તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું દેખાય છે ? શું જોવામાં આવે છે ? આ તો જડ છે એમ જોવામાં આવે છે. પોતાની અંદર અરૂપી જ્ઞાનઘન આત્મા છે. જ્ઞાનઘન અને શરીર બન્ને તદ્દન ભિન્ન છે. કહો, સમજાય છે કાંઈ ?

દેખવાવાળો છે, તે દેખે છે તેને એની સાથે કાંઈ સંબંધ નથી. દેખવા-જાણવાવાળો એ તો ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ ? આ દેખાય છે એ તો જડ છે. દેખાય છે તે જડ છે, દેખે છે તે ચૈતન્ય છે. બે ભિન્ન છે. કહો, સમજાણું આમાં ? શું દેખાય છે ? દૃષ્ટિમાં ફેર છે, એમ કહે છે. ભગવાન ચૈતન્યસત્તા મહાધામ જ્ઞાનાનંદની મૂર્તિ આત્મા, એમાં શરીર છે એમ દેખાય છે એ દૃષ્ટિ જ જૂઠી છે. સમજાય છે કાંઈ ? જડમાં જડ અને ચૈતન્યમાં ચૈતન્ય–બે તત્ત્વો તદ્દન જુદા છે. અજીવને લઈને જીવ અને જીવને લઈને અજીવ એમ વસ્તુમાં નથી. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ બોલવું, ચાલવું ને આ કર્યું ને આ કર્યું એ આત્મા વડે થાય છે એ બિલકુલ નથી. શરીરની જડની ક્રિયા જડ વડે, જડમાં, જડને કારણે થાય છે. આત્મા જાણવા અને દેખવાવાળું તત્ત્વ છે. સમજાય છે કાંઈ આમાં ? કહો, સમજાણું આમાં ? આવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે, એમ કહે છે. આહા..હા...! શરીરના હોવાપણાની દૃષ્ટિ ઊઠાવીને ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાનજ્યોત અનંત ગુણનો પીંડ છે એના ઉપર દૃષ્ટિ હોવાપણે મુકવી એનું નામ સત્યની પ્રતીતિ અને સત્યદર્શન છે. કહો, 'પોપટભાઈ'!

**'પાંચ શરીરના પ્રપંચ...'** વિસ્તાર. ભગવાન ! સિદ્ધને નથી એમ આત્મા ભગવાનસ્વરૂપ, એકલો જ્ઞાયક ચૈતન્યજ્યોત, જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનો સૂર્ય પ્રભુ આત્મા છે. ચૈતન્યસૂર્ય બિંબ, એમાં અંદર નજર નાખતા એને શરીરનો કાંઈ સંબંધ નથી. એમ ચૈતન્ય અરૂપી જ્ઞાનઘનમાં અંદર નજર કરવી, એની પ્રતીતિ કરવી, એનો અનુભવ કરવો, એનું નામ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ ? કોઈ દેહાદિની ક્રિયા એ ધર્મ છે એ ત્રણ કાળમાં નથી. આ તો માટી જડ છે. વચ્ચે પૂજાદિનો શુભ આદિ ભાવ આવે એ પણ ધર્મ છે એમ નહિ. સમજાણું કાંઈ ? એ તો વચમાં સ્થિરતા ન હોય એટલે અશુભથી બચવા એવા ભાવ (આવે). વસ્તુમાં એ રાગાદિ નથી પછી (પ્રશ્ન ક્યાં છે). અહીં કીધુંને કાર્મણ શરીર જ નથી, લ્યો. આહા..હા...! આવ્યું કે નહિ પાંચમાં ? કાર્મણ શરીર, ૧૪૮ પ્રકૃતિનો પીંડલો જેને કહીએ એ આત્મામાં છે જ નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** પાછો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાછો એને કારણે, આત્માને શું છે ? એને કારણે એ જાય. આત્માને કારણે આત્મા જાય છે. પાછળ-પાછળ જાય છે તો શું છે ? પાછળનો અર્થ શું થયો ? કે એને કારણે જુદો છે એમ થયું. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે, ભગવાન ! તારું સ્વરૂપ જ જ્ઞાનજ્યોત અનાકુળ આનંદકંદ છે એમાં વળી આ ઔદારિક શરીર તને છે એ વસ્તુ કેમ શોભે છે તને ? આ તો જડ-માટી-ધૂળ છે. માટી પુદ્‌ગલનો પીંડ છે. પ્રભુ ! ચૈતન્ય તો આનંદઘન અનંત ગુણનો રાશિ પુંજ, પિંડ ચૈતન્ય છે. એને શરીરની ક્રિયા અને શરીરનું આમ ઊંચા-નીચું કરવું અને હાથ આમ કરવા એ આત્મામાં છે જ નહિ. 'સેઠી' ! શું કરવું પણ ત્યારે ? અને કાર્મણ શરીર જ નથી ને, એમ કહ્યું પહેલું તો પ્રશ્ન ક્યાં છે. આહા..હા...!

અનંત રજકણથી જ્ઞાનાવરણીય બન્યું, અનંત રજકણથી દર્શનાવરણીય બન્યું, અનંત રજકણથી કેવળજ્ઞાનાવરણીય બન્યું, ૧૪૮ પ્રકૃતિ એ જડમાં છે, એ તારામાં છે નહિ. કાર્મણ શરીર જ આત્મામાં નથી. આહા..હા...! ત્રણે કાળમાં નથી. એક સમય હોય તો ત્રણે કાળ હોય. વસ્તુસ્વરૂપ છે જ્યાં અરૂપી ચૈતન્યગોળો આનંદકંદ ભિન્ન પડ્યો છે એમાં કાર્મણ શરીર-ફરીરની ગંધ છે નહિ. સમજાણું કાંઈ ? આત્મામાં એવી અંતરદૃષ્ટિ કરવી એનું નામ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમ્યક્–સત્ય સ્વીકાર છે. સત્ય સ્વભાવનો સ્વીકાર ત્યારે કહેવાય છે. જેવો સત્યસ્વરૂપી ભગવાન અરૂપી જ્ઞાનઘન શરીરના રજકણથી-કર્મથી ભિન્ન એવો અંતરદષ્ટિમાં સ્વીકાર થવો એનું નામ સત્યદર્શન અને સમ્યક્ કહેવાય છે. આહા..હા...!

અશરીરી છે. એક વાત લીધી. એવી રીતે સંસારના જીવો પણ શુદ્ધનિશ્ચયના બળે, એમ એક નયના બળેનો અર્થ. વસ્તુના સંબંધવાળી નયથી રહિત સંબંધ વિનાની નયની દષ્ટિએ જોતાં ભગવાન આ આત્મામાં પણ પાંચ શરીરનો અભાવ છે. આહા..હા...! સમજાણું કાંઈ ? '**નિશ્ચયથી...**' ખરેખર '**નર-નરકાદિ પર્યાયોના ત્યાગ–ગ્રહણના અભાવને લીધે....**' આહા..હા..! સિદ્ધ ભગવાન મનુષ્ય, નારકી, દેવ અને ઢોર–પશુ એના પર્યાયોનો ત્યાગ-ગ્રહણ સિદ્ધને નથી. આ જન્મ એટલે ગ્રહણ અને મરણ એટલે ત્યાગ. આ જન્મને સંયોગ કહ્યો અને પછી મરણ (એટલે) શરીરનો વિયોગ થયો એ ચાર ગતિનો સંયોગ અને વિયોગ સિદ્ધને નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

આ એક દેહ પૂરો થયો ત્યાં બીજો દેહ સંબંધ. જા, બીજી ગતિએ. આ ગતિ પૂરી, આયુષ્ય પૂરું, એ ભાવ બીજી ગતિએ. કહે છે આ ગતિનો સંયોગ, પાછો આ ગતિનો વિયોગ વળી બીજી ગતિનો સંયોગ. એવા જે સંયોગ ગ્રહણ-ત્યાગ સિદ્ધને નથી એમ, આ આત્માને પણ નથી. આહા..હા...!

ભગવાન આત્મા મનુષ્યની ગતિના સંબંધમાં છે અને છૂટીને દેવગતિના સંબંધમાં આવે એવો ગ્રહણ-ત્યાગ આત્માના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ ? એક મનુષ્યના ભવમાં પૂર્વે હતો અને પાછો બીજા મનુષ્યભવના સંબંધમાં આવ્યો. પેલાનો ત્યાગ થયો અને આનું ગ્રહણ થયું. એવું આત્મામાં છે નહિ. આહા..હા...! કહો, સમજાણું આમાં ? ભગવાન વસ્તુ અરૂપી અનંત આનંદકંદ પ્રભુ ! જેની અંતરદષ્ટિએ જોતા એ તત્ત્વને એક ગતિનું ગ્રહણ અને બીજી ગતિનું આ ગ્રહણના ત્યાગ વખતે ગ્રહણ, આનો ત્યાગ અને ગ્રહણ વસ્તુમાં છે જ નહિ. સંબંધ જ નથી ત્યાં ત્યાગ-ગ્રહણ ક્યાંથી આવ્યો ? વ્યવહાર વર્તમાન નયે ગતિનો સંબંધ અને છૂટવું હતું, વસ્તુના સ્વરૂપમાં છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? ખરેખર મનુષ્યનું, નારકીનું જુઓ ! ગતિ સ્થિત કરે છે પાછી, હોં ! ચાર ગતિ છે. મનુષ્ય ગતિ છે, નારકીની ગતિ છે, હંબક નથી. પર્યાયમાં અવસ્થાના સંબંધમાં છે. પશુગતિ છે, દેવગતિ છે. એ લોજીકથી (સિદ્ધ) કરે છે. સર્વજ્ઞ પરમેશ્વરે જે પર્યાયના સંબંધમાં જોયું એ છે. સ્વભાવની દષ્ટિમાં નથી એમ બન્ને વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ?

એ એક દેહની, એક ગતિનું ગ્રહણ અને બીજી ગતિનો ત્યાગ. પાછો આનો ત્યાગ થઈને બીજી ગતિનો સંબંધ (થવો) એ તો વ્યવહારનયે ગતિનો સંબંધ છે. વસ્તુ ભગવાન ચૈતન્યજ્યોત જ્ઞાનાનંદનો કંદ પ્રભુ (છે) એવી અંતરદષ્ટિએ જોતાં, એ નયના બળે તત્ત્વને જોતાં ગતિનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ ? એને શુદ્ધભાવ કહેવામાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આવે છે. એને શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જીવદ્રવ્ય કહેવામાં આવે છે. શુદ્ધદ્રવ્યાર્થિક વસ્તુ. ભગવાન ધામ આનંદકંદ ધ્રુવધામ કે જેને ગતિનો સંબંધ જ નથી. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'ત્યાગ–ગ્રહણના અભાવને લીધે 'અવિનાશી' છે,...'** એમ આત્મા પણ–આ આત્મા પણ અત્યારે અત્યારે ગતિના ગ્રહણ-ત્યાગ વિનાનું એનું પરમાર્થે સ્વરૂપ છે તેથી ભગવાન આત્મા સંસારી જીવો પણ શુદ્ધનયની દૃષ્ટિના ધ્યેયને લક્ષે એ અવિનાશી તત્ત્વ છે. એને ગતિ થવી અને જવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. કહો, સમજાણું આમાં ?

ત્રીજો બોલ. **'अणिंदिया'** બે આવ્યા ને ? **'असरीरा'** અને **'अविणासा'** બે બોલ આવ્યા. હવે સિદ્ધ ભગવાન **'अणिंदिया'** છે. અવો જ આ આત્મા અતીન્દ્રિય અત્યારે છે. આહા..હા...! **'પરમ તત્ત્વમાં સ્થિત...'** સિદ્ધ પરમાત્મા અશરીરીપ્રભુ પરમ તત્ત્વ આત્મા, એમાં સ્થિત (છે). અંતરમાં, હોં ! **'સહજદર્શનાદિરૂપ...'** અંદર ત્રિકાળી. **'પરમ તત્ત્વમાં સ્થિત સહજદર્શનાદિરૂપ...'** સહજ દર્શન-જ્ઞાન આદિ **'કારણશુદ્ધસ્વરૂપને...'** સિદ્ધ ભગવાન પોતાનું કાયમી આનંદ અને જ્ઞાન-દર્શનનું રૂપ એવું જે કારણશુદ્ધસ્વરૂપ. સિદ્ધ ભગવાનનો આત્મા જે શુદ્ધ દ્રવ્ય છે, દ્રવ્ય એ દ્રવ્યમાં જે ત્રિકાળી જ્ઞાન-દર્શન-આનંદ પડ્યા છે વસ્તુમાં, વસ્તુમાં, એવા શુદ્ધસ્વરૂપને **'કારણ શુદ્ધસ્વરૂપને યુગપદ્ જાણવામાં સમર્થ...'** એક સમયમાં એ પોતાનું ત્રિકાળી સ્વરૂપ જાણવાને સમર્થ છે.

**'એવી સહજજ્ઞાનજ્યોતિ વડે...'** એવા સ્વભાવિક જ્ઞાનના પ્રકાશ વડે **'જેમાંથી સમસ્ત સંશયો દૂર કરવામાં આવે છે...'** એ વસ્તુમાં છે જ નહિ. વસ્તુ સિદ્ધ ભગવાનના દ્રવ્યમાં અને પર્યાયમાં કાંઈ છે જ નહિ. એના દ્રવ્યમાં ત્રિકાળ દર્શન, જ્ઞાન, આનંદ, સંશય રહિત સ્વભાવ એને જાણવાનો એનો સ્વભાવ છે. **'એવા સ્વરૂપવાળા હોવાને લીધે 'અતીન્દ્રિય' છે,...'** સિદ્ધ ભગવાન અતીન્દ્રિય છે.

એવી રીતે, આ આત્મા પણ વર્તમાનમાં વસ્તુની ઇન્દ્રિયો જડ અને તેના તરફના લક્ષવાળી ખંડખંડ ઇન્દ્રિયો એ બધો વ્યવહારનયનો વર્તમાનનયને જાણવાનો વિષય (છે) એને છોડીને ત્રિકાળી અતીંદ્રિય આનંદકંદને જુઓ તો એ ભગવાન પોતે જાણનાર-દેખનાર પોતાના સ્વભાવથી સ્વભાવને જાણનાર-દેખનાર (છે), ઇન્દ્રિય વડે જાણવું-દેખવું એ એના સ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ ?

સિદ્ધ ભગવાન જેમ વર્તમાનમાં પર્યાયે અતીન્દ્રિય છે એમ આ ભગવાન આત્મા પણ સંસારી રખડતાં વિકૃતની અવસ્થાના સમયવાળા, વસ્તુની દૃષ્ટિએ જુઓ તો એ અતીન્દ્રિય જ્ઞાનથી જોવાવાળો આત્મા છે. મોટી વાત. આ ઇન્દ્રિયો તો માટી છે, આ જડ છે. અંદર ખંડ ખંડ ઇન્દ્રિય જે ક્ષણની અવસ્થા પરલક્ષ છે એ તો વર્તમાન એક સમયની વિકૃત દશા છે. એ સિવાય આખું જ્ઞાનઘન જુઓ, ચૈતન્યજ્ઞાનઘન એ તો અતીંદ્રિય સ્વરૂપ છે. અતીંદ્રિયથી જાણનાર-દેખનારો આત્માનો સ્વભાવ છે. ક્યારે ? 'વજુભાઈ! ક્યારે ? અત્યારે ? આ તો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્રણે કાળના આત્મા એવા જ છે. જેટલી જીવરાશી અનંત છે એ પોતાના સ્વરૂપથી દર્શન-જ્ઞાન-ચારિત્રને જેમ કારણસમયસારને જાણે એવો જ આત્મા પોતાના સ્વરૂપને અતીંદ્રિયથી જાણે-દેખે એવું જ એનું સ્વરૂપ છે. ઇન્દ્રિયથી જાણવું એવું એનું પરમાર્થે સ્વરૂપ છે નહિ. આહા..હા...! એવા આત્મા ઉપર અંતરદષ્ટિ કરવી. અતીંદ્રિય ભગવાન આત્મા ઇન્દ્રિયથી પાર છે, ખંડખંડ ઇન્દ્રિયના એક સમયના અંશથી પણ પાર–ભિન્ન છે. એવો શુદ્ધભાવ, એવો જ્ઞાયકભાવ, એવો શુદ્ધ દ્રવ્ય દ્રવ્ય નામ વસ્તુનો સ્વભાવ, એ દષ્ટિએ જોતા એ ભગવાન આત્મા અતીંદ્રિય મૂર્તસ્વરૂપ છે, અતીંદ્રિય મૂર્તસ્વરૂપ છે, અતીંદ્રિય સ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? એવી દષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

સુખ જ અતીંદ્રિય આનંદ જ છે એમાં. ધૂળમાં પણ સુખ ક્યાંય નથી બીજું બહારનું માનેલું એમાં. મૂઢ થઈને કલ્પે છે. 'સેઠી' ! ધૂળમાં પણ ક્યાં સુખ હતું ! શરીરમાં ? માટીમાં ? હાડકા-માંસ ચામડા, સ્ત્રી, કુટુંબ, પરિવાર, પૈસા, ધૂળ, મકાન, હજીરા એ તો જડ-માટી છે, ધૂળ છે. એમાં સુખ છે ? અજ્ઞાની પોતાના અતીંદ્રિય આનંદના સ્વભાવને ચૂકીને આમાં મને ઠીક પડે છે એમ મૂઢપણે અજ્ઞાની, મિથ્યા માન્યતામાં ભ્રમમાં પડેલો સુખ છે એમ માને છે. પણ એ ભ્રમ પણ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? ભ્રમણા ઊભી કરી. અહીં મને મજા છે, અહીં મને મજા છે. પાંચ-પચાસ લાખ મળે, ધૂડ મળે ધૂઢ થોડી, બે-ચાર કરોડની મળે તો કહે આહા..હા...! ધૂડમાં પણ નથી, એ તો માટી ધૂડ છે. શરીર માંસ આ હાડકાનું-ચામડાનું સુંવાળુ દેખાય એ તો માટી જડ છે આ. લાડવા-દાળ-ભાત-શાક એ માટી–ધૂડ છે, જડ છે. એમાં છે સુખ ?

સહેલાઈથી... સહેલાઈનો અર્થ શું ? એ છે કે નહિ ? ધૂડ નથી ત્યારે શું ચૈતન્ય છે ? ચૈતન્યનો જેમાં અભાવ (હોય) તેને ધૂડ અને અચેતન કહેવામાં આવે છે. આમાં સીધી બેને બે ચાર જેવી વાત સીધી છે. સમજાણું કાંઈ ? આ ભગવાન આત્મા ચૈતન્યની જ્યોત પ્રભુ અનાદિ–અનંત છે એમાં પુણ્ય-પાપનાં વિકલ્પ ઊઠે એ અચેતન છે, એટલે કે એમાં ચૈતન્યના તેજનો અભાવ છે. આહા..હા...! આ (શરીર) તો પ્રત્યક્ષ માટી છે. જેમાં શુભ અને અશુભભાવ થાય એ ચૈતન્ય નથી. એ ચૈતન્યની જાતથી વિપરિત વિકલ્પની જાત એ ચૈતન્યને રોકનાર વિપરિત અચેતન છે. આહા..હા...! સમજાણું કાંઈ ? તો વળી આ શરીર, વાણી, લાડવા, દાળ, ભાત તો ક્યાંય જડમાં માટી ધૂડ ગઈ, એ તો ધૂડમાં છે, ધૂડનું અસ્તિત્વ છે, માટીનું અસ્તિત્વ છે. શાસ્ત્રકાર એને પુદ્‌ગલનું અસ્તિત્વ કહે છે, પુદ્‌ગલાસ્તિકાય કહે છે. પુદ્‌ગલાસ્તિકાય–પુદ્‌ગલનું પુરાવું–ગળાવું હોવાપણે સમૂહનો પિંડ એ છે. એમાં આત્માને સુખ છે અને શાંતિ છે અને જ્ઞાન એનાથી થાય છે, એમાં છે નહિ. સમજાણું ? એવો સ્વરૂપવાળો હોવાથી અતીંદ્રિય છે.

એમ સંસારમાં રહેલો આ ભગવાન એવો **'સહજજ્ઞાનજ્યોતિ વડે જેમાંથી સમસ્ત સંશયો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**દૂર...**' થવાથી. સંશય એનામાં છે જ નહિ. સ્વરૂપમાં, હોં ! પર્યાયમાં સંશય છે એ તો વ્યવહારનયનો વિષય છે. વસ્તુના સ્વરૂપમાં સંશય, ભ્રમાદિ છે જ નહિ. અખંડાનંદ ભગવાન ધ્રુવધાતુ ચૈતન્ય, એમાં દૃષ્ટિ કરવાથી પોતે જ્ઞાન ને દર્શન ને આનંદને વેદનારો અતીંદ્રિય સ્વરૂપ છે. કહો, સમજાણું આમાં ?

હવે, **'णिम्मला' 'મળજનક ક્ષાયોપશમિકાદિ વિભાવસ્વભાવોના અભાવને લીધે 'નિર્મળ' છે.**' ઇ જરી આકરો બોલ છે. શું કહે છે ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યબિંબ અનાદિ-અનંત સ્વયંસિદ્ધ પદાર્થ છે. એમાં જે આ ક્ષયોપશમ, ઉપશમ, ઉદયાદિ ભાવ છે એ વિભાવસ્વભાવ મળજનક છે. એ રાગ-દ્વેષભાવ છે એ તો મળ પોતે છે પણ જ્ઞાનનો વિકાસ-ઉઘાડ છે થોડો વિકાસ વિકાસ, જેને ક્ષયોપશમ કહે છે, એ પણ મળજનક છે અહીં તો કહે છે. કેમ કે એનું લક્ષ કરવાથી મેલ-વિકલ્પ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ?

**'મળજનક ક્ષાયોપશમિકાદિ...**' ચારે ભાવો બધા વિભાવસ્વભાવ છે. ઉદયભાવ પુણ્ય અને દયા, દાન, વ્રત પરિણામ એ ઉદય-રાગ, એનો આત્માના સ્વભાવમાં અભાવ છે. ક્ષયોપશમભાવ – એ રાગને જાણવાનો વિકાસ, વિકાસનો ઉઘાડ ભાવ, એક સમયની દશા એનો ચૈતન્યમાં અભાવ છે. એક સમયની પર્યાયનો વિકાસ છે કે નહિ પણ વિકાસ તરીકે ? વિકાસ ન હોય તો જાણે કોણ ? આ શરીર છે, ફ્લાણું છે. ધ્રુવ તો અંદર એકરૂપ છે. સમજાણું કાંઈ ? આહા..હા...! જ્ઞાનનો ઉઘાડ ક્ષયોપશમભાવ, ઉપશમભાવ, ક્ષાયિકાદિ ભાવ એ વિભાવસ્વભાવ, એક પરિણામ સિવાય. સમજાણું કાંઈ ? શુદ્ધભાવ શબ્દે પરમપારિણામિક ભગવાન આત્મા એની અંતરદૃષ્ટિ કરતાં નિર્મળતા પ્રગટ થાય. આ ચાર ભાવના લક્ષે નિર્મળતા પ્રગટ ન થાય. માટે, ચારે ભાવને એ અપેક્ષાએ મલિન કહેવામાં આવ્યા છે. આહા..હા...! ભારે ભાઈ ! પાછા મળજનક કહ્યાં છે.

પર્યાયમાં એટલે અવસ્થામાં પુણ્ય-પાપનો વિકલ્પ કે ક્ષયોપશમ વિકાસનો થોડો અંશ, એને લક્ષ કરતાં તો રાગ જ થાય છે. એટલે એ ક્ષયોપશમાદિ ભાવને મળના ઉત્પન્ન કરનારા કહેવામાં આવ્યા છે. એવા મળના ઉત્પન્ન કરનારા રાગ-દ્વેષ, ક્ષયોપશમભાવ, ઉપશમભાવ અને ક્ષાયિકભાવ. ક્ષાયિકદશા હોય તો પણ તેને આશ્રયે તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ વિસ્તાર લેશે. હવે જુઓ ૫૦ સુધી આવશે ને ગાથા ? આહા..હા...!

ભગવાન ચૈતન્યઘન પરમપારિણામિક સ્વભાવ અનાદિ-અનંત તત્ત્વ એ એક જ નિર્મળ તત્ત્વ છે, જેને અહીંયાં શુદ્ધભાવ કહે છે, જેને શુદ્ધ દ્રવ્યાર્થિકનયનું તત્ત્વ કહ્યું છે. એ સિવાયના ચાર પર્યાયભાવ... પર્યાયભાવ સમજાય છે કાંઈ ? અવસ્થાના ભાવ છે ખરા. અવસ્થા પાછી સિદ્ધ કરે છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવું તત્ત્વ બીજે ન હોય એમ પણ સાથે સિદ્ધ કરે છે. ક્ષયોપશમ બીજે ન હોય. લ્યો, ક્ષયોપશમ એટલે શું ? પર્યાયમાં કાંઈક વિકાસ અને કાંઈક વિઘન, એવી દશા તે પણ મળને ઉત્પન્ન કરવાનું કારણ છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું ? ... ક્ષયોપશમ સ્વભાવનો અંશ છે. પણ એનું લક્ષ કરતાં તો એ વસ્તુમાં એક સમયની દશા છે. એ દશામાંથી દશા પ્રગટ થાતી નથી. દશામાંથી શાંતિ પ્રગટ થતી નથી. ક્ષયોપશમ દશામાંથી શાંતિ અને સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એ મળના ઉત્પન્ન કરનારા ક્ષયોપશમ, ઉપશમ, ક્ષાયિક અને ઉદય ચાર ભાવ ચાર પર્યાયો છે અને શુદ્ધ પારિણામિક ત્રિકાળ તે દ્રવ્ય સ્વભાવ છે. આહા..હા...! કહો, સમજાણું આમાં ? આકરું પડે એવું છે. ... એમાં ક્ષયોપશમ મળજનિત છે આમાં શું સમજવું ? કહો, એ..ય..! 'મનસુખભાઈ'!

**શ્રોતા :-** મોટાનો આશ્રય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ મોટાનો આશ્રય એટલે ભગવાન આત્મા. મોટામાં મોટો પ્રભુ પોતે નિજ પરમાત્મા છે. સમજાણું કાંઈ ? 'દેવચંદજી' ભગવાનની સ્તુતિમાં કહે છે. 'દેવચંદજી' થઈ ગયા છે ને ? આ '....'ના. તપગચ્છ શ્વેતાંબરમાં. એ કહે, 'મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા, તેમ પ્રભુ સેવક થયા નિશ્ચિંતા.' પણ એનો અર્થ આ આત્મા મોટો ત્યાં બેસાડ એમ કહે. ભગવાન કાંઈ આપી દે એવું નથી. પરમાત્મા કાંઈ દઈ દે એવું નથી. તારું તત્ત્વ પરમાત્મા પાસે નથી. તારું તત્ત્વ આખું એક સમયમાં આવતું નથી તો પરમાં ક્યાંથી આવ્યું ? સમજાણું કાંઈ ?

ભગવાન આનંદઘન અનંત ગુણનો પિંડ પ્રભુ, જેમાં એક સમયની દશાનો તત્ત્વનો પણ જેમાં અભાવ છે તો બહાર જે તત્ત્વો છે એનો તો એમાં અભાવ છે. આહા..હા...! ઝીણી વાતો બહુ પણ, ભાઈ ! એ ભાવ વિભાવસ્વભાવ છે. ત્યારે વિકાર એટલે વિશેષ ભાવરૂપ વિકાર છે, વિકાર્ય છે. એને આશ્રયે વિકાર થાય માટે એનો અભાવ સિદ્ધને છે. એ ભગવાન નિર્મળ છે. એમ આત્મામાં પણ ચાર વિભાવસ્વભાવનો અભાવ છે. અત્યારે ! આહા..હા...! સમજાણું કાંઈ ?

***ભગવાન આત્મા સચ્ચિદાનંદ શુદ્ધ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનું તત્ત્વ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ એમાં આ પર્યાયોના ચાર પ્રકારનો અભાવ છે. પરવસ્તુનો તો અભાવ છે, પરનો આત્યંતિક અભાવ (તો છે) પણ આ તો એક સમયની દશાનો એમાં અભાવ છે. આહા..હા...!*** સમજાણું કાંઈ ? એવું શુદ્ધતત્ત્વ ભગવાન પરમસ્વભાવી વસ્તુ, શુદ્ધભાવ, શુદ્ધ દ્રવ્યાર્થિકનયના વિષયરૂપ તત્ત્વ એનો અંતર વિષય કરવો, એને ધ્યેય બનાવવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.

**'અને દ્રવ્યકર્મો તથા ભાવકર્મોના અભાવને લીધે 'વિશુદ્ધાત્મા' છે.'** એ છેલ્લો પાંચમો બોલ. સિદ્ધ ભગવાન પરમેશ્વર પરમાત્મા, એને જડકર્મનો સંબંધ નથી તેમ ભાવ નામ પુણ્ય-પાપના રાગનો સંબંધ નથી. એના અભાવને (લઈને) વિશુદ્ધાત્મા છે. એવી જ રીતે આ આત્મા પણ. **'તેવી જ રીતે...'** જુઓ ! **'સંસારમાં પણ...'** સંસારી દશાના જીવના સ્વભાવમાં પણ,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'આ સંસારી જીવો કોઈ નયના બળે...'** એટલે શુદ્ધ દ્રવ્યાર્થિકનયના બળે એટલે શુદ્ધતત્ત્વને જોનારા નયને બળે. અવસ્થાને ન જોતા વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે એ જોનારની દૃષ્ટિએ એ કોઈ નયથી શુદ્ધ છે. પેલામાં વિશુદ્ધ લીધું હતું, અહીં શુદ્ધ લીધું. સમજાણું કાંઈ ? બધાને આખું નાખી દીધું. બધાને નાખ્યું છે ને આ તો ? ઓહો..હો...! બધા-બધાનો છેલ્લો શબ્દ છે ને ? **'लोयग्गे सिद्धा तह जीवा संसिदी णेया'** સંસારીજીવો પણ એવા છે. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ... એક સમયમાં ભગવાન આખો પિંડ શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ. બસ ! જેના લક્ષે, જેને ધ્યેયે, જેને આશ્રયે આત્મામાં જેને વિકાર રહિત દશા પ્રગટ થાય એ તત્ત્વ પરમસ્વભાવી ત્રિકાળ છે. કહો, સમજાણું આમાં ?

**'સંસારી જીવો કોઈ નયના બળે...'** કોઈ નયના બળેનો અર્થ કે વર્તમાન સંબંધનો વ્યવહારનયનો વિષય ન જોતાં ત્રિકાળ જ્ઞાયક સ્વભાવની ધ્રુવતા, શુદ્ધતા, એકતા, પરમાત્મતાને દેખનારા નયે આત્મા વર્તમાન પણ શુદ્ધ જ છે. કહો, સમજાણું ? **'હવે ૪૮ મી ગાથાની ટીકા પૂર્ણ કરતા ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે.'** બોલો.

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।**
**इत्थं यः परमागमार्थमतुलं जानाति सद्दृक् स्वयं**
**सारासारविचारचारुधिषणा वन्दामहे तं वयम्।।७२।।**

**'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના...'** એટલે **'વિપરિત કલ્પના, ખોટી માન્યતા, અનિશ્ચય, શંકા, ભેદ પાડવા.'** આટલા અર્થ થયા. શુદ્ધની વિપરિત **'કલ્પના એ મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે;...'** પર્યાયદૃષ્ટિવંતને આ પર્યાયમાં અશુદ્ધતા અને પર્યાયમાં શુદ્ધતા, પર્યાયમાં અશુદ્ધતા અને શુદ્ધતા એવી (કલ્પના) પર્યાયદૃષ્ટિવંતને એ મિથ્યાદૃષ્ટિને હોય છે. આહા..હા...! શું કીધું ? **'શુદ્ધ-અશુદ્ધની જે વિકલ્પના'** નામ વિપરીત કલ્પના, ખોટી માન્યતા, અચોક્કસતા, શંકા કે ભેદ પાડવા **'મિથ્યાદૃષ્ટિને હંમેશા હોય છે;...'** એટલે કે ભગવાન આત્મા જેણે શુદ્ધ ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિ કરી નથી અને જેની દશા–અવસ્થામાં જ જેની દૃષ્ટિ વર્તે છે. અવસ્થા–વર્તમાન અવસ્થા આ અશુદ્ધ છે અને અશુદ્ધ ટળીને શુદ્ધ થશે એમ અવસ્થા ઉપર જેની દૃષ્ટિ છે એને અહીંયાં મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં જે શુદ્ધ ધ્રુવ, ચૈતન્ય ધ્રુવ નિશ્ચયના બળે જે શુદ્ધ પરમાત્મા છે એની જેને દૃષ્ટિ નથી એને વર્તમાન દશા ઉપરની દૃષ્ટિ છે, વર્તમાન અંશને એ માનનારો છે. અંશ ઉપર દૃષ્ટિવાળો આ અશુદ્ધ છે અને અશુદ્ધતા ટળશે એવી દૃષ્ટિ અવસ્થા ઉપર જેની પડી છે એ વિપરિત માન્યતાથી, શુદ્ધ અને અશુદ્ધની વિપરિત કલ્પના કરી રહ્યો છે. ભારે વાત !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



શું કહ્યું આ ? વળી શુદ્ધની વિકલ્પના ? શુદ્ધ-અશુદ્ધને શું વાંધો છે ? એમ કહે છે કે એક સમયમાં પૂર્ણ શુદ્ધ ભગવાન ચૈતન્ય ધ્રુવ જેના ઉપર દૃષ્ટિ નથી એને વર્તમાન અવસ્થામાં આ અશુદ્ધ છે એ અશુદ્ધતા ઘટશે, અશુદ્ધતા ટળશે, શુદ્ધતા થશે એ બધી દૃષ્ટિ એના અવસ્થા ઉપર છે. એકલી અવસ્થા ઉપર હોવાને લઈને તે મિથ્યાદૃષ્ટિને આવી કલ્પના ઊભી થાય છે. ભારે વાત, ભાઈ !

એનો અર્થ કહે છે કે વ્યવહારનયના નિશ્ચયમાં જેની દૃષ્ટિ છે એને આ શુદ્ધ-અશુદ્ધની વિપરિત કલ્પના ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદનું ધામ (છે) એવી જેની અંતરમાં દૃષ્ટિ ધ્રુવ ઉપર નથી અને જેની દૃષ્ટિ વર્તમાન આ પુણ્ય કર્યા, આ પાપ કર્યા, આ ફળ મળ્યું, આ પુણ્ય ટળશે, પાપ ટળશે પછી શુદ્ધતા થશે, પર્યાયમાં શુદ્ધતા થશે અને અશુદ્ધતા ટળી એવી એકલા પર્યાય ઉપર જેની દૃષ્ટિ છે, વર્તમાન અવસ્થાના અંશ ઉપર જેની દૃષ્ટિ છે એને અહીંયા મિથ્યાદૃષ્ટિ ને વિપરિત માન્યતાવાળા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

**શ્રોતા :–** ભેદ તો પાડે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શું ભેદ પાડે છે ? એકલો અશુદ્ધ-અશુદ્ધ છું અને પર્યાય ઉપર, અંશ ઉપર દૃષ્ટિ છે એની. ત્રિકાળ અંશ ભગવાન ચિદાનંદધાતુ આખી દૃષ્ટિમાંથી ઓજલ થઈ ગઈ છે. સમજાણું કાંઈ ?

ક્યા ભેદ પાડે છે ? કોનો ? વર્તમાન લક્ષમાં છે કે આ રાગ છે અને આ પુણ્ય છે પછી રાગ ઘટશે, શુદ્ધતા થશે (એમ) એકલી અવસ્થા ઉપર લક્ષ છે. ભેદ ઉપર-અવસ્થા ઉપર જેની માન્યતા છે એ શુદ્ધ-અશુદ્ધની વિપરિત માન્યતા મિથ્યાદૃષ્ટિને હંમેશા (હોય છે). 'હંમેશા' શબ્દ વાપર્યો છે, જુઓને ! કારણ કે એક સમયનો વિકલ્પ અને દશા ઉપર જ જેની રુચિ અને પ્રીતિ છે. શું કીધું ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ ધાતુ અખંડાનંદ પડી છે એના ઉપર જેની દૃષ્ટિ નથી. એક સમયની વર્તમાન અવસ્થા ઉપર જેની દૃષ્ટિ છે. એ અવસ્થાદૃષ્ટિવાળો જ આવી શુદ્ધ-અશુદ્ધ કલ્પનાઓ કરે છે. વસ્તુમાં એકલી શુદ્ધતા પડી છે એની એને ખબર નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! સંયોગની વાત તો એક કોર મૂકી દીધી. પણ પ્રભુ ! એક સમયમાં આખો અખંડાનંદ ધ્રુવ, જેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ પ્રગટે એ તો લક્ષમાં, ધ્યેયમાં, આશ્રયમાં લેતો નથી. એકલી અવસ્થા ઉપર લક્ષ રગડ્યા કરે છે. આ રાગ છે ને આ રાગ ટળશે અને આ રાગ આમ થાશે. એ અવસ્થાના અંશ ઉપર દૃષ્ટિ (છે) એને ત્યાં મિથ્યાદૃષ્ટિ–વિપરિત કલ્પના કરનારો કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? એકલી (પર્યાય ઉપર દૃષ્ટિ). વસ્તુના ભાનસહિત પછી અશુદ્ધતા કેટલી છે ? અને શુદ્ધતા કેમ પ્રગટી ? એ તો જાણવાલાયક રહી ગયું.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સમજાણું કાંઈ ?

આ તો વસ્તુ સ્વરૂપ અખંડ ચૈતન્યધાતુ ધ્રુવ પડી છે એની તો આડખીલ કરી ઓજલ કરે છે એને, આડમાં નાખી દે છે. ઓજલ... ઓજલ.. ઓજલ.. શું કહે છે તમારે ? પડદો-પડદો. સમજાણું કાંઈ ? પડદામાં રાખે છે અને આ એક અવસ્થાને મુખ્યપણે ... છે. અમારી અવસ્થામાં આ છે કે નહિ ! અમને રાગ છે કે નહિ ! અમને ગતિ છે કે નહિ ! અમને ક્ષયોપશમભાવ છે કે નહિ ! અમને આ ફલાણું છે કે નહિ ! એક સમયની અવસ્થા ઉપર જેનો પ્રેમ, રુચિ અને અર્પણતા છે એવા મિથ્યાદૃષ્ટિને શુદ્ધ-અશુદ્ધ વિપરિત માન્યતાની કલ્પના કે શંકા એકલા ભેદ પાડવો એ જ એની દૃષ્ટિમાં છે. એમ કહે છે, લ્યો. ખોટી માન્યતા. સમજાણું ?

**'સમ્યગ્દૃષ્ટિને તો...'** દેખો ! સામે-સામે નાખ્યું બન્ને. ઓહો..હો...! ધર્મીજીવને તો **'સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ બન્ને શુદ્ધ છે.'** આહા..હા...! હું ત્રિકાળ ભગવાન આત્મા શુદ્ધ છું અને કાર્ય થાય છે એ પણ પૂર્ણ શુદ્ધ છે. અશુદ્ધતા-ફશુદ્ધતા મારામાં નથી. સમજાણું કાંઈ ? અશુદ્ધતા છે એનો નિષેધ વર્તે છે. નિષેધ વર્તે (એટલે) એનું જ્ઞાન વર્તે છે. આ વસ્તુ. સમ્યગ્દૃષ્ટિ જુઓ ! **'હંમેશા'** શબ્દ વાપર્યો છે, હોં ! ત્યાં પણ હંમેશા અને અહીંયાં પણ હંમેશા (શબ્દ વાપર્યો છે). સમજાણું ? **'प्रत्यहम्'** એ ને ? બીજી લીટીનો. **'प्रत्यहम्'** એ ? બન્નેમાં છે. બન્નેમાં **'प्रत्यहम्'** છે, બરાબર.

**शुद्धाशुद्धविकल्पना भवति सा मिथ्यादृशि प्रत्यहं**
**शुद्धं कारणकार्यतत्त्वयुगलं सम्यग्दृशि प्रत्यहम्।**

બન્ને ઠેકાણે છે. એટલે શું કહે છે ? કે એકલો પૂર્ણ આનંદ મહાઘન છે તેના ઉપર તો દૃષ્ટિ કરતો નથી અને બહુ તો એની અવસ્થાના અંશ ઉપર એની દૃષ્ટિ પડી છે. અવસ્થામાં શુદ્ધ અને અશુદ્ધ, શુદ્ધ અને અશુદ્ધની ઘાલમેલ માન્યા કરે છે. એ તો મિથ્યાદૃષ્ટિનું લક્ષણ અને વિપરિત માન્યતાના ભેદ ઉપરની જેની દૃષ્ટિ છે. આહા..હા...!

**'સમ્યગ્દૃષ્ટિને તો હંમેશાં (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ...'** એટલે ત્રિકાળી પ્રભુ, ત્રિકાળી શુદ્ધ ભગવાન અનાદિ–અનંત સ્વયં સિદ્ધ તત્ત્વ શુદ્ધ છે. આદિ-અંત વિનાનું સ્વયં સત્ત્વ તત્ત્વ ભગવાન પોતે કારણતત્ત્વ એમાંથી કાર્ય–સિદ્ધપદદશા પ્રગટે એ કારણતત્ત્વ શુદ્ધ છે અને કાર્યદશા પ્રગટે એ પણ શુદ્ધ છે. સમજાણું કાંઈ ? આકરું લાગે માણસને. વ્યવહારના (આગ્રહવાળને લાગે) આ શું ? સમ્યગ્દૃષ્ટિ બસ એવો જ ! કારણતત્ત્વ અને કાર્યતત્ત્વ શુદ્ધ જ માને. એ..ઇ..! અશુદ્ધ ક્યાં ગયું ? સાંભળને ! એ અશુદ્ધતા જ્ઞાનમાં જાણવામાત્ર રહી ગઈ, જાણવામાત્ર રહી ગયું, વ્યવહારનો વિષય હેય થઈ ગયો. આહા..હા...! એ તો વાત એમાં કરી છે ને ? ચાર ભાવનો નિષેધ કર્યો છે ને પછી શું છે ? આહા..હા...! પેલાને બેસે નહિ, હોં ! કહે, નહિ.. નહિ... નહિ. અશુદ્ધતા. અશુદ્ધતા તો છેક સુધી છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ચૌદમાં ગુણસ્થાન સુધી છે.

**શ્રોતા :–** છેલ્લા સમય સુધી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છેલ્લા સમય સુધી અશુદ્ધ છે. હવે રહેવા દેને વાદ કરવો, ભાઈ ! ‘વાદવિવાદ કરે સો અંધા. સદ્‌ગુરુ કહે સહજ કા ધંધા.’ ભગવાન આત્મા અનંત ગુણનો રાશિ પિંડ પ્રભુ પડ્યો છે ને ! એની દૃષ્ટિ કર ને ! આ પર્યાય-પર્યાયમાં આ છે ને તે છે. ભલે હો, જાણવાલાયક છે, આદરવા લાયક નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**‘સમ્યગ્દૃષ્ટિને તો હંમેશા (એવી માન્યતા હોય છે કે) કારણતત્ત્વ...’** એટલે શુદ્ધ ભગવાન ત્રિકાળી તત્ત્વ અને કાર્ય નામ એનું ફળ આવ્યું એવું જે મોક્ષતત્ત્વ એ બન્ને શુદ્ધ છે. **‘આ રીતે...’** હવે જુઓ પાછું ખુબી શું કહે છે ? **‘પરમાગમના અતુલ અર્થને સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...’** આખા આગમમાં આ કહેવું છે, એમ કહે છે. આહા..હા...! પરમાગમ. સર્વજ્ઞ પરમેશ્વરે ચાર અનુયોગ કહ્યા. ભગવાનની વાણીમાં ચાર અનુયોગ આવ્યા. સર્વજ્ઞની ૐ ધ્વનિ. ઇચ્છા વિના. પૂર્ણાનંદની પ્રાપ્તિ પછી ઇચ્છા વિના ૐ નો ધ્વનિ ઊઠ્યો. એના અંદર રચાયેલા ચાર અનુયોગો એ પરમાગમ કહેવાય છે.

**‘એ પરમાગમના અતુલ અર્થને...’** એટલે કે એમાંથી ઉપમા નહિ એવા અર્થને **‘સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે...’** આહા..હા...! આમાંથી આ કાઢે, કહે છે. જુઓને ! ભાષા જુઓ ! પેલા કહે, ફલાણા અનુયોગમાં આમ કહ્યું છે. ફલાણા અનુયોગમાં (આમ કહ્યું છે).. પણ બધા અનુયોગમાં... આ તો આખા પરમાગમમાં સમ્યગ્દૃષ્ટિ એવો અર્થ કાઢે છે, એવો અર્થ તારવે છે કે બધા અનુયોગનો સાર વીતરાગતા છે. વીતરાગતા એ છે કે સ્વભાવનો આશ્રય કરવો એ જ વીતરાગનો, વીતરાગ ઉત્પન્ન થવાનો રસ્તો છે. સમજાણું કાંઈ ?

કોઈપણ અનુયોગનું કથન હો. કરુણાનુયોગનું હો, ચરણાનુયોગનો હો, કથાનુયોગનું હો, દ્રવ્યાનુયોગનું હો પણ ધર્મીજીવ પરમાગમના અતુલ અર્થ. એમાં કહેવાનો એ આશય છે કે પરની ઉપેક્ષા કર. નિમિત્તની, રાગની, પર્યાયની અને ભેદની (ઉપેક્ષા કર). સમજાણું કાંઈ ? **‘भूदत्थमस्सिदो’** આવ્યુંને ? ભાઈ ! લ્યોને ! ઇ સિદ્ધાંત કહે છે. **‘भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो’** ભગવાન આત્મા ભૂતાર્થ એક સમયમાં ધ્રુવ ચિદાનંદ એને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. એવો અર્થ ચાર અનુયોગમાંથી કાઢે. સમજાણું કાંઈ ?

**‘પરમાગમના અતુલ...’** ઉપમા વિનાના **‘અર્થને સારાસારના વિચારવાળી...’** સાર અને અસાર, પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિ, વ્યવહારબુદ્ધિ અને નિશ્ચયબુદ્ધિ, એના **‘સારાસારના વિચારવાળી સુંદર બુદ્ધિ વડે..’** સમ્યગ્જ્ઞાન વડે. જોયું ? **‘સુંદર બુદ્ધિ વડે જે સમ્યગ્દૃષ્ટિ સ્વયં જાણે છે,...’** આ રીતે એટલે કારણતત્ત્વ શુદ્ધ છે અને કાર્ય પણ શુદ્ધ છે એવું જે અંતરથી જાણે છે **‘તેને તેને વંદન કરીએ છીએ.’** આહા..હા...! પોતાનો પ્રમોદ જાહેર કરે છે. પરમાગમમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેવું હતું એ સાર તેં પકડ્યો, કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? શાસ્ત્રમાં પરમાગમને વિષે જે સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથને કહેવું હતું એવો સાર તેં પકડ્યો. 'સેઠી'! આહા..હા...!

રૂપાળી-રૂપાળી. છે ને ? સુંદર એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પમાડે એવી બુદ્ધિ. જેમાંથી જ્ઞાનની તારવણી એવી કાઢે કે વિકલ્પ ને ભેદ ને નિમિત્ત ને અંશ છે એ આશ્રય કરવા લાયક નથી. આશ્રય કરવા લાયક ત્રિકાળ છે એવું સમ્યગ્જ્ઞાન બુદ્ધિ કાઢે. એવો સમ્યગ્દૃષ્ટિ એ સ્વયં આ રીતે જાણે છે. જુઓ ! સ્વયં આ રીતે. કારણશુદ્ધતત્ત્વ અને કાર્યશુદ્ધતત્ત્વ છે એ સ્વયં જાણે છે. સમજાણું કાંઈ ? **'તેને અમે વંદન કરીએ છીએ.'** તેને અમે આદર કરીએ (છીએ) એટલે વસ્તુ આ જ તારે કરવાની હતી તેં કરી, તારે આદરવાની હતી તેં આદરી, તારે કાઢવાની શાસ્ત્રની કીધી હતી તેં કાઢી, માટે, અમે તને વંદન કરીએ છીએ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ.)

**અહા ! ચૈતન્યપ્રભુ સમીપ બિરાજે છે એની ઉપર નજર નહિ અને પર્યાય ઉપર નજર–દૃષ્ટિ રાખવાથી ચૈતન્યપ્રભુ પ્રગટ થાય નહિ. ભલે પર્યાયમાં જાણપણું ઘણું ખીલ્યું છે અને વ્યવહારશ્રદ્ધા આદિ પર્યાયમાં થયું છે પણ એ પર્યાય ઉપરની દૃષ્ટિ રાખ્યે ચૈતન્યપ્રભુના દર્શન નહિ થાય. આ તો પર્યાય ઉપરની દૃષ્ટિથી મરી જાય ત્યારે દૃષ્ટિ થાય એવી વાત છે ! જ્ઞાનની પર્યાયમાં શાસ્ત્રજ્ઞાનનો વિકાસ થયો છે તેનું પણ લક્ષ છોડી દે ! એ જ્ઞાન તે આત્માનું જ્ઞાન નથી. પરસત્તાવલંબી જ્ઞાનમાં જેને હોંશ આવે છે એ જ્ઞેયનિમગ્ન છે, તેને જ્ઞાનસ્વરૂપમાં મગ્નતા નહિ આવે. જેને આવડતના અભિમાન છે તે બધાં જ્ઞેયનિમગ્ન છે, જ્ઞાનનિમગ્ન નથી. આ તો ભવથી છૂટકારાની અપૂર્વ વાતો છે. પ્રભુ ! જ્ઞાયકભાવમાં દૃષ્ટિને થંભાવ ! દ્રવ્યમાં અનંતુ સામર્થ્ય ભર્યું છે ત્યાં દૃષ્ટિને થંભાવ ! નિગોદથી માંડીને કેવળજ્ઞાન ને સિદ્ધદશા સુધીની કોઈ પર્યાય શુદ્ધદૃષ્ટિનો વિષય નથી. શુદ્ધદૃષ્ટિનો વિષય અખંડ દ્રવ્યસામાન્ય છે. ત્યાં તારી દૃષ્ટિને થંભાવ–ઝુકાવ ! દૃષ્ટિને દ્રવ્યમાં જ થંભાવવાથી આગળ વધાય છે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૨૩૪)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી નિયમસાર, ગાથા - ૭૭ થી ૮૧, શ્લોક–૧૦૯ [૨૨]

'પરમાર્થ-પ્રતિક્રમણ' નો અધિકાર છે. આપણે અહીં સુધી આવ્યું છે. પરમાર્થ-પ્રતિક્રમણ કેમ થાય ? કે હું એક આત્મા ... આવી ગયું છે. સદા નિરાવરણ સ્વરૂપ છું, શુદ્ધ જ્ઞાનરૂપ છું, સ્વભાવિક વીર્યશક્તિમય છું અથવા જ્ઞાનશક્તિમય છું, સહજદર્શનના સ્મરણની પરિપૂર્ણ મૂર્તિ છું, અને સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્રવાળો ત્રિકાળ સ્વભાવ એવા મને સમસ્ત સંસારક્લેશના હેતુ – ક્રોધ, માન, માયા, લોભ, પુણ્ય-પાપના વિકલ્પ કોઈ મારે નથી. આહા..હા...! હું એક ત્રિકાળ અકષાય સ્વભાવ સંપન્ન (છું), એમાં કષાયો મારામાં નથી. એમ અંતરમાં સ્વભાવની અસ્તિપણે અને વિકારની નાસ્તિપણે થવું એનું નામ સાચું પ્રતિક્રમણ કહેવાય છે, જે અનંતકાળથી એક સેકન્ડ પણ કર્યું નથી.

જેટલા પુણ્ય અને પાપ આદિના ભેદો ઊઠે એ બધા મારા અસ્તિમાં નથી. મારી સત્તા શુદ્ધ આનંદઘન ધ્રુવ ચૈતન્યપ્રભુ આત્મા હું છું એમાં એ નથી. એનું નામ પરથી પાછો હટીને સ્વમાં ઠર્યો એને સાચું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા...! આ વિવિધ વિકલ્પોથી ભરેલા વિભાવપર્યાયનો હું કર્તા નથી. ક્યાં આવ્યું છે આપણે ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ ધ્રુવ એવા મારામાં આ બધા ભેદો (છે) એનો હું કર્તા નથી. આહા..હા...! રાગ-દ્વેષાદિ ભેદો જે પર્યાયના ભેદમાં લક્ષ જતાં વિકલ્પ ઊઠે એ બધા ભેદો મારામાં નથી. આહા..હા...! હું એનો કર્તા નથી. આહા..હા...! હજી તો પરનો કર્તા ખસે નહિ. પરમાં નિમિત્ત તો છે ને ! – એમ કરીને પરનું શરીરનું, આ વાણીમાં ભાષા થાય એ મારાથી થાય એમ કર્તા માને એને તો આ વાત કોઈ રીતે બેસે નહિ.

અહીંયાં તો વિવિધ પ્રકારના દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પ, પંચ મહાવ્રતના વિકલ્પ કે ચૈતન્ય અભેદમાં ભેદના લક્ષે ઉત્પન્ન થતો વિકલ્પ એ બધાનો હું કર્તા નથી. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિને આ પ્રતિક્રમણ હોય છે, અજ્ઞાનીને હોતું નથી. જેની દૃષ્ટિ ધ્રુવ પરમ સ્વભાવભાવ એવા મને.. આપણે આવ્યું હતું ને ? પરમભાવ સ્વભાવવાળો હું. ચૌદ ભેદમાં આવ્યું હતું. પરમસ્વભાવભાવ મારું હોવાપણું એવા મને આ બધા ભેદો મારામાં નથી. સમજાવવામાં તો શું કરે ? આ ભેદો મારામાં નથી એ પણ એક વિકલ્પ છે. પણ અહીં તો એના પરિણમનની વ્યાખ્યા કરે છે. એ ભેદો મારામાં નથી એ પણ નાસ્તિની દૃષ્ટિ પર ઉપર જાય છે. પણ એ વસ્તુ પરમસ્વભાવભાવ સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ પરમસ્વભાવભાવ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એની દૃષ્ટિમાં આ નથી એમ સમજાવે છે. પણ આ નથી મારામાં એમ કરવા જાય તો વિકલ્પ ઊઠે. આહા..હા...! આવું છે. બહુ ઝીણું.

અનંત કાળથી પરમસૂક્ષ્મ પરમસ્વભાવ નિત્યાનંદ, એને એણે પકડ્યો નથી અને એને પકડ્યા વિના બધું થોથાં છે, કહે છે. સમજાણું કાંઈ ? એ ભેદમાં વિકલ્પાદિનો હું કર્તા નથી, હું એનો કરાવનાર નથી, એ પુદ્ગલકર્મનો કર્તા એમાં હું સંમત નથી. જ્ઞાનાનંદ સ્વભાવ જે મારો ત્રિકાળ સર્વજ્ઞે જેવો ત્રિકાળ સ્વભાવ હતો એવો જોયો, જાણીને, રમીને રમણતા કરીને પ્રગટ કર્યો એવો જ મારો સ્વભાવ ધ્રુવ ચિદાનંદ છે એમ દૃષ્ટિમાં આવે. આહા..હા...! જ્યારે તેનામાં રાગાદિના ભાવ કે વિભાવ આદિ વિશેષ પર્યાયો એનો હું કર્તા નહિ, કરાવતા નહિ, એનો કર્તા પુદ્ગલ એનો હું સંમત નહિ. ભારે વાતું, ભાઈ ! એમ વર્ણવામાં આવે છે.

'**હું નારકપર્યાયને કરતો નથી,...**' એ નારકીની ગતિનો હું કર્તા નથી. આહા..હા...! '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...**' ભગવાન સ્વભાવિક ચૈતન્યનના વિલાસ સ્વરૂપ જ ભગવાન આત્મા છે. એમાં રાગ અને સંસારનો વિલાસ એના સ્વભાવમાં નથી. આહા..હા...! એવું સ્વભાવિક '**ચૈતન્યના વિલાસરૂપ આત્માને...**' આવો આત્મા. એને જ '**ભાવું છું.**' એ ભાવું છું એ પર્યાય છે. સ્વભાવિક ચૈતન્યનો વિલાસ, જ્ઞાનાનંદનો વિલાસ એવો જે સ્વભાવ આત્મા તેને જ. એમાં એકાગ્ર થઈને એની દશાને હું ભાવું છું. આત્માને જ ભાવું છું. એ ભાવું છું તો આત્માને, પણ ભાવે છે એ પર્યાય છે. એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. આહા..હા...!

'**હું તિર્યંચપર્યાયને કરતો નથી...**' એમ બધામાં લઈ લેવું. '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**' મારો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ! એમાં જ મારી મતિની પરિણતિ છે, હું પરમાં છું નહિ.

'**હું મનુષ્યપર્યાયને કરતો નથી...**' આ મનુષ્યપણું મળ્યું તો આત્માને ધર્મ થાય એમ નથી એમ કહે છે. એ મનુષ્યપણાની પર્યાયનો હું કર્તા નથી, કરાવતો નથી અને થયું તેને હું સંમત નથી. '**સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**'

'**હું દેવપર્યાયને કરતો નથી...**' ઘણા એમ કહે છે કે અહીં આપણે દયા, દાન, વ્રત આદિ કરો, એનાથી દેવલોકમાં જવાય અને ત્યાંથી ભગવાન પાસે જવાય. એ એની માન્યતા ભ્રમ અજ્ઞાન છે. દેવપર્યાય જ આત્મામાં નથી પછી જાવું-આવવું ક્યાં રહ્યું એને ? એ દેવપર્યાયનો જ કર્તા માને છે એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા...! સમજાણું કાંઈ ? હું તો સ્વભાવિક '**ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.**'

'**હું ચૌદ માર્ગણાસ્થાનમાં ભેદોને કરતો નથી,...**' ગતિના ભેદ, ઇન્દ્રિયના ભેદ, જ્ઞાનના ભેદ, દર્શનના ભેદ, સમકિતના ભેદ એ બધા ભેદોને હું કરતો નથી. આહા..હા...! હું તો અભેદ ચિદાનંદ સ્વરૂપ એક સમયમાં ત્રિકાળ અખંડ આનંદકંદનો નાથ એકલો હું છું. એમાં ચૌદ પ્રકારના પર્યાયથી શોધવામાં આવે કે આ જીવ ક્યા પર્યાયમાં છે એવી માર્ગણા એને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હું કરતો નથી. હું એનો કરનાર નથી, કરાવનાર નથી અને થતું હોય તે મને સંમત નથી. આવું છે, ભગવાન ! એવી ચીજ છે અંદર. અભેદ ઉપર દૃષ્ટિ ગયા વિના એને કલ્યાણ ત્રણ કાળમાં થતું નથી. સમજાણું કાંઈ ?

કહે છે, એ **'માર્ગણાસ્થાનમાં ભેદોને કરતો નથી...'** આમાં એ કરતો નથી નાખ્યું છે અને પછી તેને કરાવતો નથી અને સંમત પણ નથી ત્રણે લઈ લેવા. પછી કહેશે. હું તો સ્વભાવિક ચૈતન્યનો વિલાસ ભગવાન, ચૈતન્યના વિલાસસ્વરૂપ પ્રભુ આત્મા, એવી ચીજ ઉપર મારી એકાગ્રતા છે. આહા..હા...! કહો, સમજાણું કાંઈ ? બહારના પડિકમણા કરીને મરી ગયો અનંત અનંતકાળથી, પણ આ પડિકમણા વિના એનો ભવનો અંત આવે નહિ. કહો, સમજાણું કાંઈ ?

**'હું મિથ્યાદૃષ્ટિ આદિ ગુણસ્થાનભેદોને કરતો નથી,...'** તેરમું ગુણસ્થાન અને ચૌદમું ગુણસ્થાન એવા ભેદનો કર્તા હું નહિ. આહા..હા...! મોહ અને યોગના નિમિત્તે થતા ચૌદના ભેદો, એનો હું કર્તા નહિ, એનો હું કરાવનાર નહિ અને એ થતા હોય પુદ્‌ગલના નિમિત્તે તો હું સંમત નથી. આહા..હા...! હું તો અભેદ ચિદાનંદ પ્રભુ (છું). સમ્યગ્દૃષ્ટિનો વિષય તો અભેદ છે. એ વિષયમાં એકાગ્ર થાય એનું નામ પ્રતિક્રમણ છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

**'હું એકેન્દ્રિયાદિ જીવસ્થાનભેદોને કરતો નથી,...'** લ્યો ! એકેન્દ્રિયના પર્યાપ્ત-અપર્યાપ્ત, બે ઇન્દ્રિયના બધા ભેદ છે ને ચૌદ ? એને હું કરતો નથી. સ્વભાવિક કરાવતો નથી. કર્તાને હું સંમત નથી. એ પુદ્‌ગલના ભેદથી બધા ભેદ પડ્યા છે કહે છે, હું નથી. હું તો અભેદ ચિદાનંદ આત્મા છું. આહા..હા...! સમજાણું કાંઈ ? આ મંત્રો ઝીણા છે. **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને...'** આત્મા કેવો ? – કે આ ગતિ આદિ નહિ, ભેદ આદિ નહિ, સ્વભાવિક ચૈતન્યના વિલાસસ્વરૂપ ભગવાન આત્મા એમાં મારી દૃષ્ટિ અને એમાં મારી ભાવના છે. એની ભાવનાને અહીં પરમાર્થ પ્રતિક્રમણ કહેવામાં આવે છે.

**'હું શરીરસંબંધી બાલાદિ અવસ્થાભેદોને કરતો નથી,...'** આ બાળ અવસ્થા, યુવાન અવસ્થા, વૃદ્ધ અવસ્થા, શરીર અવસ્થા, રોગ અવસ્થા, નિરોગ અવસ્થા એ દેહની–જડની અવસ્થાને હું કરતો નથી, મારા ધ્યાનથી એ બરાબર રહી શકે એવી એ ચીજ નથી, હું એને કરાવતો પણ નથી, આહા..હા...! અને કરતા હોય એને સંમત કરતો નથી. એ તો પુદ્‌ગલ જડની દશાથી આ બધી શરીરની બાળ-યુવાન-વૃદ્ધાદિ દશાઓ થાય. આહા..હા...! જુઓ ! પેલો પ્રશ્ન છે ને ? એમાં જુઓને ! આ શું કહેવાય આ ? ખાણિયા ચર્ચા. એમાં વિદ્વાનોનો પહેલો બોલ આ જ છે કે જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ ? અરે..! ગજબ છે ને પણ ! એમ કે અહીં જીવ છે ત્યાં સુધી આ શરીર છે અને શરીરથી ધર્મ થાય કે નહિ ? પંડિતોની ચર્ચામાં પંડિતોનો પ્રશ્ન ! અરે..રે...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો કહે છે કે શરીરની કોઈપણ અવસ્થા (હોય) એનો હું કર્તા નથી, કરાવનાર નથી, સંમત નથી અને એનાથી ધર્મ થાય એ ત્રણ કાળમાં છે નહિ. આહા..હા..! અરે..! વિકલ્પ છે શુભરાગનો એનાથી ધર્મ ન થાય. અરે...! એક સમયની પર્યાય છે તેને લક્ષે ધર્મ ન થાય. એને ઠેકાણે શરીરની અવસ્થાથી અંદર કાંઈ થાય, શરીર અનુકૂળ હોય. આવે છે ખરું અંદરમાં. શરીરની અવસ્થા રોગ ન થાય, જરા અવસ્થા ન થાય. જરા-જાળનો ... ઇન્દ્રિયોની ... ન થાય. ત્યાં સુધી ધર્મ કરજે, એવું આવે છે શાસ્ત્રમાં. 'અષ્ટપાહુડ' માં આવે છે. એ તો એક નિમિત્તના કથનો છે. જ્યાં સુધી આ દશા છે ત્યાં સુધી અંદરના ધ્યાનમાં જજે. એ દશાથી નહિ પણ અંદરમાં ધ્યાનમાં જજે અને આત્માનું કાર્ય કરજે. પછી નહિ થાય. તું પ્રમાદી અને આળસુ, પુરુષાર્થહિન છો માટે એમ કહે છે. પણ પરથી કાંઈ થાય (એમ છે નહિ). શરીરાદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્. લ્યો, આવે છે કે નહિ ? શેમાં આવે છે ખબર છે ? 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'. 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' શરૂઆતમાં. શરીરાદ્યમ્ ખલુ ધર્મ સાધનમ્. એ..ઇ..! 'પંડિતજી'! ધૂડ પણ નથી, સાંભળને ! આ તો માટી જડ છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સાધન શું, સાધન ધૂડ હોય. આહા..હા...!

શુભ વિકલ્પ પણ જ્યાં સાધન નથી, એક સમયની પર્યાય ઉપર લક્ષ રાખે અને જે ભાવ થાય એનાથી સાધન નથી. આહા..હા..! સાધન તો ત્રિકાળમાં, આત્મામાં એક સાધન કરણ ગુણ પડ્યો છે એના અંતર દૃષ્ટિ કરતા એમાંથી સાધનથી સાધ્ય થાય, બાકી બીજા સાધનથી થાય નહિ. આવી વાત છે, ભાઈ ! ઝીણી બહુ પણ, હોં ! સાધારણ સમાજને તો આ પકડવું નહિ એટલે એમ ને એમ જીંદગી ચાલી જાય છે. આહા..હા...! કહે છે, બાળ, યુવાન શરીર, વૃદ્ધાવસ્થામાં શરીર બહુ ક્ષીણ થઈ જાય, વૃદ્ધાવસ્થા કે રોગ કે નિરોગ, એ બધી અવસ્થાને હું કરતો નથી, એનો હું કરાવનાર નથી અને એ થાતું હોય એને હું કારણ નથી અથવા સંમત નથી. **'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને જ ભાવું છું.'**

**'હું રાગાદિભેદરૂપ ભાવકર્મના ભેદોને કરતો નથી,...'** દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ... આહા..હા...! પંચમહાવ્રતના વિકલ્પનો રાગ, આ શાસ્ત્રને ભણવાનો રાગ, કહે છે કે એ રાગનો કર્તા હું નથી. સમજાણું કાંઈ ? એ રાગનો હું કરાવનાર નથી, રાગ થાય તેને હું સંમત નથી. આહા..હા...! અહીં તો કહે છે, શુભરાગ હોય તો શુદ્ધઉપયોગ થાય ! મોટું મિથ્યાત્વ શલ્ય છે. સમજાણું કાંઈ ? આહા..હા...! શું થાય ? ભૂલ્યો છે અનાદિથી એટલે એને અંદર કેમ પકડાય ? કઈ રીતે પરથી નિરપેક્ષ છે (તેની ખબર નથી). વ્યવહારના વિકલ્પથી નિરપેક્ષ તત્ત્વ છે. એવા વ્યવહારને હું કરતો નથી એમ અહીં કહે છે.

જેટલો સર્વજ્ઞ પરમેશ્વરે પંચમહાવ્રતાદિનો જે વ્યવહાર ચરણાનુયોગમાં વર્ણવ્યો એ વ્યવહારનો હું કર્તા નથી એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? અગિયારમી ગાથામાં આવે છે. જિનવરે કહેલો નિમિત્ત વ્યવહાર એનું ફળ સંસાર છે. આવે છે. જેટલો જિનવરે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહેલો વ્યવહાર, મુનિઓનો અને શ્રાવકનો, એનું ફળ સંસાર છે. આવે છે ? અગિયારમી ગાથામાં આવે છે. આહા..હા...!

ભગવાન સહજ ચૈતન્યસ્વરૂપ અને સહજ જ્ઞાનાનંદ વિલાસી પ્રભુ, એનો આશ્રય લઈને પરનો કર્તાદિ હું નથી એમ અંતરમાં થવું એનું નામ સાચું મિથ્યાત્વ અને અજ્ઞાનનું પ્રતિક્રમણ કહેવામાં આવે છે. અરે..! મિથ્યાત્વના હજી પ્રતિક્રમણ થયા નહિ. એને બાર વ્રત અને અવ્રત, ત્યાગ, ઢીકણું એ બધા અતિચારમાં દોષ લાગે ને એ બધી વાતું ગપેગપ છે. સમજાણું કાંઈ ? બાર વ્રતમાં અતિચાર લાગે. પણ હતા કે દિ' તારે વ્રત ? અખંડ જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ ! એનો જ્યાં દૃષ્ટિમાં સાક્ષાત્કાર થયો નથી, એ ચીજની સત્તાની હયાતી જ્ઞાનમાં જ્ઞેય તરીકે ભાસી નથી, એને શ્રદ્ધા હોતી નથી. એમાં પ્રતિક્રમણ એને સાચા હોતા નથી. સમજાણું કાંઈ ? આહા..હા...!

**'ભાવકર્મના ભેદોને કરતો નથી.'** આહા..હા...! સમજાવવામાં તો એમ આવે ને ? ભાવકર્મનો કર્તા નથી એ લક્ષ જાય તો એ વિકલ્પ છે. પણ સમજાવવું છે તે શી રીતે સમજાવે ? જે ભાવકર્મનો વિકલ્પ ઊઠે એનો કરાવનાર નથી અને કર્તા બીજો હોય એને સંમત નથી કે પર કર્તા છે તે સંમત નથી, એમ લક્ષ કરવા જાય તો વિકલ્પ ઊઠે છે. પણ સમજાવવાની શૈલી શી રીતે સમજાવે ? સમજાણું કાંઈ ?

**'સહજ ચૈતન્યના વિલાસસ્વરૂપ...'** ભગવાન અનંત જ્ઞાન અને અનંત આનંદથી બિરાજમાન પરમાત્મા પોતે સ્વરૂપે પરમેશ્વર છે એની હું ભાવના કરું છું, એમાં હું એકાગ્ર થાઉં છું. બસ ! અંદર એકાગ્ર થાય એને પ્રતિક્રમણ કહેવાય છે, એને ધર્મ કહેવાય છે, એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવાય છે.

**'ભાવકર્માત્મક ચાર કષાયોને...'** પેલા છેલ્લા ચાર કષાય કહ્યા ને ? ***ક્રોધ, માન, માયા અને લોભ. એ ભાવકર્મો, જડની અહીં વાત નથી.*** રાગ અને દ્વેષ એના ચાર ભાગ. પહેલામાં રાગાદિ લીધો. રાગના બે ભાગ–માયા અને લોભ. દ્વેષના બે ભાગ–ક્રોધ અને માન. એવા ભાવકર્મસ્વરૂપ, ઓહો..હો...! કહે છે કે દેવ-ગુરુ-શાસ્ત્રને સાંભળવા એ પણ એક વિકલ્પ–ભાવકર્મ છે. અરે..! ગજબ વાતું છે ને ! સમજાણું કાંઈ ? એવા ભાવકર્મને હું કરતો નથી, એમ કહે છે. આહા..હા...! સમ્યગ્દૃષ્ટિ જીવનું આ આચરણ છે. એ વિકલ્પ પણ મારું કર્તવ્ય નથી. આહા..હા...! ગજબ વાતો છે ને ! વીતરાગની વાણી શ્રવણમાં આવે અને સાંભળે ત્યારે એને વિકલ્પ શુભરાગ ઊઠે, એ વીતરાગની વાણીથી એ રાગ થયો નહિ, રાગ થયો પોતાથી. એ રાગનું કર્તવ્ય પણ મારું નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? એ રાગનો કર્તા નહિ, કરાવનાર નહિ, હું સંમત નહિ. હું તો એક સ્વભાવિક ચૈતન્યના વિલાસસ્વરૂપ આત્માને ભાવું છું. કર્તા નથી એમ કહ્યું હતું ને ? એટલે ખુલાસો કર્યો છે.

**'ટીકામાં જેમ કર્તા વિષે વર્ણન કર્યું, તેમ...'** પાઠમાં આવ્યું છે. **'તેમ કારયિતા અને**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**અનુમંતા અનુમોદક વિષે પણ સમજી લેવું.)'** આહા..હા...! ભારે ! અરે..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઊઠે એને હું સંમત નથી, એમ કહે છે. આ બીજાને ઊઠે એને હું માન્ય નથી રાખતો એમ કહે છે. આહા..હા...! ભારે વાતું, બાપા ! સમજાણું કાંઈ ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનનારો જે વિકલ્પ એને હું કરતો નથી, કરાવતો નથી અને છે એને હું સંમત નથી. આહા..હા...! ગજબ વાતું છે ને ! આવો વીતરાગમાર્ગ અને આવો સર્વજ્ઞનો કહેલો પંથ છે. સમજાણું કાંઈ ? સાંભળવા વખતે વિકલ્પ થાય એ મારું કાર્ય નહિ, એમ કહે છે.

એ કર્મના નિમિત્તના સંગે થયેલો, મારા સંગે નહિ. એ ખરેખર કર્મના નિમિત્તનું કાર્ય છે, મારું નહિ. પુદ્‌ગલ કર્મ એનો કર્તા, હું નહિ. છે એ કીધુંને. આપણે ત્યાં ૭૫માં આવશે. વિકારના પરિણામનું વ્યાપકપણું કર્મ વ્યાપક છે અને વ્યાપ્ય એની વિકારી અવસ્થા એની છે, મારી નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના ત્રિકાળી ચિદાનંદ સ્વભાવનો આશ્રય લેતો, એને જ સ્વીકારતો કે આત્મા પરિપૂર્ણ છે એમ સ્વીકારતો ધર્મી વિકારના પરિણામનો વ્યાપક આત્મા અને વ્યાપ્ય અવસ્થા કર્મની, ભાવની એ નહિ. કર્મ છે તે વ્યાપક લંબાઈ છે અને તેની અવસ્થા કર્મની અવસ્થાથી પુણ્ય-પાપનો ભાવ છે. સમજાણું કાંઈ ? આ બીજા કહે છે કે કર્મને લઈને વિકાર થાય અને તમે ના પાડો છો, કર્મને લઈને નહિ.

એ બીજી વાત છે. એનામાં થાય છે એના પુરુષાર્થની નબળાઈથી, એ કાંઈ કર્મને લઈને થયા નથી. પણ નબળાઈ અને નિમિત્ત બેને એકમાં નાખી દઈને એનાથી થયું એમ કહેવામાં આવે છે. આહા..હા...! પણ જેની દૃષ્ટિ સ્વભાવ ઉપર થઈ એની અહીં વાત છે. અહીં અજ્ઞાનીની વાત ક્યાં છે ? જેને ત્રિકાળ પરમાત્મા પરમ બ્રહ્માનંદ સ્વરૂપ એવું ચૈતન્યતત્ત્વ, એનો જ્યાં શરણ અને આશ્રય થયો એટલે હું એ વિકારનો કર્તા, કરાવનાર છું નહિ. જડને લઈને થાવ તો થાવ, ન થાવ તો ન થાવ એનો હું જ્ઞાતા-દૃષ્ટા છું. આહા..હા...! આવી ભારે કામ, ભાઈ ! છે ને ? કર્તા નથી, કરાવતો નથી અને અનુમોદન હું (કરતો) નથી. આહા..હા...!

**'એ રીતે પાંચ રત્નોના શોભિત કથનવિસ્તાર દ્વારા સકળ વિભાવપર્યાયોના ત્યાગનું વિધાન કહ્યું છે.'** વિકલ્પમાત્ર ને ભેદનો ત્યાગ એમાં પાંચ રત્નમાં વર્ણવવામાં આવ્યું છે. હવે જુઓ આ ખુલાસો છે. એ મારો વિષય જ નથી એમ કહે છે. આહા..હા...! ધર્મી પોતાના ચૈતન્યના સ્વભાવનો વિષય બનાવનાર કહે છે કે એ ભેદ અને રાગ એ મારો વિષય નથી. આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! માર્ગ એવો (છે), ભાઈ !

એ ટીકા કરતા મુનિરાજ કહે છે, જુઓ !

**भव्यः समस्तविषयाग्रहमुक्तचिन्तः**
**स्वद्रव्यपर्ययगुणात्मनि दत्तचित्तः।**
**मुक्त्वा विभावमखिलं निजभावभिन्नं**
**प्राप्नोति मुक्तिमचिरादिति पंचरत्नात्।।१०९।।**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ તો અધ્યાત્મની પરમધારા વહે છે એની વાત છે, ઝીણી છે. આહા..હા...! ભગવાન ચૈતન્યનો વિલાસ રમનાર પ્રભુ ! એ રાગમાં કેમ વિલસે ? એ વ્યવહાર રાગને કેમ વિલાસિત થાય ? આહા..હા...! સમજાણું કાંઈ ? કહે છે **'આ પ્રમાણે પંચરત્નો દ્વારા જેણે સમસ્ત વિષયોના ગ્રહણની ચિંતાને છોડી છે...'** આહા..હા...! ભારે વાત, ભાઈ ! પાંચનો સાર કહે છે. ધર્મીજીવે પૂર્ણાનંદનો નાથ એની દૃષ્ટિમાં આવ્યો એથી એને રાગ અને રાગથી નિમિત્તના અંદર પર્યાયના ભેદ પડે, એની ચિંતાને જેણે છોડી દીધી છે. પરના વિષયનો જે ત્યાગ અને સ્વવિષયનું ગ્રહણ એનું નામ પ્રતિક્રમણ કહેવાય છે. દેવ-ગુરુ અને શાસ્ત્ર પર વિષય છે.

ખોટી માન્યતા ઉપર તો પાણી ફરે ને ! એ કહે છે શું ? જુઓને ! **'પંચરત્નો દ્વારા જેણે...'** એનો અર્થ કે અંદર અભેદરત્ન દ્વારા જેણે **'સમસ્ત વિષયોના ગ્રહણ...'** પર તરફના વિષયનું ગ્રહણ, એના વિકલ્પનો જેને ત્યાગ છે. આહા..હા...! ભારે અજબ વાત ! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ, એણે કહેલો આ માર્ગ છે. સમજાણું કાંઈ ? એ પરમાત્માનો આ પોકાર છે. તીર્થંકર ત્રિલોકનાથ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જેને જ્ઞાન (છે) એ એમ કહે છે, કહે છે કે મારા તરફનો વિષય તને જે થાય એ પર વિષય છે. આહા..હા...! એ સમસ્ત વિષયોનું ગ્રહણ. વિષય એટલે કે પરવિષય એનું નામ વિષય છે. આ ભોગ ને વિષય એ તો સ્થૂળ વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

સમસ્ત વિષયો. અંતર-અભેદ વિષય સિવાય, પૂર્ણાનંદ પ્રભુ અખંડ અભેદ એને વિષય નામ વિષય... એવું આવે છે. 'પરમઅધ્યાત્મ તરંગિણી'માં. બે-ચાર ઠેકાણે આવે છે. 'પરમઅધ્યાત્મ તરંગિણી' છે ને ? આ કળશ અને ટીકા સંસ્કૃતમાં આવે છે. ... ધ્યેય એને બનાવવો એ સ્વનો વિષય કર્યો અને પરનો વિષય જેણે દૃષ્ટિમાંથી છોડી દીધો. ત્રણ લોકના નાથની વાણી હો કે ત્રણ લોકના નાથ પોતે હો, પણ એ બધો પર વિષય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ સમસ્ત વિષયો, સ્ત્રી-શરીરાદિ ભોગની વાસનાના નિમિત્તો તો અશુભ વિષય છે, અશુભરાગનો વિષય છે પણ પરમાત્મા અને દેવ-ગુરુ એ પણ શુભરાગનો વિષય છે, એ ધર્મનો વિષય નથી. આ તો મિથ્યાત્વનું પ્રતિક્રમણ અને સમકિતનો આદર એની વાત છે. આહા..હા...!

કહે છે કે ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ અભેદ ચીજ, એની દૃષ્ટિમાં એ વિષય એક ચૈતન્ય અભેદ એ ધર્મીનો વિષય (છે). એ સિવાય બીજા વિષયો એટલે ... સ્ત્રી, કુટુંબ, પરિવાર કે દેવ-ગુરુ-શાસ્ત્ર કે સમ્મેદશિખર આદિ જાત્રાના બધા ભાવ એ બધો પર વિષય છે. કહો, સમજાણું કાંઈ ? આહા..હા...! એ... પંડિતજી ! આવે છે ને ? 'એક બાર વંદે જો કોઈ' એ કહે છે, 'નર, પશુ ન હોય' પણ વિષય પર છે તેનાથી ધર્મ થાય નહિ એમ કહે છે. લાખ સમ્મદશિખરની જાત્રા કરે અને ક્રોડ કરે, એ પર વિષય છે, એ શુભરાગનું નિમિત્ત છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



સાક્ષાત્ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહમાં બિરાજે છે. અહીંયાં અનંતા થઈ ગયા. એની આમ મણિરત્નનાં થાળ, મણિરત્નનાં દીવા અને હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ ! સાક્ષાત્ પરમાત્માની હાજરીમાં આવી આરતીઓ અનંત વાર કરી. એ પરવિષય છે. 'પોપટભાઈ'! શું છે આ ? આવું બધું આ તો ઉથાપાય જાય છે, એમ કહે છે. જુઓ ! આ શું કહે છે ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સ્વરૂપ અભેદ, જેનો ધર્મીનો વિષય છે એ સિવાય બીજા પરનો વિષય (એ એનો વિષય નથી). આ પ્રતિક્રમણમાં એમ નાખ્યું, પરના વિષયનો જેને ત્યાગ છે અને સ્વવિષયનું જેને ગ્રહણ છે. સમજાણું કાંઈ ? આવો પણ ધર્મ કેવો ? બાપુ ! ધર્મ તો એવો છે. એ માને એટલે કાંઈ બીજી રીતે માને એટલે કાંઈ બીજું થઈ જાય ? આહા..હા...! આખા પંચરત્નનો સાર અહીં મૂકી દીધો છે. એ મારો વિષય, ધર્મી એમ જાણે છે, મારો વિષય નામ ધ્યેય, મારા જ્ઞાનની પર્યાયનું ધ્યેય દ્રવ્ય શુદ્ધ છે. મારો વિષય પર તરફ જે વિકલ્પ જાય એ મારો વિષય નહિ. આહા..હા...! જેને ત્રણ લોકના નાથની દિવ્યધ્વનિ સાંભળવી એ પણ પરવિષય છે. આ ભગવાનને જોવા, લ્યોને ! અરે...! એ કેવળજ્ઞાની છે એમ જોવું એ પણ (પર–) વિષય છે. જુઓ ! સમજાણું કાંઈ ? સર્વજ્ઞને એક સમયમાં ત્રિકાળ જ્ઞાન છે અને પૂર્ણાનંદ છે એમ પરનું લક્ષ કરવું એ પણ પરવિષય છે. એ.. 'નવરંગભાઈ'! શું છે આ ? 'નવરંગભાઈ'નો એ સ્વતંત્ર શબ્દ છે. આહા..હા...! તારા સ્વરૂપમાં તારું લક્ષણ અને તારું પ્રગટ કરવું. બાકી પરનું લક્ષ અને પરનું પ્રગટ થવું એ તારા સ્વરૂપમાં છે નહિ. આહા..હા...!

'પરમાત્મપ્રકાશ'માં તો ચોખ્ખું લીધું છે કે દિવ્યધ્વનિથી પણ જે આત્મા ન જણાય એવો આત્મા છે. અને સંતોની, મુનિઓની, ધર્માત્મા-જ્ઞાનીઓની વાણીથી પણ ન જણાય એવો એ આત્મા છે. છે ? 'પરમાત્મપ્રકાશ'માં ? ભાઈ, 'લાલચંદભાઈ', 'પરમાત્મપ્રકાશ'. આહા..હા...! ત્યાં તો ત્યાં સુધી લીધું છે કે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ધ્રુવ અખંડાનંદ પ્રભુ ! એને આશ્રયે પ્રગટેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભાવલિંગ, ભાવલિંગ પણ જેનામાં નથી. 'પરમાત્મપ્રકાશ'. ભાવલિંગ એમાં નથી. શરીરના દ્રવ્યલિંગ અને પંચમહાવ્રતના વિકલ્પ–દ્રવ્યલિંગ તો એમાં નથી. આહા..હા...! એય..! અહીં તો મોક્ષનો માર્ગ એ અખંડ દિવ્ય ધ્રુવ, અભેદ ચીજ એની દૃષ્ટિ થઈ, એનું જ્ઞાન થયું અને એની રમણતા થઈ એ ભાવલિંગ છે–પર્યાય. મોક્ષનો માર્ગ પર્યાય છે, એ દ્રવ્યમાં નથી. આહા..હા...! ભારે કામ, ભાઈ ! સમજાણું કાંઈ ? કેમ કે એ પર્યાય વ્યવહારનયનો વિષય છે. નિર્મળ હોં ! આહા..હા...! પર તરફના વિષયની વાત તો છોડી દીધી. પણ મારા ધ્યેયથી પ્રગટેલી દશા એ પણ વ્યવહાર છે. મારી અભેદ ચીજમાં એ ભેદ છે નહિ. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો માર્ગ છે, બાપુ ! કાયરને તો કાળજા કંપી જાય એવું છે. 'વચનામૃત વીતરાગના પરમશાંતરસ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મૂળ' અશાંત તો વિકલ્પ પરનો વિષય થાય એ દેવ-ગુરુ એ વિકલ્પ ને અશાંતિ છે. આહા..હા...!

પંચમહાવ્રતનો વિકલ્પ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એ પણ કષાયરૂપી ભઠ્ઠી છે. એને બીજું કાંઈ કરવા જશે તો ઘર ખોશે. એનાથી ... મને લાભ થશે, એ કષાયની અગ્નિથી મને શાંતિ થશે, એમ કરવા જશે તો મિથ્યાદૃષ્ટિ થશે અને ઘરનું ખોશે. સમજાણું કાંઈ ? આહા..હા...! અહીં તો 'રાજકોટ'માં તો ચાલે કે નહિ ? બીજે ઠેકાણે કરતાં, એય... એના માટે તો સાંભળવા આવ્યો છે. 'રાજકોટ' ના વ્યાખ્યાન ઝીણા નીકળે, ચાલો સાંભળવા. આ 'મુંબઈ'થી આવ્યા છે, લ્યો. 'અતુલભાઈ' તો અહીંના કહેવાય પણ હવે આ બીજા આવ્યા છે ને. આ 'સેઠી' આવ્યા છે, લ્યોને ! જુઓ ! ધંધો મૂકીને સાંભળવા આવ્યા છે. આહા..હા...! ભારે વાતુ !

તારું સ્વરૂપ તો... વિકલ્પ પરનો વિષય થાય એમાં વિકલ્પ ઊઠે છે એની પણ જેને અપેક્ષા નથી એવું તે અભેદ તત્ત્વ છે. એને ધ્યેય બનાવીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. આહા..હા...! ગજબ વાતું છે. આ તો લોકોને... એ પણ વ્યવહારનયનો વિષય, કેવળજ્ઞાન વ્યવહારનયનો વિષય છે. કેમ કે કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે અને ભગવાન આત્મા તો અનંતી-અનંતી પર્યાયનો પૂંજ આખો આત્મા છે. આહા..હા...! સુખનો સાગર, સુખનું પુર, ચૈતન્યનું નૂર એવો ભગવાન અભેદ છે. આહા..હા...! જોવો ક્યાં ? એના ઉપર દૃષ્ટિ જતાં જેને ધર્મીએ અભેદને વિષય બનાવ્યો એને પરના વિષયનો ત્યાગ છે. આહા..હા...! આહા..હા...! સમજાણું કાંઈ ? આહા..હા...! આવી વાતું પણ ભારે ભાઈ ! પેલા ... રાજી થઈ જાય, જાઓ ! ગુરુની કૃપા થશે તો કલ્યાણ થઈ જશે. કૃપા ક્યાંથી થાય ? આવે છે, ખબર છે ને ? કૃપા ક્યારે કહેવાય ? આનંદમૂર્તિનું ભાન કર્યું હોય ત્યારે ગુરુની કૃપા એમ કહેવામાં આવે. એની કૃપાથી થાય તો બધા અનંતા જીવને ગુરુ મળે .. એમ થઈ જાય. આહા..હા...! એનો અર્થ એ... આવે છે ને ? એમાં એ આવે છે. 'કરુણા હમ પાવત હૈ તુમકી વહ બાત રહી સુગુરુ ગમકી, પલ મેં પ્રગટે મુખ આગલ હૈ' અંદર અભેદ ચીજ પડી છે એનો આશ્રય કરતા એક પળમાં સમ્યગ્દર્શન અને અનુભવ થાય. એ પરનો વિષય છોડે તો. આહા..હા...! સમજાણું કાંઈ ? પરનો વિષય રાખીને એને સમ્યગ્દર્શન થાય અને આત્મા જણાય (એમ ત્રણ કાળમાં ન બને). એ આવે છે ને કડી ? નહિ ? ત્યાં તમારામાં લખ્યું છે. 'જબ જાણ્યો નિજરૂપ કો તબ જાણ્યો સબ લોક, ન જાણ્યો નિજરૂપ કો તો સબ જાણ્યો ફોક' એનો અર્થ શું ? 'જબ જાણ્યો નિજરૂપ કો તબ જાણ્યો સબ લોક' પોતાનું નિજ સ્વરૂપ અખંડ અભેદ, નિર્વિકલ્પ અભેદ ચીજ જ્યાં જ્ઞાન ને અનુભવમાં આવી એણે બધું જાણ્યું. નિજ જાણ્યું એણે બધું જાણ્યું અને નિજ જાણ્યા વિનાનું બધું ફોક. શાસ્ત્રના ભણતર અને પરનો વિષય એ બધું ફોક, એમ કહે છે. આહા..હા...! સમજાણું કાંઈ ?

એમાં એક ઠેકાણે ક્યાંક આવે છે, હોં ! 'ગુરુચરણના પૂજા કીજીએ આત્મા પ્રગટે'

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એક કળશમાં એવું પણ આવે છે. ક્યાંક આવે છે ખરું. આમાં ને આમાં. એ તો નિમિત્તથી કથન આવે. એ ગુરુ પોતે આત્મા ગુરુ, પોતે આત્મા દેવ, પોતે ધર્મી–ધર્મનો ધરનાર. આહા..હા...! સમજાય છે કાંઈ ? એની સેવા-પૂજા કરવાથી, અખંડાનંદ પ્રભુ એની પૂજા કરવાથી આત્માને પરમાનંદની દશા અને મૂક્તિનો માર્ગ પ્રગટ થાય. આહા..હા...! ભારે વાતુ, ભાઈ ! એક-બે લીટીમાં તો કેટલું ભર્યું છે !

**'પંચરત્નો દ્વારા...'** એમ ભગવાને કહ્યું કે સંતોએ કહ્યું એ ભગવાને કહ્યું. સંત પણ પંચ પરમેષ્ઠીમાં આવે છે. 'કુંદકુંદાચાર્ય' પણ આચાર્ય પરમેશ્વર છે. ટીકાકાર સાધુ પરમેશ્વર છે. એ પરમેશ્વરે આમાં એમ કહ્યું કે **'જેણે સમસ્ત વિષયોના ગ્રહણ...'** એ ભેદ ને વિકલ્પ ને નિમિત્તનું ગ્રહવું જેણે છોડી દીધું છે. એટલે તેના તરફની ચિંતા જેણે છોડી છે. આહા..હા...! આવો માર્ગ ભગવાન એવો તારો .....

જેના ઉપયોગને પરજ્ઞેયનું આલંબન નથી એવું આવશે, ભાઈ ! અલિંગગ્રહણમાં. જાણવાનો ઉપયોગ એનું આલંબન દ્રવ્ય વસ્તુ છે, જાણવાના ઉપયોગનું આલંબન વસ્તુ છે. જાણવાના ઉપયોગનું આલંબન ભગવાનની વાણી અને ભગવાન પરજ્ઞેય પણ આલંબન નથી. સમજાણું કાંઈ ? આહા..હા...! આમ પરમેશ્વરો, અનંત તીર્થંકરોનો આ પોકાર છે. એને ન બેસે એટલે (કહે), નહિ... નહિ...

**શ્રોતા :–** એ આગળની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ આગળની વાત. આ પહેલીની વાત છે. સમજાણું કાંઈ ? આહા..હા...!

કહે છે, **'પંચરત્નો દ્વારા જેણે..'** એટલે કે અંદર અભેદ દ્વારા જેણે એટલે કે આત્મા અખંડાનંદ અભેદ છે એવા દ્વારા **'જેણે સમસ્ત વિષયોના ગ્રહણ...'** ઓહો..હો...! 'અંતર્મુખ અવલોકતા' આવે છે ને ? અંતર્મુખ અવલોકતા તો બહારનો વિષય ક્યાં રહ્યો ત્યાં ? પરથી થાય એવું રહ્યું નહિ. સમજાણું કાંઈ ? અંતર્મુખ અભેદ ઉપર દૃષ્ટિ પડતા ચિદાનંદ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પરમ સ્વભાવ પરમ પારિણામિકભાવ એવા **'દ્વારા જેણે સમસ્ત વિષયો...'** ઓહો..હો...! નિમિત્ત, નિમિત્તના લક્ષે થતો રાગ અને રાગના નિમિત્તે થતો પર્યાયમાં ભેદ બધો વિષય છોડ્યો છે જેણે. સમજાણું કાંઈ ? એના ખ્યાલમાં તો લે કે માર્ગ આ છે. એ સિવાય કોઈ રીતે માર્ગ બીજો કહેતા હોય તો જીંદગી ચાલી જશે અને તત્ત્વ નહિ મળે એને. સમજાણું કાંઈ ? ઓશિયાળો એટલે બીજાથી મળે, આનાથી મળે, આનાથી મળે એમ રાજી થાય. અહીંયાં કહે છે કે બીજાથી મળે એમાં તારું કરાજીપણું મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ ? ભારે આવી વાતું !

**'જેણે સમસ્ત વિષયો...'** નામ ધ્યેય એને પકડવું કે એનું લક્ષ કરવું એની ચિંતા જેણે છોડી દીધી છે. આહા..હા...! **'અને નિજ દ્રવ્ય–ગુણ–પર્યાયના સ્વરૂપમાં ચિત્તને એકાગ્ર કર્યું**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**છે,...**' જુઓ ! પર્યાય આવી આમાં પાછી એટલે કે અંદર દ્રવ્ય વસ્તુ શુદ્ધ, એનો ગુણ અને એનો જે પર્યાય નિર્મળ એમાં જેણે ચિત્તને જોડ્યું છે એમ કહે છે. અંદર નિર્મળ અભેદની પર્યાય થાય એમાં ચિત્તને જોડ્યું છે. સમજાણું કાંઈ ? અભેદ તો ત્રિકાળી છે, એમાં લીન થયો એ પર્યાય છે, એમાં ચિત્તને જેણે જોડ્યું છે. આહા..હા...! કથનની શૈલીના એવા ઘણા પ્રકાર આવે છે. એક ઠેકાણે એવું પણ આવે છે, દર્શન-જ્ઞાન-ચારિત્રને સન્મુખ થયો. આવે છે ને પણ શું થાય ? સમજાણું કાંઈ ?

ત્રિકાળ ભગવાન આત્મા... આહા..હા...! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમસ્વભાવભાવ ધ્રુવભાવ મોટી ખાણ ! અનંત આનંદનો પૂર અને અનંત જ્ઞાનનો નૂર, એવા તેજરૂપ ભગવાન આત્મા પોતે, એમાં લીન થતાં એમાં ચિત્તને એકાગ્ર કર્યું છે. વ્યવહારના વિષયથી જેણે ચિત્તને પાછું વાળ્યું એમ કહે છે. આવો ધર્મ ભારે કઠણ એટલે લોકોએ પછી બીજો ચલાવી દીધો. પરની સેવા કરવી. આહા..હા...! વ્રત પાળવા ને મહાવ્રત પાળવા, પાળવા, રાગને પાળવા. આહા..હા...! એ બધા મિથ્યાત્વના લક્ષણ છે. જેણે પરવિષય–એ દયા, દાન, વ્રત આદિ તો પરવિષય છે, એનાથી આત્માને પરવિષયથી સ્વવિષય પત્તો ખાય (એમ માને એ) મિથ્યાત્વ છે, અજ્ઞાન છે, મૂંઢતા છે. આહા..હા...!

કહે છે, જેણે સ્વવિષય અભેદને વિષય.. સ્વદ્રવ્યનો વિષય જેણે કર્યો એણે પરવિષયને દૃષ્ટિમાંથી છોડ્યો. આવું ધર્મધ્યાનનું સ્વરૂપ હશે ? સામાન્ય સમાજને માટે આવું હશે ? સમાજ એટલે શું ? સમાજ એ આત્મા, ઘણા આત્મા હોય એ સમાજ. આત્મા તો આવો છે. એકને માટે એ સમાજને માટે અને સમાજને માટે એ એકને માટે. માર્ગ તો આ છે. આહા..હા...!

કહે છે એ '**તે ભવ્ય જીવ...**' આહા..હા...! ત્રિકાળી અભેદ ચિદાનંદ ધ્રુવ વસ્તુમાં જેણે ધ્યેય બનાવ્યું છે અને પરવસ્તુના ધ્યેય ને વિષય જેણે અંતરથી છોડ્યો છે. '**તે ભવ્ય જીવ...**' આહા..હા...! '**નિજભાવથી ભિન્ન...**' સ્પષ્ટ કર્યું. નિજભાવ જે ત્રિકાળી આનંદ અને જ્ઞાયકભાવ ધ્રુવ, એનાથી ભિન્ન '**એવા સકળ વિભાવને...**' આહા..હા...! વિષય ભાવને '**છોડી...**' એ સકળ પર્યાયના ભેદો, વિભાવ આદિ છોડી '**અલ્પ કાળમાં મુક્તિને પ્રાપ્ત કરે છે.**' પૂર્ણાનંદની દશાને એ પ્રાપ્ત કરે છે. આહા..હા...! કહો, સમજાણું આમાં ? આહા..હા...! આમાં એટલે આ કહ્યું એ.

નહિ... નહિ... કહ્યું એ એને સમજાય અંદરમાં ? એમ કીધું. કહ્યું એ તો પર, પણ એને સમજવામાં આવે ક્યારે ? આ સાંભળ્યું સમજવામાં આવે એ નહિ. સાંભળ્યું સમજવામાં આવે એ નહિ, એ તો પરલક્ષી જ્ઞાન છે. આહા..હા...! સાંભળીને ખ્યાલમાં રહે છે જે જ્ઞાનનો પર્યાય એ આવે છે એનાથી ત્યારે વાણીને નિમિત્ત કહેવાય. પણ એ આવે છે એનાથી, એનાથી જ્ઞાન નહિ. કારણ કે સાંભળેલું જે જ્ઞાન એ પરવિષયનું જ્ઞાન છે. આહા..હા...!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ભારે વાતું ! સમજાણું આમાં ? પણ આવું સાંભળ્યા પહેલાં જ્ઞાન ક્યાં હતું લ્યો એને ? એટલું જ્ઞાન થયું કે નહિ ? એ.. 'પંડિતજી'!

'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' આવે છે ને ? એ તો ફક્ત લક્ષ એટલે આ કહેવા માગે છે આમ. એમાં આ અભેદનો આશ્રય કરી એમ લક્ષમાં એણે જાણ્યું. જ્યારે અભેદનો આશ્રય કરે ત્યારે પરલક્ષી જ્ઞાન હતું એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા...! સમજાણું કાંઈ ? આવો આત્મા જેણે પરમાનંદ સ્વરૂપનો ભેટો કર્યો અંદરમાં, એવા અંતર આનંદના ભેટાવાળો ભવ્ય જીવ પરના વિષય તરફના વિકલ્પને, ભેદને છોડી એ અલ્પ કાળમાં મુક્તિ નામ આનંદને પ્રાપ્ત કરે છે. આહા..હા...! લ્યો, અહીં પાછી પર્યાય આવી. પર્યાય પ્રાપ્ત થાય છે ને, દ્રવ્ય તો છે ઇ છે. જે પૂર્ણ દ્રવ્ય જ્ઞાયકભાવ એક સમયની પર્યાય અને રાગની રુચિમાં ભાસતો નહોતો એ આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ પડતાં પર્યાયમાં એ જ્ઞાયકભાવ આવ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા...!

**શ્રોતા :–** એનો અર્થ શું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો અર્થ એ કે જ્ઞાયકભાવ જણાણો.

એ જાણવામાં નહોતો. જે પરને જાણવાનું જ્ઞાન હતું અને સ્વનું નહોતું. એ જ્યારે સ્વ તરફ આવ્યો એટલે નિર્મળ જ્ઞાનમાં જ્ઞાયકભાવ જણાણો. એટલે જ્ઞાયકભાવ પ્રગટ થયો. પ્રગટ થયો એટલે છે એની કબુલાત આવી. સમજાણું કાંઈ ? પર્યાયમાં સ્થિત ક્યાં થાય છે ? દ્રવ્યમાં ક્યાં સ્થિત થાય છે ? એ..ય..!

**શ્રોતા :–** દ્રવ્યમાં સ્થિર થવાની વ્યાખ્યા... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્યમાં સ્થિર થવાની વ્યાખ્યા આ. દ્રવ્યમાં શું ? દ્રવ્ય તો ત્રિકાળ ધ્રુવ છે. એના તરફનો વિષય બનાવીને એમાં લીન થવું એ દ્રવ્યમાં લીન થયો કહેવામાં આવે છે. દ્રવ્ય તો ધ્રુવ છે.

**શ્રોતા :–** ધ્રુવમાંથી ન થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધ્રુવમાંથી થાય ? ધ્રુવમાં પર્યાય આવે ? આહા..હા...! ભારે વાતું, ભાઈ !

**શ્રોતા :–** ધ્રુવ, પર્યાયને અડવાથી ન થાય ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અડવાથી (ન થાય)... અડતી નથી. ***પર્યાયનો જેને લેપ નથી. આહા..હા...! એવો ત્રિકાળી ધ્રુવ ભગવાન, એની સમયની પર્યાય એમાં નથી પણ પર્યાયમાં પર્યાય છે. પર્યાયનો અંશ જે છે આનંદનો કેવળજ્ઞાનનો એ એમાં છે, ત્રિકાળીમાં નથી.*** આમાં નથી માટે અહીં પણ નથી એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ ? અને એ પર્યાયમાં આખો આત્મા છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા...! ભારે વાતું, ભાઈ ! આવી વાત પણ...

વસ્તુ આવી છે. સત્યનો સાહેબ. 'પ્રકાશદાસજી'! સત્‌સાહેબ આ. અરે...! એને ખ્યાલમાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



તો, ધ્યાનમાં તો લે કે આ ચીજ અભેદ છે એનો આશ્રય કરતાં જ કલ્યાણ થાય. ત્રણ કાળમાં બીજો કોઈ ઉપાય (નથી). 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.'

**શ્રોતા :–** દ્રવ્યનો આશ્રય લે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આશ્રય લે છે એટલે દે છે એમ કહેવામાં આવે છે. શું કહ્યું વળી ? –કે ત્રિકાળી જે ધ્રુવ છે તે આશ્રય દેતો નથી કેમ કે એ ધ્રુવ છે. પણ જેણે એમાં આશ્રય લીધો, એણે આશ્રય દીધો એમ કેહવામાં આવે છે. પર્યાય એમાં વળી એનું નામ આશ્રય લીધો કહેવાય. જે પર્યાય રાગમાં અને નિમિત્તમાં વળેલી છે એણે પરનો આશ્રય કર્યો છે. જે પર્યાય દ્રવ્યમાં વળી એણે દ્રવ્યનો આશ્રય કર્યો એમ કહેવામાં આવે છે. એ આશ્રય આપે છે ક્યાં ? આમ વળી એને આશ્રય લીધો એમ કહેવામાં આવે છે. ભારે આકરું, ભાઈ ! આહા..હા..! આવી કથા સાંભળનારા થોડા. 'વીરલા જાણે તત્વને વીરલા સમજે કોઈ, વીરલા શ્રદ્ધા ... વીરલા ધારે તત્વને વીરલે શ્રદ્ધા જોઈ.' સ્વામી 'કાર્તિકેયાનુપ્રેક્ષા' માં આવે છે.

અહીં કહે છે ઓહો...! **'ભવ્ય જીવ'** જુઓ ! પાછો ભવ્યજીવ લીધો. પેલામાં ભવ્ય-અભવ્યની ના પાડી હતી. ભવી-અભવીપણું આત્મામાં છે નહિ, એવા ભેદ નથી. પણ જે કોઈ આવો જીવ છે એવા નિજભાવ ભગવાન આત્મા તેના નિજભાવથી બીજો સકળ વિભાવ–ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચાર ભાવ એણે લક્ષમાંથી, દૃષ્ટિમાંથી છોડ્યા છે. આહા..હા...! એને કેવળજ્ઞાનનો ક્ષાયિક પર્યાય પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ? અલ્પ કાળમાં. વળી ક્રમબદ્ધ છે અને અલ્પકાળ ક્યાંથી આવ્યો ?

કહે છે કે જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રત્યે આશ્રય લીધો, અંદર દૃષ્ટિ જમાવી એને અલ્પ કાળમાં કેવળજ્ઞાન થવાનો જ પ્રસંગ હોય, એને અસંખ્ય સમયે જ એને કેવળજ્ઞાન થાય, એને અનંત સમય જોઈએ નહિ. એથી અલ્પે કાળે મુક્તિને થાય પ્રાપ્ત એમ કહેવામાં આવે છે. એ ગાથા પૂરી થઈ. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૨૩૯)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## બહેનશ્રીનાં વચનામૃત, બોલ – ૨૦૧
## તા ૧૫-૪-૧૯૮૦
## [૨૩]

'વચનામૃત' ૨૦૧. જુઓ ! **'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે...'** શું કહે છે ? આત્મા અપરિણામી એટલે કે ધ્રુવ, પર્યાય વિનાનું કૂટસ્થ. **'અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું કહેવામાં આવે છે ત્યાં અપરિણામી એટલે આખો જ્ઞાયક; શાસ્ત્રમાં નિશ્ચયનયના વિષયભૂત જે અખંડ જ્ઞાયક કહ્યો છે તે જ આ અપરિણામી નિજ આત્મા.'** છે. અપરિણાની વ્યાખ્યા કરી. જ્યાં ત્યાં ઠેકાણે અપરિણામીનું જોર આપ્યું છે. પણ અપરિણામીનું જોર આપવા છતાં પ્રમાણરૂપ પર્યાય નથી એમ નહિ. અપરિણામીનું જોર આપતા છતાં અગિયારમી ગાથામાં પર્યાયને અભૂતાર્થ કહી. **'ववहारोऽभूदत्थो'** વ્યવહાર એટલે પર્યાયમાત્ર જૂઠી છે એમ ભાષા કીધી, અગિયારમી ગાથામાં. હવે એમાં કોઈ એમ લઈ લ્યે કે પર્યાય જૂઠી જ છે, એમ નથી. પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહી નથી એમ કીધું છે. હવે ત્રિકાળીને નિશ્ચય કહી, મુખ્ય કરી એ છે એમ કહ્યું છે. ન્યાય સમજાય છે ? પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કરી અભૂતાર્થ નામ નથી એમ કહ્યું છે અને ત્રિકાળી ચીજને મુખ્ય કરી નિશ્ચય કરી છે એમ કહ્યું છે. બેમાં સમજાણું ? આહા..હા...! એકને નથી, એક છે એમ બે કહ્યું. બેમાં અપેક્ષા ફેર છે.

અપરિણામી નિજ આત્માનો આશ્રય લેવાનું શાસ્ત્રમાં જ્યાં-ત્યાં બધે મુખ્યમાં તો એ કહેવામાં આવે છે. કારણ કે સાર તો એ છે. એક સમયમાં ભગવાન કૂટસ્થ અપરિણામી નહિ પલટતો, નહિ બદલતો, પર્યાયપણે નહિ થતો એવો જે ભગવાન આત્મા એનો આશ્રય લેવો એ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન અથવા ધર્મની શરૂઆત એ છે. એથી જ્યાં ત્યાં ત્રિકાળને છે એમ કહ્યું છે અને પર્યાયને નથી એમ કહ્યું છે. સમજાય છે કાંઈ ?

ધ્રુવને છે એમ કહ્યું છે, ભૂતાર્થ છે એમ કહ્યું છે. ભૂતાર્થ છતો પદાર્થ છે અને પર્યાયને અભૂતાર્થ કીધી છે. અભૂતાર્થ એટલે ? નથી. કઈ અપેક્ષાએ નથી ? લક્ષ કરવા માટે ગૌણ કરીને એને નથી એમ કીધી છે. આહા..હા...! લક્ષ કરવું છે ત્રિકાળનું. એના માટે પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કરી નથી એમ કહ્યું છે. એ અપરિણામી નિજાત્મા.

**'પ્રમાણ અપેક્ષાએ...'** આહા..હા...! સવારમાં આવ્યું હતું કે પ્રમત્ત અને અપ્રમત્ત બે પર્યાયમાં તત્ત્વ છે. પર્યાયમાં એનું તત્ત્વ છે, નથી એમ નહિ. ચૌદમી ગાથાના અર્થમાં પણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાયનું અસ્તિત્વ છે (એમ કહ્યું છે). વેદાંત જે કહે છે કે પર્યાય નથી, એક વ્યાપક જ છે, એમ નથી. પર્યાય છે, પણ તે પર્યાયને ગૌણ કરીને અભાવ બતાવીને, ભાવવાળું ત્રિકાળી તત્ત્વ છે ત્યાં નજર કરાવવી છે અને એને સમ્યગ્દર્શન થાય ત્યાં પરનો આનંદનો અનુભવ થાય. પર્યાયની દૃષ્ટિએ દુઃખ થાય. આહા..હા...! છે ખરી, પર્યાય છે ખરી. પણ તેને આશ્રયે દુઃખ થાય.

એ તો અનાદિથી પર્યાયનો આશ્રય કરી દુઃખી થઈ રહ્યો છે. તેથી તેને ગૌણ કરીને ત્રિકાળીનો આશ્રય લેવાનું કહ્યું છે. ત્રિકાળીનો આશ્રય લેવાનો કહ્યું છે તેથી તેની પર્યાયમાં પ્રમાણપણું છે એનો અભાવ થતો નથી, એ કહે છે. **'પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી...'** આહા..હા...! પ્રમાણે એટલે પ્ર-માણ–માપ. ત્રિકાળી દ્રવ્ય અને વર્તમાન. બેને લક્ષમાં લેવા પ્રમાણ કહ્યું છે. બેને લક્ષમાં લેવું એ પ્રમાણ છે. આહા..હા...!

૩૨૦ ગાથા એ મુકી છે, 'जीवो ण बन्धइ, ण मुक्त इ' જીવ બંધાતો નથી અને મૂકાતો પણ નથી. જીવ તો જીવ છે તે છે. ૩૨૦ ગાથાનો 'યોગીન્દ્રદેવ'નો આધાર. ... બંધ અને મોક્ષ કરતો નથી. આત્મા ઉદય ને નિર્જરા કરતો નથી. આહા..હા...! આત્મા બંધ અને મોક્ષને કરતો નથી. ચાર બોલ છે ૩૨૦ માં. ઉદય સામે રાગ છે અને એની સામે નિર્જરા એટલે શુદ્ધતાની પ્રગટતા છે. બંધ સામે એકલું અટકવું છે અને મોક્ષ સામે તદ્દન છૂટી જવું છે. એ ચારે બોલ પર્યાય છે. એ પર્યાય છે એ પ્રમાણના વિષયમાં આવે છે. છે ?

**'પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી,...'** આહા..હા...! તદ્દન એને અપરિણામીનો આશ્રય લેવાનું કહ્યું છે માટે પ્રમાણની અપેક્ષાએ એ અપિરણામી એકલો નથી, પલટતો છે, બદલતો છે. પલટતો, બદલતો. એક વાર 'રાજકોટ'માં (વ્યાખ્યાન) ચાલતું હતું એમાં એક બાવો આવ્યો. એ કહે આ આત્મા શુદ્ધ છે અને પવિત્ર છે એવી વાતું જૈનમાં ક્યાંથી આવી ? આ શું કહે છે જૈનમાં ? એમ સાંભળીને આવ્યો. આવ્યો અને આ વાત થઈ કે ભાઈ ! આત્મા પર્યાયમાં બંધનમાં છે, અનિત્ય છે, એટલું કીધું. આત્મા અનિત્ય છે એટલું કીધું ત્યાં ભડક્યો. પંડિતજી ! અનિત્ય જ છે. આત્મા અનિત્ય જ છે. હેં ! અરે...! મેં તો જાણ્યું કે આ જૈનો આત્માના મોક્ષની વાત કરે છે તો તો ધ્રુવની ત્રિકાળની જ વાત કરતા હશે, અનિત્યની નહિ કરતા હોય. આ તો અનિત્ય છે (એમ કહે છે). અનિત્ય પોતે નિત્યનો નિર્ણય છે. અનિત્ય પોતે નિત્યનો નિર્ણય કરે છે, નિત્યનો નિર્ણય નિત્ય કરતું નથી. સમજાય છે કાંઈ ? એ અનિત્ય પર્યાય બદલે છે, પલટતી પર્યાય તે નહિ પલટતાનો નિર્ણય કરે છે. અપરિણામીનો નિર્ણય પર્યાય કરે છે. આહા..હા...!

અપરિણામી એકલો અપરિણામી છે એવી સ્થિતિ અપરિણામીમાં ન હોય. અપરિણામી તો ધ્રુવ તરીકે છે અને નિર્ણય કરનાર અનિત્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો કે અનિત્ય

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહો, એ અનિત્ય નિત્યનો નિર્ણય કરે છે. આહા..હા...! અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે, અનિત્ય એ ધ્રુવનો નિર્ણય કરે છે. પલટતો એ ત્રિકાળી અપરિણામીનો નિર્ણય કરે છે. પલટતી પર્યાય ત્રિકાળી અપરિણામી નહિ બદલતાનો નિર્ણય કરે છે. એની હયાતી, અપરિણામીની હયાતી, અપરિણામીને કારણે હયાતીનો નિર્ણય નથી થતો. આહા..હા...! આવું ઝીણું.

અપરિણામી ચીજ જે છે તે પલટતો નથી, કૂટસ્થ છે. ધ્રુવને કૂટસ્થ કીધો છે. કૂટ નામ શિખર જેમ ખડું હોય, ઊભું રહે અને પાણીના પ્રવાહમાં તરંગ ઉઠે એમ તરંગ ન ઉઠે, એમ અપિરણામીને કૂટસ્થ–શિખર સ્થિર જેમ હોય એમ કહ્યો છે પણ તે સ્થિરને ધ્રુવને અપરિણામીને અપરિણામી છે એવો નિર્ણય પર્યાય કરે છે. આહા..હા...! ***એ પર્યાય ધ્રુવનો નિર્ણય કરવા છતાં એ પર્યાય ધ્રુવમાં જતી નથી અને એ પર્યાયનો નિર્ણય ધ્રુવ કરવા છતાં ધ્રુવ તે પર્યાયમાં આવતો નથી.*** આવી વાત છે. એ અપેક્ષાએ કહે છે કે પ્રમાણની અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર અપરિણામી જ નથી. પ્રમાણની અપેક્ષાએ આત્મા પલટતો નથી, બદલતો નથી, ધ્રુવ જ છે એમ પ્રમાણની અપેક્ષાએ નથી. આહા..હા...! ઝીણું બહુ, ભાઈ !

**'અપરિણામી તેમ જ પરિણામી છે.'** ભગવાન આત્મા નહિ પલટતો પણ છે અને પલટતો પણ છે. આ તો વિરુદ્ધ ! બે વિરુદ્ધ થયું. એ સ્વરૂપ જ એવું છે. અપરિણામી પણ છે, નહિ બદલતો પણ છે અને બદલતો પણ છે. બદલતો જ અબદલતાનો નિર્ણય કરે છે. આહા..હા...! ધ્રુવ જે છે તેનો તો નિર્ણય અનિત્ય જ કરે છે. આટલું બધું વજન દેવું ? કે ત્રિકાળી અપરિણામી નિત્ય એકરૂપ સ્વભાવ ભૂતાર્થ તે જ વસ્તુ સમ્યગ્દર્શનનો વિષય છે, એટલું જોર દેવું છતાં પણ એને નિર્ણય કરનારી જે દશા, એ પોતે પ્રમાણના વિષયમાં પર્યાયમાં આવે છે. પર્યાય છે, પર્યાય નથી એમ નહિ. આહા..હા...!

પર્યાયને અગિયારમી ગાથામાં જૂઠી કીધી છે. વ્યવહાર જૂઠો છે. એમ કહ્યુંને પહેલા પદમાં ? **'ववहारोऽभूदत्थो'** વ્યવહાર તે અસત્ય છે. એ અસત્યને ગૌણ કરી ત્રિકાળી જ્ઞાયકભાવ એનો આશ્રય લેવા તેને મુખ્ય કરીને નિશ્ચય બનાવી, પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહી અને નિષેધ કરવામાં આવ્યો છે. આહા..હા...! આવું વિચારવું ?

**'પ્રમાણ અપેક્ષાએ આત્મદ્રવ્ય માત્ર પરિણામી જ નથી, અપરિણામી તેમ જ પરિણામી છે પણ અપરિણામી તત્ત્વ પર દષ્ટિ દેતા...'** અપરિણામી તત્ત્વ ઉપર દષ્ટિ દેતા એટલે નહિ બદલતું તત્ત્વ ધ્રુવ, નિત્ય અને ધ્રુવ, એના ઉપર દષ્ટિ દેતા–દષ્ટિ થઈ પર્યાય, પણ એના ઉપર દષ્ટિ દેતા **'પરિણામ ગૌણ થઈ જાય છે;...'** એટલે ? થાય છે તો પર્યાયમાં નિર્ણય પણ લક્ષ્ય એનું રહે છે ધ્રુવ ઉપર, એથી નિર્ણય કરનારી પર્યાય ગૌણ રહે છે. ગૌણ એટલે ? એની મુખ્યતા જ આવતી નથી. પર્યાયની મુખ્યતા આવતી નથી. મુખ્યતા તો ત્રિકાળી ભગવાનની જ આવે છે. છતાં પર્યાય ગૌણપણે છે. ગૌણપણે છે એમ કહેતા પણ વર્તમાન

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પણ છે. એ જ પર્યાય અપરિણામીનો નિર્ણય કરે છે. પર્યાય જ અપિરણામીનો નિર્ણય કરે છે. આહા..હા...!

અનિત્ય એ નિત્યને જાણે છે, નિત્ય નિત્યને જાણતો નથી. આહા..હા...! શું કહ્યું ? અનિત્ય છે તે નિત્યને જાણે છે, નિત્ય છે તે નિત્યને જાણતો નથી. ઝીણી વાત છે, ભાઈ ! એ જાણનાર પોતે અનિત્ય છે એ નિર્ણય કરે છતાં, નિર્ણય તે કરે છતાં તેને નથી એમ કહીને ત્રિકાળનો આશ્રય કરાવ્યો છે. ત્રિકાળી દ્રવ્ય ધ્રુવનું અવલંબન કરાવ્યું છે. પર્યાય નથી તો નિર્ણય કરનાર નથી. નિર્ણય કરનાર નથી તો જેનો નિર્ણય કરવો છે, જેનો નિર્ણય કરવો છે એ પોતે જ નથી. ત્યાં નિર્ણય કરવા યોગ્ય વસ્તુ છે એ પણ નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ભાષા જરીક સાદી છે પણ અપરિણામી અને પરિણામ બે વચ્ચેની વાત અત્યારે લીધી. એકાંત કોઈ તાણી ન જાય, પ્રમાણમાં એકાંત તાણી ન જાય (એટલે વાત લીધી).

પ્રમાણમાં તો પર્યાય અને દ્રવ્ય બે આવે છે, ત્યારે તે વીતરાગતા થાય છે. શું કીધું ? આહા..હા...! પર્યાય નિર્ણય કરે છે વીતરાગતાનો. પર્યાય વીતરાગતાનો નિર્ણય કરવા જતાં પર્યાયમાં વીતરાગતા આવે છે. તેથી, પ્રમાણમાં ત્રિકાળ વીતરાગતા પણ આવી અને એનો નિર્ણય કરનાર વીતરાગ પર્યાય પણ આવી. 'ચંદુભાઈ'! શું કીધું સમજાણું ? નિર્ણય પરિણામ જે અનિત્ય છે એ પણ વીતરાગતા છે. શું કીધું ઇ ? ત્રિકાળી વીતરાગસ્વરૂપ ભગવાન એનો નિર્ણય જે અનિત્ય કરે છે એ અનિત્ય વીતરાગ છે. એ અનિત્ય વીતરાગી પર્યાય છે. આહા..હા...!

એ વીતરાગી પર્યાય ત્રિકાળી વીતરાગનો નિર્ણય કરવા છતાં તે ત્રિકાળી થઈ જતી નથી, તે ત્રિકાળમાં પ્રવેશ કરતી નથી. આહા..હા...! ભગવાન અપરિણામીનો નિર્ણય કરનાર વર્તમાન પર્યાય, વીતરાગી પર્યાય... આહા..હા...! એ અપરિણામીનો નિર્ણય કરવા છતાં અપરિણામી રૂપે થતી નથી. આહા..હા...! ***અપરિણામીનો નિર્ણય, વીતરાગતાનો નિર્ણય કરવા છતાં ધ્રુવ વીતરાગરૂપે પર્યાય થતી નથી. પર્યાયમાં તો પર્યાયની ધ્રુવતા, પરિણમનની ધ્રુવતા આવે છે, અને એ ધ્રુવતા આવી છે ત્રિકાળી ધ્રુવના લક્ષે. છતાં ધ્રુવમાંથી નહિ.*** શું કીધું એ ? ધ્રુવથી પર્યાય સ્વતંત્ર છે. કેમ કે ધ્રુવ એકરૂપ છે અને એની જો પર્યાય ધ્રુવમાંથી આવતી જો એકાંત કહીએ તો એકસરખી પર્યાય આવવી જોઈએ. શું કહ્યું ?

દ્રવ્ય જે ધ્રુવ છે, અપરિણામી છે એકાંત એમાંથી જ પર્યાય આવે એમ જો કહીએ તો એ ધ્રુવ છે તો એકરૂપ છે તો એમાંથી પર્યાય આવે તો પર્યાય એકરૂપ આવવી જોઈએ અને મોક્ષમાર્ગની પર્યાય એકરૂપ આવતી નથી. દર્શન, જ્ઞાન, ચારિત્ર, શુદ્ધિ, શુદ્ધિ થાય છે, શુદ્ધિ ટકે છે, શુદ્ધિ વધે છે, શુદ્ધિ પૂર્ણ થાય છે. આહા..હા...! એ બધું અવસ્થામાં થાય છે. જો એ અવસ્થા વીતરાગી નિર્ણય ત્રિકાળનો ન કરે તો વીતરાગી પર્યાય જ ન થાય.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આહા..હા...! સમજાય છે કાંઈ ? એ કહ્યું.

**'અપરિણામી તત્ત્વ ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ થઈ જાય છે.'** ગૌણ એટલે ? અનુભવ તો પર્યાયનો થાય છે. ૨૦ મા બોલમાં કહ્યું ને ? અલિંગ્રહણ. આત્મા એકરૂપે ધ્રુવ જે છે એને સ્પર્શ્યા વિના, તેને અડ્યા વિના આત્માની પર્યાયમાં આનંદ અને વીતરાગતાનું વેદન થાય છે. ૨૦ મો બોલ. ત્રિકાળ દ્રવ્યને અડ્યા વિના, ત્રિકાળી દ્રવ્ય ધ્રુવને સ્પર્શ્યા વિના, ત્રિકાળી દ્રવ્યને... આહા..હા...! સાથે ભેગો લીધા વિના એકલી પર્યાય વીતરાગ, પર્યાય હોં ! એ ત્રિકાળી વીતરાગીને સાથે લીધા વિના અને ત્રિકાળી વીતરાગીને અડ્યા વિના, ત્રિકાળી વીતરાગ દ્રવ્યને સ્પર્શ્યા વિના... આહા..હા...હા...! ભાષા તો આલંબન છે. વીતરાગી પર્યાય ત્રિકાળીનું આલંબન લીધા વિના. આહા..હા...! 'ગોદીકાજી'! આવું ઝીણું છે. નવરાશ ન મળે. નિર્ણય કરવાનો નવરાશ ન મળે. આ બહારની ધૂડમાં રોકાતા પૈસા, આબરૂ, કીર્તિ બધી ધૂડ. કીર્તિ ધુડ, આબરૂ ધુડ અને પૈસા પણ ધુડ. શરીર પણ ધુડ, અને રાગ પણ ધુડ. આહા..હા...!

અહીં કહે છે કે અપરિણામી ધ્રુવ જે ચીજ છે એ વીતરાગ મૂર્તિ છે. એને સ્પર્શ્યા વિના, એના આલંબન વિના પર્યાયમાં વીતરાગતા પ્રગટ થાય છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવને અડતી નથી. આહા..હા...! ભારે આકરું કામ. સમજાય છે ? એથી કહ્યું, **'અપરિણામી તત્ત્વ ઉપર દૃષ્ટિ દેતાં પરિણામ ગૌણ...'** થતાં વીતરાગતા થાય છે. એના ઉપર લક્ષ્ય રહેતું નથી. પણ થાય છે વીતરાગતા. પર્યાયને ગૌણ કરે છે ત્યારે પર્યાયમાં વીતરાગતા થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? પર્યાયને ગૌણ કરતાં પર્યાયમાં વીતરાગતા થાય છે. આહા..હા...! વીતરાગનો માર્ગ સ્યાદ્વાદ અનેકાંત ક્યાંય દુનિયામાં નથી. એમાં જન્મ્યા એને સમજવાના ઠેકાણા નથી. આહા..હા...!

એ ભગવાન આત્મા ભગવાન સ્વરૂપે હોવા છતાં, ભગવાન સ્વરૂપને આલંબન લીધા વિના પર્યાયમાં ભગવાનપણું પ્રગટ થાય છે. આહા..હા...! અહીં પ્રાપ્તની પ્રાપ્તિ તો કીધી પણ છતાં આપણે અહીં તો બે, બે બેપણે રાખવું છે. બે બેપણું રાખવું છે ત્યારે તેનું પ્રમાણજ્ઞાન થાય છે. બેમાંથી એકને ગૌણ અને એકને મુખ્ય કરવા જાય તો પ્રમાણજ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ ? લક્ષમાં લેવું, બાપૂ ! જે સમજાય એટલે સમજવું, બાપૂ ! વીતરાગનો માર્ગ અલૌકિક છે. એ કોઈ બહારથી સમજાય જાય એવી એ ચીજ નથી. આહા..હા...!

કહે છે, ખૂબી તો શું ? કે ***જે પર્યાય વીતરાગરૂપ થાય છે એ વીતરાગીનું આલંબન લીધા વિના થાય છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? જે પર્યાય વીતરાગી થાય છે એ વીતરાગી ધ્રુવના આલંબન વિના થાય છે. એ સ્વતંત્ર સત્ છે. જો એ પર્યાય દ્રવ્યને આશ્રયે જ એકાંત ઉત્પન્ન થાય તો દ્રવ્ય તો એકરૂપ સદા વીતરાગ છે તો તેને આશ્રયે પર્યાય એકરૂપ વીતરાગ થવી જોઈએ.*** શું કહ્યું સમજાણું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



વસ્તુ વીતરાગ સ્વરૂપ એકરૂપ રહે છે. એના આશ્રયથી એકાંત એના આશ્રયથી થાય તો એનામાં તો વીતરાગતા એકલી એક પ્રકારની (છે), તો વીતરાગતા એક પ્રકારની જ આવવી જોઈએ, પણ પર્યાય સ્વતંત્ર છે. એ પરિણામી હોવા છતાં, વિકારી વીતરાગીનો આશ્રય લેવા છતાં એના અવલંબન લીધા વિના એ પરિણામી વીતરાગસ્વરૂપે રૂપે પરિણમે છે. આહાહા..! પર્યાય વીતરાગરૂપે પરિણમે છે. તેથી કહે છે કે **'પરિણામ ગૌણ થઈ જાય છે.'** ગૌણનો અર્થ આ. આહા..હા...! વીતરાગનો અનુભવ ગૌણ થઈ જાય છે એમ નહિ. શું કહ્યું ?

પર્યાયે અવસ્થાએ ત્રિકાળને જાણ્યું અને વીતરાગતા થઈ એ ગૌણ થઈ ગઈ એટલે ? એ વીતરાગતા પર્યાયમાં ન આવી અને વીતરાગતા પર્યાયમાં ન થઈ માટે ગૌણ થઈ એમ નહિ. ફક્ત લક્ષની અપેક્ષાએ ગૌણ કીધું. વીતરાગી પર્યાયનું લક્ષ વીતરાગી પર્યાય ઉપર નહિ. આહા..હા...! થોડો ઝીણો અધિકાર આવ્યો. આહા..હા...! વીતરાગી પર્યાય જે અંદર થઈ એના ઉપર લક્ષ નહિ. લક્ષ તો ધ્રુવ ઉપર (છે), છતાં ધ્રુવને અવલંબતી નથી, છતાં અપરિણામી તે પરિણામમાં આવતું નથી, છતાં પરિણામ જે વીતરાગતા પરિણામ છે તેમાં અપરિણામી વીતરાગતાનું જ્ઞાન અને વીતરાગતાની પર્યાય આવે છે. આહા..હા...! એ શું કહ્યું ?

પર્યાયમાં જે વીતરાગી જ્ઞાન અને વીતરાગી પર્યાય (થઈ), પર્યાયમાં વીતરાગી જ્ઞાન થયું. આહા..હા...! ત્રિકાળી પ્રભુ ભગવાનને... આહા..હા...! પુનરુક્તિ આને કાંઈ લાગતું નથી. ફરી ફરીને કહે એથી કરીને તમારી પુનરુક્તિ દોષ લાગતો નથી. ફરી ફરીને કહે એ તો વિશેષ દ્રઢતા થવા માટે છે. પુનરુક્તિ દોષ નથી પણ વીતરાગતાની દ્રઢતા માટે છે. આહા..હા...! આહા..હા...! કહે છે પ્રભુ ! અરે...! આવી વાતો વઈ ગઈ. ઉપરની વાતોમાં મનાઈ ગયું. પ્રભુ ! ચાલ્યો જાય છે મનુષ્ય ભવ. આ અવતાર પૂરો થઈ જશે. આત્મા પૂરો નહિ થાય કાળે. શું કીધું ? કાળે પૂરો એટલે એક સમયમાં જ આત્મા રહેશે એમ નહિ રહે. આ દેહ છૂટી જશે. આત્મા ત્રિકાળી અનંત આનંદ વીતરાગમૂર્તિ તો કાયમ રહેશે. પણ કાયમ રહેશે એનું વેદન અને એના અસ્તિત્વનું ત્રિકાળ પર્યાય પ્રમાણ પર્યાય કરે છે. પ્રમાણમાં પર્યાય અરપિણામીનું, પર્યાયનું પ્રમાણ જે છે તે તેનો વિષય કરે છે અને તે પર્યાય વીતરાગ આ છે તેમ નિર્ણય કરે છે. અને તેથી વીતરાગી આનંદ આવવા છતાં વીતરાગી આનંદને ગૌણ કરવો એમ કીધું અહીં તો. એનો અર્થ ? તેની ઉપર લક્ષ્ય ન રાખવું. લક્ષ્ય ધ્રુવ ઉપર. છતાં તે પર્યાયનું લક્ષ્ય ધ્રુવ ઉપર હોવા છતાં તે પર્યાય પરતંત્ર નથી. તે પર્યાય સ્વતંત્ર કર્તા થઈને લક્ષ કરે છે. આહા..હા...!

ષટ્કારકનું પરિણમન ઊભું કરી... આહા..હા...! એ પર્યાય ત્રિકાળી ધ્રુવને વીતરાગતાને જાણી, એ એનું જે કર્તાપણું છે એ દ્રવ્યને લઈને નથી. એ પર્યાય સ્વતંત્ર કર્તા છે. સ્વતંત્ર

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્તા થઈને ફક્ત એનો સ્વભાવ લક્ષ્ય ધ્રુવ ઉપર કરે છે એવું એનું સ્વતંત્ર કર્તાપણાનું સ્વરૂપ છે. પર્યાયનું કર્તાપણાનું એ સ્વરૂપ છે કે એ પર્યાય ત્રિકાળી વીતરાગ સ્વભાવને વીતરાગી પર્યાય પોતે હોવા છતાં તે વીતરાગી સ્વભાવનો આશ્રય છે. છતાં તેમાં કર્તાપણું વીતરાગી દ્રવ્યનું નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? ***એ વીતરાગી દ્રવ્યનું લક્ષ્ય કર્યું માટે વીતરાગી દ્રવ્ય કર્તા છે અને વીતરાગી દ્રવ્યનો આશ્રય આવ્યો માટે વીતરાગી પર્યાય પરાધીન થઈ, એમ નથી. આહા..હા...!*** આવી વાત.

**શ્રોતા :–** ક્યાંથી આવે છે આવું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ભગવાન જાણે એમાંથી આવે છે. ભગવાન પાસેથી આવે છે. કેટલીક વાત તો મને પણ ખબર નથી અને અંતરથી આવે છે. કેમ આવે છે ? કેમ આવે છે ? એ ભગવાન જાણે. એ ભગવાન જાણે એટલે એ આત્મા એ જાતનો છે. આહા..હા...! પાછું વળી ભગવાન જાણે એકલું નાખી દેવું એમ નહિ. આહા..હા...! એ આત્મા જ એવી જાતનો પોતે છે કે જે પોતે પોતાનું ત્રિકાળનું આલંબન લીધા વિના, પરમાત્માનું તો નહિ પણ ત્રિકાળનું આલંબન લીધા વિના વીતરાગપણામાં આનંદને અનુભવે છે. આહા..હા...! 'પંડિતજી'! ભાષા આવી આવે. બાપૂ ! અહીં કંઈ વ્યાકરણ ને સંસ્કૃત ને પંડિતાઈ નથી. આહા..હા...!

કહે છે, **'પરિણામ ગૌણ થઈ જાય છે;...'**એટલે ? વીતરાગ જે અનુભવમાં આવે છે વીતરાગી પર્યાય, ત્રિકાળી વીતરાગ સ્વરૂપ ભગવાન... ***સમજાય એટલું સમજવું નાથ! કંટાળો કરવો નહિ, આકુળતા કરવી નહિ, અમને ન સમજાય એમ ન કરવું, નાથ ! તું તો એક સમયમાં કેવળજ્ઞાન લેનાર તાકાતવાળો છો ને !*** એક સમયમાં કેવળજ્ઞાન પ્રગટ કરે એવી તાકાતવાળો પ્રભુ તું છો. તને તારો વિશ્વાસ નથી. વિશ્વાસની પર્યાય રાગ વિનાની વીતરાગી છે. આહા..હા...! વિશ્વાસની પર્યાય રાગ વિનાની વીતરાગી છે એ વીતરાગીનો વિશ્વાસ કરે છે છતાં એ વીતરાગીનું એને આલંબન નથી. આહા..હા...! એમ આવે છે. ક્યાં આવે છે?

કહે છે, **'પરિણામ ગૌણ થઈ જાય છે; પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.'** એટલે શું કહે છે ત્રિકાળને જ્યારે મુખ્ય કર્યો ત્યારે પર્યાયને ગૌણ કરી એટલે કે એ પર્યાય કાંઈ ચાલી જતી નથી, પર્યાયનો કાંઈ અભાવ થતો નથી. પર્યાય તો ભાવરૂપે રહે છે પણ ભાવરૂપે રહ્યા છતાં તેણે ગૌણ કેમ કહ્યું ? ગૌણ કેમ કે લક્ષ્ય મુખ્ય ઉપર છે માટે ગૌણ કહ્યું. બાકી છે તો એની જ મુખ્યતા કારણ કે નિર્ણય કરનાર એ પોતે છે. સમજાય છે કાંઈ ? ત્રિકાળી નિત્યાનંદના નાથનો નિર્ણય કરનાર સ્વતંત્રપણે ગૌણપણા વિના, મુખ્યને ગૌણ ન કર્યા વિના... આહા..હા...! એ પર્યાય પોતે જ વીતરાગપણે પરિણમતી ત્રિકાળીનું લક્ષ્ય રાખીને (પરિણમી છે), છતાં તે પરાશ્રયથી થઈ નથી. પોતાથી વીતરાગ પર્યાય ષટ્કારકે પરિણમતી ઊભી થાય છે. શું કહ્યું ઇ ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ગૌણ છે એમ કીધું છતાં એ ભગવાન આત્માનું જ્યાં અવલંબન લીધું છતાં એ અવલંબન લીધું એમ કહેતા પણ કહે છે કે વ્યવહાર થઈ ગયો. આહા..હા...! એ પર્યાયને પરની અપેક્ષા નથી, નિરપેક્ષ છે. એ વીતરાગી પર્યાય વીતરાગી સ્વભાવ ભગવાન આત્મા, એનો નિર્ણય કરવાને અને અનુભવમાં એ આવવા છતાં એ ચીજ પર્યાયમાં આવી નથી, એ પર્યાય દ્રવ્યમાં પેસી નથી. પર્યાય, પર્યાયપણે રહી અને દ્રવ્યની દૃષ્ટિ કરી, એને પર્યાય ઉપર લક્ષ્ય નથી એ અપેક્ષાએ તેને ગૌણ કહ્યું છે. બાકી તો અનુભવમાં પર્યાય મુખ્ય જ છે. એ શું કહ્યું ? આહા..હા...! અનુભવમાં દ્રવ્ય નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ? એ સમજાય એટલું પ્રભુ ! સમજવું. આ તો વીતરાગની વાત છે.

ત્રણ લોકના નાથ કેવળજ્ઞાની પરમાત્મા એ એમ વર્ણવે છે અને એમ કહે છે. આહા..હા...! એ એમ કહે છે કે પર્યાયને ગૌણ કરી એમ કીધું હતું છતાં પર્યાયની જ મુખ્યતા છે. શું કીધું ? આહા..હા..! ભાઈ ! આવો માર્ગ, બાપા ! આહા..હા...! એ ગૌણ એટલે એ બાજુ તરફ વલણ ન રાખવું એમ કહ્યું હતું. વલણ આમ રાખવું છતાં વલણ કરનારી પર્યાય પરની અપેક્ષા રાખતી નથી. વીતરાગી આનંદનો અનુભવ પર્યાય સ્વતંત્રપણે પોતે કર્તા થઈને, પોતાના આનંદના, વીતરાગી આનંદના કર્મને, વીતરાગી આનંદના કર્મ નામ કાર્યને પોતે અનુભવે છે. આહા..હા...! આવો માર્ગ પ્રભુનો ઝીણો બહુ, પ્રભુ ! આહા..હા...! આ ચાલ્યું પણ લાંબુ. છે મોટું લખાણ.

**'પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.'** એટલે ? પરિણામ જ રહે છે અને પરિણામે જ પરિણામીનો નિર્ણય કર્યો છે. એ ખરેખર તો પરિણામી કર્તા પરિણામીનું પરિણામ જે થયું તે મુખ્ય વસ્તુ છે. આહા..હા...! ત્રણ લોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ એનો જે અનુભવ કર્યો એ અનુભવની જ મુખ્યતા છે. આહા..હા...! (અલિંગગ્રહણના) ૨૦મા બોલની અપેક્ષાએ. અહીં ગૌણ કહ્યું છતાં તેને અહીં મુખ્ય કહીએ છીએ. આહા..હા...! કેમ કે દ્રવ્યનો અનુભવ નથી, નાથ ! અનુભવ તો પર્યાયનો છે માટે ગૌણ ન કરવો એને, એ મુખ્ય છે. ત્રિકાળનું વેદન નથી. ત્રિકાળી છે તે ધ્રુવ છે. ધ્રુવનું વેદન નથી. માટે, ધ્રુવ તરફ સ્વતંત્રપણે લક્ષ કરવા છતાં પરના આશ્રય વિના સ્વતંત્ર કર્તા થઈ વીતરાગી પર્યાયનો આનંદ કરે છે. એ પરિણામ છે એને ગૌણ કહ્યા એમ કીધું એ તો એ લક્ષ્ય આમ છે એ અપેક્ષાએ, બાકી તો મુખ્ય તો એ જ છે. વીતરાગી આનંદનો અનુભવ એ મુખ્ય છે. 'પંડિતજી'! આહા..હા...!

**'પરિણામ ક્યાંય ચાલ્યા જતા નથી.'** આહા..હા...! ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગભાવે થયો એ ભાવ ક્યાંય ચાલ્યો જતો નથી. એણે પર્યાયને ગૌણ કરી અભૂતાર્થ કરીને કહ્યું તેથી તે અનુભવ કાંઈ ચાલ્યો જતો નથી. અનુભવ તો અનુભવમાં વેદનમાં રહે છે. આહા..હા...! આ સમજાય એવી વાત છે.

ભગવાન ! અહીં તો બધા ભગવાન છે. ભગવાન સ્વરૂપ છે અને ભગવાન થવાના

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ છે એમ અહીં તો વાત છે. આહા..હા...! એ તો કહ્યું નહોતું 'દ્રવ્યસંગ્રહ'નું ? ભગવાન જ બધા થાવ ! કર્મનો નાશ કરીને પરમાત્મા તારા સ્વરૂપના સામર્થ્યની જે તાકાત છે એ... 'દ્રવ્યસંગ્રહ' માં તો એ કીધું ને ? બધા ભગવાન થાવ, બધા વીતરાગ થાવ. આહા..હા...!

અહીં કહે છે, પરિણામને ગૌણ કર્યું, એ તો લક્ષ્યની અપેક્ષાએ ગૌણ કર્યું છે, અનુભવની અપેક્ષાએ ગૌણ નહિ. સમજાય છે કાંઈ ? એ તો લક્ષ્યની અપેક્ષાએ ગૌણ કર્યું, અનુભવની અપેક્ષાએ ગૌણ નહિ. અનુભવની અપેક્ષાએ તો એ જ મુખ્ય છે કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. આહા..હા...! પ્રભુ ! આ ક્યાંથી આવે છે ? કોણ કહે છે ? પ્રભુ ! આહા..હા...! આ આત્માનો પોકાર છે. આહા..હા...! આત્માના સત્‌નો એ અંદરથી પોકાર છે. પોકાર છે પોતાનો. હું વિકાર વિનાનો વીતરાગ પરિણામે છું કેમ કે મારું તત્ત્વ જે પૂર્ણ તત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ્ય કરું છું ત્યાં તો વીતરાગી દશા થાય છે, તેથી વીતરાગ પરિણામ જ મારે તો મુખ્ય છે. વેદનમાં આવે એ મારે મુખ્ય છે. આહા..હા...! લક્ષ્યની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. આહા..હા...! સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** અજબ-ગજબની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અજબ-ગજબની વાત છે, પ્રભુ ! મને પણ ખબર નથી. એ અંદરથી ચાલ્યું આવે છે. આહા..હા...! પ્રભુનો પોકાર અંદરથી છે કે મારું જે આ વેદન છે એને તું ગૌણ કરી નાખ એ નહિ ચાલે, નાથ ! આહા..હા...! શું કહ્યું ? પ્રભુ !

પૂર્ણાનંદના નાથને તેં જાણ્યો અને વેદનમાં આવ્યો એને તું ગૌણ ન કરીશ, હોં ! એ તો અપેક્ષા અમે તને લક્ષ્ય કરાવવા માટે ગૌણ કહ્યું પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પ્રત્યક્ષ પોતાને વેદાય તે મુખ્ય છે અને જે વેદાતો નથી તે તો ગૌણ છે. આહા..હા...! આહા..હા...! અજબ-ગજબની વાત છે, પ્રભુ ! આહા..હા...! એવો કોઈ દિવસ, એવો કોઈ કાળ આવ્યો..

**'પરિણામ ક્યાં જતા રહે ?'** કહે છે કે ભલે પરિણામને ગૌણ કર્યા પણ પરિણામ ક્યાં જતા રહે ? આહા..હા...! ***અસ્તિ છે, મોજૂદ છે અને તે પરિણામ સત્ છે. એથી ત્રિકાળી સત્‌ની પણ જેની અપેક્ષા નથી એવા પરિણામ પ્રભુ ! ક્યાં જાય ?*** તું ગૌણ કર એમ કહ્યું છતાં એ જાય ક્યાં ? પ્રભુ ! એ અસ્તિપણે વર્તમાનમાં વેદાય એ ગૌણપણે ક્યાં જાય ? ગૌણપણે ક્યાં જાય એ ? આહા..હા...!

**'પરિણમન તો પર્યાયસ્વભાવને લીધે...'** બદલવાના પરિણમન પર્યાય સ્વભાવને લીધે **'થયા જ કરે છે,...'** આહા..હા...! એ વીતરાગી સ્વરૂપ ભગવાન એને જેને કબૂલ્યો અને અનુભવ્યો એને વીતરાગી પરિણામ તો સદા નિરંતર રહ્યા જ કરે છે. એમ આવ્યું ને ? **'પર્યાયસ્વભાવને લીધે થયા જ કરે છે,..'** ભલે ગૌણ કહ્યું પણ વીતરાગી આનંદ તો સમય સમયમાં થયા જ કરે છે, એને ગૌણ કરી શકાય એવી તાકાત નથી. દ્રવ્યની પણ તાકાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નથી કે તેને ગૌણ કરે. આહા..હા...! વેદનને મુખ્ય કરનાર દ્રવ્ય પર્યાયને ગૌણ કરે તેમ ત્રણ કાળમાં બનતું નથી. કેમ કે ત્રિકાળીનું વેદન હોતું નથી. માટે જેનું વેદન છે તેની મુખ્યતાના ઢંઢેરા પીટાય છે. સમજાય છે કાંઈ ? આહા..હા...!

**'સિદ્ધમાં પણ પરિણતિ તો હોય છે.'** (પર્યાયને) સિદ્ધ કરે છે. પર્યાયને તું ગૌણ કરી નાખ તો પછી સિદ્ધ પોતે પર્યાય છે, સિદ્ધ પોતે પર્યાય છે, કોને તું ગૌણ કર ? પર્યાયને ગૌણ કરી દઈશ ? સિદ્ધ પર્યાય નથી તેમ કરી નાખીશ ? ધ્રુવ છે અને સિદ્ધ પર્યાય નથી, ગૌણ કરીને એમ કરીશ ? આહા..હા...! સિદ્ધ પર્યાયની પરિણતિ પણ છે.

**'પરંતુ અપરિણામી તત્ત્વ ઉપર–જ્ઞાયક ઉપર–દૃષ્ટિ...'** અપરિણામી તત્ત્વ ઉપર પલટતી પર્યાય નિર્ણય કરે છતાં પલટતી પર્યાય અપરિણામી તત્ત્વ ઉપર–જ્ઞાયક ઉપર લક્ષ્ય હોવાથી **'તે જ સમ્યગ્દૃષ્ટિ છે.'** ત્રિકાળ જ્ઞાયક ઉપર દૃષ્ટિ છે એ પર્યાય સમ્યગ્દૃષ્ટિ છે. આહા..હા...! પર્યાય ઉપર પર્યાયનું લક્ષ્ય નથી. એટલો ફેર છે. પર્યાય ઉપર પર્યાયનું લક્ષ્ય નથી. પર્યાયનું લક્ષ્ય દ્રવ્ય ઉપર અને જોર ત્યાં છે. એ પોતે સ્વતંત્રપણે પોતાથી કરે છે. તેથી તે સમ્યગ્દૃષ્ટિ છે. એ ત્રિકાળી વીતરાગ સ્વભાવની દૃષ્ટિ, ગૌણ ભલે કરી પર્યાયને, પર્યાયને ગૌણ કરી, પણ એ સમ્યગ્દૃષ્ટિ ગૌણ થતો નથી. આહા..હા...! સમજાય છે કાંઈ ?

માટે **''આ મારી જ્ઞાનની પર્યાય, આ મારી દ્રવ્યની પર્યાય એમ પર્યાયમાં શું કામ રોકાય છે ?''** કેમ કે તે વીતરાગી પર્યાય થશે જ. થશે જ એમાં શું ? આ પર્યાય થઈ અને આ મારી (પર્યાય) એમ રોકાય છે શું કરવા ? વીતરાગી આનંદનો પર્યાય પ્રગટ થશે જ. એથી આ પર્યાય મારી એમ લક્ષ્યમાં ન લે. પર્યાય છે એ દ્રવ્યના લક્ષે પણ સ્વતંત્રપણે થઈ છે. આહા..હા...! પર્યાય કર્તા, પર્યાય-પર્યાયનું કર્મ, પર્યાયનું કરણ–સાધન, દ્રવ્ય-ગુણ સાધન નહિ. આહા..હા...! ફક્ત લક્ષ્ય ત્યાં ગયું છે, એ પણ સ્વતંત્રપણે કર્તા થઈને, પર્યાયનું સ્વતંત્રપણે કર્તા થઈને લક્ષ્ય ગયું છે. આહા..હા...! માટે મારી આ પર્યાય (એમ) પર્યાય ઉપર એક લક્ષ્ય રાખીશ નહિ, એમ કહે છે. અનુભવ કરવામાં તો દ્રવ્ય ઉપર જ લક્ષ્ય રાખજે. આહા..હા...! એવું ઝીણું આવ્યું. આહા..હા...!

**'પર્યાયમાં શું કરવા રોકાય છે ? નિષ્ક્રિય તત્ત્વ ઉપર–તળ ઉપર...'** આહા..હા...! પર્યાયની પાછળ તળ–મોટું તળિયું પડ્યું છે, પાતાળ છે, ભગવાન છે. તેના ઉપર લક્ષ્ય હોવાથી તળ ઉપર દૃષ્ટિ રાખ. દૃષ્ટિ ત્યાં પણ એ દૃષ્ટિ પણ સ્વતંત્ર આપ. દૃષ્ટિ પણ સ્વતંત્રપણે દ્રવ્ય ઉપર આપ. દ્રવ્ય છે માટે મારે દૃષ્ટિ કરવી પડે છે, આહા..હા...! એમ પણ નથી. ઝીણી વાત છે, ભગવાન ! વીતરાગ ત્રણ લોકના નાથ એની કથની કોઈ અલૌકિક છે. આહા..હા...! સમજવામાં જરી કઠણ પડે.

તળ ઉપર દૃષ્ટિ સ્થાપ. છે સ્વતંત્ર દૃષ્ટિ. દૃષ્ટિમાં જ બધું વેદન છે પણ તેનું લક્ષ્ય પર્યાય ઉપર ન રહેતા પર્યાયનું લક્ષ્ય દ્રવ્ય ઉપર જાય છે. તેનું લક્ષ્ય ત્યાં જાય છે, બસ !

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એટલું છે. **'પરિણામ તો થયા જ કરશે.'** છે ? બીજો પેરેગ્રાફ. **'પરિણામ તો થયા જ કરશે.'** આનંદ, વીતરાગ, વેદન.. વેદન.. વેદન... વીતરાગ... આહાહા..! **'પણ આ મારી અમુક ગુણપર્યાય થઈ,...'** એટલે ? આ પર્યાય જેટલો છું અને એટલું મને થયું એમ ન કરીશ, પ્રભુ ! આહા..હા...! છે ? **'આ મારી અમુક ગુણપર્યાય થઈ, આ મારા આવા પરિણામ થયા–એમ શા માટે જોર આપે છે ? પર્યાયમાં પલટતા અંશમાં દ્રવ્યનું પરિપૂર્ણ...'** પર્યાયમાં એટલે પલટતા અંશમાં એટલે કે **'દ્રવ્યનું પરિપૂર્ણ નિત્ય સામર્થ્ય થોડું આવે છે'** આહા..હા...! થોડું આવે છે એટલે કે આખું દ્રવ્ય પર્યાયમાં જણાય છે પણ આવતું નથી એટલી અપેક્ષા, હોં ! દ્રવ્યનું સામર્થ્ય પરિપૂર્ણ પર્યાયમાં આવે છે પણ દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. એ માટે **'પરિપૂર્ણ નિત્ય સામર્થ્યને અવલંબે ને !'** પરિપૂર્ણ ભગવાનનું અવલંબન લે, એ પણ સ્વતંત્રપણે વીતરાગ આનંદ પ્રગટ કરીને. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**અહો ! આ આત્મતત્ત્વ તો ગહન છે. એને આંખો મીંચીને, બહારના પાંચે ઇન્દ્રિયનો વેપાર બંધ કરીને, મનના સંબંધથી વિચાર કરે કે અહો ! આ આત્મવસ્તુ અચિંત્ય છે, જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક જ છે–એવો વિકલ્પથી નિર્ણય કરે છે તે હજુ પરોક્ષ નિર્ણય છે. પરોક્ષ એટલે પ્રત્યક્ષ સ્વાનુભવ નથી થયો માટે તેને પરોક્ષ કહ્યો. મનની બહારનો બોજો ઘણો ઘટાડી નાખે ત્યારે મનથી અંદરના વિચારમાં રોકાય અને ત્યાંથી પણ પછી ખસીને અંદર સ્વભાવના મહિમામાં રોકાય એને આનંદનો અનુભવ થાય તેને સમ્યગ્દર્શન કહે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે ને તેને પામવાનો આ ઉપાય છે. આમાં કાંઈ મૂંઝાવા જેવું નથી. સ્વભાવનો આશ્રય તો મૂંઝવણને ટાળી નાખે છે. અત્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા છે તેને તો મનથી પણ સાચો નિર્ણય કરવાનો વખત નથી.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૨૩૩)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



# શ્રી સમયસાર કળશટીકા, કળશ–૧૭૩, તા. ૧૧-૯-૧૯૬૫, પ્રવચન નં. ૧૫૬ [૨૪]

'સમયસાર કળશ' ૧૭૩. ફરીને એ શ્લોક પહેલેથી (લઈએ). અર્થ.. અર્થ. શ્લોક તો આવી ગયો. શ્લોકનો અર્થ થોડો ચાલ્યો છે, ફરીને. શું કહે છે? આચાર્ય મહારાજ એમ ફરમાવે છે કે **'अमी सन्तः निजे महिम्नि धृतिम् किं न बन्धन्ति'** અરે...! **'સમ્યગ્દષ્ટિ જીવરાશિ...'** જેને નિશ્ચયની દૃષ્ટિ થઈ છે અને વ્યવહારનો અંતરદૃષ્ટિમાં ત્યાગ કર્યો છે. સમજાય છે કાંઈ ? જે આત્મસ્વરૂપ શુદ્ધ ચિદાનંદ ધ્રુવ છે એવી જેને દૃષ્ટિ થઈ છે એવા સમ્યગ્દષ્ટિ જીવરાશિ **'પોતાના શુદ્ધ ચિદ્રૂપ સ્વરૂપમાં...'** પોતાનો જ્ઞાનાનંદ શુદ્ધ ચિદ્રૂપ આત્મા, તેમાં **'સ્થિરતારૂપ સુખને કેમ ન કરે ?'** અર્થાત્ તેમાં શાંતિની, આનંદની પ્રાપ્તિ કેમ ન કરે ? વ્યવહારમાં કંઈ નથી. આવશે, વ્યવહારનું પછી લેશે. વ્યવહારનું નામ અહીંયા લેશે.

ભગવાન કેવળજ્ઞાને બિરાજમાન, વચમાં આવે છે. **'जिनैः उक्तं' 'પરમેશ્વર કેવળજ્ઞાને બિરાજમાન...'** એમ કહ્યું. હું પરને મારું, જીવાડું, સુખી, દુઃખી કરું એ તારા અધિકારની વાત નથી. તું કરી શકતો જ નથી. પરને સુખ-દુઃખ આપું, અનુકૂળ સંયોગ આપું, પ્રતિકૂળને દૂર હટાઉં, પ્રતિકૂળતા આપું, જીવાડું કે મારું કે પરના બંધ-મોક્ષ કરું – કેવળજ્ઞાને બિરાજમાન સર્વજ્ઞ પરમેશ્વર એમ કહ્યું કે એ તારી માન્યતા તદ્દન મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ ? ભગવાને એમ ફરમાવ્યું, આચાર્ય કહે છે, **'जिनैः उक्तं'** ત્રણ લોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન છે એ પરમેશ્વર એમ ફરમાવે છે કે પરને બંધ કરું, બીજાને સંસારમાં રખડાવું, બીજાનો સંસાર છોડાવી દઉં, જીવાડું, મારું અને સુખ-દુઃખ આપું, એ તારાથી ક્યારેય થતું નથી. તારી એ માન્યતા મિથ્યાત્વ છે. ભગવાન એમ ફરમાવે છે કે વ્યવહાર પરને આશ્રયે છે, જે પરને છોડાવવા લાયક છે, છૂટવા લાયક છે. વિશેષ સ્પષ્ટ પછી કરશે.

ધર્માત્મા પોતાના સ્વરૂપમાં પરનો વિકલ્પ છોડીને પોતાની નિજ સ્વરૂપ શુદ્ધ નિધિ, એમાં કેમ સ્થિરતા ન કરે ? અર્થાત્ સ્થિરતા કરીને આત્મામાં સુખ, અતીન્દ્રિય આનંદ છે એની દૃષ્ટિ કેમ ન કરે ? કેમ કે વ્યવહારથી તો તારામાં પરથી કાંઈ થતું નથી. વ્યવહારથી પણ પરથી તારામાં કંઈ થતું નથી. આગળ વિશેષ કહેશે. અને પરને આશ્રયે ઉત્પન્ન થનારા

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દયા, દાનના ભાવથી પણ તને કોઈ લાભ નથી. એમ પરમેશ્વર જૈન કેવળજ્ઞાને બિરાજમાન ફરમાવ્યું કે હે જીવો! એ વ્યવહારની રુચિ–દૃષ્ટિ છોડીને પોતાના જ્ઞાયક સ્વરૂપમાં આનંદને કેમ ન અનુભવે ? 'સેઠી' !

**'અર્થાત્ સર્વથા કરે.'** જ્યારે પરમેશ્વરે એમ કહ્યું કે તું પરની કદી કંઈ, સેવા, લેવા, દેવા, વસ્તુ લેવી-દેવી કંઈ કરી શકતો નથી. પરમેશ્વરે એમ ફરમાવ્યું અને તું હવે કેમ અંતરદૃષ્ટિ કરતો નથી ? બહારની લપમાં તારી માન્યતામાં કેમ આમ પડ્યું છે ? 'અમરચંદભાઈ' ! આહા..હા...! માટે કહે છે ને, પહેલા નક્કી કર ! જુઓ ! એ આવ્યું.

**'કેવો છે નિજ મહિમા ?' 'શુદ્ધજ્ઞાનઘને'** આત્મા તો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનનો ઘન પિંડ છે અને **'રાગાદિ રહિત એવા ચેતનાગુણનો સમૂહ છે.'** જ્ઞાનનો પુંજ છે, અનાકુળ આનંદનું ધામ છે એવી વસ્તુમાં દૃષ્ટિ કેમ કરતો નથી ? સમજાય છે કાંઈ ? પરનું કાંઈ કરી શકતો નથી ને હેરાન કેમ થાય છે ? 'શોભાલાલભાઈ' ! એમ કહે છે.

**શ્રોતા :–** માલ તો આવી ગયો !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ ધૂળમાં પણ આવતું નથી. શું કહે છે ? અહીં ના પાડે છે કે તું તાર પણ કરી શકતો નથી ને માલ આવવો, નહિ આવવો તારા અધિકારની વાત નથી.

**શ્રોતા :–** માલ આવી જાય છે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માલ આવી જાય છે તો ક્યાં આવી જાય છે ? ધૂળમાં આવે છે ? 'મનસુખભાઈ' ની વાત કરે છે. ઠીક ! મેં કીધું, શું કહે છે આ ? શું કહે છે ? પાછું પકડાવું જોઈએ ને ! એની ધૂળનું કહે છે. કહો, સમજાય છે કાંઈ ? એ તાર કરવામાં શબ્દ બોલવા એ તારાથી થતું જ નથી. અહીંયા ભગવાન પરમેશ્વર એમ કહે છે, એમ આચાર્ય (કહે છે) જુઓ ને ! **'जिनैः उक्तं', 'जिनैः उक्तं', 'जिनैः उक्तं'**. આહાહા..! **'जिनैः उक्तं'** પરમેશ્વર ત્રણ લોકના નાથ જિન સર્વજ્ઞદેવ એણે **'जिनैः उक्तं'**, એમ કહ્યું કે તું ભાષા કરી શકતો નથી, ચાલી શકતો નથી. એ તો બધી જડની ક્રિયા થવાની હોય તો થાય. તાર કરી શકતો નથી, માલ લાવી શકતો નથી, માલ વેંચી શકતો નથી. 'સેઠી' !

ક્યાં નથી લખ્યું ? અહીં છે, જુઓ ! જુઓ ! નીચે. **'ઇત્યાદિ છે જે મિથ્યાત્વરૂપ અસંખ્યાત લોકમાત્ર પરિણામ...'** અંદર લખ્યું છે, જુઓ ! હજી આવ્યું નથી, હું તો પહેલેથી (કહું છું). અંદર લખ્યું છે, જુઓ ! **'હું મારું, હું જિવાડું, હું દુઃખી કરું, હું સુખી કરું, હું દેવ, હું મનુષ્ય ઇત્યાદિ...'** ઇત્યાદિ વચમાં છે, નથી એમ નહિ. એ બધું આવ્યું, ઇત્યાદિ. કેટલું લખે ? સમજાય છે કાંઈ ? જુઓ ! નીચે. અંદર લખ્યું છે. જુઓ ! શું છે ? હું.. હું.. શબ્દ છું, હોં ! હું મારું, જુઓ ! વચમાં છે. **'सर्वत्र अध्यवसानम्'** ની વ્યાખ્યા. હું એને મારું, હું એને જિવાડું, હું દુઃખી કરું, હું સુખી કરું, હું દેવ, હું મનુષ્ય, હું પશુ, હું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



નારકી, હું ઝવેરી, હું ખજૂરનો વેપારી.. સમજાય છે કાંઈ ? અને હું આ ભાડાનો ઉપજાવનાર. લ્યો, એ પણ આવે છે કે નહિ ? 'નેમિદાસભાઈ' ક્યાં એમાંથી નીકળી જાય છે ? ભાડા સમજો છો ? કિરાયા. બે-બે લાખના ત્રણ બંગલા છે તો ભાડું ઉપજાવે છે. બસ ! વ્યાજ આપજો. વ્યાજ પણ ઉપજાવતો નથી, એમ કહે છે. પુણ્ય એની પાસે રહ્યું, આત્મામાં શું આવ્યું ? એ પુણ્ય પણ મારું નથી, પુણ્યનું ફળ પણ મારું નથી. એ પુણ્ય તો જડ રજકણ છે. એ રજકણ તારાથી આવ્યા છે ? અને એ રજકણના નિમિત્ત તરીકે આવ્યા તો એને કારણે આવ્યા છે, તારા પરિણામથી આવ્યા નથી. કહો, 'નેમિદાસભાઈ' ! બે જણા છે ને દસ-દસ હજારનું ભાડું ઉપજે છે. ભાડા સમજ્યા ને ? બે-બે લાખના ત્રણ બંગલા, એક બે લાખનો રાખ્યો છે રહેવા માટે અને બેના ભાડા ઉપજે. ધૂળમાં પણ નથી. એ શું આત્મા કરી શકે છે ? એમ કહે છે.

**શ્રોતા :–** ....એણે રાખ્યા છે ને ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના. રાખી છે એની મમતા. સમજાય છે કાંઈ ? બધો ભેગો કરે છે, કહે છે. કોણ કરે ? એક રજકણ પણ, આંખની પાંપણ ફેરવવી, જિનેશ્વર '**जिनैः उक्तं**' પરમેશ્વર કહે છે, હું પાંપણને ફેરવું છું એ તારો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! 'ન્યાલભાઈ' ! તમારા દીકરાનું આવે છે એમાં, આવે તો બધું ભેગું આવે કે નહિ ? આહા..હા...!

આ તો પહેલેથી લઈએ, આચાર્ય મહારાજ (કહે છે). શ્લોકમાં પાઠ છે, હોં ! '**जिनैः उक्तं**' જુઓ ! '**जिनैः उक्तं**'. પરમેશ્વર કેવળજ્ઞાને બિરાજમાન, જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન અરિહંતને થયું '**તેમણે એવા કહ્યા છે.**' જુઓ ! છે ? '**તેમણે એવા કહ્યા છે.**' જુઓ ! પાઠમાં, જુઓ ! અંદર '**जिनैः उक्तं**' ની વ્યાખ્યા છે. શું ? હું મારું, આ જીવને મારી શકું છું. ભગવાન કહે છે, હું મારું એ મિથ્યાત્વભાવ છે. હું જીવાડું એ મિથ્યાત્વભાવ પાખંડ અજ્ઞાનભાવ છે. હું સુખી કરું, હું દુઃખી કરું, હું મનુષ્ય, હું દેવ, હું ધનવંત, હું નિર્ધન, હું પંડિત ને હું મૂર્ખ એમ હું.. હું.. હું.. પરવસ્તુમાં જેટલું અભિમાન છે તે બધો મિથ્યાત્વભાવ છે અને કેવળી ઉક્ત (–કહે) છે. મિથ્યાત્વભાવ વ્યવહારના અસંખ્ય ભાવ છે તે બધા મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ ? આહા..હા..! આ વાત.

સ્ત્રીઓને એ લાગુ પડે કે હું સ્ત્રી છું, હું હોંશિયાર છું, મારું શરીર સુંદર છે, હું દાગીના, કપડાની વ્યવસ્થા કરી શકું છું, હું દાળ, ભાત, રાટલી બરાબર બનાવી શકું છું, હું પુરણપોળી, મેસૂભ બરાબર કરી શકું છું. '**जिनैः उक्तं**' પરમેશ્વર કેવળજ્ઞાને બિરાજમાન એમ ફરમાવે છે કે એ તારો ભાવ તદ્દન મિથ્યાત્વભાવ છે. '...ભાઈ' ! આ ભારે વાત. આહા..હા..! મૂળ શ્લોક છે. એમાં તો મોટી તકરાર ચાલી હતી. 'બનારસીદાસે' જ્યારે એનો અર્થ કર્યો, જેટલો વ્યવહારભાવ તેટલો મિથ્યાત્વભાવ કેવળી કહે છે. એમાં છે ને ? એમાં છે. સમજાય છે કાંઈ ? આ શ્લોકનું એમાં છે ને ? એ વખતે બહુ ગડબડ થઈ હતી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ શું કહ્યું ? 'સેઠી' ! જુઓ ! (નાટક સમયસાર–બંધ દ્વાર–૩૨)**'અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ,...'** મિથ્યાશ્રદ્ધા–મિથ્યાભાવ–ઊંધી માન્યતા. **'અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ, તેઈ વિવહાર ભાવ કેવલી ઉકત હૈં.'** **'જિનૈઃ ઉક્તં'** જૈન પરમેશ્વર એમ કહે છે કે જેટલો વ્યવહાર તેટલા મિથ્યાત્વભાવ છે કેમ કે મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું, મેં કર્યું... એવી તારી વ્યવહારની માન્યતા મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ ? અને એ મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન થતું નથી. ત્યાં સુધી ચારિત્ર ને વ્રત-ફ્રત કદી હોતા નથી. સમજાય છે કાંઈ ?

**'જિન્હકૈ મિથ્યાત ગયૌ સમ્યક્ દરસ ભયૌ, જિન્હકૈ મિથ્યાત ગયૌ સમ્યક્ દરસ ભયૌ, તે નિયત-લીન વિવહારસૌં મુકત હૈં.'** સમ્યગ્દૃષ્ટિ જીવ નિશ્ચયમાં લીન–હું જ્ઞાયક છું–એ દૃષ્ટિ છે. વ્યવહારથી મુક્ત છે. વિકલ્પ આદિ આવે છે તેનાથી પણ સ્વભાવમાં મુક્ત છે. આહા..હા...! જુઓ ! **'નિરવિકલપ નિરૂપાધિ આતમ સમાધિ,...'** ભગવાન નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ, તેની દૃષ્ટિ કરીને **'સાધિ જે સુગુન મોખ પંથકૌં ઢુકત હૈં. તેઈ જીવ પરમ દસામૈં થિરરૂપ હ્વૈકે, ધરરમૈં ધુકે ન કરમસૌં રૂકત હૈં.'** સમજાય છે કાંઈ ? આ શ્લોકનો અર્થ છે, હોં ! આ શ્લોક છે ને ? શ્લોક ચાલે છે ને એનો ?

શું કહે છે ? જિન પરમેશ્વર કેવળજ્ઞાને બિરાજમાને કહ્યું કે હું મનુષ્ય આદિને જીવાડું, હું ક્રોધી-માની, હું લોભી, હું સધન, હું નિર્ધન, હું ગરીબ, હું મૂર્ખ.. એમ હું.. હું... હું મૂર્ખ એ બધો મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ ? હું સ્ત્રી છું, હું પુરુષ છું, હું નપુંસક છું એ બધી માન્યતા મિથ્યાત્વભાવ છે, આત્મા એવો છે જ નહિ. કેવો છે પરિણામ જે પરમેશ્વર કહે છે ? એ પરિણામ કેવા છે ? **'ઇત્યાદિ...'** અંદર છે કે નહિ ? હું ઝવેરી છું, હું ઝવેરાતની બરાબર પરીક્ષા કરી શકું છું, હું બધામાં ડાહ્યો છું. ડાહ્યાને શું કહે છે ? શાણા. હોંશિયાર છું, હું પરમાં હોંશિયાર છું, એ બધી માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. સમજાય છે કાંઈ ? આ શ્લોક તો અલૌકિક વાત છે !

**'ઇત્યાદિ છે જે મિથ્યાત્વરૂપ અસંખ્યાત લોકમાત્ર પરિણામ...'** અસંખ્યાત પ્રમાણ, અસંખ્ય લોક પ્રમાણે મિથ્યાત્વની સંખ્યા (છે). જ્યાં ત્યાં મેં આમ કર્યું, મેં આમ કર્યું, મેં આમ કર્યું. શરીરનું આમ કર્યું, દેશનું આમ કર્યું, રસ્તા આવા બનાવી આપ્યા, તળાવ બંધાવ્યા, સરોવર બનાવ્યા, લોકોને આવી સગવડતા કરી આપી, અગવડતા દૂર કરી, બધો મિથ્યાત્વભાવ છે. 'નવરંગભાઈ' !

**શ્રોતા :–** હવે તો ઘણી સગવડતા થઈ ગઈ !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ સગવડતા ? ધૂળમાં. એ ઉતર્યા એને કારણે થઈ. કોઈએ કરી તો થઈ છે ? શું કહે છે ? મહાસિદ્ધાંત છે. **'ઇત્યાદિ...'** ઇત્યાદિ. હું કેટલું લખું ? કહે છે. પોતાના આત્મા સિવાય બીજા આત્મા અને બીજા પરમાણુથી માંડીને સ્કંધની કોઈપણ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પર્યાય હું કરી શકું છું, એવા અસંખ્ય પ્રકારનાં મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ ?

કહે છે કે જ્યારે ભગવાન એમ કહે છે કે તારાથી થઈ શકતું નથી, તો તું તારા આત્માના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કેમ કરતો નથી ? સમજાય છે કાંઈ ? **'सम्यक् निश्चयं आक्रम्य'** જુઓ ! **'तत् सम्यक् निश्चयं आक्रम्य' 'તે કારણથી સમ્યક્ નિશ્ચયને અર્થાત્ નિર્વિકલ્પ વસ્તુમાત્ર...'** એનો અર્થ કર્યો. સમ્યક્ નિશ્ચય નિર્વિકલ્પ વસ્તુ, તેનું નામ સમ્યક્ નિશ્ચય. **'आक्रम्य' 'જેવી છે તેવી અનુભવગોચર કરીને,...'** જુઓ ! ભગવાન જ્ઞાનમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા છું એમ અંદરમાં નિશ્ચયને પકડીને પોતાના સ્વભાવને અનુભવગોચર કરી... **'કેવો છે નિશ્ચય ?' 'एकम् एव' 'નિર્વિકલ્પ વસ્તુમાત્ર...'** જેમાં પરનું કરું એવો ભાવ તો નથી પણ અસ્થિરતાના પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિના ભાવ આવ્યા તે પણ વસ્તુમાં નથી. સમજાય છે કાંઈ ?

**'एकम् एव' 'નિર્વિકલ્પ વસ્તુમાત્ર છે...' 'एव' 'નિશ્ચયથી.'** ભગવાન જ્ઞાનનો પિંડ પ્રભુ, જ્ઞાનનો પુંજ એકરૂપ છે. તેનો આશ્રય કેમ કરતા નથી ? જે કરી શકે છે તેને કેમ કરતા નથી ? અને પરનું કરી શકતો નથી છતાં કરું છું એમ કેમ માને છે ? સમજાય છે કાંઈ ? શું આવ્યું ? ડૉક્ટર ! તમારા ઇંજેક્શન-ફીંજેક્શન બધું ઇત્યાદિમાં આવી ગયું હોં ! નથી કરી શકતો તો કોણ કરે છે ? ખબર નથી ? માર્યું ત્યાં અંદર (દુઃખાવો) વધે. અંદર થવાની પર્યાય હોય તેને કોણ રોકે ? કોણ કરી શકે ? સમજાય છે કાંઈ ?

**'निष्कम्पम्' 'સર્વ ઉપાધિથી રહિત છે.'** કેવી ચીજ છે આત્મા ? વસ્તુ પરમાનંદની મૂર્તિ વીતરાગ વિજ્ઞાનઘન, નિષ્કંપ સર્વ ઉપાધિથી રહિત, કંપ એટલે રાગરહિત, ઉપાધિ રહિત. **'यत् सर्वत्र अध्यवसानम् अखिलं एव त्याज्यं'** જુઓ ! **'यत् सर्वत्र अध्यवसानम् अखिलं एव त्याज्यं' 'જે કારણથી...' 'सर्वत्र अध्यवसानम्'** એક શબ્દ. સર્વત્ર અધ્યવસાન. એક દ્રવ્યને છોડીને બીજા દ્રવ્યની કોઈ પર્યાય હું કરું, હું કરું, હું કરું, મેં કરી.. ભારે વાત, ભાઈ ! સંતોષ જતો રહેશે. મેં આ કર્યું, મેં આ કર્યું... સંતોષ માનતો હતો, મૂર્ખ ! સમજાય છે કાંઈ ? કેમ હશે આમાં ? 'મલૂપચંદભાઈ' ! આ છોકરાઓ હોંશિયાર થઈને કાંઈક કરતા હશે કે નહિ ? જુઓ ! **'सर्वत्र अध्यवसानम्'** સર્વત્ર નામ પોતાના આત્મા સિવાય પર આત્મા અને પર પરમાણુ આદિ પિંડ, એની કોઈ ક્ષેત્રમાં, કોઈ કાળમાં, કોઈ ભાવથી એ ક્રિયા કરી શકું છું, એ માન્યતા પરમેશ્વર કહે છે કે એ તારી મિથ્યાત્વની પાખંડની માન્યતા છે. આહા..હા..હા...! હવે રાડ પાડે છે. ભાઈ ! નથી ખબર પડતી ? ઘડીકમાં થાય તો હા.. (કરે છે). એ જડની પર્યાય છે, કોણ રોકે ? દવાથી મટે નહિ, એ તો મટવાની પર્યાય હોય તો મટે. દવા–એક દ્રવ્ય બીજા દ્રવ્યને કંઈ કરે એ માન્યતા મિથ્યાત્વ છે. આહા..હા..! ડૉક્ટરે શું કરવું ? શું તમે કહેતા હતા ? 'શાંતિભાઈ' ! શું કહેતા હતા ? કાંઈક કહેતા હતા ને ? દર્દી ઊભો ન રહે. 'ચંદુભાઈ' તો મોટા ડૉક્ટર છે ને ? મોટા ડૉક્ટર. 'ચંદુભાઈ'નું મોટું દવાખાનું ચાલે છે. દર્દી ઊભો ન રહે. જૂઠા બોલ. બનવાનું હોય તો બને છે, ત્યારે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આ નિમિત્ત કહેવામાં આવે છે. બાકી અમારાથી બને અને દવાથી બને એમ કહેવા જાય તો કોઈ આવે નહિ. એમ કહે અને ન આવે એનો અર્થ શું ? એ વાત પણ ખોટી છે. આવવાનું હોય એ આવ્યા વિના રહે નહિ અને ન આવવાનું હોય એ ન જ આવે, ન આવવાનું ન જ આવે ને આવવાનું હોય એ આવે જ, ત્યાં કોઈના અધિકારની વાત છે ?

**શ્રોતા :–** મૌન રહે તો ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મૌન રાખે તો ! બોલે કોણ ?

સર્વત્ર અધ્યવસાય. જુઓ ! હું મનુષ્ય, હું પશુ, હું નારકી, હું ઝવેરી, હું મૂર્ખ, હું કાપડિયો. કાપડનો વેપાર હોય ને ? એ કાપડિયો, હું દોશી, હું અનાજનો વેપારી, હું ઇજનેર. વકીલ રહી ગયા. હું વકીલ. સમજાય છે કાંઈ ? કહે છે કે મિથ્યાત્વ. એ બધા અસંખ્ય પ્રકારના મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ?

**શ્રોતા :–** ઓળખાણ જતી રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઓળખાણ શું જતી રહે ? આત્મા છે–એની ઓળખાણ તો એ છે. શું વકીલ છે આત્મા ? વકીલાતથી આત્માને ઓળખવો છે ? વકીલાત ચાલી જશે તો આત્મા નહિ રહે ? સમજાય છે કાંઈ ? એની ઓળખાણ તો અહીંયા કીધું ને ? ચેતનાગુણનો સમૂહ છે. છે ? એની ઓળખાણ તો જ્ઞાનાનંદ.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન એ એની ઓળખાણ છે. બીજો કોઈ એની ઓળખાણ નથી. બોલે એ જુદી વાત પણ એમ માનવું એ મિથ્યાત્વભાવ છે.

**'અસંખ્યાત લોકમાત્ર પરિણામ...'** પરિણામ, હોં ! એ પરિણામ છે ને ? માન્યતાની પર્યાય છે. **'अखिलं एव त्याज्यं'** જુઓ ! **'તે સમસ્ત પરિણામ હેય છે.'** તે સમસ્ત પરિણામ છોડવા લાયક છે. આહા..હા...! રાડે રાડ નાખે છે, મોટા પંડિતો અત્યારે રાડ નાખે છે. હજી કર્તૃત્વ અંદર .. છે ને ! ઘણાના કર્યા, ઊભા ઊભા સેવા કરી, રાતના ઉજાગરા કર્યા... ઉજાગરા કહે છે ને ? સવારથી સાંજ સુધી. સાંજથી સવાર સુધી. ચાર-ચાર પહોર ઉજાગરા. કાંઈ કર્યું નહિ અમે ? લાંબુ ચાલે તો મહિના-મહિના વારાફરતી કરે. કોઈ ચાર કલાક રહે, કોઈ બીજા ચાર કલાક રહે એમ કરીને બીજા સૂવે ને પેલા જાગે. શું એ ક્રિયા કરી શકે છે ? આહા..! 'સેઠી' ! કઠણ વાત છે. મરી ગયો છે અનાદિકાળથી આવા અભિમાન કરી કરીને. અભિમાન નહિ પણ મિથ્યામાન્યતા કરીને. આહા..હા..!

**'તે સમસ્ત પરિણામ હેય છે. કેવા છે પરિણામ ?' 'जिनैः उक्तं' 'પરમેશ્વર કેવળજ્ઞાને બિરાજમાન, તેમણે એવા કહ્યા છે.'** ભાઈ ! તને ખબર નથી સર્વજ્ઞ પરમેશ્વરે શું કહ્યું છે ? શાસ્ત્રમાં શું કહ્યું છે એ ખબર નથી. આમ બોલે, કેવળી પણત્તો ધમ્મો શરણં. આવે છે કે નહિ ? 'ભગવાનજીભાઈ' ! કેવળી પણત્તો. ભાઈ ! કેવળીએ કહ્યો તે ધર્મ. વળી પાછા પોતે માને તે ધર્મ. અહીં તો કહે છે કેવળજ્ઞાની પરમેશ્વરે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એમણે એમ ફરમાવ્યું કે **'तत्' 'મિથ્યાત્વભાવનો થયો છે ત્યાગ,...'** કહે છે

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કે પરમેશ્વરે કહ્યું કે એ બધો મિથ્યાત્વ છે. છોડી દે એકત્વબુદ્ધિ, છોડી દે એકત્વબુદ્ધિ. ભગવાન આત્મામાં આવી જા ! એમ કહે છે.

હવે વિશેષ કહે છે, **'તેને હું એમ માનું છું...'** જુઓ ! હવે જરી ખુબી છે. **'મિથ્યાત્વભાવનો થયો છે ત્યાગ, તેને...' 'मन्ये' હું એમ માનું છું...'** હવે આચાર્ય કહે છે. હવે આચાર્ય મહારાજ 'અમૃતચંદ્રાચાર્ય' આદિ સંતો કહે છે કે **'હું એમ માનું છું...'** ભગવાને જે ફરમાવ્યું કે પરનું કંઈ કરી શકતો નથી અને પરનું કરી શકું છું એ ભાવ મિથ્યાત્વભાવ છે; ભગવાને એ મિથ્યાત્વભાવને—એકત્વબુદ્ધિને છોડાવી છે, છોડાવી છે. તો હું એમ માનું છું, આચાર્ય કહે છે, **'હું એમ માનું છું...' 'निखिलः अपि व्यवहारः त्याजितः एव'** જુઓ ! હવે ખુબી આવી. હું તો એમ માનું છું કે ભગવાને પરનો આશ્રય એવો જે વિકલ્પ શુભાશુભ પરિણામ છે તેને જ ભગવાને છોડાવ્યા છે. શું કહ્યું ?

જેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરી શકતું નથી અને કરી શકું છું એમ માનવું મિથ્યાત્વ છે તો ભગવાને મિથ્યાત્વને છોડાવ્યું. તો આચાર્ય એમ કહે છે કે હું એમ માનું છું કે મિથ્યાત્વ-એકત્વબુદ્ધિ હતી. પરને આશ્રયે હું ક્રિયા કરી શકું છું એવી એકત્વબુદ્ધિ છોડાવી છે. આચાર્ય એમ કહે છે હું એમાં એમ માનું છું કે મારા પરિણામ જે પરને આશ્રયે થાય, દયા, દાન, વ્રત, ભક્તિ એમાં એકત્વબુદ્ધિ નથી, સમજાય છે કાંઈ ? પણ જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવ છે તે **'હું એમ માનું છું...' 'निखिलः अपि व्यवहारः त्याजितः एव' 'જેટલો છે સત્યરૂપ અથવા અસત્યરૂપ વ્યવહાર અર્થાત્ શુદ્ધસ્વરૂપમાત્રથી વિપરીત...'** શુભ પરિણામ હો કે અશુભ પરિણામ હો, સમજાય છે કાંઈ ? બધાનો ત્યાગ ભગવાન કહે છે એમ હું એમાંથી કાઢું છું ! શેમાંથી ? કે ભગવાને જ્યારે એમ ફરમાવ્યું કે પરને જીવાડું, મારવું એ તારા અધિકારની વાત છે. તું માને છે એ એકત્વ અધ્યવસાય મિથ્યાત્વભાવ છે. તું કરી શકતો નથી, છોડી દે.

આચાર્ય કહે છે, પરપદાર્થની ક્રિયા હું કરી શકતો નથી તો મિથ્યાત્વ છોડી દે – એમ ભગવાને ફરમાવ્યું છે. હું એમાંથી એમ કાઢું છું કે પરની એકત્વબુદ્ધિ તો છોડાવી છે પણ પરના અવલંબને જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો રાગ થાય છે તે પણ ભગવાને છોડાવ્યા છે, એમ એમાંથી હું કાઢું છું. 'સેઠી' ! સમજાય છે ? **'જેટલો છે સત્યરૂપ..'** સત્ય નામ શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના જેટલા શુભભાવ અને **'અસત્ય...'** અશુભ. તે **'શુદ્ધસ્વરૂપમાત્રથી વિપરીત...'** લ્યો ! ભગવાન આત્મા ગુણી અને ગુણ ભિન્ન એવો વિકલ્પ ઊઠે તે પણ વ્યવહાર, તે પણ વ્યવહાર છે. જેમાં અન્યનો આશ્રય છે, સ્વનો આશ્રય નથી.. અન્યની એકતાબુદ્ધિ તો છોડાવી પણ અન્યને આશ્રયે જેટલા વિકલ્પ થાય તે વ્યવહાર પણ ભગવાને છોડાવ્યા છે, એમ હું માનું છું. 'અમરચંદભાઈ' ! આહા..હા...! આ ગાથા અલૌકિક છે. લોકોને અંદરમાં મિથ્યાત્વભાવ ઘુસી ગયો છે. જ્યાં

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



ત્યાં, જ્યાં ત્યાં મેં કર્યું, મેં કર્યું.

અહીં તો કહે છે, ભગવાને વ્યવહાર પણ છોડાવ્યો છે. એકત્વબુદ્ધિ તો છોડાવી છે જ ! પરદ્રવ્યને જીવાડવા, મારવા, સુખી, દુઃખી કરવા એ નથી, એ ભાવ તો છોડાવ્યો છે જ પણ પરદ્રવ્યના આશ્રયે, સ્વદ્રવ્યનો આશ્રય છૂટીને જેટલો પરદ્રવ્યનો આશ્રય, અન્ય આશ્રય... નીચે આવશે, અન્ય નામ વિપરીત, સ્વભાવના આશ્રય વિના વિપરીત આશ્રય થયો તેમાં જેટલા વિકલ્પ ઊઠે છે તે બધાને ભગવાને છોડાવ્યા છે. અમે મુનિ તો એમ માનીએ છીએ કે ભગવાને વ્યવહાર પણ છોડાવ્યો છે. પરની એકત્વબુદ્ધિ છોડાવવાની સાથે ભગવાને પરઆશ્રિત વ્યવહાર પણ છોડાવ્યો છે. ભાઈ ! 'શોભાલાલભાઈ' ! આહા..હા...!

આ શ્લોક તો આખા જૈનદર્શનનું માખણ છે. સ્વાશ્રય અને પરાશ્રય–બે બોલ. પરની ક્રિયા કરી શકું છું એનો તો પહેલેથી નિષેધ કર્યો કે એ તો મિથ્યાત્વભાવ છે. પણ હવે એમાંથી હું બીજું એમ કાઢું છું, આચાર્ય પોતે પંચ મહાવ્રતધારી, સંત, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતાં મુનિ, પરમેશ્વરપદમાં બિરાજમાન છે. પાંચ પરમેષ્ઠી છે ને ? પરમેશ્વરે જ્યારે એમ ફરમાવ્યું કે પરદ્રવ્યની ક્રિયાની એકત્વબુદ્ધિમાં અધ્યવસાય મિથ્યાત્વ છે. માટે છોડી દે, તારા અધિકારની વાત નથી. તો એમાંથી મેં એમ કાઢ્યું કે પરના આશ્રયે જેટલો વ્યવહાર ઉત્પન્ન થાય છે તે બધો ભગવાને છોડાવ્યો છે. સમજાય છે કાંઈ ? કેટલાકે તો સાંભળ્યું પણ ન હોય. એમ ને એમ ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાંણં, ણમો આઈરિયાણં.. શું ણમો અરિહંતાણં ? એ અરિહંત શું કહે છે એ સમજ્યા વિના ણમો અરિહંતાણં ક્યાંથી લાવ્યો ? '...ભાઈ' ! ણમો અરિહંતાણં કેટલા વર્ષ કર્યા ? કેટલાકે પચાસ, સાંઈઠ વર્ષ કર્યા. અરિહંતની આજ્ઞા શું છે ? અને અરિહંતે સ્વતંત્ર કેવું જોયું છે તેની માન્યતાની તો ખબર નથી.

કહે છે કે '**હું એમ માનું છું...**' ઓ..હો..હો...! મુનિ, છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ એમ કહે છે કે મારી દૃષ્ટિમાં એમ આવ્યું કે ભગવાને જ્યારે (એમ ફરમાવ્યું કે) આત્મા પરની કોઈ ક્રિયા કરવામાં સમર્થ નથી. કરું છું એમ કંઈ પણ માનવું મિથ્યાત્વભાવ છે. એવી પરાશ્રય ક્રિયાને કરું છું એવા મિથ્યાત્વને છોડાવ્યું છે. હું એમાંથી એમ કાઢું છું કે સ્વાશ્રય સિવાય આત્મામાં તીર્થંકર ગોત્રનો ભાવ આવે એ પણ પરાશ્રય છે, તેને પણ ભગવાને વ્યવહાર જાણીને છોડાવ્યો છે. આહા..હા...! 'અમરચંદભાઈ' ! આહા..હા..! બધું છોડાવ્યું છે. છે જ નહિ, મુક્ત છે. સમ્યગ્દૃષ્ટિને જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવથી મુક્ત છે. આહા..હા..! એ ભાવ એનો નહિ. સમજાય છે કાંઈ ? એ... 'જમુભાઈ' ! શું કરવું ? કોની પાસે રાડ નાખવી ? અરે..! ભગવાન ! તને આવું કહ્યું ?

કહે છે કે, આચાર્ય કહે છે ને ? અંદર આવ્યું હતું ને ? જુઓને !

**'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-**
**स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः'**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



મારી શ્રદ્ધામાં એમ છે કે ભગવાન આમ કહેતા આવ્યા છે. જુઓ ! મુનિ આમ કહે છે અને આ લોકો અત્યારે (એમ કહે છે), નહિ, નહિ, નહિ. વ્યવહારથી થાય છે, વ્યવહારથી થાય છે. પહેલા ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને વ્યવહાર હોય છે, આઠમે ગુણસ્થાને નિશ્ચય થાય. 'અમરચંદભાઈ' ! આહા..હા...! અરે..! ગજબ પ્રભુ ! તું શું કરે છે ? પરમેશ્વરની સામે વેરી થઈને ઊભા રહેવું છે, તારે કરવું છે શું ?

હું ભગવાનને માનું છું. ભગવાનની આજ્ઞા માનીએ છીએ. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. માળા ગણે. ભગવાનની આજ્ઞા છે કે એ (માળાના) પારા ફરે છે એ તારાથી નથી ફરતા. એ તો છોડાવ્યું છે. પારાને હું ફેરવું છું એ તો મિથ્યાત્વભાવ છે પણ પારામાં પરલક્ષી જે ણમો અરિહંતાણં વિકલ્પ આવ્યો તે પણ અન્ય આશ્રિત હોવાથી ભગવાને છોડાવ્યો છે કે વ્યવહાર તારો નહિ.

**શ્રોતા :–** બાકી શું રહ્યું ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આખો આત્મા રહ્યો, શું રહ્યું નહીં ! ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ઓમ.. ઓમ.. ઓમ.. ઓમ.. મણકો ફરે ને એ હું આંગળીથી ફેરવું છું. એ આંગળી હું ફેરવું છું, હું મણકા ફેરવું છું એને તો ભગવાન મિથ્યાત્વ કહે છે. પરમેશ્વરે ઇત્યાદિમાં એ નાખ્યું છે. પરમેશ્વરે એને મિથ્યાત્વ કહ્યું છે. વિપરીત માન્યતાનું મહાન પાપ કહ્યું છે. તો આચાર્ય કહે છે કે હું એમાંથી એમ કાઢું છું કે પરાશ્રયે જેટલો વિકલ્પ ઊઠ્યા ને ? ભગવાન.. ભગવાન.. ભગવાન.. એ વિકલ્પ પણ વ્યવહાર જાણીને છોડાવ્યા છે. સમજાય છે કાંઈ ?

જેમ કે ભગવાને કહ્યું કે હું મંદિર બનાવી શકું છું એ તારી માન્યતા મિથ્યાત્વ છે. એ..! 'મલૂપચંદભાઈ' ! એને ઘણો ભાવ થાય છે પણ બધું અટક્યું છે. છોકરો પૈસા આપે ત્યારે ને ! શું કરવું આમાં ? કહો, સમજાય છે કાંઈ ? આમાં મહાસિદ્ધાંત એ છે કે મેં આ કર્યું એ માન્યતા મિથ્યાત્વ છે. પણ એમાંથી આચાર્ય મહારાજ એમ કાઢે છે કે એ તો મિથ્યાત્વભાવ છે એને તો ભગવાને છોડાવ્યો છે, પણ એના આશ્રયે જે શુભભાવ થયો, સ્મરણમાં ણમો અરિહંતાણં, સ્મરણમાં ભગવાનની ભક્તિનો ભાવ આવ્યો એ પરાશ્રિત હોવાથી, પહેલાં પરાશ્રિત ભાવમાં એકત્વબુદ્ધિ હતી, આમાં પરાશ્રિત ભાવ છે તો હું મુનિ એમ માનું છું કે ભગવાને એમ કહ્યું છે કે, મુનિ કહે છે કે હું એમ માનું છું કે પરાશ્રિત જેટલા ભાવ થાય છે તે બધા હેય છે, છોડાવ્યા છે. એમ ભગવાન કહે છે, એમ હું માનું છું. આહા..હા...! સમજાય છે કાંઈ ?

એનો અર્થ એમ નથી કે શુભભાવ છોડીને અશુભ કરવા. એ પ્રશ્ન જ અહીંયા નથી. સમજાય છે કાંઈ ? અહીંયા તો એક દ્રવ્ય ભગવાન આત્મા પરપદાર્થમાં કંઈ પણ કરવાની એની તાકાત દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, સ્વભાવમાં નથી અને રાગમાં નથી. શું કહ્યું ?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



આત્મામાં આ મંદિર બનાવવું, પુસ્તક બનાવવું કે બોલવું એ આત્માના દ્રવ્યમાં નથી, ગુણમાં નથી, નિર્મળ ક્ષયોપશમની પર્યાયમાં નથી, પણ રાગ આવ્યો એ રાગમાં તાકાત નથી કે પરની પર્યાય કરે. માટે પરપર્યાય હું કરું એ તો મિથ્યાત્વભાવ જૈન પરમેશ્વરે કહ્યો, માટે છોડી દે. પણ આચાર્ય કહે છે કે હું એમાંથી એમ કાઢું છું કે પરપર્યાય કરવી એ માન્યતા મિથ્યાત્વભાવ છે જ, પણ પરના આશ્રયે જેટલા શુભભાવ થાય છે તેને પણ ભગવાને છોડાવ્યા છે. આહા..હા...! મંત્રીજી ! છે એમાં ? શું છે ? જુઓ ! સમજ્યા વિના અજ્ઞાની તો ઊંધું જ કરે ને !

અહીં શું કહે છે ? **'હું એમ માનું છું કે...'** **'निखिलः अपि व्यवहारः त्याजितः'** 'અમૃતચંદ્રાચાર્ય' મુનિને છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ આવ્યો તો કહે છે કે હું પુસ્તક બનાવું છું એ માન્યતા મિથ્યાત્વ છે, જૈન પરમેશ્વરે કહ્યું છે. એ મિથ્યાત્વને તો છોડી દેવું પણ પરનું લક્ષ કરીને શાસ્ત્ર રચવાનો વિકલ્પ આવ્યો એ રાગને પણ ભગવાને વ્યવહાર જાણીને છોડાવ્યો છે. એમ અમે એમાંથી કોઢીએ છીએ.

**શ્રોતા :–** શાસ્ત્ર બનાવવાનો ભાવ આવ્યો એ પણ વિકલ્પ છે !

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, (શાસ્ત્ર) બનાવું એ વિકલ્પ છે. હોય એ બીજી વાત છે પણ વિકલ્પને હેય માન, સ્વભાવમાં દૃષ્ટિ કર એમ ભગવાને ફરમાવ્યું છે. બધા આગમનો સાર એમાં ભર્યો છે. કહો, 'પાટનીજી' ! આહા..હા..! રાડ નાખે છે. જૈનના વાડામાં જન્મ્યા અને ધણીનું ઓઢણું ને ધણીની આજ્ઞા માનવી નહિ. ઓઢણું સમજો છો ? કપડું, ચુંદડી. કપડા એના, આપણે આજ્ઞા માનવી નહિ, આજ્ઞા નહિ. અહીં આચાર્ય કહે છે, ભગવાનની એવી આજ્ઞા છે કે તારા દ્રવ્ય સિવાય એ મંદિર બનાવવું, પુસ્તક બનાવવા.. સમજાય છે કાંઈ ? કબાટ લાવવા, મકાન બનાવવા.. એ..ઇ...! માટે કોઈ બનાવતું નહિ હોય, એમ હશે ? બાપા ! માર્ગની એને ખબર નથી ને એણે સાંભળ્યો નથી.

વિકલ્પ આવે પણ એ વિકલ્પથી તે કાળે બને છે એ માન્યતા મિથ્યાત્વભાવ છે. આચાર્ય કહે છે કે મેં એમાંથી એમ કાઢ્યું છે અને 'કુંદકુંદાચાર્ય' પાછળ એમ કહે છે, 'વ્યવહારનય ...' ૨૭૨ ગાથા પહેલાનો આ શ્લોક છે. 'સમયસાર' ની ૨૭૨ ગાથા છે ને ? તેની પહેલાનો આ ઉપોદ્ઘાત આ શ્લોકમાં છે. ઉપોદ્ઘાત નામ પહેલા શરૂઆત કરી છે. ૨૭૨ માં એમ કહેશે, વ્યવહાર પ્રતિષેધ. છે અહીંયા ? આ ઉપોદ્ઘાતનો શ્લોક છે. આના પછી એ ગાથા આવે છે. **'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની'**

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી,**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.**

એ ૨૭૨ ગાથાની પહેલાનો આ ઉપોદ્ઘાત છે. 'કુંદકુંદાચાર્ય' જે કહેવાના છે એ પહેલા 'અમૃતચંદ્રાચાર્ય' શ્લોકમાં કહે છે, એ એમની શૈલી છે. હવે જે કહેવાના છે તેની વાત

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પહેલા કરે છે. સમજાય છે કાંઈ ? વ્યવહાર છોડાવ્યો, તો વ્યવહાર છોડીને કરવું શું ? વ્યવહાર છોડીને સ્વનો આશ્રય કરવો. દૃષ્ટિમાં તેને હેય માની જ્ઞાયકને ઉપાદેય માનવો. જ્ઞાયક સ્વભાવનો આદર કરવો તેને નિશ્ચયનો આશ્રય કહેવામાં આવે છે. આહા..હા...! સમજાય છે કાંઈ ? અનેકાંતનું પુસ્તક બનાવવું એ માન્યતા તો મિથ્યાત્વ છે, એમ કહે છે પણ એ પરાશ્રયે વિકલ્પ ઊઠ્યો છે, આચાર્ય કહે છે કે હું એમાંથી એમ કાઢું છું, જૈન પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞની આજ્ઞા છે કે પરની એકત્વબુદ્ધિ મિથ્યાત્વભાવ છે, તો મેં એમાંથી કાઢ્યું કે પરના આશ્રયે જેટલા વિકલ્પ ઊઠે છે તે પણ છોડાવ્યા છે. એ પણ તારી ચીજ નથી અને તારે આદર કરવાલાયક નથી. અહીંયા તો ચોથે, પાંચમે, છઠ્ઠે એકલો વ્યવહાર મોક્ષમાર્ગ થઈ ગયો. આહા..હા...! વ્યવહારમાં સંવર, નિર્જરા (માને). જે હેય છે, જે ઉદયભાવ છે, વિકારભાવ છે તેમાં તેનાથી સંવર, નિર્જરા થાય ! ગજબ કર્યું છે ! સમજાય છે કાંઈ ?

'ટોડરમલજી' નો સ્મૃતિ હોલ થાય છે, લ્યો ! લોકો વિરોધ કરે છે. નહિ, 'ટોડરમલજી' નું અપ્રમાણ છે. 'ટોડરમલજી' કહે છે, મોક્ષમાર્ગ બે નથી, એક જ છે. આ ગાથાનો અર્થ એમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં લીધો છે. છે ને ? એ જ લીધું છે. સાતમા અધિકારમાં છે ને ? જુઓ ! 'મોક્ષમાર્ગ પ્રકાશક' માં એ શ્લોક લીધો છે, હોં ! આ શ્લોક લીધો છે. શ્લોકનો અર્થ કર્યો છે : **'જેથી બધાય હિંસાદિ વા અહિંસાદિમાં અધ્યવસાય છે તે બધા જ છોડવા-એવું શ્રી જિનદેવે કહ્યું છે; તેથી હું એમ માનું છું કે-જે પરાશ્રિત વ્યવહાર છે તે સઘળો જ છોડાવ્યો છે તો સત્પુરુષ એક પરમ નિશ્ચયને જ ભલા પ્રકારે નિષ્કમ્પપણે અંગીકાર કરી શુદ્ધ જ્ઞાનઘનરૂપ નિજ મહિમામાં સ્થિતિ કેમ કરતા નથી ?'**

ભાવાર્થ :- **'અહીં વ્યવહારનો તો ત્યાગ કરાવ્યો છે, માટે નિશ્ચયને અંગીકાર કરી નિજમહિમારૂપ પ્રવર્તવું યુક્ત છે.'** આ શ્લોક છે. નથી વાંચવું, નથી વિચારવું, નથી સમજવું; ધોકા લઈને દાણા કૂટે છે, ખબર નથી. સમજાય છે કાંઈ ? આહા..હા...! અરે..! ભાઈ..!

અહીં આચાર્ય કહે છે, **'જેટલો છે સત્યરૂપ અથવા અસત્યરૂપ...'** શું ? ઓ..હો..હો...! પંચ મહાવ્રતના પરિણામ કે અવ્રતના ભાવ કે દયાનો ભાવ, પરનું કરવું એ નહિ પણ ભાવ આવ્યો, બસ ! એટલું. દયાનો ભાવ, સત્ય બોલવાનો ભાવ, બોલવું એ નહિ, એ એકત્વબુદ્ધિમાં ગયું, હું બ્રહ્મચર્ય પાળું એવો શુભભાવ, પરિગ્રહ છોડી દઉં એવો ભાવ, છોડી શકું છું એ એકત્વબુદ્ધિમાં ગયું, છોડી શકું છું એ નહિ, એ તો મિથ્યાત્વ છે, હવે પરાશ્રયે હું આ છોડું એવો શુભભાવ, એ સત્ય-અસત્યરૂપ બધું **'શુદ્ધસ્વરૂપમાત્રથી વિપરીત...'** સમજાય છે કાંઈ ? પુસ્તક રાખ્યું છે કે નહિ ? 'ઇન્દ્રસેનજી'! જુઓ ! તમારી હિન્દી ભાષામાં તો છે.

ભગવાન પરમેશ્વર પોકાર કરે છે, ફરમાવે છે અને પરમેશ્વરની શ્રદ્ધા કરનારને ન રુચે ? સમજાણું કાંઈ ? નિષેધ-નકાર ન કર, નકાર ન કર ! ભગવાનની આજ્ઞા તું માને છે કે તું તારી આજ્ઞા માને છે ? જિનાજ્ઞાને માને તો આવી અનીતિ સંભવે નહિ, જિનાજ્ઞાને

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



માને તો આવી અનીતિ સંભવે નહિ. પરનું કરી શકું છું, એ જિનાજ્ઞા ના પાડે છે અને પરના આશ્રયે જેટલો શુભભાવ આવ્યો તેનો જિનાજ્ઞા નિષેધ કરે છે. આ બધી તકરાર અત્યારે છે. આખા હિન્દુસ્તાનમાં ખળભળાટ ખળભળાટ થઈ ગયો છે. 'અમરચંદભાઈ' ! જાઓ, ભગવાન પાસે કહો કે તમે આમ કેમ કહ્યું ? 'શોભાલાલજી' ! જાઓ, ભાઈ ! ભગવાન પાસે કહો, મહાવિદેહમાં બિરાજે છે. જઈ શેનો શકે ઊંધો (ચાલે છે). અનંત તીર્થંકરો પાસે જા, અનંત તીર્થંકરો કહે છે. એક નહિ, ત્રણ કાળ ત્રણ લોકના જિનો વીતરાગ પરમેશ્વર (કહે છે), 'એક હોય ત્રણ કાળ માં પરમારથનો પંથ' બીજો કોઈ છે નહિ.

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાંભળે છે ક્યાં પણ ? એ તો જ્ઞાનમાં છે પહેલેથી કે આ બોલે છે, એના જ્ઞાનમાં નથી ? ભગવાને નવું સાંભળ્યું છે ? ભગવાનને કેવળજ્ઞાન થયું ત્યારથી જાણે છે કે આ ઊંધો નીકળશે. ખબર નથી ? ફલાણે સમયે, આ સમયે આ જીવ ઊંધી દૃષ્ટિવાળો એની દૃષ્ટિની પુષ્ટિ કરશે, એમ ભગવાને જોયું છે. 'અમરચંદભાઈ' ! ભગવાન તો બધું જુએ છે. અનાદિ કેવળી છે કે જગતમાં કોઈ દિ' કેવળી નહોતા ? અનાદિ કેવળી છે અને અનાદિથી વિપરીત માન્યતાવાળા છે એ જ્ઞાનમાં આવે છે કે આ વિપરીત માન્યતા કરે છે. સમજાય છે કાંઈ ?

આ તો આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્ય' મહારાજે ૨૭૨ ગાથામાં કહ્યું એના ઉપોદ્‌ઘાતનો આ કળશ છે. એમ જ મુનિ ફરમાવે છે. **'વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી'** નિશ્ચયથી નિષેધ છે. શ્રદ્ધામાં તો લાવ કે પરની ક્રિયા તો નહિ પણ પરના આશ્રયે જે શુભાશુભભાવ ઉત્પન્ન થયા (તે ભાવ પણ છોડવાયોગ્ય છે). જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ સમકિતીને હેય છે. ત્યારે આ કહે, ષોડશકારણ ભાવના ભાવો. 'દર્શનવિશુદ્ધ ભાવના ભાયે, ષોડશકારણ તીર્થંકરપદ પાય, પરમગુરુ...' દસે દિવસ પોકાર કરે. પણ શું બોલે છે એની ખબર નહિ. સમજાય છે કાંઈ ? પરમગુરુ હોય.. પછી શું આવે છે ? જય જય નાથ પરમગુરુ હોય. પણ પરમગુરુ ... આવા મિથ્યાત્વભાવથી થશે ? એ તો જ્ઞાનીને સહજ કર્તૃત્વબુદ્ધિમાં પર્યાયમાં એવો રાગ આવી જાય છે, છતાં વ્યવહારનો નિષેધ છે. ભગવાન ફરમાવે છે, આચાર્ય કહે છે અમે એમ માનીએ છીએ. ભગવાનની આજ્ઞામાં એમ આવ્યું છે કે પરની એકત્વબુદ્ધિનો નિષેધ કર્યો છે, તો અમે એમ જાણીએ છીએ કે પરના આશ્રયનો ભગવાને નિષેધ કર્યો છે. કેમ કે પરના આશ્રયમાં વ્યવહારમાં ફેર નથી. અધ્યાવસાયમાં એકત્વબુદ્ધિ અને વ્યવહારમાં પરનો આશ્રય, બન્ને એક પ્રકારના છે. હમણા એ કહેશે.

**'વ્યવહાર અર્થાત્ શુદ્ધસ્વરૂપમાત્રથી વિપરીત જેટલા મન-વચન-કાયના વિકલ્પો...'** જુઓ ! મનમાં શુભ વિકલ્પ ઊઠે, વાણી બોલતી વખતે શુભ વિકલ્પ ઊઠ્યો અને બહારની

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



દયા પાળવામાં કાયા ચાલે છે એમાં વિકલ્પ ઊઠે એ શુભ, **'તે બધા સર્વ પ્રકારે છૂટ્યા છે.'** **'તે બધા...'** **'त्याजितः'** ભાષા પાછી (એવી છે). ટીકા કરનાર એવો મળ્યો છે ને ! **'त्याजितः'** નો અર્થ **'સર્વ પ્રકારે છૂટ્યા છે.'** આહા..હા...! સમ્યગ્દષ્ટિને... મિથ્યાદષ્ટિ તો એને આદરણીય માને છે એટલે એને પ્રશ્ન નથી. સમ્યગ્દષ્ટિને પોતાના સ્વરૂપની આત્માની જ્ઞાનમયીની યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન થવાથી, વિકલ્પ આવે છે તે સર્વથા છોડવાયોગ્ય છે એમ માને છે. સમજાય છે કાંઈ ? સામે પુસ્તક છે, જુઓને ! મેળવો તો ખરા. સમજ્યા ? દિવાળીમાં નામા નથી લખતા ? એકબીજા ચોપડા રાખે છે કે નહિ ? અમારામાં જુઓ, તમારામાં જુઓ, કેટલા છે ? વાણિયા બહુ કરે. 'શોભાલાલભાઈ' તમારે તમાકુ માટે બહુ જવું પડે. કેટલા લઈ ગયા તમે ? 'વડોદરા' કેટલા ગયા ? ફલાણે કેટલા ગયા ? અહીં ભગવાન સાથે મેળવ તો ખરો કે ભગવાનના ચોપડામાં આ અને તારા ચોપડામાં શું છે ? મોટી ભુલ ! મણમાં આઠ પાનશેરીની ભૂલ-આખેઆખી, પૂરી ભુલ. આહા..હા..! અરે..! સાંભળ્યું નથી, સાંભળ્યું નથી, ખબર નથી. માર્ગ શું છે અને વીતરાગની આજ્ઞા શું છે અને વીતરાગ શું ફરમાવે છે ?

ખુબી તો એ કહી કે એકત્વબુદ્ધિની માન્યતા તો જૂઠી છે કેમકે દ્રવ્ય સ્વતંત્ર છે. દ્રવ્ય-પર્યાય સ્વતંત્ર છે. એ રાગ થયો તો કામ થાય છે એ વાત જૂઠી છે, એ બરાબર છે. એ તો ભગવાને છોડાવ્યું છે તે બરાબર છોડાવ્યું છે. ઉપરાંત મને તો એમ લાગે છે, ભગવાન એમ કહે છે પરની ક્રિયામાં એકત્વબુદ્ધિ તો છોડાવી પણ પરમાં એકત્વબુદ્ધિ ન હોય અને પરના અવલંબને જેટલા શુભ-અશુભભાવ થાય છે તે બધાને ભગવાને છોડાવ્યો છે. મેં તો એમાંથી એમ કાઢ્યું છે, એમ આચાર્ય કહે છે. આહા..હા..! (વ્યવહાર) હોય એ બીજી વાત છે. સમજાય છે કાંઈ ? સમ્યગ્દષ્ટિ મુનિને પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ છે પણ દૃષ્ટિમાંથી છોડાવ્યા છે. ત્યારે આ કહે, અરે..! છોડાવે છે. પહેલા દૃષ્ટિમાંથી છોડાવ્યા છે. એ વિના તારી દૃષ્ટિ સાચી થશે નહિ. સમજાય છે કાંઈ ? આવું જો કહેશે તો લોકો પછી કરશે નહિ અને આ મંદિરની મૂર્તિને ઉથાપશે. તો ભગવાન પાસે જઈને કહે.

અહીં તો કહ્યું, જેટલાં મન-વચન-કાયાના વિકલ્પ છે તે બધા **'त्याजितः'** છે. બધા અને **'સર્વ પ્રકારે છૂટ્યા છે.'** સમ્યગ્દર્શનમાં સ્વભાવનો નિશ્ચય છે તે જ એક આદરણીય છે. સમ્યક્ ધર્મીને, ધર્મદૃષ્ટિવંતને, ધર્માત્માને ચોથા ગુણસ્થાનથી માંડીને પોતાનો શુદ્ધ નિષ્કંપ આત્માની જ દૃષ્ટિ અને તેનો આશ્રય એક જ અંગીકાર કરવાલાયક છે. બાકી સમ્યગ્દષ્ટિ વ્યવહારના વિકલ્પ અને (શુદ્ધ આત્મામાં) ભિન્નતા હોવાથી મુક્ત છે. નિશ્ચયમાં વ્યવહાર નહિ અને વ્યવહારમાં નિશ્ચય નહિ. આહા..હા...! સમજાય છે કાંઈ ? **'સર્વ પ્રકારે છૂટ્યા છે.'**

**'ભાવાર્થ આમ છે કે પૂર્વોક્ત મિથ્યાભાવ જેને છૂટી ગયો...'** જુઓ ! પૂર્વોક્ત. પૂર્વે ભગવાને જે કહ્યું કે આ કરું, આ કરું, આ કરું એવો જે **'મિથ્યાત્વભાવ જેને છૂટી ગયો**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'** મિથ્યાત્વભાવની સાથે પરનું કરવું અને રાગ મારે કરવાલાયક છે એમ માનતો હતો, એ મિથ્યાત્વભાવ છૂટ્યો તો પરની એકત્વબુદ્ધિ છૂટી અને પરના આશ્રયે થનારો રાગ પણ શ્રદ્ધામાંથી છૂટી ગયો. આહા..હા...! સમજાય છે કાંઈ ? (લોકો) નહિ કરે, મંદિરે તાળા દેવા પડશે. અરે..! ભગવાન ! શું કહે છે તું ? સંપ્રદાયમાં હતા ત્યારે એક જણ કહેતો હતો કે વાત તો સાચી લાગે છે, હોં ! વાત સાચી લાગે છે પણ અપાસરાને તાળા દેવા ? એ..ઇ..! 'છોટાભાઈ' ! પેલા 'ચુડા' માં નહોતા ? કોણ ? વોરો. 'રતિલાલ.. રતિલાલ', 'રતિલાલ વોરો' એ કહેતો હતો, મહારાજ કહે છે એ વાત સાચી લાગે છે પણ જો સાચી માનવા જઈએ તો તાળા દેવા ? હવે સાંભળને હવે. તાળા દે કોણ ને ઉઘાડે કોણ ? કેટલાકને એમ લાગે, વાત તો સાચી લાગે છે પણ આવું માનવા જઈએ તો કોઈ આવે નહિ. સાચું માનવા જઈએ તો આવે નહિ અને ખોટું માનવા જોઈએ તો આવે, એવો તારો સિદ્ધાંત હશે. ખોટી માન્યતા કરાવે તો માણસ આવે, અસત્યથી આવે અને સત્યથી ન આવે. સિદ્ધાંત શું તારો ? 'સેઠી'!

**શ્રોતા :–** કમજોરી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કમજોરી નથી, વિપરીતતા છે, વિપરીતતા છે. હમણા કહેશે ઇ, જુઓ ! કહ્યું ને ? વિપરીત ન કહ્યું ? **'શુદ્ધસ્વરૂપમાત્રથી વિપરીત'** એમ કહ્યું છે. કમજોરી નહિ. આ શ્લોક તો અલૌકિક શ્લોક છે. સમજાય છે કાંઈ ? નિશ્ચય-વ્યવહારનો ભેદ કરીને ફુરચા કરી નાખ્યા છે. અજ્ઞાની કહે, વ્યવહાર વ્યવહાર કરતા કરતા નિશ્ચય થશે અને જ્ઞાનીને વ્યવહાર કરવો પડે છે, કરવો પડે છે. કરવો પડતો નથી, આવી જાય છે.

**શ્રોતા :–** 'કુંદકુંદાચાર્યદેવે' વ્યવહાર પાળ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાળ્યો નથી, વ્યવહાર પાળ્યો છે ? આ શું કહે છે ? 'કુંદકુંદાચાર્ય' કહે છે, અમારે વ્યવહાર છૂટી ગયો છે. વ્યવહાર ન છૂટે તો મિથ્યાત્વભાવ નહિ છૂટે કેમકે એમાં લાભ છે એમ માન્યું એ મિથ્યાત્વભાવ છે. ઓ..હો..હો...!

**શ્રોતા :–** કાઢી નાખ્યું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિકાલ કરી નાખ્યો. વ્યવહારને વ્યવહાર તરીકે જાણો, આદરણીય નથી. હેયબુદ્ધિ તરીકે જ્ઞાન કરો. આદરણીય નથી. સમ્યગ્દષ્ટિને એનો આદર નથી. આવે છે, આવે નહિ તો શું વીતરાગ થઈ ગયા છે ? સમજાય છે કાંઈ ? પોતાની દૃષ્ટિ શુદ્ધ (સ્વરૂપ) ઉપર હોવા છતાં નબળાઈને કારણે આવો શુભભાવ આવ્યા વિના રહેતો નથી પણ દૃષ્ટિમાં હેય જાણો, ઉપાદેય નહિ, અગીંકાર કરવાલાયક નથી, એમ ભગવાન કહે છે. આહા..હા..! આ તે જૈન આજ્ઞા ! 'કાયરને પ્રતિકૂળ' 'શ્રીમદ્દે' કહ્યું ને ? 'વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ' કાયરને પ્રતિકૂળ. કાળજા જેના.. આહા..હા...! હાય.. હાય...! આ તે શું થઈ ગયું ? શું થઈ ગયું ? આત્મા જાગ્યો, સમજને!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ જાગનારમાં જ્ઞાનમાત્ર વસ્તુ છે, રાગ-બાગ નથી. ચાલ, છોડી દે. હોય તોપણ આદરણીય નથી અને લાભકારક નથી. કારણ કે રાગ આવે છે તે વ્યવહાર રત્નત્રય વિકલ્પ છે, પુણ્યબંધનું કારણ છે અને પુણ્યબંધ અબંધસ્વભાવની દૃષ્ટિમાં હેય છે. આહા..હા..! અર..ર..ર...!

આચાર્ય તો ત્યાં સુધી કહે છે, આ તો બંધ અધિકારમાં કહે છે, મોક્ષ અધિકારમાં આવશે, વ્યવહાર રત્નત્રયના જેટલા શુભભાવ છે તે બધા ઝેર છે. પોતાનો અમૃતસ્વરૂપ ભગવાન આત્માની દૃષ્ટિ કરીને જે વિપરીત ભાવ થયા તે ઝેર છે. આત્મા અમૃત છે, તેની દૃષ્ટિમાં અમૃતની પર્યાય આવી અને રાગ થયો તે ઝેર છે. ભગવાને પરની એકત્વબુદ્ધિનું ઝેર છોડાવ્યું તો અમે કહીએ છીએ કે પરના આશ્રયે થતા શુભ અને અશુભભાવ ભગવાને છોડાવ્યા છે. સમજાય છે કાંઈ ? 'અમૃતચંદ્રાચાર્ય' ને ભગવાનની ઓથ લઈને કહેવું પડ્યું. જુઓ ! ભગવાન આમ કહે છે ને તું ડાહ્યો છો ? તારી બુદ્ધિ કેટલી ?

એ રીતે **'પૂર્વોક્ત મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'** સમજાય છે કાંઈ ? **'કારણ કે મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** જુઓ ! આ ભાવ. એનો અર્થ શું ? – કે એ મારો, મારો, મારો એ મિથ્યાત્વ છે. એ વ્યવહાર મારો, એ મારો એ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ ? દયાનો ભાવ મારો, હિંસાનો ભાવ મારો, સત્યનો ભાવ મારો એ મારો ભાવ એનું નામ મિથ્યાત્વભાવ છે કેમ કે સ્વરૂમાં નથી અને મારો મારો માને છે. **'એક વસ્તુ છે.'** લ્યો ! હવે એક શબ્દ રહ્યો એની વ્યાખ્યા બાકી..

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**મુદ્દાની વાત એ છે કે ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ હોવા છતાં તેમાં જે પર્યાય થાય છે તે ક્રમસર થાય છે. રાગની અવસ્થા હો કે સમકિતની અવસ્થા હો, પણ તે ક્રમસર થાય છે. જેમ ત્રિકાળી વસ્તુ એકરૂપ છે તેમ પર્યાયનું રૂપ ક્રમસર છે, જે સમયે જે પર્યાય થવાની તે ક્રમસર થવાની એવું તેનું રૂપ છે. જડમાં પણ જે સમયે જે પર્યાય થવાની તે થવાની અને તે ક્રમસર જ થવાની. આત્મામાં અજ્ઞાનપણે જે પર્યાય ક્રમસર થાય તેનો અજ્ઞાની કર્તા થાય છે, ધર્મીને જે ક્રમસર રાગાદિ આવે છે તેનો તે કર્તા ન થતાં જ્ઞાતા જ રહે છે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૨૪૯)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



## શ્રી યોગસાર, ગાથા–૨૧ થી ૨૩
## પ્રવચન નં. ૯, તા. ૧૫-૦૬-૧૯૬૬
## [ ૨૫ ]

૨૧. **'આત્મા જ જિન છે, એ જ સિદ્ધાંતનો સાર છે.'** જુઓ! આ ગાથામાં ચારેય અનુયોગનો સાર શું છે એ આ બતાવે છે. સર્વ સિદ્ધાંતનો સાર. સર્વજ્ઞના મુખમાંથી જે દિવ્યધ્વનિ (નીકળી), સર્વજ્ઞ વીતરાગ થયા પછી દિવ્યધ્વનિ નીકળી એ દિવ્યધ્વનિનો સાર શું છે એ આમાં કહેવામાં આવે છે.

**जो जिणु सो अप्पा मुणहु इह सिद्धंतहु सारु।**
**इउ जाणेविण जोयइहु छंडहु मायाचारु।।२१।।**

**'જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે એમ મનન કરો.'** ભગવાનની વાણીમાં એવું આવ્યું, ચારે અનુયોગમાં, પ્રથમાનુયોગમાં પણ એ આવ્યું. ભલે કથાનુયોગમાં એ આત્માએ શુદ્ધ આત્માનું સાધન કરતાં એને રાગાદિ કેટલો રહ્યો અને ક્યા સ્વર્ગમાં ગયા એની વાર્તાઓ ત્યાં છે. પ્રથમાનુયોગમાં પણ આત્માના શુદ્ધ સ્વરૂપને (બતાવે છે). કારણ કે જિનેન્દ્રએ ધ્વનિ દ્વારા કહ્યું એ તો વીતરાગપણું કરવાનું એમણે કહ્યું. પોતે સર્વજ્ઞ ને વીતરાગ થઈને વાણી આવી તો એ વાણીમાં અમે જે છીએ તેટલો તું છો અને તું છો તે અમે છીએ, સ્વરૂપે, હોં! પરમેશ્વરના સ્વરૂપમાં અને આત્માના સ્વરૂપમાં કાંઈ ફેર નથી. વસ્તુ ભલે ભિન્ન હો પણ ભાવમાં કંઈ ફેર નથી.

**શ્રોતા :–** પુરાણમાં પણ એમ લખ્યું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પુરાણમાં એ લખ્યું છે. પુરાણમાં લખવાનો સિદ્ધાંતનો સાર શું કીધું અહીંયાં? **'इह सिद्धंतहु सारु'** પુરાણમાં કહ્યું હોય તોપણ જે આત્માઓ પોતાના સ્વરૂપને વીતરાગ જ્ઞાતા-દૃષ્ટાસ્વરૂપ જાણી, ભેદનું લક્ષ છોડી દઈ અભેદ ચૈતન્યનું સાધન કર્યું એની કથાઓનું વર્ણન તેને પુરાણ કહે છે. તીર્થંકર, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવોનું એમાં વર્ણન છે. પણ એ પુરુષે વર્ણનમાં કર્યું શું? કહ્યું શું? અને શું કરવા કહ્યું? એ બધા વર્ણનમાં એ આત્માઓ, શલાકાપુરુષો, તીર્થંકરો, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવો, પ્રતિવાસુદેવ વગેરે એમણે મૂળ આત્માના અંતર સ્વરૂપનું (સાધન કર્યું). વીતરાગ જેવો જ હું આત્મા છું. સમજાય છે? એમને મોક્ષ પ્રગટ થઈ ગયો, મારે મોક્ષ સ્વભાવમાં પડેલો છે. એવા આત્મતત્ત્વને વીતરાગ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પરમાત્મા જેવો પોતાને જાણવો એ જ અનુયોગમાં–પ્રથમાનુયોગમાં કહેવાનો સાર છે. કહો, સમજાણું કાંઈ?

બીજો, કરણાનુયોગ. કરણાનુયોગમાં પણ એ સાર છે કે જુઓ! ભઈ! કર્મ નિમિત્ત છે, એના નિમિત્તે વિકાર થાય. એની અવસ્થાઓ અનેક જાતની થાય પણ એ કર્મ ને એ કહીએ છીએ એનો સાર ઇ કે એનાથી રહિત આત્મા છે. સમજાણું કાંઈ? કરણાનુયોગમાં કહેવાનો આશય તો એ છે કે કર્મ એક ચીજ છે, એના લક્ષે જીવની અવસ્થાઓ અનેક થાય છે અને એના પરિણામ કેવા હોય એને બતાવે છે, પણ એ બધા વિકારી પરિણામ અને કર્મ એ વ્યવહારે વસ્તુ છે. એ બતાવવાનો આશય તો એનાથી રહિત તું છો એમ બતાવવું છે.

**શ્રોતા :–** કર્મથી દુઃખી થયો એમ નથી બતાવવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ નથી બતાવવું, એનાથી સહિત છો એમ નથી બતાવવું. રહિત છે તો રહિત થા એ માટે બતાવવું છે. સમજાણું કાંઈ? કર્મનું, વિકારનું સહિતપણું બતાવવાનો હેતુ એ કે વસ્તુને વર્તમાન પર્યાયે સંબંધ છે, વસ્તુના સ્વભાવમાં એનો સંબંધ નથી એ બતાવવા એ વાત કરી છે. સમજાણું કાંઈ? કરણાનુયોગમાં પણ સાર તો એ છે કે આવા પરિણામ આવા હોય, શુભ, અશુભ–અશુદ્ધ. સમજાય છે? એમાં નિમિત્ત કોણ હોય? એકમાં–શુદ્ધમાં નિમિત્તનો અભાવ હોય. એ બતાવીને બતાવવું છે તો આત્મા વીતરાગ પરમાત્મા સમાન (છે). પરમાત્માએ કહેલું તત્ત્વ પરમાત્મા થવા માટે જ કથન હોય. સર્વજ્ઞ અને વીતરાગ થઈને પછી કથન આવ્યું એનો અર્થ શું થયો ? – કે તું સર્વજ્ઞ અને વીતરાગ થા એ માટે કથન આવ્યું. આહા..! તો ચારે અનુયોગમાં એ કથન એના સારમાં આવે છે. કહો!

ભગવાન આત્મા પરમાત્મા સમાન છે, ભાઈ! અમે સહિત કહ્યું છે ઇ રહિત બતાવવા માટે ! એના સહિતપણું વસ્તુમાં નથી એ બતાવવા માટે સહિતપણું બતાવ્યું છે. સમજાણું કાંઈ ? તાત્પર્ય તો વીતરાગતા છે કે નહિ ? તો વીતરાગતા ક્યારે આવે ? જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું એમ બતાવ્યું, એટલે ? – કે ભાઈ ! ના ના; તું જ્યારે જ્ઞાનની અવસ્થા હિણી કર ત્યારે જ્ઞાનાવરણી નિમિત્ત છે. એ બતાવવાનો હેતુ એ હિણતાની દશા અને નિમિત્તપણું, તેનો આશ્રય છોડ. રાખવા માટે કહ્યું છે? વીતરાગતા બતાવવા માટે કહ્યું છે કે પરમાત્મ થવા માટે કહ્યું છે કે ત્યાં રોકાવા માટે કહ્યું છે? પૂજા કરવા માટે કહ્યું છે?

**શ્રોતા :–** અંતરાયકર્મની પૂજા, જ્ઞાનાવરણીયકર્મની પૂજા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંતરાયની પૂજા શું પણ? અલ્પજ્ઞ પરિણમનના આદર માટે નથી કહ્યું. અલ્પજ્ઞ દશા તારી તારાથી થાય, અલ્પ દર્શન થાય, અલ્પ વીર્ય થાય એ બતાવીને પૂર્ણાનંદ અખંડ પરમાત્મ સમાન આત્મા છો અને હું પરમાત્મા થયો તે તું થઈ શકે એવો છો. એમ બતાવવા માટે કરણાનુયોગમાં એ કથન છે. શું કહે છે? જુઓને!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'जो जिणु सो अप्पा मुणहु'** જે મોક્ષતત્ત્વ પ્રાપ્ત ભગવાન (છે), એવો આત્માને જાણ. લ્યો! કોઈ કહે, મોક્ષનું અમારે શું કામ છે ? સમજાણું કાંઈ ? સર્વજ્ઞ ભગવાન સર્વજ્ઞની જાણે, અમારે શું કામ છે? આહાહા..! એનો અર્થ શું ? સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રિકાળ જ્ઞાન એવું બતાવનારા ભગવાન પણ કહે છે કે તું ત્રિકાળી જ્ઞાન જ છો. ત્રણ કાળ ત્રણ લોકને જાણનાર જ તું વર્તમાન છો. રાગનો કર્તા કે સંબંધમાં લક્ષ જાય એ કંઈ વાસ્તવિક સ્વરૂપ નથી. એ બતાવવા સર્વજ્ઞપદ, જિનપદ ને મોક્ષપદ બતાવ્યું છે. સમજાણું કાંઈ? પહેલાં વાંધા આખા. સર્વજ્ઞ છે કે નહિ? સર્વજ્ઞ સર્વજ્ઞનું જાણે. અરે...! ભગવાન!

અહીં તો કહે છે, 'જિન સો હી આત્મા'. ઇ સર્વજ્ઞે જે બતાવ્યો એવો જ આ આત્મા (છે). પોતાને જાણવા જ માગતો નથી, એની દરકાર જ નથી. એ વાતમાં શલ્ય એવા હોય છે, સૂક્ષ્મ શલ્ય એવા રહ્યા હોય છે. આ તો બહુ સ્થૂળ છે, પણ અનંતકાળમાં નવમી ગ્રૈવેયકે ગયો એવા સૂક્ષ્મ શલ્ય અંદર મીઠાશના રહી ગયા કે એનો પત્તો એને હાથમાં આવ્યો નહિ. સમજાણું કાંઈ? ક્યાંક ક્યાંક અધિકપણે રાગને, વિકલ્પને, પુણ્યને, નિમિત્તને સ્વભાવમાંથી અનાદર કરીને ક્યાંક ક્યાંક અધિકપણું માન્યું, મનાવ્યું એવી દૃષ્ટિમાં રોકાણો પણ જિન તે આત્મા એમ એણે જાણ્યું નહિ. સમજાણું કાંઈ? જુઓને સાર સાર વાત ભરી છે.

**'જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે...' 'તે જ આ આત્મા છે...'** એવો, એમ. **'એમ મનન કરો.'** એમ મનન કરો. કરણાનુયોગમાં પણ એ જ કહ્યું છે અને ચરણાનુયોગમાં પણ એ કહ્યું છે કે શ્રાવકના, મુનિના વ્રતો કેવા હોય? ક્યાં ? – કે જ્યાં શુદ્ધાત્મા જિન સમાન છે એમ જાણ્યો છે એની શુદ્ધતા પ્રગટ થઈ છે, એ ભૂમિકાના પ્રમાણમાં રાગના આચરણનો ભાવ કેવો હોય એ ત્યાં બતાવ્યું છે. એકલા રાગના આચરણ ખાતર રાગ બતાવ્યો છે? સમજાણું કાંઈ?

વીતરાગ પરમાનંદ પ્રભુ ! રાગ ને અલ્પજ્ઞનો આદર છોડી, નિમિત્ત, રાગ ને અલ્પજ્ઞનો આદર છોડી સર્વજ્ઞ પરમાત્મા સર્વજ્ઞ થયા. એમ (તારે) સર્વજ્ઞ થવું હોય તો અમારા જેવું તું કર, અમારા જેવો તું છો એમ પહેલું સ્થાપ. હું વસ્તુએ પૂર્ણ પરમાત્મા વીતરાગ છું. અલ્પજ્ઞતા છે, રાગ છે એ આદરવા લાયક નથી. એમ ચરણાનુયોગની અંદર પણ એ કહ્યું છે. આવું વર્તન શ્રાવકનું, મુનિનું વ્યવહારે હોય; તે વ્યવહાર હોય ક્યાં ? – કે નિશ્ચય આવી શુદ્ધતા હોય ત્યાં. કેવી શુદ્ધતા? હું વીતરાગ સમાન પરમાત્મા છું. એકલો જ્ઞાતા-દૃષ્ટા આત્મા પરિપૂર્ણ છું એવા ભાનની ભૂમિકામાં બાકી રહેલા આચરણનો રાગ કેવો હોય તે ચરણાનુયોગમાં બતાવવામાં આવ્યું છે. એટલે એમાં સાર તો આત્મા જ છે. સાર, એ રાગની ક્રિયા એ સાર નથી. ભેદથી બતાવ્યો છે તો અભેદ. ભેદ સાર નથી. વ્યવહારથી બતાવ્યો છે નિશ્ચય, વ્યવહાર સાર નથી. સમજાણું કાંઈ? એ વ્યવહારના આચરણથી બતાવ્યું કે ત્યાં નિશ્ચય કેવો હોય એ બતાવ્યું છે.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



અહીં તો ચોખ્ખી વાત કરે છે. જુઓ! **'जो जिणु सो अप्पा'** અહીં તો વીતરાગ તે આત્મા, એમ. કો'કને એમ થઈ જાય, અમે બે આત્મા એક હશે? એનો અર્થ કે સર્વજ્ઞ પરમાત્મા કંદ, શુદ્ધ ચિદાનંદ પડ્યા છે, એવો જ તું કંદ શુદ્ધ જ્ઞાતા-દૃષ્ટાનો કંદ તેને આત્મા કહીએ છીએ. **'जो जिणु सो अप्पा'** આત્મા તદ્દન વીતરાગનો પિંડ જ છે. પરમાત્મા પર્યાયે વીતરાગ પિંડ થઈ ગયા, આ વસ્તુએ વીતરાગ પિંડ જ છે. એ જાણવા-દેખવાની ક્રિયા સિવાય એની કોઈ ક્રિયા છે જ નહિ. એમ તું આત્માને જિન સરખો જાણ.

દ્રવ્યાનુયોગમાં તો ઇ જ ચાલે છે. આ તો દ્રવ્યાનુયોગની વ્યાખ્યા છે. સમજાય છે? ત્રણ અનુયોગની વાત થઈ. દ્રવ્યાનુયોગમાં તો આત્માને શુદ્ધ બતાવવો (છે), અભેદ બતાવવો છે. ભેદથી બતાવે તો પણ બતાવવો છે ભેદ? વ્યહારથી વ્યવહાર બતાવ્યો છે? બતાવ્યો છે અભેદ. આ વસ્તુ પરમાત્મા પૂર્ણ છે. વિશ્વાસ એને ક્યાં છે? મહાસત્‌સ્વરૂપ ભગવાન ચિદાનંદ પરમાત્મા અનંતા પરમાત્મા જેને ગર્ભમાં પડ્યા એનો પ્રસવ કરવાની તાકાત એ આત્મામાં છે. રાગને પ્રગટ કરે એ આત્મા નહિ, એ આત્મામાં છે નહિ. અલ્પજ્ઞતા રહે એ આત્મામાં છે નહિ, એમ કહે છે. આહાહા..! કહો, 'પ્રવીણભાઈ'! આવી વાતું સાંભળી નથી.

**શ્રોતા :–** આપની વાત લક્ષમાં લેવા માટે કેટલી લાયકાત જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કેટલી લાયકાત (જોઈએ), ઠીક ને? એય! આહાહા..! શું કહે છે? પણ સામે શબ્દ પડ્યો છે કે નહિ? ચોપડી છે કે નહિ સૌના હાથમાં? નામા મેળવે કે નહિ? વાણિયા મેળવે ને? આ દિવાળી આવે ત્યારે નથી મેળવતા? આ દિવાળી આવ્યાના ટાણા, કેવળજ્ઞાન પામવાના ટાણા છે. આહાહા..! સમજાણું કાંઈ? સંસારનો સંકેલ, સંસારનો સંકેલ, મોક્ષનો વિસ્તાર. આહાહા..!

સિદ્ધાંત સાર આ છે, જુઓને! પાઠ તો કેવો શબ્દ મૂક્યો છે! ચાર અનુયોગના સિદ્ધાંતનો સાર એ સંસારનો અભાવ અને મોક્ષની ઉત્પત્તિ. એવો આત્મા પરમાત્મા સમાન છું એમ જાણ્યા વિના એને સ્વભાવનો આશ્રય નહિ થાય અને અલ્પજ્ઞ અને રાગનો આશ્રય નહિ ટળે તો સર્વજ્ઞ અને વીતરાગ નહિ થાય. આહાહા..! એ (ફક્ત) વાત નથી, એ વસ્તુ છે. સમજાય છે? ભગવાન આત્મા એક સમયમાં જેવા પરમેશ્વર જિનેન્દ્ર ત્રણ લોકના નાથ અનંત ગુણની સમૃદ્ધિએ વ્યક્તપણે પ્રગટ્યાં એવા જે પરમાત્માના ટોળા સિદ્ધ નગરીએ બિરાજે છે. સમજાય છે? સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. એવો જ ભગવાન આત્મા.. સમજાય છે ? આના પછી કહેશે કે નહિ ઓલું? અસંખ્ય પ્રદેશ ક્યાં કહે છે? ઇ ક્ષેત્ર લેશે, પછી ૨૩મા લેશે. ૨૩મા છે, ૨૪મા એક છે. ઇ પાછું ક્ષેત્ર બતાવવું છે એને. બધા ગુણો ક્યાં રહ્યા ? અને એવડો તું છો એ બતાવવું છે. આહાહા..!

ભાઈ ! તું નજરને જરી બહારથી સંકેલ. પરમાત્મા સર્વજ્ઞ થયા એણે બહારથી સંકેલો

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કર્યો અને અંદરનો વિસ્તાર કર્યો હતો. સમજાય છે કાંઈ? એટલી અનુભવની દૃષ્ટિ થઈ કે હું તો પૂર્ણ અભેદ પરમાત્મા જ છું. મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી. એમ ફેર નથી એમ કરનારને ફેર છૂટી જશે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો 'યોગસાર' છે. સંતો, દિગંબર સંતોના કોઈપણ શાસ્ત્ર લ્યો, નાની ગાથા લ્યો, મોટી ગાથા લ્યો, કોઈ (પણ) લ્યો પણ અલૌકિક સંતોની કથન શૈલી છે. સનાતન વીતરાગ પરમેશ્વર ત્રણ લોકના નાથ એણે જે ધર્મ કહ્યો એ દિગંબર સંતોએ ધારીને ઢંઢેરો પીટ્યો. ધર્મ ધુરંધર ધર્માત્મા. જુઓ! 'યોગીન્દ્રદેવ' પોકાર, પોકાર (કરે છે), અરે...! આત્મા પરમાત્મા જેવો. જિન અને તારામાં ફેર પાડે છે? ફેર પાડે છે? ફેર પાડે તો ફેર કે દિ' છૂટશે? સમજાણું કાંઈ?

**'જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે એમ મનન કરો.'** હું રાગવાળો, નિમિત્તવાળો, અલ્પજ્ઞવાળો એમ મનન નહિ કરો. આહાહા..! અરે...! હું અલ્પજ્ઞ, અરે..! આવી તાકાત તે મારામાં હોય? એ રહેવા દે. સમજાણું કાંઈ ? ***હું તો પૂર્ણ પરમાત્મા થવાને લાયક નહિ પણ પરમાત્મા અત્યારે હું છું. આહાહા..! હું પોતે દ્રવ્ય સ્વભાવે પરમાત્મા છું. એ વીતરાગ અને (હું) બેમાં મારે ફેર નથી. એવું મનન કર.*** **'આ જ સિદ્ધાંતનો સાર છે.'** જુઓ! ચારે અનુયોગ અને લાખો કથનમાં આ સાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'इह सिद्धंतहु सारु'** ઓહોહો..! સારા શબ્દોના શાસ્ત્રો, વીતરાગી બધી વાણીના શાસ્ત્રો કે દિવ્યધ્વનિ એ બધાનો સાર તો આ છે. પરમાત્મા સમાન જાણવો એનો અર્થ કે નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞ તરફની રુચિ છોડી દે અને સર્વજ્ઞ અને વીતરાગ સ્વરૂપે હું આત્મા પરમાત્મા છું એમ અંદર દૃષ્ટિ કર. તું પરમાત્મા થયા વિના પર્યાયમાં રહીશ નહિ. તું પછી રહી શકીશ નહિ. ઇ છે કે નહિ? એ..ઇ...!

છતાને અછતું પછી નહિ ગોઠે. પૈસાવાળા ઝાઝા હોય ને, એ છોકરાના લગ્ન થાતા હોય ત્યાં ચું.. ચેં.. કરતો હશે? અને એકનો એક છોકરો હોય ને પચાસ લાખની મૂડી હોય તો (એમ બોલે) એ.. ખર્ચો પાંચ લાખ અત્યારે અને છોકરો કમાઉ હોય, પૈસા આવતા હોય, કન્યા કરોડ રૂપિયા લાવતી હોય, કન્યા લાવતી હોય. દશ હજાર નહીં. સુમનભાઈ તો દશ હજાર લાવે છે. ઓલા તો કરોડ રૂપિયા કન્યા લઈને આવતી હોય, પાંચ કરોડ તો અહીં હોય અને છોકરો લાખો, કરોડો કમાતો હોય. લાવો, પાણી. ઓહોહો! અને વીસ વર્ષનો જુવાન છોકરો હોય. કહો, એમાં ઇ ખામી રાખતા હશે? છતાને અછતું શોભતું હશે? એમ ભગવાન આખો પરમાત્મા જેવો છતો (છે), એને અલ્પજ્ઞ અને રાગ શોભતો હશે? સમજાય છે કાંઈ? શું કહે છે ઇ? આહાહા..!

'जो जिणु सो अप्पा मुणहु' ***માર ધડાક પહેલેથી. પામર છો કે તું પ્રભુ છો? શું તારે સ્વીકારવું છે? પામરપણું સ્વીકાર્યે પામરપણું કદી નહિ જાય. પ્રભુપણે સ્વીકાર્યે પામરપણું ઊભું નહિ રહે. સમજાણું કાંઈ ?*** આહાહા..! ભગવાન આત્મા હું પોતે દ્રવ્યે પરમેશ્વર સ્વરૂપ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



જ છું. એમ જ્યાં પરમેશ્વર સ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો વીતરાગ જેવો થયા વિના રહે નહિ. દૃષ્ટિમાં વીતરાગ થયો એ સ્થિરતાએ થઈને અલ્પકાળમાં કેવળજ્ઞાન લેશે, એમ અહીંયાં વાત કરે છે. સમજાણું કાંઈ? અરે...! અમે ક્યારે થાશું? અરે..! શું થાશે? હવે મૂકને પણ લપ. માળા, ક્યારે શું થશે શું? છે. છે, ભગવાન આખો પરમાત્મા પૂર્ણાનંદ જિનેશ્વર જેવો આત્મા (છે) એવા બધા ભગવાન છે, હોં! બધા ભગવાન છે. એને જો ને! રાગ અને અલ્પતા એ કાંઈ આત્મા છે? અલ્પતા (છે) એ તો વ્યવહાર આત્મા થયો, રાગાદિ તો પરતત્ત્વ થયું, કર્મ આદિ તો અજીવ તત્ત્વ થયું. જે આત્મા છે એને તું જો ને! તો આત્મા છે ઇ તો અલ્પજ્ઞ ને રાગ ને નિમિત્ત વિનાનો છે. સમજાણું કાંઈ? એ જિનને જેમ અલ્પજ્ઞ ને રાગ ને નિમિત્ત નથી એમ મારે પણ અલ્પજ્ઞ ને રાગ ને નિમિત્ત નથી. હું સર્વજ્ઞ સમાન છું. આહાહા..! સમજાણું?

**‘इउ जाणेविण जोयइहु’** એમ જાણીને હે ધર્મી જીવ! **‘मायाचारु छंडहु’**. શું કહે છે? આ અલ્પ રાગ ને આ રાગ કરીએ છીએ ને ફલાણું કરીએ છીએ ને ફલાણું કરશું એમ કરતાં કરતાં થાય એવી માયા છોડી દે. ભગવાન આખો સીધો સરળ પડ્યો છે. સમજાય છે કાંઈ? રાગ કરશો તો આમ થાશે, આમ પુણ્યની ક્રિયા લોકોને બતાવી, આ..હા...! ભારે ક્રિયા! શું કરવું છે તારે? રાગ કરીને બતાવવું છે કે હું સાધુ છું? આ કરીને બતાવવું છે તારે કે આ કરીને બતાવવું છે? એમ કહે છે. સમજાણું કાંઈ? સાધુની ક્રિયા ને રાગની ક્રિયા.. જુઓ! આમાં બરાબર આમ નિર્દોષ કરી છે, આમ કરી છે, આમ કરી છે. શું છે તને? આહાહા..! માયાચાર શબ્દે ચારિત્રવંત છે ને? એને ત્રણ શલ્ય હોતાં નથી. માયા, નિદાન અને મિથ્યાત્વ–ત્રણ શલ્ય જ ન હોય. ભગવાનને શલ્ય હોય તો તને શલ્ય હોય. સિદ્ધ ભગવાનને છે? તો જિન સો હી આત્મા. ‘શ્રીમદ્દે’ કહ્યું નથી કંઈક? ‘જિન સો હી આત્મા, અન્ય સો હી કર્મ’ એ તો ‘બનારસીદાસે’ લખ્યું છે. ‘એ હી વચન સે સમજ લે જિનવચન કા મર્મ.’ ‘જિન સો હી હૈ આત્મા અને અન્ય સો હી હૈ કર્મ, એહી વચન સે સમજ લે જિનવચન કા મર્મ.’ લ્યો! વળી એ આવી ગયું. જુઓ! આની સાથે મેળ. હેં? એ ‘બનારસીદાસ’માં છે. જુઓ! અહીં એ કહ્યું. ‘જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, એહી વચન સે સમજ લે જિનવચન કા મર્મ.’ આહાહા..! ભગવાન પણ એને મોટો કરવા જાય તો કહે, ના, ના. ના, ના. ભાઈસાહેબ! એમ નહિ, હોં! એવડો મોટો હું નહિ, એવડો મોટો હું નહિ. ખરચ દેવું પડે માટે? બહુ પૈસાવાળા ઠરાવો તો તમારે પૈસાને લૂંટવા માટે મોટો મોટો કહો છો? એમ કહે. તમે તો બહુ પૈસાવાળા છો, તમે તો આવા છો. એમ કહીને અમારી પાસેથી કંઈ લેવું છે? મોટો ઠરાવીને અમારે શું કરવું છે? એ મોટો ઠરાવીને નાનાપણું લૂંટવું છે, સાંભળને! પૈસા લૂંટવા નથી ન્યાં તારી પાસેથી.

**શ્રોતા :–** વેવલાપણું અહીંયાં કામ આવે એવું નથી.

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વેવલો-ફેવલો અહીં છે જ નહિ. વાણિયા વેવલા જેવા, અહીં વેવલા ક્યાં આત્મામાં હતા? એ.. 'છગનભાઈ'! 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ, ચંદ્ર છૂપે નહિ બાદલ છાયા, ચંચલ નારી કો નૈન છૂપે નહિ, ભાગ્ય છૂપે નહિ ભભૂત લગાયા.' રાજા સાધુ થાય તો એનું ટાલકું અછતું રહેતું હશે ? આ તો મોટો પુણ્યવંત પ્રાણી લાગે છે. વૈભવ છોડીને (આવ્યા છે), વૈભવી માણસ લાગે છે. સમજાણું? એમ આત્મા ભગવાન પોતાના રણક્ષેત્રે ચડ્યો. આહા..! હું તો પરમાત્મા અને મારામાં કાંઈ ફેર નથી. આહાહા! એમ પોતાની દૃષ્ટિમાં ભગવાન આત્માને સમભાવી વીતરાગપણે પૂર્ણાનંદ તરીકે દેખતો, વીતરાગમાં અને આત્મામાં ક્યાંય ફેર ન દેખતો સિદ્ધાંતના સારને માયાચાર રહિત થઈને પામી જાય છે. સમજાણું કાંઈ? આ અંતર સ્વરૂપ ભગવાન જેવો છે ત્યાં જઈને ઠર ને! બહારના આચરણ વડે હું કંઈ મોટો છું એમ બતાવવા માગે છો? સમજાણું કાંઈ? નગ્નપણું થયું તો મોટા થયા, અઠ્યાવીસ મૂળગુણ પાળવાથી મોટા થયા. એનાથી મોટો છો? માયા છે, માળા! સમજાણું કાંઈ? જેનાથી અંદર ભગવાન મોટો થાય છે એની મોટપથી તને તું દેખ ને! એની શોભાથી તું શોભને! પરની શોભાથી શોભીને બીજાને દેખાડવું છે? તારે શું કરવું છે? સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મધોરી ધૂરંધરા મહાવિદેહ ક્ષેત્રમેં વિચરે. શું કીધું પહેલું? ધર્મકાળ અહો વર્તે. ધર્મક્ષેત્ર વિદેહમાં. જુઓ! પહેલો કાળ લીધો, ક્ષેત્ર લીધું. ધર્મધૂરંધર (ઇ) દ્રવ્ય લીધું. ધૂરંધર શું કીધું? વીસ વીસ જહાં ગર્જે ધોરી ધર્મ. આહાહા..! ઇ વસ્તુ લીધી. કાળ, એનું ક્ષેત્ર, એનું દ્રવ્ય. એનો ભાવ તો એની પાસે અંદર છે. એવા ભગવાન. ધોરી ધર્મ ધૂરંધરા. ધોધમાર! આણે કર્યું છે, હોં! જુઓ! **'તીર્થંકરો દ્વારા જે દિવ્યધ્વનિ પ્રગટ થાય છે, તે જ સિદ્ધાંતનું મૂળ સ્ત્રોત છે.'** સિદ્ધાંતનું મૂળ સ્ત્રોત ત્યાંથી આવ્યું. પહેલી લીટી છે, ભાઈ! **'તે જિનવાણીને ગણધરાદિ મુનિઓ ધારણામાં લઈને બાર અંગની રચના કરે છે...'** અને બાર અંગનો સાર એમાં બતાવ્યો છે. દિવ્યધ્વનિમાં જ કહ્યો છે. આહાહા..!

વીતરાગ થયેલા, સર્વજ્ઞ થયેલા અલ્પજ્ઞમાં રાખવા માટે વાત કરતા હશે? રાગના કર્તવ્યમાં રાખવા માટે વાત કરતા હશે? નિમિત્તનું લક્ષ રાખજે અને મોક્ષ ટાંકજે! એના માટે ભગવાનની વાણી છે. આહાહા..! નિમિત્તનું લક્ષ રાખજે! નિમિત્ત ઇ આવે તો કામ થાય ! અહીં ત્રિકાળ પડ્યો છે ત્યાં એકાગ્ર થાય તો કામ થાય. એમ ન્યાં જા. વીતરાગની વાણીમાં એમ આવ્યું છે. ભારે પણ, પામરતાને એવી પીંખી નાખી છે. પામરતાને પીંખી નાખી. પ્રભુતા તો એક કોર પડી રહી. સલવાઈ ગયો, સલવાઈ તે ક્યાંય.

કહે છે, આહાહા..! **'इउ जाणेविण जोयइहु छंडहु मायाचारु।।'** એ રાગ દ્વારા, વિકલ્પ દ્વારા મોટપ માનવી છોડી દે. સમજાય છે? આ વાણીના ઉપદેશ દ્વારા કે બહુ વાણી મળી અને સમજાવવાનો રાગ (આવ્યો) માટે એ વડે મારી મોટપ (છે એ વાત) છોડી દે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



એ તો માયાચાર છે, મૂકને પડતી. માળા! મોટપ તો અહીં અંદર પ્રભુતા બિરાજે છે, એના શરણમાં જતાં તારી શાંતિ અને વીતરાગતા પ્રગટ થશે. અમને બહુ આવડ્યું, હજારો માણસ અમે આમ કર્યા, અમે લાખો પુસ્તકો બનાવ્યા. એ તે કંઈ તારા આચરણ છે? એ તારા આચરણ છે તે એનાથી શોભા, મોટપ મનાવે છો? શું કહે છો? મેં ઘણાને શિષ્યો બનાવ્યા. બનાવ્યા, ધૂળમાં.. કોણ બનાવે? કોણ બનાવે? અને કોના બનાવવાથી કોણ બને? ભગવાન પોતે પરમાત્મા સમાન છે એવું અંતર જાણીને ઠરે (તેને) પોતાને મોટપને લાભ મળે છે. બાકી ધૂળધાણી (છે). સમજાણું કાંઈ?

**'छंडहु मायाचारु'** મુનિને માયાચાર છાંડવાની જરૂર પડી? હા, એનો અર્થ ઇ. વિકલ્પની જાળ દ્વારા ને શરીરની સ્થિતિ દ્વારા મોટપ ન માનીશ, એનાથી મોટપ ન કરીશ. આ મને બહુ કહેતા આવડે છે, સમજાવતા આવડે છે, મોટા આચાર્ય થયા છીએ. સમજાય છે? અમને પદવી મળી છે. જુઓ! અમારી નીચે પાંચસો-પાંચસો સાધુઓ મોટા કરીને બેસાડ્યા છે. એવાથી મોટપ ન માનીશ, રહેવા દે ! એ.. 'હરિભાઈ'! આહાહા..! ભારે વાત, ભાઈ! કહો! એ ૨૧ ગાથા (પૂરી) થઈ.

૨૨. હવે પોતે જ આવ્યો. ઓલું (–૨૧ ગાથામાં) જિન સો હી પરમાત્મા (કહીને) એમ જરી મેળવ્યું હતું. હવે ***મૈં હી પરમાત્મા હૂં. એમ અનુભવ કર મૈં હી પરમાત્મા હૂં. વીતરાગ સર્વજ્ઞદેવની ધ્વનિમાં, ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રની ઉપસ્થિતિના સમવસરણમાં લાખો, કરોડો દેવોની હાજરીમાં ભગવાનની વાણીમાં આવ્યું, તું પરમાત્મા છો એમ નક્કી કર, તું પરમાત્મા છો એમ નક્કી કર. ઓ..હો..હો..! ભગવાન! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો. એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે? કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ. આહાહા..!*** જુઓ! ફેરવી વાત.

**जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु।**
**इउ जाणेविणु जोइआ अण्णु म करहु वियप्पु।।२२।।**

આહાહા..! જુઓ આ! કહે છે કે ભાઈ! હે ધર્મીજીવ! **'જે પરમાત્મા છે તે જ હું છું...'** પરમાત્માને વિકલ્પ નથી, પરમાત્મા બોલતા નથી, પરમાત્મા બોલવામાં આવતા નથી, એવો જ હું આત્મા પરમાત્મા છું એમ અનુભવ – દૃષ્ટિમાં લે. આહાહા..! અહીં તો વિશેષ કહે છે કે **'अण्णु म करहु वियप्पु'**. બીજા જેટલા વિકલ્પો કરે, બીજાને સમજાવવાના, આ શાસ્ત્ર રચવાના, એનાથી તું મોટપ માનીશ (તો) એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? હવે બધી શાસ્ત્ર-બાસ્ત્ર ચર્ચા છોડીને આ કર, એમ કહે છે. ક્યાં સુધી તારે શાસ્ત્રની ચર્ચાઓ મથવી છે? આ શાસ્ત્રમાં આમ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે ને આ શાસ્ત્રમાં આ કહ્યું છે. એ તો બધી વિકલ્પની ઝાળ છે. આહાહા..!

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**'जो परमप्पा सो जि हउं'** હું છું, એમ. **'सो जि हउं'** એ પરમાત્મા તે જ હું છું. વળી ઓલા પરમાત્મા જેવો જાણ, એમ નહિ. અહીં તો કહે છે, પરમાત્મા જ હું છું. પહેલું એની સાથે મેળવ્યું હતું. અહીં તો પરમાત્મા પૂર્ણાનંદ સ્વરૂપ એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત ગુણનો પિંડ પ્રભુ, પિંડલો ભગવાન તે જ હું છું. એમ અંતરમાં નિશ્ચયમાં અનુભવમાં લાવ અને એનો અનુભવ કરવો એ તારા લાભમાં જાય છે. બાકી જેટલા વિકલ્પ કરવા ને વાણી-ફાણી એ બધું, શાસ્ત્રની ચર્ચાઓ ને વાદવિવાદ ને શાસ્ત્રચર્ચા કરવી એ બધું લાભમાં નથી, એમ અહીં તો કહે છે. હેં? સમજાણું કાંઈ?

એણે કહ્યું છે, **'વ્યવહારની કલ્પનાઓ છોડીને કેવળ એક શુદ્ધ નિશ્ચયનયથી પોતાના આત્માને ઓળખ.... શાસ્ત્રોનું જ્ઞાન સંકેત માત્ર છે. શાસ્ત્રના જ્ઞાનમાં જ જે અટવાયા કરશે તેને પોતાના આત્માનું દર્શન નહિ થાય.'** આહાહા..!

**શ્રોતા :–** કલ્પનાઓ કરી બધી વ્યવહારની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કલ્પના જ છે ને પણ વ્યવહારની. (તો કહે), નહિ, કલ્પના નહિ. હવે સાંભળને !

**શ્રોતા :–** એનાથી તો સંવર, નિર્જરા થાય છે, સાહેબ!

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળ થાય છે. ભગવાન ચિદાનંદ બિરાજે છે ને તું વ્યવહાર રાંકાથી (લાભ માને). પરમેશ્વર થયો રાંકો. ભિખારી પરમેશ્વર થયો. એલા.. પરમેશ્વર પરમેશ્વર થાય કે ભિખારી પરમેશ્વર થાતો હશે? વ્યવહારનો રાગ ભિખારી છે, રાંક છે. નાશ થવાને લાયક છે એ પરમેશ્વરપદને પ્રાપ્ત કરાવે? સમજાણું કાંઈ? શાસ્ત્રની ચર્ચાઓ અને કલ્પનાઓ, એ કલ્પના પરમેશ્વરપદને પ્રાપ્ત કરાવે? ૩૩-૩૩ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવો શાસ્ત્રની કલ્પના (–ચર્ચા) કરે. મૂક, આ કલ્પના છૂટ્યે, સ્થિર થયે કેવળજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ તો વીરોના માર્ગ છે, ભાઈ! આહાહા..! '....' એ આચાર્યનો ટૂકડો પહેલા ખૂબ લેતા. ઇ બધા તમે લખ્યા હતા. (સંવત) ૧૯૮૨ની સાલમાં, ખબર છે? 'વઢવાણ'. 'વીરવાણી.. વીરવાણી' આવતી ને? 'વીરવાણી'. (સંવત) ૧૯૮૨ની સાલમાં ચોમાસુ હતું. ૧૯૮૨માં ઇ બધા ટૂકડા લખતા. '....' ભગવાન ફરમાવે છે કે અરે આત્મા ! તારો માર્ગ તો અફરગામીનો માર્ગ, ભાઈ! જે રસ્તે ચડ્યો ત્યાંથી ન ફર એવો તારો માર્ગ છે. આચાર્યના ટૂકડા છે. '...' પણ મહાપુરુષાર્થે આચરણમાં મૂકાય એવો તારો માર્ગ છે. એ કંઈ રેંજીફેંજી, પાવૈયા, હિજડાનો માર્ગ નથી. જે માર્ગે તું ચડ્યો (એ) અફર માર્ગ છે. નિજ અવ્યક્તગામી પાછો ન ફર એવો તારો રસ્તો છે. કેવળજ્ઞાન લીધે છૂટકો, એવો તારો માર્ગ છે. એ..ઇ...! 'વીરવાણી'માં લખતા, પછી પાછળથી છપાવતા. (સંવત) ૧૯૮૨-૮૩માં તે દી આમ કહેતા, હોં! તે દિ' પણ. સભા હોય, આ શું કહે છે પણ? આચારંગનો ટૂકડો છે. 'નમો લોએ સવ્વસાહુણં' એવાં ટૂકડા ૨૫-૫૦ એવા છે. 'નમો લોએ સવ્વસાહુણં' ભગવાન કહે છે,

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



હે વીર! દુનિયાના માર્ગ સાથે મારા વીતરાગમાર્ગને મેળવીશ નહિ. પ્રરૂપણા કરીશ નહિ. દુનિયા શું માને છે? ફલાણા શું માને છે? મોટા પંડિતો શું માન છે? હવે મૂકને પડતી. એ બધા હોળી કરે છે. 'નમો લોએ સવ્વસાહુણં' અમારો વીતરાગનો માર્ગ પૂર્ણાનંદના પંથે વહેલા, લોકના સાથે એના માર્ગને મેળવતા નથી. લોક સાથે ક્યાંય મેળ ખાય (નહિ), બિલકુલ મેળ નહિ ખાય. લોકો તો મૂઢ છે, માળા! ઘણા જણાં હોય તો શું થઈ ગયું? સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા હું પૂર્ણાનંદનો નાથ શુદ્ધ ચૈતન્ય મહા પરમાત્માના અંતર સ્વરૂપે ભરેલો ઇ પરમાત્મા જ હું છું. અરે..! **'जो हउं सो परमप्पु' 'તથા જે હું છું તે જ પરમાત્મા છે...'** લ્યો! **'જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે જ પરમાત્મા છે...'** અરસપરસ લઈ લીધું. ***હું તે પરમાત્મા અને પરમાત્મા તે હું.*** આ તે ક્યા પુરુષાર્થે કબુલાત આવે? 'મોહનભાઈ'! આહાહા! ***ભાઈસાહેબ! અમને બીડી વિના ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ, એક જરી આબરૂ થોડી ઠીક ન પડે તો આંચકો ખાય જાય, એને તમે પરમાત્મા કહો? અરે..! છોડને. એ કે દિ' તારા સ્વરૂપમાં હતા? ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, પૂર્ણાનંદનો નાથ પરમેશ્વરને પર્યાયમાં વિકલ્પની આડમાં ભગવાન પડ્યો છે આખો પરમેશ્વર,*** તેં ગોપવી દીધો છે. વિકલ્પની આડમાં ગોપવી દીધો. નિર્વિકલ્પનાથ ભગવાન નિર્વિકલ્પ અભેદ સ્વરૂપ છે, એ નિર્વિકલ્પ દશાથી જ પ્રાપ્ત થાય એવો છે. સમજાણું કાંઈ? આહાહા..!

જે પરમાત્મા છે તે જ હું છું. **'इउ जाणेविणु' 'એમ જાણીને...' 'अण्णु वियप्प म करहु'** એમ કરીને (કહે છે), બીજો વ્યવહાર, શાસ્ત્રના ભણતરના વિકલ્પો, પંચ મહાવ્રતના વિકલ્પો, નવ તત્ત્વના ભેદના વિકલ્પો બધું હવે ન કર, ન કર, કરવાનું તો આ છે.

**શ્રોતા :–** પોતે મહાવ્રત કરે છે ને મહાવ્રતના વિકલ્પ છોડ, એમ કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** છોડ, છોડ, છોડ એમ કહે છે. જુઓ! આ પોતે કહે છે.

**શ્રોતા :–** પોતે કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ શું કહે છે? છોડ. છોડવા જેવું છે તે છોડ, આદરવા જેવું છે ત્યાં ઠર. આહાહા..! પોતાની અંદર વસ્તુ આમ અનંત આનંદ અને અનંત ગુણથી ભરેલું આખું તત્ત્વ, એકલો પરમાત્માનો પોતે પિંડ છે. પરમ સ્વરૂપનો પિંડ ભગવાન આત્મા છે, એનો આશ્રય (લે), એ જ હું. વિકલ્પ છોડી દે. શાસ્ત્રના ભણતરના વિકલ્પ છોડી દે. બીજાને સમજાવું તો મને લાભ થાય, એ તો એની માન્યતામાં હોય જ નહિ, પણ બીજાને સમજાવવાનો વિકલ્પ પણ મને લાભદાયક નથી. આહાહા..! એ.. 'રતનલાલજી'! આ વીતરાગમાર્ગ. આહાહા..! લાખો માણસ સમજી જાય, આહાહા..! તારે શું છે પણ? તું ક્યાં ત્યાં વિકલ્પ ને વાણીમાં છો? જ્યાં તું છો ત્યાં વિકલ્પ અને વાણી નથી, એ તો પરમાત્મસ્વરૂપ ચિદાનંદ અખંડ જ્ઞાતા-દૃષ્ટા છે. ત્યાં એ વિકલ્પ, વાણી નથી. હવે તારે ન્યાંથી લાભ લેવો છે? સમજાણું

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કાંઈ ? વિકલ્પ અને વાણી છે ત્યાં અજીવ તત્ત્વ અને બંધ તત્ત્વ છે. બંધ તત્ત્વમાં અબંધ ભગવાન બિરાજે છે? આહાહા..!

અબંધસ્વરૂપી પ્રભુ મોક્ષસ્વરૂપી આત્મા. વસ્તુ એટલે અબંધસ્વરૂપ, વસ્તુ એટલે કે મોક્ષસ્વરૂપ, વસ્તુ એટલે પૂર્ણ આનંદના પ્રગટ પ્રગટ શક્તિરૂપ આખું તત્ત્વ ! એવા પરમાત્મા તે હું અને હું તે પરમાત્મા, એમ જાણીને હે આત્મા! બીજા વિકલ્પો છોડ, ભાઈ! છોડ. આહાહા..!

ઓલો કહે, નહિ; હજી શુભ વિકલ્પો કરશો તો ક્ષાયિક સમકિત થાશે. અરે...! કાળા કેરના કરી નાખ્યા તેં. પરમાત્માને લૂંટાવી નાખ્યો તેં, માળા! સમજાય છે કાંઈ? બાપા! એ નિગોદના ફળ તને આકરા પડશે, ભાઈ! આ દુનિયા તો બિચારી અત્યારે ઝીલશે કે હા. આપણને તો કેટલું (ભળે છે)! કેવો માર્ગ કહે છે! આહાહા..! શુભમાં તો ધર્મ થાય. ધૂળમાંય થોડો (ન થાય). શુભમાં ભગવાન પડ્યો છે? શુભથી પાર આત્મા છે. એવા આત્માનું અંદર શ્રદ્ધા, જ્ઞાન કર્યા વિના આના વડે મને મળશે, મૂઢ પામર થઈ જઈશ, નિગોદમાં જઈશ. હીણો પડતાં પડતાં પડતાં હું આત્મા છું કે નહિ એ શ્રદ્ધા ઊડી જશે. આત્મા છું એવો વ્યવહાર, અંદર અંશે શ્રદ્ધા છે તે ઊડી જશે. આહાહા..!

આળ ન દે, આળ ન દે, ભગવાન આત્માને આળ ન દે. આળ દીધા (તો) આળ ચડી જશે તારા ઉપર. આહાહા..! એ એક શબ્દ આવતો હતો, નહિ? જે બીજાને આળ આપે છે તે પોતાને આળ આપે છે. એવો શબ્દ છે. તે દિ' વ્યાખ્યા કરતા. એ બધા લખાણ તમારી 'વીરવાણી'માં આવ્યા છે. ભાઈ ભેગા હતા? એમ. ત્યાં હતા તો ખરા, પણ આ લખવામાં ભેગા હતા? કો'ક વખતે.

જે કોઈ પોતાની આત્મસત્તા આવી પરમાત્મસત્તાને આળ આપે છે કે હું એવડો નહિ, હું રાગવાળો ને અલ્પજ્ઞ ને નીચવાળો – એ આળ આપનારાઓ, આત્મામાં હું નહિ એમ એને એકવાર આળ આપશે. જગતમાં હું આત્મા જ નથી. હું નથી, હું નથી. ક્યાં હું ક્યાં છું? સમજાણું? આંધળો થઈ જઈશ. હું આત્મા જ પરમાત્મા જ છું. અલ્પજ્ઞ અને રાગ નહિ, હું પરમાત્મા જ છું. એ સિવાય વિકલ્પને છોડી દે. એ બીજા વિકલ્પોથી કંઈક લાભ થશે, કંઈક લાભ થશે (એ છોડી દે). હેં? તીર્થંકર ગોત્ર બાંધે અને તીર્થંકર ગોત્ર બાંધે એને અલ્પ ભવમાં મુક્તિ થાય, લ્યો! 'શ્રીમદ્' કહે છે, એક જીવને પણ જો બરાબર સમજાવે તો તીર્થંકર ગોત્ર બાંધે. પણ બાંધે ને? એમ કહે છે. છૂટ્યો ક્યાં એમાં? અન્ય વિકલ્પ ન કર. અહીં તો તીર્થંકર ગોત્ર બાંધવાનો વિકલ્પ પણ છોડી દે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ છે ને, પ્રભુ! અરે..! તારે ખજાને ખોટ ક્યાં છે કે તારે બીજાનું શરણું લેવું પડે ? આહાહા..!

**શ્રોતા :–** પાંચમાં આરામાંય એવું છે?

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પાંચમા આરામાં ક્યાં, આરામાં આત્મા જ નથી. આરામાં આત્મા નથી, આત્મામાં આરો નથી. એ બે ભાઈઓ 'વીરવાણી' લખતા. સમજાણું કાંઈ? આ સિદ્ધાંતો ચાલે છે ને પાધરા! આહાહા..!

**'अण्णु म करहु वियप्पु'** ભગવાન! આહાહા..! કોણ કહે છે? સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. અહીં મુનિ કહે છે. સમજાય છે? મુનિરાજ દિગંબર સંત 'યોગીન્દ્રદેવ' જંગલવાસી, જેને એક કપડાનો તાણો નહોતો. જંગલમાં રહેતા. એકલા કપડાનો તાણો (નહોતો), એમ નહિ. એક વિકલ્પની લાગણીનો તાણો મારામાં નથી, એવા એ હતા. જે ભાવે મહાવ્રત વિકલ્પ ઊઠે એ મારામાં નથી, એવા એ હતા. સમજાણું કાંઈ? આહાહા..! એ કહે છે, **'इउ जाणेविणु जोइआ'** એ સ્વરૂપમાં એકાગ્ર કરનાર જીવ! એ એકાગ્ર સિવાયના વિકલ્પો છે, ચાહે જેવો હોય, પંચ મહાવ્રતના હો, વ્યવહાર સમિતિ, ગુપ્તિના હો, વ્યવહાર પરને સમજાવવાના હો, શાસ્ત્ર વાંચવાના હો. હવે વાંચી વાંચીને ક્યાં સુધી વાંચવા છે તારે? એમ કહે છે. એ.. 'પ્રવીણભાઈ'! વાંચીને શું વાંચ્યા કરવું છે? કે ઓલો (-ભગવાન) વાંચવો છે અંદર?

અહીં તો કહે છે કે એ વાંચેલા જ્ઞાનથી પકડાય એવો નથી, એવો ઇ છે. એ.. 'ન્યાલભાઈ'! આરે...! એ શાસ્ત્રના જાણેલા જ્ઞાનથી પકડાય એવો નથી. શાસ્ત્ર ને શાસ્ત્ર તરફનું જ્ઞાન એ પરાલંબી જ્ઞાન છે. છોડ તેની મહિમા, તે વિના આત્માનો પત્તો નહિ લાગે, એમ કહે છે. આહાહા..! અહીં તો વિકલ્પની વાત કરી પણ એ વિકલ્પ છે. ભેદ છે, પર તરફનું જ્ઞાન એ આત્માના સ્વભાવનું જ્ઞાન નથી. સમજાણું કાંઈ? આહાહા..! ઊંચો થઈ જાય, પાવૈયો હોય તો ન થાય. પાવૈયાને પાના ન ચડે. સમજાણું?

માતા 'દેવકી', 'શ્રીકૃષ્ણ' ત્યાં ઉછર્યા હતા ને? બીજે ઉછર્યા હતા ને? ગોવાળને ત્યાં. જ્યાં માતાને દેખીને પ્રેમ આવ્યો અને માતાના સ્તનમાં દૂધ આવ્યું. કુદરતે દૂધ આવ્યું. આમ જન્મ આપ્યો છે ને એણે! આ શું? કહે છે. ભરવાડને ત્યાં જન્મ આપ્યો ને આ મારી માતા લાગે છે. આને દૂધ શું આવ્યું આ? આ મારી જનેતા લાગે છે. ભરવાડને ત્યાં તો મને મૂક્યો લાગે છે. વાસુદેવ હતા ને! મહાવિચિક્ષણ બુદ્ધિવાળા હતા. 'દેવકી'ને કેમ દૂધ આવ્યું? આ મારી માતા લાગે છે. હું પણ આમ જોઉં તો બળ ને શરીરની બધી સ્થિતિ આવી લાગે છે. જ્યાં હું ભરવાડમાં ઉછર્યો હતો એ નાતની જાતનો હું નથી લાગતો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! આમ નજર કરે ત્યાં રાણીને કહે, રાણીના દેદાર પણ જુદી જાતના, પુણ્યશાળી છે ને! દેવકી તો પુણ્યશાળી! આહા..! એ દેદારના પેટનો હું લાગું છું. આ નહિ, આ નહિ. માટે એના સ્તનમાં દૂધ આવ્યું. સમજાણું કાંઈ? આહાહા..! એમ આત્મા એ વિકલ્પની જાતનો નથી નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન આત્મા નિર્વિકલ્પદૃષ્ટિથી પકડાય એવો છે, એમ કહે છે. સમજાણું આમાં?

**'अण्णु म करहु वियप्पु'** પંચ મહાવ્રતના વિકલ્પ પણ છોડી દે. ભગવાન તો એમ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



કહે છે કે અમને સાંભળવું છોડી દે. આ પ્રભુ શું કહે છે પણ આ? એ..ઇ..! ભગવાન ફરમાવે છે કે અમારી સામું જોવું છોડી દે. અમારી સામે જોવે તારો ભગવાન હાથ નહિ આવે. આહાહા..! દિવ્યધ્વનિ કહે છે. ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં એમ આવ્યું, ત્રિલોકનાથ સમવસરણમાં ફરમાવતા હતા, અરે.. આત્મા! તું પરમાત્મા છો, અંતરની ચીજમાં પરમાત્મા ન હો તો પર્યાય કાળે પરમાત્મા ક્યાંથી આવશે? શું બહારથી આવે એવો છે? ભગવાન પરમાત્માનું સ્વરૂપ જ તારું છે. ગર્ભમાં રહ્યો એ વાંદરો અને જન્મે બાળક? એમ બનતું હશે? ગર્ભમાં માણસનું બાળક તે પણ એવું હોય એનું એનલાર્જ થઈને બહાર આવે છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ પરમાત્માનું રૂપ જ આત્માનું છે. આહાહા..! એ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત સ્વચ્છતા, પ્રભુતા, વીતરાગતા, નિર્ગ્રંથતા એવા બધા ગુણોથી ભરેલો ભગવાન પરિપૂર્ણ પ્રભુ આત્મા તું છો. તને તું જો અને આત્મા જાણ ને માન, મારી સામું ભગવાન કહે છે કે જોવું રહેવા દે. તાકવું રહેવા દે કે મારાથી કંઈક મળશે, એમ કહે છે. આહાહા..! સમજાણું આ? એ વીતરાગની વાણીમાં આ હોય, પામરની વાણીમાં એ ન હોય. ભગવાન કાંઈ લેવું નથી તમારે? કાંઈક ફળ તો લ્યો. આ ઉપદેશ આપી દીધો. શાસ્ત્રના ફળ ન થાય તો એની પર્યાયમાં, મારે શું છે? હું તો કેવળજ્ઞાની છું. મારે કંઈ લેવું નથી ને અધૂરું પૂરું કરવું નથી એને લઈને. સાધક જીવને અધૂરું પૂરું કરવું હોય તો કાંઈક વિકલ્પ ને પરને સમજાવવાથી થાતું નથી. અધૂરું પૂરું (કરવું હોય તો) પૂર્ણ પરમાત્માને દેખવામાં એકાકાર થાય તો અધૂરું પૂરું થઈ જશે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, શબ્દોથી સમજાતું નથી. છે? એ..ઇ..! મન અને વિચારમાં આવતો નથી. ભગવાન મનમાં વિચારવામાં આવે ઇ? પરમાત્મા અખંડ આનંદનો રસકંદ છે. અનાકુળ શાંતરસનું પોતે બીડલું, બીડલું, બીડું આખું પડ્યું છે. ખોલ દૃષ્ટિમાંથી, કહે છે. આહાહા..! એવા ભગવાન મનમાં વિચારમાં નથી આવતો. શબ્દ તો ક્રમ ક્રમથી બતાવે છે એમાં આત્મા ક્યાં આવ્યો? કહે છે. બધી શાસ્ત્રની ચર્ચાઓને છોડ. ગુણસ્થાન, માર્ગણાસ્થાનના વિચારને બંધ કર. લ્યો! એવું એણે ઘણું બધું લાંબું લખ્યું છે. સમજાણું કાંઈ? ફળનો દાખલો આપ્યો છે. ઠીક છે, કહો! એ બે ગાથા થઈ.

હવે આવી ત્રીજી. હવે ભગવાનનું સ્થળ બતાવે છે. ક્યા સ્થળમાં ભગવાન બિરાજે છે? આ ભગવાન આત્મા ક્યા સ્થળમાં (રહે છે)? એનું ક્ષેત્ર ક્યાં? એનું ઘર ક્યાં છે એ ભગવાનનું? આહાહા..! **'આત્મા અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે.'** ભગવાન આત્મા..! આ (શરીર) તો માટીના ધૂળના રજકણો છે, ઇ કંઈ આત્મા નથી. અંદર રાગ, દ્વેષના પરિણામ થાય એ કંઈ આત્મા નથી. કર્મના રજકણ ધૂળ માટી પડી છે એ કર્મ જડ (છે), એ આત્મા નથી. આત્મા અંદર અસંખ્ય પ્રદેશી (છે). એક પ્રદેશ એને કહીએ કે જેનો એક પરમાણુ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



પોંઈંટ ગજ સમાનનું માપ કરતાં જેની પહોળાઈ દેખાય તેને પ્રદેશ કહીએ. એવો ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી સ્થળમાં પડ્યો છે. એવા અસંખ્ય પ્રદેશમાં અનંતા ગુણનું ધામ પડ્યું છે. ક્ષેત્ર શું કરવા બતાવે છે? કોઈ એમ કહે કે લોકવ્યાપક આત્મા છે. (પણ) એમ નથી. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા, આમ એકાગ્ર થવા માગે છે ત્યારે એકાગ્ર થાય કે આમ એકાગ્ર થાય? હેં ? બસ ! એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી, આ દેહ પ્રમાણે દેહથી ભિન્ન, દેહ પ્રમાણે દેહથી ભિન્ન. દેહ પ્રમાણે ભલે હો. તેથી કંઈ દેહનું પ્રમાણ અહીં આત્મામાં આવી ગયું? એ તો અસંખ્ય પ્રદેશી ભગવાન લોકપ્રમાણ છે. લોકના જેટલા પ્રદેશ છે તેટલી સંખ્યાએ પ્રદેશમાં આત્મા બિરાજે છે. રાગમાં ક્યાંય એ બિરાજતો નથી.

**सुद्धपएसह पूरियउ लोयायास पमाणु।**
**सो अप्पा अणुदिण मुणहु पावहु लहु णिव्वाणु।।२३।।**

‘**लहु**’, ‘**लहु**’, ‘**लहु**’ ઘણી વાર આવે છે. મોક્ષ કર, મોક્ષ કર. મોક્ષ તો તારું ઘર છે. આહાહા..! સંસારમાં ક્યાં મરી ગયો રખડી રખડીને? ચોરાશીના અવતારમાં હોથા નીકળી ગયા તોય મૂકવાનો તને હરખ નથી આવતો? આહાહા..! ઘર તો આવ, ઘર તો આવ. આ પરઘર રખડીને મરી ગયો, કહે છે. ક્યાં ઘર રહ્યું તારું? ‘**લોકાકાશપ્રમાણ અસંખ્યાત શુદ્ધ પ્રદેશો...**’ દેખો! અંતર વસ્તુ અસંખ્ય પ્રદેશનું દળ છે. પ્રભુ અરૂપી પણ દળ છે. રૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિનાની અસંખ્યપ્રદેશી પહોળી દળવાળી ચીજ છે. દળ પુષ્ટવાળી ચીજ છે. એ અસંખ્ય પ્રદેશમાં અસંખ્ય પ્રદેશો શુદ્ધ રત્ન સમાન નિર્મળ છે. અસંખ્ય પ્રદેશો શુદ્ધ રત્ન સમાન નિર્મળ છે. એમાં અનંતા અનંતા ગુણો નિર્મળપણે એ ક્ષેત્રમાં બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ? શું કહેવાય ઓલા?

એક ઓઝલમાં બાઈ હોય ને? ભલે ઠેકાણા વિનાની (હોય પણ તેને) જોવાનું મન કરે છે. ક્યાં રહે છે? એ.. ઓલામાં રહે છે, ઓલા બંગલામાં. જરીક માથેથી પડદો આડો ખસીને બહાર નીકળે તો કહે, જુઓ આ નીકળ્યા! હેં? માથે મેડીનો પડદો જરી ખસી ગયો તો એ રાણીસાહેબ નીકળ્યા.. એ.. રાણીસાહેબ નીકળ્યા. શું છે? હોય તોય સમજવા જેવું છે બધું. હેં? રાણીસાહેબ નીકળ્યા, રાણીસાહેબ નીકળ્યા. ‘ભાવનગર’ દરબારના રાણી પહેલા નીકળ્યા ત્યારે લોકોને થયું શું નીકળ્યું? પહેલો ઓઝલ છોડ્યો છે ને? જ્યારે પહેલો ઓઝલ છોડ્યો ત્યારે મોટરમાં નીકળ્યા હતા. એ ગામ ઊછળી ગયું હતું. રાણીસાહેબ આજે ઓઝલ મૂક્યો, રાણીસાહેબે ઓઝલ મૂક્યો. એલા.. એના ચામડાને જોવા નીકળ્યો, ભગવાનને જોવા તો નીકળ એકવાર. ઓઝલ મૂકી દે. રાગની, વિકલ્પની એકતાની ઓઝલ છોડી દે. ભગવાન બિરાજે છે અંદરમાં પૂર્ણાનંદ પ્રભુ. આહાહા..! અરે..! પણ વાત એને સાંભળવી.. શું આ હશે? હું આવડો હોઈશ? એને અતિરેક જેવું લાગે, અતિરેક જેવું લાગે. જે વસ્તુની સ્થિતિ

please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 1: Please see http://www.AtmaDharma.com and http://www.AtmaDharma.org for updates



છે એને અતિરેક શું કહેવાય? અતિશયોક્તિ (લાગે). આહાહા..!

કહે છે, એ તારા પ્રદેશો અસંખ્ય સત્તા પ્રભુ ભગવાન છે. સમજાય છે? જે વસ્તુ હોય એને કંઈ પણ આકાર હોય. આત્મા વસ્તુ છે કે નહિ? તો આકાર હોય કે નહિ? વસ્તુ છે કે નહિ? સત્તા છે કે નહિ? સત્તાને આકાર હોય કે નહિ? સત્તાને ક્ષેત્ર હોય કે નહિ? એમ સિદ્ધ કરે છે. એ.. 'પ્રવીણભાઈ'!

આ વસ્તુ છે, દેખો! આ વસ્તુ છે કે નહિ? તો એની સત્તા છે કે નહિ? છે ને? તો એનું ક્ષેત્ર છે ને ? કેટલું ? – કે આટલું. જેનું હોવાપણું છે એને ક્ષેત્ર હોય કે નહિ? જેનું હોવાપણું છે એને ક્ષેત્ર હોય કે નહિ? એમ આત્માનું હોવાપણું છે (તો) એનું ક્ષેત્ર છે કે નહિ? અસંખ્ય પ્રદેશ એનું સ્થળ–ક્ષેત્ર છે. એક એક પ્રદેશ પૂર્ણાનંદ, પૂર્ણ નિર્મળાનંદથી ભરેલા છે. જેમાં અનંતા આનંદ પાકે એવું એનું અસંખ્ય ક્ષેત્ર છે. એ અસંખ્ય ક્ષેત્રનું તારું ક્ષેત્ર એવું છે (કે) એમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ પાકે એ ક્ષેત્ર છે. કળથી પાકે એવું એ ખેતર નથી. આહાહા..! કળથી સમજાય છે? હલકી કળથી હોય છે ને? અનાજ થાય છે. કળથી સામાન્ય જમીનમાં થાય છે અને ઊંચા ચોખા હોય છે ને? ચોખા ઊંચી જમીનમાં થાય છે. તો આ તો આત્મા ઊંચી ચીજ, સિદ્ધની પર્યાય પાકે એવો આત્મા છે. સમજાય છે કાંઈ? સંસાર પાકે એ આત્મા નહિ. આહાહા..! રાગ-દ્વેષ પાકે એ આત્મક્ષેત્ર નહિ. આહાહા..!

આ શબ્દ લીધો છે ને? **'सुद्ध'** શુદ્ધ પ્રદેશ છે. ભગવાન આત્માના અસંખ્ય પ્રદેશ શુદ્ધ છે. જેમાં અનંત ગુણ બિરાજમાન છે. **'लोयाया'** લોકના આકાશના પ્રદેશ પ્રમાણે એનું ક્ષેત્ર છે. **'सो अप्पा अणुदिण मुणहु' 'રાતદિવસ એવું જ મનન કરો,...' 'अप्पा अणुदिण'** દિન-દિન, રાત્રે. રાત ને દિન એમ. **'मुणहु पावहु लहु'** એવો અસંખ્ય પ્રદેશી ભગવાન અંદરમાં બિરાજે છે ત્યાં નજર કર, ત્યાં નજર કર, એ ક્ષેત્રમાં નજર કર. **'अणुदिण'** એનું ધ્યાન કર તો અલ્પકાળમાં તેને કેવળજ્ઞાનરૂપી નિર્વાણદશા પ્રાપ્ત થાય, એ વિના બીજી રીતે કોઈ થાય એવી નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**જ્ઞાનના અચિંત્ય મહિમાનું ચિંતન સંસારના સર્વ ક્લેશને ભૂલાવી દે છે. અહો ! આ વાત સમજીને પોતે પોતાના અંતરમાં ઉતરવા જેવું છે. પોતે પોતાનું હિત કરવા માટે આ વાત છે.**

**('દ્રવ્યદૃષ્ટિ જિનેશ્વર પર્યાયદૃષ્ટિ વિનશ્વર' બોલ નં. ૨૫૦)**

please inform us of any errors on rajesh@AtmaDharma.com